# તોહફાએ નજાત (ભાગ-૧૦)

યા'ને

# ઈસ્લામમાં

## મ્યુઝિક તથા

## તા'ઝીમી સિજદો હરામ!


★ લેખક ★

**ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ**

**મૌલાના યૂનુસ મિસ્બાહી**



★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.

પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

મો. ૯૮૨૪૪૮૬૪૪૩

Anjumane Raza-E-Mustafa-Dayadara

C/o. Faizane Raza Manzil

At & Po.: Dayadara, Pin : 392020

Di. : Bharuch (Guj.) India

PH. (02642) 282792, 282911

GRWB/059/BHARUCH/02

**હદિયો : રૂ ૫૦ /-**

| | |
|---|---|
| ★ પ્રકાશન નં. : ૧૧૨ | ★ આવૃત્તિ–૧ |
| ★ ૧૨–રબીઉલ અવ્વલ | ★ પ્રત : ૩૧૦૦ |
| ★ હિ.સ. ૧૪૨૫ | ★ મે–૨૦૦૪ |

નૂરાની આર્ટ, દયાદરા, ફોન. : (૦૬૨૪૨) ૨૮૨૭૯૨ મો. ૯૮૨૪૪૮૬૪૪૩


# અર્પણ.....

મઝરએ ચિશ્તો બુખારાઓ ઈ'રાકો અજમેર
કૌનસી કિશ્ત પર બરસા નહીં ઝાલા તેરા

–(આ'લા હઝરત)

**હું મારી આ કૃતિને સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ તેમજ સિલસિલાએ ચિશ્તિયાના સર્વ બુઝુર્ગોની બારગાહમાં નઝરાણા રૂપે પેશ કરું છું કે જેમણે યકીનન ! શરીઅતે મુહમ્મદી صلی اللہ تعالی علیہ وسلم થી રજમાત્ર હટયા વિના પોતાની મહાન મહાન કરામતો તથા ઉચ્ચ અખ્લાકો વડે હિંદુસ્તાનભરમાં ઈસ્લામનો ડંકો વગાડયો. તેમજ સાથોસાથ તમામ સિલસિલાના બુઝુર્ગાને દીનની બારગાહમાં પણ પેશ કરું છું જેમણે દીને હક્કને ખાતર પોતાની જિંદગીઓને વકફ કરી દીધી અને વિશેષતઃ ૧૪ મી સદીના મહાન મુજદ્દિદ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ની બારગાહમાં પણ રજુ કરું છું કે જેમણે કરોડો મુસલમાનોને કુફ્રની આંધીથી બચાવી મુર્તદ થતાં બચાવ્યા.**

–મુહમ્મદ યૂનુસ મિસ્બાહી વાગરાવાળા

بسم الله الرحمن الرحيم

# ★ મુસલમાન છો તો શરીઅતને જ અનુસરો ! ★

*(પ્રકાશકના બે બોલ..........)*

એક મુસલમાન બંદા માટે અલ્લાહ عزوجل ના ફર્માન, તેના હબીબે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન અને તેને અનુસરનારા ઉલમાએ કિરામના ફર્માનોને અનુસરવામાં જ નજાતનો માર્ગ સમાયેલો છે. એને છોડીને જે કોઈ પણ માર્ગ કોઈ અપનાવશે તો તે ગમરાહીના જંગલોમાં એવો અટવાઈ જશે કે તે ઠેઠ જહન્નમને જઈને મળશે. આ અતિ આવશ્યક બાબત છે જે દરેક ઈમાનના દાવેદારે સમજી લેવી અનિવાર્ય છે. જે ચીજને **"શરીઅત"**માં (**"કુર્આન-હદીષ તથા ઉલમાના કથનો"**માં) **હરામ** દર્શાવવામાં આવી તેને પોતાના તરફથી હલાલ કરનાર કોણ હોઈ શકે છે ?! અને શરીઅતના હુકમોને ત્યજીને કોઈપણ વ્યક્તિ ભલે તેને કોઈએ ગમે તેટલી પ્રિય બનાવી લીધી હોય કે તેને બુઝુર્ગ હસ્તી પોતાના દિમાગથી સમજી લીધી હોય પણ શરીઅતના હુકમોની વિરૂધ્ધ જઈને તેની પયરવી કરવી એમાં બંને જહાનની બર્બાદી સિવાય કાંઈ હાથ લાગતુ નથી, અને શરીઅતની પયરવી વગર કોઈ બુઝુર્ગ છે જ નથી ! ઉડતી વાતો અને કાનો કાન વહેતા જતા કિસ્સા કહાનીઓથી કોઈ ચીજના હક્ક કે નાહક્ક હોવાનું નક્કી થતું નથી. હક્ક તથા નાહક્કનો ફેંસલો શરીઅત જ દર્શાવી શકે છે, અલ્લાહ વ રસૂલનાં ફર્માનોથી જ થઈ શકે છે, અને તેને અનુસરનારા ઉલમાના કથનોથી જ સત્ય તથા અસત્યની પરખ થઈ શકે છે.

આલિમોની ફરજ છે કે ખોટાને ખોટુ અને સાચાને સાચુ કહી આપે. કેટલીક ખરાબીઓ તો અમુક કહેવાતા આલિમોના આંખ આડા કાન કરવાથી, દુનિયાની લાલચ કે દુનિયવી ઈજ્જતના મોહમાં તથા પોતાના ચાહકો નારાજ ન થઈ જાય અને દૂર ન ભાગી જાય ! તેવા ખયાલથી બે રોકટોક સમાજમાં રિવાજ પામતી રહી બલ્કે કેટલાક તો તકસાધુ બની એવા ગૈર શરઈ કામોમાં જોડાતા પણ જોવા મળ્યા જેના કારણે સામાન્ય પબ્લિક ખોટા માર્ગે દોરાતી રહી અને હજી પણ એવી પોલ ચલાવનારા એ જ માર્ગે આગળ વધી દુનિયવી લાભો ખાતર પોતાની તો ઠીક કાંઈ કેટલાયની આખેરતને ખાડામાં ઉતારી રહ્યા છે !

એવા તકસાધુઓ માટે આ ચેતવણી અલ્લાહ પાક عزوجل ના નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ૧૪૦૦ વરસો પહેલાં આપી છે કે :-

**"જેણે ઈલ્મને છુપાવ્યો જે તેની પાસે છે તેને આગની લગામ વડે જકડવામાં આવશે."** *(બહવાલા અહયાઉલ ઉલૂમ, ભાગ-૧, ઉર્દૂ, પેજ-૧૬૭, અઝ : ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ)*





જયારે સમાજમાં બુરાઈઓ રિવાજ પામતી જતી હોય અને આલિમ પોતાનો ઈલ્મ જાહેર ન કરે, યોગ્ય તરીકાથી તેની રદ ન કરે તો તેવા આલિમનો અંજામ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉપર મુજબ દર્શાવ્યો છે. કેટલાક કહેવાતા આલિમો જયાં ખુલ્લમ ખુલ્લા હરામ કામો થતાં હોય છતાં ત્યાં દુનિયાવી લાલચમાં બેસી રહેતા હોય બલ્કે તેવાઓની વાહ વાહમાં લાગી જતા હોય છે ! તેવાઓના માટે હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, **"મને ખબર મળી છે કે કિયામતના દિવસે ફાસિક આલિમોનો હિસાબ મૂર્તિપૂજકોથી પણ પહેલાં થશે."** *(અહયાઉલ ઉલૂમ)* માટે આલિમોએ પોતાની જવાબદારી સમજવી જોઈએ અને મોટાભાગના ઉલમા સમજી રહ્યા છે જ તેની બરકતથી જ આજે દીન ઝિંદા છે.

**પ્રસ્તુત કિતાબ (તોહફાએ નજાત, ભાગ-૧૦) એ ન કોઈ વ્યક્તિની વિરૂધ્ધ છે ન કોઈ ગિરોહની વિરૂધ્ધ છે બલ્કે જે ચીજો "કુર્આને" હરામ દર્શાવી, "રસૂલે પાકે" હરામ દર્શાવી અને મહાન ઉલમા તથા બુઝુર્ગોએ હરામ દર્શાવી તેનો ઉલ્લેખ જ કરી રહી છે. જેથી ખુદાને ખાતર કોઈ એને પોતાના પર ફિટ ન કરી લે, બલ્કે અલ્લાહના ડરની સાથે, રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતને દિલમાં રાખી, ઉલમા તથા બુઝુર્ગોનો ચાહક રહીને એનો અભ્યાસ કરે તો જરૂર સત્ય તેની સમક્ષ જાહેર થશે.**

આ કિતાબની ગોઠવણી (તરતીબ) લાજવાબ છે. **"સંગીત"** ઈસ્લામમાં હરામ છે, તો એના બારામાં **(૧)** કુર્આની આયતો તથા તેની તફસીરો **(૨)** હદીષો તથા તેના ખુલાસાઓ **(૩)** ચારેવ ઈમામોના થકી તેના હરામ હોવાનો ખુલાસો **(૪)** શંકાઓ અને તેનો ઉકેલ. એ જ પ્રમાણે **"ગૈરે ખુદાને તા'ઝીમી સિજદો હરામ હોવા વિશે"**ના પ્રકરણમાં જે હક્ક મઝહબ જાહેર કર્યો છે તેના પર કોઈ આંગળી રાખી શકે તેમ નથી ! છતાંય કોઈને સંતોષ ન થાય અને એના વિરૂધ્ધ કોઈ પ્રશ્ન જાગે તો મહોબ્બતથી રજુ કરે તો એની પણ ચર્ચા કુર્આન, હદીષ તથા અકવાલે ઉલમાથી પેશ કરીને પ્રશ્નકર્તાને ઈત્મિનાન કરવામાં આવશે. (ઈન્શાઅલ્લાહ !)

મૌલા તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આપણને બુઝુર્ગોને દીનના નક્શે કદમ પર ચાલીને જીવવાની તૌફીક આપે અને કેવળ બુઝુર્ગોથી મહોબ્બતના દાવેદાર નહીં પણ તેમના કથનો પર જીવન જીવવાની તૌફીક આપીને સાચા આશિકે ઔલિયા બનાવે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم.

તા. : ૧૩/૫/૨૦૦૧ **-પટેલ શબ્બીર અલી રઝવી**

વાર : બુધવાર *(વતી અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા)*

## અનુક્રમણિકા

(પ્રકરણ : ૧)

### ★ મ્યુઝિક અને વાજિંત્રો કુર્આનના પ્રકાશમાં ★


શરીઅતમાં દલીલના પ્રકાર 016
શરઈ દલીલના દરજાઓ 016
પ્રથમ પુરાવો કુર્આનનો 017
શું કુર્આન પછી દલીલની જરૂરત છે ? 017
**પ્રથમ આયત** 018
તફસીરે હઝરત ઈબ્ને મસઊદ 018
હઝરત ઈબ્ને અબ્બાસની તફસીર 019
હઝરત હસન બસરીથી તફસીર 019
હઝરત મુજાહિદની તફસીર 019
હઝરત જાબિરથી તફસીર 020
હઝરત ઈબ્ને ઉમરથી તફસીર 020
હઝરત મકહૂલથી તફસીર 020
હાફિઝ ઈબ્ને કષીરથી તફસીર 021
શાને નુઝૂલ 021
સહાબાની તફસીરનો દરજો 022
**બીજી આયત** 026
તફસીર 026
ધાર્મિક માણસોને દીનથી હટાવવાની ટ્રીક 030
**ત્રીજી આયત** 031
તફસીર 031
ઈમામ બુગવી 033
હાફિઝ ઈબ્ને કષીર 033
હઝરત ઈસ્માઈલ હક્કી 033
**ચોથી આયત** 034
તફસીર 034
હઝરત અબૂબક્ર જસ્સાસની તફસીર 035
હઝરત મહમૂદ આલૂસીની તફસીર 036
હઝરત ઈસ્માઈલ હક્કીની તફસીર 036
હઝરત હુસૈન કાશેફીની તફસીર 037
હઝરત ફખ્રુદ્દીન રાઝીની તફસીર 037
હઝરત જલાલુદ્દીન સિયૂતીની તફસીર 038
હઝરત શિહાબુદ્દીન સુહરવર્દીની તફસીર 039
**રમત ગમત ખેલૂકદ તથા કુર્આન** 039
સહાબા અને પૂર્વજ બુઝુર્ગોનો અમલ 040
ઈબ્ને મસઊદનું કથન 043
હઝરત કાસિમ બિન મુહમ્મદનું કથન 043
યઝીદ બિન વલીદનું કથન 043
હઝરત મુહદ્દિષ ઝહ્હાકનું કથન 044
હઝરત ઉષ્માનગનીનું કથન 044
હઝરત ઉમર ફારૂકે આ'ઝમનું કથન 044
હઝરત જાબિર બિન અબ્દુલ્લાહનું કથન 045
હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનું કથન 045
હઝરત આઈશા સિદ્દીકાનું કથન 046
હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદનું કથન 046
હઝરત સઈદ બિન મુસૈયિબનું કથન 046
હઝરત હસન બસરીનું કથન 047
હઝરત ઈબ્રાહીમ નખઈનું કથન 047
હઝરત ફુઝૈલ બિન અયાઝનું કથન 048
હઝરત ઈમામ શાઅબીનું કથન 049
હઝરત હસન બસરીનું કથન 050
હઝરત ઈબ્ને ઉમરનું કથન 050


(પ્રકરણ : ૨)

### ★ મ્યુઝિક અને વાજિંત્રો હદીષના પ્રકાશમાં ★


કલામના પ્રકારો 057
દલીલ અને પુરાવો 081
જવાઝ (જાઈઝ હોવાવાળી)
હદીષોનો ખુલાસો 099






## અનુક્રમણિકા

(પ્રકરણ : ૩)

### ★ મ્યુઝિક અને વાજિંત્રો ચાર મસ્લકના પ્રકાશમાં ★


મસ્લકે હનફીમાં મ્યુઝિક અને વાજિંત્રો 103
ઈમામે આ'ઝમનું ફર્માન તથા અમલ 108
કાઝીની મારેલી હલાલ ! 121
મુજદ્દિદે દીનો મિલ્લત હઝરત ઈમામ અહમદ રઝાનું ફિકહી મંતવ્ય 122
નિફાક છોડીને માનો 122
સુન્નીઓમાંથી કચરો અલગ થાય ! 122
કિતાબ "ચાલીસ બિદઅતો" 123
સુન્નીઓનો રિવાજ 123
ફતાવા રઝવિય્યહ્ : ૧ 124
ફતાવા રઝવિય્યહ્ : ૨ 131
ફતાવા રઝવિય્યહ્ : ૩ 137
કવ્વાલી અને સાહિબે મઝાર 137
દફ વગાડવી 139
હદીષનો ફિકહી ખુલાસો 139
હઝરત નિઝામુદ્દીન ઔલિયાનું મતંવ્ય 141
હઝરત કાઝી હમીદુદ્દીન નાગોરીનું મંતવ્ય 141
શૈખ નસીરુદ્દીન ચિરાગ દહેલ્વીનું મંતવ્ય 142
ચિરાગ સાહબનું બીજુ મંતવ્ય 143
શૈખ અલી બિન મુહમ્મદ જાનદર 143
ગૈર હનફી આલિમો અને સંતોનાં મંતવ્યો 144
સિમાઅ અને ગાવું ક્યારે હરામ ?! 145
ઈમામ શાફઈનું ફર્માન 147
અલ્લામા ઈબ્નુસ્સલાહ 147
ઈમામ નવોવી 148
ફિકહે માલિકી 149
ઝાંઝરીવાળુ દફ હરામ ! 151
(ઉદ) ઢોલક હરામ છે 152
હઝરત ઈમામ કર્તબી માલિકી 152
મસ્લકે હંબલી 153


(પ્રકરણ : ૪)

### ★ શંકાઓનો ઉત્તમ ઉકેલ ★


વાજિંત્રો હદીષથી હરામ છે 158
શરીઅતના વર્તુળમાં રહીને તબ્લીગ કરો 158
પૂર્વજ અમુક બુઝુર્ગો સિમાથી તદ્દન મના કરતા 159
દીનદાર કવ્વાલીમાં દુનિયાદાર ગાયનોમાં 159
ગાયનો સાંભળનારાને બહાનું મળ્યું 159
કવ્વાલીમાં ગાયનો ગઝલો પણ ગાવામાં આવે છે ! 160
હરામની દા'વત ઈસ્લામી તબ્લીગ નથી 160
નઅતની સભાનું આયોજન કરો 160
હરામનું કારણ જાણવાની જરૂરત નથી 161
વાજિંત્રોનું નુકસાન 161
નબીઓએ વાજિંત્રોનો ઉપયોગ નથી કર્યો 161
બે મૂર્ખ અવાજો 161
વાજિંત્રોનો શોખ મકસદથી વંચિત કરે છે 162
મુસલમાને શું કરવું જોઈએ ? 163
કાફિરો વાજિંત્રો કેમ વગાડતા ? 163
સંગીત શૈતાની કિતાબ છે 164
સંગીત બેઅમલ બનાવે છે 164
કુર્આન અને સંગીત વિરોધાભાસી છે 164
સંગીત ઈજ્જત નષ્ટ કરે છે 165
સંગીત નિફાક લાવે છે 165
નિફાકની ઓળખ 166
ઝબૂરમાં ફેરફાર થયો છે 168
વર્તમાન બાયબલમાં નબીઓ પર આક્ષેપો 168
રિવાયતમાં ભૂલ 168
જવાબની જરૂરત નથી 169
હઝરત ઓબૈદની રિવાયત સાંભળેલો કિસ્સો છે 169

## ★ ✪ ✫ ★ ☆ ★ અનુક્રમણિકા ✪ ✫ ★ ☆ ★ ✪


કુર્આનમાં હઝરત દાઊદનાં વખાણ 169
પર્વતોની તસ્બીહ 170
આયતોનો ખુલાસો 170
હવે શરીઅત નબીની જ છે 170
નબીની તિલાવતનાં વખાણ છે 171
ઈમામ નવોવીનો જવાબ 171
ઈસ્માઈલ હક્કીનો જવાબ 172
નબીની હદીષ પણ એ જ બતાવે છે 172
મિઝમાર દાખલો છે 172
અવાજનો મો'જિઝો 172
કાયદાનો આધાર અક્કર પર નથી 173
ક્યાં ખુદાની કુદરત અને ક્યાં શોધ ! 174
વાજિંત્રોનો મકસદ 174
ખોટો દાખલો 174
શરીઅત દુનિયામાં છે 176
દુનિયા અને જન્નતનો તફાવત 176
અર્થહિન વાત 176
જન્નતમાં પાબંદી નથી 176
હદીષથી તફાવત સમજો 177
દરેકનો વિવાદ દાખલ નથી ! 179
શરતોનો વધારો કેમ ? 179
પબ્લિકનો હેતુ મનોરંજનનો હોય તો ? 180
પબ્લિક માટે નથી તો જાઈઝ હોવાની ચર્ચા શાથી ? 180
ના'તની સભા સિમા કેમ નહીં ?! 180
લખતા પહેલાં વિચાર કરો 181
પબ્લિકની ગુમરાહીનું કારણ 181
બનાવ કહીને ન ખસો ! 182
પબ્લિકની શંકા 182
શું તમે પોતાને ખરાબ કહેશો ?! 183
શર્તોનો વધારો 183
વાજિંત્રો મનોરંજન માટે જ છે 183
સહાબા પર આક્ષેપ ન મૂકો તો પણ 183
રમત ગમતનો મતલબ શું ? 184
ચિશ્તી બુઝુર્ગોનો વાજિંત્રોથી ઈન્કાર 184
બહુમતી ભૂલીને વાત ન કરો 185
સ્પષ્ટ કેમ કરીને બદલાય ? 186
આ'લા હઝરતી સમજ 186
મહબૂબે ઈલાહીનો સિમા 187
ચિરાગ દહેલ્વીનો ફેંસલો 187
મૂર્ખ ન બનાવો ! 187
ચિરાગ દહેલ્વી સૂફી પણ હતા 187
પબ્લિકને તો કોઈ ફાયદો જ નથી 188
બજારી કવ્વાલી હરામ કેમ ?! 188
આટલુ જરૂરથી કરશો 189
દલીલ લાવતાં પણ શીખો 190
નબીનું ફર્માન દલીલ છે 190
ઈમામ હલ્વાનીની સત્યતા 190
હરામને હલાલ કોણ કરી શકે ?! 191
સમજો અને પછી બોલો 192
મજબૂરીનો હુકમ મજબૂર માટે 192
દરગુઝરનો અર્થ 193
બીજુ પ્રકરણ ફરીથી વાંચો 193
ન્યાયને જગા આપો 194
શું સમામાં બધા જ સૂફી ! 194
આશિક પોતે મસ્ત હોય છે 194
સિમા કરે તે જ વલી ?! 194
આશિક કોણ ?! 194
યૂરોપમાં કારણ બદલાયુ નથી 195
ઈલાજ ઈસ્લામી વર્તુળમાં રહીને કરો 195
શું તમારી મરજી ચાલશે ? 195
પૂર્વજો જેવા બનીને તો બતાવો 196
કડવી દવા પણ સારી 196




ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !

★ ✪ ✫ ★ ☆ ★ અનુક્રમણિકા ✪ ✫ ★ ☆ ★ ✪


શું તમે મહાન આલિમોથી પણ આગળ છો ? 196
શું મુજતહિદોની પણ ભૂલ છે ? 197
આ'લા હઝરતને પણ ખબર ન થઈ ? 197
અલ્લાહથી ડરો ! 197
શરીઅત મુસલમાન માટે છે 197
રહસ્ય સમજો 198
કાયદામાં નબીને જ અધિકાર છે 198
હઝરત મહબૂબે ઈલાહીનું મંતવ્ય 199
હનફી હનફી જ રહે છે 199
ફત્વાનો આધાર ઈજમાએ ઉમ્મત પર 199
રસૂલ પાછળ ચાલે તેની પાછળ ચાલો 200
દીનદારને જ અપનાવો 200
નાજાઈઝની ચર્ચા ન ભૂલો 201
તસવ્વુફમાં ખરાબી ન હોય 202
સાહિબે અવારિફનું પોતાનું મંતવ્ય 202
સૂફી શંકાથી પણ દૂર 203
પબ્લિક ન કરે બુઝુર્ગ કેમ કરે ?! 203
ફત્વાના પણ નિયમો છે 203
શબ્દકોશ પણ મદદ કરશે 204
વિવાદ હરામમાં હોય તો શું કરવું ? 205
સવાબ હોય તો માન્યું 205
તમે પણ સવાબવાળાનું માનો છો 205
દીનનું નામ સવાબ વિનાનું કામ 206
તોહમતની જગાથી દૂર રહો 206
સવાબ વિનાના કામમાં ચર્ચા કેવી ? 206
ધર્મનું નુકસાન ન કરો 207
સભામાં વધારો 207
વાજિંત્રો મકસદ નથી 207
ગુનાહને ગુનાહ તો સમજો ! 208
જીવંત પોતાનું વિચારે 209
વલીઓ મા'સૂમ નથી ! 209
મુજતહિદોનું મંતવ્ય બદલવું 210
મજબૂરીનો હુકમ મજબૂરી સુધી જ છે 210
શું તમારું ફૈઝ નહીં જાય 211
કોઈ બુઝુર્ગે સંગીત નથી સાંભળ્યું 211
વાત ધર્મની છે 211
ખોટુ ખોટુ જ છે 211
બુઝુર્ગોને ખબર ન હતી 211
ગુમરાહીનો માર્ગ બંધ કરો 212
મનમાની ન કરો 212
હનફી પોતાના ઈમામનું જ કરશે 212
ન્યાય કરો ! 212
પ્રથમ હદીષથી સમજ લો ! 213
મુહીયુદ્દીન ઈબ્ને અરબીનું મંતવ્ય 214
ઈમામ શાઝલીનું મંતવ્ય 214
આ બુઝુર્ગોને શું કહેશો ? 214
વાજિંત્રો વિનાના સિમા પર પૂર્વજ બુઝુર્ગોની મનાઈનું રહસ્ય 215
દરેક બાતિલનો આપણા માટે એક જ શબ્દ 215
સિમા પર ઈજમાએ ઉમ્મત 216
વર્તમાનકાળનો સિમા 216
અલ્લાહ બાબત શું કહેશો 217
ગુનાહનો આધાર 218
કબ્રવાળો પાબંદ નથી 218
અદબ આપણે કરવો જોઈએ 218
**વલીનું ચૂપ રહેવું જાઈઝ હોવાની દલીલ નથી !** 219
મક્કા મદીના વહાબીઓના તાબા હેઠળ ! 219
મઝારો પર સ્ત્રી કવ્વાલા (કવ્વાલણ)ની હાજરી 220
એક સહીહ હદીષ પણ પરિપૂર્ણ 220
હરામ પછી બીજા દરજા પણ છે 221
હદીષનો રિવાયતથી ખસીને એક દરજો 221
ઝઈફ સહીહના સ્થાને 221

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ઈમામ શાફઈ પણ માન્ય રાખે છે | 222 |
| હરામના હુકમમાં આલિમોની સંમતિ | 222 |
| હદીષો તવાતૂરના સ્થાને | 222 |
| જવાબ આપો | 223 |
| તમારી પોતાની ચિંતા કરો ! | 223 |
| પોતે તો અમલ કરો | 224 |
| આલિમ જવાબદારી ન ભૂલે | 224 |
| આવા મોલ્વી પણ મુનાફિક જેવા હોય શકે છે | 225 |
| એક અપેક્ષા | 225 |
| મને લોકોએ ખોટી સમજ આપી | 226 |
| સત્યતાથી જ સત્ય હોય | 227 |
| એક મોલ્વી સાથે મારી ચર્ચા | 228 |
| સિમા ખરો પણ વાજિંત્રોથી પાક | 229 |
| બજારૂ કિતાબો છોડો ! | 230 |
| ઈતિહાસ ખોટો બુઝુર્ગ સાચો ! | 230 |
| કાયદાનું મૂળ અક્કલથી નથી, ફર્માને રસૂલ છે | 231 |
| દાતા હિજવૈરીની ઓળખ | 231 |
| સંગીતનો શોધક શૈતાન છે ! | 232 |
| સંગીતની શોધ અલ્લાહથી હટાવવા માટે | 233 |
| સિમામાં શૈતાન પણ હાજર હતો | 233 |
| સિમાથી તૌબા કરો ! | 234 |
| સિમામાં ત્યારે બગાડ તો આજે ?! | 234 |
| મહબૂબે ઈલાહીનું મંતવ્ય | 235 |
| શૈતાને કહ્યું કે........ | 235 |
| પબ્લિકને રોકવા શું કરવું ? | 235 |
| પબ્લિકની હાજરીમાં ફાયદો | 236 |
| અલ્લાહથી ડરો ! | 236 |
| અમુક કહેવાતા આલિમો અને પીરોની કસમજ | 237 |
| સુન્નિયતમાં જરૂરત કઈ વાતની છે ? | 238 |
| જમાઅત સાથે નમાઝ વાજિબ છે | 238 |
| ઈલ્મ અને જ્ઞાન ખરાબ નથી | 239 |
| વાજિંત્રોનો શોધક કોણ | 239 |
| (પ્રકરણ : ૫) ★ વાજિંત્રોથી પાક સિમા ★ | |
| શાયરી દરેક ભાષનો અતૂટ ભાગ છે | 243 |
| તબિયતની પસંદ શાયરી છે | 243 |
| શાયરીનો વિષય બદનામ શા માટે ? | 244 |
| હદીષ શરીફમાં શાયરીનું વર્ણન | 244 |
| શાયરીની વ્યાખ્યા હદીષના પ્રકાશમાં | 245 |
| શેઅરમાં હિકમતની તા'લીમ | 245 |
| લબીદ શાયરના શેઅરની તા'રીફ | 246 |
| હઝરત લબીદની ઓળખ | 246 |
| ઈલ્મ અને હિકમતવાળા શેઅરો સાંભળવા સુન્નત છે | 246 |
| ઉમય્યા બિન અબિસ્સલ્તની ઓળખ | 246 |
| હઝરત હસ્સાનની ફઝીલત | 247 |
| હઝરત હસ્સાનની ઓળખ | 247 |
| શાયરીથી કાફિરોની બુરાઈનો હુકમ | 248 |
| શેઅરનો શેઅરથી જવાબ | 248 |
| શાયરીની બુરાઈ | 249 |
| શેઅરના વર્તુળમાં કલામ કરો | 249 |
| આયત ઉતારવાનું કારણ | 250 |
| કારણ ખાસ પરંતુ હુકમ આમ | 250 |
| ગાયનોની કેસેટોના વેપાર (ધંધા) | 250 |
| અફસોસની વાત | 251 |
| આ'લા હઝરતની નસીહત | 251 |
| નસીહતનો ભાવાર્થ | 252 |
| વર્તમાનકાળના શાયરોની બુરી હાલત | 252 |
| એ'તબાર પઢવાવાળાનો છે | 252 |






અનુક્રમણિકા


| | |
|---|---|
| ફાસિકથી પ્રોગ્રામ ન કરાવો ! | 253 |
| દરેક મેહફિલનો એકસરખો હુકમ | 253 |
| હદીષમાં પણ એનાથી મનાઈ | 253 |
| હદીષોનો ભાવાર્થ | 254 |
| કલામવાળો પણ સારો હોવો જોઈએ | 254 |
| પઢનાર ફાસિક ન હોય | 255 |
| ધર્મમાં નુકસાન દુનિયાદારોથી છે | 255 |
| બહાનુ છે હિકમત નથી | 255 |
| પ્રથમ કયો ખયાલ | 256 |
| ઈસ્લામ તે જ છે ! | 256 |
| શાયરીના બે પ્રકાર | 257 |
| શાયરી અને સવાબ | 257 |
| સારો ભાગ પણ ખરાબ | 258 |
| મુસલમાન સાચો આશિક બને | 258 |
| વાજિંત્રોથી જોશમાં આવવું કમાલ નથી | 259 |
| કાફિર અને દુનિયાદારની ઓળખ | 259 |
| કુર્આનમાં મુસલમાનની ઓળખ | 259 |
| સિમોઅ મુજર્રદ | 260 |
| વાજિંત્રો બાબત ગિઝાલીનો નિર્ણય | 261 |
| સિમાએ મુજર્રદમાં પણ વિવાદ છે એનું શું ? | 262 |
| સિમાની શરતો | 262 |
| શરતોનો ખુલાસો | 263 |
| મહબૂબે ઈલાહીની લગાડેલી શરતો | 263 |
| શું આ પાબંદી થઈ શકે છે ખરી ? | 264 |
| પાછલાને જોઈને આગલા પર શંકા ખોટી છે પણ | 264 |
| બીજાની શંકાનો ઈલાજ | 264 |
| આરંભ અને અંત | 265 |
| હક્કને મોટુ નુકસાન કયા કામથી ? | 268 |
| સિમા બાબતે ગિઝાલીનો નિચોડ | 268 |
| વર્તમાનકાળમાં કયો નિર્ણય લેશો ગિઝાલી અને સિમાના | 269 |
| હરામ હોવાનાં પાંચ કારણો | 269 |
| શું હવે કોઈ છટકબારી છે ? | 272 |
| સિમોઅ મુજર્રદ પણ ખતરામાં | 272 |
| હઝરત સુહરવર્દી પણ આ માર્ગે | 272 |
| જ્યારે કોઈ સિમા ન કરી શકાય તો પછી શું કરવું ? | 273 |
| વર્તમાનકાળમાં સુન્નીઓની જહાલત | 274 |
| જ્ઞાન છોડીને દરેક સભા આબાદ | 274 |
| યુ.કે.માં મુસલમાનોની હાલત | 274 |
| એક અફસોસની વાત ! | 275 |
| ઉમૂમે બલવાનો જવાબ | 276 |
| બલવાનો કાયદો ક્યારે કોણ લાગુ કરે ? | 276 |
| સિમા બલવાના લાયક નથી | 277 |
| ગયા વક્ત હાથ આતા નહીં ! | 277 |
| હઝરત મુલ્લા જીવન્નું મંતવ્ય | 278 |
| હઝરત જુનૈદ બગદાદીનું મંતવ્ય | 278 |
| વાજિંત્રોએ નહીં કરામતોએ કામ કર્યું | 279 |
| વાજિંત્રોવાળો સિમા ફિસ્ક છે | 279 |
| અવસાન પામેલા માટે ચૂપ રહો | 280 |
| વાજિંત્રોનો અવાજ નફ્સનો ખોરાક છે | 280 |
| રૂહની વાસ્તવિક્તા ઈલ્મે ગયબ છે | 281 |
| માણસમાં બે રૂહો | 281 |
| હઝરત વલીયુલ્લાહનું મંતવ્ય | 282 |
| શાહ સાહબના કલામનો ખુલાસો | 283 |
| ફરિશ્તાવાળી શક્તિ | 283 |
| વાજિંત્રોની અસર પ્રાણીઓમાં પણ | 283 |
| હાફિઝ ઈબ્ને કય્યિમનું મંતવ્ય | 284 |
| દરેક સારું ખોરાક ન બને | 284 |
| શરીઅતથી શું પુરવાર થાય છે | 285 |

# ★ ✪ ✪ ★ ☆ ★ અનુક્રમણિકા ✪ ✪ ★ ☆ ★ ✪


| | |
|---|---|
| કાફિરનો અમલ | 285 |
| શું આત્માને શાંતિ ન આપી શકાય | 285 |
| અંતિમ શબ્દ | 287 |
| મારો હેતુ | 287 |
| **(પ્રકરણ : ૬)** | |
| **★ ગૈર ખુદાનો સિજદો જાઈઝ સમજીને કરવો નિ:શંક કુફ્ર છે ! ★** | |
| અંતિમ પ્રકરણનો હેતુ | 288 |
| બરેલ્વિયત અને જહાલત ? | 289 |
| ગૈર મુસ્લિમોનો આક્ષેપ | 289 |
| આપણે શું કરવું ?! | 289 |
| ખરાબી આવી કેમ ?! | 290 |
| ખાનકાહ અને મઝાર | 290 |
| તોહફાએ નજાત (ભાગ–૯)નો સહારો લો | 291 |
| અસલિયત નષ્ટ થઈ ગઈ | 291 |
| આલિમ અને ખોટો ઉલ્લેખ | 292 |
| બે પ્રકારના માર્ગદર્શક | 293 |
| મૌલા મોલ્વીને ન માને ! | 293 |
| ખરાબ ચીજ રિવાજ બનવાનો સબબ મોલ્વીનો નિફાક ! | 294 |
| ધર્મને રમત ન સમજો ! | 295 |
| ધર્મને માલના બદલામાં ન વેચો | 295 |
| અલ્લાહના પ્રિયની ઓળખ | 295 |
| તમે કોના પ્રિય બનશો | 295 |
| પબ્લિક પર જાહિલ પીરોનો અંકુશ કેમ ?! | 295 |
| આ'લા હઝરતનું લખાણ દબાણથી પાક | 296 |
| દસમો ભાગ આ'લા હઝરતના લખાણનો નિચોડ | 297 |
| આ'લા હઝરતની કિતાબ | 297 |
| સિજદો અને એના પ્રકાર | 298 |
| શિર્ક અને કુફ્ર | 298 |
| ઈબાદતનો સિજદો | 298 |
| સ્વાગત અને ઈજ્જતનો સિજદો | 298 |
| શું અલ્લાહે કુફ્રનો આદેશ આપ્યો ! | 299 |
| કાયદો અલ્લાહની મરજીનું નામ છે | 299 |
| **તા'ઝીમી સિજદો કુર્આનથી હરામ** | 300 |
| શાને નુઝૂલ | 300 |
| કુફ્રની નહીં જવાઝની માંગ છે | 302 |
| **તા'ઝીમી સિજદાનું હરામ હોવું હદીષના પ્રકાશમાં** | 302 |
| પતિનો હક્ક પત્ની પર | 302 |
| પ્રાણીઓ શરઈ પાબંદીથી મુક્ત | 303 |
| ગાંડુ ઊંટ સિજદામાં | 303 |
| બકરીઓએ સિજદો કર્યો | 304 |
| ઊંટ નબીને ઓળખી ગયું ! | 304 |
| ઊંટની ફરિયાદ | 305 |
| પ્રાણી અને ઝાડોનો સિજદો | 305 |
| ઊંટ અને નબીનો અદબ | 306 |
| કોઈ બીજાને સિજદો ન કરો | 306 |
| ઝાડે સલામ કરી | 307 |
| હુઝૂરે મનાઈ ફર્માવી | 307 |
| નબીઓ ઉપર આક્ષેપ | 308 |
| યમનમાં સિજદાની જહાલત | 309 |
| કબરને પણ સિજદો ન કરશો ! | 309 |
| સિજદો માત્ર અલ્લાહ માટે | 309 |
| મખ્લૂક સિજદાના લાયક નથી | 310 |
| હઝરત અલી كرم الله وجهه الكريم એ મનાઈ કરી | 310 |
| નમનથી પણ મનાઈ | 310 |
| કબર તરફ નમાઝ ન પઢો | 310 |
| કબર ઉપર નમાઝ ન પઢો | 310 |
| કબર સામે નમાઝ હરામ | 311 |
| હુઝૂરની કબર હુજરામાં બંધ કેમ ? | 311 |
| અહલે કિતાબની ભયાનક ભૂલ | 312 |




ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !

# ★ ✪ ✪ ★ ☆ ★ અનુક્રમણિકા ✪ ✪ ★ ☆ ★ ✪


| | |
|---|---|
| લા'નતની બદ્દુઆ | 312 |
| અંતિમ વસિયત | 312 |
| જીવતા જીવ કયામત | 313 |
| સદંતર ખરાબ કોણ ?! | 313 |
| બની ઈસ્રાઈલ જેવું ન કરશો | 313 |
| કબરને મૂર્તિ ન બનાવશો | 313 |
| અલ્લાહ કોના પર ક્રોધમાં | 314 |
| હદીષોનો નિચોડ | 315 |
| ફિકહમાં ગેરખુદાને સિજદો હરામ હોવો | 315 |
| **પુરાવાનો જથ્થો** | 316 |
| ગેર ખુદાને સિજદો કુફ્ર છે | 316 |
| વિવાદ : સ્વાગતનો સિજદો કુફ્ર નથી હરામ છે | 317 |
| ગેર ખુદાને માટે સિજદો જાઈઝ સમજવો કુફ્ર છે | 320 |
| પીર માટે સિજદો જાઈઝ સમજવો કુફ્ર છે | 321 |
| ઉપરોક્ત પુરાવાઓનો ખુલાસો | 321 |
| નાજાઈઝ સમજે તો કરે શા માટે ? | 322 |
| આ'લા હઝરતનું મંતવ્ય અને ફત્વો | 322 |
| સ્વાગત માટે જમીનનું ચુંબન હરામ | 322 |
| રુકૂઅની નજીક નમવું પણ જાઈઝ નથી | 328 |
| કબરો પાસે નમન કરવું | 330 |
| કબર સામે ખુદાને સિજદો પણ જાઈઝ નથી | 330 |
| આ'લા હઝરતનું ફર્માન | 331 |
| જનાઝાની નમાઝમાં રુકૂઅ, સિજદો કેમ નથી ? | 332 |
| કબર તરફ મસ્જિદનો કિબ્લો મનાઈમાં છે | 332 |
| હઝરત આદમ عليه السلام કિબ્લાની જગાએ | 334 |
| સિજદાનો મતલબ ઈશારો | 334 |
| માટેનો મતલબ તરફ છે ! | 335 |
| ગૈર માટે સિજદાનો સબૂત શંકાસ્પદ છે | 335 |
| હઝરત યૂસુફને સિજદાનો મતલબ | 336 |
| આયતો મન્સૂખ નથી | 337 |
| આયત યકીની પણ | 337 |
| હદીષથી કુર્આનનો હુકમ ઉઠી શકે છે | 338 |
| ગૈર ખુદા માટે સિજદાના હરામ હોવા પર મુતવાતિર હદીષો | 339 |
| તફસીરે અઝીઝી | 339 |
| ઈમામ બુખારીનું મંતવ્ય | 340 |
| આપણા નબીની શરીઅત પર ચાલો | 340 |
| ઈજમાએ ઉમ્મતનું મહત્વ | 340 |
| હરામ હોવા પર બુઝુર્ગોનો ઈજમાઅ | 341 |
| હઝરત મખ્દૂમ પાકનો નિર્ણય | 341 |
| નબીના ફર્માનની વિશેષતા | 342 |
| મનમાની ન કરશો | 343 |
| મૌલાના રૂમની શિખામણ | 344 |
| હાથ પગ ચૂમવા | 347 |
| નબીના હાથ પગનું ચુંબન | 348 |
| ફિકહમાં એનો પુરાવો | 348 |
| નબીએ ચૂમનની રજા આપી | 348 |
| સહાબીએ સહાબીના હાથ ચૂમી લીધા | 349 |
| ઈમામ નવોવીનું મંતવ્ય | 349 |
| મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય | 349 |
| હઝરત અલ્લામા શામીનું મંતવ્ય | 349 |
| હઝરત અલ્લામા સફ્ફવરીનું મંતવ્ય | 349 |
| હઝરત ગૌષપાકનું મંતવ્ય | 350 |
| એક એહલે હદીષનું મંતવ્ય | 350 |
| મૌલ્વી રશીદ અહમદ ગંગોહીનું મંતવ્ય | 350 |
| અંબેઠવી સાહેબનો અમલ | 350 |
| મકસદ અને નિય્યત પર ફેંસલો | 351 |
| શંકાનો ઉકેલ | 352 |
| વર્તમાનકાળમાં આપણે શું કરીશું ?! | 353 |

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

(પ્રકરણ-૧)

# મ્યુઝિક અને વાજિંત્રો કુર્આનના પ્રકાશમાં

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعَالَمِیۡنَ وَ الۡعَاقِبَۃُ لِلۡمُتَّقِیۡنَ وَ الصَّلٰوۃُ وَ السَّلَامُ
عَلٰی سَیِّدِ الۡاَنۡبِیَاءِ وَ الۡمُرۡسَلِیۡنَ عَلٰی اٰلِہٖ وَ اَصۡحَابِہٖ اَجۡمَعِیۡنَ اَمَّا
بَعۡدُ فَاَعُوۡذُ بِاللّٰہِ مِنَ الشَّیۡطَانِ الرَّجِیۡمِ بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
وَمِنَ النَّاسِ مَنۡ یَّشۡتَرِیۡ لَہۡوَ الۡحَدِیۡثِ لِیُضِلَّ عَنۡ سَبِیۡلِ اللّٰہِ بِغَیۡرِ
عِلۡمٍ وَ یَتَّخِذَہَا ہُزُوًا اُولٰٓئِکَ لَہُمۡ عَذَابٌ مُّہِیۡنٌ صَدَقَ اللّٰہُ الۡعَظِیۡمُ وَ
صَدَقَ رَسُوۡلُہُ النَّبِیُّ الۡاَمِیۡنُ الۡکَرِیۡمُ وَنَحۡنُ عَلٰی ذٰلِکَ لَمِنَ
الشَّاہِدِیۡنَ وَالشَّاکِرِیۡنَ وَ الۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعَالَمِیۡنَ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا رَسُوۡلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا حَبِیۡبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالٰی علیہ وسلم ના પ્યારા દીવાનાઓ તથા દીવાનીઓ ! તમને એ વાતની ખબર છે કે મ્યુઝિક અને વાજિંત્રોનો હુકમ શું છે, મુસલમાનોમાં અસંખ્ય લોકો સાંભળે છે અને એનાથી લિજ્જત પ્રાપ્ત કરે છે પણ કોઈ મુસલમાન એ કામને જાઈઝ સમજતો નથી બલ્કે નાજાઈઝ સમજીને જ એ કામ કરે છે. એટલે કે ગુનાહને ગુનોહ સમજીને જ કરવામાં આવે છે એ પણ ખરાબ અને અશક્ત ઈમાનને લઈને છે, પરંતુ એનાથી અધિક ખરાબ એ છે કે માણસ પોતાના કામને લઈને એ નાજાઈઝને જાઈઝ સમજી લે અને લોકોમાં એના જવાઝનું એલાન અને પ્રચાર કરે, આ પ્રકારનો માણસ પોતાની કુસમજને





લઈને ક્યારેક ગુમરાહીમાં જાય છે તો ક્યારેક ઈસ્લામનાં વર્તુળથી સદંતર બાહ્ય થઈ જાય છે, એટલે મેં વિચાર્યું કે હું તમને કુર્આન, હદીષ અને આલિમો તથા બુઝુર્ગોનાં મંતવ્યોના આધારે એ સાબિત કરી બતાવું કે **મ્યુઝિક અને વાજિંત્રોને ઈસ્લામ સાથે દૂરનો પણ સંબંધ નથી**, અને એ બાબતે હું એટલા પુરાવા રજુ કરીશ કે કોઈ એક વ્યક્તિને પણ એના ગુનોહ હોવામાં શંકા ન રહી જાય, માણસના દિમાગમાં જેટલા પ્રકારની શંકાં કુશંકા પેદા થઈ શકે તેની પણ ''સવાલ જવાબ''થી ખબર લઈશ, પણ એટલું યાદ રાખવું જોઈએ કે ન્યાય પસંદ વ્યક્તિ કુર્આન અને હદીષના એક પુરાવા પર પોતાની હઠનું હથિયાર નાખી દે છે અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَ ના ફર્માન પર પોતાનું શીશ નમાવી આપે છે, જ્યારે કેટલાક નીડર લોકો એવા પણ હોય છે જેઓને ગમે તેટલી દલીલો આપવામાં આવે છતાં તેઓ પોતાની હઠ છોડી શકતા નથી.

**આં ! કસ કે ન દાનદ વ બેદાનદ કે દાનદ**
**દર જહલે મુરક્કબ અબદુદ દ્રહ બેમાનદ**

જે વ્યક્તિ નથી જાણતો, જાહિલ છે પણ એ પોતે એવું સમજે છે કે, જાણે છે અને એ જાહિલ નથી, એવો વ્યક્તિ બે પ્રકારની જહાલતમાં હમેશાં રહે છે. એક તો એ કે એ જાહિલ છે, બીજું એ કે એ પોતાની જહાલતથી પણ જાહિલ છે, એટલે કે જાહિલ હોવા છતાં એ પોતાને આલિમ અથવા આલિમ જેવો સમજે છે, એને સમજાવી નથી શકતા અને સમજાવવા પર એ માની પણ નથી શકતો. દા.ત. શૈતાન એ પોતાની હઠે ચઢયો હતો, કોઈનાથી મશ્વરો લેવા ન માંગતો હતો, તો એણે કેવી માર ખાધી કે જન્નતમાંથી બહાર કરી દેવામાં આવ્યો અને એ પોતાની જહાલતથી આજે પણ નીકળ્યો નથી, હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم થી એ જ ઉત્તમ છે એ વાત પર આજે માર ખાઈને, બેઈજ્જત થઈને, દીનથી નીકળીને, અને લા'નતનો તોક પહેરીને પણ છે, અને રિવાયતોના આધારે જાણવા મળે છે એ કિયામત સુધી એના પર રહેશે, અને હશ્રના મેદાનમાં પણ એ પોતાની હઠ છોડશે નહીં. તો પછી જે લોકો શૈતાનના ભાઈ હોય છે તેઓ પણ પોતાના મોટા ભાઈના મિશનને છોડી શકતા નથી ! એમના માટે ગમે તેવું લખાણ અને બયાન વ્યર્થ હોય છે, પણ એનાથી એટલો ફાયદો થાય છે કે સમજવા માંગતા લોકોને માટે હિદાયતનો માર્ગ ખુલી આવે છે, ન્યાયપસંદ લોકોના દિલો એનાથી શાંતિ મેળવી લે છે અને શંકાઓની તકલીફોથી મુક્ત

થઈ જાય છે, અને હઠે ચઢીને ન માનવાવાળાઓ માટે એ લખાણ અને બયાન કિયામતના દિવસે પુરાવો બને, અને એમની વિરૂધ્ધમાં ગવાહી આપે. હું મારા કિંમતી સમયનો ભોગ એ કારણે જ આપી રહ્યો છું કે ન જાણનાર જાણી લે, શંકાની મુસીબતમાં પડેલો એનાથી મુક્ત થઈ જાય, અને હઠે ચઢેલો કિયામતના ફેંસલા માટે તૈયાર થઈ જાય. અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાને હક્ક સાંભળવાની (વાંચવાની) અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. *–આમીન*

મારા ભાઈઓ અને બહેનો ! આપણે મુસલમાન છીએ, અલ્લાહ અને એના રસૂલ પર અને એમની લાવેલી સઘળી વાતો પર આપણું ઈમાન છે, એ માન્યતાનું નામ જ ઈસ્લામ અને ઈમાન છે. એટલે અલ્લાહ અને રસૂલના ફર્માનથી કોઈ વાતને જાઈઝ હોવું બતાવવામાં આવે તો એને માનવામાં શંકા ન રહેવી જોઈએ, આમ જ મનાઈનો હુકમ સાબિત થાય તો એના મનાઈ હોવામાં આગળ પાછળ ન થવું જોઈએ, સમજમાં આવે તો પણ અને સમજમાં ન આવે તો પણ એટલે કે **આપણી સમજનું અને આપણી ઈચ્છાઓનું નામ ઈસ્લામ નથી, અલ્લાહ વ રસૂલની ઈચ્છાઓ અને એમના ફર્માનનું નામ ઈસ્લામ છે,** તો પણ પછી આપણે અલ્લાહ અને રસૂલના ફર્માન આગળ પોતાનું હથિયાર ફેંકી દેવું જોઈએ, એ જ આપણા ઈમાનનો અવાજ હોવો જોઈએ, શૈતાન માફક અલ્લાહના ફર્માન સામે હઠનું હથિયાર લઈને ઊભા ન રહેવું જોઈએ, જે દિલના કુફ્રનો અવાજ છે, મુસલમાનની પુકાર આ છે :–

**અક્લ કુર્બાન કુન બેપેશ મુસ્તફા** એટલે કે મુસ્તફા સામે અક્કલ ને કુર્બાન કરી દો, સમજમાં ન આવે તો પણ માની લો.

સુન્નીઓમાં એક મોટી જમાઅત એવા લોકોની છે જેઓ મ્યુઝિક અને વાજિંત્રો સાથે કવ્વાલીઓ જાઈઝ સમજે છે, અને એવી મેહફિલોને "સમા"નું નામ આપે છે, એ મેહફિલોમાં શું શું થાય છે તેને તો એની જગાએ વર્ણવવામાં આવશે પણ અહીં હું માત્ર તેમને એટલી વિનંતિ કરીશ કે દીન, ધર્મ અને અમારો, તમારો પ્યારો ઈસ્લામ અમારી તમારી કે કોઈની ખાનકાહ પર આધારિત નથી, એનો આધાર કુર્આન, હદીષ, મુજતહિદ ઈમામો પર છે, તેઓ તરફથી કોઈ ચીજને હરામ, નાજાઈઝ અને મકરૂહ સાબિત કરવામાં આવે તો દરેકે એકમતી સાથે એ વાતને સ્વકારી લેવી જોઈએ, પોતાની ખાનકાહ અને પોતાના પીરને જ્યારે તેઓ કુર્આન અને હદીષથી ખસી રહ્યા હોય તો





પુરાવો પણ ન બનાવી શકાય, એટલે મારો મૂળ હેતુ વાજિંત્રો સાથે કરવામાં આવતી સમાની મેહફિલોને કુર્આન અને હદીષની અસંખ્ય દલીલ અને પુરાવાઓથી નાજાઈઝ સાબિત કરવું છે.

**નોંધ :** જેઓ પોતાના દીન અને ધર્મનો આધાર **કુર્આન** અને **હદીષ**ને બનાવે છે તેવા લોકોને મારી વિનંતિ છે કે તમે મારા બયાન અને લખાણ પર ધ્યાન આપશો અને કુર્આન અને હદીષની વાતને સ્વીકારી લેશો, અને જેઓ ખાનકાહ પર આધારિત છે તેઓને પણ હું વિનંતિ કરીશ કે જ્યારે દીન અને ધર્મનો આધાર કુર્આન અને હદીષ પર છે, ખાનકાહો પર નથી, તો પછી તમે પણ હઠ પર રહી પોતાના અકીદા અને માન્યતાને ખરાબ કરશો નહીં, ઠંડા દિમાગે ન્યાયથી ફેંસલો કરી, અમારા સત્ય મંતવ્ય પર આવી જશો, નહીં તો અમે અમારી જવાબદારી પૂરી કરી, તમારી જવાબદારીનો જવાબ તમારે ખુદાની બારગાહમાં આપવાનો રહેશે.

## ★ શરીઅતમાં દલીલના પ્રકાર ★

ઈસ્લામી ફિકહમાં અને મસ્અલા મસાઈલના વિષયમાં ચાર પ્રકારની દલીલો વર્ણન કરવામાં આવે છે : **(૧)** કિતાબુલ્લાહ (એટલે અલ્લાહની કિતાબ કુર્આને મજીદ ફુર્કાને હમીદથી વાત સાબિત કરવામાં આવે) **(૨)** સુન્નતે રસૂલિલ્લાહ (રસૂલ અકરમ નૂરે મુજસ્સમ ﷺ ની હદીષો, અને આપના ફર્માનોથી કોઈ વાત સાબિત કરવામાં આવે) **(૩)** ઈજમાએ ઉમ્મત (ઉમ્મતે મુસ્લિમાના મહાન, મુજતહિદ આલિમોનાં મંતવ્યો અને તેમની એકમતી અથવા બહુમતીના આધારે કોઈ નિર્ણય લેવામાં આવે) **(૪)** કિયાસ (મુજતહિદ કોઈ દલીલથી જેનો આધાર કુર્આન અથવા હદીષ હોય તેનાથી કોઈ વાત સાબિત કરે અને જરૂરત પડે મહાન આલિમો અને મુફતીઓ પણ આ કામ કરી શકે છે જો તે એમની તકલીદના ઈમામ વિરૂધ્ધ ન જાય).

## ★ શરઈ દલીલના દરજાઓ ★

દલીલોમાં **પ્રથમ સ્થાન કુર્આન**ને આપવામાં આવે છે, કારણ કે, એ અલ્લાહની કિતાબ છે, અને આપણી હિદાયત અને માર્ગદર્શન માટે ઉતારવામાં આવી છે, એના પછીનો **બીજો દરજો રસૂલે પાકની હદીષો**ને પ્રાપ્ય છે, કારણ કે, નબી અલ્લાહ તરફથી આપણને માર્ગ બતાવવા આવ્યા

હોય છે, અને અલ્લાહની કિતાબ એમની ઉપર ઉતારવામાં આવી હોય છે, અલ્લાહની કિતાબનું એમને દરેકથી વધારે ઈલ્મ અને જ્ઞાન હોય છે, નબીનો નિર્ણય અને ફેંસલો અલ્લાહ તઆલા તરફથી હોય છે, એટલે બીજું સ્થાન અવશ્ય હદીષે પાકે રસૂલને પ્રાપ્ત છે. **ત્રીજો દરજો** અને સ્થાન **ઈજમાએ ઉમ્મત**ને પ્રાપ્ય છે, અને **ચોથું સ્થાન કિયાસ**નું છે.

## ★ પ્રથમ પુરાવો કુર્આનનો ★

જ્યારે દલીલના આધારે કુર્આન પ્રથમ સ્થાને છે, તો પછી આપણે પણ આપણી ચર્ચામાં પ્રથમ સ્થાન કુર્આનને આપીએ, અને આપણા પ્રકરણને નામ આપીએ "મ્યુઝિક અને વાજિંત્રો કુર્આનનાં પ્રકાશમાં"

**નોંધ** : કુર્આનની આયતોથી ચર્ચા બે પ્રકારની કરવામાં આવશે, એક કુર્આનની આયત અને તેનો તર્જુમો, બીજું એ આયત બાબતે મહાન મુફસ્સિરો અને સહાબીઓની તફસીર કે તેમણે એ આયતથી શું સમજ્યું, અને આપણને શું સમજાવ્યું ?

**મસ્અલે ખૂદ બખૂદ ખત્મ હો જાએંગે**
**અપની અપની હદોંમેં રહા કીજીએ**

**વિવાદ નીકળી જશે સદંતર**
**પોતાની મર્યાદામાં રહો અગર**

## ★ શું કુર્આન પછી દલીલની જરૂરત છે ? ★

કુર્આન શરીફથી દલીલ મળી ગયા પછી મુસલમાનને બીજી દલીલની જરૂરત નથી, પણ ક્યારેક કુર્આનની દલીલ પછી હદીષો અને આલિમોના મંતવ્યોથી પણ પુરાવાઓ એટલા માટે આપવામાં આવે છે કે દલીલ વધારે સશક્ત બની જાય, અને એ જાણવા મળે કે નબી તથા આલિમોએ પણ એ જ સમજ્યું અને સમજાવ્યું જે કુર્આન શરીફે સ્પષ્ટ કર્યું. નબી અને સહાબા આપણા માટે પ્રથમ સ્થાને છે, મહાન આલિમો અને મુજતહિદો આપણા માટે માર્ગદર્શક છે, અને તેઓ આપણા માટે મરકઝ છે, આપણે આપણા મરકઝ સાથે સંબંધિત રહેવું જોઈએ અને એનાથી થોડું પણ ખસવું ન જોઈએ એમાં જ આપણી એકતા જળવાઈ શકે છે, અને સફળતા એનું જ નામ છે.





**કહીં મરકઝસે કોઈ દૂર હો કર શાદ હોતા હય**
**જો પત્તા તૂટતા હય શાખસે બરબાદ હોતા હય**

**કોઈ મરકઝથી ખસીને કાંઈ સફળ થાય છે**
**જે પાનું ડાળીથી તૂટે બરબાદ થાય છે**

આપણા નબીએ પણ વિવાદાસ્પદ જમાઅતોમાં સત્ય એ જમાઅતને જ કહી છે જે નબી અને સહાબાના તરીકા અને માર્ગે હોય, તો પછી આપણે એ માર્ગથી ખસવું ન જોઈએ, અને સ્પષ્ટ થાય કે ખસ્યા છે તો તરત પરત આવવું જોઈએ.

## ★ પ્રથમ આયત ★

وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِىْ لَهْوَ الْحَدِيْثِ لِيُضِلَّ عَنْ سَبِيْلِ
اللّٰهِ بِغَيْرِ عِلْمٍ وَّيَتَّخِذَهَا هُزُوًا اُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ مُّهِيْنٌ

"અમુક લોકો ગફલતની વાતો ખરીદે છે એટલે કે વિના જ્ઞાને અલ્લાહના માર્ગથી ખસેડી કાઢે અને એની મજાક ઉડાવે, એવા લોકો માટે ઝિલ્લતનો અઝાબ છે." *(સૂરએ લુકમાન, આ. ૬)*

# ✪ તફસીર ✪

## ★ હઝરત ઈબ્ને મસ્ઊદથી તફસીર ★

**(૧)** સુનનુલ કુબ્રા લિલ્‌બયહકી, ભાગ–૧, પેજ–૨૨૩, મુસ્તદરક હાકિમ, ભાગ–૧, પેજ–૪૧૧, તફસીરે ઈબ્ને જરીર, ભાગ–૨૧, પેજ–૩૬ ઈમામ હાકિમે આ રિવાયત નકલ કરીને લખ્યું છે : "આ સહીહુલ ઈસ્નાદ હદીષ છે."

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ એ **લહવલ હદીષ**ની તફસીરમાં ફર્માવ્યું **"હુવા વલ્લાહિલ ગિનાઅ"** "અલ્લાહની કસમ ! એ ગાયન છે."

હઝરત ઈબ્ને જરીરે થોડી બદલીને રિવાયત કરી છે : "કાલ અબ્દુલ્લાહ અલ ગનઅુ વલ્લઝી લા ઈલાહા ઈલ્લાહુ યુરદ્દેદુહા સલાસા મર્રાત" અબ્દુલ્લાહએ ફર્માવ્યું, ગાયન જ છે કસમ એની જેના સિવાય કોઈ મા'બૂદ

બરહક નથી ! આપે ત્રણ વખત ફર્માવ્યું.

નીલુલ અવતાર, ભાગ–૮, પેજ–૧૦૦, કાઝી શૌદાની હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ની વાત નકલ કરીને લખે છે, આને ઈબ્ને અબી શૈબા સહીહ સનદથી લાવ્યા છે, ઈમામે હાકિમ અને બયહકીએ પણ આને રિવાયત કર્યું છે અને સહીહ ફર્માવ્યું છે.

## ★ હઝરત ઈબ્ને અબ્બાસથી તફસીર ★

**(૨)** સુનનુલ કુબ્રા લિલ્બયહકી, ભાગ–૧, પેજ–૨૨૧, અદબુલ મુફરદ, ભાગ–૨, પેજ–૬૬૨, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما **લહવલ હદીષ**ની તફસીરમાં ફર્માવે છે : هُوَ الْغِنَاءُ وَاَشْبَاهُهٗ એનો મતલબ ગાયનો અને એના જેવી બીજી વસ્તુઓ છે.

## ★ હઝરત હસન બસરીથી તફસીર ★

**(૩)** તફસીરે રૂહુલ મઆની, ભાગ–૨૧, પેજ–૬૭ માં છે હઝરત હસન બસરીથી આ પ્રમાણે રિવાયત છે :– نَزَلَتْ هٰذِهِ الْاٰيَةُ فِى الْغِنَاءِ وَ الْمَزَامِيْرِ આ આયત ગાયન અને વાજિંત્રો બાબત ઉતરી." *(તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૩, પેજ–૪૪૨)*

અદબુલ મુફરદમાં ઈમામ બુખારીએ, ઈબ્ને અબી દુનિયા, ઈબ્ને જરીર, ઈબ્ને અબી હાતિમ અને ઈબ્ને મરદવિયાએ હઝરત હસન બસરીથી આ પ્રમાણે તખરીજ કરી છે :–

كُلُّ مَاشَغَلَكَ عَنْ عِبَادَةِ اللّٰهِ وَ ذِكْرِهٖ مِنَ السَّمَرِ وَ الْاَضَاحِيْكِ
وَ الْخُرَافَاتِ وَ الْغِنَاءِ وَ نَحْوِهَا

લહવલ હદીષ દરેક તે કામ જે તમને અલ્લાહની ઈબાદત અને એની યાદથી ગાફિલ કરી આપે, જેમ કે મોડી રાત સુધી કિસ્સા કહાનીઓ (વાર્તાઓ) લતીફાઓ, બેકાર કામો અને ગાયનો વગેરે.

## ★ હઝરત મુજાહિદની તફસીર ★

**(૪)** સુનનુલ કુબ્રા લિલ્બયહકી, ભાગ–૧, પેજ–૨૨૫, તફસીરે ઈબ્ને જરીર, ભાગ–૨૧, પેજ–૩૭ પર હઝરત મુજાહિદથી આ પ્રમાણે રિવાયત





કરી છે :–

هُوَ اِشْتِرَاءُ الْمُغَنِّىْ وَ الْمُغَنِّيَةِ بِالْمَالِ الْكَثِيْرِ وَ الْاِسْتِمَاعِ اِلَيْهِ
وَ اِلٰى مِثْلِهٖ مِنَ الْبَاطِلِ

લહવલ હદીષનો મતલબ ગાવાવાળા અને ગાવાવાળીઓ ખરીદી કરવી વધારે માલથી અને એમનાથી ગાયન અને એ પ્રમાણે બીજી ખરાબ વાતો સાંભળવી.

**(૫)** અબૂબક્ર જસ્સાસનું અહકામુલ કુર્આન, ભાગ–૩, પેજ–૨૨૭ પર છે : હઝરત ઈબ્ને અબ્બાસે ઉપરોક્ત આયતની તફસીરમાં ફર્માવ્યું છે એનો મતલબ ગાવાવાળાં લોંડી, ગુલામની ખરીદી કરવી છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદથી આ પ્રમાણે નકલ કરવામાં આવ્યું છે હઝરત મુજાહિદથી રિવાયત છે કે આ આયતની તફસીરમાં ફર્માવ્યું કે આનો મતલબ ગાવુ અને દરેક પ્રકારની રમત ગમત છે.

## ★ હઝરત જાબિરથી તફસીર ★

**(૬)** તફસીરે ઈબ્ને જરીર, ભાગ–૨૧ માં હઝરત હાફિઝ ઈબ્ને જરીરે હઝરત જાબિર رضی اللہ عنہ થી આ તફસીર નકલ કરી છે, هُوَ الْغِنَاءُ وَ الْاِسْتِمَاعُ لَهٗ એનો મતલબ ગાવું અને સાંભળવું છે.

## ★ હઝરત ઈબ્ને ઉમરથી તફસીર ★

**(૭)** ઈગાષતુલ લહફાન, ભાગ–૧, પેજ–૨૪૦ માં ઈબ્ને કય્યિમએ રિવાયત કરી છે, આરિઝતુલ અહવઝીમાં હઝરતે ઈબ્ને અરબીએ પણ નકલ કરી છે હઝરતે અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી સહીહ રિવાયત છે اِنَّہُ الْغِنَاءُ કે એનો મતલબ ગાવું છે.

## ★ હઝરત મકહૂલથી તફસીર ★

**(૮)** મઆલિમુત્તંઝીલ, ભાગ–૬, પેજ–૩૫૨, તફસીરે મઝહરી, ભાગ–૭, પેજ–૨૫૯, હઝરત મકહૂલથી આ રિવાયત નકલ કરવામાં આવી છે જે વ્યક્તિએ ગાવા અને વગાડવાવાળી લોંડીની ખરીદી કરી એટલે કે એને ગાવા અને મ્યુઝિક માટે નિયુક્ત કરી લે અને એ હાલત પર અટલ રહ્યો અને મરી ગયો તો હું એના જનાઝાની નમાઝ નહીં પઢું, કારણ કે અલ્લાહ તઆલાનું

ફર્માન છે..... ઉપરોક્ત આયતે કરીમા حَتّٰى يَمُوْتَ لَمْ اُصَلِّ عَلَيْہِ

અમ્ર બિલ મઅ્રૂફના પેજ–૧૬૦ પર હઝરત મકહૂલથી આ પ્રમાણે રિવાયત નકલ કરવામાં આવી છે : مَنْ مَّاتَ وَعِنْدَهٗ مُغَنِّيَةٌ لَمْ يُصَلَّ عَلَيْہِ જે એ હાલતમાં મરે કે એની પાસે ગાવાવાળી લોંડી હોય તો એની નમાઝે જનાઝા પઢવામાં ન આવે.

## ★ હઝરત હાફિઝ ઈબ્ને કષીરથી તફસીર ★

**(૯)** હાફિઝ ઈમાદુદ્દીન ઈસ્માઈલ ઈબ્ને કષીર પોતાની કબીર ભાગ ત્રણમાં ઉપરોક્ત આયત બાબત પોતાનું મતંવ્ય આ પ્રમાણે રજુ કરે છે :–

اَعْرَضُوْا عَنِ الْاِنْتِفَاعِ بِسِمَاعِ كَلَامِ اللّٰہِ وَاَقْبَلُوْا عَلٰى اِسْتِمَاعِ
الْمَزَامِيْرِ وَالْغِنَاءِ بِالْاَلْحَانِ وَ اٰلَاتِ الطَّرَبِ

તેમણે અલ્લાહના કલમાને સાંભળવાના ફાયદાથી મોઢું ફેરવી મ્યુઝિક સાંભળવું અને રાગથી તથા વાજિંત્રોથી ગાવું સ્વીકારી લીધું.

## ★ શાને નુઝૂલ ★

ઉપરોક્ત આયતની શાને નુઝૂલ રૂહુલ મઆની, ભાગ–૨૧, પેજ–૬૭ અને કશ્શાફ, ભાગ–૨, પેજ–૪૯૦ માં આ પ્રમાણે વર્ણવવામાં આવી છે કે મક્કામાં એક ધનવાન મુશ્રિક વેપારી નઝર બિન હારિષ હતો, એને અમુક લોંડીઓ ખરીદી હતી અને જ્યારે કોઈ વ્યક્તિ બાબત એને ખબર થતી કે એ કુર્આન શરીફમાં દિલ લગાવી રહ્યો છે અથવા ઈસ્લામ કબૂલી લેવાનો છે તો નઝર એની પાસે જઈ એને પોતાના ત્યાં બોલાવી લાવતો, લોંડીઓ અને દાસીઓને કહેતો કે આને ખૂબ ખૂબ ખવડાવો અને સારા સારા ગાયનો સંભળાવો ત્યાર પછી એ પેલા વ્યક્તિને પૂછતો કે બતાવો આ દારૂ, કબાબ, નાચ અને મસ્તી સારી છે કે પછી તે કામો જેની દા'વત મુહમ્મદ صلى الله تعالى عليه وسلم આપે છે એટલે કે જિહાદ, નમાઝ, રોઝા વગેરે.

**ફાયદો** : આયતની શાને નુઝૂલથી પણ એ સ્પષ્ટ થયું કે એનાથી મુરાદ અને મતલબ ગાવું છે જેનાથી માણસ કુર્આન અને દીને ઈસ્લામ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત ન કરી શકે.





## ★ સહાબાની તફસીરનો દરજો ★

ઈમામ હાકિમએ પોતાની કિતાબ મુસ્તદરકનાં કિતાબુત્તફસીરમાં સહાબીની તફસીરનો દરજો અને સ્થાન વર્ણવતાં ફર્માવ્યું, :–

تَفْسِيْرُ الصَّحَابِى الَّذِى شَهِدَ الْوَحْىَ وَالتَّنْزِيْلَ عِنْدَ الشَّيْخَيْنِ
حَدِيْثٌ مُّسْنَدٌ

સહાબીની તફસીર જે વહી અને કુર્આનની સાક્ષી હોય બુખારી અને મુસ્લિમને ત્યાં મુસનદ હદીષના દરજામાં છે.

થોડે ખસીને પછી ફર્માવે છે : هُوَ عِنْدَنَا فِىْ حُكْمِ الْمَرْفُوْعِ એ અમારે ત્યાં મરફૂઅ (જેને રિવાયતમાં નબી સુધી પહોંચાડવામાં આવી હોય)ના હુકમમાં છે. સારાંશ એ થયો કે જે સહાબાએ ઉપરોક્ત આયતમાં લહવલ હદીષની તફસીર ગાવું, અને વાજિંત્રોથી કરી તે માત્ર સહાબીનું મંતવ્ય નથી બલ્કે એ નબીની હદીષ છે.

**સવાલ : લહવલ હદીષ**ની તફસીર શિર્કથી પણ કરવામાં આવી છે, પછી એનાથી ગાવું અને વાજિંત્રોનો પુરાવો નથી મળી શક્તો ?

**જવાબ** : અમે તમને સહાબીની તફસીરથી બતાવ્યું કે એનો મતલબ ગાવું અને વાજિંત્રો છે, અને સહાબીની તફસીરનો દરજો પણ બતાવ્યો કે એ રિવાયતના આધારે નબીનું ફર્માન છે, પછી શિર્કવાળી તફસીરથી અમારા પુરાવામાં ફરક આવી શક્તો નથી. બીજું એ કે માત્ર શિર્કથી તફસીર યોગ્ય પણ નથી લાગતી.

**સવાલ** : એની તફસીર બેકાર વાતચીતથી પણ કરવામાં આવી છે ?

**જવાબ** : ગાવું અને વાજિંત્રો બેકારમાંથી બહાર નથી એટલે એ તફસીર ગાવા અને વાજિંત્રોને લહવલ હદીષથી બહાર કરી શકતી નથી.

તફસીરે ખાઝિન, ભાગ–૫, પેજ–૨૧૪ હઝરત અમાઉદ્દીન રિવાયત નકલ કરતાં ફર્માવે છે કે ઈબ્ને મસ્ઊદ, ઈબ્ને અબ્બાસ હસન (બસરી) ઈકરમા, અને સઈદ બિન જુબૈર رِضْوَانُ اللّٰہِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ ફર્માવ્યું કે લહવલ હદીષનો મતલબ ગાવું છે, અને આયત એ બાબતે ઉતરી છે અને યશતરીનો અર્થ છે :– يَسْتَبْدِلُ وَيَخْتَارُ الْغِنَاءَ وَالْمَزَامِيْرَ وَالْمَعَازِيْفَ عَلَى الْقُرْاٰنِ બદલે છે અને પસંદ કરે ગાયન અને દરેક પ્રકારના વાજિંત્રો કુર્આન છોડીને.

**(૧૧)** મઆલિમુત્તંઝીમ, ભાગ–૫, પેજ–૨૧૪ હઝરત કતાદાએ ફર્માવ્યું કે એનો મતલબ દરેક પ્રકારની રમત ગમત છે. અને ખાઝિનવાળી રિવાયત પણ એમાં નકલ કરવામાં આવી છે.

**(૧૨)** તફસીરે રૂહુલ બયાન, ભાગ–૭, પેજ–૬૫, અબૂ ઉસ્માન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અલ્લાહની કિતાબ, એના રસૂલની સુન્નત, બુઝુર્ગોનું જીવન ચરિત્ર છોડીને દરેક કલામ "લહ્વ" છે, અને તાવીલાતે નજમિયામાં છે : જે અલ્લાહના ઝિક્રથી બેરગબત કરી આપે, અને જેનું સાંભળવું અલ્લાહથી ગાફિલ કરી દે તો એ લહવલ હદીષ છે.

**(૧૩)** તફસીરે હુસૈન, પેજ–૧૯૮, ભાગ–૨ ઉપરોક્ત આયતની તફસીરમાં લખે છે, "બાઝ મુફસ્સિરોને કહા કે આયત ઉન લોગોંકી શાનમેં હય જો કે ગાનેવાલી લોંડિયાં ખરીદતે થે ઔર લોગોંકો રાગ રાગની સુનનેકી તરફ માઈલ કરકે હક્ક બાત કે સુનનેસે રોકતે થે."

અલ્લામા હુસૈન વાઈઝ કાશેફી તફસીરે હુસૈનીમાં પોતે તફસીર કરતાં લખે છે **"લહ્વલ હદીષ"** ખેલકી બાતેં ઔર બાઝોંને કહા હય કે ફરેબ દેનેવાલી બાતેં, ઔર દિલ્લગી ઔર દિલ બેહલાનેવાલી યા'ની બેઅતેબાર અફસાનેં, કહાનિયાં ખરીદતે હંય.

**(૧૪)** તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૫૯૬ માં છે :– લહવ–યા'ની ખેલ, હર ઉસ બાતિલકો કહતે હંયે જો આદમીકો નેકીસે ઔર કામકી બાતોંસે ગફલતમેં ડાલે, કહાનિયાં અફસાનેં ઉસીમેં દાખિલ હંય.

યે આયત નઝર બિન હારિષ કલ્દા કે હક્કમેં નાઝિલ હૂઈ, જો તિજારત કે સિલસિલેમેં દુસરે મુલ્કોમેં સફર કિયા કરતા થા, ઉસને અજમિયોંકી કિતાબેં ખરીદી જિનમેં કિસ્સે કહાનિયાં થીં, વો કુરૈશકો સુનાતા ઔર કહતા કે સરવરે કાઈનાત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم તુમ્હેં આદો ષમૂદ કે વાકેઆત સુનાતે હંય ઔર મેં રૂસ્તમો અસફંદયાર ઔર શાહાને ફારસકી કહાનિયાં સુનાતા હૂં કુછ લોગ ઉન કહાનિયોંમેં મશ્ગૂલ હો ગએ, ઔર કુર્આને પાક સુનનેસે રહ ગએ, ઉસ પર યે આયત નાઝિલ હૂઈ.

**(૧૫)** સવાતિલઉલ ઈલ્હામ, ભાગ–૨, પેજ–૧૨૪, મુફસ્સિર અલ્લામા અબુલ ફૈઝ ફૈઝી લહવલ હદીષની તફસીરમાં લખે છે :–

اَسْمَارُ الْمُلُوْكِ الْاُوَلِ وَ اَسْطَارُهُمْ صح اَوِ السَّمُوْ دُوَاللَّهْوُ





كُلُّ مَا اَلْهَاكَ عَمَّا هُوَ صَلَاحُكَ وَ لَهْوُ الْكَلَامِ اَلْكَلَامُ اللَّهْوُ

પૂર્વજો રાજાઓની કહાનીઓ અને તેમની ખોટી વાતો અથવા ગાયનો ગાવાં, અને લહવ દરેક તે કામને કહેવામાં આવે છે જે તમારી ભલાઈથી તમને વંચિત કરી આપે, લહવ કલામની સિફત છે વંચિત કરનારી વાત.

**(૧૬)** તફસીરે હક્કાની, ભાગ–૩, પેજ–૫૬૭ માં છે : વમિન્નાસ–ઐસે ભી લોગ હંય જો બેહૂદા બાતેં લોગોંકો અલ્લાહ કે રાસ્તેસે બહકાને કે લિએ ખરીદા કરતે હંય લહવલ હદીષ ઈઝાફત બેમા'ના મિન અય اَلْحَدِيْثُ الَّذِیْ هُوَ لَهْوٌ وَّ مُنْكَرٌ એ વાત જે વંચિત કરનાર અને ખરાબ હોય.

يَعْنِیْ الْاَحَادِيْثُ الَّتِیْ لَا اَصْلَ لَهَا وَ الْاَسَاطِيْرُ الَّتِیْ
لَا اِعْتِبَارَ فِيْهَا وَ الْمَضَاحِيْكُ وَ فُضُوْلُ الْكَلَامِ

લાયા'ની ઔર બેફાયદા કલામ જૈસા કે વો બાતેં કે જિનકી અસ્લ (મૂળ) ન હો ઔર વો કિસ્સે કે જિનમેં કુછ ઈબરત ન હો ઔર હંસનેવાલી બાતેં ઔર ફોઝૂલ (બેફાયદા) કલામ. *(બયઝાવી)*

**નોંધ** : કુર્આન શરીફ સિપારા એકવીસ સૂરએ લુકમાનની જે આયત ઉપર વર્ણવવામાં આવી તેમાં લહવલ હદીષની તફસીરમાં તમારી ખિદમતમાં ૧૬ પુરાવાઓ રજુ કરવામાં આવ્યા જેનાથી એ સ્પષ્ટ થયું કે ગાવું, વાજિંત્રોનો ઉપયોગ કરવો, ગાવાવાળા સ્ત્રી પુરૂષોને ખરીદ કરવા અને **વર્તમાનકાળના આધારે એમની મોં માંગી કિંમત આપીને મનોરંજનની સભાનું આયોજન કરી લોકોને એ ખરાબ કામમાં આમંત્રણ આપવું, તેમજ જૂઠા કિસ્સા કહાનીની નોવેલો, ફાયદા વિનાના પુસ્તકો દરેકનો સમાવેશ થાય છે, અને કુર્આને એવાં કામોમાં વ્યસ્ત થનારને અને ફેલાવનારને સખત અઝાબનો ડર સંભળાવ્યો છે**, એનાથી એ જાણવા મળ્યું કે ઉપરોક્ત કામો નાજાઈઝ અને હરામ છે, એનાથી દૂર રહેવામાં આવે, એ કામો કુર્આનની તિલાવતથી દૂર કરનાર અને અલ્લાહ તઆલાની યાદથી આપણને ગાફિલ કરનાર છે.

**બીજું** એ કે આપણે ગાયનો અને વાજિંત્રોની હુરમત (એના હરામ હોવા) પર ચર્ચા કરી રહ્યા હતા તો જાણવા મળ્યું એનું હરામ હોવું કુર્આન શરીફથી પણ સાબિત છે, અને એ સાબિત કરવામાં સહાબા, તાબેઈન અને

મહાન આલિમોની તફસીરોનો પુરાવો પણ પ્રાપ્ત છે.

**સવાલ** : તમે જે આયત વર્ણન કરી તે કાફિરના હક્કમાં ઉતરી છે, અને આપણે કાફિરની નહીં મુસલમાન વિશેની ચર્ચા કરી રહ્યા છીએ ?

**જવાબ** : આયત ભલેને કાફિરની બાબત ઉતરી છે પણ અહીં વાત પૂરી આયતની નથી વાત **લહ્વલ હદીષ**ની છે કે કાફિરોએ ઈસ્લામથી દૂર રાખવા અને કુર્આન તરફ ધ્યાન કેન્દ્રિત ન કરવા દેવા કયું હથિયાર ઉપયોગ કર્યું, તો તે હથિયાર ખસેડનાર છે, પછી તે ગમે તેના હાથમાં જશે, હુકમ એ જ આવશે. શું તમને ખબર નથી વર્તમાનકાળમાં સીનેમા હોલમાં બતાવવામાં આવતા પિક્ચરોમાં શું હોય છે ?! બનાવટી અને જૂઠી કહાની અને કિસ્સો, દિલની દુનિયા ખરાબ કરવાની પ્રેમની વાતો, અને મ્યુઝિક અને તેની સાથે ગાયનો અને ડાન્સ, શું આ કામો કાફિરો મુસલમાનો માટે ઉપયોગ કરે તો હરામ અને મુસલમાન મુસલમાન માટે ઉપયોગ કરે તો જાઈઝ ?! ના ! એ હરામ જ છે ગમે તે એને અમલમાં લાવે, એ જ પ્રમાણે ઉપરોક્ત આયતમાં જે કામોને નાજાઈઝ કહેવામાં આવ્યાં છે તે દરેકના માટે નાજાઈઝ અને હરામ ઠરશે.

**સવાલ** : વર્તમાન કાળમાં ચાલતી ફિલ્મો અને ગાયનોને કોઈ મુસલમાન જાઈઝ નથી કહેતો, એ તો મુસલમાન માટે હરામ જ છે, અને કુર્આનથી એ મતલબ લેવામાં આવ્યો તો કોઈનો એ બાબતે વિવાદ નથી સર્વને માન્ય છે કે એ હરામ છે પણ ઈસ્લામ સંબંધિત શાયરી જેની ઈસ્લામના વર્તુળમાં રજા છે, આથી પઢવામાં આવે તો શું ? તેની સાથે વાજિંત્રોનો ઉપયોગ કરવામાં આવે તો શું ? એનાથી માણસ દીનથી ખસી શક્તો નથી, કારણ કે પઢવામાં આવતી શાયરીનો સંબંધ નબી, વલી અને મુસલમાનોની શિખામણ સાથે હોય છે.

**જવાબ** : જે શાયરી ઈસ્લામથી સંબંધિત છે, જ્યારે એને લખવું જાઈઝ છે તો પછી પઢવું પણ જાઈઝ ઠરશે, અને એમાં રાગથી ગાવામાં આવે તો પણ ઈન્કાર નથી થઈ શક્તો, કારણ કે ઈસ્લામથી ખસેડનાર નથી, ઈસ્લામથી સંબંધ સશક્ત કરનાર છે, પણ તમે કહ્યું કે મ્યુઝિક સાથે મેળવીને કરવાનો હુકમ શું છે ? તો અમે તફસીરથી તો બતાવ્યું કે વાજિંત્રોની રજા આપવામાં નથી આવી, એ બાબતે અમે હદીષ અને ઈમામોની વાતો બીજા પ્રકરણોમાં રજુ કરીશું.





હલાલનો સંબંધ હરામ સાથે કરવામાં આવ્યો છે એટલે એની રજા આપવામાં આવશે નહીં, પણ જો વાજિંત્રોને હટાવી લેવામાં આવે તો અન્ય શરતો સાથે એ કામો કરી શકાય છે.

## ★ બીજી આયત ★

وَاسْتَفْزِزْ مَنِ اسْتَطَعْتَ مِنْهُمْ بِصَوْتِكَ "તેઓમાંથી જેની ઉપર તું કાબૂ જમાવી લે હટાવ તારા અવાજથી."

## ⍟ તફસીર ⍟

**(૧)** તફસીરે રૂહુલ મઆની, ભાગ–૧૫, પેજ–૧૧૧, ઈબ્ને મુન્ઝિર, ઈબ્ને જરીર વગેરેએ હઝરત મુજાહિદથી એની તફસીરમાં રિવાયત કરી છે, بِصَوْتِكَ | بِالْغِنَاءِ وَالْمَزَامِيْرِ وَاللَّهْوِ الْبَاطِلِ ગાયનો, વાજિંત્રો, રમત ગમત અને બેકાર વાતોથી.

**(૨)** ઈબ્ને જરીર, ભાગ–૧૫, પેજ–૭૬, હઝરત મુજાહિદથી આ પ્રમાણે રિવાયત કરી છે : ફર્માવ્યું, بِصَوْتِكَ | قَالَ بِاللَّهْوِ وَالْغِنَاءِ અવાજનો મતલબ રમત ગમત અને ગાવું છે.

**(3)** અલ ઈકલીલ, પેજ–૧૪૪ અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ ઈબ્ને હાતિમથી રિવાયત કરી છે કે હઝરત મુજાહિદ رحمة الله عليه ફર્માવે છે :– صَوْتُ الْغِنَاءِ وَالْمَزَامِيْرِ ગાવાનો (Swinging Song) અને વાજિંત્રોનો અવાજ હરામ છે.

**(૪)** એમાં હઝરત હસન બસરીથી એ રિવાયત નકલ કરી છે : હઝરત હસન બસરીએ ફર્માવ્યું : قَالَ الْحَسَنُ اَلدُّفُّ મતલબ દફ છે.

**(૫)** તફસીરે કરતબી, ભાગ–૧૦, પેજ–૨૮૮, હઝરત ઝહ્હાકે સૌત એટલે અવાજની તફસીર સૌતુલ મિઝમાર "વાંસળીનો અવાજ" કરી છે.

**(૬)** ઈગાષતુલ લહફાન, ભાગ–૧, પેજ–૨૫૫, અલ્લામા ઈબ્ને કય્યિમ લખે છે કે ઈબ્ને અબી હાતિમે પોતાની તફસીરમાં ઉપરોક્ત આયતની તફસીર હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنه થી આ પ્રમાણે રિવાયત કરી છે :– كُلُّ دَاعٍ اِلٰى مَعْصِيَةِ اللّٰهِ જે પણ ગુનાહ તરફ આમંત્રણ આપે.

ઉપરોક્ત તફસીરો સાથે આ તફસીરને મેળવતાં ઈબ્ને કય્યિમ ફર્માવે છે, એ વાતની બધાંને ખબર છે ગાવું, ગુનાહ તરફ આમંત્રણ આપવાનો સશક્ત ઝરીયો છે એટલા માટે શૈતાનના અવાજની તફસીર ગાવાથી કરવામાં આવી.

**(૭)** તફસીરે રૂહુલ, ભાગ–૧૫, પેજ–૧૧૧ માં અલ્લામા મહમૂદ આલૂસી બગદાદી પોતે બિસૈતિકાની તફસીર આ પ્રમાણે કરે છે :– بِدُعَائِکَ اِلٰی مَعْصِیَۃِ اللّٰہِ تَعَالٰی وَ وَسْوَسَتِکَ અલ્લાહની નાફર્માની તરફ તારા આમંત્રણ અને વસવસાથી.

નબંર ૬ અને ૭ ની તફસીરમાં રમત ગમત, ખેલકૂદ, ગાયનો, વાજિંત્રો અને બીજા પ્રકારની વસ્તુઓ સમાય જાય છે, એટલે ઉપરોક્ત તફસીરોની વિરૂધ્ધ નથી, જેમ કે ઈબ્ને કય્યિમે ખુલાસો આપ્યો.

**(૮)** તફસીરે રૂહુલ બયાન, ભાગ–૫, પેજ–૧૮૦ હઝરત ઈસ્માઈલ હક્કી ઉપરોક્ત આયતની તફસીરમાં ફર્માવે છે:– بِصَوْتِکَ ۔ بِوَسْوَسَتِکَ وَدُعَائِکَ اِلَی الشَّرِّ وَ الْمَعْصِیَۃِ તારા વસવસા અને બુરાઈ તથા નાફર્માની તરફ તારા આમંત્રણથી આગળ ફર્માવે છે કે અલ્લાહની નાફર્માનીનું આમંત્રણ આપનાર દરેક શૈતાનનું લશ્કર અને એનું સૈન્ય છે.

ઈમામ ઝાહેદીએ હઝરત ઈબ્ને અબ્બાસથી નકલ કર્યું છે કે જે અવાજ પણ મોઢામાંથી અલ્લાહની ખુશી માટે ન નીકળે તે શૈતાનનો અવાજ છે.

હઝરત મુજાહિદે ફર્માવ્યું ગાવાથી અને વાજિંત્રોથી, ગાવાવાળાઓ અને વાજિંત્રો વગાડનારાઓ ઈબ્લીસની જમાઅતમાંથી છે. મઝામીર મિઝમારનું બહુવચન છે એક પ્રકારનું (વાંસળી) વાજિંત્ર છે અને ફર્માવે છે અને શક્ય છે મતલબ ગાવાના દરેક પ્રકારના لَعَلَّ الْمَرَادَ اٰلَاتُ الْغِنَاءِ کُلُّھَا تَغْلِیْبًا વાજિંત્રો હોય એનો વધારે ઉપયોગ છે એટલો એનો ઉલ્લેખ છે.

**(૯)** તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૩, પેજ–૭૦ માં હાફિઝ ઈબ્ને કષીર લખે છે : તારા અવાજથી કહેવામાં આવ્યું કે એનો મતલબ ગાવું છે. بِصَوْتِکَ ۔ قِیْلَ ھُوَ الْغِنَاءُ અને ફર્માવ્યું હઝરત મુજાહિદે રમતગ ગમત અને ગાયન કહ્યું છે, અને ઈબ્ને અબ્બાસનું ફર્માન છે : દરેક આમંત્રણ આપનાર જે અલ્લાહની નાફર્માની તરફ આમંત્રણ આપે.

**(૧૦)** તફસીરે ખાઝિન, ભાગ–૪, પેજ–૧૬૭ હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું : એનો મતલબ છે અલ્લાહની નાફર્માની તરફ તારા આમંત્રણથી,





અલ્લાહની નાફર્માની તરફ બોલવનાર દરેક ઈબ્લીસની જમાત છે, અને કહેવામાં આવ્યું છે કે : اَرَادَ بِصَوْتِکَ الْغِنَاءَ وَ الْمَزَامِیْرَ وَ اللَّھْوَ وَ اللَّعِبَ તારા અવાજથી ગાવું, વાજિંત્રો અને રમત ગમતનો ઈરાદો કરવામાં આવ્યો છે.

**(૧૧)** તફસીરે મઆલિમુત્તંઝીલમાં ખાઝિન પ્રમાણે જ લખવામાં આવ્યું છે અને આટલો વધારો છે قَالَ مُجَاھِدٌ بِالْغِنَاءِ وَ الْمَزَامِیْرِ હઝરત મુજાહિદે ફર્માવ્યું કે અવાજનો મતલબ ગાવું અને વાજિંત્રો છે.

**(૧૨)** તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૪૧૮, હઝરત નઈમુદ્દીન સાહેબ અવાજની તફસીર કરતાં ફર્માવે છે, ''વસવસે ડાલ કર ઔર મઅ્સિયતકી તરફ બુલાકર, બાઝ ઉલમાને ફર્માયા કે મુરાદ ઉસસે ગાને બાજે લહવો લઈબકી આવાઝેં હંય, ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ સે મનકૂલ હય કે જો આવાઝ અલ્લાહ તઆલાકી મરઝી કે ખિલાફ મુંહસે નિકલે વો શૈતાની આવાઝ હય.

**(૧૩)** તફસીરે કબીર, ભાગ–૭, પેજ–૩૬૯ હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી ફર્માવે છે :–

صَوْتُہٗ دُعَاوُہٗ اِلٰی مَعْصِیَۃِ اللّٰہِ تَعَالٰی وَ قِیْلَ اَرَادَ
بِصَوْتِکَ الْغِنَاءَ وَ اللَّھْوَ وَ اللَّعِبَ

એનો અવાજ એનું અલ્લાહની નાફર્માની તરફ બોલાવવું અને કહેવામાં આવ્યું કે અવાજથી મુરાદ ગાવું, અને રમત ગમત છે.

**(૧૪)** તફસીરે જલાલૈન, ભાગ–૨, પેજ–૩૩૨ હઝરત જલાલુદ્દીન મહલ્લી તફસીર કરતાં ફર્માવે છે :–

بِصَوْتِکَ بِدُعَائِکَ بِالْغِنَاءِ وَ الْمَزَامِیْرِ وَ کُلِّ دَاعٍ اِلٰی مَعْصِیَّۃِ اللّٰہِ

તારા અવાજથી એટલે ગાયન વાજિંત્રોનાં તારા આમંત્રણથી અને ગુનાહના દરેક ઝરીયાથી.

**(૧૫)** સવાતેઉલ ઈલ્હામિયા, ભાગ–૧, પેજ–૩૫૬, અલ્લામા અબુલ ફૈઝ ફૈઝી લખે છે : بِصَوْتِکَ وَسْوَاسِکَ اَوْ سُمُوْدِکَ તારા અવાજથી એટલે તારા વસવસા અને તારા ગાવાથી.

**(૧૬)** તફસીરે હક્કાની, ભાગ–૩, પેજ–૧૬૬ ફર્માવે છે : અપની આવાઝસે ઉન્હેં ફુસલા લેના, શૈતાનકી આવાઝ દિલમેં બુરે ખયાલાત પેદા

કરના હય, બાઝ કહતે હંય જિસ કદર શહવતઅંગેઝ આવાઝેં હંય, રાગ, બાજા, ઔરતોં કે ઝેવરકી આવાઝ સબ શૈતાની આવાઝ હય.

**(૧૭)** તફસીરે હુસૈની, ભાગ–૧, પેજ–૪૪૩ અલ્લામા કાશેફી સાહેબ ફર્માવે છે : અપની આવાઝસે યા'ની બુરાઈ ઔર ફસાદ કે લિએ બુલાનેસે. ઔર કહા હય, શૈતાનકી આવાઝ ગાના બજાના હય. ઔર ઈમામ ઝાહેદી ઈબ્ને અબ્બાસસે નકલ કરતે હંય કે : જો આવાઝ ખુદાકી રઝામંદી કે ખિલાફ મુંહસે નિકલે વો શૈતાન કી આવાઝ હય.

**નોંધ** : સૂરએ બની ઈસ્રાઈલની ઉપરોક્ત આયત જેમાં શૈતાનને કહેવામાં આવ્યું છે કે તેઓમાંથી જેની ઉપર તું કાબૂ જમાવી લે તારા અવાજથી હટાવ, બેરાહ બનાવ. તો એમાં અવાજથી મતલબ શું છે તેને સાબિત કરવા અમે તમારી ખિદમતમાં તફસીરના સત્તર પૂરાવા રજુ કર્યા જેનાથી એ સ્પષ્ટ થયું કે **ગાયનો, રમત ગમત, અને વાજિંત્રો એવી ચીજ છે શૈતાન એનાથી માણસને ખુદા તઆલાના ઝિક્ર અને દીન તરફ ધ્યાન આપવાથી રોકી દે છે** અને એમાં વ્યસ્ત કરી માણસની મઝહબી અને ધાર્મિક લાઈફ અને જીવન નષ્ટ કરી છે, આ નુકસાન એટલું પ્રકાશિત છે કે કોઈ પણ મુસલમાન એનો અસ્વીકાર કરી શકતો નથી કેમ કે વર્તમાનકાળમાં એ કાર્યોથી મુસલમાનોને કેટલું નુકસાન થઈ રહ્યું છે. બલ્કે જોવા જઈએ તો મુસલમાનોની મહેનતની કમાઈનો મોટો જથ્થો ગાયનો અને મ્યુઝિકની કેસેટો ખરીદ કરવામાં જઈ રહ્યો છે. મને સારી રીતે ખબર છે કે હું જ્યારે અહીં પ્રેસ્ટન મસ્જિદે નૂરમાં ઈમામના સ્થાને આવ્યો અને મેં લોકોને ગાયનોનું નુકસાન અને એનો ઈસ્લામી હુકમ અઝાબો સાથે બતાવ્યો તો ઘણાં લોકોએ ગાયનો સાંભળવાનું છોડી આપ્યું, મેં કહ્યું કે તમારી એ કેસેટો બેકાર પડી છે એ તમારા કામની નથી અને હું અંતરથી એ જાણતો હતો કે વ્યસની માણસ એને જોઈને ફરી લલચાય શકે છે અને ફરી એ લતમાં જઈ શકે છે, તો તવો ગરમ છે હમણા રોટલી સેકી લેવી જોઈએ, મેં બીજા જુમ્આનાં દિવસે કહ્યું કે ભાઈઓ તમારા ગાયનોની કેસેટો બેકાર થઈ ગઈ, એવું કરશો કે આવતા જુમ્આના દિવસે દરેક વ્યક્તિ પોતાની પાસે જેટલી એવી કેસેટો હોય તેને થેલીમાં લઈ આવે, હું એ કેસેટો પર નઅતો ઉતારીશ અને બધાને મફત આપી દઈશ, તો ઘણી કેસેટો આવી, મેં એના પર નઅતો ઉતારીને જુમ્આમાં જ નમાઝીઓનેં વહેંચી આપી, અલ્હમ્દુલિલ્લાહ ! ગુનાહના હથિયારને મારા બયાને સવાબનો ઝરીયો બનાવી દીધો ! કહેવાનો





ભાવાર્થ એ છે કે શૈતાન દીનના માર્ગથી હટાવવાના ઘણા બધા ચોર દરવાજા રાખે છે પણ સર્વમાં સશક્ત ગાયનો, મ્યુઝિક, અને વાજિંત્રો છે, એનાથી એ લોકોને ગમે ત્યાં નચાવે છે. મુસલમાનોને મોટું નુકસાન એનાથી થઈ રહ્યું છે.

## ★ ધાર્મિક માણસોને દીનથી હટાવવાની ટ્રીક ! ★

ધાર્મિક લોકો દુનિયાનાં પ્રેમના ગાયનો સાંભળી શક્તા નથી, તો એમને મ્યુઝિકમાં સપડાવવા શું કરવું જોઈએ ?! તો શૈતાન દીનથી હટાવવામાં ઘણો જ અનુભવી છે, એણે ધાર્મિક લોકોનાં દિમાગમાં વાત પહોંચાડી કે તમે ધાર્મિક શાયરી ગાવ અને તેની સાથે વાજિંત્રોનો ઉપયોગ કરી લો તો તમને મજા આવી જશે ! અને તમારું દિલ વધારે લાગશે. આ ઝેર છે જેને ધાર્મિક શાયરીનાં મધમાં મેળવીને ખવડાવવા ઈચ્છી રહ્યો છે. અંતે શૈતાનનો એ દાવ પણ ચાલી ગયો અને એ પોતાના આ મકસદમાં પણ સફળ થઈ ગયો, ધાર્મિક મુસલમાનોમાં સમાઅના નામથી, ઈસ્લામિક શાયરીના નામથી ઈસ્લામ અને ધર્મના નામથી વાજિંત્રો લઈ આવ્યો અને મુસલમાનોમાં મ્યુઝિક સાથે કવ્વાલીઓ થવા લાગી, આરંભનું સ્વરૂપ તો સારું હશે પણ શૈતાન સારા લોકોને એક સાથે નથી ડૂબાડતો, ધીમે ધીમે ડૂબકીઓ આપીને તળીયે લઈ જાય છે, આમ સમાઅને ખરાબ કરતો કરતો એ હદે લઈ આવ્યો કે કવ્વાલોના મોઢા પર દાઢી ન હોય, સાથે કવ્વાલણ પણ આવે ! મુકાબલો પણ થાય, લોકો બૂમો પાડે, પૈસા ઉડાવે, ગાયનો ગઝલોની ઓફર પણ કરવામાં આવે અને અફસોસ એ કે એને જાઈઝ કહેવાડે ! કારેલું કડવું અને લીમડા પર ચઢયું ! ગાયનો સાંભળનાર અને દુનિયાની ફિલ્મોમાં તલ્લીન રહેનાર તો ગુનોહ કરે પણ ગુનાહને જાઈઝ અને હલાલ ન સમજે, હરામે હરામની હદમાં રાખીને જ કરે, પણ ધાર્મિક લોકોને મધમાં મેળવીને એવું ઝેર આપ્યું કે તેમણે તો મ્યુઝિક અને વાજિંત્રોને જાઈઝ સમજી લીધાં ! બલ્કે સવાબનું કામ સમજી લીધું અને ઈબાદત સમજીને એ કામો થવાં લાગ્યાં, ગાયનો સાંભળનાર તો કાલે તૌબા કરી લેશે, કારણ કે ગુનોહ ગુનોહ સમજીને કરે છે, પણ ધર્મ સાથે મેળવીને મ્યુઝિકને ઉપયોગમાં લાવનાર એને ગુનોહ નથી સમજતા ! એને સવાબ સમજે છે, નાજાઈઝ નથી કહેતા જાઈઝ કહે છે, ટાઈમની બરબાદી નથી કહેતા પણ એને જ ઈબાદત અને બંદગી કહે છે ! પછી એ તૌબા કેવી રીતે કરશે ? તેઓ શૈતાનથી બચવામાં જેટલા હોશિયાર હતા, એનાથી અધિક હોશિયાર શૈતાન એમની સાથે ખતરનાક રમત રમી

ગયો અને ધર્મના નામ પર હરામને એમના માટે ધર્મ બનાવી ગયો !

**આશ્ચર્યમાં નાખી ગયો શૈતાન**
**દુનિયાને દીન બનાવી ગયો શૈતાન**
**સૂફી સમજી ન શક્યો એની ચાલ**
**રમતને ઈબાદત બનાવી ગયો શૈતાન**
**ગાયનોનો શોખીન ગુનેગાર હતો પણ**
**તને તો ગુમરાહ બનાવી ગયો શૈતાન**
**તૌબાની ઉમ્મીદ કેવી રીતે કરું ઝાહિદ**
**તને તો ગુનો જ ભૂલાવી ગયો શૈતાન**
**કોને સારો કહું તને કે એને**
**ગુમરાહને બુરો બનાવી ગયો શૈતાન**

## ★ ત્રીજી આયત ★

اَفَمِنْ هٰذَا الْحَدِيْثِ تَعْجَبُوْنَ وَ تَضْحَكُوْنَ
وَلَا تَبْكُوْنَ وَ اَنْتُمْ سَامِدُوْنَ

"શું તમને આ વાતથી આશ્ચર્ય થાય છે ! હસો છો અને રડતા નથી અને તમે મસ્તી મારો છો." *(સૂરએ નજમ, આયત–૫૯, ૬૦, ૬૧)*

## ✪ તફસીર ✪

**(૧)** રૂહુલ મઆની, ભાગ–૨૭, પેજ–૭૨, ઈમામ અબૂ ઉબૈદા ફર્માવે છે કે હિમયરની ભાષામાં સોમૂદ ગાવાને કહેવામાં આવે છે, (એટલે આયત–૬૧ માં **સામિદૂન** છે એનો મતલબ થશે ગાવાવાળાઓ (ગાયકો).

**(૨)** બુખારી, ભાગ–૨, પેજ–૨૭૦, હઝરત ઈકરમાથી પણ આ રિવાયત છે. અબ્દુર્રઝ્ઝાક, બઝાર, ઈબ્ને જરીરે પણ એમનાથી રિવાયત કરી દે. *(મઆની)*

**(૩)** લિસાનુલ અરબી, ભાગ–૪, પેજ–૨૦૪, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે, આપ ફર્માવે છે કે :–





اَلسُّمُوْدُ اَلْغِنَاءُ لُغَۃُ حِمْيَرَ يُقَالُ اُسْمُدْ لَنَا غَنِّی لنا وَ
يَقَالُ لِلْقَيْنَۃِ اُسْمُدِيْنَا اَیْ اُلْهِيْنَا بِالْغِنَاءِ

"**સુમૂદ** એટલે ગાવું હિમયરની ભાષામાં **ઉસ્મૂદીકાના** કહેવામાં આવે તો મતલબ છે, અમારા માટે ગા ! અને કોઈ ગાયક સ્ત્રીને કહેવામાં આવે તો મતલબ થાય છે ગાયને અમને મસ્ત બનાવી દે.

**(૪)** રૂહુલ મઆની, ભાગ–૨૭, પેજ–૭૨, તફસીરે ઈબ્ને જરીર, ભાગ–૨૭, પેજ નં. ૪૩, ૪૪, સુનને બયહકી, ભાગ–૧૦, પેજ–૨૨૩ માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ સુમૂદની તફસીરમાં ફર્માવ્યું,–

هُوَ الْغِنَاءُ بِالْيَمَانِيَّۃِ وَكَانُوْا اِذَا سَمِعُوْا
الْقُرْاٰنَ غَنَوْا تَشَاغُلًا عَنْهُ

સુમૂદ યમાની ભાષામાં ગાવાને કહેવાય છે. મુશ્રિકો કુર્આનનો અવાજ સાંભળતા તો ગાયને ધ્યાન ફેરવી લેતા.

**(૫)** મજમઉ ઝઝવાઈ, ભાગ–૭, પેજ–૧૧૬ પર રિવાયત નકલ કરીને લખ્યું છે : رَوَاهُ الْبَزَّارُ وَرِجَالُہٗ رِجَالُ الصَّحِيْحِ બઝ્ઝારે એની રિવાયત કરી છે અને રિવાયત કરનાર લોકો (કાયદાના આધારે) સહીહ છે.

**(૬)** અરબી ભાષાના પ્રખ્યાત શબ્દકોષ મજહરતુલ લુગત, ભાગ–૨, પેજ–૨૫૬ માં છે : આ યમાની ભાષા છે, ભાષામાં સુમૂદનો અર્થ ગાવા સિવાય રમવું, ગાફિલ થવું અભિમાનથી માથુ ઉઠાવવું પણ આવે છે.

**(૭)** તફસીરે હુસૈન, ભાગ–૨, પેજ–૩૭૯ ઉપર હઝરત હુસૈન કાશેફી **સામિદૂન**ની તફસીરમાં ફર્માવે છે : તુમ ખેલાળી હો, યા ગાફિલ હો, યા ગાનેવાલે હો, કુફ્ફ઼ાર કુર્આન શરીફ પઢને કે વક્ત ગાતે બજાતે થે તા કે લોગ કુર્આન શરીફ સુનને સે બાઝ રહેં.

**(૮)** કન્ઝુલ ઈમાન તર્જુમાએ કુર્આન, અઝ : આ'લા હઝરત, પેજ–૭૬૪ ઉપર આ'લા હઝરતે આયત–૬૧ નો તર્જુમો કર્યો છે : "ઔર તુમ ખેલમેં પળે હો" રમત ગમતમાં લાગેલા છો. રમત ગમતનો શબ્દ દરેક પ્રકારને ઘેરી વળે એવો માયનો છે, ગાવું પણ એનો એક પ્રકાર છે, સારાંશ આલા હઝરતે એક શબ્દમાં બધી તફસીરો ભેગી કરી લીધી.

**(૯)** તફસીરે ખાઝિન, ભાગ–૭, પેજ–૨૭૧, હઝરત અલ્લામા અલાઉદ્દીન બગદાદી સામિદુનની તફસીરમાં ફર્માવે છે :–

لَاهُوْنَ غَافِلُوْنَ قَالَهُ ابْنُ عَبَّاسٍ وَعَنْهُ اَنَّ السُّمُوْدَ
هُوَ الْغِنَاءُ بِلُغَةِ اَهْلِ الْيَمَنِ ـ

લાહૂન વંચિત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, અને એમનાથી એ રિવાયત પણ છે કે સુમૂદ એટલે ગાયન ગાવું યમનવાળાઓની ભાષામાં છે.

## ★ ઈમામ બુગવી ★

**(૧૦)** તફસીરે મઆલિમુત્તંઝીલ, ભાગ–૭, પેજ–૨૭૧ ઉપર ઈમામ બુગવી ફર્માવે છે : اَلسُّمُوْدُ اَلْغَفْلَةُ عَنِ الشَّيْئِ وَ اللَّهْوِ સુમૂદ કશાથી ગાફિલ થઈ જવાને કહેવામાં આવે છે અને રમત ગમતને પણ કહેવામાં આવે છે.

## ★ હાફિઝ ઈબ્ને કષીર ★

**(૧૧)** તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૪, પેજ–૩૩૨ ઉપર હઝરત હાફિઝ ઈબ્ને કષીર ફર્માવે છે : હઝરત સુફયાન ષૌરીએ એમના પિતાથી અને એમણે હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી, આપે ફર્માવ્યું :–

اَلْغِنَاءُ هِيَ يَمَانِيَّةٌ اُسْمُدْلَنَاغِنْ لَنَا وَكَذَاقَالَ عِكْرَمَةُ

સુમૂદ યમાની ભાષામાં ગાવું છે. **ઉસ્મૂદ લના** એટલે અમારા માટે ગા, અને હઝરત ઈકરમાએ પણ આ પ્રમાણે જ ફર્માવ્યું છે.

(૧૨) તફસીરે જલાલૈન બહવાલા સાવી, ભાગ–૪, પેજ–૧૩૭ ઉપર અલ્લામા સિયૂતી સામિદૂનની તફસીરમાં ફર્માવે છે :–

لَاهُوْنَ غَافِلُوْنَ عَمَّا يُطْلَبُ مِنْكُمْ

"લાહૂન એટલે તમારાથી થયેલ માંગથી વંચિત રહેવું."

## ★ હઝરત ઈસ્માઈલ હક્કી ★

**(૧૩)** તફસીરે રૂહુલ બયાન, ભાગ–૯, પેજ–૨૬૦ હઝરતે ઈસ્માઈલ હક્કી رحمة الله عليه સામિદૂનની તફસીરમાં ફર્માવે છે :–





مُغَنُّوْنَ لِتَشْغِلُوا النَّاسَ عَنْ اِسْتِمَاعِهٖ
مِنَ السُّمُوْدِ بِمَعْنَى الْغِنَاءِ عَلٰى لُغَةِ حِمْيَرَ

ગાયનો લોકોને એના (કુર્આન) સાંભળવાથી અલગ કરે, સુમૂદ ગાવાના અર્થમાં હિમયરની ભાષામાં છે. કાફિરો જ્યારે કુર્આન સાંભળતા તો ગાયન અને મસ્તી લઈ આવતા કે એને સાંભળવાથી અલિપ્ત રહે.

**નોંધ** : સૂરએ નજમની આયત નંબર ૬૧ થી સાબિત થયું કે કાફિર લોકો કુર્આન શરીફથી રોકવા અને એની તરફ કોઈનું ધ્યાન કેન્દ્રિત ન થવા દેવા માટે ગાયનોનો સહારો લેતા, અને રમત ગમતની વાતો કરી લોકોને એનાથી ગાફિલ કરી દેતા, તો સ્પષ્ટ થયું જે વસ્તુ દીનથી નિરુત્સાહ કરે, કુર્આન અને દીનની તા'લીમ તરફ ધ્યાન ન આપવા દે એમાં રુકાવટ બની જાય એવાં કામો મુસલમાનમાં નથી થઈ શકતાં, અને એના પર પુરાવા રજૂ કરવામાં આવ્યા જેનાથી જાણવા મળ્યું કે રમત ગમત, મસ્તી અને ગાયનો ગાવાં અલ્લાહ તઆલાની પસંદનાં કામ નથી. અને જે કામો પસંદનાં ન હોય તેને પસંદપાત્ર સમજીને દીન સમજીને ઉપયોગમાં નથી લાવી શકતા. દીનનો શોખ કાઢવો, દુનિયામાં વ્યસ્ત કરવું, રમત ગમતમાં લગાડવું, કુર્આન અને હદીષથી અલગ કરવું, પછી ગમે તે વસ્તુથી હોય, એ કામો મુસલમાનનાં નથી, કાફિરના છે. પછી મુસલમાને એ કામો ન કરવા જોઈએ અને ન એવા કામો કરનારને સાથ આપવો જોઈએ.

## ★ ચોથી આયત ★

لَا يَشْهَدُوْنَ الزُّوْرَ وَاِذَا مَرُّوْا بِاللَّغْوِ مَرُّوْا كِرَامًا તેઓ ગાવા પર હાજરી નથી આપતા અને જ્યારે બેકારથી પસાર થાય છે તો ઈજ્જત બચાવી પસાર થઈ જાય છે.

## ✪ તફસીર ✪

**(૧)** તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૫૨૯ ઉપર હઝરત નઈમુદ્દીન સાહેબ આયતની તફસીરમાં ફર્માવે છે : "અપને આપકો લહ્‌વો બાતિલસે મુલવ્વિસ નહીં હોને દેતે, ઐસી મજાલિસસે એઅ્‌રાઝ કરતે હય.

(કુર્આનમાં આ આયતની ઉપર ઘણી બધી આયતો છે અને પછી પણ છે જેનાથી અલ્લાહ તઆલાએ પોતાની બારગાહના પ્યારા બંદાઓનાં વખાણ કર્યાં છે, વખાણનાં કામોમાંથી એક કામ એ છે કે તેઓ રમત ગમત, હંસી મજાક, મ્યુઝિક, વાજિંત્રો અને ગાયનો વગેરે કામો જેમાં મુસલમાનના વ્યસ્ત થવાથી ધાર્મિક વર્તુળમાં એની ઈજ્જત રહેતી નથી એવાં કામોથી એ લોકો પોતાને દૂર રાખે છે. તો સ્પષ્ટ થયું એવા કામો અલ્લાહને પસંદ નથી, અને નાપસંદ કામોથી અલ્લાહની યાદ નથી થઈ શકતી, જેથી અલ્લાહના પ્યારા અને પ્રિય બંદાઓએ પોતાને એ પ્રકારનાં કામોથી બચાવવા જોઈએ.)

**(૨)** કફ્ફુર્રિઆમાં હઝરત ઈબ્ને હજર મક્કીએ હઝરત મુહમ્મદ બિન હનફિયા અને હઝરત મુજાહિદથી રિવાયત કરી છે કે એમણે **"ઝૂર"**ની તફસીર ગાવું કરી છે. اِنَّ الْمُرَادَ بِالزُّوْرِ الْغِنَاءُ ઝૂરનો મતલબ ગાવું છે.

**(૩)** તફસીરે દુર્રે મન્ષૂર, ભાગ–૫, પેજ–૮૦ ઉપર હઝરત જલાલુદ્દીન સિયૂતીએ હઝરત હસન બસરી અને હઝરત અબૂ જોહાકથી રિવાયત કરી છે કે ઝૂરનો મતલબ ગાવું છે, આયતનો મતલબ છે (રહમાનના બંદાઓ) ગાયનોની મેહફિલ (સભા)માં હાજરી નથી આપતા.

**(૪)** રૂહુલ મઆની, ભાગ–૧૯, પેજ–૫૧ અલ્લામા આલૂસીએ હઝરત મુજાહિદ હઝરત, મુહમ્મદ બિન હનફિયા અને હસન બસરીથી રિવાયત કરી છે, અને હઝરત ઈકરમાથી રિવાયત કરતાં લખે છે કે ઝૂરનો મતલબ રમત ગમત છે. (રમત ગમત એવી તફસીર છે જેમાં ગાવું, રમવું, વાજિંત્રોનો ઉપયોગ કરવો બધું જ આવી જાય છે એટલે આ ઉત્તમ તફસીર છે.)

**(૫)** અલ્લામા આલૂસી રૂહુલ મઆનીમાં, ભાગ–૧૯, પેજ–૫૧ ફર્માવે છે : એવું થઈ શકે છે કે ઝૂરનો એવો અર્થ લેવામાં આવે જે હક્કથી હટાવનાર દરેક બેકારને ઘેરી વળે, એટલે કે مِنَ الشِّرْكِ وَالْكِذْبِ وَالْغِنَاءِ وَالنِّيَاحَةِ وَنَحْوِهَا શિર્ક, જૂઠ, ગાયન, માતમ વગેરે.

## ★ હઝરત અબૂબક્ર જસ્સાસની તફસીર ★

**(૬)** અહકામુલ કુર્આન, ભાગ–૩, પેજ–૪૨૭ ઉપર ઈમામ અબૂબક્ર જસ્સાસ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફાથી ઝૂરની રિવાયત નકલ કરતાં ફર્માવે છે કે ઝૂરનો મતલબ ગાવું છે. عَنْ اَبِىْ حَنِيْفَةَ الزُّوْرُ اَلْغِنَاءُ





## ★ હઝરત મહમૂદ આલૂસીની તફસીર ★

**(૭)** રૂહુલ મઆનીમાં અલ્લામા આલૂસી મરરૂ બિલ્ગવિની તફસીર કરતાં લખે છે લગ્વનો મતલબ પણ ઝૂર લેવામાં આવે અને ઝૂરને બાતિલના અર્થમાં લેવામાં આવે. જો હક્કથી હટાવનાર હોય તો ઝૂર છે અને ધ્યાન આપવા લાયક ન હોય તો એને લગ્વ કહેવામાં આવશે.

اَلَّذِيْنَ لَايَحْضُرُوْنَ الْبَاطِلَ وَاِذَامَرُّوْا بِهٖ
عَلٰى طَرِيْقِ الْاِتِّفَاقِ اَعْرَضُوْا عَنْهُ

તેઓ બેકાર પર હાજરી નથી આપતા, જો જોગાનુજોગ ત્યાંથી પસાર થાય તો મોઢું ફેરવી લે છે.

**(૮)** તફસીરે ઈબ્ને જરીર, ભાગ–૧૯, પેજ–૨૯ માં છે : બધી તફસીરોમાં ઉત્તમ એ છે કે આમ કહેવામાં આવે કે તેઓ કોઈ પણ બેકારમાં હાજરી નથી આપતા, لَاشِرْكًاوَّلَاغِنَاءً وَلَا كِذْبًاوَلَاغَيْرَهٗ وَكُلَّ مَالَزِمَهٗ اِسْمُ الزُّوْرِ ન શિર્કમાં, ન ગાવામાં, ન જૂઠમાં, અને ન બીજા કશામાં (એનાથી સંબંધિત હોય) અને ન એમાં જેને ઝૂરનું નામ આપી શકાય.

**(૯)** રૂહુલ મઆનીમાં છે : ઈબ્ને અસાકિરે ઈબ્રાહીમ બિન મયસરાથી રિવાયત કરી. એમને એ ખબર પહોંચી કે અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ ખેલ (રમ્બ) પાસેથી મોઢું ફેરવીને પસાર થઈ ગયા અને ઉભા ન રહ્યા, તો નબીએ પાક صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું : مَرَّ بِلَهْوٍ مُعْرِضًاوَلَمْ يَقِفْ ઈબ્ને મસઊદે બાઈજ્જત સવાર અને સાંજ કરી. ત્યાર પછી ઈબ્રાહીમ બિન મયસરાએ ઉપરોક્ત આયતની તિલાવત કરી.

**(૧૦)** તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૩, પેજ–૪૩૯માં ઉપરોક્ત રિવાયત પણ છે અને ઝૂરની તફસીરમાં ફર્માવ્યું :–

اَلْكِذْبَ وَالْفِسْقَ وَالْكُفْرَ وَاللَّغْوَ وَالْبَاطِلَ જૂઠ, ગુનાહનું કામ, કુફ્ર, બેકાર, અને બેફાયદા. અને પછી હઝરત મુહમ્મદ બિન હનફિયાની રિવાયતથી ફર્માવ્યું કે ઝૂર એટલે બેકાર, અને ગાવું છે.

## ★ હઝરત ઈસ્માઈલ હક્કીની તફસીર ★

**(૧૧)** તફસીરે રૂહુલ બયાન, ભાગ–૬, પેજ–૨૫૦ માં હઝરત

ઈસ્માઈલ હક્કીએ કશ્ફુલ અસરારના પુરાવાથી એક રિવાયત નકલ કરી કે હઝરત મુહમ્મદ બિન મુનકદિરે ફર્માવ્યું :–

اَيْنَ الَّذِيْنَ يُنَزِّهُوْنَ اَنْفُسَهُمْ وَاَسْمَاعَهُمْ عَنِ اللَّهْوِ وَمَزَامِيْرِ
الشَّيْطَانِ اَدْخِلُوْهُمْ رِيَاضَ الْمِسْكِ

મને ખબર પહોંચી અલ્લાહ તઆલા કિયામતના દિવસે ફર્માવશે તે લોકો ક્યાં છે ? જેઓ પોતાને અને **પોતાના કાનોને ખેલ અને શૈતાનના વાજિંત્રોથી બચાવતા હતા એમને મુશ્કના બાગોમાં દાખલ કરો.**

પછી અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવશે :–

اَسْمِعُوْا عِبَادِىْ تَحْمِيْدِىْ وَثَنَائِىْ وَتَمْجِيْدِىْ وَاَخْبِرُوْهُمْ
اَنَّ الدُّفُوْفَ عَلَيْهِمْ وَلَاهُمْ يَحْزَنُوْنَ

મારા બંદાઓને મારા વખાણ, મારી તારીફ, મારી બુઝુર્ગી સંભળાવો અને એમને ખબર આપો કે એમના માટે કોઈ ડર નથી અને તેઓ ચિંતિત થશે નહીં. (એમની સાથે દરેક પ્રકારની ભલાઈ કરવામાં આવશે અને અઝાબ આપવામાં નહીં આવે.) (રિવાયતથી જાણવા મળ્યું કે રમત ગમત અને વાજિંત્રો અલ્લાહની પસંદનાં કામો નથી.

## ★ હઝરત હુસૈન કાશેફીની તફસીર ★

**(૧૨)** તફસીરે હુસૈની, ભાગ–૨, પેજ–૧૨૮ હઝરત અલ્લામા હુસૈન કાશેફી પોતાની તફસીરમાં ઉપરોક્ત આયતની તફસીર કરતાં ફર્માવે છે : તેઓ ઝૂરમાં હાજરી નથી આપતા એટલે કે યહૂદો નસારા ઔર મુશ્રિકીન કે મેલોં ઠેલોંમેં, યા ઉનકે ખેલ તમાશોમેં (થિયેટર, સીનેમા, નાટક, ડ્રામા, મ્યુઝિક પાર્ટી, ગાયનોની સભા, નાચગાન વગેરે) યા નાચગાને બાજે કે જલસોંમેં, યા બિદઅતીયોં કે જલસોં મેં શરીક નહીં હોતે. (મતલબ એ કે અલ્લાહ તઆલા એ જે બંદાઓની તા'રીફ અને વખાણ કર્યા તેઓ ઉપરોક્ત પ્રકારની સભાઓમાં નથી જતા, અને જે આમ કરે તે વખાણના લાયક છે અને જે આમ ન કરે તે અલ્લાહની બારગાહમાં બેઈજ્જત છે. સ્પષ્ટ થયું કે એ સભાઓ (મજલિસો) નાજાઈઝ અને હરામ છે.

## ★ હઝરત ફખ્રુદ્દીન રાઝીની તફસીર ★

**(૧૩)** તફસીરે કબીર, ભાગ–૮, પેજ–૪૮૫ ઉપર હઝરત ઈમામ





ફખ્રુદ્દીન રાઝીએ હઝરત મુહમ્મદ બિન હનફિયાની રિવાયત નકલ કરી અને કહ્યું, આપનું ફર્માન છે કે : اَلزُّوْرُ اَلْغِنَاءُ ઝૂરનો મતલબ ગાવું છે. (એટલે ગાવાની સભા) અને પોતે આયતમાં લગ્વનો શબ્દ આવ્યો છે તેની તફસીરમાં લખે છે કે ઉત્તમ એ છે કે એનો મતલબ દરેક તે ચીજ વસ્તુ જેને છોડી દેવી અને જેનાથી તે અલગ થવું વાજિબ છે.

**(૧૪)** તફસીરે ખાઝિન, ભાગ–૬, પેજ–૧૧૦ માં ફર્માવે છે કે :– اَلزُّوْرُ اَللَّهْوُ وَاللَّعِبُ اَلْغِنَاءُ ઝૂર એટલે રમત ગમત અને ગાવું છે. અને લગ્વની તફસીર એ જ કરી છે જે ઈમામે રાઝીએ કરી છે.

**(૧૫)** તફસીરે હક્કાની ભાગ–૩, પેજ–૪૨૩, ફર્માવે છે : ઝૂરસે હર નાઝૈબા મજલિસ ભી મુરાદ હો સકતી હય જો ખિલાફે શરઅ શરીફ હો, જૈસા કે નાચ રંગકી મજલિસેં ઔર ખેલ તમાશોં કે મજામિઅ (મેળાઓ) ઈસી તરહ કુફ્ફારો મુશ્રેકીનો મુબતદેઈન કે મેલે ઔર ત્યોં હારઉન સબસે ઈજતેનાબ (બચના) કરતા ઈબાદુર્રહમાન (રહમાનના બંદાઓ)કી શાય હય.

**(૧૬)** સવાતિઉલ ઈલ્હામિયા, ભાગ–૨, પેજ–૭૬, આયતમાં લગ્વનો શબ્દ છે એની તફસીર કરતાં ફૈઝી સાહેબ ફર્માવે છે :–

اَهْلُ اللَّهْوِ وَالْمِرَاءِ الْحَرَاءِ لِلطَّرْحِ كَلَامًا اَوْ مَاسِوَاهُ વાતો અથવા બીજા કશાથી લિજ્જત લેવા ખેલકૂદ અને રમત ગમત કરનારાઓ.

## ★ હઝરત જલાલુદ્દીન સિયૂતીની તફસીર ★

**(૧૭)** તફસીરે જલાલૈનમાં હઝરત જલાલુદ્દીન સિયૂતીએ ઝૂરની તફસીર કિઝબ અને બાતિલથી કરી, એટલે જૂઠ અને બેકાર અને લગ્વની તફસીર ખરાબ કલામ અને ખરાબ કામથી કરી છે. *(જલાલૈન, ભાગ–૩, પેજ–૧૫૬)*

**નોંધ** : ઉપરોક્ત આયત પર ૧૭ હવાલાઓ અને પુરાવાઓ રજુ કરવામાં આવ્યા જેનાથી એ સ્પષ્ટ થયું કે ગાવાની સભાઓ અને દરેક તે સભા જે ઈસ્લામ વિરૂધ્ધની હોય એમાં જવું જાઈઝ નથી. એથી દરેક મજલિસ અને સભાનું મુસલમાને આયોજન કરવું નહીં અને એવી સભા તથા સભાવાળાઓનો બોયકોટ કરવો જોઈએ.

## ★ હઝરત શિહાબુદ્દીન સુહરવર્દીની તફસીર ★

**(૧૮)** અવારિફુલ મઆરિફ, પેજ–૨૨૩, હઝરત શિહાબુદ્દીન સુહરવર્દી ઉપરોક્ત આયતોની તફસીર રાવીઓથી નકલ કરતાં લખે છે : **લહવલ હદીષ** બાબત હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદનું કહેવું છે કે એ રાગ અને એનું સાંભળવું છે. અને **સામિદૂન**ની તફસીરમાં ફર્માવ્યું તેમ ગાવાવાળાઓ છે ! હઝરત ઈકરમાએ અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત કરી છે કે **સુમૂદ** હિમયરની ભાષામાં રાગ છે, યમનવાળાઓ બોલે છે "સમદા ફોલાનુન" જ્યારે એણે ગાયન ગાયું હોય. અને **સોત**ની તફસીરમાં મુજાહિદે ફર્માવ્યું : એ રાગ અને મઝામીર (વાજિંત્રો) છે, અને નબીએ પાકનું ફર્માન છે કે ઈબ્લીસે પ્રથમ માતમ કર્યું અને પ્રથમ ગાયન ગાયું.

## રમત ગમત તથા ખેલકૂદ અને કુર્આન

### ★ આયત નં. : ૧ ★

وَلَئِنْ سَأَلْتَهُمْ لَيَقُولُنَّ إِنَّمَا كُنَّا نَخُوضُ وَنَلْعَبُ

"અને જો તમે એમને પૂછો તો જરૂરથી કહેશે અમે તો આમ જ મસ્તી અને રમત કરતા હતા." *(સૂરએ તૌબા, આયત–૬૫)*

### ★ આયત નં. : ૨ ★

فَذَرْهُمْ يَخُوضُوا وَيَلْعَبُوا حَتَّىٰ يُلَاقُوا يَوْمَهُمُ الَّذِي يُوعَدُونَ

"તમે એમને છોડો કે બેકાર વાતો કરે અને રમે એટલે સુધી કે પોતાનો તે દિવસ પામે જેનો એમનાથી વાયદો છે." *(સૂરએ ઝુખરૂફ, આ. ૮૩)*

### ★ આયત નં. : 3 ★

આ જ આયત, સૂરએ મઆરિજ, આયત–૪૨.

### ★ આયત નં. : ૪ ★

قُلِ اللَّهُ ثُمَّ ذَرْهُمْ فِي خَوْضِهِمْ يَلْعَبُونَ

"કહો અલ્લાહ પછી એમને છોડી આપો પોતાની મસ્તીમાં રમે."





### ★ આયત નં. : ૫ ★

أَوَأَمِنَ أَهْلُ الْقُرَىٰ أَن يَأْتِيَهُم بَأْسُنَا ضُحًى وَهُمْ يَلْعَبُونَ

"અથવા વસ્તીવાળાઓને બીક નથી લાગતી કે દિવસ નીકળે એમની ઉપર અમારો અઝાબ આવી પડે અને તેઓ રમત રમી રહ્યા હોય." *(સૂ. આ'રાફ, આ.૯૮)*

### ★ આયત નં. : ૬ ★

مَا يَأْتِيهِم مِّن ذِكْرٍ مِّن رَّبِّهِم مُّحْدَثٍ إِلَّا اسْتَمَعُوهُ
وَهُمْ يَلْعَبُونَ لَاهِيَةً قُلُوبُهُمْ

"જ્યારે એમના રબ પાસેથી એમને કોઈ શિખામણ આપે છે તો એને નથી સાંભળતા મગર રમતા એમના દિલ રમવામાં પડેલા છે." *(અંબિયા, આ. ૨)*

### ★ આયત નં. : ૭ ★

بَلْ هُمْ فِي شَكٍّ يَلْعَبُونَ

"બલ્કે તેઓ શંકામાં રહી રમી રહ્યા છે." *(સૂ. દુખાન, આ. ૯)*

### ★ આયત નં. : ૮ ★

فَوَيْلٌ يَوْمَئِذٍ لِّلْمُكَذِّبِينَ الَّذِينَ فِي خَوْضٍ يَلْعَبُونَ

"તો એ દિવસે ન માનવાવાળાઓની ખરાબી છે જેઓ તલ્લીન થઈને રમી રહ્યા છે." *(સૂરએ તૂર, આ. ૧૨)*

### ★ આયત નં. : ૯ ★

وَمَا الْحَيَاةُ الدُّنْيَا إِلَّا لَعِبٌ وَلَهْوٌ وَالدَّارُ
الْآخِرَةُ خَيْرٌ لِّلَّذِينَ يَتَّقُونَ أَفَلَا تَعْقِلُونَ

" દુનિયાનું જીવન માત્ર રમત ગમત છે અને આખેરતનું ઘર ઉત્તમ પરહેઝગારો માટે તો શું તમને સમજ નથી." *(સૂરએ અનૂઆમ, આ. ૩૨)*

### ★ આયત નં. : ૧૦ ★

(દીન અને ધર્મ છોડીને જે કંઈ છે તે રમત ગમત છે.)

وَمَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا لَهْوٌ وَّلَعِبٌ وَّاِنَّ الدَّارَ الْاٰخِرَةَ
لَهِىَ الْحَيَوَانُ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ

"આ દુનિયાનું જીવન તો રમતગ ગમત જ છે અને આખેરતનું ઘર તો વાસ્તવમાં એ જ જીવન છે, જાણી જતે તો સારું." *(અનકબૂત, આ. ૬૪)*

**★ આયત નં. : ૧૧ ★**

اِنَّمَا الْحَيٰوةُ الدُّنْيَا لَعِبٌ وَّلَهْوٌ

"દુનિયાનું જીવન તો રમત ગમત જ છે." *(સૂરએ મુહમ્મદ, આ. ૩૬)*

**★ આયત નં. : ૧૨ ★**

اِعْلَمُوْٓا اَنَّمَا الْحَيٰوةُ الدُّنْيَا لَعِبٌ وَّلَهْوٌ وَّزِيْنَةٌ وَّتَفَاخُرٌ
وَّتَكَاثُرٌ فِى الْاَمْوَالِ وَالْاَوْلَادِ

"જાણી લો ! દુનિયાનું જીવન તો માત્ર રમત ગમત, શણગાર, મોટાઈ મારવી અને માલ અને ઓલાદમાં વધારો ઈચ્છવો છે."

**★ આયત નં. : ૧૩ ★**

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَكُمْ هُزُوًا وَّ
لَعِبًا مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَالْكُفَّارَ اَوْلِيَآءَ

"અય ઈમાનવાળાઓ ! જેમણે પોતાનો ધર્મ મસ્તી મજાક અને રમત બનાવ્યો જે તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવ્યા અને કાફિર, તેઓ પૈકી કોઈને પોતાનો દોસ્ત ન બનાવો." *(સૂરએ માઈદા, આ. ૫૭)*

**★ આયત નં. : ૧૪ ★**

وَاِذَا نَادَيْتُمْ اِلَى الصَّلٰوةِ اتَّخَذُوْهَا هُزُوًا
وَّلَعِبًا ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ

"અને જ્યારે તમે નમાઝ માટે અઝાન આપો તો હંસી ખેલ બનાવે છે, આ એટલે જ કે તેઓ અક્કલ વિનાના છે." *(સૂરએ માઈદા, આ. ૫૮)*



ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !

**★ આયત નં. : ૧૫ ★**

وَذَرِ الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَهُمْ لَعِبًا وَّلَهْوًا وَّغَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا

"અને છોડી આપ તેઓને જેમણે પોતાનો ધર્મ રમત ગમત બનાવી લીધો, અને એમને દુનિયાના જીવને છેતર્યા."

**★ આયત નં. : ૧૬ ★**

وَمَا خَلَقْنَا السَّمَآءَ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ

"અને અમે આકાશ અને પૃથ્વી અને જે કંઈ એમાં છે બેકાર નથી બનાવ્યાં." *(અંબિયા, ૧૬)*

**★ આયત નં. : ૧૭ ★**

قَالُوْٓا اَجِئْتَنَا بِالْحَقِّ اَمْ اَنْتَ مِنَ اللّٰعِبِيْنَ

"બોલ્યા, તમે અમારી પાસે હક્ક લાવ્યા કે પછી તમે રમત રમો છો." *(અંબિયા, આ. ૫૫)*

**નોંધઃ** તમારી સમક્ષ કુર્આન શરીફની ૧૭ આયતો એ વર્ણન કરવામાં આવી જેમાં રમત ગમતનું વર્ણન છે, તર્જુમાથી તમે સમજી શકો છો કે કોઈ એક જગાએ પણ વખાણની જગાએ રમત ગમતનું વર્ણન થયું નથી બલ્કે ગફલત અને રમતને જાહેર કરવા અને બેકાર અને બેફાયદાથી હોશિયાર કરવા માટે થયું છે, કાફિર, મુશ્રિક, મુનાફિક, યહૂદી અને નસરાની વગેરે બેદીન લોકો માટે જ એનો ઉલ્લેખ થયો છે. જેનાથી એ જાણવા મળે છે કે ખેલકૂદ અને રમત ગમતને ઈસ્લામમાં કયું સ્થાન આપી શકાય છે. ખરાબ સભાઓ, અને રમત ગમતના કામો માણસને એમાં તલ્લીન કરી દીનનાં કામોથી હટાવી દે છે એટલે દીનથી બેરગબત અને કમનતા (ગફલત) દિલને કરે એવું કોઈ કામ કરવામાં નહીં આવે અને એવાં કામોની રજા પણ આપવામાં નહીં આવે એની ઉપર વધારે ઉલ્લેખ બીજા પ્રકરણમાં તમારી ખિદમતમાં રજુ કરીશું, હવે અમે તમને સહાબા અને મહાન બુઝુર્ગોનો કુર્આનની ઉપરોક્ત આયતો પર અમલ બનાવીએ છીએ જેનાથી સ્પષ્ટ થશે કે ગાવું અને વગાડવું ઈસ્લામમાં કેટલું બુરું અને ખરાબ છે.

# સહાબા અને પૂર્વજ બુઝુર્ગોનો અમલ

## ★ ઈબ્ને મસઊદનું કથન ★

**(૧)** તફસીરે રૂહુલ મઆની, ભાગ–૨૧, પેજ–૬૭, ઈબ્ને અબી દુન્યાએ અને બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને મસઊદથી તખરીજ કરી. આપ ફર્માવે છે : જે વ્યક્તિ બિસ્મિલ્લાહ શરીફ પઢયા વિના સવારી પર સવાર થાય છે તો શૈતાન એનો દોસ્ત બની જાય છે, અને એને ગાવાનું કહે છે અને જ્યારે એ સારું નથી ગાતો તો એના દિલમાં સાદ ગાવાની ઈચ્છા પેદા કરે છે. (મતલબ એ કે માણસના દિલમાં ગાવાની ઈચ્છાએ શૈતાનના વસવસાથી પેદા થાય છે એટલે માણસે એ શૈતાની કામથી બચવું જોઈએ, અને એનો તરીકો બિસ્મિલ્લાહ શરીફથી કામનો આરંભ છે.)

## ★ હઝરત કાસિમ બિન મુહમ્મદનું કથન ★

**(૨)** તફસીરે રૂહુલ, ભાગ–૨૧, પેજ–૬૮, અને સુનનુલ કુબ્રા, ભાગ–૧૦, પેજ–૨૨૪, હઝરત કાસિમ બિન મુહમ્મદને કોઈએ પૂછયું, કે ગાવાનો શું હુકમ છે ? આપે ફર્માવ્યું, હું તો ગાવાથી મનાઈ કરું છું. એ વ્યક્તિએ વિનંતિ કરી કે શું હરામ છે ? આપે ફર્માવ્યું, જુઓ ભત્રીજા ! અલ્લાહ તઆલા હક્ક અને બાતિલને અલગ અલગ કરશે તો ગાવાને કોની અંદર રાખશે ?

**(૩)** તફસીરે કરતબી, ભાગ–૧૪, પેજ. ૫૨ પર ઈમામ કરતબીએ કાસિમ બિન મુહમ્મદના શબ્દો આ પ્રમાણે રિવાયત કરેલા છે :–

اَلْغِنَاءُ بَاطِلٌ وَّ الْبَاطِلُ فِى النَّارِ

"ગાવું નાહક છે અને નાહક દોઝખમાં છે."

**(૪)** આપથી રૂહુલ મઆની, ભાગ–૨૧, પેજ–૬૮ માં આ રિવાયત પણ નકલ કરવામાં આવે છે, : لَعَنَ اللّٰهُ الْمُغَنِّىَ وَ الْمُغَنّٰى لَهٗ ગાવાવાળો અને જેના માટે ગાવામાં આવ્યું બંને પર અલ્લાહની લા'નત છે.

## ★ યઝીદ બિન વલીદનું કથન ★

**(૫)** રૂહુલ મઆની, ભાગ. ૨૧, પેજ–૨૮, ઉસ્માન લૈસી યઝીદ બિન





વલીદની વાત નકલ કરે છે, આપે ફર્માવ્યું : અય બની ઉમય્યા ! **તમે ગાવાથી બચો ! કારણ કે એ શરમ અને હયા ઓછી કરે છે, વાસનામાં વધારો કરે છે, સંસ્કારને નષ્ટ કરે છે, એ દારૂનો ભાગીદાર છે, નશાનું કામ કરે છે. જો તમે એનાથી બચી નથી શકતા તો સ્ત્રીઓને એનાથી દૂર રાખો એટલા માટે કે ગાવું ઝિનાનો ઝરીયો છે.**

## ★ હઝરત મુહદ્દિષ ઝહ્હાકનું કથન ★

**(૬)** ઉપરોક્ત વાતો મુહદ્દિષ જૌઝીએ ઈબ્લીસમાં પણ નકલ કરી છે, વધુમાં લખે છે કે મુહદ્દિષ ઝહ્હાકનું ફર્માન છે : ગાવું માલની બરબાદી, અલ્લાહની નારાઝગી અને દિલની ખરાબીનો ઝરીયો છે.

## ★ હઝરત ઉસ્માને ગનીનું કથન ★

**(૭)** અવારિફુલ મઆરિફ, પેજ–૧૮૮, ઈબ્ને માજા, પેજ–૨૭, હઝરત ઉસ્માન ફર્માવે છે :–

مَاغَنَّيْتُ وَلَاتَمَنَّيْتُ وَلَامَسَسْتُ بِذَكَرِىْ بَيَمِيْنِىْ

જ્યારથી મેં હુઝૂરથી બયઅત કરી છે નથી ગાયું, નથી જૂઠુ બોલ્યો, નથી પોતાની પેશાબની જગાને જમણા હાથથી પકડી.

## ★ હઝરત ઉમર ફારૂકે આ'ઝમનું કથન ★

**(૮)** ઈત્તેહાફ, ભાગ–૬, પેજ–૪૫૭ માં છે : એક વખત હઝરત ઉમર ફારૂકે આ'ઝમ એહરામમાં આવેલા લોકોની એક જમાઅત પાસેથી પસાર થયા, જોયું તો એમાં એક વ્યક્તિ બેસીને ગાય રહ્યો હતો અને બીજા સાંભળી રહ્યા હતા. આપે એમને સંબોધીને ફર્માવ્યું : اَلَا لَااَسْمَعَ اللّٰهُ لَكُمْ (બે વખત) અલ્લાહ તમને ક્યારેય પણ ન સંભળાવે.

(આ રિવાયતથી એવું જાણવા મળે છે કે તેઓ એહરામમાં હતા એટલે ખરાબ શાયરી તો નહીં જ ગાય રહ્યા હોય તો પણ આપને સારી શાયરી રાગથી ગાવી પસંદ ન હતી, એને પણ મકરૂહ સમજતાં હતા, અને એટલે આપે સખતીથી મનાઈ ન કરી.)

**(૯)** ઈહ્‌યાઉલ ઉલૂમ, ભાગ–૨, પેજ–૨૮૩ માં છે : હઝરત ઉમરના પ્રિય પુત્ર હઝરત અબ્દુલ્લાહનો પણ આવો જ બનાવ બન્યો તો એમણે પણ ઉપરોક્ત શબ્દો સંભળાવ્યા અને અણગમો પ્રગટ કરી.

## ★ જાબિર બિન અબદુલ્લાહનું કથન ★

**(૧૦)** ઉમ્દતુલ કારી, ભાગ–૩, પેજ–૩૫૯, દૈલમીના પુરાવાથી, હઝરત જાબિરનું ફર્માન છે :–

اَلْغِنَاءَ فَاِنَّهٗ مِنْ قِبَلِ اِبْلِیْسَ وَ

هُوَ شِرْکٌ عِنْدَ اللّٰهِ وَ لَا یُغَنِّیْ اِلَّا الشَّیْطَانُ

ગાવાથી બચો એટલે કે એ શૈતાન તરફથી છે. અલ્લાહની બારગાહમાં શિર્ક જેવું છે. એ શૈતાન જ ગાય છે. (જે પણ ગાય છે શૈતાનના વસવસાથી ગાય છે અને એ કામમાં શૈતાનનો મોટો દખલ છે, મુસલમાનોએ શૈતાનની દુશ્મનીમાં અને ઈસ્લામની મહોબ્બતમાં ઈસ્લામ પર રહી એની દુશ્મની પ્રગટ કરવી જાઈએ.) (એમણે ગાવાને શિર્ક જેવો ગુનોહ એટલા માટે કહ્યો કે એમને એ ઘણુ ખરાબ લાગે છે જેથી એની તુચ્છતાના બતાવવા એ શબ્દનો ઉપયોગ કર્યો.)

## ★ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનું કથન ★

**(૧૧)** બયહકી, ભાગ–૧૦, પેજ–૨૨૩, અદબુલ મુફરદ, શરહ સાથે ભાગ–૨, પેજ–૨૫૬ માં છે : એક વખત હઝરતે અબ્દુલ્લાહ બિન ઉમર એક નાની છોકરી પાસેથી પસાર થવા જે બેઠી બેઠી ગાય રહી હતી. આપે એને જોઈને ફર્માવ્યું : لَوْ تَرَکَ الشَّیْطَانُ اَحَدًا لَتَرَکَ هٰذِہٖ શૈતાન કોઈને છોડતો તો આને છોડતો ! (શૈતાન માણસની દુશ્મનીમાં એટલો ક્રોધિત્ છે કે એ કોઈને છોડવા માંગતો નથી, મોટા લોકોને તો સત્યતાથી હટાવવાની નિય્યતે જ વસવસો આવે છે, બાળકો પાસે અન્ય કામો કરાવી મોટેરાઓને એમાં દાખલ કરે છે.

નાના બાળકોને શરઈ જવાબદારીના વર્તુળમાં ન હોવાથી ગુનોહ થતો નથી, પણ એનો મતલબ એ નથી કે એમને એવાં કામો કરવા દેવામાં આવે બલ્કે લોકોએ બાળકોને પણ ખરાબ કામોથી રોકવાં જોઈએ, જેથી એમને તા'લીમ મળે કે આ પ્રકારનાં કામો ઈસ્લામના વર્તુળમાં સારાં નથી, છોડવા લાયક છે.)





## ★ હઝરત આઈશા સિદ્દીકાનું કથન ★

**(૧૨)** સુનનુલ કુબ્રા, બયહકી, ભાગ–૧૦, પેજ–૨૨૪ માં છે : એક વખત હઝરત આઈશા સિદ્દીકા પોતાના ભાઈના ઘરે ગઈ, જેમની અમુક છોકરીઓ કોઈ તકલીફમાં હતી. આપ છોકરીઓ પાસે ગઈ તો જોયું કે એમને ખુશ કરવા એક ગાવાવાળો ત્યાં છે જેના લાંબા લાંબા વાળ છે અને ઝુમી ઝુમીનો ગાય રહ્યો છે. હઝરત આઈશાએ તરત જ એને ઘરમાંથી બહાર કરવાનો હુકમ કર્યો. અને ફર્માવ્યું, اُفٍّ شَیْطَانٌ اَخْرِجُوْهُ اَخْرِجُوْهُ اَخْرِجُوْهُ અફસોસ ! આ તો શૈતાન છે એને કાઢો ! એને કાઢો ! એને કાઢો ! (હઝરત આઈશાના શબ્દોથી એ સમજી શકાય છે કે ગાવાવાળા પર આપે કેવો ક્રોધ પ્રગટ કર્યો કે એને શૈતાન કહીને ઘરમાંથી કઢાવ્યો. નબીની ખિદમતમાં પ્રિય પત્ની બનીને રહેનારનું આવું કડકાઈવાળુ લખાણ એ નથી બતાવતું કે આ તેમણે નબીથી શીખ્યું હતું ?)

## ★ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદનું કથન ★

**(૧૩)** અલ મતાલિબુલ આલિયા, ભાગ–૨, પેજ–૪૨, એક વ્યક્તિએ હઝરતે અબ્દુલ્લાહ બિન મસ્ઊદને વલીમાની દા'વત આપી, આપ પધાર્યા, જોયું કે ત્યાં ગાવા વગાડવાનો અવાજ સંભળાય છે, આપ દરવાજા પર ઉભા રહ્યા, પૂછવામાં આવ્યું ઉભા કેમ છો ?! આપે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહથી સાંભળ્યું છે કે જે કોઈ કોમની જમાઅતમાં વધારો કરે તે એમનામાંથી છે, અને જે કોઈ કોમના અમલથી રાજી થાય તે એઓના અમલમાં શરીક રહ્યો. (એટલે કે એવી જગાએ જવામાં ન આવે, નાજાઈઝ કામ કરનારાઓની સભામાં જવાથી સભાનો વધારો થાય છે, અને એનાથી કરનારાઓને મદદ મળે છે, એટલે હાજરી આપવાનું કામ પણ કરવામાં ન આવે. બીજું એ કે નાજાઈઝ કામ કરવામાં ન આવે પણ જેમના તરફથી થઈ રહ્યું છે તેમનાથી ખુશ થવામાં આવે તો એ પણ કરનાર જેવો જ છે, એટલે એ કામને સારું માનવામાં પણ ન આવે.

## ★ હઝરત સઈદ બિન મુસય્યિબનું કથન ★

**(૧૪)** મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ભાગ–૧૧, પેજ–૬ માં છે : હઝરત સઈદ બિન મુસય્યિબ ફર્માવે છે : اِنِّیْ لَاُبْغِضُ الْغِنَاءَ وَاُحِبُّ الرَّجَزَ હું

ગાવાથી નફરત કરું છુ અને યુધ્ધની શાયરી પસંદ કરું છું. (ઈસ્લામી સૈન્યને જુસ્સો અપાવે એવી શાયરીની રજા છે, પણ કોઈ કામ વિના ગાવામાં આવે તેને આપે નાપસંદ કર્યુ.)

## ★ હઝરત હસન બસરીનું કથન ★

**(૧૫)** મવાહિબુલ જલીલ, ભાગ–૪, પેજ–૮ માં યહ્યા બિન ઓસૈદ હઝરત હસન બસરી બાબત વર્ણવે છે કે, જ્યારે આપને કોઈ વલીમાની દા'વત માટે બોલાવવામાં આવતા તો દા'વત આપનારને પૂછતા કે ત્યાં સિતાર, ગિતાર તો વગાડવામાં નહીં આવે ? જો કહતો કે વગાડવામાં આવશે. તો ફર્માવતા, لا دعوه ولا نعمه عين એ કોઈ દા'વત નથી અને આ કોઈ નેઅમત નથી. (એટલે આપ દા'વતનો અસ્વીકાર કરતા અને કહેતા કે તમે જે કરી રહ્યા છે તે સુન્નત નથી, સુન્નત વિરૂધ્ધનું કામ છે, એ દા'વત સ્વીકારવી જરૂરી નથી.)

## ★ હઝરત ઈબ્રાહીમ નખઈનું કથન ★

**(૧૬)** તફસીરે સિરાજુલ મુનીર, ભાગ–૩, પેજ–૧૮૧ માં છે : હઝરત ઈબ્રાહીમ નખઈ (હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફાના ઉસ્તાદ) ફર્માવતા હતા કે اَلْغِنَاءُ يُنْبِتُ النِّفَاقَ فِى الْقَلْبِ ગાવું દિલમાં નિફાક ઉગાવે છે.

**(૧૭)** તફસીરે દુર્રે મનસૂર, ભાગ–૫, પેજ–૧૬૦, હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ જેમને ઉમરે ષાની કહેવામાં આવે છે, અને આપની ગણતરી ખુલફાએ રાશેદીનમાં કરવામાં આવે છે. આપ શરીઅત બાબત ઘણા સખત હતા, દીન બાબત ખોટી રીતે પોતાના ઘરવાળાઓ અને પબ્લિકને છૂટ ન આપી શકતા હતા, તેમની બાબત ઉપરોક્ત તફસીરમાં છે કે આપે પોતાના બે ફરઝંદોને પોતાના ઉસ્તાદ હઝરત સહલ પાસે પઢવા મોકલ્યા અને એમને પત્ર લખ્યો કે તમારા અદબમાંથી જે એમની પ્રથમ માન્યતા બને તે એ છે કે :–

بُغْضُ الْمَلَاهِى الَّتِىْ بِدْؤُهَا مِنَ الشَّيْطَانِ
وَعَاقِبَتُهَا سَخَطُ الرَّحْمٰنِ

વાજિંત્રોથી નફરત જેનો આરંભ શૈતાને કર્યો અને જેનું પરિણામ રહમાનની નારાઝગી છે. મને ઈલ્મવાળાઓમાંથી સશકત લોકો તરફથી જાણવા મળ્યું છે.





اِنَّ حُضُوْرَ الْمَعَازِفِ وَاِسْتِمَاعَ الْاَغَانِىْ
وَاللَّهْجَ بِهِمَا يُنْبِتُ النِّفَاقَ فِى الْقَلْبِ

વાજિંત્રોની સભામાં જવું અને ગાયનો સાંભળવાં અને એનો શોખ પ્રગટ કરવો દિલમાં નિફાક પેદા કરે છે, જેમ પાણી ઘાસ ઉગાવે છે. મારા પ્રાણની કસમ ! અક્કલવાળા માટે આવી જગાઓ પર ન જવું અને એની નહૂસતથી બચવું વધારે સરળ છે એનાથી કે દિલમાં નિફાક જામી જાય. (દિલમાં નિફાક આવવાથી એ કઠણ બની જાય છે, દીન અને ધર્મનો શોખ ઓછો થઈ જાય છે, ગુનાહ સરળ બની જાય છે. એટલે આપે ફર્માવ્યું કે એવી સભાઓથી પોતાને બચાવે જેથી દિલની દુનિયા ખરાબ ન થઈ જાય.)

**(૧૮)** તબકાતે ઈબ્ને સઅદ, ભાગ–૧૯, પેજ–૩૯૩ માં છે : આ ગેર અરબી લોક અન્ય વસ્તુઓને લઈને જેને શૈતાને એમની નજરમાં શણગાર આપ્યો દિલ બહેલાવતા હતા, પોતાના ત્યાંના મુસલમાનોને એનાથી રોકો ! મારા જીવનની કસમ ! એમના માટે સમય આવી ગયો કે એ છોડી આપે જ્યારે કે તેઓ અલ્લાહની કિતાબ પઢે છે.

فَازْجُرْ عَنْ ذٰلِكَ الْبَاطِلِ وَاللَّهْوِ مِنَ الْغِنَاءِ وَمَا اَشْبَهَهٗ

તો તમે એમને એવાં બેકાર કામો, રમત ગમત, ગાવા, વગાડવાથી રોકો, અને ન રોકાય તો હદમાં રહીને એમને સજા આપો.

(એટલે કે ઉપરોક્ત કામો મુસલમાનોનાં નથી ગેર મુસ્લિમોનાં છે, મુસલમાનોમાં એ કામો હોવાં ન જોઈએ, અને ન રોકાય તો સજા આપીને રોકવા જોઈએ.)

## ★ ફુઝૈલ બિન અયાઝનું કથન ★

અસમસનૂએ, પેજ–૯૫, હઝરત ફુઝૈલ બિન ઈયાઝ જેમને સૂફી સંતોના ઈમામ માનવામાં આવે છે, તેઓ ગાવા બાબતે પોતાની નફરતને આ શબ્દોમાં પ્રગટ કરે છે : اَلْغِنَاءُ رُقْيَةُ الزِّنَا "ગાવું ઝિના અને વ્યભિચારનું મંતર છે."

દુનિયાના પ્રેમ સંબંધિત ગીતો અને ગઝલો પુરૂષ ગાય તો સ્ત્રીઓમાં વાસનાઓ ઉપજે અને સ્ત્રીઓ ગાય તો પુરૂષોમાં હલચલ મચે, એટલે એવી

પ્રેમ જગાડનાર વાતો, અને એવી શાયરી, તેમજ એને રાગથી ગાવું બધું જ નાજાઈઝ છે, ઈસ્લામ સંબંધિત શાયરી, અથવા નબીઓ અને બુઝુર્ગોના વખાણવાળી શાયરીની રજા છે, પુરૂષો પુરૂષોથી સાંભળે અને સ્ત્રીઓ સ્ત્રીઓથી સાંભળે, **પણ સ્ત્રીઓનો અવાજ પુરૂષો સુધી પહોંચવો ન જોઈએ, સ્ત્રીઓની ના'તની કેસેટો હોય અથવા બયાનની મર્દોએ એનાથી બચવું જોઈએ, સ્ત્રીનો અવાજ પણ ઢાંકવાની વસ્તુ છે, તો એ ગેર મહરમ પુરૂષો પર જાહેર ન થાય, અને ગેર મહરમ કેસેટોથી પણ ન સાંભળે**, એટલે હઝરત ફુઝૈલ બિન ઈયાઝ رحمۃ اللہ علیہ થી ઉપરોક્ત રિવાયત નકલ કરવામાં આવી કે ગાવું ઝિનાનો મંતર છે કે એનાથી વાસનાઓ ઉપજે છે અને માણસ પછી એને પૂરી કરવાના દિલમાં ઈરાદા કરે તો દિલની ખરાબી થાય અને એ પૂરી કરવામાં નાજાઈઝ કોશિષ કરે તો શરીરના અવયવોનો ગુનોહ થાય, અને નાજાઈઝ તરીકાથી પૂરી જ કરી લે તો કોઈની ઈજ્જત પર હુમ્લો થાય અને ઝિના તથા વ્યભિચારનો વજૂદ થાય, જેનાથી ગુનોહ વજૂદમાં આવે તે કામોની રજા કેમ કરી આપી શકાય ? એટલે છે બુઝુર્ગોએ મનાઈ કરી અને શરીઅતમાં એને નાજાઈઝ અને હરામ કહેવામાં આવ્યું. જેનો વધુ ઉલ્લેખ સમાઅની શરતો અને તેનાં રહસ્યોના પ્રકરણમાં કરવામાં આવશે.

## ★ ઈમામે શાઅ્બીનું કથન ★

**(૨૦)** સુનને દારેમી, ભાગ–૧, પેજ–૪૫ માં છે : એક વ્યક્તિએ શાઅ્બીને એક પ્રશ્ન કર્યો, આપે ફર્માવ્યું, હઝરત ઈબ્ને મસ્ઊદ આ બાબતે આમ ફર્માવે છે. તેણે વિનંતિ કરી, આપ મને પોતાનું મંતવ્ય બતાવો ! ઈમામ શાઅ્બીએ ફર્માવ્યું, આશ્ચર્યની વાત છે કે હું એને હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદની વાત બતાવું છું અને એ મને મારું મંતવ્ય પૂછે છે ?! જ્યારે કે મને મારો ધર્મ અધિક પ્રિય છે. પછી ફર્માવ્યું :–

وَاللّٰہِ لَاَنْ اَتَغَنّٰی اَغْنِیَۃً اَحَبُّ اِلَیَّ مِنْ اَنْ اُخْبِرَکَ بِرَاْیِیْ

કસમ ખુદાની ! મારું, ગાયન ગાવું તને મારું મંતવ્ય બતાવવાથી અધિક પ્રિય છે.

(એટલે કે ગાવું પણ ગુનો છે અને ધર્મ બાબતે પોતાની ઈચ્છાએ દખલ આપવો પણ ગુનો છે, પણ ધર્મ બાબતે ખોટો દખલ ગાયનો ગાવાથી પણ





મોટો ગુનો છે. એટલે ઈમામ શાઅ્બીના ફર્માનથી ગાવું નાજાઈઝ છે એ સાબિત થયું.)

## ★ હસન બસરીનું કથન ★

**(૨૧)** બયહકી, ભાગ–૧૦, પેજ–૨૨૬ માં છે : એક વ્યક્તિ હઝરત હસન બસરી પાસે આવ્યો અને કહ્યું કે મારી પાસે એક દાસી છે એનો અવાજ ઘણો જ પ્યારો છે, જો હું એને ગાવાની તા'લીમ આપુ તો મારા માટે આવકનો ઝરીયો બની શકે છે, હઝરત હસન બસરીએ જવાબ આપ્યો કે, :–

کَانَ یَاْمُرُ اَھْلَہٗ بِالصَّلٰوۃِ وَالزَّکٰوۃِ وَکَانَ عِنْدَ رَبِّہٖ مَرْضِیًّا

બેશક ! હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم પોતાના ઘરવાળાઓને નમાઝ અને ઝકાતનો હુકમ આપતા હતા અને આપ પોતાના રબની બારગાહમાં પ્રિય હતા. એ વ્યક્તિએ બીજી વખત એ જ પ્રશ્ન કર્યો, આપે આ જ જવાબ આપ્યો, એણે ત્રીજી વખત પ્રશ્ન કર્યો, આપે આ જ જવાબ આપ્યો.

(હઝરતના જવાબનો મતલબ એ છે કે પોતાના ઘરવાળાઓને દીનદાર બનાવવાં જોઈએ, અને અલ્લાહ અને રસૂલના ફર્માન પર અમલનો શોખ આપવો જોઈએ, એ અલ્લાહ તઆલાની પસંદનું કામ છે, અને તું મને એવો સવાલ કરે છે કે હું મારી દાસીને ગાવાની તા'લીમ અપાવી એને આવકનું સાધન બનાવું ! તો એ શરીઅત વિરૂધ્ધનું કામ છે, એમાં અલ્લાહ અને રસૂલની ખુશી નથી તો પછી તમારે એ કામ ન કરવું જોઈએ.)

## ★ ઈબ્ને ઉમરનું કથન ★

**(૨૨)** તલ્બીસે ઈબ્લીસમાં હઝરત મુહદ્દિષ ઈબ્ને જૌઝી હઝરત નાફેઅથી રિવાયત કરે છે કે એક વખત હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ એ કોઈ ગોવાળની વાંસળીનો અવાજ સાંભળ્યો, તો જલ્દીથી પોતાના બંને કાનોમાં આંગળીઓ નાખી (અને કાન બંધ કરી લીધા) અને પોતાની સવારીને માર્ગેથી હટાવી લીધી અને વારંવાર પૂછતા કે, અય નાફેઅ ! શું હજી અવાજ આવી રહ્યો છે ? હું કહી દેતો, હાં ! હજી આવી રહ્યો છે, તો ચાલતા રહેતા, જ્યારે મેં કહ્યું હવે નથી આવતો ત્યારે પોતાના હાથ કાનોથી અલગ કર્યા અને સવારીને માર્ગે લગાડી, અને ફર્માવ્યું, મારા સામે (ની વાત છે) રસૂલુલ્લાહ

صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈ ગોવાળની વાંસળી સાંભળી હતી તો આપે આમ જ કર્યું હતું જેમ મેં કર્યું.

આ રિવાયતના નિચોડમાં હઝરત ઈબ્ને જૌઝી ફર્માવે છે, સહાબાનું આ કામ એ અવાજ પર હતું જે માણસને પોતાની સ્થિતિથી બહાર નથી કરી શકતો, તો પછી વર્તમાનકાળના રાગ અને વાજિંત્રોને શું કહેવામાં આવશે ?! *(તલ્બીસે ઈબ્લીસ, પેજ-૨૯૧)*

**(૨૩)** તલ્બીસે ઈબ્લીસ, પેજ-૨૯૩ માં હઝરત ઝહ્હાકે ફર્માવ્યું : ગાવું દિલને ખરાબ કરે છે, અને ખુદાને નારાજ કરે છે.

**(૨૪)** તલ્બીસે ઈબ્લીસ, પેજ-૨૯૪ માં છે : સુલેમાન બિન અબ્દુલ મલિક પોતાના ઘરે હતા, એક રાત્રે મોડા ઉઠયા, જ્યારે સભામાં બેઠેલા લોકો ચાલ્યા ગયા તો વુઝૂ માટે પાણી માંગ્યું. એક દાસી પાણી લઈને આવી, વુઝૂ કરાવવા માટે પાણી નાખી રહી હતી, એટલામાં સુલેમાન પોતાના હાથ માટે દાસીથી મદદ માંગી અને ઈશારો કર્યો, જોયું દાસીનું ધ્યાન ખસી રહ્યું છે, કાન લગાવેલી છે અને શરીર નમેલું છે, ગાવાનું સાંભળી રહી છે જે સૈન્ય તરફથી આવી રહી હતી. સુલેમાને પણ એ અવાજ સાંભળ્યો, એ દાસીને કહ્યું જા ! એ ખસી ગઈ અને પોતે કાન લગાડીને સાંભળવા લાગ્યા. જાણવા મળ્યું કે કોઈ માણસ ગાય રહ્યો છે. ચુપચાપ સાંભળી રહ્યા હતા, જે શાયરી એ ગાય રહ્યો હતો અને જાણી ગયા. પછી બીજી દાસીને બોલાવી અને વુઝૂ કર્યું. સવાર થઈ તો પબ્લિકમાં હાજરીનું એલાન કરાવ્યું કે દરેક જ વ્યક્તિ હાજરી આપે, જ્યારે બધા લોકો આવીને પોતપોતાની જગાએ બેસી ગયા, સુલેમાને ગાવાની અને જે મોટા લોકો સાંભળતા હતા તેમની વાત શરૂ કરી, દરેકે ગાવા બાબત એવું ઢીલું પોચુ બયાન આપ્યું કે એમને એવું લાગ્યું સુલેમાનને એનો શોખ છે. લોકો એ બાબતે કાયદા કાનૂનની પણ ચર્ચા કરવા લાગ્યા. સુલેમાને કહ્યું, તમારામાં કોઈ વ્યક્તિ વાત કરવાથી રહી ગયેલો છે ? હોય તો એ પણ સંભળાવે, એક વ્યક્તિએ કહ્યું, અમીરુલ મો'મિનીન મારી પાસે ઈલાના રહેવાસી બે માણસ છે જે એ વિષયના પ્રોફેસર છે સુલેમાને પૂછયું સૈન્યમાં તું કઈ તરફ હતો ? એણે દિશા બતાવી, જે તરફથી ગાવાનો અવાજ આવતો હતો, હુકમ કર્યો એ બંનેને બોલાવવામાં આવે, ખાદિમ બોલાવવા ગયો તો બંનેમાંથી એક મળ્યો અને સુલેમાન પાસે પહોંચાડયો. સુલેમાને એનું નામ પૂછયું તો કહ્યું, મારું નામ સમીર છે. પૂછયું, તું ગાવાનું કેવું જાણે છે ? કહ્યું, હું આ વિષયનો





પ્રોફેસર છું. પૂછયું, તે ક્યારથી નથી ગાયું ? કહ્યું, આજે રાત્રે જ અમે ગાયું હતું, પૂછયું સૈન્યમાં કઈ દિશામાં હતો, એ જ દિશા બતાવી જયાંથી ગાવાનો અવાજ આવતો હતો. પૂછયું, રાત્રે કઈ શાયરી ગાય રહ્યો હતો ? એ જ બતાવી જે સુલેમાને સાંભળી હતી. ત્યાર પછી સુલેમાને લોકોને સંબોધીને કહ્યું, ઊંટ બડબડે છે તો ઊંટડી મસ્તીમાં આવે છે, બકરો જોશમાં આવીને બોલે છે તો બકરી મસ્ત થઈ જાય છે, કબૂતર ગટરગું કરે છે તો કબૂતરીને મજા પડી જાય છે, અને પુરૂષ રાગથી ગાય છે તો સ્ત્રીને મજા આવી જાય છે. પછી કહ્યું, આ માણસને ખસ્સી કરી નાખવામાં આવે. પછી પૂછયું, કે ગાવાનું મૂળ કયાં છે ? (એટલે શરૂ ક્યાંથી થયું ?) લોકોએ કહ્યું, મદીનામાં હીજડા લોકો આ વિષયમાં આગળ પડતાં છે. સુલેમાને પોતાના ગવર્નર મુહમ્મદ બિન અમ્ર બિન હઝમ જે મદીનાના ગવર્નર હતા લખ્યું કે તમારે ત્યાં જેટલા હીજડા ગાવાવાળા હોય એ બધાને ખસ્સી કરાવી નાખો.)

(આનાથી જાણવા મળ્યું કે ગાવું અને મસ્ત થવું સૌ પ્રથમ હીજડા લોકોએ શરૂ કર્યું હતું અને પછી બીજા લોકો એમાં જોડાયા, અને અમીરુલ મો'મિનીન સુલેમાન બિન અબ્દુલ મલિકે એવા લોકોની સજામાં ખસ્સી કરાવી નાખી.)

**(૨૫)** મુહદ્દિષ ઈબ્ને જૌઝી તલ્બીસે ઈબ્લીસ, પેજ-૨૯૫ પર પોતાનું મંતવ્ય અને ઉપરોક્ત સુલેમાન બિન અબ્દુલ મલિકના નિર્ણયનો ખુલાસો આ પ્રમાણે રજુ કરે છે કે ગાવા બાબત અમે એ બતાવ્યું છે કે એ માણસને પોતાની સામાન્ય સ્થિતિથી બહાર કરી આપે છે, અક્કલમાં ફરક લાવે છે. ખુલાસો એ છે કે **માણસ જ્યારે શોખ અને મસ્તીમાં આવે છે તો હોશ ઠેકાણે હોવા છતાં એવી હરકતો કરે છે જે ખરાબ લાગે છે, માથુ ધૂણવું, તાળીઓ પાડવી, જમીન પર પગ પછાડવા જે અશક્ત દિમાગના લોકો કરે છે, ગાવાનું આ હરકતોનો ઝરીયો છે, એમાં શરાબ જેવી ખામી છે, અક્કલને ઢાંકી લે છે, એટલે એનાથી રોકવું જરૂરી છે.**

**(૨૬)** તલ્બીસે ઈબ્લીસ, પેજ-૨૯૫ માં છે : મુહમ્મદ બિન મન્સૂર સામે કસીદા સાંભળવાનો ઉલ્લેખ થયો. જવાબ આપ્યો એ લોકો અલ્લાહ તરફથી ધોખા અને ફરેબમાં છે. જો અલ્લાહ તઆલાથી સારી વર્તણુક અને સત્ય નિય્યત રાખતા તો એ એમના દિલોમાં એવી વાતો પહોંચાડતો કે એ લોકો ખરાબ વાતોમાં રડવાથી બચી જતા. (એટલે કે ગાવું સારું કામ નથી. એ

લોકોની ખરાબ નિય્યતનું પરિણામ છે. જો એમના દિલ સાફ હોત તો એમને અલ્લાહ તઆલાથી સંબંધ સશકત કરવા અલ્લાહની પસંદની વાતોમાં વ્યસ્ત થવાની નેઅમત આપવામાં આવતી.)

**(૨૭)** તલ્બીસે ઈબ્લીસ, પેજ–૨૯૫ માં છે : અબૂ અબ્દુલ્લાહ બિન બત્તા અકબરીએ કહ્યું કે એક માણસે ગાવું સાંભળવા બાબત પ્રશ્ન કર્યો. મેં એને મનાઈ કરી અને કહ્યું કે આલિમોએ એને નાપસંદ કર્યું છે અને મૂર્ખ લોકો એને પસંદ કરે છે, એક જમાત આ હરકત કરે છે જેમને સૂફી (સંત) કહેવામાં આવે છે. તહકીક કરવાવાળાઓએ એમનું નામ મૂર્ખ, ખરાબ લોક, બાયલા, અને બિદઅતી રાખેલું છે. એ લોકો ઝાહિદ હોવાનો પ્રચાર કરે છે, એમની સઘળી વાતો દિલને વાકું કરનાર છે, ઉમ્મીદ અને ડરથી આઝાદ થઈને પ્રેમ અને શોખનો જૂઠો દા'વો કરે છે, નામરદ અને સ્ત્રીઓથી ગાવું સાભળીને મસ્તીમાં આવે છે, તાળીઓ પાડે છે, બેહોશ અને મુરદા બની જાય છે અને વિચાર કરે છે કે અલ્લાહ તઆલાની મહબ્બત અને શોખમાં એમની આ હાલત થઈ છે ! (અલ્લાહની પનાહ !) આ જાહિલ જે કંઈ બકવાસ કરે છે એ વાતોથી અલ્લાહ તદન પાક અને બુઝુર્ગ છે.

**નોંધ** : આ પ્રકરણમાં મેં તમારી ખિદમતમાં લગભગ ૧૦૯ પૂરાવા રજુ કર્યા જેનાથી એ સ્પષ થયું કે મ્યુઝિક જાઈઝ નથી, ગાવું પણ જાઈઝ નથી. દુનિયાની મહબ્બતમાં લઈ જવાવાળી શાયરી તો નાજાઈઝ છે, **સ્ત્રીથી સાંભળવું હરામ છે પછી શાયરીનો સંબંધ ઈસ્લામથી કેમ ન હોય,** અમે જે પૂરાવા રજુ કર્યા તેમની માન્યતાના આધારે તો તેઓ શાયરીને પછી ગમે તેની હોય રાગથી ગાવાને નાજાઈઝ કહે છે, કોઈ મકરૂહ કહે છે. મ્યુઝિક તો નાજાઈઝ છે ! વિના મ્યુઝિકે પણ તેઓ રજા આપતા નથી, એ ફેંસલો પૂર્વજોના આધારે બરાબર છે. પણ વર્તમાનકાળમાં જ્યારે ગાયનો અને મ્યુઝિકની કેસેટોનું પ્રમાણ વધી ગયું છે અને લોકો વધુ પ્રમાણમાં પોતાનો માલ એ માર્ગમાં ખર્ચે છે તો તેવા લોકોને દુનિયાના ઐશથી દૂર કરવા ઈસ્લામી શાયરી વિના મ્યુઝિકો ગાવામાં આવી હોય તો તેની રજા આપવામાં આવી છે. તે વિશે વધુ ઉલ્લેખ અમે એની જગાએ કરીશું. અહીં અમારો મકસદ એ બતાવવાનો હતો કે કુર્આન અને એની તફસીરોના આધારે મ્યુઝિક અને જેનાથી મ્યુઝિકનો ફાયદો લેવામાં આવે એવા વાજિંત્રોની રજા નથી અને ઈસ્લામી સ્વચ્છ શાયરીને મ્યુઝિક સાથે મેળવવામાં આવે તો મ્યુઝિકને લઈને એની પણ રજા નથી. એટલે મ્યુઝિકને





ઈસ્લામમાં જાઈઝ સમજવામાં નહીં આવે.

વિના મ્યુઝિકે ઈસ્લામ સંબંધિત શાયરીની રજા આપવામાં આવી છે આજના આલિમોએ તો દરેક મુસલમાન માટે પછી તે ગમે તે પ્રકારનો હોય રજા આપી છે અને એ પ્રમાણેની મહેફિલો થાય છે. ઉલમા પણ ત્યાં હાજરી આપે છે, પણ અમે એ બાબતે વધુ ઉલ્લેખ તમારી ખિદમતમાં રજુ કરીશું. ખૂબ ઈન્સાફ અને ન્યાયથી વાંચો અને પોતાનો માહોલ સુધારવાની કોશિશ કરશો. અલ્લાહ તઆલા આપણને દીનની વાતો ન્યાયથી કબૂલવાની તૌફીક અતા ફર્માવે. *–આમીન.*

وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلاَغُ الْمُبِيْنُ


## આ કિતાબ જરૂરથી વાંચો અને વંચાવો

**કિતાબ** : **ઈસ્લામ અને વિ□શાંતિ** *(પેજીસ : ૩૪૮, આવૃત્તિ : બીજી)*

**લેખક** : હઝરત મૌલાના બદરુલ્ કાદરી મિસ્બાહી (હોલેન્ડ) **હદિયો : રૂા. ૫૦/–**

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (મો. ૯૮૨૪૪૮૬૪૪૩)

**પ્રકાશક** : ઈસ્લામિક વેલ્ફેર મિશન, મુ. દયાદરા, તા. જિ. ભરૂચ,ગુજરાત–ઈન્ડિયા, પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

બેશક ! યકીનન ! **"ઈસ્લામ વિ□ શાંતિનો જામિન"** છે. આજે પૂરા વિ□માં વિશેષતઃ યૂરોપ તથા અમેરિકામાં તેજીની સાથે લોકો ઈસ્લામને સ્વીકારી રહ્યા છે. જેવી રીતે અત્તરને શીશીમાં દાબીને ફીટ બંધ કરી દેવામાં આવે છતાં તેની ખુશ્બુ ફેલાયા વિના રહેતી નથી તેમ યૂરોપ, અમેરિકાના તથા વિ□ભરના ઈસાઈ, યહૂદી તથા મુશ્રિકોના ઈસ્લામ વિરૂદ્ધના જૂઠા દુષ્પ્રચારની અતિશયતા છતાં ઈસ્લામની હક્કાનિયતની ખુશ્બુ વિ□ભરમાં વેરાઈ રહી છે અને ઈસ્લામનો અભ્યાસ કરનારા ફટાફટ ઈસ્લામમાં દાખલ થઈ રહ્યા છે.

વિરોધીઓએ ઈસ્લામથી લોકોને દૂર રાખવા તરહ તરહના વાંધાઓ ઉઠાવીને લોકોને ભડકાવવા અથાગ પ્રયાસો કર્યા છે. ક્યારેક જેહાદનો ગલત અર્થ દર્શાવીને તેની સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામી સજાઓ સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામે સ્ત્રીઓને અધિકારોમાં પાછળ રાખી છે (મઆઝલ્લાહ !) વગેરે વાંધાઓ ઉઠાવે છે. એ સર્વનો સંતોષકારક ઈમાનવર્ધક જવાબ આ કિતાબમાં વાંચી ઈમાનને તાજુ કરો.

આજે જ મંગાવો અને ગૈરોને પણ વંચાવીને ઈસ્લામની સચ્ચાઈ તેમની સમક્ષ પેશ કરો. લાયબ્રેરીઓ, મદ્રસા, દારુલ ઉલૂમોને ભેટ મોકલી સવાબ કમાઓ.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

(પ્રકરણ-૨)

# મ્યુઝિક અને વાજિંત્રો હદીષના પ્રકાશમાં

نَحْمَدُہٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ وَمَا کَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَۃٍ اِذَا قَضَی اللّٰہُ وَرَسُوْلُہٗ اَمْرًا اَنْ یَّکُوْنَ لَھُمُ الْخِیَرَۃُ مِنْ اَمْرِھِمْ وَمَنْ یَّعْصِ اللّٰہَ وَرَسُوْلَہٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا مُّبِیْنًا صَدَقَ اللّٰہُ الْعَظِیْمُ وَ صَدَقَ رَسُوْلُہُ النَّبِیُّ الْاَمِیْنُ الْکَرِیْمُ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا رَسُوْلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا حَبِیْبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ عَلَیْکَ وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! મેં તમારી ખિદમતમાં એક પ્રકરણ એ નામથી રજુ કર્યું **"મ્યુઝિક અને વાજિંત્રો કુર્આનના પ્રકાશમાં"** જેમાં મેં તમારી ખિદમતમાં ૧૦૯ પુરાવા પેશ કર્યા જેનાથી એ સાબિત કરી બતાવ્યું કે મ્યુઝિક અને વાજિંત્રો તો જાઈઝ છે જ નથી, એ તો હરામ જ છે પણ વિના મ્યુઝિકે ગાવામાં આવે તો એના ઘણા પ્રકાર છે, ગાવામાં આવતી શાયરીનો સંબંધ દુનિયા વખાણ તથા પ્રેમના વાક્યાઓ અને કિસ્સાઓ સાથે છે તો એ વિના મ્યુઝિકે પણ નાજાઈઝ છે, એનાથી માહોલ ખરાબ થાય છે, ચાલ ચલગત બગડે છે, અને માણસ અલ્લાહ અને રસૂલથી





દૂર થઈ જાય છે, એટલે ગફલતમાં નાખનાર શાયરી હોય કે પછી સામાન્ય વાત અને કિસ્સા કહાનીઓ એની રજા મળી શકતી નથી, જેનો ઉલ્લેખ થઈ ગયો. **આ બાબતે સઘળા આલિમોની એકમતી છે, એમાં કોઈનો વિવાદ નથી,** આ પ્રમાણેનાં કામો કરનારને ગુનેહગાર અપરાધી અને પાપી સમજવામાં આવે છે. બીજો પ્રકાર છે વિના મ્યુઝિકે શાયરી રાગથી પઢવામાં આવે, અને એ શાયરીનો સંબંધ ઈસ્લામ સાથે હોય, એટલે કે અલ્લાહ અને રસૂલનાં વખાણ હોય, બુઝુર્ગો અને વલીઓનાં વખાણ હોય, કોઈ સત્ય વાક્યો શાયરીથી વર્ણવવામાં આવ્યો હોય જેને ઈસ્લામની પરિભાષામાં નઅત અને મન્કબત કહેવામાં આવે છે, તો એમાં પૂર્વજોનો વિવાદ છે તેઓ સ્વચ્છ અને ધાર્મિક શાયરીને પણ રાગથી પઢવાને જાઈઝ ન માનતા હતા, જેનો ઉલ્લેખ ઘણા બધા પુરાવાથી થઈ ગયો, અને તેમનો એ નિર્ણય એ જમાનાના આધારે બરાબર હતો. કારણ કે એ ઉત્તમ જમાનો માનવામાં આવે છે તો એમાં થોડી પણ બેરગબતી જોવા મળે તો એ કામની રજા ન મળે, પણ આજે જ્યારે લોકો ગાયનો, ગઝલો, જૂઠા પ્રેમના કિસ્સાઓ અને કહાનીઓ અને વળી તે પણ મ્યુઝિક સાથે, તેમાં વ્યસ્ત છે અને મુસલમાનોની આવકનો મોટો ભાગ મનોરંજનની ચીજ વસ્તુઓની ખરીદીમાં વપરાય રહ્યો છે, એવી ગંભીર સ્થિતિમાં એમને એ પ્રકારનું કોઈ જાઈઝ સાધન આપવામાં ન આવે તો એમને એ ખરાબીથી રોકવું અધિક મુશ્કિલ થઈ પડે, જેથી વર્તમાનકાળના સર્વ આલિમોની એ બાબતે એકમતી છે કે ઈસ્લામ સંબંધિત શાયરી જે શરીઅતની સીમામાં રહીને કરવામાં આવી હોય, અને એ વિના મ્યુઝિકે રાગથી પઢવામાં આવે તો એની રજા છે અને એ જાઈઝ છે, પણ એમાં એક શર્ત એ છે કે **પુરૂષો સ્ત્રીઓથી સાંભળશે નહીં, રૂબરૂ હોય તો પણ નહીં અને કેસેટમાં રેકોર્ડ હોય તો પણ નહીં,** દરેક પુરૂષ એ સમજી શકે છે કે સ્ત્રીનો અવાજ દિલમાં શું પેદા કરે છે, દરેકનો અનુભવ એ વાતના નાજાઈઝ હોવાનો સશકત પુરાવો છે. જ્યારે ઈસ્લામ સંબંધિત શાયરી સ્ત્રીઓથી વિના મ્યુઝિકે ન સાંભળી શકાય તો પછી દુનિયાના પ્રેમની વાતો શાયરીમાં મ્યુઝિક સાથે ગાવામાં આવે તો એ કેટલું સખત હરામ છે એ નિર્ણય તમે પોતે પણ લઈ શકો છે. ત્રીજું એ કે સ્વચ્છ અને ઈસ્લામ સંબંધિત શાયરી મ્યુઝિક સાથે ગાવામાં આવે તો એ જાઈઝ નથી. કારણ કે મ્યુઝિક હરામ છે અને હલાલને હરામ સાથે મેળવી દેવામાં આવે તો એ હરામને અલગ ન કરી શકાય જેથી એ હલાલ પણ હરામ

કહેવાશે સાંભળવાના આધારે. ઈસ્લામિક શાયરી મ્યુઝિક સાથે ગેર ઈસ્લામી નથી થઈ જતી પણ મ્યુઝિકે એના સાંભળવાને નાજાઈઝ બનાવી દીધું આમ જ કોઈ પણ કલામ જો એને મ્યુઝિક સાથે મેળવી દેવામાં આવે તો મ્યુઝિકને લઈને એના સાંભળવાનો જવાઝ (જાઈઝ હોવું) સાબિત થશે નહીં. વર્તમાનકાળની કવ્વાલીની સભાઓ મ્યુઝિકને લઈને જ નાજાઈઝ કહેવામાં આવે છે, જો કે એમાં બીજી ઘણી ખરાબીઓ છે જેનો ઉલ્લેખ કરવામાં આવશે.

## ★ કલામના પ્રકારો ★

શાયરી મ્યુઝિક સાથે, શાયરી ગાયન વિના મ્યુઝિકે. શાયરીના બે પ્રકાર : શાયરી ઈસ્લામ સંબંધિત, શાયરી ઈસ્લામથી વિમુખ કરનાર. **(૧)** દુનિયાદારીની શાયરી વિના મ્યુઝિક અને વિના રાગે **(૨)** દુનિયાદારીની શાયરી મ્યુઝિક સાથે પણ વિના રાગે **(૩)** દુનિયાદારીની શાયરી રાગથી મ્યુઝિક સાથે **(૪)** દુનિયાદારીની શાયરી રાગથી વિના મ્યુઝિકે (૫) ઈસ્લામિક શાયરી વિના રાગે વિના મ્યુઝિકે **(૬)** ઈસ્લામિક શાયરી વિના રાગે મ્યુઝિક સાથે **(૭)** ઈસ્લામિક શાયરી રાગથી મ્યુઝિક સાથે **(૮)** ઈસ્લામિક શાયરી રાગથી વિના મ્યુઝિકે.

ઉપરોક્ત આઠ પ્રકાર વર્ણવવામાં આવ્યા તેને ધ્યાનથી વાંચો અને વારંવાર વાંચો પછી એ વિચારો કે એમાંથી કયો પ્રકાર જાઈઝ થઈ શકે છે ? તો તમને જાણવા મળશે કે પાંચમો પ્રકાર **ઈસ્લામિક શાયરી વિના રાગે અને વિના મ્યુઝિકે** અને આઠમો પ્રકાર **ઈસ્લામિક શાયરી રાગથી વિના મ્યુઝિકે જાઈઝ છે**, તેને છોડીને બીજો કોઈ પણ પ્રકાર જાઈઝ થઈ શક્તો નથી.

**બીજું પ્રકરણ** : આ બીજું પ્રકરણ છે એનું નામ છે **મ્યુઝિક અને વાજિંત્રો હદીષના પ્રકાશમાં.** આ પ્રકરણમાં અમે તમને હદીષો અને હદીષોની શરહો (સ્પષ્ટતાઓ)ના પુરાવાના આધારે સાબિત કરી બતાવીશું કે મ્યુઝિક હરામ છે, અને મ્યુઝિક સાથે શાયરી બોલવામાં આવે કે પછી ગાવામાં આવે જાઈઝ થઈ શકતી નથી. અન્ય હદીષો પર એની સનદ સાથે પણ ચર્ચા કરીશું કે કાયદાના આધારે માનવામાં એ હદીષનો કયો દરજો છે, સાથે અન્ય શંકા કુશંકાના ઉપસ્થિત થતા પ્રશ્નોનો ઉત્તર પણ આપીશું, ઈન્શાઅલ્લાહ ! **કોઈ વાત એવી નહીં રહેવા દઈએ જે તમારા દિમાગમાં શંકા બનીને આવે અને અમે તમને એ જવાબ ન આપીએ, પણ તમારાથી અમારી એ વિનંતિ રહેશે કે ફેંસલો ન્યાયથી કરવો, અમારી ચર્ચા કુર્આન અને**





**હદીષના આધારે છે.**

**હદીન નં. ૧** : સહીહ બુખારી, ભાગ–૨, પેજ–૮૩૭ કિતાબુલ અશરેબામાં હઝરત અબ્દુર્રહ્માન બિન ગનમથી રિવાયત છે. એમણે કહ્યું, મને હદીષ બયાન કરી અબૂ આમિર અથવા અબૂ માલિક અશઅરી رضی اللہ عنہ એ એમણે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યું :–

يَسْتَحِلُّوْنَ الْحِرَّ وَالْحَرِيْرَ وَالْخَمْرَ وَالْمَعَازِفَ

**"મારી ઉમ્મતમાં જરૂર એવા લોકો થશે જેઓ વ્યભિચાર, રેશમ, દારૂ અને વાજિંત્રોને હલાલ સમજશે."**

નીલુલ અવતાર, ભાગ–૮, પેજ–૯૭ ઈબ્ને હબ્બાને આ રિવાયતને સહીહ બતાવી છે, ઝવાઈદ ઈલા ઈબ્ને હબ્બાન કિતાબુલ અશરેબા, પેજ–૩૩૬ માં છે : મઆઝિફના માયના અને અર્થ બાબત લુગતના આલિમો અને શબ્દકોશના નિષ્ણાતોની એકમતી છે કે વાજિંત્રો છે. મિસ્બાહુલ્લુગાત, પેજ–૫૪૯ માં છે : અલ્ મિઅ્ઝફ, અલ્ મિઅ્ઝફત, ગાને બજાને કે આલાત (ગાવા, વગાડવાના સાધનો) જમાઅ (બહુવચન) મઆઝિફ. અલ્ મુનજિદ અરબી, પેજ–૫૦૩ માં છે : અલ્ મઆઝિફ–વહિયા આલાતુ તર્બ–વાજિંત્રો. આમ દરેક શબ્દકોશમાં આ પ્રમાણે અર્થ કરવામાં આવ્યો છે.

**ભાવાર્થ** : આ હદીષ વાજિંત્રોના હરામ હોવા પર એટલી સ્પષ્ટ દલીલ છે કે નાનુ બાળક પણ સમજી શકે છે કે હુઝૂરે એનું હરામ હોવું બતાવ્યું છે. આપનું ફર્માન એ છે કે મારી ઉમ્મતમાં એવા લોકો જરૂરથી થશે જેઓ ઝિના, રેશમ, દારૂ અને વાજિંત્રો હલાલ કરશે. હલાલ કોને કરવામાં આવે જે હરામ હોય તેને, જો વાજિંત્રો હલાલ જ હતાં તો પછી હુઝૂરે ઉપરોક્ત વાત કેમ બતાવી ? મતલબ એ છે કે જેમ રેશમી કપડું પુરૂષો માટે હરામ છે, વ્યભિચાર અને ઝિના હરામ છે, દારૂ હરામ છે, એ જ પ્રમાણે વાજિંત્રો પણ હરામ છે, તો એક જમાનો એવો આવશે જેમાં લોકો આ હરામને હલાલ સમજશે, હરામ તો હરામ છે, અલ્લાહ અને રસૂલ સિવાય કોને એ અધિકાર છે કે એમના કરેલા હરામને હલાલ બનાવે ?! પણ જેઓ આમ કરશે તેઓ ગુમરાહ અને બદ્દીન હોવાનું કામ કરશે. અથવા દીનથી બહાર થવાનું કામ કરશે. શું આ હદીષ પછી પણ આમ કહી શકાય છે કે વાજિંત્રો હલાલ છે ? જો આમ જ હોય તો પછી હદીષમાં જે લોકો બાબત કહેવામાં આવ્યું છે તેઓ પૈકી કોઈ ન થાય. (અલ્લાહની સો વખત પનાહ)

ગુનોહ અને પાપ આપણા સર્વથી થાય છે, કોઈ સંતાઈને કરતો હશે અને કોઈ જાહેરમાં કરતો હશે, કોઈ નાનો કરતો હશે અને કોઈ મોટો કરતો હશે, પણ ગુનોહ સમજીને કરવામાં આવે તો એ વ્યક્તિને ગમે ત્યારે તૌબાની તૌફીક મળશે. કારણ કે એ કામને એ ગુનોહ સમજીને જ કરી રહ્યા છે, પણ ગુનાહનો ગંભીર પ્રકાર એ છે કે કોઈ વ્યક્તિ પોતે કરે છે અને પોતાના શુભેચ્છકો (ચાહકો)ને કરાવે છે અને પોતાને દુનિયાની બેઈજ્જતી બહાર કરવા માટે અને એ બતાવવા માટે કે એ ઈસ્લામનો પાબંદ છે, ગમે તેમ વાત ફેરવીને એ ગુનાહને જાઈઝ કરાવતાં બહાનાં શોધતો હોય છે અને ગમે તેમ કુર્આનની આયતનો અર્થ અને હદીષનો મતલબ ફેરવી પોતાનો ઉલ્લુ સીધો કરી લે છે. તો એ ગુનાહની ગંભીર સ્થિતિ છે જેનાથી માણસે બહાર થવું અશક્ય થઈ પડે છે. કારણ કે ગુનોહ સમજીને કરવામાં આવે તો છોડે અન અપરાધ સમજીને એનાથી તૌબા કરી શરીઅતના વર્તુળમાં પરત આવે પણ જાઈઝ કામથી કોઈ તૌબા કરતો હોય છે ? એટલે પાપ તો બધાં જ કરી લે છે પણ પોતાને સંત બતાવવા પાપને નેકીમાં ફેરવે ! એ મહાન અપરાધ છે. શું તમે એ વિચારી શકો છો કે મુસલમાન મુસલમાન થઈને પણ એવો કરુણ અપરાધ કરે ?! દિમાગ તો માનશે નહીં, પણ આપણા નબીનો પ્યારો ઈર્શાદ છે કે એવા લોકોનો જન્મ જરૂરથી થશે અને તેઓ ઘણા બધા હરામને હલાલ સમજશે, જે આપણો વર્તમાનકાળનો માહોલ જોઈને આપણને જાણવા મળી શકે છે કે એવા લોકોનો આપણા નબીના ફર્માન અનુસાર જન્મ થઈ ગયો છે અને તે પ્રમાણેનાં ઘણા બધાં કામોને નાજાઈઝની હદથી બહાર લાવવામાં આવી રહ્યા છે. અલ્લાહ તઆલા આપણને એનાથી બચાવે.

**ઝાહિદ ઝોહદ શરીઅતસે મિલતા હય**
**ક્યા ખૂદ સાખ્તા ભી કાનૂન હોતા હય**

**શૈતાનકી ચાહત હય ખૂદ સાખ્તગી લેકિન**
**મુસલમાન સર બાસુજૂદ હોતા હય**

**સવાલ** : અન્ય લોકોનું કહેવું એવું છે કે અહીં ચાર વસ્તુને એક સાથે વર્ણવવામાં આવી છે, એટલે હુકમ ચાર સાથે મળીને રહેશે ! એક પર હુકમ નથી ?

**જવાબ** : સવાલ કરનારે સમજી વિચારીને બોલવું જોઈએ કે એક





સાથે ચાર વસ્તુ બયાન કરવામાં આવી તો એનો મતલબ એ કેમ કરી લઈ શકાય કે હુકમમાં ચાર એક સાથે હોય તો જ લઈ શકાય, એનો મતલબ એ કે માત્ર દારૂ હલાલ સમજે તો ચાલે ! માત્ર ઝિના જાઈઝ સમજે તો ચાલે ! માત્ર રેશમ પુરૂષ માટે હલાલ સમજે તો ચાલે ! અને આમ જ માત્ર વાજિંત્રો હલાલ સમજે તો ચાલે ! વાસ્તવમાં વાત એ છે કે સવાલ કરનારે પોતાના માટે અથવા પોતાના શુભેચ્કો માટે વાજિંત્રોના જવાઝ (જાઈઝ હોવા)નો માર્ગ કાઢવો છે એટલે એ પ્રમાણેનો ગંભીર માર્ગ શોધ્યો છે, પણ કોઈ પાગલ વ્યક્તિ પણ એ માનવા રેડી નહીં થાય. યકીનન ! વાજિંત્રો હરામ છે જેમ દારૂ, વ્યભિચાર, અને પુરૂષ માટે રેશમ હરામ છે.

સાહિબે કશ્શાફ અલ્લામા ઝેમુખશરી જે અરબી ભાષા અને શબ્દકોષના મહાન ઈમામ છે, પોતાની કિતાબ અલ્ મફસલ્, ભાગ–૮, પેજ–૯૦ પર લખે છે :–

فَللوَاوُ لِلجَمْعِ الْمُطْلَقِ مِنْ غَيْرِ اَنْ يَكُوْنَ الْمَبْدُوْءُ بِهٖ دَاخِلًا
فِى الْحُكْمِ قَبْلَ الْاٰخِرِ وَلَا اَنْ يَّجْتَمِعَا فِى وَقْتٍ وَاحِدٍ

વાવ કોઈ પણ શર્ત વિના ભેગું કરવા માટે છે એ પણ નહીં કે પ્રથમવાળો હુકમમાં પ્રવેશેલો છે બીજા પહેલાં અને એ પણ નહીં કે બંને એક સમયમાં ભેગા છે.

અલ્લામાના ખુલાસાથી એ સ્પષ્ટ થયું કે "વાવ" શબ્દની સાથે હુકમ વર્ણવવામાં આવે તો એવું કઈ જરૂર નથી કે બધું ભેગું હોય તો જ હુકમ લાગુ પડે બલ્કે અલગ અલગ માટે પણ એ હુકમ થઈ શકે છે અને એ કાયદા પ્રમાણે ઉપરવાળો હુકમ અલગ અલગ માટે છે એટલે સવાલ પાયા વિનાનો છે. આ હદીષ વાજિંત્રોના હરામ હોવા પર સ્પષ્ટ દલીલ છે. હલાલ સમજનાર હુઝૂરના ફર્માવેલ ખરાબ લોકોમાંથી છે, જે ઈસ્લામના હરામને પોતાની વાસનાથી હલાલ બતાવે છે અથવા સમજે છે.

**હદીષ નં. ૨** : ઈબ્ને માજા, ભાગ–૨, પેજ–૧૩૩૩, કિતાબુલ ફિતન બાબુલ ઓકૂબાતમાં અબ્દુલ્લાહ બિન સઈદથી રિવાયત છે. તેઓ મઅન બિન ઈસાથી અને તેઓ મુઆવિયા બિન સાલેહથી અને તેઓ હાતિમ બિન હારિષથી અને તેઓ માલિક બિન અબી મરયમથી અને તેઓ અબ્દુર્રહમાન બિન ગનમથી અને તેઓ અબૂ માલિક અશ્અરીથી રિવાયત કરે છે : આપે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ નો ઈર્શાદ છે :–

لَيَشْرَبَنَّ النَّاسُ مِنْ أُمَّتِيْ الْخَمَرَ يُسَمُّوْنَهَا بِغَيْرِ اِسْمِهِمْ يُعْزَفُ
عَلٰى رُؤُسِهِمْ بِالْمَعَازِفِ الْمُغْنِيَّاتُ يَخْسِفُ اللّٰهُ بِهِمُ الْاَرْضَ
وَيَجْعَلُ مِنْهُمُ الْقِرَدَةَ وَالْخَنَازِيْرَ

મારી ઉમ્મતમાંથી અમુક લોકો દારૂ એનું નામ બદલી બદલીને જરૂરથી પીશે, એમના માથાઓ પર નાચ ગાન થઈ રહ્યું હશે. અલ્લાહ તઆલા એવા લોકોને જમીનમાં ગારત કરશે અને અમુકને વાંદરા અને ભુંડ બનાવી આપશે.

ઈગાષતુલ લેહફાન, ભાગ–૧, પેજ–૨૬૧ હાફિઝ ઈબ્ને કય્યિમએ આ હદીષની સનદના સહીહ હોવાનો ખુલાસો કર્યો છે.

**ફાયદો** : વર્તમાનકાળમાં દારૂ ઘણા પ્રકારનો મળે છે, બ્રાંડી, અને બીયર આ બે પ્રકારના દારૂ છે પણ સાંભળવા મળ્યું છે કે કેટલાક લોકો આમ કહીને એને કહે છે કે આ દારૂ નથી બ્રાંડી છે, આ દારૂ નથી બીયર છે. દારૂ દારૂ જ છે નામ ભલેને ગમે તે આપવામાં આવે, તો મુસલમાનોએ દારૂથી દૂર રહેવું જોઈએ.

**બીજું** એ કે આ હદીષમાં દારૂ પછી નાચ ગાનનો ઉલ્લેખ થયો, એનો મતલબ એ છે કે માણસને નશામાં લાવનાર અને મસ્ત બનાવનાર આ બે વસ્તુ છે જેમાં બીજાથી અધિક ખરાબી છે. માણસ દારૂ પીને નશામાં આવે છે અને નાચગાનથી એ મસ્તીમાં વધારો થઈ જાય છે. અહીંયાં યુ.કે.માં જગા જગાએ દારૂના અડ્ડા અને પબ જોવા મળે છે ત્યાં રાત્રે જ્યારે લોકોની અવર જવર વધતી જાય છે ગાયનો અને ડાન્સ જરૂરથી રાખતા હોય છે, જે પબમાં એ વ્યવસ્થા ન હોય કોઈ ન જાય. અને પછી તેમાં આવેલા લોકો પણ નાચવા લાગે અને બુમો પાડે, એનાથી એ સ્પષ્ટ થાય છે કે નાચ ગાનથી માણસની મસ્તી વધી જાય છે અને એનાથી માણસના દિમાગ પર એક ખાસ પ્રકારની અસર જોવા મળે છે, એટલે ઈસ્લામમાં દારૂને હરામ કરવામાં આવ્યો, સાથે મ્યુઝિક, વાજિંત્રો અને ડાન્સને પણ નાજાઈઝ અને હરામ કહેવામાં આવ્યો. અને હદીષ નં. એકમાં પણ વાજિંત્રો સાથે દારૂનો ઉલ્લેખ થયો તેનું કારણ પણ એ જ છે. એટલે મુસલમાનોએ એ પ્રકારનાં ખરાબ કામોને હરામ સમજવાં જોઈએ અને એનાથી દૂર રહેવું જોઈએ.

**સવાલ** : અન્ય લોકોનું કહેવું એવું છે કે વાજિંત્રોની મનાઈ દારૂડિયા માટે છે જેમ કે આ બીજી હદીષમાં ઉલ્લેખ છે.





**જવાબ** : તો પછી પ્રથમ હદીષનો જવાબ શું આપશો ? બીજું એ કે એક હદીષથી નિર્ણય ન લઈ શકાય એના માટે સઘળી હદીષોને સામે રાખીને નિર્ણય લેવામાં આવશે અને અમે તમને એ હદીષોથી પણ મહરૂમ નહીં રહેવા દઈએ.

**સવાલ** : કોઈ માણસ વાજિંત્રોનો ઉપયોગ રમત ગમત માટે નહીં અલ્લાહની યાદમાં વધારે તલ્લીન થવા કરતો હોય તો એને જાઈઝ કહી શકાય છે ?

**જવાબ** : કોઈ પુરૂષ કહે મને રેશમી કપડાંથી ફરક નથી પડતો, મને એનાથી અભિમાન નથી આવતું, હું એને શણગાર નથી સમજતો તો એના માટે જાઈઝ કરી દેવામાં આવે ?! કોઈ માણસ દારૂ પીને ધમાલ મસ્તી ન કરે ન એના સ્વભાવમાં ફરક આવે ન એને એવો નશો આવે કે હોશ ન રહે, તો શું એને દારૂની રજા આપવામાં આવશે ?! કોઈ માણસ ઝિના એટલા માટે કરે કે દિમાગ વધારે ખરાબ ન થાય અને પછી ઈબાદતમાં દિલ લાગે, અને શાદી એટલે ન કરે કે એનાથી ઈબાદતમાં વધારે સમય ન મળે, તો શું એને ઝિનાની રજા આપવામાં આવે ?! તો જ્યારે આ ત્રણમાં ફરક નથી આવતો તો પછી માત્ર વાજિંત્રોમાં નિય્યતના આધારે ફરક કેવો ?! એટલે કે તમે કરો છો અને તમે એના માટે માર્ગ શોધો છો ! જો આમ જ હોય તો પ્રથમ હદીષ તમારા લોકોની ઓળખ માટે નબીએ ઉમ્મતને આપેલી છે, હરામને માણસ એકદમ હલાલમાં નથી લાવી શકતો, પણ હરામને હલાલની હદમાં લાવવા માટે પહેલાં બહાનાઓ બનાવવામાં આવે છે અને પછી ચોર દરવાજો શોધી એમાંથી પ્રવેશી જવામાં આવે છે. (અલ્લાહની પનાહ !)

કેહનેસે સુવ્વર બકરી બનતા નહીં
બિસ્મિલ્લાહસે હરામ હલાલ હોતા નહીં

ઈન્સાફ કો લા'ઝિમ જાન અય ઝાહિદ !
અકેલે કા હુકમ બદલતા નહીં !

તેરી માનું તો ખૈરબાદે શરીઅત હો
વલી કો ભી યે રુત્બા મિલતા નહીં

તુઝ પર બુન્યાદ કબથી ઈસ્લામ કી
તેરે ઈખ્તિયાર સે કુછ હોતા નહીં

તોળના સુન્નત નબી કી હય આતિશ
બુઝદિલી સે અમલ હોતા નહીં

**સવાલ :** માણસ જંગલમાં હોય અને એની પાસે ખાવાનું નથી અને મરી જશે એવો સંભવ છે તો મુરદાર હરામ છે પણ એના માટે જાન બચાવવા જેટલું જાઈઝ છે, કોઈ માણસ સામે રેશમી સિવાય કોઈ કપડું જ નથી અને એ ઉપયોગમાં મજબૂર છે તો એનાથી સતર ઢાંકી શકે છે, પાણી જ નથી અને જાન જાય એવું છે તો દારૂ હોય તો જાન બચાવવા પી શકે છે, તો પછી કોઈ વાજિંત્રોના અવાજનો મજબૂર હોય તો એને રજા કેમ ન આપવામાં આવે ?!

**સવાલ :** પણ શું હલાલથી કામ નીકળી શકે તો મજબૂરને હરામની રજા મળી શકે છે ?!

તો પછી અલ્લાહનો ઝિક્ર અને ઈસ્લામિક શાયરી જાઈઝ તરીકાથી ગાય શકાય છે અને મ્યુઝિકની જરૂરત નથી, પછી એની રજા કેવી રીતે મળે ? શું વિના મ્યુઝિકે કોઈ મરી શકે છે ખરું ?! શું કોઈ માણસનું દિમાગ ખરાબ છે અને વાસના વધી ગઈ છે, ખર્ચ નથી કે શાદી અને નિકાહ કરી નિભાવ કરી શકે તો શું એને ઝિનાની રજા આપવામાં આવશે ?! તો પછી વાજિંત્રોની રજા કેમ ?! શું પાક પાણી છે પછી દારૂની રજા મળી શકે છે ? બીજાં કપડાં છે પછી રેશમીની રજા મળી શકે છે ? હલાલ ખાણું છે પછી મુરદારની રજા મળી શકે છે ? તો પછી વિના મ્યુઝિકે હલાલ તરીકાથી સાંભળી શકાય પછી હરામનો દખલ કેમ ? માણસની વાસનાનો ઈલાજ રોઝાથી થઈ શકે છે પછી ઝિનાની માંગ કેમ ?! મારી મચડીને કામ ન બને આ ઈસ્લામ છે, આ ધર્મ છે આ શરીઅત છે, કોઈ પણ વાત બોલતાં પહેલાં હજાર વખત વિચાર કરવો જાઈએ.

**કલમ નહીં તલ્વાર હય તેરે હાથમેં**
**દુશ્મન નહીં દોસ્ત હય તેરે સામને**

જો લોકોના ધારવા મુજબ ખોટી વાતો બનાવવામાં આવે તો પછી કુર્આન અને હદીષની એક વાત પણ એની જગાએ ન રહે અને દરેક રમકડાની જેમ એના હુકમોને રમાડે. એટલે ખોટી રીતે કોઈને ઢીલ ન આપી શકાય.

**હદીષ નં. ૩ :** તિર્મિઝી, કિતાબુલ ફિતન, ભાગ–૨, પેજ–૪૪ હઝરત ઈમરાન બિન હુસૈનથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું આ ઉમ્મતમાં પણ જમીનમાં ગારત થવું, શક્કલો બગડવી અને પથ્થરની વર્ષા થવાના બનાવો બનશે. મુસલમાનોમાંથી એક વ્યક્તિએ પૂછયું, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એ ક્યારે થશે ?!





قَالَ اِذَا ظَهَرَتِ الْقِيَانُ وَالْمَعَازِفُ وَشُرِبَتِ الْخُمُوْرُ

જ્યારે ગાવાવાળી સ્ત્રીઓ અને વાજિંત્રોનો રિવાજ બની જશે અને (વધારે પ્રમાણમાં) દારૂ પીવામાં આવશે.

તુહફતુલ અહવઝી, ભાગ–૩, પેજ–૨૨૫ માં છે : હાફિઝ મુન્ઝેરીએ આ હદીષ તરગીબો તરહીમાં નકલ કરી છે અને પછી ચુપ રહ્યા છે. (એટલે કે સનદ પર કોઈ કલામ કર્યું નથી) તો જાણવા મળ્યું આ હદીષ એમના નજીક સશકત અને પુરાવા લાયક છે.

હદીષનો મતલબ એ છે કે કોઈ ગાવાનું કામ કરશે, કોઈ વાજિંત્રો વગાડવાનું કામ કરશે, કોઈ દારૂ પીશે, અથવા એકમાં બધું ભેગું થશે, એ બધાં પર ઉપરોક્ત અઝાબની ખબર છે. જો વાજિંત્રો જાઈઝ હોય તો પછી અઝાબની ખબર કેમ આપવામાં આવી રહી છે ! શું જાઈઝ અને હલાલથી પણ અઝાબ આવે છે ?! હદીષથી સ્પષ્ટ થયું વાજિંત્રો ઈસ્લામી શરીઅતના આધારે હરામ છે, એમાં હલાલનો માર્ગ શોધવો વાસનાને ખોટી રીતે હવા આપવી છે.

**હદીષ નં. ૪ :** ઉમ્દતુલ કારી, શરહે સહીહ બુખારી, ભાગ–૧૪, પેજ–૫૯૪ સઈદ ઈબ્ને મન્સૂરની કિતાબમાં છે : અમને હદીષ બયાન કરી અબૂ દાઊદ અને સુલેમાન બિન સાલિમ બસરીએ, અમને હદીષ બયાન કરી હિસાન બિન સેનાને તેઓ રિવાયત કરે છે એક માણસથી અને તેઓ અબૂ હુરૈરહ્થી અને અબૂ હુરૈરહ્એ નબીએ પાકથી કે આપે ફર્માવ્યું, અંતિમ જમાનામાં મારી ઉમ્મતમાંથી એક કોમ વાંદરા અને સુવ્વરમાં બદલી નાખવામાં આવશે. સહાબાએ પૂછયું, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તેઓ એ ગવાહી આપશે કે આપ અલ્લાહના રસૂલ છે અને અલ્લાહ સિવાય કોઈ ઈબાદતના લાયક નથી. ફર્માવ્યું, હા ! તેઓ નમાઝ પઢતા હશે, રોઝો રાખતા હશે અને હજ્જ કરતા હશે. પૂછયું, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم પછી કેમ ?! ફર્માવ્યું :–

اِتَّخَذُوا الْمَعَازِفَ وَالْقِيْنَاتِ وَالدُّفُوْفَ وَيَشْرَبُوْنَ هٰذِهِ الْاَشْرِبَةَ
فَبَاتُوْا عَلٰى لَهْوِهِمْ وَشَرَابِهِمْ فَاَصْبَحُوْا قِرَدَةً وَالْخَنَازِيْرَ

એમના અપનાવી લેવાથી વાજિંત્રો, ગાવાવાળી સ્ત્રીઓ, દફો અને તેઓ આ પીણુ પીતા હશે (દારૂ), તેઓ પોતાની આ રમતમાં અને દારૂમાં રાત વિતાવશે, સવાર પડે તેઓ વાંદરા અને સુવ્વર બની ગયા હશે.

**ફાયદો** : આ હદીષમાં જે અઝાબની ખબર સંભળાવવામાં આવી તેની બાબત સ્પષ્ટ ઉલ્લેખ છે કે તેઓ મુસલમાન હશે, નમાઝ, રોઝા અને હજ્જના પાબંદ હશે પણ નાચવા, ગાવાને અને વાજિંત્રોને અપનાવી લેવાથી અને દારૂ પીવાથી એમને એ અઝાબ આપવામાં આવશે. એ જરૂરી નથી કે દરેકમાં ગણાવેલી દરેક બુરાઈ ભેગી થઈ જાય, એમાંથી જેને અપનાવે સખત ગુનાહનું કામ છે. તો સ્પષ્ટ થયું વાજિંત્રો હરામ છે.

**હદીષ નં. ૫** : તિર્મિઝી, કિતાબુલ ફિતન, ભાગ–૨, પેજ–૪૪૪, ઈમરાન બિન હુસૈનથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, આ ઉમ્મતમાં જમીનમાં ગારત થવાનું, ચહેરા બદલાય જવાનું અને પથ્થરોની વર્ષાના બનાવ બનશે, મુસલમાનોમાંથી એક માણસે પૂછયું, અય ! અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એ ક્યારે થશે ? તો આપે ફર્માવ્યું :–

اِذَا ظَهَرَتِ الْقِيَانُ وَ الْمَعَازِفُ وَشُرِبَتِ الْخُمُوْرُ

જ્યારે ગાવાવાળી સ્ત્રીઓ અને વાજિંત્રોનો રિવાજ થઈ જશે અને દારૂ પીવામાં આવશે.

**હદીષ નં. ૬** : તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહથી રિવાયત છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે ગનીમતના માલને પોતાની માલિકી બનાવી લેવામાં આવે, અનામતને લૂટનો માલ સમજી લેવામાં આવે, ઝકાતને ટેકસ સમજવામાં આવે, દીનનું ઈલ્મ દીન સિવાયના કામ માટે શીખવામાં આવે, જ્યારે પુરૂષ પોતાની પત્નીની વાત માને અને માતાની નાફર્માની કરે, પોતાના દોસ્તને નજીક કરે અને પોતાના પિતાને દૂર કરે, મસ્જિદોમાં બૂમાબૂમ થવા લાગે, જ્યારે કુટુંબનો આગેવાન ફાસિક (અપરાધી) હોય પબ્લિકનો ઉપરી એમનો તુચ્છ માણસ હોય, માણસની ઈજ્જત અને બુરાઈના ડરથી કરવામાં આવે.

حَلَّتْ بِهَا الْبَلَاءُ وَفِيْهِ اتخذ الْقِيَان وَ الْمَعَازِف જ્યારે ગાવાવાળી સ્ત્રીઓ અને વાજિંત્રોનો રિવાજ થઈ જાય અને દારૂ પીવામાં આવે, જ્યારે આ ઉમ્મતના પાછલા પૂર્વજોને લા'નત કરે તો એ સમયે તમે વાટ જોશો લાલ વાવાઝોડાની, ભૂકંપની, જમીનમાં ગારત થઈ જવાની, શક્કલો બગડી જવાની અને પથ્થર વર્ષાની કિયામતની. નિશાનીઓ સતત આવશે જેમ કે હારનો દોરો તૂટી જવાથી એના મણકા સતત આવતા જાય.





**ફાયદો** : આ હદીષમાં પણ કિયામતની નિશાનીઓ પૈકી એક નિશાની વાજિંત્રોનો રિવાજ થશે વર્ણવવામાં આવી. જે એક ખરાબ અને હરામ કામ છે પણ હરામનો રિવાજ થઈ જશે. અને જ્યારે ગુનાહનાં કામો નિશાનીઓ બનીને આવશે તો પછી અઝાબની વાત જોવી જોઈએ. શું હલાલ અને જાઈઝ કામ પર અઝાબ આવે છે ? સ્પષ્ટ થયું વાજિંત્રોનો ઉપયોગ હરામ છે.

**હદીષ નં. ૭** : તિર્મિઝી, ભાગ–૨, પેજ–૪૪ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે મારી ઉમ્મત પંદર પ્રકારનાં કામોમાં વ્યસ્ત થશે તો એમના પર મુસીબતો ઉતરશે તેઓમાંથી એક એ છે કે ગાવાવાળી સ્ત્રીઓ અને વાજિંત્રોનો રિવાજ થશે.

મુસીબતો અને બલાઓ આવવાનાં કામો સારા ન હોય, નાજાઈઝ અને હરામ જ હોય, પછી એ મુસીબતના ઝરીયાને જાઈઝ કેવી રીતે કહી શકાય ? સ્પષ્ટ થયું કે વાજિંત્રોનો ઉપયોગ જાઈઝ નથી હરામ છે. એ દુનિયાદારીનું કામ છે, દારૂડિયા અને વ્યભિચારી લોકોનાં કામ છે, દીનદાર અને પરહેઝગાર લોકોએ તો એના નામથી પણ નાસવું જોઈએ.

**હદીષ નં. ૮** : અબ્દુલ્લાહ બિન હુમૈદએ રિવાયત કરી શબ્દો એમના જ છે. ઈબ્ને માજામાં પણ આ રિવાયત આવી છે. કિતાબુલ ફિતન બાલે ખોસૂફ, હઝરતે સહબ બિન સઅદથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, આ ઉમ્મતમાં જમીનમાં ગારત થવું, શક્કલો બગાડવી, અને પથ્થરની વર્ષા થવાના બનાવો બનશે. પૂછવામાં આવ્યું, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ક્યારે ? આપે ફર્માવ્યું :–

اِذَا ظَهَرَتِ الْقِيَانُ وَ اسْتُحِلَّتِ الْخَمَرُ

''જ્યારે ગાવાવાળીઓ જાહેર થશે અને દારૂ હલાલ સમજવામાં આવશે.''

**હદીષ નં. ૯** : મજમઉઝ્ઝવાઈદ, ભાગ–૮, પેજ–૧૦ માં હઝરત ઉબાદા બિન સામિત رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કસમ છે એ જાતની જેના દસ્તે કુદરતમાં મુહમ્મદની જાન છે ! મારી ઉમ્મતના અમુક લોકો રાત વિતાવશે ગર્વ અને અભિમાનમાં અને રમત ગમતમાં, એમના હરામના હલાલ સમજી લેવાથી તેઓ વાંદરા અને ભુંડ હોવાની હાલતમાં સવાર કરશે, અને એમના ગાવાવાળીઓને અપનાવવાથી દારૂ પીવાથી, વ્યાજ ખાવાથી અને રેશમ પહેરવાથી.

અલ્લામા હયષમીએ આ હદીષ ઉબાદા બિન સામિત અબૂ ઉમામા અને ઈબ્ને અબ્બાસ ત્રણ સહાબાથી રિવાયત કરી છે અને ઈમામ તબ્રાનીએ માત્ર હઝરત અબૂ ઉમામાથી રિવાયત કરી છે.

**હદીષ નં. ૧૦** : તબ્રાનીએ સગીરમાં હઝરત ઈબ્ને અબ્બાસથી એક હદીષ આ પ્રમાણે રિવાયત કરી છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જરૂર મારી ઉમ્મતમાં અમુક લોકો શરાબ કબાબમાં અને રમત ગમતમાં રાત પસાર કરશે, એમની સવાર એ સ્થિતિમાં થશે કે એમની શક્કલો વાંદરાઓ અને ભુંડોમાં બદલાએલી હશે. *(મજમઉઝ્ઝવાઈદ, ભાગ–૮, પેજ–૧૦)*

**હદીષ નં ૧૧** : તબ્રાનીએ સગીરમાં અબૂ સઈદ ખુદરીથી રિવાયત છે : આપ નબી ﷺ થી રિવાયત કરે છે કે આપ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં જમીનમાં ગારત થવાના, શક્કલો બદલાવાના, અને પથ્થરોની વર્ષા થવાના બનાવો બનશે, ગાવાવાળીઓને અપનાવવાવાળાઓમાં, દારૂ પીવાવાળાઓમાં, અને રેશમ પહેરવાવાળઓમાં. *(મજમઉઝ્ઝવાઈદ, ભાગ–૮, પેજ–૧૧)*

**હદીષન નં. ૧૧** : તબ્રાનીએ રસૂલુલ્લાહ ﷺ ના સહાબી અબ્દુલ્લાહ બિન બિશ્રથી રિવાયત કરી, આપ ફર્માવે છે કે મેં હુઝૂરને ફર્માવતાં સાંભળ્યા, નિઃશંક ! આ ઉમ્મતના અંતમાં એક કોમ એવી થશે જે દારૂ પીવામાં અને વાજિંત્રો વગાડવામાં વ્યસ્ત હશે, ઓચિંતા એમની ઉપર અલ્લાહનો અઝાબ ઉતરશે અને એમને વાંદરા અને ભુંડ બનાવી દેવામાં આવશે. *(મજમઉઝ્ઝવાઈદ)*

**હદીષ નં. ૧૨** : જામેએ સગીર, ભાગ–૨, પેજ–૩૯, ઈગાષતુલ લહફાન, ભાગ–૧, પેજ–૨૬૫ માં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આ ઉમ્મતમાં જમીનમાં ગારત થવાનું, પથ્થરની વર્ષા થવાના, અને શક્કલો બદલાય જવાના બનાવો બનશે, જ્યારે તેઓ દારૂ પીશે ગાવાવાળીઓ અપનાવશે અને વાજિંત્રો વગાડશે ضَرَبُوْا بِالْمَعَازِفِ.

**હદીષ નં. ૧૨** : ઈગાષતુલ લહફાન, ભાગ–૧, પેજ–૨૬૫ અબ્દુર્રહ્માન બિન ષાબિતથી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં જમીનમાં ગારત થવાના, પથ્થરોની વર્ષા થવાના અને શક્કલો બદલાવાના બનાવો બનશે, લોકોએ પૂછયું, અય અલ્લાહના રસૂલ ! ﷺ એ ક્યારે થશે ? આપે ફર્માવ્યું, જ્યારે વાજિંત્રો જાહેર થશે અને લોકો દારૂને હલાલ કરશે.





**હદીષ નં. ૧૩** : ઈગાલષતુલ લહફાન, ભાગ–૧, પેજ–૨૬૪, હઝરત આઈશાથી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં જમીનમાં ગારત થવાના, શક્કલો બદલાવાના, પથ્થરોની વર્ષા થવાના બનાવો બનશે. હઝરત આઈશાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ તેઓ લાઈલાહ ઈલ્લલાહ કહેશે ? તો આપે ફર્માવ્યું, જ્યારે ગાવાવાળીઓ જાહેર થશે, ઝિના જાહેરમાં થશે, દારૂ પીવામાં આવશે, રેશમ પહેરવામાં આવશે, ત્યારે આમ થશે.

**નોંધ** : ઉપરોક્ત તેર રિવાયતો તેર સહાબાથી રિવાયત કરવામાં આવી છે તેમાં ગાવાવાળીઓના વધી જવા પર અને વાજિંત્રોના ઉપયોગ પર અઝાબે ઈલાહીનો ડર સંભળાવવામાં આવ્યો છે, તે સહાબાનાં નામો નીચે મુજબ છે :–

(૧) હઝરત અબૂ માલિક અશઅરી (૨) હઝરત ઈમરાન બિન હુસૈન (૩) હઝરત અબૂ હુરૈરહ્ (૪) હઝરત સહલ બિન સઅદ સાએદી (૫) હઝરત અલી (૬) હઝરત ઉબાદા બિન સામિત (૭) હઝરત અબૂ ઉમામા (૮) હઝરત ઈબ્ને અબ્બાસ (૯) હઝરતે અબૂ સઈદ ખૂદરી (૧૦) હઝરતે અબ્દુલ્લાહ બિન બિશ્ર (૧૧) હઝરત અનસ (૧૨) હઝરત અબ્દુર્રહ્માન બિન ષાબિત (૧૩) હઝરત આઈશા. શું પછી પણ કોઈને વાજિંત્રો અને નાચગાનના હરામ હોવા પર શંકા રહી શકે છે ખરી ?! નહીં ! એ જરૂરથી હરામ છે ! મુસલમાનોને એની રજા નથી.

ઈગાષતુલ લહફાન, ભાગ–૧, પેજ–૨૬૬ હાફિઝ ઈબ્ને કય્યિમ લખે છે કે આ ઉમ્મતમાં ચહેરા બગાડવાની ખબરો ઘણી વખત આવી છે.

وَهُوَ مُقَيَّدٌ فِىْ اَكْثَرِ الْاَحَادِيْثِ بِاَصْحَابِ الْغِنَاءِ وَشَارِبِ الْخَمْرِ

વધુ પડતી હદીષોમાં એ અઝાબ ગાવા, વગાડવામાં તલ્લીન રહેવાવાળાઓ અને દારૂ પીનારાઓ માટે નિયુક્ત છે.

**હદીષ નં. ૧૪** : મુસ્નદે અહમદ, ભાગ–૨, પેજ–૩૮, અબૂ દાવૂદ કિતાબુલ અદબ બાબે કરાહિયતે ગિના, ભાગ–૨, પેજ–૬૭૪, મુનતકલ અખબાર, ભાગ–૮, પેજ–૯૬ માં હઝરતે નાફિઅથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ એક વખત એક ગોવાળની વાંસળીનો અવાજ સાંભળ્યો તો પોતાના બંને કાનોમાં આંગળીઓ રાખી દીધી અને પોતાની સવારી રસ્તાથી

હટાવી લીધી અને ફર્માવતા, અય નાફિઅ ! શું તમે સાંભળો છો ? જો હું કહેતો, હા ! તો ચાલતા, જયારે મેં કહ્યું, ના ! તો પોતાનો હાથ ઉઠાવ્યો અને પોતાની સવારી માર્ગે કરી અને કહ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે, سَمِعَ زَمَّارَۃَ رَاعٍ فَصَنَعَ مِثْلَ هٰذَا આપે ગોવાળની વાંસળીનો અવાજ સાંભળ્યો તો એવું જ કર્યું જે પ્રમાણે મેં કર્યું.

**સવાલ** : એક સાહેબનું કહેવું એવું છે કે વાજિંત્રોની મનાઈ વિના શરતે કરવામાં નથી આવી બલ્કે દારૂ અને શરાબ પીનારાઓ સાથે સંબંધિત છે મતલબ એ છે કે ગાફિલ લોકોનું એ કામ ખરાબ અને હરામ છે, દીનદાર અને પરેઝગાર માટે એ હુકમ નથી.

**જવાબ** : એ ખોટા માર્ગે જવાનું બહાનું છે, હદીષનો ભાવાર્થ એવો નથી, એના માટે હઝરત ઈબ્ને ઉમરનો અમલ સશક્ત પુરાવો છે કે એમણે વિના ઈરાદે બીજા તરફથી આવતો વાંસળીનો અવાજ પણ ન સાંભળ્યો અને ફર્માવ્યું, નબીએ પાકે પણ એ પ્રમાણે કર્યું હતું. તમારા કહેવાનો મતલબ છે વાજિંત્રો શરાબી અને દારૂડિયા માટે અને રમત ગમતની નિય્યત કરનાર માટે હરામ છે દીનદાર માટે નહીં ! તો જવાબ આપો કે ઈબ્ને ઉમર અને હુઝૂર દીનદાર નથી ? તો એમણે એ અવાજ કેમ ન સાંભળ્યો અને કાન કેમ બંધ કરી દીધા ? તમને બતાવવા કે એ હરામ છે અને મુસલમાનો માટે જાઈઝ નથી. પછી બહાનાં બનાવવાં બેકાર છે.

**સવાલ** : વાંસળીનો અવાજ હરામ છે તો પછી ઈબ્ને ઉમરે પોતે ન સાંભળ્યો પણ હઝરત નાફિઅને કેમ ન કહ્યું કે હરામ છે ?! તમે પણ કાન બંધ કરી લો ?!

**જવાબ** : ઈબ્ને ઉમરે પોતે શું કર્યું અને હુઝૂરથી કયો અમલ બતાવ્યો તો તમારે એનાથી હુકમ સમજવો જોઈએ, હઝરત નાફિઅની વાત કેમ કરો છો ? બીજું એ કે હઝરત નાફિઅ નાની વયના નાબાલિગ હતા એટલે એમના પર હુકમ લાગુ ન પડે, જામેઉલ ઓસૂલ, ભાગ–૮, પેજ–૪૫૭ અલ્લામા ઈબ્ને અષીરે હઝરત નાફિઅથી આ ખુલાસો પણ નકલ કર્યો છે. قَالَ نَافِعٌ وَّ كُنْتُ اِذْ ذَاكَ صَغِيْرًا નાફિએ કહ્યું અને હું એ સમયે નાનો હતો.

**લતીફો** : હુકમ નાની વયના માટે નથી અને પાગલ માટે નથી તમે





બેમાંથી કયા પ્રકારમાં છો, નાબાલિગમાં તો નહીં હોય તો અવશ્ય બીજા પ્રકારમાં જવું પડશે, પણ એ કબૂલ થવું તો જોઈએ ?

ત્રીજું એ કે ઈરાદાપૂર્વક એવા અવાજો સાંભળવા હરામ છે પણ વિના ઈરાદે હોય તો એ હુકમ આવી શકતો નથી, પછી પણ કોઈ ન સાંભળે તો એ એનો તકવો છે ફત્વો નથી. કોઈ માણસ પોતાના કામથી નીકળ્યો માર્ગમાં ગાયનો અને મ્યુઝિક ચાલી રહ્યું છે, ઈરાદો ન કરે તો કાન બંધ કર્યા વિના પસાર થઈ જાય તો ગુનોહ નથી. ઈરાદાપૂર્વક સાંભવાની મનાઈ છે. ઈબ્ને ઉમરે સુન્નત પર અમલ કરવા એ અવાજ પણ ન સાંભળ્યો.

**હદીષ નં ૧૫** : અબૂ દાવૂદ કિતાબુલ અશરેબા, ભાગ–૨, પેજ–૫૧૯, મુસ્નદે અહમદ, ભાગ–૨, પેજ–૧૫૮, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

اِنَّ اللّٰهَ حَرَّمَ الْخَمْرَ وَ الْمَيْسِرَ وَ الْكُوْبَةَ

وَ الْغُبَيْرَاءَ وَ كُلُّ مُسْكِرٍ حَرَامٌ

"નિઃશંક ! અલ્લાહ તઆલાએ દારૂ, જુગાર, તબલા અને તંબૂરો હરામ કર્યો, અને દરેક નશાવાળી ચીજ હરામ છે."

**હદીષ નં. ૧૬** : મુસ્નદે અહમદ, ભાગ–૨, પેજ–૧૬૭, હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસથી રિવાયત છે :–

اِنَّ اللّٰهَ حَرَّمَ عَلٰى اُمَّتِىْ الْخَمْرَ وَ الْمَيْسِرَ وَ الْمِزْرَ وَ الْكُوْبَةَ وَ الْقِنِّيْنَ
وَ زَادَنِىْ صَلٰوةَ الْوِتْرِ قَالَ يَزِيْدُ الْقِنِّيْنُ الْبَرَابِطُ

બેશક ! અલ્લાહ તઆલાએ મારી ઉમ્મત પર હરામ કર્યું દારૂ, જુગાર, જવનો દારૂ, ડુગડુગી અને તંબૂરો અને વિત્રની નમાઝનો મારા માટે વધારો કર્યો. યઝીદનું કહેવું છે કનીન તંબૂરો છે.

**હદીષ નં. ૧૬** : અબૂ દાવૂદ કિતાબુલ અશરેબા, ભાગ–૨, પેજ–૫૨૦, મુસનદે અહમદ, ભાગ–૧, પેજ–૨૭૪, બયહકી કિતાબુશશહાદાત, ભાગ–૧૦, પેજ–૨૨૧, નીલુલ અવતાર, ભાગ–૮, પેજ–૯૯, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તઆલાએ દારૂ, જુગાર, તબલા હરામ કર્યા અને દરેક નશો લાવનાર ચીજ હરામ છે.

**હદીષ નં. ૧૭** : બયહકી, ભાગ–૧૦, પેજ–૨૨૨, હઝરત કૈસ બિન સઅદ બિન ઉબાદાથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, حَرَّمَ عَلَيَّ الْخَمْرَ وَالْكُوْبَةَ وَالْقِنِّيْنَ કે બેશક ! અલ્લાહ તબારક વ તઆલાએ મારા માટે હરામ કર્યું દારૂ, ડુગડુગી અને તંબૂરો.

**હદીષ નં. ૧૭** : બયહકી સુનને કુબરા, ભાગ–૧૦, પેજ–૨૨૨, હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત છે : ફર્માવ્યું :–

الْكُوْبَةُ حَرَامٌ وَالدُّفُّ حَرَامٌ وَالْمَزَامِيْرُ حَرَامٌ

"ડુગડુગી હરામ છે, દફ હરામ છે, વાંસળીયાં હરામ છે." *(અલ્ મતાલિબુ આલિયા, ભાગ–૨, પેજ–૨૫૩)*

**હદીષ નં. ૧૮** : નીલુલ અવતાર, ભાગ–૮, પેજ–૧૦૦, હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદથી રિવાયત છે : નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક માણસને રાત્રે ગાતાં સાંભળ્યો તો ફર્માવ્યું, એની નમાઝ કબૂલ નથી ! ત્રણ વખત આમ ફર્માવ્યું.

**હદીષ નં. ૧૯** : નીલુલ અવતાર, ભાગ–૮, પેજ–૧૦૦ માં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

اِسْتِمَاعُ الْمَلَاهِيْ مَعْصِيَةٌ وَالْجُلُوْسُ عَلَيْهَا فِسْقٌ وَالتَّلَذُّذُ بِهَا كُفْرٌ

ગાવું, વગાડવું, સાંભળવું ગુનોહ છે, એના માટે બેસવું ફિસ્ક (બુરૂં) છે, એનાથી મજા લેવી કુફ્ર છે. (નાશુક્રી)

**હદીષ નં. ૨૦** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૫ માં હઝરત અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :– بُعِثْتُ بِكَسْرِ الْمَزَامِيْرِ **મને વાજિંત્રો તોડવા મોકલવામાં આવ્યો.** પછી આપે ફર્માવ્યું, ગાવાવાળો અને ગાવાવાળીની કમાઈ હરામની છે, વ્યભિચારી સ્ત્રીની કમાઈ હરામની છે, અલ્લાહનો વાયદો છે કે હરામ લીધેલા બદનને જન્નતમાં દાખલ નહીં કરે.

**હદીષ નં. ૨૧** : કફ્ફુર્રિઆઅ, ભાગ–૧, પેજ–૮, મુસ્નદે અબૂ દાવૂદ, તિયાલીસી, પેજ–૧૫૫, કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૫, હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ عزوجل એ મને ઈમાનવાળાઓ માટે હિદાયત અને રહમત બનાવીને મોકલ્યો છે. وَاَمَرَنِيْ لِمَحْقِ الْمَزَامِيْرِ وَالْاَوْتَارِ وَالصَّلِيْبِ وَاَمْرِ الْجَاهِلِيَّةِ અને મને





હુકમ આપ્યો છે કે હું વાંસળીઓ, તંબૂરો, ક્રોસ અને જાહિલિયતનાં કામોને નષ્ટ કરું.

**હદીષ નં. ૨૨** : આ પ્રકારની હદીષ હઝરત ઈબ્ને અબ્બાસથી પણ રિવાયત છે જેને જમઉલ જવામિઅ, ભાગ–૧, પેજ–૧૫૨ માં દૈલમીનો પુરાવો તેમાં અંત આ પ્રમાણે છે : હુઝૂરે ફર્માવ્યું કે : اُمِرْتُ بِهَدْمِ الطَّبْلِ وَالْمِزْمَارِ મને હુકમ આપવામાં આવ્યો કે હું તબલા અને વાંસળીઓને નષ્ટ કરું.

**હદીષ નં. ૨૩** : અલ્ મુઅજ્જમુલ કબીર, ભાગ–૧, પેજ–૨૮, નીલુલ અવનાર, ભાગ–૮, પેજ–૧૦૦ માં હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે : હુઝૂરથી રિવાયત કરી ગાવાવાળીની કિંમત હરામ છે, એનું ગાવું હરામ છે, એની તરફ નજર કરવી હરામ છે, એની કિંમત કૂતરાની કિંમત જેવી છે, અને કૂતરાની કિંમત હરામ છે, અને જેનો ગોશ્ત હરામથી બન્યો આગ એના માટે ઉત્તમ છે.

**હદીષ નં. ૨૪** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૫ માં હઝરત અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે, ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગાવાવાળીઓ, મુરદા પર માતમ કરનારીઓ અને એમને વેચવા ખરીદવાથી મનાઈ કરી અને ફર્માવ્યું, એમની કમાણી હરામ છે.

**કવ્વાલણ સ્ત્રીઓ જે દરગાહો પર કવ્વાલી માટે બોલાવવામાં આવે છે અને એમને ગાવાનું આમંત્રણ આપવામાં આવે છે, એમને ગાવા માટે મોહ માંગી કિંમત આપવામાં આવે છે, તેણીઓ ફેશની કપડામાં આવી સ્ટાઈલથી ગાય છે અને લોકો બૂમાબૂમ કરે છે, અને પછી દરગાહ પરની આ સભાને ઉર્સ કહેવામાં આવે છે ! તેઓ આ હદીષોથી સબક લે, ઈસ્લામ અને સુન્નિયતનું નામ બદનામ ન કરે !**

**હદીષ નં. ૨૫** : રૂહુલ મઆની, ભાગ–૬, પેજ–૪૬૩ માં ઈબ્ને અબી દુનિયા અને ઈબ્ને મરદવિયાના પુરાવાથી છે : હઝરત આઈશાથી રિવાયત છે એમણે કહ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ ગાવાવાળીને વેચવું, ખરીદવું, એને એ તા'લીમ આપવી, એનાથી સાંભળવું હરામ કર્યું છે.

ફૈઝુલ કદીર, ભાગ–૩, પેજ–૩૩૯ પર છે કે ગાવામાં દાસીઓનું વર્ણન વારંવાર એટલા માટે થયું છે કે તે જમાનામાં આ કામો એમનાથી જ

લેવામાં આવતાં હતાં, દાસીઓ સિવાયની આઝાદ સ્ત્રીઓ આ કામ ન કરતી હતી. (અફસોસની વાત એ છે કે વર્તમાનકાળની સ્ત્રીઓ દાસીઓ નથી તેણીઓ બીજાના અધિકારમાં નથી, પણ તેઓ પોતે જ ગાવાનાં કામો અપનાવે છે. દાસીઓ તો બીજાના અધિકારમાં હોતી એટલે મજબૂર પણ થઈ શકે, આજે સ્ત્રીઓને તો એવી કોઈ મજબૂરી નથી, એમનું ગાવું, એમનું સાંભળવું બધું જ હરામ છે.)

**હદીષ નં. ૨૬ :** નીલુલ અવતાર, ભાગ–૮, હઝરત અલી كرم الله تعالى وجهه الكريم થી રિવાયત છે કે નબી صلى الله تعالى عليه وسلم એ نَهٰى عَنْ ضَرْبِ الدُّفِّ وَصَوْتِ الزَّمَّارَةِ દફ વગાડવાથી અને વાંસળીના અવાજથી મનાઈ કરી.

**હદીષ નં. ૨૭ :** કન્ઝુલ ઉમ્માલમાં દારે કુતનીના પુરાવાથી છે, ભાગ–૭, પેજ–૩૩૫ માં હઝરત અલીથી રિવાયત છે કે :–

نَهٰى عَنْ ضَرْبِ الدُّفِّ وَلَعْبِ الصَّنْجِ وَضَرْبِ الزَّمَّارَةِ

રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ દફ વગાડવાથી, ચંગ રમવાથી અને વાંસળી વગાડવાથી મનાઈ કરી.

(અલ્લામા સિયૂતીને જામેએ સગીર, ભાગ–૨, પેજ–૧૯૩, ખતીબને તારીખે બગદાદમાં, ભાગ–૧૩, પેજ–૩૦૦)

**હદીષ નં. ૨૮ :** કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૨, પેજ–૨૦૧ માં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે કે નબીએ પાકે ફર્માવ્યું :–

سُوْءُ الْكَسْبِ اُجْرَةُ الزَّمَّارَةِ وَثَمَنُ الْكَلْبِ

"અતિ ખરાબ કમાઈ વાંસળીની મજૂરી અને કૂતરાની કિંમત છે."

**હદીષ નં. ૨૯ :** બયૂહકી, ભાગ–૧૦, પેજ–૨૨૩, ઔનુલ મા'બૂદ શરહે અબૂ દાવૂદ, ભાગ–૪, પેજ–૪૩૫ માં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદથી રિવાયત છે : નબી صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું :–

اَلْغِنَاءُ يُنْبِتُ النِّفَاقَ فِى الْقَلْبِ كَمَا يُنْبِتُ الْمَآءُ الْبَقْلَ

"ગાવું દિલમાં એવી રીતે નિફાક ઉગાડે છે જેમ પાણી ખેતી ઉગાડે છે."

*(આ હદીષ કફ્ફુર્રિઆઅમાં અલ્લામા ઈબ્ને હજર મક્કીએ હઝરત જાબિરથી રિવાયત કરી છે, કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૩)*



ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !

**હદીષ નં. ૩૦ :** ઈત્તેહાદુસ્સાદતિલ મુત્તકીન, ભાગ–૬, પેજ–૫૨૫ માં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : નબીએ પાક صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું :–

حُبُّ الْغِنَاءِ يُنْبِتُ النِّفَاقَ فِى الْقَلْبِ كَمَا يُنْبِتُ الْمَآءُ الْعُشْبَ

"ગાવાની મહોબ્બત દિલમાં એવી રીતે નિફાક ઉગાડે છે જેમ પાણી ઘાસ ઉગાડે છે." (દૈલમીએ પણ આને રિવાયત કરી છે.)

**હદીષ નં. ૨૯ :** કફ્ફુર્રિઆઅ, ભાગ–૧, પેજ–૧૬ માં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદથી રિવાયત છે : નબી صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું :– اِيَّاكُمْ وَسِمَاعَ الْمَعَازِفِ وَالْغِنَاءِ ગાવું અને વાજિંત્રો સાંભળવાથી બચો એટલા માટે કે એ દિલમાં એવી રીતે નિફાક ઉગાડે છે જેવી રીતે પાણી ખેતી ઉગાડે છે.

**હદીષ નં. ૩૦ :** દૈલમીએ તખરીજ કરી કે નબીએ પાક صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું :–

اَلْغِنَاءُ وَاللَّهْوُ يُنْبِتَانِ النِّفَاقَ فِى الْقَلْبِ كَمَا يُنْبِتُ الْمَآءُ الْعُشْبَ
وَالَّذِىْ نَفْسِىْ بِيَدِهٖ اِنَّ الْقُرْاٰنَ وَالذِّكْرَ لَيُنْبِتَانِ الْاِيْمَانَ فِى الْقَلْبِ
كَمَا يُنْبِتُ الْمَآءُ الْعُشْبَ

"ગાવું અને રમવું દિલમાં એવી રીતે નિફાક ઉગાડે છે જેમ પાણી ઘાસ ઉગાડે છે, કસમ છે એ જાતની જેના દસ્તે કુદરતમાં મારી જાન છે ! બેશક ! કુર્આન અને ઝિક્ર ઈમાન દિલમાં ઉગાડે જેમ પાણી ઘાસ ઉગાડે છે."

**ફાયદો :** માણસે પોતાના **દિલમાં ઈમાનને સશક્ત કરવા કુર્આનની તિલાવત અને અલ્લાહનો ઝિક્ર કરવો જોઈએ.** ઈમાનવાળાને જે ફાયદો અને જે લિજ્જત અલ્લાહની યાદ અને તિલાવતે કુર્આનમાં મળે છે તે બીજામાં નથી મળી શકતી, કારણ કે કુર્આન અલ્લાહનું કલામ છે એનાથી વધીને બીજું શું હોઈ શકે છે ?! **જેઓ કુર્આન અને ઝિક્ર છોડીને વાજિંત્રોમાં પડેલા છે તેમને સાંભળવામાં લિજ્જત અલ્લાહના નામથી નથી મળતી બલ્કે લિજ્જત મ્યુઝિક સાંભળવામાં મળે છે !** જો એવું ન હોય તો જ્યારે અસંખ્ય હદીષો અને સહાબાના અમલો એને હરામ બતાવી રહ્યા છે તો પછી મારી મચડીને એને વચમાં લાવવાનાં બહાનાં કેમ બનાવવામાં આવે છે ?!

**હદીષ નં. ૩૧** : જામેએ સગીર, ભાગ–૨, પેજ–૧૬૩, ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં પણ આ રિવાયત નકલ કરી છે : હઝરત અનસથી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

صَبَّ اللّٰہُ فِیْ اُذُنَیْہِ الْاٰنُکَ یَوْمَ الْقِیَامَۃِ

"જે ગાવાવળી પાસે એનાથી સાંભળવા બેઠો **અલ્લાહ એના બંને કાનોમાં સીસું રેડશે** કિયામતના દિવસે."

**હદીષ નં. ૩૨** : હાકિમે તારીખમાં અને દૈલમીએ મુસ્નદમાં હઝરત અલીથી રિવાયત કરી છે : નબી ﷺ એ ફર્માવ્યું, જે માણસ મરે અને એની પાસે ગાવાવાળી હોય તો એની જનાઝાની નમાઝ ન પઢો. (એટલે કે અન્ય લોકો પઢી લે અને વડીલો ન પઢે જેથી બીજાને શિખામણ મળે કે આમ કરવું ગુનાહનું કામ છે.) *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૪)*

**હદીષ નં. ૩૨** : બયહ્કી અને તબરાનીએ સફવાન બિન ઉમય્યાથી રિવાયત હતી કે, અમ્ર બિન કુર્રાએ વિનંતિ કરી કે કમનસીબી મારા માટે લખી દેવામાં આવી છે, મને દફ વગાડવા સિવાય રોજી પ્રાપ્ત કરવાનો ઝરીયો નથી આવડતો. તો આપ મને રજા આપો ખરાબ છોડીને હું ગાવું. રસૂલુલ્લાહએ ફર્માવ્યું :–

اَخْتَرْتَ مَاحَرَّمَ اللّٰہُ عَلَیْکَ مِنْ رِزْقِہٖ مَکَانَ مَااَحَلَّ اللّٰہُ لَکَ مِنْ حَلَالِہٖ

હું તને રજા નથી આપી શકતો જેમાં ઈજ્જત અને બરકત ન હોય, અય અલ્લાહના દુશ્મન ! તું જૂઠુ બોલ્યો, અલ્લાહએ તો તને હલાલ રોજી આપી છે. પણ તેં અલ્લાહના હરામ કરેલાને પોતાની રોજીમાં અપનાવી લીધું અલ્લાહને તારા માટે હલાલ કરેલાની જગાએ.

**હદીષ નં. ૩૩** : અલ્લામા મુહમ્મદ બિન મુહમ્મદ મગરેબીએ હઝરત મુહમ્મદ બિન મુનકદિરથી રિવાયત કરી છે. *(જમઉલ ફવાઈદ, ભાગ–૨, પેજ–૩૮)* ઈમામ ષઆલેબીએ પણ એમનાથી રિવાયત કરી છે. *(જવાહિરુલ હિસાન, ભાગ–૩, પેજ–૨૦૭)* ઈબ્ને હજર મક્કીએ દૈલમીના પુરાવાથી હઝરત ઈબ્ને અબ્બાસથી અને અલી મુત્તક્કીએ દૈલમીના પુરાવાથી હઝરત જાબિરથી રિવાયત કરી છે. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૩)* નબી ﷺ એ ફર્માવ્યું, જ્યારે કિયામતનો દિવસ હશે





અલ્લાહ عزوجل ફર્માવશે :–

اَیْنَ الَّذِیْنَ کَانُوْا یُنَزِّھُوْنَ اَسْمَاعَھُمْ
وَ اَبْصَارَھُمْ عَنْ مَزَامِیْرِ الشَّیْطَانِ

એ લોકો ક્યાં છે જેઓ પોતાના કાન અને આંખોને બચાવીને રાખતા હતા શૈતાનનાં વાજિંત્રોથી, એમને લોકોથી અલગ કરો ! ફરિશ્તાઓ એમને મુશ્ક અને અંબરના ટેકરાઓ પર અલગ કરશે. પછી અલ્લાહ ફરિશ્તાઓને કહેશે, એમને મારી તસ્બીહ અને તમજીદ સંભળાવો ! તો તેમને અવાજો સંભળાવશે એની જેવાં કોઈ સાંભળનારે સાંભળ્યા નહીં હોય. (વાજિંત્રોથી બચવાની બરકત છે કે એમને ત્યાં ખુશ થઈ જાય એવા અવાજો સંભળાવામાં આવશે, દુનિયા દારુલ અમલ છે અહીં બચી લ્યો તો એનું ફળ તમને આખિરતમાં મળશે.)

**હદીષ નં. ૩૪** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૩ માં હઝરત અબૂ મૂસા અશઅરીથી રિવાયત છે : નબી ﷺ એ ફર્માવ્યું :–

مَنِ اسْتَمَعَ اِلٰی صَوْتِ غِنَاءٍ لَمْ یُؤْذَنْ اَنْ
یَسْتَمِعَ اِلٰی صَوْتِ الرُّوْحَانِیِّیْنَ فِی الْجَنَّۃِ

"જે ગાયનોનો અવાજ સાંભળશે એને જન્નતમાં રૂહાની લોકોનો અવાજ સાંભળવાની રજા આપવામાં નહીં આવે."

**હદીષ નં. ૩૫** : જામેએ સગીરમાં અલ્લામા સિયૂતીએ, મજમઉઝ્ઝાવઈ, ભાગ–૩, પેજ–૧૩ માં એને સહીહ કહ્યું છે. કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૨ માં હઝરત અનસ અને આઈશા સિદ્દીકાથી રિવાયત છે : નબી ﷺ એ ફર્માવ્યું :–

صَوْتَانِ مَلْعُوْنَانِ فِی الدُّنْیَا وَ الْاٰخِرَۃِ
مِزْمَارٌ عِنْدَ نِعْمَۃٍ وَرَنَّۃٌ عِنْدَ مُصِیْبَۃٍ

બે અવાજો મલઉન છે દુનિયા અને આખેરતમાં, વાંસળીનો અવાજ નેઅમત (ખુશીના) મોકાથી અને રડવાનો અવાજ મુસીબતના મોકાથી.

**હદીષ નં. ૩૬** : જામેએ સગીર, ભાગ–૨, પેજ–૧૯૦, કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭ માં હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે, આપ નબીએ પાકથી રિવાયત કરે છે : આપે ગાવાથી અને ગાવું સાંભળવાથી મનાઈ ફર્માવી, ચુગલી

ખાવાથી અને એને સાંભળવાથી મનાઈ ફર્માવી.

**હદીષ નં. ૩૭** : દૈલમીએ હઝરત ઝૈદ બિન અરકમથી રિવાયત કરી : આપે ફર્માવ્યું, એક વખત નબી صلی اللہ تعالیٰ علیہ وسلم મદીનાની કોઈ ગલીથી પસાર થઈ રહ્યા હતા એટલામાં એક યુવાન ગાતો ગાતો પસાર થયો તો આપે ફર્માવ્યું :–

اِذْمَرَّالشَّابُّ یُغَنِّیْ فَقَالَ وَیْلَکَ یَاشَابُّ هَلَّا بِالْقُرْاٰنِ تُغَنِّیْ

અય યુવાન ! અફસોસ છે કુર્આન કેમ નથી ગાતો ! (કિરાઅત કેમ નથી પઢતો !) આપે આપે આ વાત વારંવાર ફર્માવી.

**હદીષ . ૩૮** : મજમઉઝ્ઝવાઈદ, ભાગ–૨, પેજ–૧૨૦, ઈબ્ને અબી દુનિયા અને ઈબ્ને મરદવિય્યાએ હઝરત અબૂ ઉમામાથી રિવાયત કરી : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે પણ કોઈ ગાવા માટે અવાજ બુલંદ કરે અલ્લાહ તઆલા એના માટે બે શૈતાન મોકલે છે જેઓ એના બંને ખભા પર બેસે છે, પોતાની એડીઓ છાતી પર મારે છે ત્યાં સુધી કે એ ચૂપ થઈ જાય.

**હદીષ નં. ૩૯** : હાકિમની મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૦, અબૂ દાવૂદ, તેયાલિસી, ભાગ–૭, પેજ–૩૩૫, ઈબ્ને અબી શૈબા, ભાગ–૩, પેજ–૩૯૩ માં હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફથી રિવાયત છે : આપે ફર્માવ્યું, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારો હાથ પકડયો, હું આપની સાથે ચાલ્યો અને આપના પુત્ર ઈબ્રાહીમ પાસે પહોંચ્યો, તેઓ એ સમયે સકરાતની હાલતમાં હતા, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને પોતાના ખોળામાં લીધા, અને એમનું અવસાન થઈ ગયું, આપે એમને મૂકી દીધા અને રડયા, મેં વિનંતિ કરી આપ તો રડવાથી મનાઈ કરો છો અને પોતે રડો છો ! આપે ફર્માવ્યું, મેં રડવાથી મનાઈ નથી કરી, પણ મેં બે મૂર્ખાઈ અને ગુનાહના અવાજોથી મનાઈ કરી છે :–

صَوْتٌ عِنْدَ نَغْمَةٍ لَهْوٍ وَّلَعِبٍ وَمَزَامِیْرِالشَّیْطَانِ

એક તો ખુશીના સમયે રમત ગમત અને શૈતાનના વાજિંત્રોનો અવાજ, બીજો મુસીબતના સમયે ચહેરા પર તમાચા મારવાનો અને ગળુ ફાડવાનો અવાજ.

**હદીષ નં. ૪૦** : મુસ્લિમ, ભાગ–૨, પેજ–૨૦૨, અબૂ દાવૂદ, ભાગ–૧, પેજ–૪૩૨, હઝરત અબુ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, اَلْجَرَسُ مَزَامِیْرُ الشَّیْطَانِ "ઘંટડી





શૈતાનના વાજિંત્રો છે."

**ફાયદો** : ઘંટડીનો અવાજ એટલો સુંદર નથી હોતો કે એને મ્યુઝિક કહી દેવામાં આવે તો પણ આપણા નબીએ એને નાપસંદ કર્યું અને એને પણ વાજિંત્રોના અવાજ માફક બતાવ્યું. તો વાસ્તવમાં જે અવાજ વાજિંત્રોથી મ્યુઝિકનો છે એ તો કેટલો ખરાબ છે એ એને (અવાજ) શૈતાનનાં વાજિંત્રો કહી સ્પષ્ટ કર્યું.

**હદીષ નં ૪૧** : ઉપરોક્ત પુરાવા પ્રમાણે હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لَاتَصْحَبُ الْمَلٰٓئِکَةُ رُفْقَةً فِیْهَا کَلْبٌ وَّلَا جَرَسٌ

"ફરિશ્તાઓ એ સભામાં નથી જતા જ્યાં કૂતરુ અથવા ઘંટડી હોય."

**ફાયદો** : ફરિશ્તાઓને પણ એવા અવાજો પસંદ નથી એટલે તેઓ એવી સભામાં હાજરી નથી આપતા, અને મ્યુઝિક તો મ્યુઝિક જ છે, ઘંટડીના અવાજમાં તો એટલું આકર્ષણ નથી હોતું, તેમાં હાજરી નથી આપતા તો પછી વાસ્તવમાં મ્યુઝિક વાગતું હોય તો એમાં ફરિશ્તાઓ કેવી રીતે હાજરી આપે ?! અને જે અવાજો નબીને નથી પસંદ, ફરિશ્તઓને નથી પસંદ તો જાઈઝ કેવી રીતે થઈ શકે ?! શું જાઈઝ અવાજો નબી અને ફરિશ્તાઓને પસંદ નથી ? એવું તો નથી બની શકતું ! તો સ્પષ્ટ છે કે મ્યુઝિક હરામ છે.

**હદીષ નં. ૪૨** : અલ મતાલિબુલ આલિયા, ભાગ–૪, પેજ–૩૩૯, હુત બિન અબ્દુલ ઉઝ્ઝાથી રિવાયત છે : મોઝરથી એક જમાઅત આવી, એમની સવારીઓ પર ઘંટડીઓ હતી. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ હુકમ આપ્યો કે એને કાપી કાઢો, એટલે કે આપે ઘંટડીને નાપસંદ કરી અને ફર્માવ્યું, બેશક ! ફરિશ્તાઓ એ સભામાં નથી આવતા જેમાં ઘંટડી હોય.

**હદીષ નં. ૪૩** : મુસ્નદે અહમદમાં ભાગ–૬, પેજ–૧૫૦ હઝરત આઈશાથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બદ્રના દિવસે ઊંટોના ગળાઓમાંથી ઘંટડીઓ કાપી નાખવાનો હુકમ ફર્માવ્યો.

**હદીષ નં. ૪૪** : અબૂ દાવૂદ, ભાગ–૨, પેજ–૫૮૧ હઝરત અબ્દુર્રહ્માન બિન હિસાનની દાસી બેનાના ફર્માવે છે કે એક વખત તેણી હઝરત આઈશા પાસે બેઠી હતી એટલામાં એક બાળકી આવી જેણે ખખડતી ઝાંઝરી પહેરલી હતી, તો આપે ફર્માવ્યું, મારી પાસે એને ન લાવ્યા કરો, પણ એ કે

એની ઝાંઝણી કાઢી નાખો, અને ફર્માવ્યુ, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે : لَا تَدْخُلُ الْمَلٰئِكَةُ بَيْتًا فِيْهِ جَرَسٌ "ફરિશ્તાઓ એ ઘરમાં નથી પ્રવેશતા જેમાં ઘંટડી હોય."

**હદીષ નં. ૪૫** : ઈમામ અબ્દુર્રઝ્ઝાક મુસન્નફ, ભાગ–૧, પેજ–૪૫૯ માં હિશામ બિન ઉર્વાથી રિવાયત છે જેમાં શબ્દોનો થોડો ફરક છે તે આ પ્રમાણે છે :' اَخْرِجُوا عَنِّيْ مُفَرِّقَةَ الْمَلٰئِكَةِ "મારી પાસે ફરિશ્તાઓને હટાવવાવાળી ચીજ ન કાઢો."

**હદીષ નં. ૪૬** : અબૂ દાવૂદ, ભાગ–૨, પેજ–૫૮૧ હઝરત ઉમર પાસે હઝરત ઝુબૈરની બાળકી લાવવામાં આવી એના પગોમાં ઝાંઝરી (ઘુગરી) બાંધેલી હતી, તો આપે એ કાપી નાખી અને ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે : اِنَّ مَعَ كُلِّ جَرَسٍ شَيْطَانٌ "બેશક ! દરેક ઘંટડી સાથે શૈતાન છે."

**ફાયદો** : આ સાત હદીષોમાં ઝાંઝરીઓનો અવાજ પણ બુરો માનવામાં આવ્યો એમાંથી પણ મ્યુઝિક અને વાજિંત્રોનું હરામ હોવું સાબિત થાય છે.

**હદીષ નં. ૪૭** : મજમઉઝ્ઝવાઈદ, ભાગ–૮, પેજ–૧૨૦, તબ્રાનીમાં પણ આ રિવાયત છે : હઝરત કૈસાન મુઆવિયાના આઝાદ કરેલા ગુલામથી રિવાયત છે, એમણે કહ્યું કે અમને મુઆવિયા رضی اللہ عنہ એ ખુત્બો આપ્યો અને ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ અમને સાત કામોથી મનાઈ ફર્માવી, અને હું તમને એનાથી મનાઈ કરું છું, તો એ છે : રડવું, ફરવું, ગાવું, ફોટા, શાયરી, સોનુ, રેશમી કપડું, પરદા અને ભુંડ.

**હદીષ નં. ૪૮** : મજમઉઝ્ઝવાઈદ, ભાગ–૨, પેજ–૧૧૯, તબ્રાનીએ હઝરત અબૂ ઉમામાથી રિવાયત કરી રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, નિઃશંક ! ઈબ્લીસ જ્યારે જમીન પર પડયો કહ્યું, અય મારા રબ ! તેં મને જમીન પર ફેંકી માર્યો અને મને મરદૂદ બનાવી દીધો, મારા માટે કોઈ ઘર બનાવી આપ ! ફર્માવ્યું, તારું ઘર બાથરૂમ છે. કહ્યું મારી માટે સભા બનાવ ! ફર્માવ્યું, બજારો અને મળતા માર્ગો. કહ્યું, મારા માટે ખાણું નિયુક્ત કર ! ફર્માવ્યું, તારું ખાણું જેના પર અલ્લાહનું નામ લેવામાં ન આવે. કહ્યું, મારા માટે પીણું બનાવ ! ફર્માવ્યું, દરેક નશાવાળુ. કહ્યું, મને કોઈ એલાન કરવાવાળો આપ ! ફર્માવ્યું : اِجْعَلْ لِيْ مُؤَذِّنًا قَالَ الْمَزَامِيْرُ વાજિંત્રો. કહ્યું, મારા માટે કુર્આન





બનાવ ! ફર્માવ્યું, શાયરી. કહ્યું, મારા માટે કિતાબ બનાવ ! ફર્માવ્યું, ગુદવું (શરીરમાં ડિઝાઈન કરાવવી). કહ્યું, મારા માટે વાતચીત બનાવ ! ફર્માવ્યું, જૂઠ. કહ્યું, મારા માટે જાળ બનાવ ! ફર્માવ્યું, સ્ત્રીઓ.

**ફાયદો** : આ હદીષમાં વાજિંત્રોને શૈતાનનો એલાન કરવાવાળો બતાવવામાં આવ્યું, અને શૈતાનના એલાન કરવાવાળાને જાઈઝની સફમાં કેવી રીતે લાવી શકાય ?! સ્પષ્ટ થયું કે વાજિંત્રોનો ઉપયોગ ઈસ્લામમાં નાજાઈઝ અને હરામ છે.

**હદીષ નં. ૪૯** : તફસીરે કરતબી, ભાગ–૧૪, પેજ–૮૧ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદે એક જગાએ ગાવાનું સાંભળ્યું તો ત્યાંથી ઉઠયા અને ચાલ્યા ગયા. આ વાત હુઝૂર ﷺ ને પહોંચી તો આપે ફર્માવ્યું, ઈબ્ને ઉમ્મે અબ્દ (અબ્દુલ્લાહ બિન મસ્ઉદ) **શરીફ માણસ** છે.

**ફાયદો** : સહાબાના જમાનામાં જે ગાવાનું ચાલતુ હશે તે ખરાબ તો નહીં જ હોય અને ત્યાં વાજિંત્રોનું સાંભળવા નથી મળતું, છતાં એ ન સાંભળવા પર હુઝૂરે એમનાં વખાણ કર્યાં અને ફર્માવ્યું એ શરીફ અને નેક માણસ છે. સ્પષ્ટ થયું **ગાયન ગાઈને મજા લેવી શરીફ લોકોનું કામ નથી.**

**હદીષ નં. ૫૦** : અહમદ, બઝ્ઝાર અને અબૂ યઅ્લાએ અબૂ બરઝાથી રિવાયત કરી : ફર્માવે છે કે અમે નબી ﷺ સાથે સફરમાં હતા તો સાંભળ્યું બે માણસો ગાઈ રહ્યા છે, એક બીજાને જવાબ આપી રહ્યો છે. નબી ﷺ એ ફર્માવ્યું, જુઓ ! એ બે કોણ છે ? સહાબાએ કહ્યું, ફલાણો અને ફલાણો ! નબી ﷺ એ (બદ્દુઆ કરતાં) ફર્માવ્યું :–

اَللّٰهُمَّ ارْكُسْهُمَا رَكْسًا وَّ دُعَّهُمَا اِلَى النَّارِ دَعًّا

"હે અલ્લાહ ! એમને દોઝખમાં નાખી દે અને એમાં ધકેલી આપ !" *(મજમઉઝ્ઝવાઈદ, ભાગ–૮, પેજ–૧૨૧)*

**ફાયદો** : આ હદીષમાં નથી વાજિંત્રોનું વર્ણન, નથી દારૂનો ઉલ્લેખ, વિના વાજિંત્રોએ માત્ર ગાવાને અને ગાવામાં એક બીજાનો મુકાબલો કરવાનો ઉલ્લેખ છે તે પણ નબીએ પાકને પસંદ ન આવ્યું તો પછી વાજિંત્રો પર હુઝૂરનો કેટલો ક્રોધ હશે તેને પોતે સમજી શકાય છે ?!

## ★ દલીલ અને પુરાવો ★

વાજિંત્રો અને ગાયનોના નાજાઈઝ હોવા પર તમારી ખિદમતમાં એકાવન હદીષને વર્ણવવામાં આવી. અમુક હદીષો દલીલના આધારે સશક્ત નથી, એની રિવાયતોમાં કલામ કરવામાં આવ્યો છે, પણ વધુ પડતી હદીષો સહીહ અને સશક્ત છે એના પર આધારભૂત કિતાબોના પુરાવા છે, જે પબ્લિકની સમજથી બહાર છે એટલે અમે એનું વર્ણન કર્યું નથી.

કોઈ કામને જાઈઝ અને નાજાઈઝ કહેવા સો પચાસ હદીષોની જરૂરત નથી, એક હદીષ પણ સહીહ હોય તો એનાથી એ કામ લઈ શકાય છે પણ કોઈ વસ્તુના પુરાવામાં અધિકથી અધિક હદીષો અને રિવાયતોનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવે છે કે એ ચીજ બાબતે જે નિર્ણય લેવામાં આવ્યો છે તે તદ્દન બરાબર છે અને એમાં બે મત નથી. મ્યુઝિક અને ગાવાના નાજાઈઝ અને હરામ હોવા પર એક બે નહીં એકાવન હદીષો વર્ણવવામાં આવી, અને કુર્આન તથા તફસીરનાં એક સો નવ પુરાવા તો ગત પ્રકરણમાં વર્ણન થઈ ગયા, પછી આ બાબતે શંકાને કોઈ સ્થાન રહેતું નથી.

**નોંધ** : નાજાઈઝ અને હરામ હોવાની રિવાયતોના વર્ણન પછી હવે અમે તમારી ખિદમતમાં એ રિવાયતોને વર્ણન કરીશું જેમાં કોઈ ખાસ પ્રકારની રજા જાણવા મળે છે, તે રજા કેમ છે, અને જે હદીષ વર્ણન થઈ એ પુરાવા તરીકે માન્ય છે કે નથી ? એનો પણ આધારભૂત કિતાબોના લખાણથી જવાબ આપીશું. (ઈન્શાઅલ્લાહ !) તો હવે એ હદીષનું વર્ણન થાય છે :–

**હદીષ નં. ૧** : બુખારી, ભાગ–૧, પેજ–૧૩૦, મુસ્લિમ કિતાબુલ ઈદૈન, ભાગ–૧, પેજ–૧૯૧, નસાઈ કિતાબુલ ઈદૈન, ભાગ–૧, પેજ–૨૩૬ હઝરત આઈશાથી રિવાયત છે : ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم મારી પાસે પધાર્યા એ સમયે મારી પાસે બે છોકરીઓ હતી જે બુઆષના યુદ્ધ વિશે ગાઈ રહી હતી. આપ પથારી પર આડા પડયા અને પોતાનો ચહેરો ફેરવી લીધો, એટલામાં અબૂબક્ર આવ્યા અને મને ધમકાવી وَقَالَ مِزْمَارَةُ الشَّيْطَانِ عِنْدَ النَّبِيِّ આ શૈતાની રાગ હુઝૂર સામે ! રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم એ એમની તરફ ધ્યાન કર્યું અને ફર્માવ્યું, એમને છોડો. જ્યારે તેઓ (અબૂબક્ર) કશામાં લાગ્યા તો મેં બંનેને ઈશારો કર્યો (ચાલ્યા જવાનો) તેઓ ચાલી ગઈ, અને ઈદનો દિવસ હતો. બુખારીની બીજી રિવાયતમાં છે કે અન્સારની એ બે છોકરીઓ એ શેઅરો





ગાઈ રહી હતી જે અન્સારે બુઆષના દિવસે કહ્યા હતા, لَيْسَتَا بِمُغَنِّيَتَيْنِ ફર્માવ્યું, એ બંને ગાવાવાળી ન હતી, અબૂબક્રે (અમને જોઈને) ફર્માવ્યું :– اَمَزَامِيْرُ الشَّيْطَانِ فِىْ بَيْتِ رَسُوْلِ اللّٰهِ આ શૈતાની રાગ રસૂલુલ્લાહના ઘરમાં અને આ ઈદના દિવસે હતું, રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, અય અબૂબક્ર ! આજે અમારી ઈદનો દિવસ, બેશક ! દરેક કોમ માટે ઈદનો દિવસ હોય છે.

શરહુસ્સુન્નહ્માં છે, ભાગ–૪, પેજ–૩૨૧, આ હદીષનું સહીહ હોવું એકમતીના સાથે માન્ય છે.

**ઓપરેશન** : ગાવાવાળી નાની અને નાબાલિગ ગેર પુખ્ત વયની છોકરીઓ હતી. *(ઝહરૂર રબી, ભાગ–૧, પેજ–૨૩૬, જારિયા)* અને ગુલામ સ્ત્રી અને પુરૂષમાંથી નાબાલિગને કહેવામાં આવે છે.

જ્યારે એ નાબાલિગ અને ગેરપુખ્તવયની છોકરીઓ હતી તો તેણી શરઈ પકડના વર્તુળમાં નથી આવી શકતી, નાબાલિગત અને બાલિગતનો હુકમ એક જેવો નથી. બીજું એ કે ગાવાવાળી છોકરી ગાવાનું કામ ન કરતી હતી જેનો ઉલ્લેખ હઝરત આઈશાએ પોતાની રિવાયતમાં કર્યો, તો તેણીઓ માત્ર આમ જ ગાઈ ન રહી હતી. ત્રીજું એ કે, ઉલ્લેખ છે કે તેણીઓ યુદ્ધ બાબતે ગાઈ રહી હતી જે હુઝૂરની મદીનામાં પધરામણીના ત્રણ વર્ષ પહેલાં ઔસ તથા ખઝરજ બંને કુટુંબોમાં થઈ હતી. જિહાદ માટે શોખ અપાવે એવી શાયરી જાઈઝ છે. ચોથું એ કે ગાવાની તદ્દન મનાઈ નથી એવી શાયરી જેમાં દુનિયાના પ્રેમની વાતો હોય અને જેનાથી માહોલ ખરાબ થતો હોય તેવી શાયરી ગાઈને કે વિના ગાયે કહેવાની રજા નથી, નઅત, મન્કબત વગેરે શાયરી રાગથી પઢવી પણ જાઈઝ છે.

નવોવી શરહે મુસ્લિમ, ભાગ–૧, પેજ–૨૯૧ માં કાઝી ઈયાઝએ કહ્યું કે તેણીઓનું ગાવું યુદ્ધ અને બહાદુરી, સફળ થવું અને વિજય મેળવવાવાળી શાયરીથી હતું.

શરહુસ્સુન્નહ્, ભાગ–૪, પેજ–૩૨૨ એ શાયરી જે બંને છોકરીઓ ગાઈ રહી હતી યુદ્ધ અને બહાદુરીથી સંબંધિત હતી, અને એના પઢવાથી ધર્મના કામોમાં મદદ થાય છે. બેહયાઈનો ઉલ્લેખ, હરામની માંગ, ગુનાહને ખ્યાતિ આપવી, બોલીને તે એ પ્રમાણેનું ગાવું જાઈઝ નથી, જો એ પ્રમાણેનું કામ

નબીએ પાકની મૌજૂદગીમાં થાય તો નબી મનાઈ કરવાથી રોકાઈ નથી શકતા !

પાચમું એ કે હુઝૂરે એ કામના વખાણ નથી કર્યા હદીષની રિવાયતમાં છે કે હુઝૂરે આવીને મોઢું ફેરવી લીધું અને પથારી પર આડા પડી ગયા.

છઠ્ઠું એ કે હઝરત અબૂબક્રે આવીને ફર્માવ્યું, આ શૈતાની રાગ રસૂલુલ્લાહના ઘરમાં ! એનો સ્પષ્ટ મતલબ એ છે કે સહાબા ગાવું જાઈઝ ન સમજતા હતા, ત્યારે તો આમ ફર્માવ્યું, અને હુઝૂરે જવાબમાં એવું ન ફર્માવ્યું કે આ શૈતાની રાગ નથી, માત્ર કહ્યું, એમને છોડો ! દરેક કોમની ઈદ હોય છે અને આજે આપણી ઈદ છે, તો ઈદના દિવસે વધારે નહીં થોડી વાર આ પ્રમાણેની રજા છે, તો પછી જેટલામાં રજા મળે એનાથી વધારેનો પુરાવો આ હદીષથી નથી મળી શકતો.

શરહે સફરૂસ્સઆદા પેજ–નં. ૫૬૨, મુહદ્દિષ દહેલ્વી હઝરત અબ્દુલ હક્ક رحمۃ اللہ علیہ ફર્માવે છે કે "ઈન્સાફ આનસ્ત કે મદલૂલે આં ઝમ્મ અસ્ત મગર દર બાઝ મવાઝિઅ મિષ્લે અયામે અધામે ઈદ વ માનિંદે આં." ન્યાયની વાત એ છે કે આ હદીષનો ભાવાર્થ ગાવાની બુરાઈ છે પણ ઈદ જેવા દિવસમાં જ, (એમાં થોડી ખુશી જાહેર કરવામાં આવે તો એની રજા છે.)

શરહે સફરૂસ્સઆદા, પેજ–૫૬૩, મુહદ્દિષ સાહેબ ફર્માવે છે, અહીંયા એ જોવું જોઈએ કે હઝરત અબૂબક્ર સિદ્દીક જેઓ સહાબામાં દીનની વધારે સમજ ધરાવતા હતા. "ગિનારા મિઝમાર વ મઝમૂરે શૈતાન ગુફત" ગાવાને શૈતાનનું વાજા કહ્યું, અને હુઝૂરે એ વાતને રહેવા દીધી (એટલે કે 'ના' ન કહ્યું કે આ શૈતાનનું વાજા નથી) આપે સિદ્દીકે અકબરને એ ન કહ્યું કે શૈતાનનું વાજા નથી અને હરામ નથી, બલ્કે ફર્માવ્યું તમે એને મનાઈ ન કરો ! એટલા માટે કે આજે ઈદનો દિવસ છે.

ફર્માવે છે અધિકથી અધિક જે આ હદીષથી સાબિત થયું તે એ કે અમુક સમય, ઈદ જેવા દિવસોમાં ગાવાને જાઈઝ હોવું અને રજા છે, અને એ સિવાયના સમયમાં હરામ અને શૈતાનનું વાજા છે, અને આ જ વાત ન્યાયથી નજીક છે જેમ કે હદીષથી જાહેર છે.

અંતમાં પોતાની ચર્ચાને રોકતાં ફર્માવે છે, "હરકે તતબ્બુએ અહાદીષ વ અકવાલે ફુકહા વ સલ્ફ કુનદ બેદાનદ કે મુતઆરફો મશહૂર મિયાને ઈશાં હુર્મતો કરાહતે આં બુવદ." જે કોઈ રસૂલે પાકની હદીષો મુફતીઓ અને પૂર્વજ





બુઝુર્ગોની વાતોને શોધે તો એને જાણવા મળશે કે એમના ત્યાં મશહૂર અને ખ્યાતિ પામેલ એ જ છે કે એ હરામ અને મકરૂહ છે.

સારાંશ એ કે જેને જરૂરતના આધારે જાઈઝ માનવામાં આવે એ જરૂરત પર આધારિત હોય છે, એને છોડીને દરેક જગા માટે એને પુરાવો બનાવવો જહાલત અને દીનના કાયદાથી નાવકેફ હોવું છે. ખુદારા દીનને મજાક ન બનાવો ! એ અલ્લાહ અને રસૂલની અનામત છે, એની કદર કરો. મનોરંજનનું નામ ઈસ્લામ ન બનાવો !

સાતમું એ કે તમારી વાત માની લેવામાં આવે તો અમે કુર્આન અને તફસીરના ૧૦૯ પુરાવા રજુ કર્યા તેનું શું ? એકાવન હદીષો નાજાઈઝ હોવામાં રજુ કરી તેનું શું ?! બુખારીની આ રિવાયતથી તો નાજાઈઝ હોવું જ સાબિત થયું તેનું શું ?!

આઠમું એ કે હઝરત આઈશા તો ઝાંઝરી (ગુંગરૂ)થી પણ નફરત કરતાં હતાં અને નાની છોકરીના પગોમાં જોતાં તો એને કઢાવીને જ રહેતાં હતાં તો પછી આ રિવાયત એમના બાળપણની વાત છે જેમાં હુઝૂર એમની પાસે બાળકીઓને રમવા મોકલતા હતા, તો બાળપણવાળી હદીષ દલીલ બનશે કે એમણે પછી જે ઝાંઝરીના અવાજથી પણ નફરત કરી એને દલીલ બનાવવામાં આવશે ?!

**નોંધ** : જાહિલ અને વાસનાનો આદી તો મનગમતી વાતો જ કરવાનો છે પણ હું મારા પ્રિય મુસલમાનોને કહું છું કે તમે પઢો અને ન્યાયથી ફેંસલો કરો કે એની શું હકીકત છે ?!

નવમું એ કે જે પુરાવાની ઘણી દિશાઓ બને, અને જે વિવાદાસ્પદ બંને જમાઅતોને લાભ આપે તે પુરાવા તરીકે કામ નથી આપી શકાતી. એટલે જાઈઝ કહેવાવાળાઓ એને દલીલ નથી બનાવી શકતા.

દશમું કુર્આનમાં છે :–

اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَ الدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَآ اُهِلَّ لِغَيْرِ
اللّٰهِ بِهٖ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّ لَا عَادٍ فَلَآ اِثْمَ عَلَيْهِ ؕ

એને તમારા માટે હરામ કર્યું મુરદાર, લોહી, ભુંડનો ગોશ્ત અને જેને ગેરખુદાના નામથી ઝબ્હ કરવામાં આવ્યું, પણ જે મજબૂર છે, અને તે ઈચ્છા ધરાવનાર અને હદથી આગળ વધનાર નથી તો એના પર કોઈ ગુનોહ નથી.

કુર્આને જે ફર્માવ્યું, નિઃશંક ! હરામ છે પણ મજબૂરને જે છૂટ આપવામાં આવી તેનાથી હરામમાં ફરક નથી, માત્ર એ કે એના માટે એ ઉપયોગમાં ગુનોહ નથી. ઉપરોક્ત હદીષમાં પણ એ પ્રમાણે છે. મજબૂર માટે છૂટ છે તો એને દરેક માટે નથી ગણી શકતા, તો પછી ઈદ માટે છે તો તેને બીજા માટે છૂટ નથી સમજી શકતા.

**હદીષ નં. ૨ :** બુખારી કિતાબુન્નિકાહ, ભાગ–૨, પેજ–૭૭૩, ઈબ્ને માજા કિતાબુન્નિકાહ બાબુલ ગિના વ દફ, પેજ–૧૩૮, અબૂ દાવૂદ, કિતાબુલ અદબ, બાબુલ ગિના, ભાગ–૨, પેજ–૬૭૪, તિર્મિઝી, અબવાબુન્નિકાહ, ભાગ–૧, પેજ–૧૨૧ માં રબીઅ બિન્તે મુઅવ્વઝ બિન અફરાથી રિવાયત છે, જ્યારે મારી રૂખસતી થઈ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પધાર્યા અને મારા પથારી પર બેઠા જેમ તમે મારી સમક્ષ બેઠા છો, એટલામાં અમારી છોકરીઓ દફ વગાડવા લાગી અને અમારા બદ્રમાં મકતૂલ બાપ દાદાનો મર્ષિયો પઢવા લાગી. એટલામાં એમનામાંથી એ કે કહ્યું, અમારામાં એક નબી જે આવતી કાલનું જાણે છે. આપે ફર્માવ્યું, એને રહેવા દો જે કહેતી હતી તે કહો.

**હદીષ નં. ૩ :** બુખારી, ભાગ–૨, પેજ–૭૭૫ માં હઝરત આઈશાથી રિવાયત છે : એક સ્ત્રી એક અન્સારી પાસે રૂખસ્ત કરીને મોકલવામાં આવી, તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું :–

يَاعَائِشَةُ مَاكَانَ مَعَكُمْ لَهْوٌ فَإِنَّ الْاَنْصَارَ يُعْجِبُهُمُ اللَّهْوُ

''અય આઈશા ! શું તમારી સાથે ખેલ ન હતો, કારણ કે અન્સારને ખેલ સારો લાગે છે.''

ફત્હુલ બારી, ભાગ–૯, પેજ–૧૮૫ માં હાફિઝ ઈબ્ને હજર લખે છે કે શરીકની રિવાયતમાં આ શબ્દો છે : તમે દુલ્હન સાથે કોઈ છોકરી મોકલી છે જે દફ વગાડીને ગાઈ ? મેં વિનંતિ કરી, તેણી શું ગાઈ ? ફર્માવ્યું, تَضْرِبُ بِالدُّفِّ وَتُغَنِّي અમે તમારી પાસે આવી, તમારી પાસે આવી, અલ્લાહ તમને અને અમને જીવંત રાખે.

ઈબ્ને માજા અબવાબુન્નિકાહ, પેજ–૧૩૮, એમાં આ શબ્દો છે : હુઝૂરે પૂછયું, તમે દુલ્હન સાથે કોઈ ગાવાવાળીને મોકલી છે, વિનંતિ કરી, ના ! આપે ફર્માવ્યું, અન્સારને ગઝલ સારી લાગે છે તો તમે એની સાથે મોકલી હોતે આમ કહેવાવાળી اَتَيْنَاكُمْ اَتَيْنَاكُمْ فَحَيَّانَا وَحَيَّاكُمْ તો સારું.





**ફાયદો :** આ રિવાયતોથી એ સ્પષ્ટ થયું કે સહાબામાં ગાવું, વગાડવું ઈસ્લામ સ્વીકારી લીધા પછી નબીના ફર્માનના આધારે નાજાઈઝ હતું, એટલે તેઓ શાદી અને ઈદના પ્રસંગે પહેલાં જે કરતા હતા તે પણ છોડી આપ્યું હતું. એટલે હુઝૂરે અન્ય પ્રસંગોએ એની રજા અને છૂટ આપી અને કહ્યું કે આ પ્રસંગે આમ કરી શકાય છે. એટલે આ રિવાયતો જાઈઝ હોવાની દલીલ નથી નાજાઈઝ અને હરામની જ દલીલ છે, પણ નબીએ એક મોકાનો વધારો કરીને છૂટ આપી, તો જેમાં આપી તે જ જવાઝ (જાઈઝ હોવા)નો ભાગ છે, દરેક પ્રસંગ માટે એનો પુરાવો નથી, જેનો ઉલ્લેખ પ્રથમ હદીષમાં થઈ ગયો.

**હદીષ નં. ૪ :** મુસ્તદરક, ભાગ–૨, પેજ–૧૮૪, આમિર બિન સઅદથી રિવાયત છે : એમણે કહ્યું, હું એક શાદીમાં કરઝા બિન કઅબ અને અબૂ મસ્ઉદ અન્સારી પાસે આવ્યો, એ સમયે છોકરીઓ ગાઈ રહી હતી, મેં કહ્યું, وَاِذَا جَوَارٍ يُغَنِّيْنَ તમે બંને હુઝૂરના સહાબી છો અને બદરી છો, અને આ બધું તમારી સામે થઈ રહ્યું છે, એમણે કહ્યું :–

قَدْ رُخِّصَ لَنَا فِي اللَّهْوِ عِنْدَ الْعُرْسِ તમે ઈચ્છો તો અમારી સાથે સાંભળો અને ઈચ્છો તો જઈ શકો છો અમને શાદીના મોકાથી લહવ (રમત)ની રજા આપવામાં આવી છે.

**ફાયદો :** આ હદીષથી ગાવાનું નાજાઈઝ હોવું સાબિત થાય છે. કારણ કે એમણે કહ્યું કે એમને શાદીના મોકાથી રજા આપવામાં આવી છે, એનો મતલબ એ છે કે દરેક સમય માટે રજા નથી, તો વધારે સમય નાજાઈઝનો અને એક પ્રસંગ માત્ર જાઈઝનો, તો પછી આ નાજાઈઝનો પુરાવો છે. જાઈઝનો નથી, એટલે આ પ્રમાણેની હદીષોથી શંકા ન થવા પામે.

**હદીષ નં ૫ :** તિર્મિઝી, ભાગ–૨, પેજ–૨૦૯ હઝરત બરીદા رضی اللہ عنہ થી રિવાયત છે : અમે ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ યુદ્ધ માટે મદીનાથી બહાર તશરીફ લઈ ગયા જ્યારે પરત આવ્યા તો એક કાળી દાસી આપની પાસે આવી અને કહેવા લાગી, અય અલ્લાહના રસૂલ ! મેં મન્નત માની હતી કે અલ્લાહ આપને સલામતીની સાથે પરત લાવે તો હું આપની સમક્ષ દફ વગાડીશ, અને ગાઈશ. આપે ફર્માવ્યું :– اِنْ كُنْتِ نَذَرْتِ فَاضْرِبِيْ وَاِلَّا فَلَا જો તેં મન્નત માની જ હોય તો વગાડ, નહીં તો નહીં. તો એ વગાડવા લાગી, એટલામાં હઝરત અબૂબક્ર આવ્યા એ

વગાડતી રહી. પછી હઝરત અલી આવ્યા એ વગાડતી રહી. પછી હઝરત ઉસ્માન આવ્યા એ વગાડતી રહી પછી હઝરત ઉમર પ્રવેશ્યા તો તેણીએ પોતાનું દફ પોતાની બેઠક નીચે રાખી અને ઉપર બેસી ગઈ, તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! તમારાથી શૈતાન ડરે છે, અય ઉમર ! હું બેઠો હતો એ વગાડતી રહી, અબૂબક્ર આવ્યા એ વગાડતી રહી, પછી અલી આવ્યા એ વગાડતી રહી, પછી ઉસ્માન આવ્યા એ વગાડતી રહી, પછી જ્યારે તમે આવ્યા અય ઉમર ! તો એણે દફ મૂકી દીધું.

**ફાયદો** : એ કામ જાઈઝ હતું તો પછી સ્ત્રીએ પૂછ્યું કેમ કે મેં મન્નત માની છે હું ગાઈ શકું છું ? એ એ વાતની દલીલ છે કે મશ્હૂર એ જ હતું અને અમલ એના પર જ હતો કે એ કામો જાઈઝ નથી, તો પછી હદીષ નાજાઈઝની દલીલ છે, જાઈઝની નથી. **(૨)** હઝરત ઉમર આવ્યા અને એણે દફને બેઠક નીચે રાખી દીધું તો હુઝૂરે ફર્માવ્યું, અય ઉમર ! શૈતાનને તમારો ડર લાગે છે ! હુઝૂરે એ કામને શૈતાનનું કામ કહ્યું, એ કામના નાજાઈઝ હોવાની દલીલ છે, જાઈઝ કામ શૈતાનનું નથી હોતું. **(૩)** હુઝૂરે એને કહ્યું, જો તેં મન્નત માની હોય તો જ કર ન માની હોય તો નહીં, એ પણ એની દલીલ છે કે હુઝૂરને એ કામ પસંદ નથી, બીજું એ કે હુઝૂરનો અધિકાર છે કે કોઈ ખાસ વ્યક્તિ માટે ખાસ ટાઈમમાં કોઈ કામને જાઈઝ કરી આપે. જેમ કે હઝરત ખુઝૈમા માટે એમની એકલી ગવાહી બે બરાબર કરી આપી, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ માટે છ મહીનાનું ઘેટાનું બચ્ચું કુર્બાનીમાં જાઈઝ કરી આપ્યું વગેરે. ત્રીજું એ કે ખુશીના પ્રસંગે હુઝૂરે થોડી છૂટ આપી હતી, યુદ્ધથી હુઝૂર સલામત આવ્યા એ ખુશીની વાત હતી એટલે એને છૂટ આપી.

**(૪)** ઔનુલ મા'બૂદ, ભાગ–૩, પેજ–૨૩૫ માં યહ્યા ઈબ્ને સઈદ કત્તાને ફર્માવ્યું, કે આ હદીષ ઝઈફ અને રિવાયતના આધારે અશક્ત છે. અને સશક્ત સાબિત થાય તો અમે જે ઉપરોક્ત જવાબ આપ્યા તે સમજ માટે પૂરતા છે.

**હદીષ નં. ૬** : મુસ્નદે અહમદ, ભાગ–૩, પેજ–૪૪૯, જમઉલ ફવાઈદ, ભાગ–૨, પેજ–૧૫૮ માં છે : એક સ્ત્રી નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવી. આપે ફર્માવ્યું, અય આઈશા ! આને ઓળખો છો ? વિનંતિ કરી, ના ! આ ફલાણા કબીલાની ગાવાવાળી છે, તમે એનું ગાવું પસંદ કરો છો ? વિનંતિ કરી, હા ! તો એક તબાખ આપી તો એણે ગાયું, એ બાબતે આપે ફર્માવ્યું :–





تُحِبِّيْنَ اَنْ تُغَنِّيَكِ "શૈતાને એના નાકના કાણામાં ફૂંક મારી છે."

**ફાયદો** : તહઝીબુત્તહઝીબ, ભાગ–૧૧, પેજ–૩૪૦ માં આ હદીષની સનદમાં એક રિવાયત કરનાર યઝીદ બિન અબી ખોસૈફા છે, ઈમામ અહમદનું કહેવું છે એ મુનકરૂલ હદીષ છે. એટલે હરામ અને નાજાઈઝ હોવાની એક સહીહ રિવાયત સામે આનો પુરાવો માન્ય નથી.

**(૨)** અમે ચાર ઈમામોની વાતો અને એમનાં મંતવ્યો તમને બતાવીશું કે સર્વએ એકમતીથી ગેર મહરમ સ્ત્રીથી પુરૂષને સાંભળવું હરામ બતાવ્યું છે, અને આ હદીષ એના વિરૂધ્ધમાં છે.

**(૩)** નબી સૌમે વિસાલ રાખતા હતા આપણા માટે હરામ. નબી ઈચ્છે એટલી સ્ત્રીઓથી નિકાહ કરી શકતા હતા, આપણા માટે હરામ. તો આનાથી દરેક માટે દલીલ નથી લઈ શકાતી.

**(૪)** હઝરત આઈશાને સાંભળવાનું કહ્યું તો સ્ત્રી સ્ત્રીથી અદબવાળી શાયરી સાંભળી શકે છે, સવાલ મર્દનો છે તો જવાબ મળી ગયો.

**(૫)** નબીનું કામ અને નબીનું ફર્માન એ બેમાં હદીષના કાયદાના આધારે ફર્માનને હુકમમાં ઉત્તમતા આપવામાં આવે છે, એટલે જ કે કામ તો માત્ર એમના માટે ખાસ હોય એ હુકમ બીજા માટે ન હોય, તો નાજાઈઝ હોવાવાળી રિવાયતો પર ફરીથી નજર કરો, શંકા રહેશે નહીં.

**(૬)** હુઝૂરે ફર્માવ્યું, એની નાકમાં શૈતાને ફૂંક મારેલી છે, તો શૈતાનની ફૂંક કેમ ફર્માવ્યું ? એ વાતની દલીલ છે કે ગાવું શૈતાની વાસનાને સંબંધિત છે.

**(૭)** નબી મા'સૂમ હોય છે એમનાથી ગુનોહ શક્ય નથી અને નબીને છોડીને ઈન્સાનમાં બીજું કોઈ મા'સૂમ નથી, એટલે મા'સૂમનો દરેક હુકમ ગૈરમા'સૂમ માટે યોગ્ય નથી.

**હદીષ નં. ૭** : તિર્મિઝી કિતાબુન્નિકાહ, હઝરત આઈશાથી રિવાયત છે : નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, નિકાહનું એલાન કરો અને એ પ્રસંગે દફ વગાડો.

**ફાયદો** : બીજી હદીષો જે મનાઈ કરે છે, એટલે આ હદીષથી એટલું સ્પષ્ટ થયું કે શાદીમાં દફની રજા આપવામાં આવી છે એ શરતે કે બીજાં હરામ સાથે ન હોય.

આ હદીષમાં ઈસા બિન મયમુન અન્સારી ઝઈફ છે, ઈમામ તિર્મિઝી, અલ્લામા ઈબ્ને જૌઝી, હાફિઝ ઈબ્ને હજર, હાફિઝ ઝૈઅલી, હાફિઝ સિયૂતી, અલ્લામા મુનાદી વગેરે આધારભૂત આલિમોએ પણ આ હદીષની રિવાયતને અશક્ત કરી છે.

**હદીષ નં. ૮** : સુનને ઈબ્ને મજા, પેજ–૧૩૮, હઝરત મુહમ્મદ બિન હાતિબથી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હલાલ અને હરામની વચમાં ફરક એ છે કે દફ, એલાન અને નિકાહમાં અવાજ ઊંચો હોય છે.

**ફાયદો** : ઝિના અને વ્યભિચારમાં સ્ત્રી પુરૂષ બંનેને બીક લાગતી હોય છે એટલે એને ગુપ્ત રાખવામાં આવે છે અને એ તરીકાથી હરામ કામો કરી લેવામાં આવે છે. જ્યારે કે નિકાહ હલાલ કામ છે, અલ્લાહ અને રસૂલના ફર્માન મુજબ છે એટલે એમાં ખુશી પ્રગટ કરવામાં આવે છે, એલાન કરવામાં આવે છે, દફ પણ વગાડવામાં આવે છે. સારાંશ એ કે નિકાહના એલાન માટે દફ વગાડવું જાઈઝ છે જો બીજાં હરામ વાજિંત્રોનો ઉપયોગ કરવામાં ન આવે.

**(૨)** આનાથી માત્ર એટલું જ સાબિત થયું કે નિકાહમાં દફ વગાડી શકાય છે, દરેક પ્રસંગમાં નહીં. અને વિવાદ કરવાવાળાઓની દલીલ દરેક સમય માટે છે, એટલે એ સબૂત આ હદીષ અને જે રિવાયત થઈ માન્ય નથી. ખાસ ખાસ જ છે એને સામાન્ય ન બનાવી શકાય.

મિર્કાત, ભાગ–૬, પેજ–૨૧૮, હઝરત મુલ્લા અલી કારી ફર્માવે છે :–

بَعْضُ النَّاسِ يَذْهَبُ بِهِ إِلَى السَّمَاعِ وَهٰذَا خَطَأٌ

અમુક લોકો આનાથી સિમાના (જવાઝ) તરફ જાય છે તો એ ભૂલ છે. (આ હદીષ એનો પુરાવો બની શકતી જ નથી.)

**હદીષ નં. ૯** : સુનને ઈબ્ને માજામાં કિતાબુન્નિકાહ, પેજ–૧૩૮ માં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ મદીનામાં કોઈ જગાએથી પસાર થયા તો ત્યાં છોકરીઓ પોતાની દફ વગાડી રહી હતી, ગાઈ રહી અને કહી રહી હતી :–

نَحْنُ جوار مِنْ بَنِي النَّجَّارِ... يَاحَبَّذَا مُحَمَّدٌ مِنْ جَارٍ

અમે બનૂનજ્જારની છોકરીઓ છીએ, કેટલી સારી વાત કે મુહમ્મદ





ﷺ અમારા પડોશી છે. તો નબી ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ ખૂબ જાણે છે કે તમે મને કેટલી પ્રિય છો.

**ફાયદો** : અલ બિદાયા વન્નિહાયા, ભાગ–૩, પેજ–૨૦૦ ગાવાવાળી નાની છોકરીઓ હતી અને દફ વગાડી હુઝૂરે પાકની પધરામણીના વખાણ કરી રહી હતી અને આ વાક્યો ત્યારનો છે જ્યારે આપ મક્કાથી હિજરત કરીને મદીના પધાર્યા અને મદીનાવાળાઓએ મહોબ્બત અને પ્રેમથી આપનું સ્વાગત કર્યું હતું. જ્યારે આપ બની નજ્જારના એક મોહલ્લાથી પસાર થયા ત્યારે છોકરીઓ ગાઈ રહી હતી.

**(૨)** હુઝૂરની પધરામણી મદીનામાં એ મદીનાવાસીઓ માટે શાદીથી વધીને ખુશીની વાત હતી, અને એ ઉલ્લેખ થઈ ગયો કે ખુશીના સમયે થોડી રજા આપવામાં આવી છે.

**હદીષ નં. ૧૦** : તઝકેરતુલ મૌઝૂઆત, પેજ–૧૯૭ હઝરત આઈશાથી રિવાયત છે : મારી પાસે એક ઔરત હતી જે મને ગાઈને સંભળાવી રહી હતી, એટલામાં નબી ﷺ આવ્યા અને એ ગાતી રહી, પછી ઉમર આવ્યા તો એ નાસી ગઈ. રસૂલુલ્લાહ ﷺ હસવા લાગ્યા તો એમણે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ તમે કેમ હસી રહ્યા છો ? તો આપે (વિગતે) બયાન ફમાવ્યું. તો એમણે કહ્યું, અલ્લાહની કસમ ! હું નીકળીશ નહીં ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺ એ જે સાંભળ્યું હું સાંભળીશ. તો તેણીએ આપને સંભળાવ્યું.

**ફાયદો** : અલ્લામા મુહમ્મદ તાહિર ફર્માવે છે કે ખતીબે કહ્યું :– فِيهِ مَنْ هُوَ سَاقِطُ الرِّوَايَةِ وَاهِي الْحَدِيثِ بَاطِلٌ આમાં એક માણસ સાકિતુર્રિવાયત છે (એની રિવાયત માન્ય નથી) જે વાતો ઘડે છે, એની હદીષ માન્ય નથી.

જ્યારે હદીષની રિવાયત માન્ય જ નથી તો પછી એનાથી દલીલ કાયમ કરવામાં નહીં આવે. સહીહ હદીષની સામે એને માન્ય રાખવાનો કોઈ અધિકાર નથી.

**હદીષ નં. ૧૧** : નસાઈ શરીફ, નીલુલ અવતાર, ભાગ–૮, પેજ–૧૦૬, નબીએ અકરમ ﷺ એ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને ફર્માવ્યું : حَرِّكْ بِالْقَوْمِ فَانْدَفَعَ يَرْتَجِزُ લોકોને જોશમાં લાવે, તો એમણે

રજઝિયા શાયરી પઢવાનું શરૂ કરી દીધું.

**હદીષ નં. ૧૨** : કન્ઝુલ ઉમ્માલ હઝરત અનસથી રિવાયત છે : ફર્માવે છે કે બરા બિન માલિક સારા અવાજમાં હતા અને તેઓ રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم માટે એમની મુસાફરીમાં રજઝની શાયરી પઢતા હતા.

**ફાયદો** : યુદ્ધમાં મુજાહિદોને જુસ્સો અપાવવા શાયરી કહેવામાં આવે તો એને અમે પણ જાઈઝ કહીએ છીએ.

હાફિઝ ઈબ્ને હજર અસકલાની ફર્માવે છે :–

وَجَرَتْ عَادَةُ الْعَرَبِ بِاسْتِعْمَالِهِ فِي الْحَرْبِ
لِيَزِيْدَ فِي النَّشَاطِ وَ يَبْعَثُ إِلَيْهِمْ

અરબી લોકોની આદત હતી કે રજઝવાળી શાયરી લડાઈ અને યુદ્ધમાં ગાતા જેનાથી પ્રફુલ્લતામાં વધારો થાય અને લોકોને જુસ્સો આવે. *(ફત્હુલ બારી, ભાગ–૬, પેજ–૧૧૨)*

મુસ્લિમ, ભાગ–૨, પેજ–૧૦૦, બાબે ગઝવએ હુનૈન, સહીહ બુખારી કિતાબુલ જિહાદમાં અમુક શાયરીનો ઉલ્લેખ છે જે નબીએ પાક પોતાને મુખેથી ફર્માવ્યા હતા, એટલે એ પ્રમાણેની શાયરી જાઈઝ છે. અને એની બાબતે અમે પણ સંમત છીએ, ઈમામે નવોવીએ યુદ્ધ અને કષ્ટદાયક કામના સમયે જુસ્સો આપવા કહેવામાં આવતી શાયરીને મુસ્તહબ બતાવી છે. પણ સિમાઅનો પુરાવો આમાં નથી મળી શકતો. કારણ કે અહીં જે કહેવામાં આવ્યું તે અરબના માહોલના આધારે છે અને માહોલનો ઉલ્લેખ ફત્હુલ બારીથી કરી દેવામાં આવ્યો. અમારો વિવાદ એ વાતમાં છે કે શાયરી ભલે ગાવામાં આવે પણ એમાં મ્યુઝિક ન હોવું જોઈએ અને એમાં વાજિંત્રોનો સહારો લેવામાં ન આવે, અને શાયરી ઈસ્લામી સભ્યતા સંબંધિત હોય.

વાજિંત્રોની બુરાઈ અને એના નાજાઈઝ હોવાનો ઉલ્લેખ તો કરી દેવામાં આવ્યો અને ઔરતથી નથી સાંભળી શકતા એની પણ આયતો રજુ કરી દેવામાં આવી. આગલા પ્રકરણમાં અમે તમને ઈસ્લામી ફિકહની રોશનીમાં એ સાબિત કરી બતાવીશું કે મ્યુઝિક હરામ છે અને એ બાબતે ચાર ઈમામોનાં મંતવ્યો પણ તમારી ખિદમતમાં રજુ કરવામાં આવશે.

હત્હુલ અલામ શરહે બોલૂગુલ મરામ, ભાગ–૨, પેજ–૯૩, નવાબ સિદીક હસનખાં દફવાળી હદીષોની છણાવટ કરતાં લખે છે : એ બાબતે ઘણી





હદીષો છે અને એમાંથી દરેક પર ચર્ચા થઈ શકે છે, પણ એ એક બીજાને સશક્ત બનાવે છે. આ હદીષો દફ વગાડવાના જાઈઝ હોવા પર સંકેત છે, કેમ કે નિકાહનું એલાન દફથી સારી રીતે થઈ શકે છે. હદીષમાં અમ્રનો કર્મ છે જેનો જાહેરી અર્થ વાજિબ માટે હોય છે, પણ વાજિબ હોવાનો એકે પણ દા'વો કર્યો નથી એટલે શાદી, વિવાહ વખતે દફ વગાડવું મસ્નૂન (સુન્નત) છે પરંતુ એના માટે પણ એ શરત છે કે એ કામ સાથે કોઈ હરામ અમલમાં ન આવે દા.ત. અજાણી (ગેર મહરમ) સ્ત્રીને બનાવી શણગારી એવી શાયરી સાંભળવામાં ન આવે જેમાં મહબૂબના હુસ્ન અને ખૂબસૂરતી, તેના શરીરના નકશાના વખાણ કરવામાં આવે, બલ્કે આમાં હુઝૂર صلى الله تعالى عليه وسلم ના જમાનાના અરબોનો રિવાજ જોવામાં આવશે, અને જેનો હુકમ આપવામાં આવ્યો તે એ જ છે.

وَ أَمَّا مَا أَحْدَثَهُ النَّاسُ مِنْ بَعْدِ ذٰلِكَ فَهُوَ غَيْرُ الْمَأْمُوْرِ بِهٖ
وَ لَا كَلَامَ أَنَّهُ فِي هٰذِهِ الْأَعْصَارِ يَقْتَرِنُ بِمُحَرَّمَاتٍ كَثِيْرَةٍ
فَيَحْرُمُ لِذٰلِكَ لَا لِنَفْسِهٖ

એ પછી લોકોએ જે રિવાજ બનાવ્યો છે એ હુકમમાં સામેલ નથી, એ વાતમાં પણ શંકા નથી કે વર્તમાનકાળમાં એની સાથે (દફ સાથે) ઘણા હરામોને મેળવી દેવામાં આવે છે, તો એ પોતે હરામ નથી પણ હરામ સાથે મળી જવાથી હરામ છે.

નવાબ સાહેબના કહેવાનો ભાવાર્થ એ છે કે શાદી અને ખુશીના પ્રસંગે દફ વગાડવાની રજા તો છે પણ એનો મતલબ એ નથી કે હરામ સાથે મેળવીને પછી દફની રજાવાળી વાત બયાન કરવામાં આવે. અને બીજો મતલબ એ કે હુઝૂરે જે હુકમ આપ્યો તે આપના મુબારક જમાના અને તે સમયના માહોલના આધારે હતું, તો આજે જે કંઈ કરવામાં આવે તેના પર જાઈઝનું વર્ણન કરતાં પહેલાં એ જોવામાં આવે કે આજનું કામ એ પાક જમાના જેવું છે કે નહીં, હોય તો જવાઝ (જાઈઝ હોવા)માં છે, અને ન હોય તો હદીષથી એના જવાઝનો પુરાવો અર્થહિન છે.

**હદીષ નં. ૧૨** : સહીહ બુખારી, ભાગ–૨, પેજ–૯૦૮ હુઝૂર صلى الله تعالى عليه وسلم એ હઝરત અનજશાને ફર્માવ્યું :–

وَيْحَكَ يَا أَنْجَشَةُ سَوْقَكَ بِالْقَوَارِيْرِ

"તમારું ભલુ થાય, અનજશા ! તમે શીશીઓને ચલાવી રહ્યા છો."

**ફાયદો** : અનજશા હુઝૂરના ઊંટો ચલાવવાનું કામ કરતા હતા, એમનો અવાજ મધૂર હતો, તેઓ હદીની શાયરી ઘણી જ સારી અને સુંદર મજાની ગાતા હતા, ગાવાથી ઊંટો પર અસર થાય છે અને જલ્દી જલ્દી ચાલે છે, એટલે હદીની રજા આપવામાં આવી હતી, તેઓ જ્યારે ગાવા લાગ્યા અને ઊંટો જલ્દી ચાલવા લાગ્યાં તો આપે ફર્માવ્યું, અનજશા ! ઊંટો પર સ્ત્રીઓ સવાર છે, તેણીઓ કમજોર દિલની હોય છે, બી જશે, એમનો ખયાલ કરો, ચલાવામાં થોડી શાંતિ રાખો.

ફૈઝુલ બારી, ભાગ–૪, પેજ–૩૯૬, મૌલાના અનવર શાહ, કશ્મીરીએ એક બીજો અર્થ પણ વર્ણવ્યો છે :–

وَاِذَا اَنْتَ حَسَنُ الصَّوْتِ فَلَا تُسْمِعْ
صَوْتَکَ اِیَّاھُنَّ فَتَفْتِن قلوبھن

જ્યારે તમારો અવાજ મધુર છે તો તમે તમારો અવાજ એમને ન સંભળાવો, એમના દિલ ફિત્નામાં ન પડે.

હુઝૂરના ખાનદાનની ઔરતો તો એનાથી સુરક્ષિત હતી પણ હુઝૂરે બીજા લોકોની તા'લીમ માટે ફર્માવ્યું કે મધુર અવાજનો અસર દરેક પર થાય છે, જાનવરો પણ એનાથી મસ્તીમાં આવી જાય છે, તો પછી સ્ત્રીઓ અશક્ત દિલની હોય છે એમના ફિત્નામાં પડવાનો ભય વધારે છે એટલે ઔરતો સામે એ કામ કરવામાં ન આવે.

**હદીષ નં. ૧૩** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૨, અબૂ નઈમે હઝરત અનસથી રિવાયત કરી કે હુઝૂરે હઝરત બરાઅ્ બિન માલિકને ફર્માવ્યું : "અય બરાઅ્ ! શીશીઓનો ખયાલ કરો, તેણીઓ તમારો અવાજ ન સાંભળે."

**ફાયદો** : હદીષ નં. ૧૨ નો ખુલાસો આ હદીષથી થયો કે સ્પષ્ટ શબ્દોમાં એ બયાન થયું કે તમારો અવાજ સ્ત્રીઓને ન સંભળાવો. ફિત્નાનો ભય હોય તો સભ્યતાવાળી શાયરી પણ પુરૂષ સ્ત્રીઓને ન સંભળાવે, અને સ્ત્રીઓથી પુરૂષોને સાંભળવાનો તદ્દન અધિકાર નથી જ્યાં સુધી એની મહરમ ન હોય.

**હદીષ નં. ૧૪** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૫, ઈબ્ને માજાના પુરાવાથી હઝરત મુજાહિદ કહે છે : હઝરત ઉમર જ્યારે કોઈને હદી





પઢતાં સાંભળતા તો ફર્માવતા : لَا تُعَرِّضْ بِذِکْرِ النِّسَاءِ હદીમાં સ્ત્રીઓનું ઈશારાથી પણ વર્ણન ન કરો.

**ફાયદો** : વર્તમાનકાળમાં જે પ્રેમની શાયરી ચાલે છે જેને ગઝલો કહેવામાં આવે છે, અને તેમાં પુરૂષની ખૂબસૂરતીનું વર્ણન હોય છે. સ્ત્રીઓની સુંદરતાનો ઉલ્લેખ હોય છે જેનાથી માહોલ ખરાબ થાય છે એ ક્યારે પણ જાઈઝ નથી હરામ છે અને મ્યુઝિકની સાથે હોય તો વધારે હરામ. જ્યારે સભ્યતાની શાયરીથી ફિત્નાનો ભય હોય તો એનાથી મનાઈ છે તો પછી જેનાથી ઈસ્લામી માહોલમાં ફરક આવે, લોકોના અખ્લાક અને સંસ્કાર ખરાબ થાય એની રજા કેવી રીતે આપી શકાય ?! એટલે દુનિયાદારોની વાતો પર ધ્યાન આપવામાં ન આવે.

**હદીષ નં. ૧૫** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૫, બયહકીના પુરાવાથી હઝરત ખવાત બિન જુબૈર કહે છે કે અમે હઝરત ઉમરની સાથે હજ્જના ઈરાદાથી નીકળ્યા. અમારી ટુકડીમાં હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ્, હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ પણ હતા. અમુક લોકોએ મને શાયરી સંભળાવવાની ફર્માઈશ કરી તો મેં એમને ગાવાનું સંભળાવવાનું શરૂ કર્યું. એ બાબતે લોકોએ કહ્યું, અમને ઝરારની અમુક શાયરી સંભળાવો. હઝરત ઉમરે ફર્માવ્યું, અબૂ અબ્દુલ્લાહ પોતે એમના દિલથી સંભળાવવા દો ! (એટલે કે પોતે પોતાની શાયરી સંભળાવો) હું ગાતો રહ્યો ત્યાં સુધી કે સવાર થઈ ગઈ, ત્યારે હઝરત ઉમરે ફર્માવ્યું, હવે જીભ રોકી લો, સવાર થઈ ગઈ છે.

**ફાયદો** : આ હદીષથી જાણવા મળ્યું કે સભ્યતાની શાયરી અવાજથી અને રાગથી પઢી શકાય છે એમાં કોઈ વાંધો નથી. આમાં મ્યુઝિક અને વાજિંત્રોનો પુરાવો મળી શકતો નથી.

**હદીષ નં. ૧૬** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૨૩૦ માં નબી ﷺ એ પોતાની ખૈબર તરફની મુસાફરીમાં આમિર બિન અકવાનને ફર્માવ્યું, અકવાનનું નામ સિનાન હતું. આપે ફર્માવ્યું, તારી પ્રફુલ્લતામાંથી અમારા માટે હદી ગાવ ! તેઓ રસૂલુલ્લાહ માટે ઉતરીને ગાવા લાગ્યા.

**ફાયદો** : આ હદીષથી પણ માત્ર શાયરીને રાગથી પઢવું સાબિત થાય છે, એનાથી અધિક કંઈ સાબિત થતું નથી અને એટલું અમને પણ માન્ય છે.

**હદીષ નં. ૧૭** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૨૨૮, બયહકીના પુરાવાથી હઝરત અસલમથી રિવાયત છે : ફર્માવે છે કે ઉમર બિન ખત્તાબે એક માણસને મેદાનમાં ગાતાં સાંભળ્યો તો ફર્માવ્યું : اَلْغِنَاءُ مِنْ زَادِ الرَّاكِبِ ગાવું મુસાફિરનો મુસાફરીનો સામાન છે. 'એટલે કે મુસાફરને એનાથી શાંતિ મળે છે, દિમાગ પ્રફુલ્લ બને છે, અને ટાઈમ પાસ થાય છે, થાક લાગતો નથી, એટલે એને ગાવાની રજા છે.)

**ફાયદો** : આનાથી પણ જાણવા મળ્યું કે હઝરત ઉમર મુસાફરને ગાવાની રજા આપતા હતા કારણ કે એમણે જોયું હતું કે નબીએ પાકે પણ મુસાફરીમાં એ કામની ફર્માઈશ કરી હતી. જે પ્રમાણેની શાયરી નબીએ પાકના જમાનામાં ચાલતી હતી તેની રજા મળે છે. એટલે કે સભ્યતાવાળી જેમાં દુનિયાના લવ અને પ્રેમની વાતો ન હોય.

**હદીષ નં. ૧૮** : ઉપરોક્ત પેજ નં. પર છે હારિષ બિન અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત છે કે એક વખત અમે હઝરત ઉમર સાથે મક્કાના માર્ગે ચાલી રહ્યા હતા, હઝરતની ખિલાફતના જમાનામાં આપની સાથે મુહાજિર અને અન્સારના લોકો પણ હતા. હઝરત ઉમરે એક મિસરો રાગથી પઢયો فَتَرَنَّمَ عُمَرُ بِبَيْتٍ એક ઈરાકી માણસે કહ્યું અને ઈરાકી એક જ હતો, વિનંતિ કરી, અય અમીરુલ મો'મિનીન ! બીજો કરતો તો સારું. હઝરતે ઉમર શરમાઈ ગયા અને પોતાની સવારી હાંકીને ટુકડીથી અલગ થઈ ગયા.

**ફાયદો** : મુસાફરીમાં ગાવાની રજા તો છે પણ દરેકના મુખે એ ન શોભે એટલે હઝરત ઉમરના મુખેથી સાંભળીને એને આશ્ચર્ય થયું, અને એના કહેવાથી હઝરત ઉમર શરમાયા, પણ એ સ્પષ્ટ છે સભ્યતાની શાયરી પઢી લેવામાં અને એમાં રાગને જગા આપવામાં કોઈ વાંધો નથી.

**હદીષ નં. ૧૯** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૨૨૯ માં મુહમ્મદ બિન ઉબ્બાદ બિન જા'ફર અને બીજાું કોઈ એમની સાથે હતું. રિવાયત કરી ઉમર બિન ખત્તાબ હજ્જ અથવા ઉમરા માટે નીકળ્યા, રસૂલુલ્લાહના સહાબાએ ખવાત બિન જુબૈરથી વાત કરી કે اَنْ يُغَنِّيَهُمْ એમના માટે ગાઈ, એમણે કહ્યું, ઉમરથી રજા માંગો તો, રજા માંગી, એમણે રજા આપી, ખવાતે ગાયું તો ઉમરે ફર્માવ્યું : اَحْسَنَ خَوَّاتٌ اَحْسَنَ خَوَّاتٌ ખવાતે ઘણુ સારું કર્યું, ખવાતે ઘણું સારું કામ કર્યું. પછી હઝરતે ઉમરે પણ એક શેઅર પઢયો.





**હદીષ નં. ૨૦** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૨૩૦ હઝરત મુજાહિદથી રિવાયત છે કે નબી ﷺ એ એક કૌમથી મુલાકાત કરી જેમાં એક ભાઈ હદી ગાતો હતો. જયારે તેમણે નબીએ પાકને જોયા તો એમનો હદી ગાનાર ચુપ થઈ ગયો, ગાતો ન હતો. તેમણે કહ્યું, અય અલ્લાહના રસૂલ ! હદી ગાવામાં અરબમાં અમે પહેલા છીએ. આપે ફર્માવ્યું, એવું નથી એ તો અમારા કુટુંબનો માણસ હતો, જે વસંત ઋતુમાં પોતાના ઊંટોમાં હતો, તો એણે પોતાના ગુલામને ઊંટો લઈને મોકલ્યો, ગુલામે મોડુ કર્યું, પછી આવ્યો તો એ તેને ડંડાથી હાથમાં મારવા લાગ્યો તો ગુલામ નાસતો જતો અને કહેતો જતો "વા યદાહ્" તો ઊંટોમાં હલન ચલન થઈ અને મસ્તીમાં આવ્યાં. એણે કહ્યું, રોકાઈ જા ! રોકાઈ જા ! તો પછી લોકોએ હદી શરૂ કરી.

હઝરત ઈબ્ને અબ્બાસની રિવાયતમાં નામ મુઝર બિન નઝાદ વર્ણન થયું છે જેનો ઉલ્લેખ નબીએ પાકે ફર્માવ્યો. (આનાથી સાબિત થયું કે હદીની શાયરી જાઈઝ છે એને ગાઈને પણ પઢી શકાય છે.)

**હદીષ નં. ૨૧** : નીલુલ અવતાર, ભાગ–૮, પેજ–૧૦૬ માં હઝરત ઉમર ફારૂકે આ'ઝમથી રિવાયત કરવામાં આવી છે કે આપ જયારે પોતાના ઘરોમાં હોતા તો એક બે શેઅર રાગથી પઢી લેતા. શરહે મુહઝ્ઝબ, ભાગ–૧૮, પેજ–૪૨૫ માં આટલો વધારો છે કે એ બાબતે આપને કોઈએ પૂછયું તો ફર્માવ્યું અમે એકલાં હોય છે તો એવું જ કરીએ છીએ જે બીજા લોકો કરે છે.

ફત્હુલ કદીર શરહે હિદાયા, ભાગ–૬, પેજ–૩૬ માં ઈમામ ઈબ્ને હુમામે ફર્માવ્યું : આ તે રિવાયત છે જેનાથી વધુ પડતા ફકીહોએ, જેમાં સાહિબે હિદાયા અને ઈમામે સરખસી પણ છે, એ દલીલ કાયમ કરી છે કે માણસ એકલપણાને દૂર કરવા ગાઈ શકે છે.

**હદીષ નં. ૨૨** : ફત્હુલ કદીર, ભાગ–૨, પેજ–૩૬, ફર્માવે છે કે હઝરત અનસ બિન માલિકથી એ રિવાયત કરવામાં આવી છે કે તેઓ પોતાના ભાઈ બરા બિન માલિક પાસે ગયા, જેઓ સહાબામાં ઘણા જ ઈબાદતગુઝાર હતા, જોયું તો તેઓ ગાઈ રહ્યા હતા.

અલ્લામા ઈબ્ને હુમામ આ રિવાયત નકલ કરી ફર્માવે છે કે શમ્સુલ અઈમ્મા સરખસીએ આ રિવાયતથી દલીલ કાયમ કરી છે. પણ બીજા શૈખ લોકો એવા પણ છે જેઓ ગાવાના સઘળા પ્રકારને મકરૂહ સમજે છે.

**હદીષ નં. ૨૩** : કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૨૩૧ માં ઈબ્ને અસાકિરે શા'બીથી રિવાયત કરી કે ઈયાઝ અશઅરી ઈદના દિવસે બજારમાંથી પસાર થયા તો આપે ફર્માવ્યું, શું છે કે લોકો તકલીસ નથી કરતા, એ તો સુન્નત છે. યુસૂફ બિન અદી કહે છે તે તકલીસ એ છે કે :–

اَنْ يَقْعُدَ الْجَوَارِيْ وَالصِّبْيَانُ عَلٰى

اَفْوَاهِ الطَّرِيْقِ يَلْعَبُوْنَ بِالطَّبْلِ

છોકરીઓ અને બાળકીઓ રસ્તાના ખૂણાઓ પર બેસી તબલાથી રમત રમે.

અલ મુનજિદ અરબી, પેજ–૬૫૦, કલ્લસા–દરબા બિદુફ્ફે વ ગન્ના કલ્લસા તકલીસનનો અર્થ છે : એણે દફ વગાડીને ગાયું.

**ફાયદો** : દફવાળી રિવાયતોનો ઉલ્લેખ થઈ ગયો કે ખુશીના પ્રસંગ, દા.ત. શાદી, વિવાહ, ઈદ વગેરે મોકાસર દફ વગાડી શકાય છે અને સભ્યતાનું શાયરી રાગથી ગાઈ શકાય છે. અને આ એક ખાસ પ્રસંગ છે. દરેક મોકાસરનો સુબૂત મળતો નથી, એટલે સિમા માટે તો પુરાવો નથી મળી શકતો, જેમ કે અમે મુલ્લા અલી કારીના લખાણથી પણ પુરાવો આપ્યો.

**સવાલ** : કાયદો છે કે શરીઅતમાં હરામની દલીલની જરૂરત છે, હલાલ માટે દલીલની જરૂરત નથી, શરીઅતે જેના હરામ હોવાનો ખુલાસો ન કર્યો હોય તેની બાબતે જાઈઝ હોવાનું સ્પષ્ટ થાય છે, તો અમારે જાઈઝ હોવાની દલીલ આપવાની જરૂરત નથી ! તમારે હરામ સાબિત કરવાની જરૂરત છે ?

**જવાબ** : અમે નાજાઈઝ પર એકાવન હદીષો તમારી ખિદમતમાં પેશ કરી અને કુર્આન તથા તફસીરના પુરાવા એની જગાએ હરામ હોવું સ્પષ્ટ કરે છે પછી તમે એવું શી રીતે કહી શકો છો કે હરામ હોવા પર કોઈ દલીલ નથી ! એ તો માન્ય છે કે કોઈ પણ વસ્તુનો મૂળ હુકમ ઈબારત એટલે જાઈઝ હોવાનો છે પણ એ ત્યારે જ્યારે એની વિરૂધ્ધમાં નાજાઈઝ હોવાની કોઈ દલીલ ન હોય. અહીં તો અસંખ્ય પુરાવા છે પછી શંકા કઈ વાતની !

**સવાલ** : તમે નાજાઈઝ અને હરામ હોવામાં જે દલીલો આપી તેમાં હદીષોનો મોટો ભાગ, ઝઈફ અને અશક્ત રિવાયતની હદીષોનો છે, પછી પુરાવો સશક્ત ક્યાં થાય છે ?





**જવાબ** : ઝઈફ રિવાયતના આધારે અશક્ત હદીષો જો અલગ અલગ રિવાયતોથી આવે તો તે હસનના હુકમમાં આવી જાય છે, અને એનાથી દલીલ લઈ શકાય છે. બીજું એ કે અન્ય રિવાયતોના અશક્ત હોવાને લઈને નિર્ણય નથી લઈ શકાતો, જ્યારે એકાવન હદીષોમાં ઘણી બધી સનદના આધારે સહીહ છે અને એનાથી દલીલ લઈ શકાય છે. એવો કોઈ કાયદો નથી કે કોઈ ચીજને નાજાઈઝ કહેવા માટે જેટલી રિવાયતોથી અલગ અલગ હદીષો આવી હોય સઘળી સહીહ હોય બલ્કે સહીહ રિવાયત મળી ગયા પછી બીજી રિવાયતોના આધારે ઝઈફ હોવાથી સુબૂતમાં ફરક પડી શકતો નથી. એટલે ખોટી રીતે વાસનાને ઉત્તેજન આપવામાં ન આવે અને ન્યાયથી ફેંસલો કરવામાં આવે.

ત્રીજું એ કે તમે આપમેળે જે નિર્ણય લઈ રહ્યા છો તે સત્ય છે કે નથી તે બાબતે વિચાર કરવાનો છે. ક્યાં તમારું મંતવ્ય અને ક્યાં ઈમામે મુજતહિદની દલીલ ! અમે ચાર ઈમામો અને એમના શુભેચ્છકોના પુરાવાથી તમને બતાવીશું કે એમણે પણ મ્યુઝિક અને સંગીત બાબતે નાજાઈઝ હોવાનો ફેંસલો કરેલો છે, તો પબ્લિક શું ! આલિમોએ પણ ઈમામોની વાતોને માન્ય રાખવાનો હુકમ છે.

ચોથું એ કે ઈમામ મુજતહિદ જે હદીષને દલીલ બનાવે અને જેનાથી મસ્અલો લઈ હુકમ સંભળાવે તે માન્ય રાખવામાં આવશે. કારણ કે જ્યારે તેમની તકલીદ કરવાનો હુકમ છે તો પછી તેઓ બીજા લોકોથી અધિક એ સમજે છે કે આ હદીષ જેને આપણે કોઈ નિર્ણયનો આધાર બનાવી રહ્યા છીએ માન્ય છે કે નથી. ચાર ઈમામો કે બીજા નાના મોટા સઘળા ઈમામો જેમનું અનુસરણ કરે છે તેમણે વાજિંત્રો પર નાજાઈઝ અને હરામનો હુકમ આપ્યો છે. તો એનાથી એ સ્પષ્ટ થયું કે આ બાબતે વર્ણવવામાં આવેલી હદીષો હુકમમાં કયા સ્થાને છે.

**નોંધ** : જે હદીષોમાં ગાવાની અને દફ વગેરેની રજા આપવામાં આવી તે અમે પુરાવા સાથે તમારી ખિદમતમાં રજુ કરી. તે હદીષો અને આષારે સહાબામાંથી તમે એક હદીષ પણ એવી નથી બતાવી શકતા જેમાં કોઈ પણ બાંધ છોડ વિના રજા આપવામાં આવી હોય. તો પછી વર્તમાનકાળમાં અથવા પૂર્વજોમાંથી કોઈએ સિમામાં ગાવાનો અને વાજિંત્રોને વગાડવાનો જવાઝ (જાઈઝ હોવું) બયાન કર્યો હોય તો તે એમનો પોતાનો કહેલો જવાઝ હશે, **હદીષ અને આષારે સહાબામાંથી એકથી પણ એ પુરાવો મળતો નથી.** જે શંકા કુશંકાને પેદા કરનાર વાતો છે પછી તે ગમે પુરાવાથી હોય. તેના પર

એક પ્રકરણ અલગથી તમારી ખિદમતમાં પેશ કરી દરેક જવાઝ (જાઈઝ હોવાનો)નો સુબૂત આપનારની વાતનું સંપૂર્ણ ઓપ્રેશન કરવામાં આવશે. પણ હમણા અમે ઈન્સાફ અને ન્યાયથી હરામ અને કોઈ ખાસ પ્રસંગ માટે આપવામાં આવેલી છૂટ, એ બંને પર અમારી પહોંચ હોય એટલી હદીષો વર્ણવી. પણ અમે પૂરા ભરોસાથી એવું કહી શકીએ છીએ કે જે છે તે આ જ છે. જવાઝ બાબતે બાંધ છોડ વિનાની એક હદીષ પણ નથી બતાવી શકતા અને સહાબીની એક અષર પણ એ બાબતે નથી લાવી શકતા. તો પછી હવે દીનમાં ગોલૂ (અતિશ્યોક્તિ) કરનાર લોકોએ શું કરવું જોઈએ ! પોતાની હઠ પર રહી પોતાની વાસનાના કામોમાં મગ્ન રહેવું જોઈએ કે પછી સાચી પાકી તૌબા કરી એ બિદઅતના માર્ગથી હટવું જોઈએ ? જેના દિલમાં અલ્લાહ અને રસૂલની મહોબ્બત હશે અને જે એવું સમજતો હશે કે દીન અને ધર્મની બુન્યાદ અલ્લાહના કલામ પર અને નબીએ અકરમની હદીષો પર છે અને એમાં સંપૂર્ણ સમજ ન મળતી હોય તો સહાબાનો અમલ અને એમના મંતવ્યો સહારો બની શકે છે તો તેવા વ્યક્તિથી અમારી આ કોશિશ પછી હઠ કરવાનું જોવા મળશે નહીં. જાહિલ, બિદઅતી, અને અલ્લાહ તથા રસૂલે પાકના ફર્માન પર ધ્યાન ન આપનાર બેબાક અને નીડર જ વાસનાના માર્ગે રહેશે.

## ★ જવાઝ (જાઈઝ હોવા)વાળી હદીષોનો ખુલાસો ★

(૧) શાદી, વિવાહના પ્રસંગે ગાવું અને દફ વગાડવું (૨) ઈદના મોકાથી ગાવું અને દફ વગાડવું (૩) યુદ્ધના સમયે ગાવું (૪) મુસાફરીમાં જતાં આવતાં હદી ગાવી (૫) માણસે એકાંતવાસ દૂર કરવા થોડું ગાવું. (આમાં પણ શરતો છે એટલે આને પણ બાંધ છોડ વિનાનું ન સમજવું.) (૧) દફ સાદા હોય એમાં ઝાંઝરી ન હોય, અને ધબ ધબથી વગાડવામાં આવે, તબલાની સ્ટાઈલમાં નહીં. (૨) નાની ગેર પુખ્ત વયની છોકરીઓ હોય, બાલિગ અને પુખ્ત વયની નહીં. (૩) જે ગાઈ તે સભ્યતામાં હોય, ઈસ્લામ વિરૂધ્ધનું ન હોય. (૪) ગાવાનો તરીકો લોકો જેવો ન હોય જેઓ ગાવાના કાયદા કાનૂનના પ્રકાશમાં પધ્ધતિથી ગાતા હોય છે. (૫) નાચવામાં ન આવે, અને બીજા કશા હરામને એમાં જગા આપવામાં ન આવે. (૬) સ્ત્રીમાં નાબાલિગ છોકરી જેના ગાવાથી ફિત્નો ન ઉઠે અને લોકોના દિલમાં ખોટી વાસનાઓ ન ઉપજે. (૭) પુરૂષ પરદા વિનાની સ્ત્રીઓમાં સંભળાવી શકતો નથી, સ્ત્રીઓ પરદામાં હોય અને ફિત્નામાં પડવાનો





ભય હોય તો એની પણ રજા નથી. (૮) નાબાલિગ છોકરો જેને જોઈને ખરાબ ઈરાદા ઉપજે તો તેનાથી પણ સાંભળવાની રજા નથી.

**નોંધ** : મહફિલે સિમાનો જવાઝ (જાઈઝ હોવું) અમે અલગથી બતાવીશું એમાં બુઝુર્ગોએ કેટલી શરતો રાખેલી છે તેનું પણ અમે તમારી ખિદમતમાં પુરાવાથી વર્ણન કરીશું અને પછી બતાવીશું કે બુઝુર્ગો તરફથી જે શરતો સાથે રજા આપવામાં આવી હતી તે વર્તમાનકાળના સિમામાં જોવા મળે છે ? જો એ પ્રમાણે સાબિત નહીં થાય તો વર્તમાનકાળની સભાઓ પર નાજાઈઝ હોવાના કારણો બાબત પણ ચર્ચા થશે. વર્તમાનકાળમાં લોકોનું ધ્યાન માત્ર દુનિયાની મનોરંજનવાળી સભાઓ તરફ છે, અને ધાર્મિક સભાઓ તરફ લોકો ત્યારે જ લક્ષ આપે છે જ્યારે એમાં એમની ઈચ્છાની વાતો થતી હોય. જેથી વર્તમાનકાળની ગંભીર સ્થિતિને લક્ષમાં રાખી એ બાબતે બની શકે એટલી સહુલતનો ખયાલ પણ રાખવામાં આવશે. પણ આ બે પ્રકરણોથી એ તો સ્પષ્ટ થઈ ગયું કે લોકોનો થોડો ઘણો વિવાદ જોવા મળે છે તે એ ગાવા બાબતે કે રાગથી ધાર્મિક શાયરી ગાઈ શકાય કે પછી એની પણ રજા નથી ? તો એમાં બે પ્રકારની હદીષો જોવા મળી એટલે અમે વચલો માર્ગ લઈને એ નિર્ણય લીધો કે જો વાજિંત્રો, મ્યુઝિક અને સંગીતને વચમાં લાવવામાં ન આવે તો ધાર્મિક અને અદબવાળી શાયરી રાગથી પઢી શકાય છે. મ્યુઝિકનો તો માર્ગ નીકળી શકે એવું જ નથી. અને હદીષોમાં ગાવાથી જે મનાઈ છે એ મનાઈને તે સમયના જાહિલોની પધ્ધતિ પર આધારિત કરવામાં આવશે, એ પ્રમાણે ગાવાની રજા આપવામાં નહીં આવે. અને જે હદીષોમાં ગાવાની રજા છે તેને અબદથી ઈસ્લામી શરીઅતના વર્તુળમાં રહી ગાવા પર આધારિત કરવામાં આવશે. તો હવે કુર્આન, તફસીર અને હદીષના નિર્ણયો પછી આપણા ઈમામે મુજતહિદ તરફ જઈશું, જેઓ કુર્આન અને હદીષથી મસ્અલાઓ લેવાનો હક્ક ધરાવતા હતા, મસ્અલાઓ અને ફિકહમાં ચાર ઈમામોનું અનુસરણ કરવામાં આવે છે : ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામે શાફઈ, ઈમામ અહમદ બિન હંબલ અને ઈમામ માલિક رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن. તો આપનું પ્રકરણ આ ચાર ઈમામો અને એમના અનુયાયી મહાન આલિમોના મંતવ્યો પર હશે. ઈન્શાઅલ્લાહ !

وَمَا عَلَیْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِیْن

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ-૩)

# મ્યુઝિક અને વાજિંત્રો ચાર મસ્લકોના પ્રકાશમાં

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى سَيِّدِ الْاَنْبِيَاءِ
وَالْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ
مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا
اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاُولِى الْاَمْرِ مِنْكُمْ فَاِنْ تَنَازَعْتُمْ
فِيْ شَيْءٍ فَرُدُّوْهُ اِلَى اللّٰهِ وَالرَّسُوْلِ اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ
الْيَوْمِ الْاٰخِرِ ذٰلِكَ خَيْرٌ وَّاَحْسَنُ تَاْوِيْلًا صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ
رَسُوْلُهُ الْكَرِيْمُ وَنَحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشَّاكِرِيْنَ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ અને દીવાનાઓ ! આજે તમારી સમક્ષ વાજિંત્રોની શરઈ મનાઈ બાબતે ત્રીજું પ્રકરણ રજુ થઈ રહ્યું છે. પ્રથમ કુર્આન અને તફસીરના પ્રકાશમાં, બીજું હદીષ અને આષારે સહાબાના પ્રકાશમાં, અને આ ત્રીજું પ્રકરણ ''ફિકહના પ્રકાશમાં વાજિંત્રોનો હુકમ''ના નામથી પ્રસિદ્ધ થઈ રહ્યું છે, અલ્લાહ તઆલા આપણને સર્વને હક્ક બોલવાની, હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન બિજાહિ સૈય્યિદિલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم)





મારા ભાઈઓ અને બહેનો ! આપણો દીન અને ધર્મ ઈસ્લામ છે, ઈસ્લામ જે આપણને નબી દ્વારા આપવામાં આવ્યો છે. અલ્લાહનો આપણને આપેલો અંતિમ અને સંપૂર્ણ ધર્મ છે અને એટલા માટે આપણા પ્યારા નબી પણ અંતિમ નબી છે, આપ પછી કોઈ નવો નબી અલ્લાહ તઆલાના કુર્આનમાં કરેલ વાયદા મુજબ આવવાનો નથી અને અલ્લાહ મોકલવાનો નથી. આપણા ધર્મમાં અધિક કષ્ટીઓ નથી જેમ આગલી કિતાબવાળાઓને આપવામાં આવી હતી. સન્યાસીની તા'લીમ પણ આપણા નબીની નથી, બલ્કે આપણા પ્યારા નબીએ આપણને દીનમાં અને દુનિયામાં રહેવાની તા'લીમ આપી, અલ્લાહના હક્કો સાથે બંદાઓના હક્કથી સંબંધિત રહેવાનો આદેશ આપ્યો, આપણો ઈસ્લામ એક દિશાએ રહેવાથી સંપૂર્ણ નથી થતો એના માટે વર્તુળના દરેક ભાગે નજર કરવાની હોય છે, અને આપણી જરૂરતમાં આવતી દરેક ચીજ વસ્તુમાં તાકીદી પગલાં લેવાની હોય છે.

ઈસ્લામમાં અલ્લાહ અને રસૂલનો સંપૂર્ણ અધિકાર છે, એમાં ક્રમ એ છે કે પ્રથમ અલ્લાહનો અને પછી એની આપેલી શક્તિથી નબીનો. નબી મનાઈ કરે તો પણ માનવાનું અને અલ્લાહ મનાઈ કરે એ તો માનવાનું છે જ. એટલે તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

مَا اٰتٰكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهٰكُمْ عَنْهُ فَانْتَهُوْا

''રસૂલ તમને જે આપે તે લઈ લો અને જેનાથી રોકે રોકાઈ જાવ !''

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ

''જે રસૂલનું કહેવું માને છે તો તે નિઃશંક ! અલ્લાહનું કહેવું માની ગયો.''

يُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ

''સ્વચ્છ વસ્તુઓ એમના માટે હલાલ કરશે અને ખરાબ વસ્તુઓ એમના માટે હરામ કરશે.''

ઉપરોક્ત ત્રણ આયતોથી સ્પષ્ટ થયું કે અલ્લાહ તઆલાએ કુર્આન દ્વારા હરામ કર્યું તો હરામ, રસૂલે પાકે હદીષ દ્વારા હરામ કર્યું તો હરામ. આપણે જે બાબતે ચર્ચા કરી રહ્યા છીએ તે મ્યુઝિક અને સંગીત છે. જેનું હરામ હોવું કુર્આનથી પણ સાબિત કરવામાં આવ્યું અને રસૂલે પાકના ફર્માનથી પણ એ સ્પષ્ટ થયું, એટલે એ અલ્લાહ અને રસૂલની હરામ કરેલી વસ્તુ છે, કુર્આનની આયત મુજબ આપણે એનાથી દૂર રહેવું જોઈએ.

દલીલમાં એક પ્રકાર એ છે કે જ્યારે આપણે ચાર ઈમામોમાંથી કોઈ એક ઈમામની તકલીદ વાજિબ અને જરૂરી માનીએ છીએ અને એનો અસ્વીકાર ગુમરાહી અને બેદીની કહેવામાં આવે છે, તો આપણે મસ્અલાઓમાં એ જોવું જોઈએ કે આપણે જે ઈમામોનું અનુસરણ કરીએ છીએ અને જેમના બતાવેલા મસ્અલાઓ પર ચાલીએ છીએ તેમનું આ બાબતે કહેવું શું છે, તો એમની વાતને માન્ય રાખવામાં આવશે.

ઈમામે આ'ઝમ અબૂ હનીફાનું અનુસરણ કરનાર અનુયાયીઓને **હનફી** કહેવામાં આવે છે, ઈમામે શાફેઈના અનુયાયીઓને **શાફઈ** કહેવામાં આવે છે. ઈમામ અહમદના અનુયાયીઓને **હંબલી** કહેવામાં આવે છે અને ઈમામ માલિકના અનુયાયીઓને **માલિકી** કહેવામાં આવે છે. આપણે હનફી છીએ તો આપણે આ મસ્લકના હનફી ઈમામો અને મુજતહિદોની વાત માન્ય રાખવી જોઈએ અને એને અમલમાં લાવવી જોઈએ. પણ આપણે ચર્ચા ચારેવ ઈમામો અને એમના મસ્લકના બીજા મુજતહિદોની વાતો અને મંતવ્યોને નજરો સમક્ષ રાખી ન્યાય સુધી પહોંચવાની કોશિશ કરીશું.

## ★ મસ્લકે હનફીમાં મ્યુઝિક અને વાજિંત્રો ★

★ માત્ર સંગીત.

★ માત્ર ગાવું.

★ સંગીત સાથે ગાવું.

ગાવાના બે પ્રકાર અદબ અને સંસ્કારિક શાયરી અને અસંસ્કારિક શાયરી. સંસ્કારિક શાયરી રાગથી ગાવી અને સંગીત પણ સાથે હોવું, વિના સંગીતે રાગથી પઢવું. અસંસ્કારિક શાયરી સંગીત સાથે ગાવી અને વિના સંગીતે. તો આમ પાંચ પ્રકાર થયા.

**સંગીત** : વાજિંત્રો જેને એક કાયદાનુસાર વગાડીને દિમાગ પર અસર કરે એવો સુંદર સ્વર ઉપજાવામાં આવે છે, જો એની સાથે રાગ હોય તો એ સુંદરતામાં વધારો થઈ જાય છે અને રાગ ન હોય તો પણ માત્ર મ્યુઝિક માણસના દિમાગ પર અસર કરી એને મસ્તીમાં લઈ આવે છે. તો એવાં વાજિંત્રોને રમત ગમત અને મનોરંજન માટે જ બનાવવામાં આવ્યાં છે અને બનાવવામાં આવશે. ભૂતકાળમાં તો એ પ્રમાણેનાં વાજિંત્રો ઓછાં હતાં અને તે પણ દેશી બનાવટનાં,





જ્યારે વર્તમાનકાળમાં એકથી એક મ્યુઝિકનાં સાધનો બનાવવામાં આવ્યાં છે. શું કોઈ વ્યક્તિ એ સાબિત કરી શકે છે કે એ વાજિંત્રોને રમત ગમત અને મનોરંજન સિવાય બીજા કોઈ મકસદને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યાં હોય ?! પછી એના નાજાઈઝ અને હરામ હોવામાં શું શંકા રહી શકે છે ?!

**(૨)** સંસ્કારિક અને ધાર્મિક શાયરી મ્યુઝિક અને સંગીત સાથે ગાવામાં આવે તો એ પણ નાજાઈઝ અને હરામ ઠરશે. હરામ એનાથી અલગ ન થઈ શકવાને લઈને એવું નથી થઈ શકતું કે તમે શાયરી સાંભળો અને મ્યુઝિક ન સાંભળો જ્યારે કે બંને એક સાથે છે.

**(૩, ૪)** અસંસ્કારિક શાયરી જેમાં કોઈ ઔરતના રૂપ રંગના વખાણ હોય, અને ઈશ્ક તથા પ્રેમની વાતો હોય, કોઈની ખોટી રીતે બુરાઈ કરવામાં આવી હોય, કોઈની ઉપર ખોટો આક્ષેપ રાખવામાં આવ્યો હોય વગેરે વિના સંગીતે અને સંગીત સાથે હરામ છે.

**(૫)** સંસ્કારિક અને ધાર્મિક શાયરી વિના સંગીતે રાગથી ગાવમાં આવે તો અમુક શરતો સાથે જાઈઝ છે જેનો ઉલ્લેખ થશે. કોઈ પણ શરત વિના જાઈઝ કહેવું કોઈના મંતવ્યમાંથી નથી, નથી આલિમોનું અને નથી સૂફી સંતોનું.


**નોંધ** : આપણે જે વિવાદને આપણી સમક્ષ રાખીને ચર્ચા કરી રહ્યા છીએ તે નંબર બે નો છે કે સંસ્કારિક અને ધાર્મિક શાયરી મ્યુઝિક અને સંગીત સાથે ગાઈ શકાય ? અને એ પ્રમાણેની સભાઓનું આયોજન કરી શકાય ? તો કુર્આન, હદીષ અને ઈમામો મુજતહિદોના મંતવ્યો અનુસાર ન કરી શકાય, એ પ્રમાણેની સભાઓનું આયોજન હરામ અને ગુનાહનું કામ છે. ગુનાહ સમજીને કરવાથી માણસ ફાસિક બની જાય અને જાઈઝ સમજીને કરવાથી અસંખ્ય હદીષોનો અસ્વીકાર થાય, એટલે આ બાબતે કોઈનું પોતાનું મંતવ્ય જાઈઝ હોવામાં માન્ય રાખવામાં આવશે નહીં. કોણે કર્યું અને કોણે નથી કર્યું એ બાબતે ટાઈમ અને સમય ખરાબ કરવાની જરૂરત નથી, માત્ર એ વાત પર ધ્યાન કરવામાં આવશે કે તમે જે વાત કરી રહ્યા છો તે બાબતે નબીએ પાકનું ફર્માન શું છે ? ત્યાર બાદ એ જોવામાં આવશે કે ઈમામો અને મુજતહિદોએ એ બાબતે કેવો નિર્ણય લીધો છે ? સર્વને એ કાયદો અને રુલ ખબર છે કે એક તરફ નબીનું ફર્માન હોય અને બીજી તરફ એની વિરૂધ્ધમાં સહાબાની વાત હોય અથવા અમલ હોય તો નબીની વાત પર અમલ કરવામાં આવશે, સહાબીની વાત અથવા એમના અમલ પર નહીં. જો ટાઈમ હશે તો એ અન્ય વાતો એ બાબતે

પણ તમને બતાવીશું કે આ વિવાદાસ્પદ મસ્અલાને સમજવામાં તમને કોઈ પ્રકારની શંકા ન રહી જાય. સ્પષ્ટ થયું કે નબીની વાતથી સહાબીની વાત અથવા અમલની ટક્કર થાય તો સહાબીની વાત છોડી દેવામાં આવે. તો જો નબીની વાતથી કોઈ વલીની અથવા સંતની વાતનો ટક્કર થાય તો એને કયા કાયદાનુસાર માન્ય રાખી લેવામાં આવે ? જો તમે અમને ઓસૂલે હદીષનો એવો કોઈ કાયદો લાવીને બતાવી આપો તો તમારી વાત માન્ય રાખી લેવામાં આવે. અને અમે કહી આપીએ છીએ કે એવો કોઈ રુલ અને કાયદો નથી કે નબીની સહીહ હદીષ મળે અને તેના ટક્કરમાં બીજા કોઈની વાત સ્વીકારી લેવામાં આવે. તો પછી નબીની હદીષ સામે કોણે આમ કર્યું અને કોણે નથી કર્યું એની ચર્ચા પાયા વિનાની કહેવાશે. બુઝુર્ગ બુઝુર્ગની જગાએ, સંત સંતની જગાએ પણ નબીથી વધીને ઈન્સાનમાં કોઈ નથી. તો પછી નબીની વાતની વિરૂધ્ધમાં બીજાની વાત માન્ય રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. હઝરત ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ નું ફર્માન છે કે : اِذَاصَحَّ الْحَدِیْثُ فَھُوَ مَسْلَکِیْ કોઈ હદીષ રિવાયતના આધારે સહીહ થઈ જાય (જે ઓસૂલે હદીષની એક નિયુક્ત પરિભાષા છે) તો એ જ મારો મસ્લક છે. મતલબ એ કે મારું કોઈ મંતવ્ય હોય અને હદીષે પાક જે રિવાયતના આધારે સહીહ હોય તો એવા સમયે તમે મારી વાતને ભૂલી જશો અને નબીની હદીષ પર અમલ કરી લેશો કે, નબીના ફર્માનને ઉત્તમતા આપવી ઈમાન છે. તો આપણે જે ચર્ચા કરી રહ્યા છીએ તેમાં કોઈએ પણ આ રુલ અને આ કાયદો ભૂલવો ન જોઈએ. ચર્ચા માટે આ બુન્યાદ છે, એનાથી ખસીને ચર્ચા થઈ શકતી નથી અને જે એ રુલને માન્ય ન રાખે તો આમ જ ગુમરાહી છે, એની સામે ચર્ચા કરવાનો અધિકાર રહેતો નથી. એની સાથે તો મસ્અલાની નહીં અકીદાની ચર્ચા કરવી જોઈએ ! શંકાનો નાશ કરવા હદીષોવાળા પ્રકરણને વારંવાર પઢો.

ઈસ્લામ સંપૂર્ણ દીન અને ધર્મ છે, આ દીન પછી કોઈ નવો દીન અને ધર્મ આપવામાં આવશે નહીં. તો અલ્લાહ તઆલાએ કિયામત સુધીની આવતી દુનિયાની જરૂરતનો ઝરીયો કુર્આન અને હદીષને બનાવી દીધા. આ દીનમાં એટલી કષ્ટી પણ નથી કે માણસ એ વેઠી ન શકે અને લાચાર બની જાય, અને એટલી નરમી પણ નથી કે એને પોતાની માનવતાનું ઈલ્મ ન રહે, બે નિયુક્ત ચિન્હ પરથી અન્ય માર્ગ કાઢવામાં આવે તો એમાં જે વચલો માર્ગ હશે એ સરળ, સહેલો અને સીધો હતો. દા.ત. :–







(**નોંધ** : આમાં સીધી લીટી એ સીધો તથા મધ્યમ માર્ગ છે. બાકી બધી લીટીઓ બંને છેડે મળે તો છે પણ વચલી લીટીવાળો માર્ગ સીધો અને સરળ છે. આ જ દાખલો ઈસ્લામનો છે.)

આપણા દીને ઈસ્લામ અને દીને મુહમ્મદીનો આ જ દાખલો છે કે વચલાગાળાનો ધર્મ છે એમાં કષ્ટી પણ નથી અને જરૂરતથી અધિક નરમાશ પણ નથી, બલ્કે બંનેમાં વચલો માર્ગ છે, એટલે અમુક વાતોની મનાઈ કરવામાં આવી અને અમુક વાતોની રજા આપવામાં આવી, આપણને દુનિયાથી અલગ થઈ જવાનો આદેશ આપવામાં નથી આવ્યો, માતા પિતાના હક્કો, ઔલાદના હક્કો, સગા સંબંધીઓના હક્કો, અને પડોશીઓના હક્કોનો સબક આપીને આપણો સંબંધ દુનિયા સાથે જોડવામાં આવ્યો છે. નમાઝ, રોઝા, હજ્જ જેવી ઈબાદતોથી આપણો સંબંધ ધર્મ સાથે સશક્ત બનાવવામાં આવ્યો છે. જેનાથી બંદાના હક્કોનું નુકસાન થાય એવાં કામોથી આપણને મનાઈ કરવામાં આવી, જે કામોમાં વ્યસ્ત થઈ માણસ અલ્લાહના હક્કોને ભૂલાવી બેસે એનાથી રોકી દેવામાં આવ્યાં, જેનાથી વધારે નુકસાન થઈ શકે છે તેવાં કામો હરામ કરી દેવામાં આવ્યાં, જેનાથી ઓછું નુકસાન છે તેવાં કામો નાજાઈઝ અને મકરૂહ કરવામાં આવ્યાં. સારાંશ એ કે દુનિયા અને ધર્મ બંનેમાં આપણી મુસલમાનીને ઉત્તેજન આપવામાં આવ્યું છે.

**(૧)** હુજ્જતુલ્લાહિલ બાલિગ, પેજ–૧૯૨, ભાગ–૨ માં હઝરત શાહ વલીયુલ્લાહ સાહેબ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગેર અરબી લોકોની આદતો અને ટેવો જોઈ અને એ જાણ્યું કે તેઓ દુનિયાની લિજ્જતોમાં તલ્લીન રહેવા કેટલી કોશિશો કરે છે, આપે એમાંથી મૂળ વસ્તુઓ હરામ ફર્માવી આપી, અને જે એનાથી નીચેની વસ્તુઓ હતી તેને મકરૂહ ઠેરવી. એટલે જ કે આપ જાણતા હતા કે આ વસ્તુઓ આખેરત ભૂલાવે છે અને એનાથી દુનિયાની વાસનાઓમાં વધારો થાય છે. એ મૂળ વસ્તુઓમાંથી એક ગર્વનો પોશાક છે. એ કપડું જેને ભડકતા રંગોમાં રંગવામાં આવ્યું હોય જેમ કે કેસરથી રંગવામાં આવેલું કપડુ, એમાંથી સુંદર મજાનાં ઘરેણાં છે, એમાંથી બનાવટી વાળોનાં શણગાર છે, એમાંથી આકારો બનાવવા છે, એ મૂળ વસ્તુઓમાંથી

વિચારસરણી ખરાબ કરનાર વસ્તુઓ છે જે માણસને દુનિયા અને આખેરતની ચિંતાઓથી મુક્ત કરી આપે અને માણસનો ટાઈમ (સમય) ખરાબ કરે છે, જેમ કે વાજાંઓ, શતરંજ અને કબૂતરબાઝી વગેરે.

મલાહી (ગાફિલ કરી દેનાર વસ્તુઓ) બે પ્રકારના છે : એક હરામ અને એ સંગીતનાં સાધનો છે જે મસ્તી મજા પેદા કરે છે અને બીજાં જાઈઝ અને એ વલીમા વગેરે પ્રસંગો પર ખુશી પ્રગટ કરવા માટે ગાવું અને દફ વગાડવી.

શાહ સાહેબ હનફી છે અને આપના કહેવાનો ભાવાર્થ એ છે કે ઈસ્લામ ધર્મમાં જે ચીજ વસ્તુઓ આપણને અલ્લાહ અને રસૂલથી દૂર કરી શકે એવી હતી, અને જેમાં કાફિરોના વ્યસ્ત રહેવાથી પોતાનું જીવન મનોરંજનમાં ખરાબ કરી રહ્યા હતા તેવી કુટેવોથી આપણને બચાવવા નાજાઈઝ અને હરામનો હુકમ સંભળાવવામાં આવ્યો. જે હરામ છે તે તો હરામ જ છે અને તે નિય્યત બદલીને પણ ઉપયોગમાં નથી લાવી શકતા, પણ સંગીતનાં સાધનો જે માણસને મસ્ત નથી બનાવતાં જેમ કે દફ વગેરે, તો એને ખુશી અને કોઈ એલાનના મોકાસર ઉપયોગમાં લાવવાની રજા આપવામાં આવી, પણ જેની બનાવટનો મૂળ મકસદ મનોરંજન જ છે તેમાં નિય્યત બદલવાથી હુકમ બદલાશે નહીં.

**સવાલ** : વાજિંત્રો જેને વગાડવાથી મ્યુઝિક અને સંગીત ઉપજે છે જેનાથી માણસને મજા આવે છે અને એને સારું લાગે છે એનાથી એ અલ્લાહ રસૂલથી અલગ થઈ જાય, દીન અને ધર્મને થોડા સમય માટે પણ એક તરફ રાખી દે જેથી માની લઈએ એ નાજાઈઝ છે, પણ કોઈ માણસ એમાં વ્યસ્ત થવાથી અલ્લાહ રસૂલ તરફ વધારે નમે તો એના માટે તો નાજાઈઝ ન હોવું જોઈએ ?

**જવાબ** : જે વસ્તુ હરામ કરવામાં આવી એમાં નિય્યતના ફરકથી હુકમ બદલાશે નહીં, જો હરામ કરેલી વસ્તુઓમાં લોકોની નિય્યતને દખલ દેવામાં આવે તો લોકો કરે શું અને પોતાને બચાવવા બતાવે શું ?! આમ ધર્મ મસ્તી અને મજાક બની જાય અને એની એક વાત પણ એની જગાએ બાકી ન રહી જાય એટલે એમાં નિય્યતનો આધાર નથી. દા.ત. કોઈ માણસ દારૂ પીને આમ કહે કે દારૂ પીવાથી મને ધાર્મિક ફાયદો થાય છે અને દુનિયાનું નુકસાન નથી, હું દારૂ પીને મસ્ત થતો નથી, મારો હોશ બાકી રહે છે, મારા શરીરમાં દુઃખાવો થતો નથી, ઊંઘ સારી આવે છે, જેથી દિવસમાં આરામ રહે છે અને વધારે ઈબાદત થાય છે, ઈબાદતમાં મજા પણ આવે છે. શું આ નિય્યતથી એના





માટે અને એની જેવા માટે દારૂ જાઈઝ કરી દેવામાં આવે ?! કોઈ કહે ઝિના અને વ્યભિચારથી મને ફાયદો થાય છે, તો એ કે હું શાદી કરું તો પાબંદ બની જાઉં, મારા હક્કો વધી જાય અને એમાં મારા માટે વધારે સમય આપવો પડે એટલે ઝિનાથી હું મારી વાસના પૂરી કરી લઉં છું, જેનાથી થોડા દિવસ મને આરામ રહે છે, ખરાબ વિચારો આવતા નથી, દિલથી ઈબાદત થઈ શકે છે, અને દીન માટે તથા ઈબાદત માટે વધારે સમય મળે છે, તો શું આ નિય્યતથી એના માટે ઝિના અને વ્યભિચાર જાઈઝ કરી દેવામાં આવે ?!

આ બે દાખલા મેં માત્ર તમારા દિમાગથી એક વાત નજીક કરવા માટે આપ્યા છે કે હરામ જે શરીઅતનું છે તે વ્યક્તિગત નિય્યતથી જાઈઝના હુકમમાં નથી આવી શકતું, એ જ પ્રમાણે જે સંગીતનાં સાધનો અને વાજિંત્રો માત્ર એ મકસદથી જ બનાવવામાં આવ્યાં છે કે મનોરંજન માટે એનો ઉપયોગ કરવામાં આવે અને કોઈ પણ રાગ વિના એ સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો માણસને સારું લાગે અને મસ્તી આવે તો એના હરામ હોવા પર ચારેવ મસ્લકના ઈમામોની અને મુજતહિદોની સંમતિ છે તો પછી વ્યક્તિગત નિય્યતના તફાવતથી એમાં ફેરફાર નથી થઈ શકતો, એ હરામ જ રહેશે.

**નોંધ** : મારી આ દલીલ તમારી સઘળી એ શંકાઓને નષ્ટ કરી આપે છે જે એકબીજાથી સાંભળીને ઉપજે છે, અથવા કોઈ એવી કિતાબ જેને આધારભૂત સમજવામાં નથી આવતી અને હુકમમાં એના પર ભરોસો કરવામાં નથી આવતો એમાં કોઈની સાથે સંબંધ જોડીને કંઈ લખવામાં આવ્યું છે, તો એ બધું ઈસ્લામી શરીઅતમાં માન્ય નથી અને એનાથી કોઈને દલીલ કરવાનો હક્ક પહોંચશે નહીં. એટલે કોઈ પણ ચર્ચા કરવામાં સત્ય માર્ગે રહેવા માટે આ વાત પર પૂરતું ધ્યાન આપવામાં આવે કે, શરીઅતનું હરામ વ્યક્તિગત નિય્યતથી બદલાતું નથી.

## ★ ઈમામે આ'ઝમનું ફર્માન અને અમલ ★

**(૨)** અહકામુલ કુર્આન, ભાગ–૩, પેજ–૪૨૮, અલ્લામા અબૂબક્ર જસ્સાસ, કુર્આનની આયત لَا يَشْهَدُوْنَ الزُّوْرَ ની તફસીરમાં હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફાના પુરાવાથી લખે છે કે, اِنَّ الزُّوْرَ الْغِنَاءُ ''બેશક ! ઝૂરનો અર્થ ગાવું છે.''

મબસૂત, ભાગ–૧૬, પેજ–૧૩૨, ઈમામ સરખસી رحمۃ اللہ علیہ લખે છે :

એ ગાવાવાળાની ગવાહી માન્ય રાખવામાં નહીં આવે જેની સંગત લોકો અપનાવે અને એ પણ લોકોને ભેગા કરે.

**(૩)** બદાઈઉસ્સનાઈ, ભાગ–૬, પેજ–૨૬૯, અલ્લામા કાસાની લખે છે જે ગાયક પાસે લોકો ગાયનથી મજા લેવા માટે ભેગા થતા હોય તો એ આદિલ નથી (સંસ્કારનો સારો નથી ગવાહી લાયક નથી) ભલે પછી દારૂ ન પીતો હોય, કારણ કે એ ખરાબ લોકોનો આગેવાન છે. જો એકાંતવાસ દૂર કરવા ગાઈ લે તો વાંધો નથી, કારણ કે સિમાથી દિલમાં નરમાશ આવે છે પણ ફાસિકોની અદાઓમાં મજા મારવાને હલાલ નથી કહી શકાતું.

જે વ્યક્તિ સંગીતના સાધનથી કામમાં લાગતો હોય તો જોવામાં આવશે કે એ સાધન પોતે ખરાબ છે અથવા નથી, જો પોતે ખરાબ ન હોય જેમ કે વાંસ અને દફ તો વાંધો નથી, અને એ વ્યક્તિ આદિલ રહેશે (ગવાહી માન્ય ઠરશે.) અને એ સાધન ખરાબ હોય જેમ કે ઢોલકું વગેરે તો એની અદાલત નષ્ટ થઈ જશે, એટલા માટે કે એ કોઈ પણ હાલતમાં જાઈઝ નથી.

ભાવાર્થ એ છે કે ગવાહી માન્ય રાખવા માટે એ વ્યક્તિ જેને ગવાહ તરીકે હાજર કરવામાં આવે તે પોતે કબીરા ગુનાહોથી બચતો હોય અને સગીરા ગુનાહ કરીએ જ ન જતો હોય, જો આમ ન હોય તો એની ગવાહી ઈસ્લામી શરીઅતમાં માન્ય નથી. અલ્લામા કાસાનીએ ફર્માવ્યું કે જે એવાં વાજિંત્રોના કામમાં લાગે છે જે આમ જ ખરાબ હોય એટલે કે એની બનાવટ મનોરંજન માટે જ કરવામાં આવી હોય અને રાગ વિના પણ એને સાંભળવાથી મસ્તી આવે અને સારું લાગે, તો એ વ્યક્તિની પણ ગવાહી માન્ય રાખવામાં આવશે નહીં કારણ કે એ ગુનાહે કબીરા કરી રહ્યો છે.

**(૪)** અલ્ બહરૂર્રાઈક, ભાગ–૭, પેજ–૯૬, અલ્લામા ઈબ્ને નજીમ, કન્ઝુદકાઈકના આ લખાણ وَلَا مَنْ يَلْعَبُ بِالطُّنْبُوْرِ وَيُغَنِّيْ لِلنَّاسِ નો ખુલાસો કરતાં લખે છે લેખકનો મતલબ તંબૂરાથી દરેક એ વાજિંત્ર છે જે લોકોમાં બુરું સમજવામાં આવે છે. અને એનાથી એ સાધનોથી બચવું મકસદ છે જેને બુરાં સમજવામાં નથી આવતાં જેમ કે ડાંડીયા વગાડવા. એના લીધે ગવાહી રદ કરવામાં નહીં આવે. પરંતુ એને એ પ્રમાણે વગાડવું કે લોકો મસ્ત થઈને નાચવા માંડે તો એ પણ મહાન ગુનો છે. (મુહીત) તાતારખાનિયામાં છે કે જે વ્યક્તિ સંગીતનાં સાધનોમાં વ્યસ્ત રહેતો હોય તો આ કામ જો એને ફરાઈઝથી ગાફિલ





ન કરે તો એની ગવાહી રદ કરવામાં નહીં આવે. જો સંગીતનાં સાધનોનો ઉપયોગ એને ફરાઈઝથી ગાફિલ નથી બનાવતો પરંતુ જે સાધનોનો એ ઉપયોગ કરે છે એ લોકોમાં બુરા સમજવામાં આવે છે જેમ કે વાંસળી અને તંબૂરો વગેરે, તો એની અદાલત નષ્ટ થઈ જશે, અને ગવાહી માન્ય રાખવામાં આવશે નહીં, અને જે વસ્તુઓથી એ તલ્લીન રહે છે લોકોમાં બુરી નથી સમજવામાં આવતી જેમ કે "હદી" (ઊંટોને જોશમાં લાવવા પઢવામાં આવતી શાયરી) અથવા ડાંડીયા વગાડવા તો એની અદાલત બાકી રહેશે, પરંતુ એ કે એ એને એટલું ઉપયોગમાં લાવે કે લોકો નાચવા માંડે (તો એની ગવાહી માન્ય રાખવામાં આવશે નહીં, કારણ કે એ ફાસિક થઈ ગયો.)

**(૫)** ખુલાસતુલ ફતાવા, ભાગ–૪, પેજ–૩૪૫ માં અલ્લામા મુહમ્મદ તાહિર બિન બુખારી લખે છે કે મલાહી જેમ કે વાંસળી વગેરેનો અવાજ સાંભળવો હરામ છે એટલા માટે કે હુઝૂર ﷺ નો ઈર્શાદ છે કે, "ઈસ્તેમાએ મલાહી" (સંગીત સાંભળવું) ગુનોહ છે અને એના માટે સભ્યતાથી બેસવું ફિસ્ક છે, અને એનાથી મજા લેવી કુફ્ર છે. હુઝૂર ﷺ નું આ ફર્માન ધમકી માટે છે એટલે મુસલમાનો માટે અવશ્ય છે કે તેઓ એનાથી બચવાની ભરપૂર કોશિશ કરે. ખુલાસતુલ ફતાવામાં અલ્લામા મુહમ્મદ તાહિર આગળ લખે છે કે ઈમામ મુહમ્મદનું ફર્માન એ વાતની દલીલ છે કે વાંસળી વગાડવી અને ગાયન ગાવું હરામ છે. *(પેજ–૩૫૭)*

**(૬)** હિદાયા કિતાબુશશહદાતના લેખક લખે છે કે શૈખુલ ઈસ્લામ અલી બિન અબૂ બક્ર લખે છે કે ગાયકની ગવાહી કબૂલવામાં નહીં આવે કારણ કે એ લોકોને કબીરો ગુનોહ કરવા ભેગા કરે છે.

**(૭)** ફત્હુલ કદીર, ભાગ–૬, પેજ–૪૮૧, મુહક્કિક ઈબ્ને હુમામ ઉપરોક્ત સાહિબે હિદાયાનાં લખાણોનો ખુલાસો કરતાં લખે છે કે ફુકહાએ એ વાતની છણાવટ કરી છે કે રમત ગમત અને માલ કમાવવા માટે ગાયન ગાવું હરામ છે.

જો તમે કહો કે લેખકે મસ્અલાનું કારણ એ બતાવ્યું કે ગાયક લોકોને એક મોટા ગુનાહ માટે ભેગો કરે છે એનો ઈશારો તો એવો છે કે ગાવું તદ્દન હરામ છે, પણ આમ નથી, એટલા માટે કે કોઈનો મકસદ બીજાને સંભળાવાનો ન હોય બલ્કે એકાંતમાં એ પોતાના એકાંતવાસને દૂર કરવા કરતો હોય તો એમાં કરાહત નથી. એ પ્રમાણે એ વાત પણ છે કાફિયાને વ્યવસ્થિત કરવા અથવા

શાયરીને જલ્દી જલ્દી પઢવા ગાવામાં આવે તો મકરૂહ નથી. અને આ પણ ફુકહાની વાત છે કે શાદી વિવાહના પ્રસંગે ગાવું સાંભળવું મકરૂહ નથી, ભલેને ગાવા સાથે એક પ્રકારનો લહ્‌વ હોય (દફ વગાડવી) કારણ કે રિવાયતોમાં શાદી વિવાહમાં એની રજા આપતી સ્પષ્ટ હદીષ છે.

ઈમામ ઈબ્ને હુમામે સવાલ કરીને પછી જવાબ આપ્યો કે પોતાને ખુશ કરવા અને એકાંતવાસને દૂર કરવા ગાવામાં બુઝુર્ગોનો વિવાદ છે, અમુક કહે છે કે એ મકરૂહ નથી કારણ કે મકરૂહ માત્ર એ ગાવું છે જે રમત ગમત માટે ગાવામાં આવે. હઝરત શમ્સુલ અઈમ્મા સરખસીનું આ જ મંતવ્ય છે જ્યારે બીજા બુઝુર્ગોનું મંતવ્ય એ છે કે ગાવાના સઘળા પ્રકાર મકરૂહ છે. અને આ જ શૈખુલ ઈસ્લામનું મંતવ્ય છે એટલે શક્ય છે કે લેખક પણ શૈખુલ ઈસ્લામ માફક કોઈ પણ શરત વિના મનાઈનું મંતવ્ય ધરાવતા હોય.

અંતમાં ખુલાસો કરતાં લખે છે : આનાથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે શાયરી ગાવી હરામ છે જેનો ભાવાર્થ હરામ કામોમાં સંકળાયેલો હોય. જેમ કે એવી શાયરી જેમાં જીવંત અને ઓળખીતા સ્ત્રી પુરૂષના હુસ્ન અને ખૂબસૂરતીના વખાણ હોય, દારૂના ફાયદા બતાવીને એનો શોખ આપવામાં આવ્યો હોય અથવા એવી શાયરી જેમાં ધરતી અંદરનો અને ચાર દીવારોનો અયબ શોધખોળ કરીને જાહેર કરવામાં આવ્યો છે, અથવા કોઈ ઝિમ્મી અથવા મુસલમાનની બુરાઈ કરવામાં આવી હોય.

જે શાયરી આ પ્રમાણેની બુરાઈઓથી પાક હોય અને જેમાં આબોહવા, પાન, ફૂલ અને વહેતા પાણીની ખૂબસૂરતી વર્ણવવામાં આવી છે તે મુબાહ છે, માત્ર શાયરી હોવાને લઈને હરામ નથી. પણ જો આ શાયરી વાજિંત્રોની સાથે ગાવામાં આવે તો નાજાઈઝ છે. એ તો ઠીક પણ જે શાયરી હિકમતો અને શિખામણોથી ભરપૂર હોય તેને વાજિંત્રો સાથે ગાવામાં આવે તો જાઈઝ નથી, પણ હવે નાજાઈઝ હોવાનું કારણ સંગીત છે, ગાવું નથી. (અલ્લાહુ અઅ્‌લમ)

**(૮)** મુગની ઈબ્ને કોહામોમાં છે કે વાજિંત્રોના બે પ્રકાર છે : એક હરામ એટલે એ વાજિંત્રો જે ગાવા વિના મસ્તીમાં લાવે જેમ કે વાંસળી વાજા વગેરે, બીજાં મુબાહ (જાઈઝ) અને એ માત્ર દફ છે, જે નિકાહ વગેરે ખુશીના પ્રસંગોમાં જાઈઝ છે અને બીજી જગાઓ પર મકરૂહ.

સાહિબે ફત્હુલ કદીરના લખાણનો ભાવાર્થ એ છે સંસ્કારિક શાયરી





અને શિખામણોથી ભરપૂર ધાર્મિક શાયરી વાજિંત્રો સાથે પઢવામાં આવે તો સંગતીના લીધે સાંભળવું હરામ છે. ખરાબ શેઅ્‌ર શાયરી સાંભળવી સંગીત વિના પણ હરામ છે. જે વાજિંત્રો ગાવા વિના પણ મસ્તી લાવે એને સાંભળવું હરામ છે, ખુશીના પ્રસંગોમાં માત્ર દફની રજા આપવામાં આવી છે. (એટલે કે મુબાહ સાધનોમાં માત્ર દફ છે)

**(૯)** હમવી શરહે, અલ અશબાહ વન્નઝાઈર, પેજ–૬૫૦ માં હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ચેલકદમી માટે કોઈ બાગમાં તશરીફ લઈ ગયા અને ત્યાંથી જ્યારે પોતાના દોસ્તો સાથે પરત આવ્યા તો માર્ગમાં ઈમામ ઈબ્ને અબી લૈલા (જેઓ ખ્યાતિ પામેલ કાઝી ઈસ્લામી જજ હતા) સાથે મુલાકાત થઈ. બંને બુઝુર્ગ સાથે સાથે ચાલતા રહ્યા, આગળ જઈને તેઓ ગાવાવાળી સ્ત્રીઓ પાસેથી પસાર થયા તો તેણીઓ આમને જોઈને ચુપ થઈ ગઈ. ઈમામે આ'ઝમે એમને જોઈને ફર્માવ્યું, તમે સારુ કર્યુ ! થોડી દૂર જઈને એ બંને બુઝુર્ગ અલગ થઈ ગયા. અમુક દિવસો પછી કાઝી ઈબ્ને અબી લૈલા પાસે એક કેસ આવ્યો જેમાં ઈમામે આ'ઝમ અબૂ હનીફાની ગવાહી હતી, ઈમામ સાહેબને બોલાવવામાં આવ્યા, આપ પધાર્યા અને ગવાહી આપી. કાઝી ઈબ્ને અબી લૈલાએ આપની ગવાહી રદ કરી નાખી (માન્ય ન રાખી) અને વિનંતિ કરી કે આપ ગાવાવાળી ઔરતોને કહ્યું કે તમે સારું કર્યું. (ખરાબ કામ કરવાવાળાનાં વખાણ એ પોતે પણ એક ગુનાહનું કામ છે.) ઈમામ સાહેબે ફર્માવ્યું, મેં એમને ક્યારે આમ કહ્યું હતું જ્યારે તેણીઓ ગાતી હતી ત્યારે અથવા ચુપ થઈ ગઈ હતી ત્યારે ? કાઝી સાહેબે કહ્યું, જ્યારે ચુપ થઈ ગઈ હતી ત્યારે ! ઈમામ સાહેબે ફર્માવ્યું, મેં એમને એ જ કહ્યું હતું કે તમે ચુપ થઈને સારું કામ કર્યું.

આ કિસ્સાથી જાણવા મળ્યું કે ઈમામ સાહેબ પોતે પણ ગાવાને જાઈઝ સમજતા ન હતા એટલે આપે પોતાની તરફથી સફાઈનો જવાબ આપ્યો. અને એ પણ જાણવા મળ્યું કે કાઝી ઈબ્ને અબી લૈલા પણ ગાવા અને વગાડવાને હરામ સમજતા હતા, અને જે ગાવાનું કામ કરતો તેવા વ્યક્તિની ગવાહી કબૂલ ન કરતા હતા. જ્યારે માત્ર રાગથી ગાવામાં આટલી સખ્તી અને કષ્ટી છે તો પછી ગેરમુસ્લિમો માફક ગાવામાં વાજિંત્રોનો ઉપયોગ કરવામાં આવે તો એનો હુકમ ઈમામે આ'ઝમના મસ્લકમાં કેટલો સખત છે તેને પોતાના દિમાગથી જાણી શકાય છે.

**(૧૦)** બહરુર્રાઈક, ભાગ–૭, પેજ–૮૮ માં છે :–

وَالنَّوْعُ الثَّانِي الدُّفُّ فِي النِّكَاحِ وَمَعْنَاهُ
مَاكَانَ مِنْ حَادِثِ سُرُوْرٍ وَيُكْرَهُ فِي غَيْرِهِ

વગાડવાના સાધનનો બીજો પ્રકાર મુબાહ (જાઈઝ) છે અને એ દફ છે, નિકાહમાં અને એના જેવા ખુશીના પ્રસંગોમાં. એ સિવાય મકરૂહ અને નાપસંદ છે. અને પછી હઝરત ઉમરની રિવાયતથી પુરાવો આપતાં લખે છે કે હઝરત ઉમર જ્યારે દફનો અવાજ સાંભળતા તો કોઈને મોકલતા કે સાંભળી આવે, જો વલીમાના પ્રસંગો હોતો તો ચુપ રહેતા અને બીજા કશામાં હોતો તો એની કોરડાથી ખબર લેતા. *(મુસન્નફે અ. રઝ્ઝાક, ભાગ–૧૧, પેજ–૫)*

અંતમાં લખે છે : وَهُوَ مَكْرُوْهٌ لِلرِّجَالِ عَلٰى كُلِّ حَالٍ لِلتَّشَبُّهِ بِالنِّسَاءِ અને દફ વગાડવી પુરૂષો માટે દરેક હાલતમાં મકરૂહ છે સ્ત્રીથી મળતા કામને લઈને. (આનાથી જાણવા મળ્યું પુરૂષોને તો દફની પણ રજા નથી)

**(૧૧)** બહારુર્રાઈક, ભાગ–૭ માં છે : બઝ્ઝાઝીએ મનાકિબમાં એવા ગાવાના હરામ હોવા પર સંમતિનું (ઉલમાએ કિરામની એકમતીનું) વર્ણન કર્યું છે જે સંગીતનાં સાધનો જેમ કે ઉદ વગેરે સાથે ગાવામાં આવે, વિના સંગીતે ગાવામાં વિવાદ છે. લખવાવાળાઓએ આ બાબતે કોઈ ખુલાસો (ઈમામ અબૂ હનીફા અથવા ઈમામ મુહમ્મદ અને યૂસુફથી) વર્ણન નથી કર્યો. બિનાયા અને નિહાયામાં છે કે રમત ગમત માટે ગાવું સઘળી આસ્માની શરીઅતો (અલ્લાહ તરફથી આપવામાં આવેલી)માં હરામ છે. ઝિયાદાતમાં ઈમામ મુહમ્મદે એક મસ્અલો એવી વ્યક્તિ બાબત લખ્યો છે જેણે એવી વસિય્યત કરી જે અમારા અને કિતાબીઓ બંનેના નજીક ગુનોહ હોય (પછી ઈમામ સાહેબે એ વસિય્યતો અને વસ્તુઓનો ઉલ્લેખ કર્યો છે) અને એમાં આ વસિય્યત પણ વર્ણન કરી છે જે કોઈ ગાવાવાળા સ્ત્રી અથવા પુરૂષો માટે કરવામાં આવે. ખાસ કરીને જ્યારે વસિય્યત કરનાર સ્ત્રી હોય. ઈમામ મુહમ્મદના આ લખાણથી મસ્લકે હનફીની સ્પષ્ટતાથી સાબિત થઈ ગયું કે ગાવું પણ હરામ છે, તો આપ આ વિવાદ પણ નષ્ટ થઈ ગયો.

અલ્લામા ઈબ્ને નજીમ હનફીના લખાણથી એ સાબિત થઈ ગયું કે ઈમામે આ'ઝમ પણ ગાવાની રજા નથી આપતા, ઈમામ મુહમ્મદના લખાણથી પણ એ જાણવા મળ્યું. મસ્લકે હનફીનો મોટો આધાર ચોટીના ત્રણ આલિમો





પર છે, ઈમામે આ'ઝમ અબૂ હનીફા (૨) ઈમામ યુસૂફ (૩) ઈમામ મુહમ્મદ. જ્યારે ગાવાની રજા નથી તો પછી સંગીતનાં સાધનો અને વાજિંત્રોની રજા કેવી રીતે મળી શકે છે ? જો અન્ય આલિમોની કોશિશોથી માત્ર નઅતની સભાઓની રજા મળી શકતી હોય તો શુક્ર અદા કરીને સ્વીકારી લેવી જોઈએ.

**(૧૨)** મુસન્નફમાં હઝરત ઈમામે આ'ઝમનો એક કિસ્સો આ પ્રમાણે લખ્યો છે કે એક દિવસ આપ કોઈ વલીમાની દા'વતમાં તશરીફ લઈ ગયા ત્યાં ગાવાનો અવાજ આવી રહ્યો હતો, આપને પસંદ ન આવ્યું. આપે ફર્માવ્યું : હું પણ એક વખત એમાં સપડાયો હતો. સપડાયાનો શબ્દ બતાવી રહ્યો છે કે ગાવું પણ એમને પસંદ ન હતું.

**(૧૩)** ફતાવા ખૈરિયા, ભાગ–૨, પેજ–૧૮૩, અલ્લામા રમલી કિતાબુલ કરાહિયતે વલ ઈસ્તિહસાનમાં વર્ણન કરે છે કે સહાબા અને તાબેઈનમાં ઘણા લોકોએ સિમાને જાઈઝ કહ્યો છે, અલ્લામા મારવરદી લખે છે ઈલ્મવાળાઓનો ગાવા બાબતે વિવાદ છે, એક જમાઅત એને જાઈઝ કહે છે, બીજી જમાત નાજાઈઝ. ઈમામ અબૂ હનીફા, ઈમામ માલિક અને ઈમામ શાફઈથી નકલ કરવામાં આવેલી સત્ય વાત મુજબ એ મકરૂહ (તહરીમી) છે, તશનીફુસ્સિમા ફી અહકામિસ્સિમાના લેખક લખે છે : ઈમામ અબૂ હનીફાથી ગાવા બાબતે કોઈ સ્પષ્ટ વાત વર્ણન નથી થઈ. આ આપના અમુક અનુયાયીઓએ આપના ફર્માન : لَا يَحْضُرُ وَلِيْمَةً وَفِيْهَا لَهْوٌ ''જે વલીમામાં રમત ગમત હોય હાજરી ન આપે'' રજુ કર્યું, આના તર્જુમાથી નાજાઈઝ હોવાનો હુકમ નીકળે છે.

**નોંધ** : ઈમામે આ'ઝમથી કોઈ સ્પષ્ટ હુકમ વર્ણન નથી એ કહેવું માન્ય નથી કારણ કે એ બાબતે ઈમામે આ'ઝમના બે વાક્યાનો ઉલ્લેખ થયો અને અહકામુલ કુર્આન, ભાગ–૩, પેજ–૪૨૮ વાળો પુરાવો પણ રજુ કરી દેવામાં આવ્યો છે.

ઈમામ રમલી આગળ જઈને લખે છે ઓલમાએ શાફઈયા અને માલિકિયાની એક જમાઅત ગાવાના હુકમમાં ઓછા, વધતાનો તફાવત કરે છે. તેઓ ઓછુ ગાવાને જાઈઝ અને વધારે ગાવાને નાજાઈઝ કહે છે. જેમ કે અલ્લામા રાફઈએ વર્ણન કર્યું છે. જ્યારે બીજા આલિમો ગાવામાં સ્ત્રી પુરૂષના આધારે તફાવત કરે છે. તેઓ અજાણી સ્ત્રીથી ગાવું, સાંભળવાને કતઈ હરામ કહે છે. એ સિવાયના બીજા પ્રકારમાં એમનો વિવાદ છે.

ઈમામ રમલીએ એક ઈસ્તિફતો નકલ કર્યો છે : લખે છે કે દમિશ્કથી સવાલ આવ્યો કે રકમ (નાચવું) અને સિમા બાબત ફકીહ લોકોએ કોઈ એવી ચર્ચા કરી છે જેનાથી એ કામોની રજા જાણવા મળે ? પછી જવાબ આપતાં લખે છે તાતારખાનિયામાં પણ નિસાબુલ ઈહતિસાબથી આ પ્રકારનો એક ફત્વો વર્ણન કરવામાં આવ્યો છે, જેનું લખાણ એ છે કે શું સિમા વખતે રકસ (નાચવું) જાઈઝ છે ? જવાબ "નહીં !" ઝખીરામાં છે કે આ ગુનાહે કબીરા છે અને જે બુઝુર્ગોથી આમ કરવું વર્ણન થયું તો તેઓ આ કામમાં મજબૂર હતા અને એમની એ હરકતો અનાયાસે (આપોઆપ) હતી જેમ કે કંપવવાળા દર્દીની હાલત હોય છે. ઓયૂનમાં છે કે આલિમો અને આગેવાનો માટે એ યોગ્ય કામ નથી, એટલા માટે કે પ્રથમ એ રમત ગમત જેવું છે, બીજું એ એમની શાન વિરૂધ્ધ છે. જો એ પૂછવામાં આવે કે એમના માટે સિમા જાઈઝ છે કે નથી, તો વિનંતિ છે કે સિમા કુર્આન અથવા શિખામણનો હોય તો માત્ર જાઈઝ નથી બલ્કે મુસ્તહબ (ઉત્તમ) છે. અને સિમા ગાવાનો હોય તો હરામ છે એટલા માટે કે ગાયન ગાવું અને સાંભળવું ઓલમાની એકમતીથી હરામ છે. અને તેઓ એમાં ઘણા સખત છે. અને જે અમુક સૂફી, બુઝુર્ગોએ એને જાઈઝ કહ્યું છે તો એ પણ માત્ર એ લોકો માટે જે નફ્સની વાસનાઓથી દૂર છે અને તકવા પરેઝગારીનો શણગાર રાખે છે અને સિમાની એમને એટલી જ જરૂરત છે જેટલી દર્દીને દવાની જરૂરત હોય છે. અને એમના માટે પણ ખુલ્લી છૂટ નથી બલ્કે એમાં પણ અમુક શરતો છે :–

- ✪ **૧.** કોઈ યુવાન વગર દાઢીનો ત્યાં ન હોય.
- ✪ **૨.** સઘળા હાજરજનો નેક હોય, મુત્તકી અને પરેઝગાર હોય, કોઈ ફાસિક (જાહેરમાં ગુનોહ કરનાર) દુનિયાદાર ન હોય, અને સિમાની સભામાં કોઈ સ્ત્રી ન હોય.
- ✪ **૩.** કવ્વાલ મુખ્લિસ હોય (અલ્લાહની ખુશી માટે કરતો હોય) એનો મકસદ કિંમત લેવી અને હલવો પરાઠો ખાવો ન હોય.
- ✪ **૪.** લોકો ખાવા પીવા અને લંગર માટે ભેગા ન થયા હોય.
- ✪ **૫.** બેકાબૂ થયા વિના ઉભો ન થાય.
- ✪ **૬.** દેખાવો કરવા વજદમાં ન આવે. અમુક સૂફી સંતોનું કહેવું છે કે દેખાડવા માટે વજદમાં આવવું આટલાં તેટલાં વર્ષો ગીબત કરવાથી અધિક ખરાબ છે.





**સારાંશ** : એ કે આપણા જમાનામાં **સિમાની તદ્દન રજા નથી,** કારણ કે હઝરત જુનૈદ બગદાદીએ તો પોતાના જમાનામાં જ (આ શરતોનું પાલન ન થવાથી) સિમાથી તૌબા કરી લીધી હતી !

જવાબમાં ઈમામ રમલી ઉપરોક્ત ફત્વો નકલ કર્યા પછી આગળ લખે છે : ફકીહો અને સૂફી, સંતોએ સિમા બાબતે ઘણી કિતાબો લખી છે, પરંતુ આ બાબતે ઉત્તમ લખાણ એ સાહેબનું છે જેમનાથી વાજિંત્રો વાંસળી વગેરે સાથે સિમાની બાબત પૂછવામાં આવ્યું કે એ હલાલ છે અથવા હરામ ? તો જવાબમાં લખ્યું :– જેણે એને હરામ કહ્યું તો એના પર એના સાચા હોવાને લઈને વિરોધ નથી થઈ શકતો, અને જેણે એને હલાલ કહ્યું, તો એનો એ કામમાં સશક્ત હોવાને લઈને અવરોધ નથી થઈ શકતો. એટલે હવે જે વ્યક્તિના દિલમાં મહબ્બતે ઈલાહીનો જુસ્સો હોય અને દિલ અલ્લાહની મારેફતથી ચમકતું હોય તો એ આગળ વધે અને જેની એ હાલત ન હોય તેનું મનાઈ પર અમલ કરવું અને એનાથી બચવું જેનાથી શરીઅતે મનાઈ કરી છે, વધારે સલામતી અને પરેઝગારીની વાત છે.

**ભાવાર્થ : (૧)** ઈમામ હંબલીના કહેવાનો ભાવાર્થ એ છે કે **સિમા છ શરતોની પાબંદી સાથે હોય તો જાઈઝ છે, નહીં તો હરામ.** કોઈએ વિના શરતે છૂટ આપી નથી. **(૨)** આપણા જમાનામાં એ શરતોની પાબંદી જોવા નથી મળતી એટલે એ જાઈઝ નથી. **(૩)** અમુક સૂફી સંતોથી જે સિમા અને વજદનો ઉલ્લેખ મળે છે, તેઓ મજબૂર હતા અને મજબૂર (મા'ઝૂર)નો હુકમ અલગ હોય છે. (એટલે એમનો દાખલો બીજા લોકો આપી શકતા નથી.)

**નોંધ** : ઈમામ હંબલીએ અંતમાં જે સાહેબની વાત નકલ કરીને એ લખાણનાં વખાણ કર્યા છે તો તેમાં એમણે હરામના હુકમને સત્ય વાત કરી છે એટલે સત્ય હરામ હોવું જ છે, દર્દી અને બીમાર માટે જે એ હદે પહોંચી ગયો છે કે એના ઈશ્કે ઈલાહીની આગમાં સળગવાનો એના સિવાય બીજાથી ઈલાજ નથી થઈ શકતો તો તેના માટે રજા છે, પણ **આ રજા સઘળા લોકો માટે પુરાવો નથી બની શકતો,** બીમાર માણસ બેસીને નમાઝ પઢે, જો એ ઉભો ન થઈ શકે તો એની નમાઝ થઈ જશે. તંદુરસ્ત એને દલીલ નથી બનાવી શકતો, અને મારા ધારવા મુજબ તો અહીં આ વાત લખવી પણ ન જોઈએ, કારણ કે સવાલ બીમારનો નથી. પછી જવાબમાં એનો ઉલ્લેખ કેમ ?! બીજું એ કે ઈમામ હંબલીનું એ મંતવ્ય નથી પણ માત્ર બીજાની વાત વર્ણન કરવું છે. એમનું મંતવ્ય

તો શરતોની પાબંદી ન હોવાને લઈને હરામ હોવાનું છે. ત્રીજું એ કે હઝરત જુનૈદ બગદાદીએ તો શરતોની પાબંદી જોવા ન મળવાથી સિમાને બંધ કરી દીધો હતો, જ્યારે એમના ઈશ્કનો ઈલાજ એના વિના થઈ ગયો તો બીજા લોકોની ઈશ્કની આગ એમનાથી કેવી રીતે વધી ગઈ ?! શરીઅતમાં આ પ્રમાણેની વાતો બદ્‌માશ લોકોને ચોર દરવાજો બતાવવા બરાબર છે. **વર્તમાનકાળના વાસનાનાં બંદીઓ પાસે સામાન્ય ઈસ્લામ પર અમલ નથી, ઈશ્કે ઈલાહી એમની પાસે ક્યાંથી આવવાનો છે ! પણ તેવા લોકો ઉપરોક્ત વાતોને પોતાની વાસનાને હવા દેવા ઈશ્કે ઈલાહીથી વર્ણન કરવા લાગે છે.** સારાંશ એ કે ઈમામ હંબલીના લખાણથી જાઈઝ હોવાનો ઈશારો પણ મળતો નથી. જેનો વધુ ઉલ્લેખ અમે સવાલ જવાબના પ્રકરણમાં કરીશું.

**(૧૪)** ફતાવા આલમગીરી, ભાગ–૫, પેજ–૩૫૧, વાજિંત્રો વિના ગાવામાં લોકોનો વિવાદ છે. અમુકનું કહેવું એવું છે કે એ કોઈ પણ શરત વિના હરામ છે અને એને સાંભળવું ગુનોહ છે. શૈખુલ ઈસ્લામનું મંતવ્ય એ જ છે, જો કોઈ વખત સાંભળી લીધું હોય તો કોઈ ગુનોહ નથી. અમુકનું કહેવું એવું છે કે શાયરીના કાફિયા રવાનીનો ફાયદો હાંસલ કરવો હોય તો એમાં વાંધો નથી. અમુકનું કહેવુ એવું છે કે એકાંતવાસ દૂર કરવા ગાવું જાઈઝ છે, જ્યારે કે એ એકલો હોય, મનોરંજનના તરીકાથી ન હોય. શમ્સુલ અઈમ્મા સરખસીનું મંતવ્ય એ જ છે. તબઈનમાં છે : શાયરીમાં હિકમતની વાત હોય તો મકરૂહ નથી. કહેવામાં આવ્યું છે કે કરાહિયતનો મતલબ એ છે કે માણસ એમાં વ્યસ્ત થઈને કુર્આન પઢવાથી અને ઝિક્રથી ગાફિલ થઈ જાય. જો આમ ન હોય તો વાંધો નથી. ઈલ્મે તફસીર અને હદીષમાં મદદ પ્રાપ્ત કરવાનો ઈરાદો હોય તો એમાં પણ વાંધો નથી જેમ કે ઝહીરીયામાં છે.

ઈમામ હલવાનીથી પૂછવામાં આવ્યું એવાં લોકો બાબતો જેઓ પોતાને સૂફી કહે છે, ખાસ પ્રકારનાં કપડાં પહેરે છે, મનોરંજન અને રકસ (નાચવ)માં વ્યસ્ત રહે છે અને પોતાના માટે દરજાનો દા'વો કરે છે. તો આપે ફર્માવ્યું : اِفْتَرَوْا عَلَى اللّٰہِ كَذِبًا એમણે અલ્લાહ પર જૂઠ બાંધેલું છે. (એટલે કે અલ્લાહવાળાઓની આ શાન નથી હોતી, તેઓ પોતાને મારેફતવાળા કહીને જૂઠુ બોલી રહ્યા છે.)

આપને પૂછવામાં આવ્યું કે તેઓ સીધા માર્ગેથી ખસી જાય તો તેમને શહેરોમાંથી કાઢી શકાય છે ? પબ્લિકને એમના ફિત્નાથી બચાવવા. તો





ફર્માવ્યું :– રક્ષણ માટે તકલીફની ચીજ હટાવવી વધારે ઉત્તમ છે, અને દીનદારી માટે શ્રેષ્ઠ છે, ખરાબને સ્વચ્છથી અલગ રાખવું જ સારું છે, જેમ કે તાતારખાનિયામાં છે.

આપે એ પણ ફર્માવ્યું :–

اَلسِّمَاعُ وَ الْقَوْلُ وَ الرَّقْصُ الَّذِیْ یَفْعَلُہُ الْمُتَصَوِّفَۃُ فِیْ زَمَانِنَا حَرَامٌ
لَا یَجُوْزُ الْقَصْدُ اِلَیْہِ وَ الْجُلُوْسُ عَلَیْہِ وَ ھُوَ الْغِنَاءُ وَ الْمَزَامِیْرُ سَوَآءٌ

"સિમા, બોલવું, નાચવું જેને અમારા જમાનાના સૂફી લોકો કરે છે હરામ છે. એમાં જવાનો ઈરાદો જાઈઝ નથી અને બેસવું પણ જાઈઝ નથી, એ ગાવું અને વાજિંત્રો એક જ હુકમ રાખે છે."

સૂફી લોકોએ એને જાઈઝ માન્યું અને પૂર્વજ બુઝુર્ગોના અમલથી પુરાવો આપ્યો, તો ફર્માવે છે કે મારું માનવું એ છે કે તેઓ જે કરતા હતા તે આમના જેવું ન હતું. તેમના જમાનામાં એવું થતું કે કોઈ માણસ શેઅર પઢતો, એમાં કોઈ એવો મતલબ હોતો જે એમની હાલતને મળતો આવતો, અને જેનું દિલ નરમ હોય. હાલતને મળતી વાત સાંભળીને બેહોશ થઈ જાય, તો એ બેઅધિકારીમાં (બેકાબૂ બની) ઉભો થઈ જાય, અને બેઅધિકારીમાં એનાથી હરકતો થવા લાગે, અને બેહોશીમાં કંઈ થાય તો એ જાઈઝ છે, એના પર પકડ નથી થઈ શકતી. એ બુઝુર્ગોએ જે કર્યુ એમાં અને આપણા જમાનાના ફાસિકો જે કરી રહ્યા છે તે અલગ છે.

اَھْلُ زَمَانِنَا مِنْ اَھْلِ الْفِسْقِ وَ الَّذِیْنَ لَا عِلْمَ لَھُمْ بِاَحْکَامِ الشَّرْعِ
وَ اِنَّمَا یَتَمَسَّکُ بِاَفْعَالِ اَھْلِ الدِّیْنِ

**આમની પાસે તો શરીઅતના કાયદાઓનું ઈલ્મ પણ નથી. અને પછી દીનદાર લોકોના કામોને દલીલ બનાવે !** આ પ્રમાણે જવાહિરુલ ફતાવામાં છે.

અબૂ યુસૂફ رحمۃ اللہ علیہ ને પૂછવામાં આવ્યું કે ખુશીના પ્રસંગ છોડીને દફ વગાડવામાં આવે તો આપ નાપસંદ કરશો ?! જેમ કે કોઈ સ્ત્રી ફિસ્ક અને ગુનાહનું કામ છોડીને પોતાના બાળક માટે વગાડે. ફર્માવ્યું, હું એને નાપસંદ નથી કરતો (એટલે કે બાળકને રાજી કરવા સ્ત્રી આમ કરે તો કરી શકે છે.)

اَمَّا الَّذِیْ یَجِیْءُ مِنْہُ اللَّعِبُ الْفَاحِشُ لِلْغِنَاءِ فَاِنِّیْ اَکْرَھُہٗ

પણ જો એનાથી ગાવા માટે મનોરંજન જેવું લાગે તો હું એને નાપસંદ કરું છું. મુહીતે સરખસીમાં આ પ્રમાણે છે. (ઈમામ યુસૂફના કહેવાનો મતલબ એ છે કે દફની રજા તો છે પણ ગાવા માટે નહીં, કોઈ સારો મકસદ હોય તો આમ કરી શકાય છે.)

ખઝાનતુલ મુફતીનમાં છે કે ઈદના દિવસે દફ વગાડવામાં વાંધો નથી. (જેમ કે હદીષના પ્રકરણમાં હદીષોનું વર્ણન થયું. ખુશીના મોકાસર એ પ્રમાણેની થોડી છૂટ આપવામાં આવી છે.)

ઝહીરિયામાં છે : ગુનાહિત વાતો છોડીને માણસ મજાકની વાત કરે અથવા સભાના લોકોને ખુશ કરવાની ઈચ્છા કરે તો એમાં વાંધો નથી. (એટલે કે મજાકની જેમાં કોઈનું અપમાન ન હોય, ગીબત ન હોય, તો એની પણ છૂટ છે. એક હદમાં રહીને આમ કરી શકાય છે.)

**નોંધ** : ફતાવા આલમગીરીમાં ફિકહની આધારભૂત કિતાબોના પુરાવાથી લખવામાં આવ્યું કે હનફી મસ્લકના મહાન આલિમોનું મંતવ્ય ગાવા બાબતે પણ મનાઈનું છે. તબલા સારંગીની વાત તો દૂર રહી. એ બાબતે ઈમામે આ'ઝમ અને ઈમામ મુહમ્મદનું મંતવ્ય રજુ થઈ ગયું. ફતાવા આલમગીરીમાં ઈમામ યૂસુફનું મંતવ્ય પણ વર્ણન કરી દેવામાં આવ્યું કે તેમણે દફમાં પણ શરત લગાડી છે કે મનોરંજન માટે ન હોય, તો બીજા વાજિંત્રોનો સવાલ ઉપસ્થિત નથી થતો. દફમાં જાઈઝ હોવાની હદીષ આવી છે તો એમણે એમાં પણ શરત લગાડી કે દફ પણ મનોરંજન માટે વગાડવામાં ન આવે.

હનફી મસ્લકનો મોટો આધાર ઓલમાએ ષલાષા એટલે ઈમામે આ'ઝમ, ઈમામ યુસૂફ અને ઈમામ મુહમ્મદ પર છે અને ત્રણેવનું મંતવ્યુ રજુ થઈ ગયું. પછી હનફી મસ્લકના અનુયાયીઓએ એ બાબતે વધારે ચર્ચા ન કરવી જોઈએ અને પોતાના ઈમામોની વાત માન્ય રાખવી જોઈએ.

અહલે હદીષ સામે તો અનુયાયીઓ મોઢું ફાડી ફાડીને કહે છે કે અમે હનફી છીએ ! અમે ઈમામોની પાછળ ચાલીએ છીએ ! અમે ઈમામે આ'ઝમને છોડીને બીજા ત્રણ ઈમામોની વાતો પર પણ અમલ નથી કરી શકતા, તો પછી આ વાત પણ મસ્અલાઓથી સંબંધિત છે એમાં ફકીહોની વાતોને છોડીને બીજા લોકોની વાતો પર લક્ષ કેમ આપવામાં આવે છે ?! જો આ વિવાદમાં જવાબ બતાવવામાં આવે તો માત્ર આ વિવાદ નથી વિવાદના ઘણા બલ્કે અસંખ્ય મસાઈલ છે, કોઈ કહે અમને શાફઈની વાત સારી લાગે છે, કોઈ કહેશે અમને





ઈમામ અહમદની વાત સારી લાગે છે, તો આમ લોકો પોતાની મનમાની વાતો પર ચાલ્યા જશે. જેમ અહલે હદીષ કરી રહ્યા છે, તો પછી આ બાબતે પૂરતું ધ્યાન આપી વિવાદથી બચવામાં આવે અને આમ ન હોય તો વિવાદ કરનાર પોતે સ્પષ્ટ કરે કે એ પોતે ચાર ઈમામો પૈકી કોઈ એકની તકલીદ કરવાવાળો છે કે નહીં ?!

**(૧૫)** મજમુઅતુલ હફીદ, પેજ–૧૯૪ માં લેખક લખે છે કે કિતાબ અલ ઈખ્તિયાર (ભાગ–૪, પેજ–૧૪૧)માં છે ઝિમ્મીઓ (ઈસ્લામી દેશમાં ટેક્સ આપી રહેનાર)ને બેહયાઈ અને બદ્કારી, વ્યાજ, વાજા, ગાયનો વગાડવા (વગેરેથી) એમને રોકવામાં આવશે, અને એમને એ દરેક રમત ગમતથી રોકવામાં આવશે જે એમના ધર્મમાં હરામ છે. એટલા માટે કે ઉપરોક્ત વર્ણન થયેલ દરેક વસ્તુ સઘળા ધર્મોમાં મોટો ગુનોહ સમજવામાં આવે છે.

એ વ્યક્તિની ગવાહી કબૂલવામાં નહીં આવે જે લોકો માટે ગાઈ છે એટલા માટે કે એ ફિસ્ક (ગુનાહનું કામ) છે.

**ફાયદો** : અહીં તો એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે તબલા સારંગી જેવા વાજિંત્રો કોઈ પણ ધર્મમાં હલાલ નથી દરેક ધર્મમાં હરામ છે, અને ઈસ્લામી દેશ હોય તો કાફિરોને ભલે એમના ધર્મ સંબંધે છૂટ આપવામાં આવશે પણ વાજિંત્રોની રજા એમના ધર્મમાં પણ નથી એટલે એમને એ કામોથી મનાઈ કરવામાં આવશે.

જે કામો કાફિરો માટે એમના ધર્મમાં જાઈઝ નથી એ કામો ઈસ્લામમાં મુસલમાનો માટે કેમ કરી જાઈઝ થઈ જાય ?! સાહિબે મજમુઆ તો અલ્ઈખ્તિયારના પુરાવાથી લખે છે કે કાફિરોને પણ રોકવામાં આવશે અને અહીં મુસલમાનો માટે માર્ગ શોધવામાં આવી રહ્યો છે !!

**(૧૬)** નિસાબુલ ઈહતિસાબમાં છે : મિમ્બર પર ગાવું અને વાજિંત્રો સાથે વાઈઝ અને શિખામણોની મનાઈનું કારણ એ છે કે આ કામ મિમ્બર છોડી બીજી જગાએ પણ જાઈઝ નથી તો પછી મિમ્બર અને મસ્જિદમાં જે માત્ર અલ્લાહની યાદ માટે બનાવવામાં આવ્યા છે, કેમ કરી જાઈઝ કરી શકે ?!

**ફાયદો** : લેખકના કહેવાનો ભાવાર્થ એ છે કે વાઈઝ અને શિખામણની વાતો વાજિંત્રો સાથે મસ્જિદ અને મિમ્બર પર નથી કરવામાં આવતી એટલે કે એ નાજાઈઝ છે, તો પછી જેને મસ્જિદમાં નાજાઈઝ સમજીને નથી કરવામાં

આવતું તેને મસ્જિદ બહાર કેમ જાઈઝ માની લેવામાં આવે ?! જેઓ વાજિંત્રોની સભાઓને જાઈઝ કહે છે તેમણે એ પાછળ ન રહેવું જોઈએ, જો એમને જાઈઝ હોવા પર એટલો ભરોસો હોય તો મસ્જિદમાં એ વાજિંત્રોવાળો સિમા શરૂ કરી દેવો જોઈએ ! જાઈઝ કામમાં રૂકાવટ શાની ? પણ હું ચેલેન્જ સાથે કહી શકું છું કે મુસલમાનો સંગીતને મસ્જિદમાં સ્વીકારી શકશે નહીં, તો એ જ એના નાજાઈઝ અને હરામ હોવાનો પુરાવો છે મુસલમાનોનાં દિલોમાં. મુસલમાનો પાસે ન્યાય હોય તો આટલું એમના સત્ય કબૂલી લેવા માટે અનિવાર્ય છે. જ્યારે કે નાજાઈઝ અને હરામ હોવા પર કુર્આન, હદીષ, તફસીર અને આધારભૂત આલિમોનાં મંતવ્યોના પુરાવા અલગથી પોતાનું કામ કરી રહ્યા છે. ફતાવા આલમગીરીનો પુરાવો તમારી ખિદમતમાં રજુ કરી દેવામાં આવ્યો એમાં તો એને (કહેવાતા) સૂફીઓની જહાલત કહીને એમને સઘળી દલીલો પર પાણી ફેરવી દેવામાં આવ્યું છે, એ પછી કોઈ પણ જાહિલને કંઈ કહેવાનો હક્ક રહેતો નથી.

**અન્યાય ન કરો !** : કાયદો અને કાનૂન દરેક માટે બનતો હોય છે, અમીર હોય કે ગરીબ, પીર હોય કે ફકીર, સગો હોય કે પરાયો. જે ગુનાહનું કામ કરશે એ એના માટે ગુનોહ ગણાશે, પણ આ મસ્અલામાં ધ્યાન કરતાં એવું જાણવા મળે છે કે પીરો અને ફકીરો માટે તબલા, સારંગી અને સંગીતમાં કંઈ વાંધો નથી, કારણ કે એ લોકો પહોંચી ગએલા છે એટલે હુકમ એમના માટે ન હોય, હુકમ પબ્લિક માટે અને સામાન્ય લોકો માટે હોય, એ લોકો સંગીતને સાંભળે તો ગુનાહનું કામ ! શું તમને એવું નથી લાગતું કે આ પ્રમાણેના ઉલ્લેખમાં કાયદા કાનૂન લાગુ કરવામાં અન્યાય થઈ રહ્યો છે ?! કોઈ માણસ પાગલ હોય તો માની લઈએ કે ઈસ્લામમાં કાયદો પાગલ અને અને ગાંડા વ્યક્તિ પર લાગુ પડતો નથી જ્યાં સુધી એનું દિમાગ ઠેકાણે ન આવે. બાળક પર હુકમ લાગુ પડતો નથી કારણ કે એ હજી શરીઅતની પકડમાં આવ્યું નથી. અને ઉંઘતો માણસ જ્યાં સુધી ઉંઘી રહ્યો છે એની ઉપરથી પેન ઉઠાવી લેવામાં આવે છે, પણ અહીં આ ત્રણથી ખસીને ચોથા માટે કોઈ પણ કારણ અને રિઝન વગર હુકમ ઉઠી રહ્યો છે ! અને નાજાઈઝ એમના માટે જાઈઝ બની રહ્યું છે ! શું એ અન્યાય નથી ?

## ★ કાઝીની મારેલી હલાલ ! ★

પહેલાં લોકો ઉખાણું બોલતા હતા અને આજે પણ બોલવામાં આવે છે





કે "કાઝીની મારેલી હલાલ !" મેં એક વૃદ્ધ માણસને પૂછયું કે લોકો આમ બોલે છે કે કાઝીની મારેલી હલાલ ! એનો મતલબ શું લેવામાં આવે છે ? તો ફર્માવ્યું કે એનો મતલબ છે કે કાઝી અને મૌલ્વી જે કરે તે જાઈઝ થઈ જાય, પબ્લિક કરે તો એમની ઉપર પાબંદી લાગવાની ! મતલબ એ કે કાયદો એમના માટે નથી પબ્લિક માટે છે.

મને પહેલાં આ વાત ખોટી જણાતી હતી કે લોકોએ આ પ્રમાણે બોલવું ન જોઈએ, પણ ઉપર દર્શાવ્યું તેમ તફાવત જોતાં મને એવું લાગે છે કે ઉખાણું આમ જ નથી બની જતું પણ એક લાંબા સમયના અનુભવ પછી બને છે. તો આ લોકોના અનુભવની વાત છે. કાયદા કાનૂને મહત્વ આપો, અને અન્યાયથી બચો.

# મુજદ્દિદે દીનો મિલ્લત હઝરત ઈમામ અહમદ રઝાનું ફિકહી મંતવ્ય

## ★ નિફાક છોડીને માનો ★

વર્તમાનકાળમાં સુન્નીઓ આ'લા હઝરતને જાણે છે, માને છે, અને એમના મસ્લક સાથે પોતાને સંબંધિત સમજે છે. એટલે સુન્નીઓની સભાઓમાં વારંવાર આ'લા હઝરતનું નામ આવે છે અને મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદના ગગન ચુંબી ના'રાઓ લગાડવામાં આવે છે, એ બધું સારું કામ છે અને હોવું જ જોઈએ. ખબર પડે કે આપણી માન્યતા કેવી છે પણ એનો મતલબ એ નથી કે **આપણું ભાવતું લઈને આ'લા હઝરત ! આ'લા હઝરત ! કરવાનું અને જ્યાં આપણે માર્ગ છૂટકારાનો લેવો હોય ત્યાં આમ કહીને ખસી જવાનું કે આ મસ્અલામાં વિવાદ છે,** એટલે એમાં આ'લા હઝરતને છોડીને ફલાણાની વાત પર અમલ કરી લેવામાં આવશે. એવાં બે મોઢાના મૌલ્વીઓ અને પીરો સત્ય મસ્લક આ'લા હઝરતને બદનામ કરે છે.

## ★ સુન્નીઓમાંથી કચરો અલગ થાય ! ★

વતર્માન કાળમાં કહેવાતા સુન્નીઓ અસંખ્ય બિદઅતોમાં સપડાયેલા છે, અને એને બિદઅત સમજીને કરતા હોય તો માની લેવામાં આવે કે ચાલો જેમ બીજા અન્ય ગુનાહો કરે છે તેઓ પૈકી આ બિદઅતો પણ છે, પરંતુ

અચંબાની વાત તો એ છે કે બિદઅતોને જ સુન્નિયત સમજવામાં આવે છે ! એનાથી ખસવાને બદ્દીની કહેવામાં આવે છે. અને પછી એ બે મોઢાના લોકોની વાતોને ખરેખર બદ્દીન લોકો દાખલો બનાવે છે અને એમને નહીં આ'લા હઝરતને વગોવે છે કે બરેલ્વી લોકો બિદઅતી છે ! તો એવા બે મોઢાના લોકોને વિનંતિ કરવામાં આવે છે કે તમે ન્યાય પર આવો અને મસ્લકે આ'લા હઝરતને સ્વીકારી લો, ભાવતું લઈને બીજી વાતોમાં વિવાદ કરી સાચા દીનને વગોવો નહીં, જો તમને યોગ્ય લાગે તો રહો, અને નથી લાગતું તો તમે તમારું નામ, ટાઈટલ, બદલી નાખો જેથી કરીને બાતિલ અકીદાના લોકોને ખબર પડે કે સુન્નીઓમાંથી કચરો અલગ થઈ ગયો છે.

## ★ કિતાબ "ચાલીસ બિદઅતો" ★

મેં વરસો પહેલાં ગુજરાતી ભાષામાં એક કિતાબ પઢી હતી જેનું નામ ચાલીસ બિદઅતો હતું, એનો લેખક દેવબંદી વ્યક્તિ છે. એ કિતાબમાં બિદઅતો ગણવામાં આવી છે અને એના બિદઅત હોવા પર આ'લા હઝરતની કિતાબથી પુરાવો આપવામાં આવ્યો છે કે અમે જ નહીં તમારા આ'લા હઝરત પણ આ કામોને બિદઅત સમજે છે, કહેવાનો ભાવાર્થ એ કે તમે સુન્ની તમારા મસ્લકની બુન્યાદ આ'લા હઝરતને સમજો છો તો જેને આ'લા હઝરત બિદઅત કહી તમને છોડવાની વિનંતિ કરે છે એને તો છોડો ! તમે તો ભાવતું લઈને બીજી વાતોમાં આ'લા હઝરતના પણ નથી.

## ★ સુન્નીઓના રિવાજો ★

આ'લા હઝરતની કિતાબોનું વાંચન કરતાં એટલું જાણવા મળે છે કે સુન્નીઓના ધાર્મિક રિવાજોમાં જો કોઈ ઝઈફ અને રિવાયતના આધારે અશક્ત હદીષ મળી આવે તો આ'લા હઝરતે એનાથી પુરાવો આપીને પણ એ રિવાજને ખોટો કહેવાથી બચવાની તા'લીમ આપી. પછી જે રિવાજો મૂળ વિનાના છે, ઈસ્લામી ફિકહ સાથે એનો કોઈ સંબંધ નથી, એને જાઈઝ બનાવવાનો અધિકાર તો કોઈને નથી, પછી આ'લા હઝરત જેવા આલિમે દીન અને મુજદ્દિદે દીનો મિલ્લત એમાં લોકોની ખોટી તરફદારી કેવી રીતે કરી શકે ?! એટલે આપે જે રિવાજોને ખરાબ બતાવ્યા તેના માટે આપણા પર જરૂરી છે કે આપણે એને પણ સ્વીકારી લઈએ. જેથી હવે અમે તમારી ખિદમતમાં આ'લા હઝરતના





અમુક ફતાવાઓ ગુજરાતી ભાષામાં રજુ કરીશું અને પુરાવામાં ભાગ અને પેજ નંબર પણ લખી આપીશું. તમે એમની મૂળ કિતાબોથી પણ એ પ્રાપ્ત કરી શકશો, જરૂરત પડે આપણા લખાણની છણાવટ પણ કરીશું કે આપની એ વાત માથાની ઉપરથી પસાર ન થઈ જાય.

## ★ ફતાવા રઝવિય્યાહ : ૧ ★

### (ભાગ-૯, પેજ-૫૪ કિતાબ અલ્ ખતરો વલ્ ઈબાહત)

**સવાલ** : રાગ અથવા મઝામીર (સંગીતનાં સાધનોનો ઉપયોગ) કરવું અથવા સાંભળવું કબીરો ગુનોહ છે અથવા સગીરો (નાનો અથવા મોટો) એ કામ કરનાર ફાસિક છે કે નથી ?

**અલ્ જવાબ** : મઝામીર—એટલે રમત ગમતનાં સાધનો રમત ગમતના કારણને લઈને નિઃશંક હરામ છે, જેનું હરામ હોવું ઔલિયા અને ઓલમા બંને જમાતોના બુઝુર્ગોના મહાન શબ્દોમાં ખુલાસાવાર છે. (રમત ગમતનાં સાધનો રમત ગમત માટે જ બનાવવાને લઈને સંતો અને આલિમો બંને જમાઅતોની એના હરામ હોવા પર એકમતી છે.) અને સાંભળવું, સંભળાવવું એના ગુનાહ હોવામાં શંકા નથી, વારંવાર કરવાથી કબીરો છે. (એટલે કે સાંભળવું, સંભળાવવું ગુનાહનું જ કામ છે, બેથી અધિક વખત કરવાથી મોટો ગુનોહ બની જશે અને પછી એની અદાલત નષ્ટ થઈ જશે, ગવાહી પણ માન્ય રહેશે નહીં.) બુઝુર્ગ હઝરાત, જન્નતી સાદાત , ચિશ્તિયા સિલસિલાના મહાન વલીઓ અલ્લાહ તઆલા એમના અને અમારા સર્વથી ખુશ થાય. **એમની તરફ આ (વાત)નો સંબંધ તદ્દન ખોટો અને આક્ષેપ છે.** (વર્તમાનકાળમાં જે લોકો આ પ્રમાણેની શરારતો કરે છે અને એને ગરીબનવાઝ અને બીજા અન્ય બુઝુર્ગો તરફ જોડવી આપે છે તે પાયા વિનાની વાત છે, બુઝુર્ગો પર આક્ષેપ અને તોહમત છે, તેમણે આવું કશું કર્યું નથી.)

(આ'લા હઝરતે વાસનાના ભૂખ્યા લોકોની મૂળમાંથી પતંગ કાપી કાઢી અંધકાર આગળ કહેવાનું કશું રહી જ નથી જતું.) હઝરત સૈયદેના ફખ્રુદ્દીન ઝર્રાની કુદ્દેસ સિર્રહૂ જેઓ હઝરત સૈયેદેના મહબૂબે ઈલાહી, સુલતાનુલ ઔલિયા નિઝામુલ હક્કે વદ્દુન્યા વદ્દીન મુહમ્મદ અહમદ رضی اللہ عنہ ના મહાન ખલીફા છે, જેમણે હઝરત મહબૂબે ઈલાહીના જમાનામાં એમની હયાતીમાં એમના જ હુકમ અને આદેશથી સિમાના મસ્અલા પર એક રિસાલો લખ્યો

હતો જેનું નામ છે કશ્ફુલ કિનાઅ ને ઓસૂલિસ્સિમા (પરદો ઉઠાવો સિમાના કાયદાઓ પરથી) (એટલે કે શંકા પેદા કરતી વાતોને વર્ણવી આપીશું જેથી કરીને સિમાના જાઈઝ હોવા પર કુશંકા પેદા ન થાય) આપ એ રિસાલામાં લખે છે :–

سَمِعَ بَعْضُ الْمَغْلُوْبِيْنَ السِّمَاعَ مَعَ الْمَزَامِيْرِ فِي غَلَبَاتِ الشَّوْقِ وَ اَمَّا سِمَاعُ مَشَائِخِنَا رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمْ فَبَرِيٌّ عَنْ هٰذِهِ التُّهْمَةِ وَهُوَ مُجَرَّدُ صَوْتِ الْقَوَّالِ مَعَ الْاَشْعَارِ الْمُشْعِرَةِ مِنْ كَمَالِ صَنْعَةِ اللّٰهِ تَعَالٰى

અન્ય બેહાલ લોકોએ શોખમાં પડીને વાજિંત્રોવાળો સિમા સાંભળ્યો પણ અમારા સિલસિલાના બુઝુર્ગોનું સાંભળવું આ આક્ષેપથી મુક્ત છે, એ તો માત્ર કવ્વાલોનો અવાજ હોય છે એ શાયરી સાથે જેનાથી અલ્લાહની કારીગરીની મહાનતાની ખબર મળે. (વાજિંત્રો સાથે કવ્વાલી ચિશ્તિયા સિલસિલાના બુઝુર્ગોનો સિમા નથી, અમારે ત્યાં માત્ર અલ્લાહની યાદ અપાવે એવી શાયરી પઢવામાં આવે છે, એટલે વાજિંત્રોની બલાનો આક્ષેપ અમારા સાથે રાખશો નહીં, જે કરતું હશે તે જાણે, પણ છણાવટ હતી) પોતે સુલ્તાનુલ ઔલિયાએ પોતાના મલ્ફૂઝાતે શરીફા (સર્વોત્તમ વાણીઓ) ફવાઈદુલ ફવાઈદ વગેરેમાં જગા જગાએ વાજિંત્રોના હરામ હોવાનો ખુલાસો કર્યો છે. બલ્કે હુઝૂરેવાલા માત્ર તાળીઓ પાડવાને પણ મનાઈ કરે છે, કે એ પણ મનોરંજન જેવું છે. બલ્કે આવા કામોમાં હાલમાં પડી જવાનું કારણ પણ પસંદ ન ફર્માવતા કે બાતિલનો દા'વો કરનારાઓને માર્ગ ન મળે. આ બધા આદેશો મલ્ફૂઝાત અકદસમાં ફવાઈદુલ ફવાઈદ શરીફમાં સ્પષ્ટ વર્ણવવામાં આવ્યા છે કે વાજિંત્રો હરામ છે. હુઝૂર મહબૂબે ઈલાહીનાં ઉત્તમ ફર્માન અમારા માટે સંપૂર્ણ પુરાવો છે. વાસનાઓવાળા ચિશ્તિયતના દાવેદારો માટે પૂરી હુજ્જત (વાજિંત્રો સાથે સિમાનો દા'વો કરી પોતાને ચિશ્તી સિલસિલાના ચાહક કહેવાવાળાઓને વાસનાના ભૂખ્યા આ'લા હઝરતે કહ્યા છે.) આ જિહાદનો તબલો (નગારું), સહેરીનો નક્કારો, હમ્મામનો બુક, નિકાહનું એલાન, ઝાંઝરી વિનાનું દફ જાઈઝ છે, એ રમત ગમતનાં વાજિંત્રો નથી. (આ છે આ'લા હઝરતનો ફિકહી કમાલ કે બે શબ્દોમાં એ સઘળી હદીષોનો જવાબ બતાવ્યો જેમાં દફ વગેરેની રજા આપવામાં આવી છે કે એ છૂટ માત્ર એલાન માટે છે, અને સિમામાં એ વાજિંત્રોનો ઉપયોગ ગાવા માટે કરવામાં આવે છે એલાન માટે કરવામાં નથી





આવતો.) આમ જ એ પણ શક્ય છે કે અન્ય ખુદાના બંદાઓ જે નફ્સના અંધકાર અને વાસનાની ખરાબીઓથી તદન પાક અને મુક્ત થઈને ફાની ફિલ્લાહ અને બાકી બિલ્લાહ થઈ ગયા, એમના બોલવામાં, સાંભળવામાં અને કામમાં અલ્લાહ જ હોય છે, બલ્કે ત્યાં અલ્લાહ જ અલ્લાહ હોય છે. જો કોઈ હાલમાં રહીને, પછી મૂળ શરીઅતે કુબ્રા સુધી પહોંચીને હોય, એટલા માટે કે એનું હરામ હોવું આપમેળે નથી, અમલનો આધાર નિય્યતો પર છે અને દરેક માણસ માટે એ છે જે એણે નિય્યત કરી. (જે લોકો અલ્લાહના ઈશ્કમાં ડૂબીને જો દુનિયાથી ભાન ભૂલી જાય એમના માટે શરીઅતની કલમ ઉઠાવી લેવામાં આવે છે એટલે એમને દરેક માટે દલીલ નથી બનાવી શકતા.) પૂરા ભરોસા પછી અને સંપૂર્ણ શાંતિ બાદ હાલત અને પરિણામના આધારે ફિત્નો નષ્ટ કોઈ વખત એ કામ કર્યું હોય. એટલા માટે ફાઝિલ મુહક્કિક આફંદી શામી કુદેસ સુર્રોહુશ્શામી રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તારની આ વાત હેઠળ :–

مِنْ ذٰلِكَ (اَىْ مِنَ الْمَلَاهِىْ) ضَرْبُ النَّوْبَةِ لِلتَّفَاخُرِ فَلَوْ لِلتَّنَبُّهِ فَلَا بَاسَ بِهٖ كَمَا اِذَا ضُرِبَ فِى ثَلَاثِ نَفْخَاتِ الصُّوْرِ

એમાંથી એટલે વાજિંત્રોમાંથી મોટાઈ માટે નગારું વગાડવું છે, જો ખબરદાર કરવા માટે હોય તો વાંધો નથી જેમ કે સૂરની ત્રણ ફૂંકોમાં કરવામાં આવશે.

ફર્માવે છે :–

هٰذَا يُفِيْدُ اَنَّ اٰلَةَ اللَّهْوِ لَيْسَ بِحَرَمَةٍ بَلْ لِقَصْدِ اللَّهْوِ مِنْهَا اَمَّا مِنْ سَامِعِهَا اَوْ مِنَ الْمُشْتَغِلِ بِهَا وَبِهٖ تَشْعُرُ الْاِضَافَةُ اَلَا تَرٰى اَنَّ ضَرْبَ تِلْكَ الْاٰلَةِ بِعَيْنِهَا حَلَّ تَارَةً وَحُرِّمَ اُخْرٰى بِاخْتِلَافِ النِّيَّةِ وَ الْاُمُوْرِ بِمَقَاصِدِهَا وَفِيْهِ دَلِيْلٌ لِسَادَاتِنَا الَّذِيْنَ يَقْصُدُوْنَ بِسِمَاعِهَا اُمُوْرًا هُمْ اَعْلَمُ بِهَا فَلَا يُبَادِرُ الْمُعْتَرِضُ بِالْاِنْكَارِ كَىْ لَا يُحْرَمُ بِبَرْكَتِهِمْ فَاِنَّهُمُ السَّادَةُ الْاَخْيَارُ اَمَدَّنَا اللّٰهُ تَعَالٰى بِاِمْدَادَاتِهِمْ وَاَعَادَ عَلَيْنَا مِنْ صَالِحِ دَعْوَاتِهِمْ وَبَرْكَاتِهِمْ

આનાથી એ ફાયદો થાય છે કે મનોરંજનનાં સાધનો આપ મળે હરામ નથી એનાથી મનોરંજનનો ઈરાદો સંબંધિત હોવાને લઈને છે, પછી એ સાંભળનાર તરફથી હોય કે કરનાર તરફથી હોય (એ) સંબંધથી એને સમજી શકાય છે, શું તમને ખબર નથી કે એ વાજિંત્ર વગાડવાં ક્યારેક હલાલ બને છે

ક્યારેક હરામ ઈરાદા અને હુકમના બદલવાથી ? અને એમાં દલીલ છે અમારા સાદાત માટે જેઓ એને સાંભળવામાં એ વાતોનો ઈરાદો કરે છે અને તેઓ એમને ખૂબ સમજે છે, તો ઈન્કાર કરવાવાળો સવાલ કરવામાં જલ્દી ન કરે કે એમની બરકતોથી મેહરૂમ થઈ જાય, કારણ કે તેઓ બુઝુર્ગ સાદાત છે, અલ્લાહ તઆલા એમની મદદોથી આપણી મદદ કરે, એમની બરકતો અને સારી દા'વતોથી આપણને ફાયદો આપે. (આ હતો ઈમામે શામીનો ખુલાસો જે દુર્રે મુખ્તારના લખાણ પર એમણે આપ્યો હતો.)

**અકુલ** : આ'લા હઝરત પોતે ફર્માવે છે કે અહીં એક કારણ એ પણ છે, સહીહ બુખારી શરીફમાં સૈયેદેના અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે : હુઝૂર પૂરનૂર સૈયેદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, રબ્બુલ ઈઝ્ઝત તબારક વ તઆલા ફર્માવે છે :–

لَا يَزَالُ عَبْدِيْ يَتَقَرَّبُ إِلَيَّ بِالنَّوَافِلِ حَتّٰى أُحِبَّهٗ فَإِذَا أَحْبَبْتُهٗ فَكُنْتُ سَمْعَهُ الَّذِيْ يَسْمَعُ بِهٖ وَبَصَرَهُ الَّذِيْ يُبْصِرُ بِهٖ وَيَدَهُ الَّتِيْ يَبْطِشُ بِهَا وَرِجْلَهُ الَّتِيْ يَمْشِيْ بِهَا

મારો બંદો નવાફિલથી મારી નિકટતા ઈચ્છે છે, ત્યાં સુધી કે મારો મહબૂબ બની જાય છે, પછી જ્યારે હું એને દોસ્ત રાખું છું તો હું પોતે એનો એ કાન બની જાઉં છું જેનાથી એ સાંભળે છે, અને એની એ આંખ બની જાઉં છું જેનાથી એ જુએ છે અને એનો એ હાથ જેનાથી કોઈ ચીજ પકડે છે, અને એનો એ પગ જેનાથી એ ચાલે છે. હવે બતાવો કોણ કહે છે, કોણ સાંભળે છે ?! અવાજ તો તૂરના ઝાડથી આવે છે પરંતુ અલ્લાહની કસમ ઝાડે નથી કહ્યું.

**ગુફ્તએ ઉ ગુફ્તએ અલ્લાહ બુવદ**
**ગરચે અઝ હલકુમે અબ્દુલ્લાહ બુવદ**

(એમનું બોલવું અલ્લાહનું બોલવું બને છે ભલેને અલ્લાહના બંદાના ગળામાંથી હોય.) આ બે દલીલોથી કોઈને એવું ન લાગે કે ચાલો આમારા માટે માર્ગ ખુલી ગયો, હરામ હરામ જ છે કોઈના માટે હલાલ નથી જેમ કે હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ નું ફર્માન રજુ કરી દેવામાં આવ્યું અને એમની સિમાની સભાનો એમના ખલીફાના લખાણથી ઉલ્લેખ થઈ ગયો, આ બે દલીલોનું વર્ણન માત્ર એ લોકો માટે છે જેઓ પર હાલ ગાલિબ આવી જાય, અને એમની ઉપરથી હોશ ઠેકાણે ન હોવાને લઈને શરઈ કલમ ઉઠાવી લેવામાં





આવે. મહબૂબે ઈલાહી હોશની હાલતમાં ફર્માવી રહ્યા છે એટલે વાજિંત્રોને હરામ ફર્માવે છે. આ વિશે શંકા કુશંકાનો નાશ કરતી અન્ય દલીલોનો ઉલ્લેખ થઈ ગયો છે.

આ'લા હઝરત પોતે પણ એ શંકાનો જવાબ આપતાં પોતાના ફતાવામાં આગળ લખે છે:–

પરંતુ અલ્લાહ ! અલ્લાહ ! આ અલ્લાહના બંદાઓ ! કીબરીતે અહમર અને કોહે યાકૂત ! (યાકૂત હીરાનો પહાડ !) (એટલે કે હીરાનો પહાડ મળવો મુશ્કેલ છે, આમ જ આ પ્રમાણેના લોકોનું હોવું અને મળવું મુશ્કેલ છે. પછી ક્યાં એવા લોકો મળે અને એમની એવી સભા થાય, આ તો એક શક્યતા છે જેનું વર્ણન કરી દેવામાં આવ્યું. અને એ પણ જાણી લેવું જોઈએ કે એક બે વ્યક્તિના કહેવાથી કોઈને વલી માની લેવામાં નહીં આવે, જે લોકો માટે આ પ્રમાણેની માફીનો ફત્વો હોય તેવા લોકો માટે ઓલમાની મોટી જમાઅતની એકમતી તેમની વિલાયત, અને તેમને એ હાલતે હજદની ખાતરી માટે જરૂરી છે. જો આમ નહીં હોય તો ફત્વાના હુકમથી કોઈ પણ બચી શકશે નહીં.)

નાદિર શરઈ અહકામની બુન્યાદ નથી તો એમની હાલત જાઈઝ હોવા માટે ફાયદામંદ અથવા હરામના હુકમ માટે કોઈ શરત નથી. (આ'લા હઝરત ફર્માવે છે કે કોઈ એવું ન સમજી લે કે આ શકયતાનો હુકમ વર્ણન થયો એનાથી કોઈને જાઈઝ કહેવાનો ફાયદો મળી જશે, અથવા હરામ કહેવામાં શર્તનો વધારો કરવામાં આવશે, એવું નથી હરામ હરામ જ છે. શરીઅતનો આદેશ વાજિંત્રોવાળા સિમા માટે હરામનો જ છે. આ કોઈ જમાનામાં કોઈ મહાન અલ્લાહનો વલી જેમની વિલાયત અને દરેક હાલત પર ઓલમાની મોટી જમાઅત પોતાની એકમતી દર્શાવે તો એમના એકલા માટે હરામ હલાલ નથી પણ એમને માફ રાખવામાં આવશે, હુકમ એમના પર લગાડવામાં નહીં આવે. એવું સમજી લેવામાં આવશે કે એમની કોઈ મજબૂરી હશે. પણ પહેલાં એવો કોઈ મળે કે ઓલમાની જમાઅત જેની વિલાયત પર એકમતી દર્શાવે. ફત્હુલ કદીરના ભાગ–૬, પેજ–૪૮૧ નો પુરાવો રજુ કરી દેવામાં આવ્યો છે ત્યાંથી હાસંલ કરવામાં આવે.)

આ બેકાર દાવેદાર એમની જેવા નથી અને એ મરતબે પહોંચ્યા વગર નફસથી બચવા પર ભરોસો નથી થઈ શકતો.

فَاِنَّهَا كَذِبٌ مَا يَكُوْنُ اِذَا حلفت فَكَيْفَ اِذَا وَعَدْتَ (એના પર કસમ ખાવામાં આવે તો પણ જૂઠ છે તો પછી માત્ર કહી દેવાથી શું ? એટલે કે આજના બેકાર દાવેદાર કહે કે અમે પણ પહોંચેલા છીએ ! તો તેઓ પોતાની આ વાત પર કસમ ખાય તો એ પણ જૂઠ છે, માન્ય નથી. તો વિના કસમે માત્ર કહી દેવાથી કે અમે પહોંચેલા છીએ, માનવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.)

વાજિંત્રો વિનાના સિમામાં અમુક શરતો છે :– (વાજિંત્રોવાળો તો હરામ જ છે) **(૧)** રંડીઓ, વેશ્યાઓ, ફિત્નો બની શકે એવા ગેર પુખ્તવયના છોકરાઓનું ગાવું **(૨)** જે વસ્તુ ગાવામાં આવે તે ગુનાહિત હોય દા.ત. બેકાર વાતો, જૂઠ, કોઈ મુસલમાન અથવા ઝિમ્મીની બુરાઈ, અથવા વ્યભિચાર અને દારૂ જેવાં ગુનાહિત કામોનો શોખ અપાવવો, કોઈ જીવતી સ્ત્રી અથવા ગેરપુખ્તવયના છોકરાનાં વખાણ નામ લઈને કે નિયુક્ત કરીને અથવા કોઈ અવસાન થયેલ સ્ત્રીના નિયુક્ત કરીને એવો ઉલ્લેખ કે એના સગા સંબંધીઓને શરમ આવે.

**(૩)** રમત ગમત માટે સાંભળવામાં આવે ભલે એમાં કોઈ ખરાબ વસ્તુનું વર્ણન ન હોય, આ ત્રણેવ પ્રકાર નાજાઈઝ છે. (આ'લા હઝરતના કહેવાનો ભાવાર્થ એ છે કે વાજિંત્રો વગર માત્ર ગાવામાં આવે તો એ પણ શરતો પર આધારિત છે, ઉપરના ત્રણ પ્રકારમાંથી કોઈ એક પણ આવી જાય તો સંગીત વગર પણ રજા આપવા આવશે નહીં, શાયરીમાં કોઈ ખરાબી ન હોય તો પણ.)

આ પ્રમાણેનું ગાવું **લહ્વલ્ હદીષ** છે. (કુર્આનની આયતથી છે આનો ઉલ્લેખ પ્રથમ પ્રકરણમાં થઈ ગયો છે) આના હરામ હોવા પર બીજું કોઈ ન હોય તો માત્ર હદીષ (ત્રણ પ્રકાર છોડીને માણસની દરેક રમત હરામ છે) كُلُّ لَعْبِ ابْنِ آدَمَ حَرَامٌ اِلَّا ثَلَاثٌ બસ છે. (જ્યારે કે કુર્આનની આયતો તફસીરો અને હદીષોના સંખ્યાબંધ પુરાવા છે જેનાથી હરામ હોવું સ્પષ્ટ થાય છે. પ્રથમ બે પ્રકરણને ધ્યાનથી વાંચો.)

એ સિવાય એવું ગાવું જેમાં વાજિંત્રો ન હોય, ન ગાવાવાળામાં ફિત્નાનો ભય હોય, ન રમત ગમતનો ઈરાદો હોય, ન કોઈ નાજાઈઝ કલામ ગાવામાં આવે, બલ્કે સીધા ઈશ્કીયા ગીતો, ગઝલો, બાગ, બહાર, શરીરના હુસ્ન સંબંધિત ભાગોનો ઉલ્લેખ, સુંદરતા, પ્રેમ, જુદાઈ, મેળાપ, આશિકોની વફાદરી,





માશૂકોની તકલીફો વગેરે વસ્તુઓ ઈશ્ક અને ગઝલના રૂપમાં સાંભળવામાં આવે તો ફાસિકો ફાજિર (જાહેરમાં ગુનાહિત કામો કરનારાઓ) દુનિયાની વાસનાઓમાં પડેલા લોકોને આનાથી પણ રોકવામાં આવશે.

અલ્લાહવાળાઓના હક્કમાં નિઃશંક ! જાઈઝ છે બલ્કે મુસ્તહબ કહેવામાં આવે તો પણ દૂર નથી, ગાવું કોઈ નવી વસ્તુ પેદા નથી કરતું બલ્કે દબાએલી વાત જાહેર કરે છે. જ્યારે દિલમાં બુરી ઈચ્છાઓ, અને ખરાબ વાતો હોય તો એને જ પ્રગતિ આપશે. અને જો પાક, મુબારક, સ્વચ્છ દિલ જે વાસનાઓથી ખાલી હોય અને ખુદા વ રસૂલની મહોબ્બતથી ભરેલાં હોય, એમના એ વખાણવાળા પ્રેમ અને નેક શોખને વધારશે. એવા બંદાઓ માટે એને એક વિશેષ ધાર્મિક કામ કહેવું બેકાર નથી જેમ કે ફતાવા ખૈરિયામાં છે. (ફતાવા ખૈરિયાનો પુરાવો રજૂ કરી દેવામાં આવ્યો છે ત્યાંથી હાંસલ કરો.) (આ'લા હઝરતનો આ ઉલ્લેખ વાજિંત્રો વિનાના સિમા બાબતે છે, વાજિંત્રોવાળો તો નાજાઈઝ જ છે.) આ એ વસ્તુનો ઉલ્લેખ હતો જેને પરિભાષામાં ગાવું કહેવામાં આવે છે (અથવા ગાયન કહેવામાં આવે) અને જે શાયરી હમ્દ (અલ્લાહના વખાણ) નાઅત, મનકબત, વાઈઝ અને શિખામણ, આખેરતનું વર્ણન, વૃદ્ધ અથવા યુવાન પુરૂષ સુંદર ઢબથી પઢે અને નેક નિય્યતથી સાંભળવામાં આવે, એને પરિભાષામાં ગાવું નહીં પઢવું કહેવામાં આવે છે, તો એની મનાઈ પર તો શરીઅતમાં તદ્દન કોઈ દલીલ નથી. હુઝૂર પૂરનૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું હસ્સાન બિન સાબિત અન્સારી رضی اللہ عنہ માટે ખાસ કરીને મસ્જિદે અકદસમાં મિમ્બર રાખવું અને એમનું એના પર ઉભા રહીને નઅતે અકદસ સંભળાવવી, હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબાએ કિરામનું સાંભળવું હદીષે સહીહ બુખારી શરીફથી સ્પષ્ટ અને અરબનો હદીનો રિવાજ, સહાબા અને તાબેઈનના જમાનામાં બલ્કે અહદે અકદસે રિસાલતમાં ચાલવું પુરૂષોની સારી ઢબમાં પઢવાના જાઈઝ હોવા પર સ્પષ્ટ દલીલ. અનજશા રદી رضی اللہ عنہ ની હદી પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈન્કાર ન કર્યો, બલ્કે સ્ત્રીઓને લઈને ફર્માવ્યું :– رُوَيْدَكَ يَا اَنْجَشَةُ لَا تَكْسِرِ الْقَوَارِيْرَ છોડો અય અનજશા ! શીશીઓને ન તોડો ! એમનો અવાજ આકર્ષક અને દિલને ભાવે એવો હતો, સ્ત્રીઓ નાઝુક શીશીઓ માફક હોય છે જેને જરા સરખી ઠેસ પણ બસ છે, સારાંશ કામનો આધાર ફિત્નો જાહેર થવો છે. જ્યાં ફિત્નો સાબિત થાય ત્યાં હરામનો હુકમ, જ્યાં શંકા હોય ત્યાં રોકવા માટે મનાઈનો હુકમ, જ્યાં એવું

કંઈ જ ન હોય બલ્કે નિય્યતથી સારું, બિહમ્દિલ્લાહ ! આ અમુક લીટીઓમાં સુંદર ચર્ચા છે. ઈન્શાઅલ્લાહહુલ અઝીઝ ! હક્ક એનાથી આગળ વધી નથી શકતો.

**ખુલાસો** : વાજિંત્રો સાથે સિમા જાઈઝ નથી, બુઝુર્ગો જેમની વિલાયત પર મોટી ઈલ્મવાળાઓની જમાઅતની એકમતી હોય એવા લોકોએ કંઈ કર્યું હોય તો એના પર હુકમ નથી, જો કે એવા લોકો પહેલાં હશે પણ હવે એવા લોકો જોવા નથી મળતા એટલે આજના લોકો માટે દલીલ નથી, વાજિંત્રો વિનાનો સિમા શરતો પર આધારિત છે, વિના શરતે એની પણ રજા નથી, ગાવામાં કોઈ બુરાઈ ન હોય પણ ઈશ્કની વાતો હોય તો પબ્લિકને એની પણ રજા નથી (વર્તમાનકાળમાં પબ્લિક પોતાનાં કામો માટે આલિમો અને બુઝુર્ગોનો દાખલો આપે છે તો પબ્લિકને બચાવવા એમણે પણ બચવું જોઈએ.) જ્યાં પરિભાષામાં ગાવું નહીં પઢવું કહેવામાં આવે જેમ કે નઅતની સભાઓ તો એ જાઈઝ છે. સંપૂર્ણ એ કે મસ્લકે આ'લા હઝરતમાં વાજિંત્રો સાથે સિમાની રજા નથી એ હરામ છે, અને વર્તમાનકાળના લોકોને પછી તે કોઈ પણ હોય રજા આપવામાં આવી નથી, દરેક માટે હરામ છે.

## ★ ફતાવા રઝવિય્યાહ : ૨ ★

ભાગ–૯, પેજ–૧૯૯ એક માણસ મારો દોસ્ત આવ્યો, એણે મને કહ્યું કે ચાલો એક જગાએ ઉર્સ છે, હું ગયો અને ત્યાં જઈને જોયું કે ઘણા માણસો છે અને કવ્વાલી એ પ્રમાણે થઈ રહી છે કે એક ઢોલકુ એક બે વાંસળીઓ વાગી રહી છે અને અમુક કવ્વાલ પીરાને પીર દસ્તગીરની શાનમાં શાયરી પઢી રહ્યા છે. અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નઅતની શાયરી અને ઔલિયા અલ્લાહની શાનમાં શાયરી ગાઈ રહ્યા છે ! અને ઢોલકુ તથા વાંસળીઓ વાગી રહી છે, આ વાજિંત્રો તો શરીઅતમાં હરામ છે ! શું આ કામથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અને ઔલિયા અલ્લાહ ખુશ થાય છે ? અને આ લોકો સમાના હાજરજનો ગુનેગાર થયા કે નહીં ? અને આવી કવ્વાલી જાઈઝ છે કે નથી અને જાઈઝ છે તો કેવી રીતે ?

**અલ્ જવાબ** : આવી કવ્વાલી હરામ છે, હાજરજનો બધાં જ ગુનેગાર છે, અને એ બધાનો ગુનોહ એવો ઉર્સ કરવાવાળાઓ અને કવ્વાલો પર છે, અને કવ્વાલોનો પણ ગુનોહ એ ઉર્સ કરવાવાળાઓ પર. ઉર્સ કરવાવાળાઓના





માથે કવ્વાલોનો ગુનોહ જવાથી કવ્વાલો પર ગુનોહ ઓછો થશે નહીં, અથવા કવ્વાલોના માથે હાજરજનોનો વબાલ જવાથી હાજરજનોના ગુનોહોમાં કમી આવશે નહીં. હાજરજનોમાં દરેક પર પોતાનો પૂરો ગુનોહ, અને કવ્વાલો પર પોતાનો ગુનોહ અલગ, અને સઘળા હાજરજનો બરાબર અલગથી. કારણ એ કે હાજરજનોને ઉર્સ કરવાવાળાઓએ બોલાવ્યા અને એમના માટે આ ગુનાહનો સામાન ફેલાવ્યો, કવ્વાલોએ એમને સંભળાવ્યું, જો તેઓ એ સામાન ન કરતા, આ ઢોલકુ અને વાંસળી ન સંભળાવતા તો હાજરજનો આ ગુનાહમાં ન સપડાતા, એટલા માટે એમનો ગુનોહ બંને પર થયો, પછી કવ્વાલોના એ ગુનાહનો ઝરીયો ઉર્સ કરવાવાળા છે, એ ન કરતા, ન બોલવતા તો તેઓ કેવી રીતે આવતા અને વગાડતા, એટલે કવ્વાલોનો ગુનોહ પણ એ બોલાવવાવાળા પર છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે : જે કોઈ હિદાયતના કામ તરફ બોલાવે, જેટલા એનું અનુસરણ કરે એ બધાં જેટલો એના પર ગુનોહ થયો અને એનાથી એના ગુનાહોમાં કોઈ કમી નહીં આવે. ઈમામ અહમદ, મુસ્લિમ અને બીજા ચારેવે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી છે.

## ★ કાયદો ★

મસ્અલો શારેઅ (નબી) صلی اللہ تعالیٰ علیہ وسلم ની નસ્સ (ફર્માન, અમલ વગેરે)થી લેવામાં આવશે અથવા ઈમામે મુજતહિદની ફિકહથી. જો નસ્સે શારેઅ علیہ الصلوٰۃ والتسلیم થી અનિવાર્ય હોય તો વાજિંત્રોના હરામ હોવા પર એટલી બધી હદીષો છે જે તવાતુરની હદ સુધી પહોંચે છે, તે સઘળી હદીષોમાં અતિ સશક્ત અને ઉત્તમ સહીહ બુખારી શરીફની હદીષ છે. હુઝૂર સૈયેદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

لَيَكُوْنَنَّ فِيْ اُمَّتِيْ اَقْوَامٌ يَسْتَحِلُّوْنَ
الْحِرَ وَالْحَرِيْرَ وَالْخَمْرَ وَالْمَعَازِفَ

જરૂર મારી ઉમ્મતમાં એવા લોકો થશે જેઓ હલાલ કરશે સ્ત્રીઓની શરમગાહો (વ્યભિચાર), રેશમી કપડું, દારૂ અને વાજાંઓ. હદીષ સહીહ, ઉત્તમ, રિવાયતમાં સતત મળેલી, અહમદ, અબૂ દાવૂદ, ઈબ્ને માજા, ઈસ્માઈલી, અબૂ નઈમ સહીહ સનદોથી, જેમાં કોઈ ચર્ચા નથી, ઈમામોની બીજી એક જમાઅતે પણ એને સહીહ બતાવી છે જેમ કે કફ્ફુર્રિઆઅમાં હાફિઝ ઈબ્ને હજર અસ્કલાતીએ. (હદીષો માટે હદીષોનું પ્રકરણ જુઓ) (અન્ય લોકો પોતાની ખોટી વાત પર ગેરમાન્ય કિતાબોનો પુરાવો આપે છે, અને કિસ્સા

કહાનીઓથી દલીલો લાવે છે તેમની બાબત આ'લા હઝરત જવાબ આપતાં ઈર્શાદ ફર્માવે છે) સહીહ, મરફુઅ, મુહકમ, હદીષો સામે અશક્ત કિસ્સા, શંકાવાળા વાક્યા અથવા મુતશાબિહ લાવી નથી શકતા, દરેક અક્કલવાળો જાણે છે કે સહીહ સામે ઝઈફ (રિવાયતથી અશક્ત) નિયુક્તની સામે શંકાપદ, જેનો અર્થ સ્પષ્ટ હોય તેની સામે એવી હદીષ જેનો અર્થ સ્પષ્ટ ન હોય તે છોડી આપવી વાજિબ છે. (હદીષ સામે હદીષ હોય તો કોની ઉપર અમલ કરવો અને કોની ઉપર ન કરવો તેના પણ કાયદાઓ છે, અમુક હદીષો સામે અમુક હદીષોને છોડી આપવી કાયદાના આધારે જરૂરી થઈ જાય છે.) પછી ક્યાં ફર્માન અને ક્યાં વાક્યો અમલને સંબંધિત ! પછી ક્યાં હલાલ અને હરામ ! દરેક રીતે આ જ અમલ માટે જરૂરી, અને જે ઉત્તમતા. (હદીષના આધારે આ પ્રમાણે ચર્ચા થઈ શકે છે અને જો ફિકહના આધારે ચર્ચા કરવી હોય કે ઈમામે મુજતહિદે હદીષથી કયા પ્રમાણે મસ્અલો લીધો છે તો તે આ પ્રમાણે છે.)

અને જો ફિકહની માંગ છે તો પોતે ઈમામે મઝહબ ઈમામે આ'ઝમ ઈમામુલ અઈમ્મા رضی اللہ عنہ નો ઈર્શાદ અને હિદાયા જેવી ઉચ્ચ કક્ષાની આધારભૂત કિતાબનો ઈર્શાદ પરીપૂર્ણ છે.

મસ્અલો બતાવે છે કે :–

دَلَّتِ الْمَسْئَلَۃُ اَنَّ الْمَلَاہِیْ کُلَّھَا حَرَامٌ حَتّٰی التَّغَنِّیْ لِضَرْبِ
الْقَضِیْبِ وَکَذَا قَالَ اَبُوْ حَنِیْفَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اِبْتُلِیْتُ
لِاَنَّ الْاِبْتِلَاءَ بِالْمُحَرَّمِ یَکُوْنُ

મનોરંજનનું દરેક સાધન હરામ છે એટલે સુધી કે ગાવું ઢોલક વાગતી વખતે અને એ પ્રમાણે અબૂ હનીફાનું ફર્માન છે હું સપડાયો, સપડાવું હરામથી જ હોય છે.

(વાક્યો પુરાવા સાથે વર્ણન કરી દેવામાં આવ્યો છે ત્યાંથી હાંસલ કરો.) સારાંશ એ કે હદીષ અને ફિકહનો હુકમ તો આ જ છે, જો કોઈ મનેચ્છાએ વાસનાનો પૂજારી બને તો એનો ઈલાજ કોની પાસે છે. (એટલે કે ઈસ્લામનો હુકમ બતાવી દેવામાં આવ્યો જેને માનવું હોય તો માને, મુસલમાને માનવું જ જોઈએ, જો ન માને તો પછી કોઈ ઈસ્લામી હુકૂમત નથી કે મારીને એનાથી રોકી દેવામાં આવે, અમારું કામ માત્ર હુકમ અને આદેશ બતાવી આપવાનું છે.) માણસ ગુનોહ કરે, ગુનોહ સમજે, તેને કબૂલે અને એના પર અટલ ન રહે





તો એ માન્ય રાખી શકાય છે, પણ આ તો એનાથી પણ કઠણ છે કે વાસનાને પાલવે, ઈલ્ઝામ અને આક્ષેપને ખસાવે અને પોતાના માટે હરામને હલાલ બનાવી લે, પછી એટલા પર થમતો નથી બલ્કે મઆઝલ્લાહ ! એનો આક્ષેપ ખુદાના પ્રિય ઉચ્ચ કક્ષાના સિલસિલા ચિશ્તના બુઝુર્ગોના માથે રાખે છે, ન ખુદાનો ડર અને ન બંદાઓની શરમ કરે છે ! જ્યારે કે મહબૂબે ઈલાહી સૈયેદી વ મૌલાઈ નિઝામુલ હક્કે વદ્દીન સુલ્તાનુલ ઔલિયા رضی اللہ عنہ વ અનહુમ વ અન્ના બિહિમ ફવાઈદુલ ફવાઈદ શરીફમાં છે : **"મઝામીર હરામસ્ત" વાજિંત્રો હરામ છે.** મૌલાના ફખ્રુદ્દીન ઝરાદી ખલીફએ હુઝૂર સૈયેદોના મહબૂબે ઈલાહી رضی اللہ عنہ એ હુઝૂરના મુબારક જમાનામાં હુઝૂરના હુકમથી જ સિમાના મસ્અલામાં રિસાલા કશ્ફુલ કિનાઅ અન ઓસૂલિસ્સિમા લખી. (પુરાવો ફત્વા નં. ૧ માં વર્ણન થયો) અલ્લાહ માટે ન્યાય (થી કામ લો) **આ બુઝુર્ગ ઈમામ ઉચ્ચતમ ચિશ્તના કુટુંબનાનું ફર્માન સ્વીકારી લેવામાં આવશે કે પછી આજ કાલના બેકાર દાવેદારોનો જાહેર આક્ષેપ પાયા વિનાનો જેની ખરાબી જાહેર છે ?!** લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ. (એટલે કે ગરીબ નવાઝથી નિકટના મહાન વલી **મહબૂબે ઈલાહી તો ફર્માવે છે કે વાજિંત્રો હરામ છે અને અમારો સિમા એ પ્રમાણેની ખરાબીઓથી મુક્ત છે, અને અમારા બુઝુર્ગો પણ એનાથી મુક્ત હતા,** પછી જે ઢોંગી લોકો વાજિંત્રોનો ઉપયોગ કરીને અને ચિશ્તી સિલસિલાના બુઝુર્ગો તરફ સંબંધ કરે છે અને કહે છે કે, "હરામ છે તો એમણે શા માટે કર્યું ?" તો આ ઢોંગી લોકોની તોહમત અને આક્ષેપ છે, ગરીબ નવાઝથી નજીકના મહબૂબે ઈલાહી તો ફર્માવે છે : અમારા સિમાની સભાઓ વાજિંત્રોથી મુક્ત છે કારણ કે એ હરામ છે.)

સૈયેદી મૌલાના મુહમ્મદ બિન મુબારક બિન મુહમ્મદ અલ્વી કિરમાની હુઝૂર પુરનૂર શૈખુલ આલમ ફરીદુલ હક્કે વદ્દીન ગંજ શકરના મુરીદ અને ગંજે શકર હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીના ખલીફા પોતાની દળદાર કિતાબ **સીયરુલ ઔલિયા**માં ફર્માવે છે : હઝરત સુલ્તાનુલ મશાઈખ કુદ્દેસ સિર્રહુલ અઝીઝ મી ફરમુદ કે ચંદીં ચીઝ મી બાયદ તા સિમા મુબાહ શવદ, મુસમિઅ, મુસ્તમિઅ, મસ્મુઅ, આલએ સિમાએ મુસ્તમિઅ યા'ની ગુયંદ મરદે તમામ બાશદ ફુદક ન બાશદ વ ઔરત ન બાશદ મુસ્તમિઅ આંકે મી શુનવદ અઝ યાદે હક્ક ખામી નબાશદ, વમસમૂઅ આંચે વ રોબાબ વ મિસ્લે આં મીલામદ

કે દરમિયાન ન બાશદ ઈ ચુનીં સિમા હલાલસ્ત. (હઝરત સુલ્તાનુલ મશાઈખ ફર્માવે છે : સિમાના મુબાહ (જાઈઝ) થવા માટે અમુક વસ્તુ જોઈએ : સાંભળનારો, સંભળાવનારો, જે સાંભળવામાં આવે, સાંભળનારના સાંભળવાનું સાધન કહેવાવાળો પુખ્ત વયનો હોય, બાળક, સ્ત્રી ન હોય, સાંભળ નાર જે સાંભળે હક્કની યાદથી ખાલી ન હોય, જે સંભળાવવામાં આવે ખરાબ અને મનોરંજનનું ન હોય, સાંભળવાનું સાધન વાજિંત્રો છે. જેમ કે ઢોલકુ, તબલા વગેરે વચમાં ન હોય આ પ્રમાણેનો સિમા હલાલ છે.)

મુસલમાનો ! આ ફત્વો છે સિલસિલએ આલિયા ચિશ્તિયાના સરવર અને સરદાર હઝરત સુલ્તાનુલ ઔલિયા رضی اللہ عنہ નો ! શું આના પછી પણ આક્ષેપ લગાડવાવાળાઓએ મોઢું બતાવવું લાયક રહે છે ?

''સીયરુલ ઔલિયામાં છે યકે બખિદમતે હઝરત સુલ્તાનુલ મશાઈખ અર્ઝદાશ્ત કે દરીં રોઝહા બાઝે અઝ દુરવેશાને આસ્તાના દાર દર મજમએ કે ચંગ વ રબાબ વ મઝામીર બુદ રકસ કરદંદ ફરમુદ નેકો ન કરદાઅંદ આંચે નામશરૂઅસ્ત નાપસંદીદા અસ્ત બાદ અઝાં યકે ગુફ્ત ચું ઈ તાઈફા અઝાં મુકામ બીરું આમદંદ બા ઈશાં ગુફતંદ કે સોમા ચે કરદૈદ દરાં જમા મઝામીર બુદ સિમા ચેગુના શોનીદૈદ વ રકસ કરદૈદ, ઈશા જવાબ દાદંદ કે માચુંના મુસ્તગરિકે સિમા બુદૈમ કે દાસ્તેમ કે ઈંજા મઝામીરસ્ત યા ના હઝરત સુલ્તાનુલ મશાઈખ ફરમુદ ઈં જવાબ હમ ચીઝે નેસ્ત ઈં સખત દર હમા માસિયનહા બેબાયદ.''

એક વ્યક્તિએ હઝરત સુલ્તાનુલ મશાઈખની ખિદમતમાં વિનંતિ કરી, આ દિવસોમાં અમુક ફકીરોએ ઢોલકુ, તબ્લા અને વાજિંત્રોવાળી સભામાં રકસ કર્યું. આપે ફર્માવ્યું, સારું નથી કર્યું જે નામશરૂઅ છે, નાપસંદ છે. ત્યાર પછી એ કે કહ્યું, જ્યારે આ જમાઅત એ જગાએથી બહાર આવી તો એમને કહ્યું, તમે શું કર્યું ?! એ સભામાં તો વાજિંત્રો હતાં, સિમા કેવી રીતે સાંભળ્યો અને રકસ કર્યો ?! એમણે જવાબ આપ્યો, એને સાંભળવામાં એટલા તલ્લીન થઈ ગયા હતા કે અમને ખબર નથી વાજિંત્રો છે કે નથી. હઝરત સુલ્તાનુલ મશાઈખે ફર્માવ્યું, આ કોઈ જવાબ નથી, આ વાત તો દરેક ગુનાહ માટે થઈ શકે છે.)

મુસલમાનો ! કેટલો સ્પષ્ટ ઈર્શાદ છે કે વાજિંત્રો નાજાઈઝ છે, અને એ બાબતે કે અમને તલ્લીન હોવાને લઈને વાજિંત્રોની ખબર ન થઈ કહેનારને કેવો ચુપ કરવાવાળો જવાબ આપ્યો કે આવું બહાનું દરેક ગુનાહમાં થઈ શકે છે, દારૂ પીએ અને કહી આપે કે તલ્લીન હોવાને લઈને અમને ખબર ન થઈ કે





દારૂ છે કે પછી પાણી ! ઝિના કરે અને કહી આપે કે હાલ વધી જવાથી ખબર ન પડી કે પત્ની છે કે પછી બીજી અજાણી સ્ત્રી ! (ગુનાહમાં આ પ્રમાણેનાં બહાનાં ચાલી શકતાં નથી. જો આમ હોય તો લોકો શરીઅતને રમકડું બનાવી લે અને પોતાનો મનમાન્યો નિર્ણય લઈ અલ્લાહની કિતાબ અને હદીષે પાકે રસૂલને ફેંકી મારે. મારા માતા પિતા કુર્બાન ! મહબૂબે ઈલાહીની જાત પર ! આપે શરીઅતના વર્તુળમાં રહીને ઘણો જ ન્યાયનો ફેંસલો ફર્માવ્યો.)

એમાં જ છે : (સીયરુલ ઔલિયા) હઝરત સુલ્તાનુલ મશાઈખ ફરમુદ મન મના કર્દાઅમ કે મઝામીરૂ વ મુહર્રમાત દરમિયાન ન બાશદ વ દરીં બાબ બિસ્યાર ગુલુ કર્દ તા બહદે કે ગુફત અગર ઈમામ રા સહ્વ ઉફતદ મરદ બેતસ્બીહ ઈઅલામ કનદ વ ઝન સુબ્હનલ્લાહ ન ગોયદ ઝેરા કે ન શાયદ આવાઝેઆં શોનુદન પસ પુશ્તે દસ્ત બર કફે દસ્ત ઝનદ વ દફે દસ્ત બર કફે દસ્ત ન ઝનદ કે આં બેહલવ મી માનદ તા ઈ ગાયત અઝ મલાહી વ અમસાલેઆં પરહેઝ આમદા અસ્ત પસ દર સિમા તરીકે ઔલા કે અઝીં બાબત નબાશદ યા'ની દર મનએ દસ્તક ચંદીં ઈહતિયાત આમ દાઅસ્ત પસ દર સિમાએ મઝામીર બતરીકે ઔલા મના અસ્ત.

હઝરત સુલ્તાનુલ મશાઈખે ફર્માવ્યું, મેં મનાઈ કરી હતી કે વાજિંત્રો વચમાં ન આવવાં જોઈએ જે હરામ છે, અને આ બાબતે ઘણી જ સખ્તી કરી. એટલે સુધી કે ફર્માવ્યું, જો ઈમામની ભૂલ થઈ જાય તો પુરૂષ તસ્બીહથી જાણ કરશે અને સ્ત્રી હાથની પીઠ પર બીજા હાથની હથેળી મારશે. સ્ત્રી તસ્બીહ નહીં કહે કે એનો અવાજ નથી સાંભળી શકતો. એક હાથની હથેળી બીજા હાથની હથેળી પર નહીં મારે કે રમત છે. જ્યારે રમત ગમતની વસ્તુઓથી અને એની જેવી બીજી વસ્તુઓથી આટલો બધો બચાવ તો પછી સિમામાં એનાથી વધીને કે જ્યારે હાથ મારવામાં આટલો પરહેઝ તો વાજિંત્રો સાંભળ વામાં એનાથી વધીને મનાઈ છે. (જ્યારે હઝરત તાળી પાડવાને પસંદ નથી કરતા તો પછી વાજિંત્રોને કેવી રીતે પસંદ કરી શકે છે ?)

મુસલમાનો ! તરીકતના જે ઈમામો આટલો સખત બચાવ કરે કે તાળી પાડવાને મમનું કહે ! (નાજાઈઝ) આપ અને મુઆઝલ્લાહ વાજિંત્રોનો આક્ષેપ ?! અલ્લાહ માટે ન્યાય (કરો !) અલ્લાહ તઆલા શૈતાનની પાછળ ચાલવાથી બચાવે અને આ સાચા ખુદાના મહબૂબોનું સાચુ અનુસરણ અતા ફર્માવે.

આમીન ઈલાહુલ હક્ક આમીન બિજાહિહિમ ઈન્દકા આમીન વલ હમ્દુ લિલ્લાહ રબ્બિલ આલમીન. વાત અહીં લાંબી છે અને ન્યાયને દોસ્ત રાખવાવાળા માટે આટલું બસ છે. વલ્લાહુલ હાદી વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ★ ફતાવા રઝવિય્યહ્ : ૩ ★

પેજ નં. ૨૧૩ માં ઉપરોક્ત દલીલોના વર્ણન પછી ફર્માવે છે : આ પ્રમાણેની વસ્તુઓને મુઆઝલ્લાહ નિકટતાનો ઝરીયો સમજવો જહાલત (અંધશ્રદ્ધા) અને ગુમરાહી છે અને એના પર અટલ રહેવું કબીરો (મોટો ગુનોહ) સખત વબાલવાળો અને બીજાઓને શોખ અપાવવો બુરાઈનો ફેલાવો કરવું અને ગુમરાહીને ફેલાવવી છે. અલ્લાહની પનાહ ! આવી બુરી હાલતથી.

## ★ કવ્વાલી અને સાહિબે મઝાર ★

બુર્ઝુગોના મઝારો પર ઉર્સના નામે ગાવા બજાવવાનો રિવાજ આમ થઈ ગયો છે. અને **તેનો આક્ષેપ ચિશ્તી બુર્ઝુગાને કિરામ પર લગાડવામાં આવે છે કે તેઓ સાંભળતા હતા એટલા માટે અમે પણ સાંભળીએ છીએ !** એના અનુસંધાનમાં એક હેરતનાક અને ઈબ્રતનાક ખુલાસો જુઓ :–

આ'લા હઝરતને એક સવાલ કરવામાં આવ્યો કે, "શું આ રિવાયત સાચી છે કે હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ કબર શરીફમાં ઉઘાડે માથે ઊભા થઈને ગાવાવાળાઓ પર લાનત ફર્માવી રહ્યા હતા ?" આ'લા હઝરતે ફર્માવ્યું;

"આ બનાવ હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہનો છે કે આપના મઝાર શરીફ પર સમાઅની મજલિસમાં કવ્વાલી થઈ રહી હતી. આજ કાલ તો લોકોએ ખૂબ જ નવી નવી વાતો પોતાની તબીયતથી ઉપજાવી કાઢેલી છે, નાચ વગેરે પણ કરાવે છે. જો કે **તે સમયે એ બારગાહોમાં વાજિંત્રો પણ ન હતાં.** હઝરત સૈયદ ઈબ્રાહીમ ઈરજી رحمۃ اللہ علیہ જેઓ અમારા પીરોના સિલસિલામાંથી છે. સમાઅની મજલિસની બહાર બેઠેલા હતા. એક સાહબ સાલેહીનમાંથી આપની પાસે આવ્યા અને કહ્યું કે મજલિસમાં તશરીફ લઈ ચાલો ! હઝરત સૈયદ ઈબ્રાહીમ ઈરજી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, તમે જાણવાવાળા છો. હુઝૂરના મઝારના સિરહાનાની તરફથી હાજર થાવ, જો હઝરત રાજી હોય તો હું હમણાં જ આવું છું. તેમણે મઝારે અકદસ પર





મુરાકિબો કર્યો તો જોયું કે હુઝૂર (હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર) કબર શરીફમાં પરેશાન હાલતમાં છે અને તે કવ્વાલોની તરફ ઈશારો કરીને ફર્માવે છે, **"ઇં બદ્બખ્તાને વકત મારા પરેશાન કરદા અન્દ"** (આ બદ્બખ્તોએ મને પરેશાન કરી રાખ્યો છે). તેઓ પાછા આવ્યા અને કાંઈ કહે તે પહેલાં જ (હઝરત ઈબ્રાહીમ ઈરજીએ) કહ્યું, તમે જોઈ લીધું !" *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૧૧૨)*

## ★ સમાઅનો મતલબ શો છે ? ★

*(બારગાહે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم માં મકબૂલ થયેલ કિતાબ "સબએ સનાબિલ શરીફ"માંથી)*

**સવાલ :–** શું સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અલી મૌલાએ કાએનાત کرم اللہ تعالیٰ وجہہ الکریم નું સમાઅ સાંભળવું ષાબિત છે ?

**જવાબ :–** હઝરત શૈખ અલૂદીનોરી કુદ્દેસ સિર્રહૂનું કથન જે પેજ–૪૧૮ પર નકલ થયેલ છે કે આપણા પૈગંબર صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم અને આપણા મશાઈખે **સમાઅ** સાંભળ્યો છે, એ સહીહ છે. એનો મતલબ **હમ્દ** તથા **નઅત** અને **વઅઝ** તથા **નસીહત** સાંભળવું છે. કેટલીયે હદીષોમાં આવેલ છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمએ હઝરત હસ્સાન ઈબ્ને ષાબિત તથા અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા તથા અન્ય સહાબી શાયરો પાસેથી હમ્દ તથા નઅતના શેઅરો સાંભળ્યા.

હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہના બારામાં તો એટલે સુધી આવ્યું છે કે તેમના માટે મસ્જિદે નબવીમાં મિમ્બર રાખતા અને તેમને હુકમ ફર્માવતા કે પોતાના અશ્આર સંભળાવો ! તેમના માટે દુઆ ફર્માવતા **અલ્લાહુમ્મ ઐયિદહૂ બિરૂહિલ્ કુદ્સિ.** એ જ પ્રમાણે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمના બારામાં પણ એવી ઘણી રિવાયતો છે કે તેઓ અશ્આર સાંભળ્યા કરતા હતા.

**"સમાઅ"**નો અર્થ કેવળ એ જ છે કે **અશ્આર (શેઅરો)ને "સાંભળવું"** તેમણે એવું કયાં ફર્માવ્યું છે કે **મઝામીર (વાજિંત્રો) સાથે સમાઅ** સાંભળતા હતા ? **વાજિંત્રો હરામ છે !** શેઅરોને કોઈ સારા અવાજવાળા થકી સાંભળવું હરામ નથી..... *(સબએ સનાબિલ શરીફ, પેજ–૪૫૪, અઝ : હઝરત મીર સૈયદ અબ્દુલવાહિદ બેલગ્રામી)*

(આ'લા હઝરતે વર્તમાનકાળમાં ચાલતી સિમાની સભાઓને જહાલત અને ગુમરાહી બતાવ્યું, અને એના પ્રચારને ગુમરાહીનો પ્રચાર ફર્માવ્યું.)

## ★ દફ વગાડવી ★

હદીષોના પ્રકરણમાં એ વાતનો ઉલ્લેખ થઈ ગયો કે નિકાહ, વિવાહ, શાદી અને બીજી કોઈ જાઈઝ ખુશીના પ્રસંગે દફ વગાડવાની રજા છે, પણ ફિકહી અને મસ્અલાના આધારે એમાં પણ શરતો લગાડવામાં આવી છે. આ'લા હઝરત رضی اللہ عنہ એ, ભાગ–૯, પેજ–૨૩૩ પર આ મસ્અલાની છણાવટ કરી છે, જે લોકો દફવાળી હદીષ લઈને બીજી સઘળી હદીષો ભૂલી જાય છે તેવા અજ્ઞાન લોકોને જ્ઞાન આપવા એ હદીષનો ફિકહી ખુલાસો તમારી ખિદમતમાં રજુ કરું છું, અનુયાયીનું ઈમાન સશક્ત બને, અજ્ઞાનને જ્ઞાન મળે અને મક્કાર લોકોની મક્કારીના ઢોલનું પોલ જાહેર થઈ જાય.

## ★ હદીષનો ફિકહી ખુલાસો ★

**(૧)** ફર્માવે છે : પુરૂષો માટે દરેક હાલતમાં મકરૂહ છે એનો જવાઝ માત્ર સ્ત્રીઓ માટે છે. (પુરૂષો માટે જવાઝ (જાઈઝ) નથી માત્ર સ્ત્રીઓ માટે છે આમ કહીને દફનું બહાનું બનાવી સંગીતવાળી સિમાની સભાઓ રચાવાવાળાઓની દરેક દલીલને નષ્ટ ફર્માવી આપી. બીજાં વાજિંત્રોની વાત ક્યાં કરો છો ?! પુરૂષો માટે તો દફની પણ રજા આપવામાં નથી આવી !)

**(૨)** રદ્દુલ મુહતાર (શામી) છે :–

جَوَازُ ضَرْبِ الدُّفِّ فِيْهِ خَاصٌّ بِالنِّسَاءِ كَمَا فِي الْبَحْرِ
عَنِ الْمِعْرَاجِ بَعْدَ ذِكْرِهِ اَنَّهُ مُبَاحٌ فِى النِّكَاحِ ـ

શાદીમાં દફનો જવાઝ સ્ત્રીઓ માટે ખાસ છે (પુરૂષો માટે નહીં) જેમ કે બહરમાં મેઅરાજથી છે એ વર્ણન પછી કે એ નિકાહમાં મુબાહ (જાઈઝ) છે.

**(૩)** બહરુર્રાઈકમાં છે :–

وَ هُوَ مَكْرُوْهٌ لِلرِّجَالِ عَلٰى كُلِّ حَالٍ لِلتَّشَبُّهِ بِالنِّسَاءِ

એ (દફ) મકરૂહ છે પુરૂષો માટે દરેક હાલતમાં સ્ત્રીઓના કામની સરખામણીને લઈને.

**(૪)** ફતાવા સિરાજિય્યા, અલ્લામા શામીએ ફતાવા સિરાજિય્યાથી નકલ કર્યું છે :–





جَوَازُ ضَرْبِ الدُّفِّ فِي الْعُرْسِ اِذَا لَمْ يَكُنْ لَهُ جَلَاجِلُ
وَلَمْ يُضْرَبْ عَلٰى هَيْئَةِ التَّطَرُّبِ

શાદીમાં દફ વગાડવાનો જવાઝ (જાઈઝ હોવું) ત્યારે છે જે જ્યારે એમાં ઝાંઝરી ન હોય અને તાલમાં લાવવાના તરીકાથી વગાડવામાં ન આવ્યું હોય. (એટલે કે આપે બે શરતો લગાડી, એક તો એ કે દફ ઝાંઝરી વિનાનું હોય, ઝાંઝરીવાળુ હોય તો એની રજા નથી. બીજાું એ કે સાદુ હોય પણ જો એવા તરીકાથી વગાડવામાં આવે કે સાંભળનાર વ્યક્તિને તાલ આવે તો એની પણ રજા નથી. ખુલાસો એ થયો કે સ્ત્રી વગાડે પુરૂષ નહીં, સાદુ હોય, ઝાંઝરીવાળુ નહીં, ધબ ધબના અવાજથી હોય.

**(૫)** મિર્કાત શરહે મિશ્કાતમાં છે :–

(يَضْرِبْنَ بِالدُّفِّ) تِلْكَ الْبَنَاتُ لَمْ يَكُنْ بَالِغَاتٍ حَدَّ الشَّهْوَةِ
كَانَ دُفُّهُنَّ غَيْرَ مَصْحُوْبٍ بِالْجَلَاجِلِ

તે છોકરીઓ બાલિગ ન હતી (એ હદે ન પહોંચી હતી કે એમને જોઈને કોઈ ખરાબ ઈચ્છા ઉપજે અથવા ઉપજી શકે) અને તેણીઓના દફમાં ઝાંઝરી ન હતી.

**(૬)** ખઝાનતુલ મુફતીયીનમાં છે : શાદીની રાત્રીએ પ્રચાર અને નિકાહના એલાન માટે દફ વગાડવામાં વાંધો નથી. ફકીહ અબુલ લૈષ ફર્માવે છે કે :–

هٰذَا اِذَا لَمْ يَكُنْ عَلَيْهِ جَلَاجِلُ اَمَّا اِذَا كَانَ فَيُكْرَهُ كَذَا فِى الظَّهِيْرِيَّةِ

આ (જવાઝ ત્યારે છે) જ્યારે એના પર ઝાંઝરી ન હોય જો હોય તો મકરૂહ છે, આ પ્રમાણે ઝહીરિયામાં છે.

**(૭)** હઝરત ઉમરની રિવાયત નકલ થઈ છે કે વલીમો છોડીને બીજા કશામાં દફનો અવાજ સાંભળતા તો તેને બોલાવીને સજા આપતા.

**ફાયદો :** આનાથી સ્પષ્ટ થયું કે દફમાં પણ શરતો છે અને એ શરતોના આધારે જ રજા આપવામાં આવશે. અને એમાં પુરૂષને રજા નથી, સ્ત્રીઓને અને એ પણ નાબાલિગ છોકરીઓને એટલે કોઈપણ ડગલુ આગળ ભરતા પહેલાં ફિકહની આ વાતો ભૂલવામાં ન આવે.

## ★ હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ નું મંતવ્ય ★

ફવાઈદુલ ફવાઈદમાં હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ નું ફર્માન વર્ણવવામાં આવ્યું છે :–

આઠ શવ્વાલ, હિજરી સન ૭૧૯ ની તારીખ હતી, હઝરતની સભા થઈ રહી હતી અને સિમાનો મસ્અલો ચર્ચાનો વિષય હતો, હાજરજનોમાંથી એક સાહબે હઝરતથી વિનંતિ કરી કે આપના માટે તો જ્યારે ઈચ્છે સિમા મુબાહ (જાઈઝ) થઈ જાય એટલા માટે કે એ આપના માટે હલાલ છે. હઝરતે ફર્માવ્યું, ના ! (આમ નથી !) જે વસ્તુ હરામ હોય છે એ કોઈ એક માટે પણ હલાલ નથી અને જે વસ્તુ હલાલ હોય છે એ કોઈ વ્યક્તિના કહેવાથી હરામ નથી થઈ જતી. સત્ય હકીકત એ છે કે સિમાનો મસ્અલો વિવાદાસ્પદ છે, તો ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ એ દફ સાથે સિમા જાઈઝ બતાવ્યો છે, જ્યારે કે અમારા હનફી બુઝુર્ગોએ એની પણ રજા નથી આપી. *(અસ્સુન્નતુલ જલિયા, પેજ–૨૮)*

**ફાયદો** : આનાથી જાણવા મળ્યું કે મસ્લકે હનફીમાં પુરૂષોને દફની રજા નથી માત્ર નાબાલિગ છોકરીઓને અને એ પણ ખુશીના પ્રસંગે એની રજા આપવામાં આવી છે. તો મસ્લકે હનફીમાં તો માત્ર દફવાળો સિમા પણ જાઈઝ નથી.

## ★ હઝરત કાઝી હમીદુદ્દીન નાગોરીનું મંતવ્ય ★

ઈક્તેબાસુલ અન્વારમાં સીયરુલ આકતાબથી હઝરત બખ્તિયાર કાકીનો ઝિક્ર કરતાં એક વાત નકલ કરી છે જેનો સંબંધ હઝરત કાઝી હમીદુદ્દીન નાગોરી તરફ કરવામાં આવ્યો.

સભામાં કાઝી હમીદુદ્દીન હાજર હતા કહેવા લાગ્યા હું હમીદુદ્દીન સિમા સાંભળું છું અને ઓલમાના ફર્માન મુજબ એને હલાલ કહું છું, કારણ કે બીમાર છું અને દિલની તકલીફમાં સપડાએલો છું જેનો ઈલાજ માત્ર સિમા જ છે. હઝરત ઈમામ અબૂ હનીફાએ એવા એવા બીમારનો ઈલાજ દારૂથી કરવો જાઈઝ કહ્યો છે જેની બીમારોનો ઈલાજ કોઈ બીજી દવાથી ન થઈ શકે, સાથે ડોકટરની પણ સમંતિ હોય કે બીમાર એ દવાથી તંદુરસ્ત થઈ જશે, એટલા માટે મારી તકલીફની દવા નથી તો ઈલાજ માત્ર સિમામાં છે, સિમાનું સાંભળવું મારા માટે જાઈઝ છે જ્યારે કે એ તમારા માટે હરામ છે. *(અસ્સુન્નતુલ જલિયા, પેજ–૮૬)*





**ફાયદો** : કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ નો મુકામ અને મરતબો જોતાં એમની વાત સ્વીકારી શકાય છે કે આપ એ કામ માટે મજબૂર અને મુઝતર થઈ ગયા હતા, એમના પોતાના દિલમાં સળગતી પ્રેમની આગની દવા સિમામાં જ મળી તો એમના માટે કંઈ બોલી શકતા નથી, ઈસ્લામમાં બીમારનો હુકમ ક્યારેક તંદુરસ્તથી બદલાય શકે છે, પણ આપે પોતે એ ખુલાસો પણ કરી આપ્યો કે આ બીમારનો હુકમ છે, તમારા માટે તો એ હરામ જ છે. એટલે એમની વાત બીજા કોઈ વ્યક્તિ માટે પુરાવો જવાઝનો નથી બની શકતી, અને કોઈ કહે કે મારા દર્દનો ઈલાજ પણ સિમામાં છે તો એ માન્ય રાખવામાં નહીં આવે. પ્રથમ તમારી પોતાની જાન માટે ઈલ્મવાળા દીનદાર અને પરેઝગાર લોકોની એકમતી થવી જરૂરી છે.

## ★ શૈખ નસીરૂદ્દીન ચિરાગ દહેલ્વીનું મંતવ્ય ★

અખ્બારુલ, અખ્યાર, પેજ–૮૦, હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી હઝરત શૈખ નસીરૂદ્દીન ચિરાગ દહેલ્વીનો ઉલ્લેખ કરતાં વર્ણવે છે (ચિરાગ સાહેબ رحمۃ اللہ علیہ) હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ ના પ્રિય ખલીફા હતા.

એક દિવસ હઝરત નિઝામુદ્દીન ઔલિયાના અમુક મુરીદોએ એક સભાનું આયોજન કર્યું અને સ્ત્રીઓના દફથી ગાવાનું સાંભળવા લાગ્યા, શૈખ નસીરૂદ્દીન મહમૂદ પણ એ સભામાં હતા, આપે જ્યારે આ હરકત જોઈ તો ઉઠીને સભાથી બહાર જવા લાગ્યા પરંતુ આપના દોસ્તો ત્યાં જ બેસેલા રહ્યા. આપે ફર્માવ્યું, આ સુન્નત વિરૂધ્ધનું કામ છે. હાજરજનોએ કહ્યું, શું તમે સિમાનો અસ્વીકાર કરો છો ?! અને પોતાના પીરનો માર્ગ છોડો છો ! શૈખે જવાબ આપ્યો, કોઈનું કામ પુરાવો નથી, દલીલ માત્ર કુર્આન અને સુન્નત છે.

અમુક શુભેચ્છકોએ આ વાત હઝરત નિઝામુદ્દીન ઔલિયાને પહોંચાડી કે શૈખ મહમૂદ તો આમ કહી રહ્યા છે. હઝરત નિઝામુદ્દીન ઔલિયા જેઓ શૈખ મહમૂદની સત્ય નિય્યત અને સચ્ચાઈ સારી રીતે જાણતા હતા. ફર્માવ્યું, તેઓ બરાબર કહે છે, હક્ક વાત એ જ છે જે એમણે કહી.

સીયરુલ ઔલિયામાં લખ્યું છે કે હઝરત નિઝામુદ્દીન ઔલિયાની સભામાં ન વાજાંઓ વાગતાં ન તાળીઓ પાડવામાં આવતી, બલ્કે જો કોઈ મુરીદ વાજા જેવી કોઈ ચીજ સાંભળવા જતો તો આપ એને મનાઈ ફર્માવતા

અને ઈર્શાદ ફર્માવતા આ સારું નથી.

ખૈરુલ મજાલિસમાં છે કે શૈખ નસીરૂદ્દીન મહમૂદની ખિદમતમાં એક શુભેચ્છક આવ્યાં અને કહેવા લાગ્યો એ ક્યાંથી જાઈઝ છે કે સભામાં વાજા, દફ, વાંસળી અને ઢોલકુ વગેરે હોય અને સંતો રક્સ કરે ?! શૈખે ફર્માવ્યું, વાજા સમંતિથી નાજાઈઝ છે (વાજાઓના હરામ હોવામાં ઓલમા અને મશાઈખનો વિવાદ નથી) સોલૂક (બુઝુર્ગી સુધી પહોંચવાના માર્ગોમાં)નો કોઈ એક છોડી આપશો તો અંતે શરીઅતમાં તો રહેશો અને શરીઅતને છોડશો તો ક્યાં જશો ?! (ગુમરાહ થશે) અને પછી વિવાદ તો માત્ર સિમામાં છે કે અમુક આલિમોના મંતવ્યોને આધારે સિમા અમુક શરતો સાથે એના લાયક લોકો માટે મુબાહ (જાઈઝ) છે, જ્યાં સુધી વાજાંઓનો (વાજિંત્રોનો) પ્રશ્ન છે તો એ તો (આલિમોની) સર્વસંમતિથી હરામ છે.

## ★ ચિરાગ સાહેબનું બીજું મંતવ્ય ★

ફરઉલ અસમામાં હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી લખે છે : શૈખ નસીરૂદ્દીન ચિરાગ દહેલ્વીના મુરીદો કહે છે કે અમારા શૈખનું ફર્માન છે કે જે વ્યક્તિ રાગ (થી ગાવા)ને વાજાંઓ સાથે સાંભળે એ અમારી બયઅત અને ઈરાદતથી નીકળી ગયો. (એટલે કે એ નાજાઈઝ અને હરામ કામ કરવાથી મારો મુરીદ રહેશે નહીં, અને હું મારી ઈરાદતથી બહાર કરું છું, અને જેને બનાવું છું એના માટે આ શરત રાખું છું.)

## ★ શૈખ અલી બિન મુહમ્મદ જાનદાર ★

આપ પણ હઝરત નિઝામુદ્દીન ઔલિયાના ખલીફા છે, દર્દે નિઝામિયામાં લખે છે કે શૈખ નિઝામુદ્દીન ઔલિયા કુદ્દેસ સિર્રહૂ કહે છે કે સિમાના ચાર પ્રકાર છે : **(૧)** હલાલ **(૨)** હરામ **(૩)** મકરૂહ **(૪)** મુબાહ. એમાં મુબાહ (જાઈઝ) માટે અમુક શરતો છે. (એટલે કે પ્રથમ ત્રણ પ્રકાર તરફ તો જવાનું જ નથી એટલે એની ચર્ચા કરવાની જરૂર નથી. ચોથો પ્રકાર જે જાઈઝ છે અને એની રજા છે તો એ પણ કોઈ શરત વિનાનું નથી, એમાં પણ ચાર શરતોનો ખયાલ રાખવામાં આવે તો જ સિમાની સભાનું આયોજન કરવાની રજા આપી શકાય છે.) **(૧)** ગાવાવાળો મર્દે કામિલ હોય (દીનદાર પરહેઝગાર) નાબાલિગ છોકરો કે પછી સ્ત્રી ન હોય. **(૨)** સાંભળવાવાળો અલ્લાહવાળો





હોય, વાસનાનો પૂજારી ન હોય. **(૩)** જે સાંભળવામાં આવે તે ખરાબ અને નાજાઈઝ ન હોય. **(૪)** સિમામાં સંગીતનાં સાધનો અને વાજાઓ ન હોય. (જો આ ચાર શરતોનો ભંગ કરવામાં આવે કે તેઓ પૈકી એક પણ છોડી દેવામાં આવે તો એ સિમા જાઈઝ રહેશે નહીં.)

## ★ ગેર હનફી આલિમો અને સંતોનાં મંતવ્યો ★

અહીંયા સુધી જે દલીલો અને પુરાવા વર્ણન કરવામાં આવ્યા તો હનફી અનુયાયીઓના અથવા જેને હનફી શુભેચ્છકોએ પોતાની કિતાબમાં પુરાવા તરીકે જગા આપી, જેનાથી એ સ્પષ્ટ થઈ ગયું કે હનફી મસ્લકમાં વાજિંત્રો સાથે સિમામાં હરામ હોવા પર એકમતિ છે. દફની પણ પુરૂષોને રજા આપવામાં આવી નથી. સિમાએ મુજર્રદ એટલે કે વ્યવસ્થિત શાયરી જેનો સંબંધ દીન ધર્મ અને આખિરતથી હોય, એમાં નસીહતો અને શિખામણો હોય તો એ બાબતે પણ થોડો વિવાદ જોવા મળે છે, પણ આલિમોની મોટી જમાઅતનું મંતવ્ય એ છે કે એમાં વાંધો નથી, એ પ્રમાણેનો સિમા હોય તો એ થઈ શકે છે પણ વાજિંત્રો હોવાથી એ હરામ જ ઠરશે. હનફી મસ્લકની મુબાહ અને જાઈઝ સિમા બાબતે શરતોનું વર્ણન એની જગાએ થઈ ગયું છે. જેમાં નઅતની મહેફિલોમાં વર્તમાનકાળની બેદરકારીઓનો ઉલ્લેખ કરી દેવામાં આવ્યા છે અને નઅ્તની મહેફિલોના અદબનું પણ વર્ણન થઈ ગયું છે એટલે એને પણ ભૂલવામાં ન આવે.

હવે અહીં અમે તમને બીજા મસ્લકના આલિમોનું મંતવ્ય બતાવીશું કે એમના ત્યાં કઈ રીતનો સિમા જાઈઝ છે, અને કઈ રીતનો નાજાઈઝ છે તો એ ઉલ્લેખ એ રહસ્ય તમારી સામે આવી જશે કે ચારેવ મસ્લકમાં વાજિંત્રોની રજા આપવામાં આવી નથી.

**(૧)** ઈબ્ને હજર અસ્કલાની શાફઈ કફ્ફુર્રિઆઅ, ભાગ–૧ અને ઈહયાઉલ્ ઉલૂમમાં ઈમામ ગિઝાલી શાફઈનું મંતવ્ય છે : શાફઈ આલિમોની એ વાત પર એકમતી અને સર્વસંમતિ છે કે જે ગાવું વાજિબ છૂટવાનું કારણ બને અથવા જેની સાથે કોઈ હરામ અથવા મકરૂહ વસ્તુ મળી જાય એ હરામ છે.

**(૨)** ઈહયાઉલ ઉલૂમ, ભાગ–૨ માં એ પણ છે કે શાફઈ આલિમોની એ વાત પર પણ સર્વસમંતિ છે કે જે વાજિંત્રો ગાવા વિના શોખ અને મસ્તી પેદા કરે, અને જેને ગાયક લોકો જેમનો ધંધો જ એ હોય તે ઉપયોગ કરે તો એનો ઉપયોગ હરામ છે.

## ★ સિમા અને ગાવું ક્યારે હરામ ? ★

**(૩)** ઈહયાઉલ ઉલૂમમાં છે કે જો તમે પૂછો કે સિમા અને ગાવું ક્યારે હરામ પણ હોય છે ? તો હું કહીશ કે આ પાંચ ખરાબીઓને લઈને એ હરામ થઈ જાય છે : **(૧)** ગાવાવાળામાં કોઈ ખરાબી હોય **(૨)** ગાવાના સાધનમાં કોઈ ખરાબી હોય **(૩)** કલામમાં કોઈ ખરાબી હોય **(૪)** સાંભળનારમાં કોઈ ખરાબી હોય, એ પ્રમાણે કે એની નિય્યત બરાબર ન હોય અથવા એ સિમાની આદત બનાવી લે (૫) મહેફિલે સિમામાં કોઈ સામાન્ય વ્યક્તિ હોય.

ખરાબીઓનો ખુલાસો આપતા લખે છે :–

**પ્રથમ ખરાબી** : ગાયકા સ્ત્રી હોય જેનું જોવું હલાલ નથી અને જેનું ગાયન સાંભળીને ફિત્નાનો ભય રહે, અથવા ગાયક દાઢી વિનાનો છોકરો હોય જેનાથી ફિત્નાનો ભય હોય. એ બંનેવથી ગાયન સાંભળવું હરામ છે, કારણ કે અહીં બદ્‌કારીમાં પડી જવાનો ભય છે, પરંતુ અહીંયા હરામનું કારણ ગાવું નથી. બલ્કે જો સ્ત્રી એવી હોય કે એના અવાજમાં સામાન્ય વાતચીતમાં પણ ફિત્નાનો ભય હોય તો એનાથી વાતચીત કરવી, અથવા કુર્આનની તિલાવત સાંભળવી પણ જાઈઝ નથી. આ જ હુકમ દાઢી વિનાના છોકરા માટે છે જ્યારે એનાથી વાતચીતમાં ફિત્નામાં પડી જવાનો ભય હોય (જો વાજિંત્રો વિનાના સિમામાં ગાયક સ્ત્રી હોય તો એ હરામ છે અને છોકરો હોય અને ફિત્નાનો ભય હોય તો એ પણ હરામ છે. તો આ ખરાબી છે ગાયકની જેને લીધે હરામનો હુકમ આપવામાં આવશે.)

**બીજી ખરાબી** : જે વાજિંત્રોને વધુ પ્રમાણમાં દારૂડિયા ઉપયોગ કરે એટલે કે વાંસળીઓ, તંબૂરો અને ઢોલક એનો ઉપયોગ હરામ છે. (આ હુકમ એમનો એમના જમાનાના આધારે છે, પણ વર્તમાનકાળમાં સંગીત ઘણુ આગળ વધી ગયું અને એના માટે નવા પ્રકારનાં વાજિંત્રો આવી ગયાં તો વાજિંત્રોમાં હવે ઈમામ સાહેબનો નહીં આપણા જમાનાનો હાવભાવ જોવામાં આવશે. દુનિયાદાર ગાયકો જેમનો ધંધો જ આ હોય છે તેઓ જે વાજિંત્રોનો ઉપયોગ કરે તેને પણ એમના સંબંધિત હોવાને લઈને જવાઝના દરજામાં લાવવામાં આવશે નહીં.) એ સિવાયના બીજાં વાજિંત્રો શરીઅતના કાયદા ચીજોમાં અસલ ઈબાહત છે એ મુજબ મુબાહ છે જે મ કે દફ ઝાંઝરીવાળુ પણ, તબલા, શાહીન, કઝીલ (આ વિવાદાસ્પદ વાત છે, પ્રથમ તો એ કે ગિઝાલી શાફઈ છે, આપણે





હનફી આપણે આપણા ઈમામોની વાતો માન્ય રાખવાની છે, બીજું એ કે ઈમામ ગિઝાલીની તકલીદ વાજિબ નથી, ત્રીજું એ કે શાફઈ આલિમોનો પણ વિવાદ છે તો માત્ર ઈમામ ગિઝાલીની વાતને દલીલ બનાવવું વાસનાની વાત છે, તમે તમારા ઈમામને છોડીને જશો કેમ ?! માત્ર આ એક વાત નથી બીજી ખરાબીઓને લઈને પણ હરામ થાય છે તો તમે જુઓ એમની શરતોના આધારે તમારી સભા હલાલ બની શકે છે ?! ઈમામ સાહેબની શરતોના આધારે તો સિમાની સભાઓને નહીં સાદા અંદાજમાં કરવામાં આવતી નઅતની સભાઓને પણ જાઈઝ કહેવું કે નહીં એ પણ શંકામાં રહી જશે.)

**ત્રીજી ખરાબી** : શાયરીના ભાવાર્થમાં કોઈ ખરાબી હોય દાખલા તરીકે બેઅદબીની વાતો અથવા કોઈની ગીબત અથવા અલ્લાહ વ રસૂલ કે પછી સહાબાએ કિરામ પર કોઈ આક્ષેપ મૂકવામાં આવ્યો હોય (જેમ કે શીઆ લોકો કરે છે) અથવા સહાબાએ કિરામની બુરાઈ કરવામાં આવી હોય જેમ કે રાફઝી લોકો કરે છે, એવી શાયરી સાંભળવી હરામ છે. રાગથી પઢવામાં આવે કે પછી સામાન્ય રીતે, બલ્કે એને સાંભળનાર પણ બોલવાવાળાની જેવો સમજવામાં આવશે. એ જ રીતે એ શાયરી સાંભળવી પણ જાઈઝ નથી જેમાં કોઈ ચોક્કસ સ્ત્રીનાં વખાણ કરવામાં આવ્યાં હોય. (ખુલાસો એ થયો કે વાજિંત્રો પર હરામનો આધાર નથી વાજિંત્રો કંઈ જ ન હોય પણ જે કલામ પઢવામાં આવી રહ્યું છે તેમાં ખરાબી હોય તો પણ જાઈઝ નથી. એક વાત લઈને કુદકો ન મારશો, આગે આગે દેખ હોતા હય ક્યા !)

**ચોથી ખરાબી** : સાંભળનાર પર વાસનાનું જોર છે, એ જવાનીના ભરપૂર જોશમાં છે જાતિય શાંતિ એની સઘળી માંગો અને આદતોથી ઉત્તમ હોય, એવા વ્યક્તિ માટે ગાયન સાંભળવું હરામ છે, પછી એના દિલ પર કોઈ ચોક્કસ વ્યક્તિની મહોબ્બત જોશમાં હોય કે ન હોય. કારણ કે જવાનીના ભરપૂર જોશમાં જ્યારે એ ઝુલ્ફ, ગાલ, જુદાઈ, મેળાપની વાતો સાંભળશે તો એની વાસના ભડકી ઉઠશે, એ શબ્દોને કોઈ નિશ્ચિત શક્કલ સાથે જોડવી આપશે, આ શક્કલ શૈતાની એના દિમાગમાં નાખશે, અને આ ચીજ શૈતાની સૈન્યની મદદ કરનાર બની જશે. હવે વધુ પડતાં દિલ એવાં છે જેના પર શૈતાની સૈન્યને વિજય મળી ગયો છે, અને આજે એમની જ બોલબાલા છે. (આ બધા કામોમાં આગેવાન જ ગામના લુચ્ચા, લફંગા, દારૂડિયા અને જુગારી લોકો હોય છે, કવ્વાલ અને કવ્વાલણોને બોલાવી મુકાબલો કરાવે, લોકો સાંભળે, બૂમો પાડે,

સીટીઓ વગાડે અને મનોરંજન કરે અને આ લુચ્ચા લોકો જુગારના અડ્ડાઓ ચલાવે અને દારૂવાળા દારૂ પીવડાવે અને પછી કહે અમે સુન્ની છીએ ! ઉર્સ કરીને જ રહીશું ! ખુદાની પનાહ ! અલ્લાહ આવા લોકોથી સુન્નિયતને પાક ફર્માવે.–આમીન)

**પાંચમી ખરાબી** : સાંભળનાર સામાન્ય માણસ છે, નથી એવી મહબ્બત કે સિમા સારો લાગે, નથી એટલી વાસના કે સિમા હરામ હોય, એવા વ્યક્તિ માટે સિમાનો દરજો બીજી મજાની વસ્તુઓ માફક છે, પણ જો એવો માણસ સિમાની આદત બનાવી લે અને પોતાનો વધારે સમય એમાં લગાડે તો એ મહાન મૂર્ખ છે એની ગવાહી માન્ય રાખવામાં આવશે નહીં. એટલા માટે કે રમત ગમત પાંબદીથી કરવી ગુનોહ છે. (અમુક વખત હોય તો વાંધો નથી) અને જેમ નાનો ગુનોહ વારંવાર કરવાથી મોટો બની જાય છે, આમ જ અમુક મુબાહ (રમત ગમત)ને વારંવાર પાબંદીથી કરવાથી નાનો ગુનોહ બની જાય છે. *(ઈહયાઉલ ઉલૂમ, ભાગ–૨, કિતાબુસ્સિમામાં જુઓ)*

## ★ ઈમામ શાફઈનું ફર્માન ★

અમ્ર બિલ્ મઅ્રૂફ નહીં અનિલ મુનકર, પેજ–૧૬૭, ઈગાષતુલ લહ્ફાન, ભાગ–૧, પેજ–૨૨૯, ૫૨ છે :–

خَلَفْتُ بِبَغْدَادَ شَيْئًا اَحْدَثَتْهُ الزَّنَادِقَةُ يُسَمُّوْنَهُ التَّغْبِيْرَ
يَصُدُّوْنَ بِهِ النَّاسَ عَنِ الْقُرْاٰنِ

હું બગદાદમાં એવી ચીજ જોઈને આવ્યો જેને ગુમરાહ લોકોએ ચાલુ કરી છે અને એને તગબીર કહે છે એનાથી તેઓ લોકોને કુર્આનથી રોકે છે.

(તગબીરમાં જે શાયરી ગાવામાં આવતી તેનો સંબંધ આખેરતથી હોતો પણ એ સભામાં વાંસળી વગાડવામાં આવતી, તો ઈમામ શાફઈએ એને પણ પસંદ ન કર્યું અને ફર્માવ્યું, આ ગુમરાહ લોકોનું કામ છે. પછી એ હઝરત ઈમામ શાફઈ વર્તમાનકાળની સિમાના નામથી કરવામાં આવતી મનોરંજનની સભાઓને જાઈઝ કહી આપશે ?!)

## ★ અલ્લામા ઈબ્નુસ્સલાહ ★

શાફેઈ મસ્લકના ખ્યાતિ પામેલ મહાન આલિમે દીન હઝરત અલ્લામા





ઈબ્નુસ્સલાહએ વિવાદાસ્પદ વાજિંત્રની બાબત પોતાના ફત્વામાં ચર્ચા કરી છે અને શાફઈ મસ્લકમાં એનો મતલબ શું છે અને લોકોએ સમજવામાં કેવી ભૂલ કરી છે એનો પણ ઉલ્લેખ કર્યો છે.

જે અમુક શાફેઈ આલિમો તરફથી આ બાબતે વિવાદ વર્ણવવામાં આવે છે તો એની હકીકત એ છે કે એ હઝરાત માત્ર શબાબા અથવા માત્ર દફના જવાઝનો દા'વો કરે છે. (શબાબા ગાવા સાથે અથવા દફ શબાબા ગાવા સાથેના જાઈઝ હોવાનું કોઈનું મંતવ્ય નથી.) તો જેની પાસે ચિંતન મનનની આદત નથી તે પોતાના સમાન્ય જ્ઞાનને લઈને એવું સમજી લે છે કે શાફઈ આલિમોનો એવા સિમા બાબતે પરસ્પર વિવાદ છે જેમાં ગાવાનું અને વાજિંત્રો ભેગાં હોય, જ્યારે કે આ ખોટુ અનુમાન છે અને અક્કલ તથા શરીઅતની સ્પષ્ટ વિરૂધ્ધ છે.

પછી બીજી વાત એ છે કે દરેક વિવાદ ભરોસો કરી લેવા લાયક નથી હોતો, તો જે વ્યક્તિ આલિમોના વિવાદાસ્પદ મસ્અલાઓની શોધમાં હોય અને એમાંથી સરળ અને રજાવાળા મંતવ્યો પસંદ કરે (જે એની મનેચ્છા અને વાસનાની તરફદારી કરે) તો એવો વ્યક્તિ ગુમરાહ છે. (એવો વ્યક્તિ વિવાદથી હક્કની શોધમાં નથી હોતો, એ પોતાના ફાયદામાં હોય છે.)

અને એમનું આ સિમા બાબત એવું કહેવું કે આ ઈબાદત અને હુકમની તાબેદારીમાંથી છે, આ એક એવો દા'વો છે જે મુસલમાનોની સંમતિથી સ્પષ્ટ વિરૂધ્ધ છે અને જે કોઈ મુસલમાનોની સંમતિથી વિવાદ કરે એનું ઠેકાણું દોઝખ છે. *(ઈગાષતુલ લહ્ફાન, ભાગ–૧, પેજ–૨૨૯)*

**ફાયદો** : ઈહયાઉલ ઉલૂમથી જે શંકાઓ ઉઠી શકે છે તેનો શાફઈ મસ્લકના આ આધારભૂત આલિમે પરદો ઉઠાવ્યો અને કહ્યું કે શાફઈ મસ્લકમાં વાજિંત્રો બાબત થોડો વિવાદ છે પણ ભેગું કરીને પઢવાવાળુ મંતવ્ય કોઈનું નથી અને શાફઈ આલિમોમાંથી કોઈનું મંતવ્ય હોય તો એને માન્ય રાખવામાં આવશે નહીં, એ આલિમોની ભૂલમાંથી ગણાશે.

## ★ ઈમામ નવોવી ★

શાફઈ આલિમોમાં ઈમામ ગિઝાલીના લખાણથી એ જાણવા મળે છે કે આપ તબલાને જાઈઝ કહે છે તો શાફેઈ આલિમોમાં અતિ આધારભૂત આલિમ ઈમામે નવોવી મિન્હાજમાં લખે છે :–

يَحْرُمُ ضَرْبُ الْكُوْبَةِ وَهِيَ طَبْلٌ ضَيِّقُ الْوَسْطِ

"કુલા વગાડવું હરામ છે એ તબલા છે જે વચમાંથી નાનુ હોય છે."

શાફઈએ સગીર એની શરહમાં લખે છે : એમના કહેવાનો ભાવાર્થ એવો છે કે એ સિવાયના બીજા તબલા હલાલ છે અને એવું જ છે, પણ ઈરાકી આલિમો સઘળા તબલાને હરામ સમજે છે. અસનવીએ એ દા'વો કર્યો છે :–

إِنَّ الْمَوْجُوْدَ لِلْأَئِمَّةِ الْمَذَاهِبِ تَحْرِيْمُ مَاسِوَا الدُّفِّ مِنَ الطُّبُوْلِ

મસ્લકના સઘળા ઈમામોનું મંતવ્ય એ છે કે દફ છોડીને દરેક પ્રકારના તબલા હરામ છે. *(નિહાયતુલ મુહતાજ, ભાગ–૮, પેજ–૨૮૨)*

**ફાયદો** : તબલાના જવાઝમાં શાફેઈ આલિમોનો વિવાદ છે એટલે એમાંથી એકને પણ દલીલ નથી બનાવી શકતા, હનફી લોકોએ તો આપણો મસ્લક યાદ રાખવાનો હોય છે અને આપણા મસ્લકમાં તો દફનો જવાઝ પણ અન્ય શરતો પર આધારિત છે. અને શાફેઈ લોકોને હનફીઓ સાથે માત્ર એક મસ્અલામાં વિવાદ નથી, અસંખ્ય મસ્અલાઓમાં વિવાદ છે તો પછી પોતાની પસંદનું હોય ત્યાં બીજા તરફ ચાલ્યા જવાનું એ હક્કની તરફદારી નથી પણ વાસનાનું અનુસરણ છે, નફ્સને તાજો કરવાનો ઈલાજ છે. ઈમામ ગિઝાલી ભલે મહાન આલિમ છે પણ શાફેઈ આલિમોમાં બીજા પણ ઘણા મહાન અને આધારભૂત ફકીહો છે, એમનું મંતવ્ય તમારી ખિદમતમાં પૂરા પુરાવાથી રજુ થયું કે શાફેઈ મસ્લકમાં વિજિંત્રો સાથે સિમાને ભેગો કરવાની રિવાયત નથી અને જેમણે કહ્યું તેમની પાસે ઉપર ઉપરનું જ્ઞાન છે, અને તેવા લોકોએ સમજવામાં ભૂલ કરી છે.

## ★ ફિકહે માલેકી ★

ફિકહે હનફીમાં અમુક ખુશીના પ્રસંગો અને એ'લાનના સમયે અમુક સાધનો જેમ કે દફ જે ઝાંઝરી વગરનું હોય, નૌબત એટલે નગારૂ જે વર્ષો પહેલાં મુસલમાન ગામોમાં રોઝા અને સહેરીના સમયે વગાડવામાં આવતું હતું એની રજા આપવામાં આવી છે, શરતોનો ઉલ્લેખ થઈ ગયો. શાફેઈ મસ્લકમાં ગાવામાં દફની રજા છે, એની સાથે બીજા કોઈ વાજિંત્રની રજા નથી, અને ખુશીના પ્રસંગો અને એ'લાનમાં અન્ય સાધનોની જરૂરત પૂરતી રજા છે. પરંતુ ફિકહે માલેકીમાં એ પ્રમાણે ગાવાની રજાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.





અલ્ મદુનતુલ કુબ્રા ઈમામ સહનુન બિન સઈદ તનૂખીની કિતાબ છે જેમાં એમણે પોતાના ઉસ્તાદ જેઓ ઈમામે માલિકના વિદ્યાર્થી હતા, સવાલ કરીને જવાબ માલૂમ કરી સવાલ જવાબથી મસ્લકે માલેકી પર કિતાબ લખી છે. એમના ઉસ્તાદનું નામ અબ્દુર્રહ્માન બિન કાસિમ છે.

ઈમામ સહનૂન વિનંતિ કરે છે કે શું ઈમામ માલિક ગાવાને મકરૂહ કહેતા હતા ? ફર્માવ્યું, ઈમામ માલિક તો કુર્આન સુદ્ધાને (ગાયક માફક) ખેંચીને પઢવાને મકરૂહ કહેતા હતા, પછી ગાવું મકરૂહ કેમ ન હોય ?! ઈમામ માલિક આ બાબતે શું કહે છે કે જો દાસી વેચાતી લે અને શરત લગાવે કે આ ગાવાવાળી છે તો શું આ વેપાર બરાબર છે. ફર્માવ્યું, મને તો એવું જ યાદ છે કે ઈમામ માલિક આ પ્રમાણેના વેપારને મકરૂહ કહેતા હતા. *(ભાગ–૧૧, પેજ–૬૩)*

ફર્માવ્યું : ઈમામ માલિક દફ અને વાજાંઓ શાદીના પ્રસંગે પણ મકરૂહ સમજતા હતા. મેં પોતે આ બાબતે ઈમામ માલિકને પૂછયું હતું તો એમણે એ કામને તુચ્છ બતાવ્યું અને નાપસંદ કર્યું.

એ જ કિતાબ ભાગ–૧૩, પેજ–૩, નવહા કરવાવાળી (રડી રડીને ગાલ, માથા અને છાતીઓ પર હાથ મારીને મૈયતના વખાણ કરવાવાળી) અથવા ગાયકા સ્ત્રીની બાબત મેં ઈમામે માલિકથી એના સિવાય કંઈ નથી સાંભળ્યું કે જો તેણી એ કામમાં ખ્યાતિ પામેલી હોય તો એની ગવાહી માન્ય રાખવામાં નહીં આવે.

મવાહિબુલ જલીલ, ભાગ–૬, પેજ–૧૫૩ માં ફર્માવ્યું : તૌઝીહમાં છે કે વાજિંત્રો વિના ગાવું મકરૂહ છે અને વાજિંત્રો સાથે હોય તો જો એ સાધન તારવાળુ હોય જેમ કે ઉદ અને તંબૂરો તો એ નાજાઈઝ છે અને એ જ પ્રમાણે વાંસળીઓ, અમુક આલિમો નજીક એનો મતલબ હરામ હોવું છે. અલ્લામા મુહમ્મદ ઉદવાળા સિમા બાબતે મકરૂહ હોવું લખે છે અને કરાહતનો મતલબ હરામ હોવું લેવામાં આવે છે. મુહમ્મદ બિન હકીમે એ વાતની છણાવટ કરી છે, ઉદના સિમાથી શહાદત રદ કરવામાં આવશે અને એ પણ લખ્યું છે કે ઉદનો ઉપયોગ દરેક હાલતમાં મકરૂહ છે અને કરાહતનો મતલબ તહરીમ છે જેમ કે વર્ણન થયું.

(કહેવાનો ભાવાર્થ એ છે કે મકરૂહનો મતલબ માત્ર નાપસંદ નથી બલ્કે પરિભાષામાં માત્ર મકરૂહ લખવામાં આવે તો એનો મતલબ તહરીમી હોય છે, એટલે એ કામ કરનારને ફાસિક કહેવામાં આવશે અને એની શહાદત

માન્ય રાખવામાં આવશે નહીં, એવી વ્યક્તિ શરીઅતમાં હુજ્જતના વર્તુળથી બહાર થઈ જાય છે.)

ખુશીના પ્રસંગે, શાદી, વિવાહ, ઈદ કોઈ વ્યક્તિ પરત આવ્યો વગેરે તો એ સમયે દફ વગાડવામાં ઈમામ માલિકનું પોતાનું મંતવ્ય તો વર્ણન થયું કે આપ એને પણ પસંદ ન ફર્માવતા હતા પણ એમના મસ્લકના બીજા આલિમોમાં એ બાબતે વિવાદ છે. અલ્લામા ઈબ્ને રૂશ્દ માલેકી પોતાની પ્રસ્તાવનામાં લખે છે :–

لَا يَجُوْزُ تَعَمُّدُ شَيْءٍ مِنَ اللَّهْوِ وَلَا مِنْ اٰلَاتِ الْمَلَاهِيْ وَ
رُخِّصَ فِى الدُّفِّ فِى النِّكَاحِ

સંગીત અને એના વાજિંત્રોથી લિજ્જત ઉઠાવવી જાઈઝ નથી અને નિકાહમાં દફની રજા આપવામાં આવી છે. *(મવાહિબુલ જલીલ, ભાગ–૪, પેજ–૬)*

શૈખ અબૂ જા'ફર પોતાની કિતાબ અલ્ઈકના ફી અહકામિસ્સિમામાં લખે છે કે આલિમોની એક જમાત એ તરફ ગઈ છે કે શાદી, વિવાહ, ઈદ અને કોઈ ખોવાયેલાના પરત આવવા પર દફ વગાડવી જાઈઝ છે અને આ જ વાત ઈમામ ગિઝાલીએ ઈહયાઉલ ઉલૂમમાં અને ઈમામ કરતબીએ કશ્ફુલ કિનામાં લખી છે અને એમણે એવી હદીષો વર્ણન કરીને જેનાથી વાજિંત્રોની મનાઈ જાણવા મળે છે એ લખ્યું છે કે એવી હદીષો પણ આવે છે જેનાથી નિકાહ અને ખુશીના પ્રસંગોમાં મુબાહ (જાઈઝ) હોવું જાણવા મળે છે, એટલે આ પ્રસંગોને મનાઈના હુકમથી અલગ કરવામાં આવશે. (એટલે કે આ પ્રમાણેનાં કામોમાં રજા આપવામાં આવશે, એનો મતલબએ નથી કે પછી જેના મનમાં આવે ત્યાં ઉપયોગ કરી લે) *(મવાહિબુલ જલીલ, ભાગ–૪, પેજ–૭)*

## ★ ઝાંઝરીવાળુ દફ હરામ છે ! ★

મવાહિબુલ્ જલીલ, ભાગ–૪ પેજ–૬ પર છે : (કિતાબ) મદખલ ફસ્લે મૌલૂદ અને મઝહબે માલિકમાં છે :–

إِنَّ الطَّارَ الَّذِىْ فِيْهِ الصَّرَاصِرُ مُحَرَّمٌ كَذَالِكَ الشَّبَابَةُ

નિઃશંક ! જે દફમાં ઝાંઝરી હોય તેને હરામ કરવામાં આવ્યું છે અને એ જ પ્રમાણે વાંસળી.





## ★ (ઉદ) ઢોલક હરામ છે ★

અલ્લામા અહમદ બિન મુહમ્મદ સાવી અશ્શર્હુસ્સગીરના હાશિયા પર લખે છે કે ઉદ બાબત આલિમોનો વિવાદ છે અને એ પ્રમાણેના રિવાજ પામેલ વાજિંત્રો જે તારવાળાં હોય તો :–

فَالْمَشْهُوْرُ مِنَ الْمَذَاهِبِ الْأَرْبَعَةِ اَنَّ الضَّرْبَ بِهٖ وَسِمَاعَهٗ حَرَامٌ

ચારેવ મસ્લકમાં એ જ મશહૂર છે કે એને વગાડવું અને સાંભળવું હરામ છે. (વર્તમાનકાળમાં કયું વાજિંત્ર એવું હોય છે સામાન્યતઃ કલાકારો અને ગાયકોની ઈચ્છાથી ખસીને માત્ર આમ જ બનાવવામાં આવતું હોય ? જે વાજિંત્રોના હરામ હોવા ન હોવામાં સદીઓ પહેલાં વિવાદ જોવા મળે છે તે તેમના જમાનાના વાજિંત્રોના આધારે છે, વર્તમાનકાળમાં તે સઘળુ એક જ હુકમમાં પ્રવેશી શકે છે.)

## ★ હઝરત ઈમામ કરતબી માલેકી ★

ઈમામ કરતબી માલેકી પોતાની જગમશ્હૂર તફસીર કરતબીમાં લખે છે :–

فَاَمَّا ابْتَدَعَتْهُ الصُّوْفِيَّةُ الْيَوْمَ عَلٰى سِمَاعِ الْمَغَانِيْ بِالْاٰلَاتِ
الْمُطْرِبَةِ مِنَ الشَّبَابَاتِ وَالطَّارِ وَالْمَعَازِفِ وَالْاَوْتَارِ فَحَرَامٌ

આજકાલ (કહેવાતા) સૂફી લોકોએ જે તરીકો કાઢયો છે કે મસ્તીમાં લાવનાર વાજિંત્રો, વાંસળી, તાર, વાજાં, તંબુરો વગેરે સાથે ગાવનું સાંભળે છે તો એ હરામ છે.

(આ તો ત્યારની વાત છે ! આજે તો એવા લોકો પોતાને સૂફી સંત કહીને પબ્લિકને મૂર્ખ બનાવે છે જે શરીઅતના વર્તુળમાં સામાન્ય લોકોથી પણ તુચ્છ હોય છે ! પછી તેમના સિમા વિશે જે વાજિંત્રોની સાથે કરવામાં આવે છે તમારો ન્યાય શું છે ?)

અલ્લામા સાવી શરહે સગીરના હાશિયામાં લખે છે : ભાગ–૨, પેજ–૫૦૩, નિકાહ સિવાય બીજા પ્રસંગો પર જેમ કે ખત્ના, બાળકની પેદાઈશ તો એમાં મશ્હૂર તો એ જ છે કે જાઈઝ નથી. અને એના વિરૂધ્ધમાં એક ફર્માન એ છે કે મુસલમાનોની દરેક ખુશીમાં એ જાઈઝ છે. (દફ)

અલ્લામા શાતેબી કિતાબુલ ઈતેસામમાં શાયરી જે વાજિંત્રો વિના હોય તેની છણાવટ કરતાં એ પ્રમાણે જ પ્રકારો બયાન કરે છે જેનો બીજી કિતાબોથી ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે કે ગાયકો અને કલાકારોની ઢબો પર ન હોય અને શાયરીનો સંબંધ સારા કામથી હોય તો એની રજા આપવામાં આવી છે. અંતમાં લખે છે કે જ્યારે ઈમામ માલિકને મદીનાવાળાઓમાં ચાલતા ગાયનો બાબત પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું એ ફાસિકોનો તરીકો છે.

**ફાયદો** : મસ્લકે માલેકીમાં પણ વાજિંત્રોનો ઉપયોગ હરામ છે અને ગાવામાં પણ એના ઉપયોગની રજા નથી, એને પણ હરામ કહેવામાં આવ્યું છે. દફમાં પણ એ શરત લગાડવામાં આવી કે એમાં ઝાંઝરી ન હોય અને એ વિવાદ પણ બતાવવામાં આવ્યો કે ઈમામ માલિક પોતે તો ખુશીના પ્રસંગોમાં પણ એને પસંદ ન ફર્માવતા હતા. જેમના મસ્લકમાં રજાની જગાઓ પર પણ પાબંદી લગાડવામાં આવે તેમાં બીજી રીતે નાચવા ગાવાની રજા કેમ કરીને મળી શકે છે ?! તો ધ્યાન આપવામાં આવે કે માલેકી મસ્લકમાં પણ કોઈ છૂટ જોવા મળતી નથી.

## ★ મસ્લકે હંબલી ★

મસ્લકે હંબલીમાં આખેરત સંબંધિત શાયરી રાગથી ગાવી જાઈઝ છે, એ સિવાયની દુનિયા સંબંધિત શાયરીને નાજાઈઝ અને મકરૂહ કહેવામાં આવી છે.

તલબીસે ઈબ્લીસ, પેજ–૨૯૮ અલ્લામા મુહદ્દિષ ઈબ્ને જવઝી હંબલી ફર્માવે છે : એ ગાયન જે વર્તમાનકાળમાં ખ્યાતિ પામેલ છે તે ઈમામ અહમદના મસ્લકમાં નાજાઈઝ છે. જો એમને ખબર હોતે કે લોકોએ આ કામમાં કેવા નવા નવા પ્રકારો કાઢેલા છે તો અલ્લાહ જાણે શું હુકમ આપતા !

પેજ–૩૦૦ માં મુહદ્દિષ સાહેબ લખે છે કે ગાવા બાબતે હંબલી મસ્લકના આલિમોનું મંતવ્ય છે કે ગાયક અને નાચનારની ગવાહી માન્ય રાખવામાં આવશે નહીં.

પેજ–૨૯૫ માં છે : ઈમામ અહમદને જન્નત અને આખેરત સંબંધિત શાયરી બાબત પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું, દા.ત. શેઅર પઢો તો આખેરત સંબંધિત શેઅર પઢવામાં આવ્યા. તો આપે ફર્માવ્યું, ફરીવાર પઢો ! પછી આપ





રૂમમાં ચાલ્યા ગયા અને વારંવાર એ શેઅર પઢતા રહ્યા અને રડતા રહ્યા.

ઉપરોક્ત ત્રણ પુરાવાથી સ્પષ્ટ થયું કે આખેરત સંબંધિત શાયરી હોય તો એની રજા આપવામાં આવી છે અને એ પણ ત્યારે જ્યારે વાજિંત્રોનો સહારો લેવામાં ન આવે. વાજિંત્રો સાથે કોઈ પ્રકારની શાયરીની રજા આપવામાં આવી નથી, બીજા મસ્લકો જેમ મસ્લકે હંબલીમાં પણ હરામ છે.

અલ્ ઈન્સાફ, ભાગ–૧૨, પેજ–૫૧ માં મસ્લકે હંબલીના ખ્યાતિ પામેલ આલિમે દીન અલ્લામા અલી બિન સલમાન લખે છે :–

રિઆયામાં છે : ગાયન અને નૌહા (રાજિયો કુટવો) જે વાજિંત્રો સાથે ન હોય મકરૂહ છે અને જે વાજિંત્રો સાથે હોય હરામ છે. અને એ પણ કહેવામાં આવ્યું છે કે ગાયન સાંભળવું પુરૂષ અથવા સ્ત્રીથી વાજિંત્રો વિના પણ તદ્દન હરામ છે.

જે કોઈ વ્યક્તિ ગાયનો સાંભળ્યા કરે અને એને પોતાનો ધંધો બનાવી લે અથવા પોતાના નોકર ચાકર અથવા દાસીને ગાયક તરીકે ઉપયોગમાં લાવે અને લોકો ભેગા થતા હોય તો એવા વ્યક્તિની ગવાહી રદ કરી દેવામાં આવશે.

અને એમાં જ છે કે મુસતવઅલ્ અને તરગીબ વગેરેમાં છે :–

يَحْرُمُ مَعَ الاٰتِ لَهْوٍ بِلَا خِلَافٍ بَيْنَنَا વાજિંત્ર સાથે અમારા ત્યાં વિના વિવાદે હરામ છે. એમણે અને ઈબ્ને અકીલે કહ્યું કે અજાણી (ગેર મહરમ) સ્ત્રીથી ગાયન સાંભળવં હરામ છે. (વિના વાજિંત્રોએ પણ)

અમ્ર બિલ મઅ્રૂફ નહી અનિલ મુન્કર, પેજ–૧૪૨માં ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ એ અબૂ અબ્દુલ્લાહ નસ્ર બિન હમઝાના હાથમાં તંબૂરો જોયો તો એને તોડી નાખ્યો. ગુલામ પોતાના માલિક પાસે ગયો અને કહ્યું કે અહમદ બિન હંબલે તંબૂરો તોડી નાખ્યો છે. માલિકે કહ્યું, શું તેં કહ્યું હતું કે તું મારો ગુલામ છે ?! કહ્યું, ના ! તો એણે કહ્યું, જા તું અલ્લામા માટે આઝાદ (ગુલામીથી મુક્ત) છે.

(એટલે કે મારું નામ પૂછવામાં નથી આવ્યું એ ખુશીની વાત છે, નહીં તો મારે શરમાવું પડતું તો એ ખુશીમાં અણે ગુલામને આઝાદ કરી આપ્યો.)

એમાં પેજ નં. ૧૩૦, ૫૨ છે કે યહ્યા બિન યઝઈએ ઈમામ અહમદને પ્રશ્ન કર્યો, અય અબૂ અબ્દુલ્લાહ ! જે વ્યક્તિ ઢોલકું, તંબૂરો અને વાંસળી

વગાડે એની સજા માટે શું કરવું જોઈએ ? અને એ સજાની હદ શું છે ? જો ફરિયાદ રાજાને પહોંચે. ફર્માવ્યું, એને દશ કોરડાથી વધારે મારવામાં ન આવે.

એમાં એ પણ છે કે અબૂબક્ર મરવઝીએ સવાલ કર્યો, અય અબૂ અબ્દુલ્લાહ ! (ઈમામ અહમદ) તંબૂરો તોડવા બાબત શું હુકમ છે ? ફર્માવ્યું, તોડી નાખવામાં આવશે. મેં વિનંતિ કરી, નાના તંબૂરા બાબતે જે બાળકો પાસે હોય છે ? ફર્માવ્યું, ખુલ્લો હોય તો એને પણ તોડી નાખવામાં આવશે.

એમાં એ પણ છે કે અબૂ સફ્રએ સવાલ કર્યો, અય અબૂ અબ્દુલ્લાહ ! જો કોઈ વ્યક્તિ કોઈના હાથમાં ઢોલકુ અથવા તંબૂરો જોઈને એને તોડી નાખે તો એણે સારું કામ કર્યુ કે ખરાબ ? અને તોડવાનો જુર્માનો આપવો પડશે કે નહીં ?

**قَدْ اَحْسَنَ وَلَيْسَ عَلَيْهِ فِىْ كَسْرِهٖ شَيْئٌ** એને સારું કર્યુ, એના પર એમાં કોઈ જુર્માનો નથી.

એમાં એ પણ છે કે ઈમામ અહમદ બિન હંબલે પોતાની પડોશમાં તબલાનો અવાજ સાંભળ્યો તો અમારી સભામાંથી ઉઠીને ત્યાં ગયા અને એમને એનાથી મનાઈ કરી.

એમાં છે : અમ્ર બિન સાલિહ કહે છે કે મેં અહમદ બિન હંબલને જોયા કે એમની પાસેથી ઢોલકુ ખુલ્લુ લઈ જવામાં આવ્યું તો ઉભા થઈને એને તોડી નાખ્યું.

આ રિવાયતોથી જાણવા મળ્યું કે મસ્લકે હંબલીમાં પણ વાજિંત્રોની છૂટ નથી, એનો ઉપયોગ અને એની સાથે ગાવું બધું જ હરામ છે.

ચાર મસ્લક હનફી, માલેકી, શાફેઈ, હંબલીમાંથી એકે પણ વાજિંત્રોના જવાઝનો ફત્વો નથી આપ્યો, દરેકે જ હરામ હોવાનો ફત્વો આપ્યો છે. અને **સૂફી સંતોના મંતવ્યો પણ તમારી ખિદમતમાં રજુ કરવામાં આવ્યાં. તેમાંથી એ પણ સ્પષ્ટ થયું કે સૂફી સંતો પણ એ જ માર્ગે છે. અને સૂફી સંતોનો કોઈ અલગ મસ્લક નથી પણ દરેક માટે જ ચાર ઈમામો પૈકી કોઈ એકની તકલીદ વાજિબ છે, એમનાથી હટાવાની રજા નથી.** એટલે પ્રથમ તો સૂફી સંતોનાં મંતવ્યો અલગથી બયાન કરવામાં ન આવે. અને આવે તો એટલા માટે નહીં કે ચાર ઈમામોને છોડીને એમની વાતને ઉત્તમતા આપવામાં આવે. ચારની તકલીદથી અલગ થવું જાઈઝ નથી એટલે ચાર મસ્લક





છોડીને વાત કરવામાં આવશે નહીં. અને ચાર મસ્લક પૈકી **આપણે હનફી છીએ એટલે કોઈ પણ નિર્ણયમાં હનફી મસ્લકના ઈમામોની વાતો અને એમના વર્ણવેલ મસ્અલાઓને ઉત્તમતા આપવામાં આવશે.** આનાથી આ વાત માથા પર સૂર્ય માફક સ્પષ્ટ થઈ ગઈ કે **વાંજિત્રોની છૂટ કોઈ પણ મસ્લકમાં આપવામાં આવી નથી**, સૂફી, સંતોનો મસ્લક પણ ઉપરોક્ત ચાર પૈકી એક છે, એટલે એમના માટે પણ એ વાત સ્વીકારી નથી શકાતી કે એમણે વાજિંત્રોનો ઉપયોગ જાઈઝ કર્યો હોય, તેમની બુઝુર્ગીને લઈને આ જ અપેક્ષા રાખી શકાય છે, એટલે કોઈ પણ કિતાબમાં બુઝુર્ગો બાબત કોઈ ગલત વસ્તુઓ ઉલ્લેખ કરવામાં આવી હોય તો એને માન્ય રાખવામાં આવશે નહીં. લખનાર ખોટો થઈ શકે છે અને એ ખોટો ન હોય તો એની પાસે ખોટી રિવાયતથી ખોટી વાત પહોંચી શકે છે, એટલે ખોટી વાત બુઝુર્ગો બાબત માન્ય રાખવામાં આવશે નહીં. તો આનાથી એ પણ જાણવા મળ્યું કે **વાજિંત્રોનો ઉપયોગ કોઈના મસ્લકમાં જાઈઝ નથી, ચારેવ મસ્લકના આલિમોની આ વાત પર સંમતિ છે**, પછી કોઈ ખોટી ચર્ચા કરીને મતભેદ રાખે તો એ ગુમરાહ જ હોય શકે છે. દુઆ છે અલ્લાહ તઆલા સર્વ મુસલમાનોને નેક અમલોની તૌફીક અતા ફર્માવે. દરેક પ્રકારની ખોટી માન્યતાથી બચાવી, સત્ય માન્યતા પર રાખે અને એના પર જ આપણો ઉઠાવ કરે. *(આમીન)*

**وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلاَغُ الْمُبِيْنُ**

## દીની મદ્રસાના ટ્રસ્ટીઓને વિનંતી

### કિતાબ "તાલીમાતે જાને ઈમાન" કોર્સમાં દાખલ કરો

વર્તમાનકાળમાં રોજ નીત નવા બદઅકીદા ધરાવતા લોકો પેદા થતા જાય છે, જેથી કોરા દિમાગવાળા બાળકોને સત્ય પંથ કયો છે, તે સમજવું અતિ મુશ્કેલ બની જાય છે.

એવા નાઝુક સમયે બાળકોને મદ્રસામાં જ આ કિતાબ **"તાલીમાતે જાને ઈમાન"** (પેજીસ–૫૦) ટીચીંગ કરવામાં આવે, તેનાં બાકાયદા તબક્કાવાર પ્રકરણો પઢાઈ દરમ્યાન ચલાવવામાં આવે, તેને યાદ કરાવી તેમના દિમાગમાં આ કિતાબની વાતો બેસાડવામાં આવે અને અંતે તેમની ઈમ્તેહાન પણ આ કિતાબ પઢાવ્યા બાદ લેવામાં આવે તો મદ્રસામાંથી નીકળ્યા બાદ જેમ જેમ તેમનામાં સમજ–શઊર પેદા થશે તેમ તેમ બાતિલ ફિર્કાઓને જલ્દીથી ઓળખી લઈને પોતાના ઈમાનને સલામત રાખી શકશે.

માટે **અમારી નમ્ર વિનંતિ છે કે આ કિતાબને તમામ મદ્રસાના ટ્રસ્ટીઓ તથા મુદર્રિસો મદ્રસાના કોર્સમાં દાખલ કરી સુન્નિયતને સાચવવા તથા મજબૂત કરવાના માટે કોશિશ કરે.**

*–લિ. પ્રકાશક*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(પ્રકરણ-૪)

# શંકાઓનો ઉત્તમ ઉકેલ

نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ
اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
اَفَلَمْ يَتَدَبَّرُوا الْقُرْاٰنَ اَمْ عَلٰى قُلُوْبٍ اَقْفَالُهَا صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! મ્યુઝિક અને સંગીતના હરામ હોવા બાબતે મેં તમારી ખિદમતમાં ત્રણ પ્રકરણો રજુ કર્યાં, ન્યાય અને ઈન્સાફથી દીનને સમજનાર વ્યક્તિ માટે એટલું જ બસ છે, વિશેષની જરૂરત નથી, પણ જ્યારે હું તમને સમજાવા જ માંગી રહ્યો છું તો પછી દરેક પ્રકારથી સમજાવું કે માની લીધા પછી પણ માત્ર શંકા ઉપસ્થિત થતી હોય તો એનો પણ નિકાલ લઈ આવવામાં આવે. કોઈએ હરામને પોતાની વાસનાથી જાઈઝ કહેવાની નાપાક કોશિશ કરી હોય તો એની વાત અથવા લખાણથી ઉપજતા વસવસાને સંપૂર્ણપણે નષ્ટ કરી દેવામાં આવે. અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને આપણા સર્વને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક આપે.

**સવાલ** : (શંકા) વિના દલીલે જાઈઝ કહેવાવાળાઓ કહે છે કે પશુ, પક્ષીઓના હલાલ હોવામાં દલીલ શરઈની જરૂરત છે, તે સિવાયની બીજી ચીજ વસ્તુઓના જાઈઝ અને મુબાહ હોવામાં શરઈ દલીલની જરૂરત નથી.





વિના શરઈ દલીલે પણ જાઈઝ અને મુબાહ પોતાના સ્થાને રહે છે. હરામ અને નાજાઈઝ કહેવા માટે શરઈ દલીલની જરૂરત છે. એટલે અમારે દલીલ આપવાની જરૂરત નથી.

## ★ વાજિંત્રો હદીષથી હરામ છે ★

**જવાબ** : એ કાયદો એની જગાએ બરાબર છે કે પશુ પક્ષી છોડીને બીજી ચીજ વસ્તુના જાઈઝ અને મુબાહ હોવામાં દલીલની જરૂરત નથી. દલીલની જરૂરત નાજાઈઝ કહેવામાં પડે છે. તો તમે ત્રણ પ્રકરણમાં નાજાઈઝ હોવામાં ત્રણસો જેટલી દલીલો પોતાની નજરોથી પસાર કરી. પછી જાઈઝ હોવાની વાત કેવી ?

જો શરીઅતમાં કોઈપણ રીતે એનાથી મનાઈ કરવામાં ન આવી હોય તો માન્ય રાખી લેવામાં આવે પણ જયારે કુર્આન, હદીષ, અને ચાર મસ્લકોના મંતવ્યો તમારી સમક્ષ છે પછી એ બધી દલીલો ભૂલી જઈને કહેવું કે મ્યુઝિક અને સંગીતના હરામ હોવા પર કોઈ દલીલ નથી એ પાગલપણાની વાત છે. જો સમજમાં ન આવ્યું હોય તો પ્રથમ ત્રણ પ્રકરણો ફરીથી પઢો. પોતાને વાંચતાં ન આવડતું હોય તો કોઈની પાસે વંચાવો, એક વખતમાં સમજમાં ન આવે તો વારંવાર વાંચો.

સારાંશ એ થયો કે ત્રણ પ્રકરણોમાં નાજાઈઝ હોવાની જેટલી દલીલો રજુ કરવામાં આવી તે સઘળી દલીલો આ પ્રશ્નનનો ઉત્તર છે અને આ શંકાનો ઉત્તમ નિકાલ છે.

**સવાલ** : વર્તમાનકાળમાં લોકો ગાયનો સાંભળવામાં એટલા વ્યસ્ત છે કે એનાથી એમને હટાવવા લોખંડના ચણા ચાવવા જેવું છે ! તો પછી દુનિયા પરસ્તોને દીનના માર્ગે લાવવા અને દુનિયાના પ્રેમની વાતોથી દૂર કરી અલ્લાહ અને રસૂલની મહબ્બતમાં મસ્ત બનાવવા સંગીત અને મ્યુઝિક સાથે પઢવામાં આવતી ના'તો, મનકબતો અને અલ્લાહની હમ્દો ષના અગત્યનો ભાગ ભજવી શકે છે, એટલે એનાથી મનાઈ ન કરવામાં દીનની ભલાઈ છે ?

## ★ શરીઅતના વર્તુળમાં રહીને તબ્લીગ કરો ★

**જવાબ** : પ્રથમ એ જોવામાં આવશે કે શરીઅતમાં એ પ્રમાણેની

તબ્લીગની રજા આપવામાં આવી છે ? તો ત્રણ પ્રકરણોથી એ સ્પષ્ટ થયું કે હદીષ, કુર્આન, ચાર મસ્લકોના ઈમામોની વાતો અને બુઝુર્ગોનાં મંતવ્યો એ વાતની રજા આપતા નથી, પછી આપણને એ અધિકાર કેવી રીતે મળી શકે ?!

## ★ પૂર્વજ અમુક બુઝુર્ગો સિમાથી તદ્દન મનાઈ કરતા ★

વધુ પડતા આલિમોના મંતવ્યોના આધારે તો શાયરીને રાગથી ગાવાની અને પઢવાની પણ રજા મળતી નથી પરંતુ અન્ય હદીષના આધારે શાયરી રાગથી પઢવાના અમુક દાખલાઓ હદીષના આધારે મળી આવે છે એટલે જ શાયરી દીનથી બેરગબત કરનાર ન હોય, કોઈ ખાસ પ્રકારની સ્ત્રીના શરીરના અવયવોનું એમાં વર્ણન ન હોય, ગુનાહ તથા બેઅદબીની વાતો ન હોય એ પ્રમાણેની શાયરી રાગથી ગાવાની રજા આપવામાં આવી છે. એટલે આનાથી આગળ વધવામાં નહીં આવે.

## ★ દીનદાર કવ્વાલીમાં દુનિયાદાર ગાયનોમાં ★

ઈસ્લામિક શાયરીમાં સંગીત મેળવવાથી ન તો ગાયનો સાંભળનારાઓમાં ફરક આવ્યો ન તેઓ તેને છોડી આ તરફ આવ્યા. બલ્કે મોટુ નુકસાન એ થયું કે ઈબાદતગુઝાર લોકો જેઓ ગાયનો સાંભળવાથી બચતા હતા તેઓ ઈસ્લામિક શાયરી સાથે સંગીત હોવાને લઈને તે તરફ વળી ગયા. દુનિયાદાર તો દુનિયાથી ખસ્યો નહીં પણ દીનદાર દીનથી ખસીને વાજિંત્રોવાળી કવ્વાલીઓ તરફ જતો રહ્યો.

## ★ ગાયનો સાંભળનારાને બહાનુ મળ્યું ★

ગાયનો સાંભળનારાઓને તો ગાયનો સાંભળવામાં અને મ્યુઝિકથી વધુ લિજ્જત પ્રાપ્ત કરવામાં વાજિંત્રો સાથેની કવ્વાલીઓથી એક મજબૂત દલીલ મળી આવી. અમે મ્યુઝિક સાથે ગાયનો સાંભળીએ છીએ, તમે કવ્વાલીઓ સાંભળો છે, બંનેમાં કોઈ તફાવત નથી. અમુક ગાયનો ખરાબ હોય છે એને અમે નથી સાંભળતા પણ સઘળા ગાયનો ખરાબ નથી હોતાં, અમુકમાં નસીહતો અને શિખામણો પણ હોય છે. ખુલાસો એ કે કવ્વાલીઓથી ગાયનો સાંભળ નારાઓને ગુનાહ પર અમલની દલીલ મળી, એટલે મ્યુઝિક સાથેની કોઈ ચીજ વસ્તુની રજા આપવામાં આવશે નહીં.





## ★ કવ્વાલીમાં ગાયનો ગઝલો પણ ગાવામાં આવે છે ! ★

વર્તમાનકાળની કવ્વાલીઓની વાત હોય તો આજના કવ્વાલો ઈસ્લામિક શાયરીને મ્યુઝિક સાથે ગાય છે, અને પબ્લિકની માંગ પર તેઓ એ જ સભામાં ગાયનો પણ ગાય છે. જ્યારે કવ્વાલો પોતે જ બચી નથી શકતા પછી એ કામથી પબ્લિકને કેમ કરી ગાયનોથી બચાવવામાં આવે ?!

## ★ હરામની દા'વત ઈસ્લામી તબ્લીગ નથી ★

હરામથી હરામ તરફ બોલવું ઈસ્લામી તબ્લીગ નથી, ગુનાથી રોકવા માટે બીજા ગુનાહની દા'વત આપવી, ગુનાહનું જ કામ છે. એટલે જ આ'લા હઝરતે ફર્માવ્યું કે કવ્વાલી જે સંગીત સાથે ગાવામાં આવે છે એના માટે દા'વત આપવી ગુનાહનું કામ છે. દા'વત આપનારને આવનાર સર્વ બરાબર ગુનોહ થશે. અને આવનારાઓ ગુનાહથી મુક્ત રહેશે નહીં.

ગાયનોમાં શાયરી રાગથી ગાવામાં આવે છે અને એમાં મ્યુઝિકનો સહારો લેવામાં આવે છે જે હરામ છે અને એમાં ઉપયોગમાં લેવામાં આવતી શાયરી પણ પોતાના મતલબના આધારે હરામ જ હોય છે.

કવ્વાલીમાં ઈસ્લામી શાયરી ગાવામાં આવે છે જે જાઈઝ છે અને એની સાથે સંગીતનો સહારો લેવામાં આવે છે જે હરામ છે. **હરામ હલાલ સાથે એ પ્રમાણે મળી જાય કે બંને અલગ ન થઈ શકે તો હલાલ પણ ત્યાં સુધી હરામ જ રહેશે જ્યાં સુધી અલગ કરી લેવામાં ન આવે.** સારાંશ એ કે ગાયનોથી વાજિંત્રોવાળી કવ્વાલી તરફ બોલાવવામાં ગુનાહથી બચવાનો કોઈ ફાયદો નથી.

## ★ ના'તની સભાનું આયોજન કરો ★

ગુનાહથી નેકી તરફ બોલાવાનો એક જ માર્ગ છે કે હરામ શાયરીથી હલાલ શાયરી તરફ બોલાવામાં આવે અને હલાલ શાયરીમાં સંગીત મેળવવામાં ન આવે જેમ કે ના'તની સભાઓ. એને છોડીને બીજા કોઈ નાજાઈઝ તરીકાથી બોલવાની રજા નથી.

**સવાલ** : મ્યુઝિક હરામ કેમ કરવામાં આવ્યું ?

## ★ હરામનું કારણ જાણવાની જરૂરત નથી ! ★

**જવાબ** : હરામનું કારણ જાણવાની જરૂરત નથી. અલ્લાહ અને રસૂલના ફર્માનથી જેનું હરામ હોવું સાબિત થાય એનું કારણ સમજમાં આવે તો પણ એ હરામ અને સમજમાં ન આવે તો પણ હરામ. મેં તમારી ખિદમતમાં ઘણી દલીલો રજુ કરી જેનાથી સાબિત થયું કે નબીએ પાકે એને હરામ ફર્માવ્યું એટલે એ હરામ છે. અલ્લાહ અને રસૂલના ફર્માનથી વધીને કોઈ ચીજ વસ્તુના હરામ હોવાનું બીજું કયું કારણ હોય શકે છે ?!

હરામ હોવાનું અકલી કારણ એ છે કે વાજિંત્રો રમત ગમત કરનારાઓ અને મનોરંજનને ઉત્તમતા આપવાવાળાઓની ઉપજાવેલી વસ્તુઓ છે, ધર્મથી એને દૂરનો પણ સંબંધ નથી એટલે એને નાજાઈઝ કરવામાં આવ્યું.

## ★ વાજિંત્રોનું નુકસાન ★

બીજું એ કે આ સાધનો માણસને એમાં વ્યસ્ત કરી દે છે, અને મકસદના કામોથી ગાફિલ અને વંચિત કરી આપે છે. જ્યારે એમાં વ્યસ્ત થવાથી દુનિયાના કામો અટકી જાય છે, પછી એનાથી દીન અને ધર્મનાં કામો બનવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો, એટલે વાજિંત્રો હરામ કરવામાં આવ્યા.

## ★ નબીઓએ વાજિંત્રોનો ઉપયોગ નથી કર્યો ★

ત્રીજું એ કે અલ્લાહના નબીઓ દુનિયામાં લોકોને સત્ય માર્ગ બતાવવા માટે આવે છે. તેઓ પૈકી એકના માટે પણ આ પ્રમાણેનાં કામો સાબિત નથી, એનાથી એ સ્પષ્ટ થાય છે કે એ દુનિયાદારીનાં કામો છે. દીનદારોના અમલમાં એનો પ્રથમથી સમાવેશ નથી એટલે વાજિંત્રો હરામ છે.

## ★ બેમૂર્ખ અવાજો ★

ચોથું એ કે હાફિઝ ઈબ્ને કૈય્યિમએ પોતાની કિતાબ મદારિજુસ્સાલિકીન, ભાગ-૧, પેજ-૪૯૮ પર હદીષે પાકનો ટુકડો "મને બે મૂર્ખ અવાજોથી મનાઈ કરવામાં આવી"ની શરહ અને ખુલાસો કરતાં વાજિંત્રોની વાસ્તવિકતાનું વર્ણન કર્યું છે, ફર્માવે છે કે પબ્લિક અને જ્ઞાની સર્વને ખબર છે કે ગાયનો અને વાજિંત્રો સાંભળવાનો ફિત્નો રાજ્યા (છાતી) કુટવાના





ફિત્નાથી ઘણો જ મોટો છે. અમે અને બીજા લોકોએ આંખોથી જોયું અને અનુભવથી માલૂમ કર્યું.

اِنَّہٗ مَاظَھَرَتِ الْمَعَازِفُ وَ اٰلَاتُ اللَّھْوِ فِیْ قَوْمٍ وَ فَشَتْ فِیْھِمْ وَ اشْتَغَلُوْا بِھَا اِلَّا سَلَّطَ اللّٰہُ عَلَیْھِمُ الْعَدُوَّ وَ بَلَاھُمْ بِالْقَحْطِ وَ الْجَدْبِ وَ وَلَاۃِ السُّوْءِ

તે એ છે કે જે કામોમાં વાજિંત્રો અને મનોરંજનના સાધનોનો રિવાજ પડયો અને એને ખ્યાતિ મળી અને લોકો એમાં વ્યસ્ત થયા તો અલ્લાહ તઆલાએ એવાં અને એમને ભૂખ તથા દુષ્કાળમાં સપડાવી દીધા અને ખરાબ લોકોને એમના આગેવાન બનાવી આપ્યા.

હદીષ પાકમાં વાજિંત્રોના અવાજથી મનાઈનો હુકમ બયાન કરવામાં આવ્યો. હાફિઝ ઈબ્ને કય્યિમએ એ મનાઈનું કારણ આપણી સમક્ષ રાખ્યું કે ઈસ્લામ આપણને મકસદ અને હેતુથી વંચિત કરવા નથી આવ્યો બલ્કે આપણને મકસદ માટે તત્પર કરવા આવ્યો છે, પછી ભલા જે કામો આપણને મકસદથી દૂર કરતાં હોય ઈસ્લામ તેમની મનાઈ કેમ ન કરે, એટલે વાજિંત્રોથી આપણને રોકવામાં આવ્યા અને એ સાધનોનો સંગીત માટેનો ઉપયોગ હરામ કરવામાં આવ્યો.

## ★ વાજિંત્રોનો શોખ મકસદથી વંચિત કરે છે ★

હાફિઝ સાહેબ વિશેષમાં જણાવે છે કે મનોરંજન અને ગાયનોથી લોકો પોતાના જીવનને કોશિશ અને શ્રમથી અલગ કરી રમત ગમત અને હા ! હા ! હી ! હી ! માં લગાવી આપે છે, હિદાયતથી અલગ કરી મૂર્ખાઈ અને ગુમરાહીમાં નાખી દે છે, શક્તિથી અલગ કરી કમજોરમાં સપડાવી દે છે. એટલા માટે કે મનોરંજન, ગાયનો અને રમત ગમતમાં તલ્લીન થવાનું પરિણામ એ આવે છે કે લોકોનું જ્ઞાન, એના પર અમલ, એનો શોખ નષ્ટ કરી નાખે છે. જ્યારે કે નજાતનો દારોમદાર અને શક્તિની બુન્યાદ ઈલ્મ અને અમલ છે. કારીગરી, ખેતીવાડી, વેપાર, ધંધો અને યુદ્ધ કામનામાં અશક્તિ આવી જાય છે. રૂઆબ અને હિંમત અલ્લાહની લા'નતથી તૂટી જાય છે, અને એવું કેમ ન થાય જ્યારે દિલ અલ્લાહનાં ચિન્હો એની આયતો અને રહસ્યોથી વંચિત થઈ જાય, નફ્સની વાસનાઓમાં તલ્લીન બની જાય તો એમાં અશક્તિ અને બીક આવીને જ રહે. ડોકટર ઈકબાલ સાહબે લખે છે :–

**આ તુઝ કો બતાઉં મૈં તકદીરે ઉમમ કયા હય**
**શમ્શીરો સિનાન અવ્વલ તાઉસો રોબાબ આખિર**

## ★ મુસલમાને શું કરવું જોઈએ ? ★

મુસલમાનોએ પોતાના અને પોતાના દીન અને ધર્મના રક્ષણ માટે દરેક પ્રકારના પ્રયાસો કરવા જોઈએ. યુદ્ધમાં કામ લાગતાં સાધનો વસાવવાં જોઈએ અને એનો ઉપયોગ કરતાં શીખવું જોઈએ, સુસ્તી અને આળસ ક્યારે પણ ન કરવી જોઈએ. મુસલમાને સંગીત અને મ્યુઝિકને ઉત્તમતા નથી આપવાની, યુદ્ધ અને એના સાધનોની સામગ્રી કરવાની હોય છે. વિજય મળે પછી વિજયના એલાનમાં ખુશી જાહેર કરવા માટે અન્ય વાજિંત્રોની રજા મળે છે જેનો શરઈ ઉલ્લેખ તમારી ખિદમતમાં રજુ થઈ ગયો છે. સ્પષ્ટ થયું કે વાજિંત્રોનો ઉપયોગ માણસને અશક્ત અને કમહિંમત બનાવે છે એટલે ઈસ્લામમાં એને હરામ કરવામાં આવ્યું.

## ★ કાફિરો વાજિંત્રો કેમ વગાડતા ?! ★

પાંચમું એ કે કાફિરો લોકોને કુર્આન અને રસૂલે પાકની પ્યારી પ્યારી વાતો સાંભળવાથી રોકવા માટે સંગીતની પાર્ટીઓ રાખતા હતા, અને પછી કહેતા કે મુહમ્મદ ﷺ ની વાતોમાં મજા આવે છે કે પછી સંગીત સાંભળવામાં, પછી આ લિજ્જતોને છોડીને કષ્ટીમાં શાને જાવ છો ? રૂહુલ મઆની અને કશ્શાફમાં આયત :– وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِيْ لَهْوَ الْحَدِيْثِ ની તફસીર અને શાને નુઝૂલમાં આ પ્રમાણેનો એક બનાવ વર્ણવવામાં આવ્યો છે :–

મક્કામાં એક ધનવાન મુશ્રિક વેપારી નઝર બિન હારિસ કરીને હતો એણે અમુક દાસીઓ રાખી હતી. જ્યારે એને ખબર થતી કે ફલાણો વ્યક્તિ કુર્આન સાંભળવામાં રસ ધરાવે છે અને ઈસ્લામ સ્વીકારવા ઈચ્છે છે તો એ એની પાસે જઈ એને પોતાની દાસીઓ પાસે બોલાવી લાવતો અને દાસીઓને કહેતો કે આને ખૂબ ખવડાવો પીવડાવો અને પછી ગાયનો સંભળાવો ! પછી કહેતો, શું આ ખાવાનું પીવાનું અને નાચવા ગાવાનું સારુ છે કે પછી એ જેની દા'વત મુહમ્મદ ﷺ તમને આપે છે ? એટલે કે જિહાદ, નમાઝ, રોઝા વગેરે.





આ શાને નોઝૂલથી એ જાણવા મળ્યું કે પૂર્વજ કાફિરો સદીઓ પહેલાં પણ વાજિંત્રોવાળી સભાને હેતુથી વંચિત કરનાર સમજતા હતા અને કુર્આન સાંભળવાથી વંચિત કરવા માટે એનો ઉપયોગ કરતા હતા, સ્પષ્ટ થયું કે ઈસ્લામે એને લઈને વાજિંત્રોનો સંગીત માટેનો ઉપયોગ હરામ બતાવ્યો કે મુસલમાન એમાં તલ્લીન થઈને દીનથી ગાફિલ અને વંચિત ન થઈ જાય.

છઠ્ઠું એ કે ગાયનો અને વાજિંત્રોનો અવાજ માણસના દિલમાં ઈમાનને અશક્ત બનાવે છે અને એનાથી નિફાક જન્મ લે છે અને ધીમ ધીમે એ દિલ પર છવાતું જાય છે અને માણસના દિલથી ધર્મની મહોબ્બત ઓછી થતી જાય છે. એ વિશેની હદીષો બીજા પ્રકરણમાં વર્ણન થઈ ગઈ છે. એટલે ઈસ્લામે આપણને નિફાકથી બચાવવા અને ઈસ્લામના વર્તુળમાં સશક્ત રહેવા વાજિંત્રોના ઉપયોગથી બચાવ્યા અને એ પ્રમાણેનાં કામોને આપણા માટે હરામ બનાવ્યાં.

સાતમું એ કે હાફિઝ ઈબ્ને કય્યિમએ ઈગાષતુલ લહફાનમાં હરામ હોવાનાં અન્ય કારણો દર્શાવ્યાં છે જેને ક્રમવાર અમે તમારી ખિદમતમાં રજુ કરીશું જેમાં એમના લખાણનો ખુલાસો હશે, ભાષાંતર નહી હોય.

## ★ સંગીત શૈતાની કિતાબ છે ★

ફર્માવે છે : પહેલું કારણ એ છે કે સંગીત કુર્આનની વિરૂધ્ધ છે. એક હદીષમાં એને શૈતાનનું કુર્આન કહેવામાં આવ્યું છે અને શૈતાનનું કુર્આન તો નિફાક જ પેદા કરે છે, ઈમાન નહીં.

## ★ સંગીત બેઅમલ બનાવે છે ★

સંગીત અને મ્યુઝિકમાં તલ્લીન થવું માણસને વંચિત બનાવે છે માણસમાં કુર્આને કરીમ સમજવાની, એમાં ધ્યાન આપવાની અને મનન કરવાની અને એના પર અમલ કરવાની ઈચ્છા અને શોખ નષ્ટ થઈ છે. અમુક વખત કુર્આનની તિલાવત પણ બે લિજ્જત લાગે છે, અને આમ માણસ કુર્આનના પ્રકાશ અને એની બરકતોથી મેહરૂમ અને બેમુરાદ થઈ જાય છે.

## ★ કુર્આન અને સંગીત વિરોધાભાસી છે ★

કુર્આને કરીમ માણસોને જે કંઈ શિખવાડે છે એ જ પ્રમાણેના અખ્લાક અને આદતો એમનામાં પેદા કરે છે, મ્યુઝિક અને સંગીત એના વિરૂધ્ધ તા'લીમ

આપે છે અને વિરૂધાર્થી અખ્લાક પેદા કરે છે. એટલે જ કુર્આને કરીમ અને મ્યુઝિકની મહોબ્બત એક દિલમાં ભેગી નથી થઈ શકતી. કુર્આને મજીદ વાસનાના અનુસરણથી રોકે છે, પાક કામની અને વ્યભિચારથી બચવાનો આદેશ આપે છે, વાસનાના જુસ્સામાં અંકુશ લગાડે છે, શૈતાનની દરેક પ્રકારની પેરવીથી બચાવે છે. જ્યારે કે સંગીત અને મ્યુઝિક વાસનાના અનુસરણનું આમંત્રણ આપે છે, શરીરમાં ખોટો જોશ પેદા કરે છે, નફ્સને બદ્કારી અને વ્યભિચાર માટે તત્પર કરે છે, વાસનાનો ગુલામ બનાવી દે છે.

## ★ સંગીત ઈજ્જત નષ્ટ કરે છે ★

મ્યુઝિક અને વાજિંત્રો માણસની આન બાન અને ઈજ્જતને નષ્ટ કરી આપે છે, જ્યારે કે ઈજ્જત અને શાન મુસલમાનના જીવન માટે અતૂટ ભાગ છે. બેઈજ્જતી અને બેશરમીનાં કામો મુનાફિકની ઓળખ છે, જે લોકો મ્યુઝિક અને વાજિંત્રોના શોખિન છે તેઓ જોશમાં આવીને હાથોથી ઈશારા કરે છે, ક્યારેક આંગળીઓ વગાડે છે, ક્યારેક જમીન પર પગ ઠોકે છે, ક્યારેક માથુ નમાવે છે, ક્યારેક ખભા હલાવે છે, ક્યારેક પાસે પડેલી વસ્તુને વગાડવા લાગે છે, ક્યારેક ગધેડા માફક મસ્તીમાં આવે છે, તાળીઓ પાડે છે, ક્યારેક હુંકારા ભરે છે, ક્યારેક ગાંડાઓ માફક બૂમો પાડવા લાગે છે. સ્પષ્ટ થયું કે આ પ્રમાણેની મૂર્ખાઈની વાતો અને ગાંડપણનાં કામો કુર્આનની તા'લીમથી તદ્દન વિરૂધ્ધ છે.

આ પ્રમાણેની ઝલીલ હરકતો દારૂ પીવાથી પણ અમલમાં આવે છે, માણસ નશામાં આવીને ભલ ભલું કરી જાય છે એટલે મ્યુઝિકને દારૂનો ભાઈ કહેવામાં આવે છે. દારૂ તેના થકી ઉપજતી ખરાબ ટેવોને લઈને હરામ કરવામાં આવ્યું તો પછી મ્યુઝિક જે માણસના દિલ તથા દિમાગ પર અમલ કરી માણસને પોતાની ઈન્સાનિયતથી બહાર કરી જાનવરોથી અતિ ખરાબ કામો કરાવે એને જાઈઝ કેવી રીતે કરી શકાય ?

## ★ સંગીત નિફાક લાવે છે ★

નિફાકની વાસ્તવિકતા એ છે કે જાહેરમાં કંઈ હોય અને અંતરમાં કંઈ બીજું જ હોય, મ્યુઝિક અને સંગતનો શોખિન પણ એ પ્રમાણેના જ હોય છે. એની બે હાલતો છે : **(૧)** એ નમાઝ રોઝા અને બીજી ઈબાદતો વંચિત હશે





અને ખુલ્લેઆમ ગુનાહનાં કામો કરતો હશે, તદ્દન બેશરમ હશે. તો આ પ્રમાણેની હાલતમાં એ ઘણો જ ખરાબ ફાસિક અને અપરાધી છે. કોઈ ઈમાનવાળી વ્યક્તિથી આ પ્રમાણેની બેહયાઈનાં કામોની આશા જ નથી હોતી. ઈમાનવાળો આવી હિંમત નથી કરી શકતો. **(૨)** એ નમાઝી છે રોઝા રાખે છે અને બીજી ઈબાદતો પણ કરે છે, પરંતુ એ સંતાઈને ગાયનો અને મ્યુઝિકની લિજ્જતો મારે છે, તો આ હાલતમાં એ જેવો દેખાય છે એ પ્રમાણે નથી એનું જાહેર તો એ બતાવે છે કે એ અલ્લાહની મહોબ્બત અને આખેરતની ચિંતામાં છે પરંતુ એના દિલમાં વાસનાનો દરિયો મોજાં મારી રહ્યો છે અને એ એવી વસ્તુથી પ્રેમ ધરાવે છે જે અલ્લાહ અને રસૂલને પસંદ નથી. એના દિલમાં મ્યુઝિકનો શોખ છે અને એને પામવા એ અલ્લાહ અને રસૂલની નાપસંદને પણ ફગાવી નથી શક્તો. એનાથી એ જાણવા મળે છે કે એના દિલમાં મ્યુઝિકની મહોબ્બત અલ્લાહ અને રસૂલની મહોબ્બતથી વધીને છે અને આ નિફાક છે.

## ★ નિફાકની ઓળખ ★

નિફાકની ઓળખ એ પણ છે કે ઝિક્ર અને ઈબાદતમાં કમી આવે, નમાઝમાં આળસ આવે, નમાઝ એ પ્રમાણે પઢે કે તું જાને હું આવું છું ! સંગીતના શોખમાં ઝિક્ર અને ઈબાદતની મીઠાશ નષ્ટ થઈ જાય છે. ઝિક્રમાં પણ દિલ નથી લાગતું, તબીયતમાં પણ ગુનાહ અને નાફર્માની તરફ નમન કરે છે. વાજિંત્રોથી લિજ્જત લેનાર ઘણા ઓછા લોકો એવા હશે જેમની પાસે આ પ્રમાણેની ખરાબ આદતો ન હોય.

મુનાફિક ખરાબ કામો કરે છે અને સમજે છે કે હું સારાં કામો કરું છું સંગીતનો રસ ધરાવનાર વ્યક્તિ પણ એ પ્રમાણેનો જ હોય છે, એને એવું લાગે છે કે હું જે કરું છું તે સારું કામ છે.

આ બધી ખરાબીઓને લઈને ઈસ્લામમાં મ્યુઝિક અને સંગીત હરામ કરવામાં આવ્યું કે ઈમાનવાળો દીન અને ધર્મ માટે હમેશાં તત્પર રહે, એમાં કોઈ પ્રકારની સુસ્તી, ગફલત અને આળસ ન આવી શકે.

**સવાલ** : તમે કહ્યું કે વાજિંત્રોનો સંગીત માટે ઉપયોગ કોઈ નબીએ નથી કર્યો એટલે જ કે તેમને અલ્લાહ તઆલાએ લોકોને સત્ય માર્ગ બતાવવા માટે મોકલ્યા હતા, અને વાજિંત્રોનો મ્યુઝિક માટેનો ઉપયોગ માણસને હિદાયતના માર્ગે આવવા નથી દેતો બલ્કે હિદાયત પામેલ વ્યક્તિને પણ માર્ગથી

હટાવી આપે છે. એટલે નબીઓને એનાથી અલગ રાખવામાં આવ્યા, પણ તમારી એ વાત અમને માન્ય નથી, હદીષે પાકમાં હઝરતે દાવૂદના મિઝમાર (વાજિંત્રોનો) ઉલ્લેખ છે, તો પછી તમે એનો જવાબ શું આપશો ?!

**જવાબ** : અમે અમારા જવાબમાં એ હદીષો અને એના પર કરવામાં આવેલી શરહોનો પુરાવાની સાથે ઉલ્લેખ કરીશું અને તમારાથી માત્ર ન્યાયની માંગ કરીએ છીએ, જો તમે ન્યાયને અપનાવી લેશો તો વાત જરૂરથી ગળા નીચે ઉતરશે અને તમારી શંકાનો વિનાશ થશે. (જવાબને સરળ બનાવવા અમુક સવાલો અને જવાબો રજુ કરીએ છીએ.)

હઝરત દાવૂદ عليه السلام પર જે મ્યુઝિક સાથે ગાવાનો આક્ષેપ લગાડવામાં આવ્યો છે તે બાયબલના સહીફએ ઝબૂરમાં છે. હઝરત દાવૂદ عليه السلام ગાતા, દફ અને વાંસળીઓ વગાડતા. આપે સંગીતકારોની એક પાર્ટી બનાવી હતી, તેમના આગેવાનને મીર મુગન્ની કહેવામાં આવતું. આ લોકો અલગ અલગ ધૂનોથી ગાતા, સંગીતના વિષયમાં આગળ ધપવાની કોશિશો કરતા.

જ્યારે બાયબલનો ઝબૂરવાળો ભાગ એલાન કરી રહ્યો છે કે હઝરત દાવૂદ عليه السلام આમ કરતા હતા પછી એ વસ્તુને ખરાબ કેવી રીતે કહી શકાય, નબી તો દરેક પ્રકારની ખરાબી, બુરાઈ, કુટેવ અને હરામથી પાક હોય છે !

ઝબૂરની ઉપરોક્ત વાતનો પુરાવો આપણી ઈસ્લામી કિતાબોથી પણ સશક્ત બને છે. એટલે એ વાતને જૂઠી નથી કહી શકતા. ઈમામ બદરૂદ્દીન ઐનીએ ભાગ–૯ માં અને ઈબ્ને હજર અસ્કલાનીએ ફત્હુલબારીના ભાગ–૯ માં આ પ્રમાણે રિવાયત નકલ કરી છે :–

ઓબૈદ બિન ઓમૈરથી રિવાયત છે : એમણે કહ્યું કે :–

مِعْزَفَةٌ يَتَغَنّٰى عَلَيْهَا وَ يَبْكِيْ وَ يُبْكِيْ હઝરત દાવૂદ عليه السلام પાસે એક વાજુ હતું જેના પર ગાતા, રડતા અને રડાવતા.

કાઝી શૌકાનીએ પોતાના રિસાલએ સિમામાં આ રિવાયત નકલ કરી છે. અબ્દુર્રઝ્ઝાકએ સહીહ સનદ સાથે હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી છે કે : يَاْخُذُ الْمِعْزَفَةَ فَيَضْرِبُ بِهَا وَ يَقْرَأُ عَلَيْهَا હઝરત દાવૂદ عليه السلام પોતાનું વાજું લેતા એને વગાડતા અને એના પર (ઝબૂર) પઢતા.

ઈત્તેહાફુસ્સાદહમાં છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما એ ફર્માવ્યું કે દાવૂદ عليه السلام ઝબૂર સિત્તેર લહેરોમાં પઢતા હતા અને એવા નવા નવા





પ્રકારથી પઢતા કે બીમાર માણસ પણ મસ્તીમાં આવી જતો.

## ★ ઝબૂરમાં ફેરફાર થયો છે ★

**જવાબ નં. ૧** : બાયબલને પુરાવા તરીકે વર્ણન કરવી માન્ય નથી, મુસલમાનોને એ વાતનું ઈલ્મ છે કે યહૂદી અને ઈસાઈ પોતાની સહુલતો પ્રમાણે ખુદાના કલામને બદલતા હતા, કુર્આનમાં જગા જગાએ એનું વર્ણન છે. સૂરએ માઈદામાં છે :– يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ તેઓ કલામને એની જગાએથી ફેરવતા હતા.

જ્યારે કુર્આને એલાન કરી આપ્યું કે બાયબલ પર ભરોસો નથી કરી શકાતો પછી એને પુરાવો કેવી રીતે બનાવી શકાય ?!

## ★ વર્તમાન બાયબલમાં નબીઓ પર આક્ષેપો ★

માત્ર મ્યુઝિકની વાત નથી બાયબલમાં જગા જગાએ નબીઓ પર એવા આક્ષેપો લગાડવામાં આવ્યા છે કે અલ્લાહની પનાહ એમના આક્ષેપનો જથ્થો જોઈતો હોય તો ભાગ નં. ૭ જુઓ. તમને યકીન થઈ જશે કે બાયબલ ભરોસાપાત્ર નથી.

**રિવાયતનો જવાબ** : ફત્હુલબારી, ભાગ–૯ માં "મઅઝફા" વાજાનો ઉલ્લેખ નથી એટલે ફત્હુલ બારીના પુરાવાથી એ રિવાયત માન્ય નથી. ઈમામ ઐનીએ એ શબ્દ સાથે રિવાયત કરી છે પણ એનો જવાબ એ છે કે એ રિવાયતમાં એ ઉલ્લેખ નથી કે નબીએ પાકે આમ ફર્માવ્યું, એટલું જ છે કે ઓબૈદ બિન ઓમૈરે કહ્યું. શક્ય છે કે એમણે યહૂદી અથવા ઈસાઈથી સાંભળીને બયાન કર્યું હોય. તહઝીબુત્તહઝીબ, ભાગ–૭ માં ઈબ્ને હજર અસ્કલાનીએ ઓબૈદ બિન ઓમૈરની હાલત દર્શાવતાં અંતમાં લખ્યું છે : قَاصُّ اَهْلِ مَكَّةَ આપ મક્કાના ખ્યાતિ પામેલ કિસ્સા કહેનાર હતા. તો આનાથી પણ જાણવા મળ્યું એમણે અહલે કિતાબથી સાંભળીને કહ્યું હોય.

## ★ રિવાયતમાં ભૂલ ★

કાઝી શૌકાનીએ ઈબ્ને ઉમરની રિવાયત અબ્દુર્રઝ્ઝાકના પુરાવાથી નકલ કરી છે તો એમાં ઈબ્ને ઉમરથી રિવાયતમાં ભૂલ થઈ છે. એ રિવાયત ઓબૈદવાળી જ છે ભૂલથી ઈબ્ને ઉમર સાથે સંબંધ કરવામાં આવ્યો છે. આ

રિવાયત હાફિઝ ઈબ્ને કષીરે અલ બિદાયા વન્નિહાયામાં અબ્દુર્રઝ્ઝાકના પુરાવાથી જ નકલ કરી છે પણ એમાં ઈબ્ને ઉમરની જગાએ ઓબૈદનો ઉલ્લેખ છે. જ્યારે આ રિવાયત ઓબૈદવાળી જ છે તો એનો જવાબ વર્ણન થઈ ગયો.

## ★ જવાબની જરૂરત નથી ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વાળી રિવાયતમાં માત્ર જુદા જુદા લહેજાઓ (ધૂનો) અને લહેરોમાં ઝબૂરની તિલાવતનો ઉલ્લેખ છે, એટલે એના પર જવાબ આપવાની જરૂરત નથી.

## ★ ઓબૈદની રિવાયત સાંભળેલો કિસ્સો છે ★

ઓબૈદવાળી રિવાયતનો બીજો જવાબ એ છે કે જ્યારે એમની રિવાયત અહલે કિતાબથી વાકયા રૂપે હોય તો જ્યારે બાયબલમાં વધારો ઘટાડો હોવાથી એ ભરોસાપાત્ર નથી તો પછી આ રિવાયત પણ એમનાથી લેવાને લઈને અમલ લાયક રહેશે નહીં.

## ★ કુર્આનમાં હઝરત દાવૂદનાં વખાણ ★

કુર્આન શરીફમાં હઝરત દાવૂદનાં જગા જગાએ વખાણ કરવામાં આવ્યાં છે. સૂરએ સાદમાં આયત ત્રીસ وَوَهَبْنَا لِدَاوُدَ سُلَيْمَانَ نِعْمَ الْعَبْدُ إِنَّهُ أَوَّابٌ અમે દાવૂદને સુલેમાન અર્પણ કર્યો, કેટલો સારો બંદો ! એ તો અમારી તરફ આવનાર છે.

સૂરએ અંબિયા, આયત—૭૯

وَسَخَّرْنَا مَعَ دَاوُدَ الْجِبَالَ يُسَبِّحْنَ وَالطَّيْرَ وَكُنَّا فَاعِلِينَ

અમે પર્વતો અને પક્ષીઓને હુકમના તાબે કર્યા તેઓ દાવૂદ સાથે તસ્બીહ પઢે છે, અને અમે જ આમ કરીએ છીએ.

સૂરએ સબા, આયત—૧૦

وَلَقَدْ آتَيْنَا دَاوُدَ مِنَّا فَضْلًا يَا جِبَالُ أَوِّبِي مَعَهُ وَالطَّيْرَ

અમે દાવૂદને અમારા તરફથી ફઝીલત આપી (તે એ છે કે) અય પર્વતો અને પક્ષીઓ ! તમે દાવૂદ સાથે મળીને મારી તરફ કેન્દ્રિત થાવો.





સૂરએ સા'દ, આયત—૧૮/૧૯

إِنَّا سَخَّرْنَا الْجِبَالَ مَعَهُ يُسَبِّحْنَ بِالْعَشِيِّ وَالْإِشْرَاقِ وَ
الطَّيْرَ مَحْشُورَةً كُلٌّ لَهُ أَوَّابٌ

"બેશક ! અમે દાવૂદ માટે પર્વતોને હુકમ હેઠળ કર્યા, જેઓ સવાર સાંજ એની સાથે તસ્બીહ પઢે છે, અને પક્ષીઓની ટુકડીઓ બધાં જ એની તરફ કેન્દ્રિત થાય છે.

## ★ પર્વતોની તસ્બીહ ★

તફસીર રૂહુલ મઆની, ભાગ—૨૨, પેજ—૧૧૩ માં અલ્લામા આલૂસી ફર્માવે છે કે રિવાયત છે કે હઝરત દાવૂદ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે તસ્બીહ પઢતા તો પર્વતો એમની તસ્બીહ માફક તસ્બીહ પઢતા, એમનો અવાજ પણ સંભળાતો હતો.

## ★ આયતોનો ખુલાસો ★

કુર્આન શરીફમાં હઝરત દાવૂદ علیہ الصلوٰۃ والتسلیم ના પઢવાનો ઉલ્લેખ છે અને આપના પઢવામાં સાથે આવતા પર્વતો અને પક્ષીઓનું વર્ણન થાય છે. મ્યુઝિક અને વાજિંત્રોનું સદંતર વર્ણન નથી એટલે બાયબલની રિવાયતને માન્ય રાખવામાં આવશે નહીં. અને જે રિવાયતોમાં નબીનું ફર્માન કહીને કોઈ ઉલ્લેખ નથી થયો તે રિવાયતોને અહલે કિતાબના મુખેથી સાંભળેલ વાર્તાઓ અને કિસ્સાઓમાં ગણવામાં આવશે. સારાંશ એ કે હઝરત દાવૂદની તિલાવત સાથે મ્યુઝિક, સંગીત અને વાજિંત્રોનો ઉલ્લેખ કોઈ સશક્ત શહાદત સાથે નથી એટલે માન્ય રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. એક સામાન્ય મુસલમાન તરફ કોઈ હરામનો સંબંધ જોડવો હોય તો એમાં વિના શહાદતે વાત માન્ય નથી રાખી શકાતી અને આક્ષેપ કબૂલ નથી થઈ શકતો તો પછી નબી માટે એ પ્રમાણેની વાત વિના શહાદતે કેમ કરી સ્વીકારી લેવાય ?!

## ★ હવે શરીઅત નબીની જ છે ★

એવું નથી, પણ જો થોડી વાર માટે માની પણ લઈએ કે આમ કરવામાં આવતું હતું તો એ આગલી શરીઅતોની વાત છે, આપણી શરીઅતમાં મનાઈનો

હુકમ હોય તો આપણને એ કહેવાનો હક્ક પહોંચતો નથી કે આગલી શરીઅતમાં એની રજા હતી. આમ તો ક્યારેક ગેર ખુદાને સિજદો પણ કરવામાં આવતો હતો, દારૂ પણ પીવામાં આવતો હતો, તો એ જેમની હશે તેમની શરીઅતની વાત છે, આપણી શરીઅતમાં જે હરામ છે તેને હરામ તરીકે સ્વીકારી એનાથી આપણે બચવાનું છે.

**(જવાબ નં. ૪)**

## ★ નબીની તિલાવતનાં વખાણ છે ★

ત્રીજું એ કે દાવૂદ عليه السلام ની તિલાવતના વખાણ થઈ રહ્યાં છે કે આપની તિલાવત એ પ્રમાણેની હતી કે માણસો તો વજદમાં આવતા પણ પશુ પક્ષીઓ અને નિર્જીવ પર્વતોને પણ વજદ આવતો અને તેઓ ભેગા થઈ આપ સાથે અલ્લાહની પાકીનું વર્ણન કરતા, તો આમાં ખૂબી અલ્લાહના કલામની અને હઝરત દાવૂદની તિલાવતની છે, જો મ્યુઝિક અને સંગીતને લઈને વખાણ કરવામાં આવે તો પછી વજદમાં લાવનાર મ્યુઝિક છે, તો પછી ખુદાના કલામ અને નબીની તિલાવતની કોઈ ખૂબી સ્પષ્ટ થતી નથી, પછી એને કેમ કરી માન્ય રાખવામાં આવે !

**એક શંકા** : સહીહ મુસ્લિમ કિતાબુલ મુસાફેરીનમાં આ પ્રમાણે છે :–

હઝરત અબૂ મૂસાથી રિવાયત છે કે નબીએ પાક صلى الله تعالى عليه وسلم એ એમને કહ્યું કે મેં ગત રાત્રીએ તમારી તિલાવત સાંભળી હતી.

لَقَدْ اُوْتِيْتَ مِزْمَارًا مِّنْ مَزَامِيْرِ اٰلِ دَاوٗدَ

"તમને તો દાવૂદની ધૂનોમાંથી એક ધૂન આપવામાં આવી છે."

મુસ્લિમની રિવાયતમાં મિઝમારનું વર્ણન થયું અને જગા જગાએ એ ઉલ્લેખ થઈ ગયો છે કે મિઝમાર વાજિંત્રને કહેવામાં આવે છે, તો પછી આ હદીષના આધારે એ સ્પષ્ટ થયું કે હઝરત દાવૂદ عليه السلام એ વાજિંત્રોનો ઉપયોગ કર્યો હતો ?

## ★ ઈમામ નવોવીનો જવાબ ★

**જવાબ** : હઝરત ઈમામ નવોવી આનો ખુલાસો કરતાં લખે છે કે :–





قَالَ الْعُلَمَآءُ الْمُرَادُ بِالْمِزْمَارِ هٰهُنَا الصَّوْتُ الْحَسَنُ

"ઓલમાએ ફર્માવ્યું : અહીં મિઝમારનો મતલબ સુંદર અવાજ છે."

## ★ હઝરત ઈસ્માઈલ હક્કીનો જવાબ ★

તફસીરે રૂહુલ બયાન, ભાગ–૨, પેજ–૪૪૧ માં હઝરત ઈસ્માઈલ હક્કી લખે છે કે ઝરબે મઝામીરનું ઉખાણું દાવૂદ عليه السلام ના સુંદર અવાજ અને તેમના ગાવાની મધૂરતા માટે બોલવામાં આવ્યું છે.

كَانَ فِىْ حَلْقِهٖ مَزَامِيْرُ يَزْمُرُ بِهَا

"જાણે એમના ગળામાં વાજિંત્રો છે જેને વગાડી રહ્યા છે."

## ★ નબીની હદીષ પણ એ જ બતાવે છે ★

હદીષના લખાણથી પણ એ જ જાણવા મળે છે કે હઝરત અબૂ મૂસાની તિલાવતને હઝરત દાવૂદની તિલાવતની ધૂનોમાંથી એક ધૂન સાથે સરખામણી કરવામાં આવી છે અથવા સમજવા માટે દાખલા રૂપે એનું વર્ણન કર્યું છે. હઝરત અબૂ મૂસા કુર્આનની તિલાવત વાજિંત્રો સાથે ન કરતા હતા માત્ર સુંદર અવાજમાં મધૂર ઢબમાં પઢી રહ્યા હતા, એટલે કહેવાનો ભાવાર્થ એ છે કે તમારી તિલાવત હઝરત દાવૂદની તિલાવતની સુંદરતાઓ પૈકી એક સુંદરતા ધરાવે છે.

## ★ મિઝમાર દાખલો છે ★

ઝમરનો મૂળ અર્થ ગાવું છે મિઝમાર ગાવાનું સાધન, એક કે આપનું ગળું ગાવાનું સાધન હતું, જેમ વાજિંત્રોનો અવાજ માણસ અને પશુ પક્ષીને ડોલાવે છે, આપની તિલાવતનો અવાજ પણ બધાંને વજદમાં લઈ આવતો હતો.

## ★ અવાજનો મો'જિઝો ★

હઝરત દાવૂદનો અવાજ મો'જિઝો હતો જે અલ્લાહ તઆલા તરફથી આપની નબુવ્વતની સચ્ચાઈ જાહેર કરવા માટે આપવામાં આવ્યો હતો, જો આપની ખૂબીઓ આ બાબતે મ્યુઝિક અને વાજિંત્રો સાથે ખાસ કરી આપવામાં આવે તો એનાથી મો'જિઝાની ખૂબી અને વિશેષતા જાણવા મળતી નથી, એટલે મિઝમારનો મતલબ હદીષમાં વગાડવાનું સાધન અથવા વાજિંત્ર નથી થઈ

શકતો જેમ કે ઈમામે નવોવીએ ખુલાસો કર્યો.

**નોંધ** : સારો સારાની ખોજમાં હોય છે, ખરાબ ખરાબની ખોજમાં હોય છે. મધમાખી ફૂલોની ખોજમાં હોય છે અને માખ ચાંદાં અને ગુમડાંની ખોજમાં રહે છે. નબી માટે વાજિંત્ર વગાડવું શોભાનું કામ નથી એટલે આલિમોએ એ શબ્દ જેનાથી વાજિંત્રનો અર્થ જાણવા મળે છે બીજા અર્થમાં લઈ તેને સુંદર સ્થાન આપ્યું છે. એટલે ખોટી રીતે એને બગાડવાનો પ્રયત્ન કરવામાં ન આવે. કોઈ પણ ખોટી ચર્ચા કરતાં પહેલાં એ ધ્યાનમાં રાખવામાં આવશે કે વાત નબી અને એમના મો'જિઝાની થઈ રહી છે.

**સવાલ** : જે લોકો વાજિંત્રોને જાઈઝ કરવા પાછળ પડેલા છે તેઓ હદીષોમાં વાંધા વાચકા કાઢવાની કોશિશ કરે છે, ગમે ત્યાંથી કોઈ વાક્યો અને કિસ્સો લઈને દલીલ લાવે છે, ક્યારેક ગમે તેવી દલીલને સહારો બનાવી લોકોનું દિમાગ વોશ કરવાના પ્રયત્નો કરે છે. તો તેમના પ્રયત્નોમાંથી એક દલીલ આ પ્રમાણે રજુ કરવામાં આવે છે કે અલ્લાહ તઆલાએ ઘણા બધા પક્ષીઓ એવા પેદા કરેલ છે જેમનો અવાજ મધૂર અને તેમના ટહૂકાથી દિલ બાગ બાગ થઈ જાય છે, કલીની માફક ખીલી ઉઠે છે, પાણીના વહેવાનો અવાજ પણ ધ્યાન દઈને સાંભળવામાં આવે તો એ પણ ઘણો સુંદર મજાનો લાગે છે. ઈસ્લામમાં એ અવાજ સાંભળવો જાઈઝ છે. એનાથી મનાઈ કરવામાં નથી આવી. અને મ્યુઝિક, સંગીત અને એને ઉત્પન્ન કરવા માટે જે સાધનો બનાવવામાં આવ્યાં છે તે પણ પક્ષીઓના સુંદર અવાજને લઈને એ પ્રમાણેનો ફાયદો પ્રાપ્ત કરવાના હેતુથી છે, તો પછી જ્યારે પક્ષીઓના ટહૂકા સાંભળવા નાજાઈઝ નથી તો પછી એમના જેવો અવાજ ઉત્પન્ન કરવાનાં સાધનોથી એ અવાજ સાંભળવામાં આવે તો એ નાજાઈઝ શાથી ઠરી જાય ?

## ★ કાયદાનો આધાર અક્કલ પર નથી ★

**જવાબ** : ખુદા અક્કલથી સમજી શકાય છે અને એની ઓળખ અક્કલથી થવી શક્ય છે પણ કાયદાની રચના અક્કલ પર આધારિત નથી, અલ્લાહ અને રસૂલના ફર્માનથી કાયદો બને છે. અલ્લાહ અને રસૂલના ફર્માનમાં પક્ષીઓના અને પાણીના વહેંણનો અવાજ સાંભળવાની મનાઈ કરવામાં આવી નથી એટલે એને સાંભળવો જાઈઝ, અને વાજિંત્રોથી ઉત્પન્ન કરવામાં આવેલું મ્યુઝિક અને સંગીત નાજાઈઝ અને હરામ કરવામાં આવ્યું એટલે અંને સાંભળવું





નાજાઈઝ. હદીષનું વર્ણન હદીષોના પ્રકરણમાં થઈ ગયું છે. શંકા લાગતી હોય તો ફરીથી વાંચો અથવા વારંવાર વાચો. અમે એ વાતની પૂરેપૂરી કોશિશ કરી રહ્યા છીએ કે દીન અને ધર્મની વાતમાં તમને કોઈ પ્રકારની શંકા કુશંકા ન રહે અને જે શંકા ઉપજી શકે તેનો પણ જવાબ અમારા લખાણના કોઈ પણ ભાગમાંથી તમને મળી આવે.

## ★ ક્યાં ખુદાની કુદરત અને ક્યાં શોધ ! ★

શું તમને યોગ્ય લાગે છે કે પક્ષીઓના સુંદર અવાજને મ્યુઝિક અને સંગીત સાથે સરખાવામાં આવે અને પછી બંને માટે એક જેવો કાયદો બનાવવામાં આવે ! જો તમે અલ્લાહ અને રસૂલને પોતાની સમક્ષ સમજીને જવાબ આપશો તો મને સંપૂર્ણ ખાતરી છે કે તમારો જવાબ એ જ હશે કે આ પ્રમાણેની સરખામણી અક્કલથી દૂરની વાત છે. ક્યાં માણસની ઉપજાવેલી વસ્તુ અને ક્યાં કુદરતની કારીગરી ! બંને એક કાયદાના વર્તુળમાં કેવી રીતે આવી શકે છે ?!

## ★ વાજિંત્રોનો મકસદ શું છે ? ★

પક્ષીઓનો સુંદર અવાજ અલ્લાહ તઆલાએ પોતાની કુદરત જાહેર કરવા માટે બનાવ્યો છે. અપાર શક્તિનો માલિક અલ્લાહ પોતાની કુદરત સુંદર અવાજથી જાહેર કરવા ઈચ્છે છે તો તે પક્ષીને કેવું ગળુ આપે છે કે તેનો અવાજ તમને ઝુમાવે છે.

તો અલ્લાહ તઆલાએ પક્ષીઓને સુંદર અવાજ અને તેમના ટહૂકો આપણને પોતાની કુદરતની યાદ આપવા માટે આપ્યો. તમે વાજિંત્રો અને મ્યુઝિકનાં સાધનો કઈ કુદરત જાહેર કરવા માટે બનાવ્યાં છે ?! તમે મુસલમાન છો એટલે આમ તો નથી કહી શકતા કે અલ્લાહની કુદરતનો મુકાબલો કરવા બનાવ્યા છે. તો પછી એની બનાવટનો હેતુ મનોરંજન અને રમત ગમત છે પછી એકને બીજા સાથે એક વર્તુળમાં કેવી રીતે લાવી શકાય છે ?!

## ★ ખોટો દાખલો ★

કાયદાની પરિભાષામાં આને કિયાસ મઅલ ફારિક કહેવામાં આવે છે. એટલે કે બંનેમાં જમીન આકાશનો તફાવત છે. એકને બીજાની

સરખામણીમાં લાવવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. સામાન્ય દિમાગનો વ્યક્તિ પણ સમજી શકે છે કે આ બંનેમાં ઘણો તફાવત છે.

સારાંશ એ કે પક્ષીઓમાં જેમનો સુંદર અવાજ છે તેમના અવાજ પર મ્યુઝિકને સરખાવવી જહાલત અને મૂર્ખાઈનું કામ છે.

**સવાલ** : કિયામ મઅલ ફારિકનો બીજો દાખલો સંગીત સાથે સિમાને જાઈઝ કહેવાવાળાઓનું કહેવું એવું પણ છે કે જન્નતમાં જન્નતીઓને ગીતો સંભળાવવામાં આવશે. કુર્આનમાં છે;

સૂરએ ઝુખરૂખ, પા. ૨૫, અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اُدْخُلُوا الْجَنَّةَ اَنْتُمْ وَاَزْوَاجُكُمْ تُحْبَرُوْنَ

તમે અને તમારી પત્નીઓ જન્નતમાં પ્રવેશો તમને ગીત સંભળાવવામાં આવશે.

સૂરએ રૂમ, પા. ૨૧, અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَهُمْ فِيْ رَوْضَةٍ يُّحْبَرُوْنَ

તો જેઓ ઈમાન લાવ્યા અને નેક અમલો કર્યા તેઓ જન્નતમાં ગીતો સાંભળશે.

કમાલૈનમાં ઈમામ અવઝાઈનું બયાન છે : યહયા ઈબ્ને કષીરની રિવાયતથી કે એનો મતલબ જન્નતનો સિમા છે.

અલ્લામા સાવીએ યુહબરૂનની તફસીરમાં એક રિવાયત એ લખી છે કે જન્નતમાં અમુક ઝાડો એવાં હશે જેના પર ચાંદીની ઘંટડીઓ લટકેલી હશે, જન્નતવાળાઓને સાંભળવું હશે તો અલ્લાહ તઆલા અર્શ નીચેથી એક હવા મોકલશે જે ઝાડોથી પસાર થશે જેથી તે ઘંટડીઓમાં હલવાથી અવાજ થશે. જો તે અવાજ દુનિયાવાળાઓ સાંભળી લે તો તે મસ્તીમાં મરી જતા.

કુર્આનની બે આયતો અને એની તફસીરથી જાણવા મળ્યું કે જન્નત જેવી પાક જગામાં પણ ગીતો અને ઘંટડીઓનો અવાજ જે એવી મસ્તી લાવે કે દુનિયામાં એવો અવાજ સંભળાવવામાં આવે તો લોકોનું મરણ થઈ જાય ! તો જ્યારે એ પ્રમાણેની સભાઓ જન્નતમાં થશે તો પછી દુનિયામાં એ પ્રમાણેની સભાઓને હરામ કેવી રીતે કહેવામાં આવે ? જન્નતી ચીજને ખરાબ કહેવામાં આવે તે અક્કલની વાત છે ?!





## ★ શરીઅત દુનિયામાં છે ★

**જવાબ** : જન્નતમાં જે વસ્તુ આપને નેઅમત તરીકે આપવામાં આવશે તે અલ્લાહની ખુશી અને દુનિયામાં નબીની જીભેથી એણે વાજિંત્રોને હરામ કહેવાડયું તે પણ એની ખુશી ! દુનિયામાં અલ્લાહની ખુશી એનાથી બચવામાં છે અને જન્નતમાં એનો બદલો એને સાંભળવાથી છે. એટલે જન્નતને દુનિયા પર કિયાસ કરવો બે મતલબ છે.

## ★ દુનિયા અને જન્નતનો તફાવત ★

દુનિયા દારુલ અમલ છે અને જન્નત દારુલ જઝા છે, અમલના ઘરને બદલાના ઘર સાથે સરખામણી કેવી રીતે આપી શકાય !

## ★ અર્થહિન વાત ★

જન્નતમાં તો શરાબ આપવામાં આવશે તો જન્નતમાં શરાબ (દારૂ) હલાલ, રેશમી કપડાં આપવામાં આવશે અને તેને પહેરલું બધાને માટે હલાલ, જન્નતમાં સિત્તેર હૂરો અને સારા અને નેક લોકોને એનાથી પણ અધિક આપવામાં આવશે, શું દુનિયામાં એટલા નિકાહ જાઈઝ ઠરી શકે છે ખરા ? તો પછી જન્નતની ચીજ વસ્તુથી દુનિયામાં જવાઝ (જાઈઝ હોવાની)ની દલીલ લાવવી અર્થહિન છે.

## ★ જન્નતમાં પાબંદી નથી ★

કુર્આનમાં જન્નતીઓ બાબત અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَلَكُمْ فِيْهَا مَا تَشْتَهِيْٓ اَنْفُسُكُمْ وَلَكُمْ فِيْهَا مَا تَدَّعُوْنَ

અને એમાં (જન્નત) તમારા માટે એ છે જેની તમારા નફ્સને ઈચ્છા હોય અને એમાં તમારા માટે એ છે જેનો તમને વાયદો કરવામાં આવ્યો.

દુનિયા દારુલ અમલ બાબત અલ્લાહનું ફર્માન છે :–

وَنَهَى النَّفْسَ عَنِ الْهَوٰى فَاِنَّ الْجَنَّةَ هِيَ الْمَاْوٰى

"જેણે નફ્સને વાસનાથી રોકયો તો જન્નત જ ઠેકાણું છે."

ઉપરોક્ત બે આયતોથી એ સમજી શકાય છે કે દારુલ અમલ અને દારુલ જઝામાં કેટલો ફરક છે. પછી એકને બીજા સાથે સરખાવવું અજ્ઞાનતા નથી ? પણ જાણી જોઈને કોઈ કાવત્રુ કરવામાં આવતું હોય તો તેનો ઈલાજ શું ?

## ★ હદીષથી તફાવત સમજો ★

જન્નતમાં જન્નતીઓને ઘંટડીઓનું મ્યુઝિક સંભળાવવામાં આવશે અને તેનાથી લોકોને સારું લાગશે, જે રિવાયત ''સાવી''ના પુરાવાથી વર્ણન કરી દેવામાં આવી છે તો જન્નતમાં એને સાંભળવું જાઈઝ છે. કારણ કે દુનિયામાં અલ્લાહની મનાઈ કરેલ ચીજ વસ્તુઓથી બચવાના બદલામાં આપવામાં આવેલી નેઅમત છે. દુનિયામાં ઘંટડીઓનો હુકમ શું છે તેનો ઉલ્લેખ હદીષના પ્રકરણમાં થઈ ગયો છે છતાં દાખલા રૂપે એક હદીષ અમો રજુ કરીએ છીએ;

મુસ્લિમ, ભાગ–૨ અને અબૂ દાવૂદ, ભાગ–૧ માં હઝરત અબૂ હુરૈરહ્‌ની રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

''ઘંટડી શૈતાનનાં વાજાંઓ છે.'' اَلْجَرَسُ مَزَامِيْرُ الشَّيْطَانِ

હદીષમાં ઘંટડીના અવાજને શૈતાનનો અવાજ કહેવામાં આવ્યું, શૈતાનનું વાજાું કહેવામાં આવ્યું અને જન્નતમાં ઘંટડીઓનો અવાજ સંભળાવવામાં આવશે એટલે કે જન્નત દારુલ જઝા છે દુનિયા દારુલ અમલ, એકને બીજા સાથે સરખાવવું અક્કલથી તો દૂર છે પણ કુર્આન અને હદીષથી પણ ખસીને છે.

દૈલમીમાં હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત છે : નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જ્યારે કિયામતનો દિવસ આવશે તો અલ્લાહ عزوجل ફર્માવશે, ક્યાં છે એ લોકો જેઓ પોતાના કાન અને પોતાની આંખોને શૈતાનના વાજાંઓથી બચાવીને રાખતા હતા ? એમને અલગ કરો ! તો તેમને મુશ્ક અને અંબરના ટેકરાઓ પર અલગ કરશે પછી ફરિશ્તાઓને કહેવામાં આવશે :–

اَسْمِعُوْهُمْ مِنْ تَسْبِيْحِىْ وَتَمْجِيْدِىْ فَيُسْمِعُوْنَ

بِاَصْوَاتٍ لَمْ يَسْمَعِ السَّامِعُوْنَ مِثْلَهَا

અને મારી તસ્બીહ અને તમજીદ સંભળાવો તો એમને એવા અવાજ સંભળાવવામાં આવશે કે સાંભળનારાઓએ એની જેવો ક્યારે પણ સાંભળ્યો નહીં હોય.





કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૭, પેજ–૩૩૩ માં હઝરત અબૂ મૂસા અશ્અરીથી રિવાયત છે :નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

مَنِ اسْتَمَعَ اِلٰى صَوْتِ غِنَاۤءٍ لَمْ يُؤْذَنْ اَنْ

يَسْتَمِعَ اِلٰى صَوْتِ الرُّوْحَانِيِّيْنَ فِى الْجَنَّةِ

જેણે ગાયન સાંભળ્યું એને જન્નતમાં રૂહાનિય્યીનનો અવાજ સાંભળવાની રજા આપવામાં નહીં આવે.

આ બે હદીષોથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ કંઈક સાંભળવાથી આપણને આ દુનિયામાં મનાઈ ફર્માવી છે. જો આપણે એની ઉપર અમલ કરીએ તો એના બદલામાં જન્નતમાં આપણને સુંદર મજાના અવાજો સાંભળવાનો મોકો આપવામાં આવશે. અને અહીં બચવામાં ન આવે તો પછી જન્નતમાં એ પ્રમાણેની નેઅમતથી રોકી લેવામાં આવશે. સ્પષ્ટ થયું કે દારુલ અમલ અલગ છે અને દારુલ જઝા અલગ છે, બંનેને હુકમમાં એકબીજાથી સરખાવી નથી શકતા.

ઉપરોક્ત છ દલીલોથી સ્પષ્ટ થયું કે જેમણે જન્નતના સિમાથી દુનિયાના સિમા પર દલીલ કાયમ કરી તે માન્ય નથી. અક્કલથી દૂર અને સમજ વિનાનું કામ છે એવી વાતો પર ધ્યાન આપવામાં આવશે નહીં.

**સવાલ** : સંગીત સાથે સિમાને જાઈઝ કહેવાવાળાઓનું કહેવું એવું છે કે વાજિંત્રોનો ઉપયોગ રમત ગમત અને મનોરંજન માટે હોય તો જ એને હરામ અને નાજાઈઝ કહી શકાય છે, જો એ કારણ ન હોય તો એને હરામ કહેવાનું કોઈ કારણ નથી, એનો ઉપયોગ જાઈઝ છે. શામીનો પુરાવો છે કે :– اٰلَاتُ اللَّهْوِ بِمُحَرَّمَةٍ لِعَيْنِهَا بَلْ لِقَصْدِ اللَّهْوِ مِنْهَا મનોરંજનનાં સાધનો આપમેળે હરામ નથી બલ્કે એનાથી મનોરંજનનો ઈરાદો હોય તો. અને એવી ઘણી કિતાબો છે જેમાં આ પ્રમાણેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તો પછી સિમામાં જે વાજિંત્રોનો ઉપયોગ થઈ રહ્યો છે, તે અલ્લાહના ઝિક્રમાં વધારે લિજ્જત પ્રાપ્ત કરવા માટે હોય છે. એનાથી માણસ ગાફિલ નથી થતો બલ્કે ઝિક્રમાં વધારે રસ ધરાવે છે, પછી એને મનોરંજન કેવી રીતે કહી શકાય ? એટલે દરેક પ્રકારનું વાજિંત્ર સિમામાં જાઈઝ છે.

ઈઝાહુદલાલાતમાં હઝરત અબ્દુલ ગની નાબેલ્સી લખે છે :–

اَلْمُرَادُ بِاللَّهْوِ اَلْاِعْرَاضُ بِسَبَبِ ذٰلِکَ عَنِ الطَّاعَاتِ وَ نِسْيَانُ الْفَرْضِ وَ الْوَاجِبَاتِ وَ الْاِشْتِغَالُ بِالْمُحَرَّمَاتِ وَ الْمَكْرُوْهَاتِ

લહવ (મનોરંજન)નો મતલબ એને લઈને હુકમના પાલનથી મોઢું ફેરવવું અને ફરાઈઝો વાજિબાતને ભૂલવા અને હરામ અને મકરૂહમાં વ્યસ્ત થવું છે.

લતાઈફે અશરફીના વીસમા લતીફામાં હઝરત મખદૂમે પાક ગૌષે આલમ رحمۃ اللہ علیہ થી(મનોરજંન) બાબત નકલ કરવામાં આવ્યું છે તેનું ભાષાતંર આ પ્રમાણે છે :–

લહ્વ એ બેકાર વસ્તુને કહેવામાં આવે છે જે સારાં કામો અને સુંદર વાતોથી રુકાવટ કરે, દીન અને દુનિયાનાં મહત્વનાં કામોથી જુદા કરે, જેમ કે ખોટા કિસ્સાઓ અને ખરાબ વાર્તાઓ.

## ★ દરેકનો વિવાદ દલીલ નથી ! ★

**જવાબ નં. ૧ :** કોઈ વસ્તુમાં કોઈ હુકમ લગાડવામાં એવું જોવામાં લાવે કે એમાં કોઈનો વિવાદ ન હોય તો, અમલવાળા મસ્અલાઓમાં અસંખ્ય આલિમોનો વિવાદ છે, તો પછી પબ્લિકને છૂટ આપી દેવામાં આવે કે વિવાદાસ્પદ વાતોમાંથી તમને જે યોગ્ય લાગે તે લઈને અમલ કરવાનો અને તેનાથી દલીલ લઈ આવવાની, જો આમ કરવામાં આવે તો ઈસ્લામમાં એવા ફિત્નાઓ ઉભા થાય કે દીનના નામ પર કંટ્રોલ અશક્ય થઈ પડે, એટલે **એ મસ્અલો બતાવવામાં આવશે જેને ઉત્તમતા આપવામાં આવી,** ફત્વો પણ એ મંતવ્યના આધારે જ આપવામાં આવે.

## ★ શરતોનો વધારો કેમ ? ★

વાજિંત્રો સાથે સિમાને જાઈઝ કહેવાવાળાઓ દરેકના માટે જાઈઝ નથી કહેતા, તેઓ એમાં અમુક શરતોનો વધાર કરે છે, જેમ કે કવ્વાલીનો શરઈ હુકમ આ કિતાબમાં પેજ નં. ૧૦૧ પર છે : **(૧)** બાવુઝૂ ખુશ્બુ લગાડી બેસવું. **(૨)** સિમાનો આરંભ અને અંત કુર્આનની આયતો અને દુરૂદ શરીફથી કરવો. **(૩)** ઉઠવા બેસવામાં કોઈ પ્રકારની બેઅદબી ન થાય. **(૪)** જગા અને જમાનો જોવામાં આવે. **(૫)** સિમાની ઈજ્જત અને બુઝુર્ગી બાકી રાખવા. **(૬)** અમુક





ટાઈમે સાંભળવો જોઈએ. **(૭)** અવાજના સુંદર હોવાને મકસદ અને હેતુ બનાવવામાં ન આવે. **(૮)** તબીયતને શાંત રાખે, જોશ, જઝબો અને જુસ્સાને ભડકવા ન દે, એના પર શક્ય હદે કાબૂ રાખે વગેરે વગેરે.

ઉપરોક્ત શરતોનું પાલન ન કરનારને સિમાનો અહલ અને લાયક સમજવામાં નથી આવતો અને એના માટે સિમાને નાજાઈઝ અને હરામ કહેવામાં આવે છે. તો ખુલાસો એ થયો કે ખાસ પ્રકારના લોકો માટે જાઈઝ છે, સામાન્ય પબ્લિક માટે નહીં. તો પછી આ વાત ખાસ લોકોમાં જ રાખવી જોઈએ પબ્લિકમાં કેમ લાવવામાં આવી ?!

## ★ પબ્લિકનો હેતુ મનોરંજનનો હોય તો ? ★

બીજું એ કે સામાન્ય પબ્લિકમાં વધુ પડતા લોકો એવા છે જે ઘરે આરામથી રહીને ફર્ઝ અને વાજિબ પર અમલ નથી કરતા, અને તબ્લા સારંગીની સભાઓમાં દોડીને જાય છે, તો એનો કંઈ તો મતલબ હશે ?! મતલબ એ જ બતાવી શકાય છે કે એમને ફર્ઝ વાજિબથી લેવા દેવા નથી, એમને એમની ગમતી વસ્તુથી લેવા દેવા છે ! જો સંગીત સભામાંથી હટાવી દેવામાં આવશે તો એનું દિલ ત્યાં પણ લાગશે નહીં ! સારાંશ એ કે એમને મનોરંજનથી મતલબ છે, ઝિક્રથી મતલબ નથી !

## ★ પબ્લિક માટે નથી તો જાઈઝ હોવાની ચર્ચા શાથી ?! ★

ત્રીજું એ કે ખાસ લોકો સંબંધિત વસ્તુને ખાસ લોકોમાં જ રાખવામાં આવે. એના જવાઝની ચર્ચા સામાન્ય પબ્લિકમાં કરવી અવામને માર્ગેથી હટાવવું છે. અને સુન્નીઓમાં બિદઅતો ઘર કરી ગઈ હોય તો આ કારણોસર કે ઈલ્મવાળાઓની ચર્ચા ખોટી રીતે પબ્લિકમાં લાવવામાં આવી.

## ★ ના'તની સભા સિમા કેમ નહીં ?! ★

ચોથું એ કે વર્તમાનકાળમાં તબ્લા સારંગીની સભાને જ સિમા કહેવામાં આવે છે, ના'અતની સભાને ના'અતની મેહફિલ કહેવામાં આવે છે એને સિમા કોઈ કહેતું નથી, કેમ ? એટલે જ કે વાજિંત્રોને મકસદ સમજવામાં આવે છે. વાજિંત્રો હોય તો સિમા અને વાજિંત્રો ન હોય તો એ સિમા પણ નહીં. જ્યારે કે

સિમાનો મકસદ ઝિક્ર હતો અને પબ્લિકમાં ગયા પછી વાજિંત્રો જ એનો હેતુ થઈ ગયો. આ છે વબાલ ખાસ લોકોની વાતો પબ્લિકમાં લાવવાનો.

## ★ લખતા પહેલાં વિચાર કરો ★

પાંચમું એ કે એક ભાઈ પોતાની ગાડીમાં કવ્વાલી જેને જાઈઝ કહેવાવાળા પણ બજારી કવ્વાલી કહી એને હરામ કહે છે, કિતાબ "કવ્વાલીનો શરઈ હુકમ"માં જગા જગાએ એનો ઉલ્લેખ છે કે અમે બજારી કવ્વાલીઓને જાઈઝ નથી કહેતા એ હરામ છે. એક પુરાવો એ કિતાબના પેજ નં. ૧૭ પર છે :–

એ ભાઈ બજારી કવ્વાલીની કેસેટ દરવાજાનો કાચ ખુલ્લો રાખીને વગાડી રહ્યો હતો, મેં કહ્યું, ભાઈ ! આ તબ્લા સારંગીવાળી કવ્વાલી છોડો, જો તમારે સાંભળવું જ હોય તો ના'તની કેસેટો સાંભળો, બયાનોની કેસેટો સાંભળો, મસ્અલાની કેસેટો પણ મળે છે તે સાંભળો તમને ઈલ્મ પણ પ્રાપ્ત થશે અને ગુનાહથી બચી પણ જશો. એણે કહ્યું, આ કેસેટો સાંભળવી હરામ નથી જાઈઝ છે ! હવે આ દલીલ કરનાર અઠવાડિયે એક વખત જુમ્આની બે ર'કાત માટે મસ્જિદમાં આવે છે તેથી અધિક એની પાસે દીન અને ધર્મનું નામ નથી, એ તો બીજા દિવસે "કવ્વાલીનો શરઈ હુકમ" કિતાબ લઈને આવ્યો અને કહ્યું, જુઓ ! આ બધી કેસેટો જ અમે સાંભળીએ છીએ તે હરામ નથી જાઈઝ છે. ઉપરોક્ત કિતાબ મારી સમક્ષ પ્રથમવાર આવી હતી એટલે એમાં શું લખાણ છે તેની મને ખબર ન હતી, તો મેં કહ્યું, લાવો ! હું પહેલાં એનું વાંચન કરું પછી બતાવીશ. તો મને જગા જગાએ એ વાંચન કરવા મળ્યું કે બજારી કવ્વાલીઓ એમના નજીક પણ નાજાઈઝ અને હરામ છે, એમના લખાણનો હેતુ બુઝુર્ગોની સભા પર શંકા ન લાવવાનો છે, પણ પબ્લિક એવી નાઝુક વસ્તુઓને શું સમજે ! એમને તો એમની મસ્તીથી મતલબ, એના માટે છૂટ છાટ મળવી જોઈએ.

જો ઉપરોક્ત કિતાબ એની પાસે જ ન હોત તો એ બજારી કવ્વાલીને જાઈઝ ન સમજતો, પણ જાઈઝ સમજવાનું કારણ ઉપરોક્ત કિતાબ છે.

## ★ પબ્લિકની ગુમરાહીનું કારણ ★

છઠ્ઠું એ કે એક ભાઈ મુહમ્મદ રફીના ગાયનોની કેસેટ વગાડી રહ્યો હતો, અમુક જૂના ગાયનોમાં થોડી ઘણી નસીહતો અને શિખામણ હોય છે પણ





તેમાં મર્દો સાથે સ્ત્રીઓનો અવાજ પણ હોય છે એટલે જાઈઝ કહેવાનો તો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પણ એ ભાઈને એવી કેસેટો સાંભળવાથી મનાઈ કરવામાં આવી તો એણે કહ્યું, કવ્વાલીની કેસેટો લોકો સાંભળે છે, સિમામાં મ્યુઝિક વાગે છે, પછી આમાં અને તેમાં શું તફાવત છે ?! બંને એક સરખુ છે ! તમે લોકો એટલા સુધારવાવાળા છો તો દરગાહો પર કવ્વાલીની સભાઓ થાય છે એનું શું ?! અજમેરમાં જઈને જુઓ, હું પોતે ત્યાં ગયો છું અને ત્યાં મેં સિમાખાનામાં કવ્વાલી સાંભળી છે, એમાં સ્ત્રીઓ પણ ગાતી હોય છે, જ્યારે ત્યાં થાય છે તો પછી આમાં અને તેમાં કોઈ ફરક નથી.

## ★ બનાવ કહીને ન ખસો ! ★

જાઈઝ કહેવાવાળાઓ સમજે કે આ તો માત્ર એક બનાવ છે પણ આવા બનાવો તો કેટલા લોકો સાથે બનતા હશે, તે લોકોમાં કસમજ આવવાનું કારણ એની સિવાય બીજું શું બતાવી શકાય છે કે પબ્લિક સમજી ન શકે એવા મસ્અલાઓ પબ્લિકમાં લાવવા. સારાંશ એ કે એ પ્રમાણેની કિતાબોથી પબ્લિક બજારી કવ્વાલીઓમાં વ્યસ્ત થઈ, પછી આગળ વધતાં અન્ય ગાયનોની કેસેટોને સાંભળીને એના પર જવાઝની દલીલો લાવવા લાગી. તો આ છે એ ઉખાણાનો દાખલો કે વાંદરાના હાથમાં અસ્તરો આપવો ! મૌલ્વી રિઝાઉલ હક્ક તો દિલ દિલમાં ખુશ હશે કે મેં મહાન કામ કર્યુ ! પણ એ મહાન કામ નથી, પબ્લિકને બેરાહ બનાવવાનું મોટુ કારણ છે. એમણે તો અસ્તરો આપી જ દીધો છે, દાઢી છોલે કે ગળુ કાપે !

## ★ પબ્લિકની શંકા ★

સાતમું એ કે પબ્લિકને કહેવામાં આવે કે મ્યુઝિક અને તબ્લા સારંગીવાળો સિમા તમારી જેવા ગાફિલ લોકો માટે નથી એ તો અલ્લાહવાળાઓ માટે છે, એમના માટે જાઈઝ છે અને તમારી જેવા લોકો માટે હરામ છે. તો તેઓ કહેશે કે અલ્લાહના કાયદામાં આ તફાવત કેવો ?! પબ્લિક માટે હરામ અને પીર, બુઝુર્ગો માટે હલાલ આ તો પેલા ઉખાણા જેવું લાગે છે કે કાઝીની મારેલી હલાલ, અને આપણી મારેલી હરામ ! આનાથી પબ્લિકને દીન અને ધર્મના કાયદા કાનૂનમાં શંકા ઉપસ્થિત થઈ શકે છે. એ કેવું એકના માટે હલાલ અને બીજાના માટે હરામ. અને આ માત્ર શંકા જ રહેશે નહીં બલ્કે જો પોતાના મુખેથી કોઈ ખરાબ વાત ઈસ્લામ અથવા શરીઅત બાબતે

બોલે તો એનું ઈમાન પણ ખરાબ થઈ શકે છે.

## ★ શું તમે પોતાને ખરાબ કહેશો ! ★

આઠમું એ કે કોઈ વ્યક્તિ પોતાની માને ડાકણ ન કહે, આ ઉખાણા અનુસાર દરેક વ્યક્તિ આમ જ કહેશે કે અમે જે કંઈ સાંભળીએ છીએ એમાં અમારી નિય્યત મનોરંજનની નથી, રમત ગમતની નથી, તો તમે શું કહેશો ?! રમત ગમતનો આધાર નિય્યત પર આધારિત છે તો કોઈ વ્યક્તિ કબૂલ કરે તો એના માટે હરામ કહેવામાં આવશે, પણ એને સાંભળવું હોય તો એ એવું જ કહેવાનો છે કે મારી નિય્યત રમત ગમતની નથી ! રમત ગમત નિય્યત પર આધારિત છે અને નિય્યત દિલનો ઈરાદો છે, એને આપણે જોઈ શકતા નથી, પછી તો રમત ગમતની નિય્યતે હરામ કહેવું હરામ ન કહેવા બરાબર છે.

## ★ શર્તનો વધારો કેમ ? ★

નવમું એ કે **હદીષોમાં વાજિંત્રોને હરામ કહેવામાં આવ્યાં** અને **એમાં એવી કોઈ શર્તનો વધારો કરવામાં આવ્યો નથી**, અને **એવી એક હદીષ હોય તો** માન્યું, હદીષના પ્રકરણમાં જુઓ કેટલી હદીષોનો ઉલ્લેખ થયો છે, પછી હરામ કહેવામાં રમત ગમતની નિય્યતનો વધારો હરામને હરામ ન કહેવા બરાબર છે જેમ કે સાતમા નંબરમાં જાણ્યું.

## ★ વાજિંત્રો મનોરંજન માટે જ છે ★

દસમું વાજિંત્રો તો એની જગાએ મનોરંજન માટે જ હોય છે અને દુનિયામાં એનો ઉપયોગ સારા લોકો કરતા હોય એવો દાખલો કયાંયથી પણ નથી મળી શકતો એટલે એના ખરાબ હોવામાં તો શંકા જ શું ?! પાછલા પ્રકરણોને ફરીથી વાંચો તો તમને જાણવા મળશે કે સહાબા ઘંટડીનો અવાજ પણ પસંદ ન કરતા, નાની છોકરીઓના પગોમાં ઝાંઝરીને પર કબૂલ ન કરતા, તેઓ પોતે પણ ન કરતા અને બીજાને કરવા પણ ન દેતા તો તેઓ વાજિંત્રોને કેમ કરી કબૂલી શકે છે ?!

## ★ સહાબા પર આક્ષેપ ન મૂકો તો પણ ★

અગ્યારમું એ કે સહાબા વાજિંત્રોવાળી સભાઓ કરત તો એમની ઉપર





કોઈ રમત ગમત અને મનોરંજનની તોહમત નથી લગાડી શકતું. કારણ કે તેમને નબીની ખિદમતમાં રહેવાની ઈજ્જત પ્રાપ્ત છે, અલ્લાહ અને એના નબીએ એમનાં વખાણ કર્યાં છે પણ એમણે તો કોઈ આવી સભા નથી કરી. અને રસ્તામાં કોઈ જગાએથી કોઈ એવો અવાજ સંભળાતો તો તેઓ પોતાના કાનમાં આંગળી નાખીને તેને સાંભળવાથી પોતાને બચાવતા. જેમ કે હઝરત ઈબ્ને ઉમરના વાક્યાનો ઉલ્લેખ થઈ ગયો છે, જ્યારે કોઈ વ્યક્તિ એ જગાએ હાજર નથી તો રમત ગમતનો શો સવાલ, દૂરથી પસાર થનાર માણસ પર એ સાંભળવા પર શંકા પણ કોણ કરી શકે, તો પણ એમણે સાંભળવાનું પસંદ ન કર્યું. તો શું એમને ખબર ન હતી કે વાજિંત્રો રમત ગમત અને મનોરંજનની નિય્યતથી હોય તો હરામ છે. તેઓ પોતાના માટે હરામ કેમ સમજતા હતા ?! સારાંશ એ કે વાજિંત્રો વગાડવામાં અને એનાથી ફાયદો પ્રાપ્ત કરવામાં રમત ગમતની નિય્યતની શર્ત અર્થહિન છે, એનાથી રસૂલે પાકનાં અસંખ્ય ફર્માનોનો ભંગ થઈ રહ્યો છે.

## ★ રમત ગમતનો મતલબ શું છે ? ★

બારમું એ કે રમત ગમતનો મતલબ એ છે કે જેને લોકો રમત ગમતના તરીકા પર ઉપયોગ કરે અને એવાં વાજિંત્રોને રમત ગમતમાં ઉપયોગ કરવું લોકોમાં ખ્યાતિ પામેલ હોય, તો પછી એવાં વાજિંત્રો ગમે તે ઉપયોગમાં લાવશે અને રમત ગમત માટે હોવાની ખ્યાતિને લઈને એને એ જ હુકમ આપવામાં આવશે. જો આ વાત માન્ય રાખવામાં ન આવે તો આ સવાલ જરૂરથી ઉપસ્થિત થશે કે નબી અને સહાબાએ આ પ્રમાણેની સભાઓ કેમ ન કરી ?!

## ★ ચિશ્તી બુઝુર્ગોનો વાજિંત્રોથી ઈન્કાર ★

તેરમું એ કે માત્ર એ જોવામાં ન આવે કે કોણે જાઈઝ કહ્યું, કારણ કે જેમણે કરેલું છે તેમણે પ્રથમ કર્યું અને પછી પોતાના અમલને તોહમતથી બચાવવા દલીલની શોધ શરૂ કરી તો અમલમાં વિવાદ હોય જ છે પણ એ વિવાદમાં એ જોવાનું છે કે ઉમ્મતનો મોટો ભાગ કઈ વાત તરફ છે. જે તરફ લોકોનો વધારો હશે તે વાતને ઉત્તમતા આપી દરેકને એ જ ફત્વો આપવામાં આવશે, અને દરેકને એ જ હુકમ બતાવવામાં આવશે. અહલે સુન્નતમાં પોતાને ચિશ્તી તરીકે ઓળખાવનારાઓ છોડીને કોઈ પણ મુસલમાન ધર્મની દષ્ટિએ

આ કામ કરતો નથી અને ધર્મ તરીકે મ્યુઝિકને માન્ય રાખતો નથી અને ચિશતીઓમાં પણ અમુક જ લોકો છે જે આ કામ કરે છે. હઝરત મહબૂબે ઈલાહીના ખલીફા હઝરત ફખ્રુદ્દીન પોતાની કિતાબ ઓસૂલુસ્સિમામાં લખે છે :–

اَمَّا سِمَاعُ مَشَائِخِنَا فَبَرِیٌ عَنْ هٰذِهِ التُّهْمَةِ فَهُوَ مُجَرَّدُ صَوْتِ الْقَوَّالِ مَعَ الْاَشْعَارِ الْمُشْعِرَةِ مِنْ كَمَالِ صَنْعَةِ اللّٰهِ

અમારા શૈખોનો સિમા આ આક્ષેપથી પાક છે, એ તો માત્ર કવ્વાલોનો અવાજ હોય છે એવી શાયરીમાં જે અલ્લાહની કારીગરીના કમાલની જાણ કરાવે.

જે લોકો તરફ સંબંધ કરીને મ્યુઝિકવાળો સિમા જાઈઝ કરવામાં આવે છે તેમની શહાદત તો એ છે કે અમારા સિમામાં વાજિંત્રો નથી હોતાં ! એ તોહમત અને આક્ષેપ અમારા સિમા પર લગાડવામાં આવશે નહીં. સ્પષ્ટ થયું કે સઘળા ચિશતીઓમાં આ વબા નથી અમુકમાં હશે. હવે નિર્ણય તમારે ન્યાયથી લેવાનો છે કે અહલે સુન્નતની બહુમતી કઈ તરફ છે અને તેઓ વાજિંત્રોને ધર્મની દષ્ટિએ શું સમજે છે ? તો પછી બહુમતીને માન આપી એના પર જ ફત્વો આપવામાં આવશે. જવાઝની કિતાબો લખનાર અને છપાવનારને શક્ય છે કે આ કાયદાની ખબર નથી તો તેમણે કંઈક કરતાં પહેલાં કાયદાનું ઈલ્મ લેવું જોઈએ, નહીં તો નીમ મુલ્લા ખતરે ઈમાન જેવું થાય. સુન્નીઓમાં વર્તમાનકાળમાં જે ખરાબીઓ જોવા મળે છે તેનો મોટો ભાગ નીમ મુલ્લા લોકો તરફથી જ પબ્લિકમાં આવેલો છે.

## ★ બહુમતીને ભૂલીને વાત ન કરો ★

ચૌદમું એ કે તમે જાઈઝ કરવામાં બે પાંચની વાતોને ફેરવીને કહો છો કે ફલાણા ફલાણાએ જાઈઝ કહ્યું છે, અને હરામ હોવાવાળી વાત અસંખ્ય લોકોએ કહી છે બલ્કે હરામ કહેવાવાળાઓને સહાબા અને નબીનો પણ સાથ છે, પછી હરામવાળી વાત તમારા ગળા નીચે કેમ નથી ઉતરતી ? તમને ધર્મ તરીકે એટલી તો સમજ હશે કે જે તરફ સહાબા અને નબી હોય તે પલ્લુ જ ભારે કહેવાય પછી પણ બે પાંચની વાત બતાવીને પબ્લિકને સત્ય માર્ગેથી હટાવવાની કોશિશ કરે છે ? મૌલ્વી લોકોથી દુશ્મની હોય તો કંઈ નહીં ! પણ નબી અને સહાબાનો તો ખયાલ રાખો !!





## ★ સ્પષ્ટ કેમ કરી બદલાય ? ★

પંદરમું એ કે પોતાના કરેલા કામને છોડવું ન હોય અને એના કરવા છતાં નામ નીચે પણ ન જવા દેવું હોય અને એના માટે કુર્આન અને હદીષના ફર્માનો પર શર્તોનો વધારો કરવો હોય તો, એ પ્રમાણે દરેક પોતાની વાત કુર્આન અને હદીષથી સાબિત કરી લે. શું તમને ખબર છે કે દરેક બદ્અકીદા પોતાની બદ્અકીદગી પર કુર્આન અને હદીષથી જ દલીલ લાવે છે, અને દલીલ બનાવવા માટે પોતાના તરફથી પણ શરતોનો વધારો કરી લે છે, માત્ર કોઈની વાત નકલ કરી લેવી કમાલ નથી કમાલ તો એ છે કે એ જોવામાં આવે કે તે લખનાર માત્ર નકલ તો કરે છે પણ એ પોતે એના પર અમલ કરે છે કે પછી એણે બીજાની વાત માત્ર જાણ કરવા નકલ કરી છે. હઝરત મહબૂબે ઈલાહીના ખલીફા હઝરત ફખ્રુદ્દીને સિમા બાબત વાતો નકલ તો કરી પણ પોતાનો અને મહબૂબે ઈલાહીનો અમલ બતાવ્યો કે અમે તો વાજિંત્રો અમારી સભામાં નથી આવવા દેતા કેમ ? અને લખ્યું, અમારો સિમા તોહમતથી પાક છે, તોહમત કોને કહેવામાં આવે છે ? શું હલાલ અને જાઈઝ તોહમતમાં જાય છે ? ફારસીમાં કહેવામાં આવે છે "નકલ રા અકલ બાયદ" નકલ માટે અક્કલની જરૂરત છે.

**નોંધ** : જે સિમામાં જવાઝ (જાઈઝ હોવાની)ની દલીલો માત્ર સારી શાયરી પઢવા અને સાંભળવા માટે છે તેને અમે પણ માન્ય રાખીએ છીએ, અમારો વિરોધ સંગીત અને મ્યુઝિકને લઈને છે, અને બીજી ખરાબીઓ હશે તો તેને જોવામાં આવશે અને પછી નિર્ણય લેવામાં આવશે.

## ★ આ'લા હઝરતની સમજ ★

બીજું એ કે આ'લા હઝરતના ફતાવા જે મ્યુઝિકવાળા સિમા બાબતે છે વર્ણન થઈ ગયા છે એટલે એવું સમજવામાં ન આવે કે આ'લા હઝરતે જે ફર્માવ્યું કે "આલાતે લહ્વ બર વજહે લહ્વ હરામ અસ્ત"નો મતલબ એવો લેવામાં આવે જેવો ખોટી રીતે દલીલો લેવાની આદત બનાવેલ લે છે, વારંવાર વાંચન કરશો તો તમને દરેક શંકાનો જવાબ એ ફતાવામાં મળી આવશે.

અને એ સ્પષ્ટ થઈ જશે કે આ'લા હઝરત મ્યુઝિકવાળા સિમાને કોઈ પણ રીતે કબૂલવા તેયાર નથી, એમના મંતવ્ય પ્રમાણે બોલાવનાર, ગાનાર, સાંભળનાર સર્વ ગુનેહગાર છે.

## ★ મહબૂબે ઈલાહીનો સિમા ★

સોળમું એ કે ફવાઈદુલ ફવાઈદમાં હઝરત મહબૂબે ઈલાહીની વાત નકલ કરવામાં આવી છે " સિમા એક વિવાદાસ્પદ મસ્અલો છે, ઈમામ શાફઈએ દફ સાથે સિમા જાઈઝ કર્યો છે જ્યારે અમારા હનફી મશાઈખે એની પણ રજા નથી આપી."

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ એ એ સાબિત કરી બતાવ્યું કે માત્ર દફની રજા શાફેઈમાં જોવા મળે છે, અમારા હનફી ઈમામોએ તો એની પણ રજા નથી આપી. પછી હનફીએ શું કરવું જોઈએ ?

## ★ ચિરાગ દહેલ્વીનો ફેંસલો ★

સત્તરમું એ કે અખ્બારુલ અખ્યારમાં હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ એ ખૈરુલ મજાલિસના પુરાવાથી એ વાત નકલ કરી છે કે (હઝરત મહબૂબે ઈલાહીના ખલીફએ ખાસ) હઝરત નસીરૂદ્દીન મહમૂદ (ચિરાગ દહેલ્વી) ફર્માવે છે, "વિવાદ તો માત્ર સિમા બાબત છે કે અન્ય આલિમોના નિકટ સિમા અમુક શરતો સાથે અહલ (લાયક) હઝરાત માટે મુબાહ છે, જ્યાં સુધી વાજાંઓનો સંબંધ છે તો એ એકમતીથી હરામ છે."

## ★ મૂર્ખ ન બનાવો ! ★

એમના કહેવાનો ભાવાર્થ એવો છે કે લોકો બેવકૂફ અને મૂર્ખ બનાવવા માટે કહે છે કે, "મ્યુઝિક અને વાજાંઓવાળો સિમા વિવાદાસ્પદ છે, અને એમાં આલિમોનાં અલગ અલગ મંતવ્યો છે." ફર્માવે છે : વાત એવી નથી, વાજાંઓ તો ઓલમાની એકમતીથી હરામ છે, એના હરામ હોવામાં તો કોઈ શંકા જ નથી. વિવાદાસ્પદ સિમા તો વાજાંઓ વિનાનો છે કે એને દરેક માટે જાઈઝ કહેવો કે પછી એમાં પણ શરતોનો વધારો કરવો ? તો એવા સિમાના જાઈઝ હોવામાં પણ આલિમોએ શરતો લગાડી છે, જો શરતોનું પાલન ન થાય તો વાજાં વિનાનો સિમા પણ એવા વ્યક્તિ માટે જાઈઝ ઠરશે નહીં.

## ★ ચિરાગ દહેલ્વી સૂફી પણ હતા ★

ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ પણ સૂફી સંત છે, ચિશ્તી છે, હઝરત મહબૂબે





ઈલાહીના ખલીફા છે, આલિમે દીન છે, કેટલો સુંદર જવાબ આપ્યો કે વાજિંત્રોના હરામ હોવા પર ઉમ્મતનો ઈજમાઅ છે, પછી એક બે વ્યક્તિની વાતને લઈને બહુમતીનો નિર્ણય છોડવો, અને એના માટે હજારો ખરાબીઓના દરવાજા ખોલવા દીનદારીનું કામ નથી, દીનદારીના નામથી મુસ્લિમ પબ્લિકને ગુમરાહીના માર્ગે લઈ જવું છે કારણ કે જવાઝવાળી વાતો એમના સમજ બહારની વાતો છે.

## ★ પબ્લિકને તો કોઈ ફાયદો જ નથી ★

જવાઝ (જાઈઝ હોવા)ની વાતોથી પબ્લિકને કોઈ ફાયદો જ નથી કારણ કે પબ્લિક માટે સંગતનો હુકમ આપવામાં નથી આવ્યો. બુઝુર્ગો માટે જાઈઝ કહેનાર પણ પબ્લિક માટે એના હરામ હોવાનો ફત્વો આપે છે. પછી એ જવાઝથી પબ્લિકને કયો ફાયદો ? એમના માટે તો હરામ જ છે. નુકસાન એ કે જેઓ આ વાતને સમજી નથી શકતા અને તેમાં પબ્લિકનો મોટો ભાગ છે. તેઓ આ પ્રમાણેની કિતાબોને પોતાના મ્યુઝિક અને સંગીત સાંભળવામાં દલીલ બનાવશે. એટલે પોતે ગુમરાહ થશે અને બીજાને ગુમરાહ કરશે. અને કરશે શું ? આમ થઈ જ રહ્યું છે ! વધુ પડતા સુન્નીઓ પોતાના સુન્ની હોવામાં આ પ્રમાણેની વાતોને જ મહત્વ આપતા હોય છે.

## ★ બજારી કવ્વાલી હરામ કેમ ?! ★

બુઝુર્ગો માટે મ્યુઝિકને જાઈઝ કહેવાવાળાઓ આજે પણ કહે છે કે બજારી કવ્વાલીઓને અમે જાઈઝ નથી માનતા, એમાં સિમાની શરતોનું પાલન નથી હોતું, એ પ્રમાણેની સભાઓની રજા નથી, અને એ પ્રમાણેની કવ્વાલીઓના હરામ હોવામાં બેમત નથી. પણ એમને એવી ખબર નથી કે તમે જેમને માનો છે તેમને બચાવવા વાતો બનાવી કોશિશ કરો છો, તમે પોતે તો બુઝુર્ગો માટે જાઈઝ કહીને ખસી ગયા, પણ પબ્લિકે એ વાત માન્ય ન રાખી અને એ જવાઝમાં પોતાને દાખલ કર્યા, જેનું પરિણામ એ આવ્યું કે પબ્લિકે પોતાની વાસનાઓ પૂરી કરવા ગમે તે કવ્વાલને સ્વીકારી લીધો, ઘરમાંથી આ બલા બહાર આવી, રસ્તાઓ અને માર્ગો પર મનોરંજન માટે આ સભાઓ થવા લાગી, એમાં ના'તો અને મનકબતો સાથે ગઝલો લાગી, પ્રગતિ કરતાં એમાં ફિલ્મી ગાયનોની માંગ થવા માંડી, પ્રગતિ કરતાં, એમાં સ્ત્રીઓને પણ આમંત્રણ આપવા લાગ્યા,

પ્રગતિ કરતાં, કવ્વાલણને પણ બોલાવા લાગ્યા, પ્રગતિ કરતાં સ્ત્રી પુરૂષ કવ્વાલ અને કવ્વાલણમાં મુકાબલો થવા લાગ્યો, અને કોની હિંમત કે જઈને મનાઈ કરે ?! દરેક વ્યક્તિ પોતે જ મુફતી ! તરત જવાબ આપે, હે મૂર્ખ ! અહીંથી ચાલ્યો જા ! તું ગુમરાહ બદ્દીન લાગે છે, કવ્વાલી પણ જાઈઝ છે ! અને મ્યુઝિક પણ જાઈઝ છે ! આ છે જાઈઝ નાજાઈઝ અને નાજાઈઝમાં ફરક કરવાનું પરિણામ, પબ્લિક પોતે પણ ગુમરાહ બની અને બીજાઓને પણ ગુમરાહ બનાવી રહી છે. મારા કહેવાનો ભાવાર્થ એ છે કે દરગાહો પર, મઝારો પર અને કહેવાતી ખાનકાહોમાં જે કંઈ થઈ રહ્યું છે અને થશે તે બધાના જવાબદાર કવ્વાલીમાં મ્યુઝિકને વી.આઈ.પી. લોકો માટે જાઈઝ કહેવાવાળાઓ છે.

**લમ્હોંને ખતા કી થી સદીયોંને સજા પાઈ**

## ★ આટલું જરૂરથી કરશો ★

બુઝુર્ગો માટે મ્યુઝિકવાળી કવ્વાલી અને સિમાને જાઈઝ કહેવાવાળાએ ખાનકાહી લોકોની વાહ ! વાહ ! મેળવવા અને એમના જાહિલ મુરીદોથી પોતાનું પાકિટ ભરવા જવાઝની કિતાબ લખીને વાહ વાહ અને શાબાશી તો પ્રાપ્ત કરી લીધી હશે, અને દુનિયાની દોલતમાંથી પાંચ પચ્ચીસ મળ્યા પણ હશે, પણ મારી એમને એ ભલામણ છે કે જો તેઓ આખેરતમાં પોતાને બચાવવા ઈચ્છતા હોય તો તેઓ આમ તો કહે છે કે બજારી કવ્વાલીઓ અને દરગાહો પર થતા કવ્વાલ અને કવ્વાલણના મુકાબલા એમના નજીક નાજાઈઝ અને હરામ છે. પણ પબ્લિકે એમના વી.આઈ.પી.ના બનાવેલ કાયદાને પોતાને પણ વી.આઈ.પી. સમજીને અપનાવી લીધા છે તો તેઓ નાના નાના પરચા બનાવીને ઉર્સોમાં, મસ્જિદોમાં, જુમ્આના દિવસે જુમ્આ મસ્જિદમાં સામાન્ય પબ્લિકને આપે છે કે મ્યુઝિકવાળી કવ્વાલી તમારા માટે હરામ છે, ઉર્સમાં તમે જે મુકાબલા કરાવો છો તે તમારા માટે જાઈઝ નથી એટલે તમે લોકો અમારા લખાણનો મતલબ સમજી નથી શક્યા એટલે અમે અલગથી લખાણ કરીને તમને બતાવીએ છીએ કે તમારાં આ કામો હરામ છે. પછી તમે જોશો કે લોકો પોતે ગુમરાહ થઈને તમને પણ ગુમરાહ કહે છે કે નહીં ?! તો ખુદારા પોતાની આકેબતની ફિકર કરો અને હરામને હરામની હદમાં રહેવા દો.





## ★ દલીલ લાવતાં પણ શીખો ★

અઢારમું એ કે પૂર્વજ બુઝુર્ગો માટે જે વાજિંત્રોવાળો સિમા માનવામાં આવે છે તે ભરોસાપાત્ર અને આધારભૂત કિતાબોથી સાબિત નથી. માત્ર વાક્યા અને કિસ્સા કહાનીઓ છે, માત્ર વાક્યા અને કિસ્સા કહાનીઓ પર ભરોસો કરીને કોઈના માટે આ પ્રમાણેની વાત સાબિત ન કરી શકાય, શક્ય છે કે ઢોંગી લોકોએ પોતાના કામોને માફીના વર્તુળમાં રાખવા માટે આ પ્રમાણેનું કાવત્રુ કર્યું હોય. રસૂલે પાકની હદીષ, સનદો, રિવાયતો અને પૂરા ભરોસાની સાથે નકલ કરવામાં આવી અને આપણી સુધી પહોંચાડવામાં આવી તો પણ તેમાં જુદા જુદા દરવાજાઓ રાખવામાં આવ્યા, અમુકને ઝઈફ (અશક્ત) અમુકને મૌઝૂઅ (બનાવટી) કહેવામાં આવી. તો પછી જે વાક્યા અને કિસ્સા ગમે તેવી કિતાબોમાં નકલ કરવામાં આવ્યા છે એને કેમ કરી માની લેવાય ! આ જવાબના વધુ ઉલ્લેખ માટે ત્રીજા પ્રકરણમાં આ'લા હઝરતના ફતાવાનું ફરીથી વાંચન કરો.

## ★ નબીનું ફર્માન દલીલ છે ★

ઓગણીસમું એ કે કોણે કર્યું અને કોણે નથી કર્યું એનાથી અમને કોઈ મતલબ નથી, અમે તો એના હરામ હોવામાં રસૂલે પાકનું ફર્માન જોઈ રહ્યા છીએ, આપના પછી સહાબાનો અમલ જોઈ રહ્યા છીએ. આલિમો અને ઈમામોની બહુમતી જોઈ રહ્યા છીએ, હરામ કહેવામાં અમારી પાસે સંપૂર્ણ પુરાવા અને દલીલો છે. પછી અમને કોઈના કામને જોવાની જરૂરત નથી, એવાં કામ કરનારાઓને તૌબાની જરૂરત છે, એવાં કામો છોડવાની જરૂરત છે. એવું નહીં કે એમના કામને સત્ય માનવા માટે હદીષોને બદલી નાખીએ. હદીષો મુજબ અમલો બનાવો, અમલો મુજબ હદીષો ન ફેરવો. અમે એ વાત માન્ય રાખતા જ નથી કે પૂર્વજ બુઝુર્ગોએ મ્યુઝિક અને વાજિંત્રોવાળો સિમા કર્યો હોય. અમે તો એ વાતોને બુઝુર્ગો માટે તોહમત અને આક્ષેપ માનીએ છીએ, જેમ કે આ'લા હઝરતે પોતાના ફતાવામાં ફર્માવ્યું જેનું વર્ણન થઈ ગયું.

## ★ ઈમામ હલવાનીની સત્યતા ★

વીસમું એ કે ફતાવા આલમગીરીમાં છે : અલ્લામા શમ્સુલ અઈમ્મા હલવાનીએ ફર્માવ્યું :–

اَلْقَوْلُ وَالرَّقْصُ الَّذِیْ یَفْعَلُهُ الْمُتَصَوِّفَةُ فِیْ زَمَانِنَا حَرَامٌ لَایَجُوْزُ الْقَصْدُ اِلَیْهِ وَالْجُلُوْسُ عَلَیْهِ وَهُوَ الْغِنَآءُ وَالْمَزَامِیْرُ سَوَآءٌ وَجَوَّزَهُ اَهْلُ التَّصَوُّفِ وَاحْتَجُّوْا بِفِعْلِ الْمَشَائِخِ مِنْ قَبْلِهِمْ قَالَ وَعِنْدِیْ یَفْعَلُوْنَ غَیْرَ مَایَفْعَلُهُ هٰؤُلَاءِ

"કવ્વાલી અને નાચવું જેને અમારા જમાનાના સૂફી લોકો કરે છે હરામ છે. એનો ઈરાદો કરવો અને એમાં બેસવું જાઈઝ નથી, ગાવું અને વાજિંત્રો બંને બરાબર છે. તસવ્વુફવાળાઓએ એને જાઈઝ કર્યું અને એમનાથી આગળના બુઝુર્ગોથી દલીલ કાયમ કરી. મારું કહેવું તો એવું છે કે તેઓ જે કરતા હશે આમનાથી અલગ હતું."

અલ્લામા હલવાનીનું કહેવું એવું છે કે (સદીઓ પહેલાંની વાત છે) સૂફી સંતો જે વાજિંત્રો સાથે સિમાની સભાનું આયોજન કરે છે તે હરામ છે, એમાં જવાની રજા નથી. અને તેઓ જે પોતાની આગળના સૂફી સંતોની દલીલો આપે છે તે માન્ય નથી. દલીલ આપવા માટે દરેક પ્રકારથી એક જેવું હોવું જરૂરી છે, જો દરેક પ્રકારથી એક જેવું ન હોય તો હુકમ એક નથી થઈ શકતો.

જ્યારે સદીઓ પહેલાં સૂફી સંતોની વાજિંત્રોવાળી સિમાને હરામ કહેવામાં આવ્યું તો પછી આજની સિમાઓ બાબત તમારું કહેવું શું છે ? તેવા પીરો આજે નથી, તેવા મુરીદો આજે નથી, તેવી નિય્યતો આજે નથી, તેવો માહોલ આજે નથી, તેવા કવ્વાલો આજે નથી, પછી યે મુંહ અને મસૂરકી દાલ !!

## ★ હરામને હલાલ કોણ કરી શકે ?! ★

એકવીસમું એ કે જે લોકોએ સૂફી સંતો માટે જાઈઝ કહ્યું છે તે જાઈઝનો મતલબ એવો નથી કે જાઈઝ કરી દેવામાં આવ્યું, હરામને જાઈઝ અને હલાલ કરવાનો અધિકાર માત્ર અલ્લાહનો છે અને અલ્લાહની અતાથી આપણા નબીનો છે. એ સિવાય એ અધિકાર કોઈને આપવામાં આવ્યો નથી, એટલે ફલાણાએ ફલાણા માટે જાઈઝ કહ્યું છે, દલીલ તદ્દન પાયા વિનાની છે, એક મુસલમાન પણ આ અધિકાર કોઈના માટે કબૂલી શકતો નથી. ઈમામે મુજતહિદને પણ એ અધિકાર નથી કે હદીષમાં જેને સ્પષ્ટ શબ્દોમાં હરામ કહેવામાં આવ્યું તેને હલાલ કરે. જ્યારે ઈમામે મુજતહિદને હક્ક નથી તો પછી બીજા કોઈ આલિમના હક્કનો દા'વો માન્ય થઈ શકતો જ નથી અને કોઈ આમ કરી પણ નથી શકતું.





## ★ સમજો અને પછી બોલો ★

સારાંશ એ કે જાઈઝ કહેવાવાળાઓનો મતલબ એવા સૂફી સંતો માટે માફીનો છે કે એમના ઈશ્કની બીમારીનો ઈલાજ એમના માટે એની સિવાય બીજો નથી, એટલે જે વ્યક્તિ બીમારીમાં હોય અને એનો ઈલાજ હરામ સિવાય ન હોય તો મજબૂરી અને લાચારીની સ્થિતિમાં એ વ્યક્તિ માટે એ ચીજ માફીના સ્થાને આવી જાય છે. જેમ કે કોઈ માણસ એટલો બીમાર છે કે એને લોહી આપવામાં ન આવે તો એનો પ્રાણ ચાલ્યો જાય તો શરીઅત એ હાલતમાં એને લોહી લેવાની રજા આપે છે, કોઈનું ઓપ્રેશન થવાનું હોય તો એને બેહોશ કરવા ઈંજેકશન લગાડવામાં આવે છે તો એના માટે માફીના સ્થાને છે, કોઈ માણસ તરસ્યો હોય અથવા ભૂખ્યો હોય અને એનો પ્રાણ ચાલી જાય અને હલાલ કંઈ જ નથી જેનાથી પ્રાણ બચાવી શકાય તો પછી પ્રાણ બચાવવા માટે એ વ્યક્તિ માટે માફીના સ્થાને છે. તે જાઈઝ અને હલાલનો મતલબ (કાયમ માટે) જાઈઝ અને હલાલ નથી, હરામને હલાલનું સ્થાન મળી શકતું નથી પણ મજબૂર અને લાચારને જરૂરત જેટલી રજા આપવામાં આવી તો એ રજા માફી છે. એટલે મોટા આલિમોની વાતો નકલ કરીને પોતાને હોશિયાર સમજનાર આ વાતને ભૂલે નહીં, હરામ હરામ જ છે ! પણ જો કોઈ સાચો આશિક જેના ઈશ્ક પર અવામ અને ખવાસની એકમતી થઈ જાય તો પછી એવા વ્યક્તિ માટે લાચાર અને મજબૂર સમજીને વાજિંત્રોવાળો સિમા માફીના સ્થાને છે, તો પછી તમે દરેક સૂફી સંત માટે એની રજા કેવી રીતે સમજી શકો છો ? વર્તમાનકાળમાં મને તો કોઈ એવો ઈશ્કવાળો નથી જોવા મળતો ! ઈમામ હલવાનીના મંતવ્યના આધારે તો સદીઓ પહેલાં પણ એવા સૂફી સંતો ન હતા, શક્ય છે કે ઈમામ ગિઝાલીના જમાનામાં કોઈ રહ્યું હોય પણ એ એક હજાર વર્ષો પહેલાંની વાત છે. તેને આજના સૂફીઓ સાથે મેળવવું અલ્લાહ તથા રસૂલ અને એમના ધર્મ સાથે મજાક કરવા જેવી વાત છે. અલ્લાહના વાસ્તે જેટલું જ્ઞાન હોય એટલું બોલો, હાથે કરીને ગુમરાહીનો માર્ગ વિશાળ ન કરો.

## ★ મજબૂરીનો હુકમ મજબૂર માટે ★

શું મજબૂરનો હુકમ, સારા વ્યક્તિને આપી શકાય છે ? શું જંગમાં ભૂખથી મરતા વ્યક્તિને જરૂરત પૂરતું મુડદાનું ગોશ્ત ખાવાની છૂટ છે તો એ છૂટ દરેકના માટે છે ? લાચાર વ્યક્તિ જે માત્ર ઈશારાથી નમાઝ પઢી શકે માટે

અથવા એની નમાઝ ઈશારાથી થઈ જશે તો તંદુરસ્ત માણસ એને દલીલ પોતાના માટે અથવા બીજા તંદુરસ્ત માટે બનાવી શકે છે ? બીમાર હોવાને લઈને તયમ્મુમ કરનાર વ્યક્તિ તયમ્મુનો હક્કદાર છે. તંદુરસ્ત માણસ એને જોઈને પોતાને પણ એનો હક્કદાર સમજી શકે છે ? જે વ્યક્તિ મા'ઝૂર હોય, એટલે એની એ બીમારી શરીઅતના વર્તુળમાં માન્ય રાખી લેવામાં આવે છે, તો વુઝૂ તોડવાની એ બીમારીથી એનું વુઝૂ તૂટશે નહીં, તો તંદુરસ્ત વ્યક્તિ એને પોતાના માટે અથવા બીજા કોઈ તંદુરસ્ત માટે દલીલ બનાવી શકે છે ? જ્યારે શરીઅતમાં ઉલ્લેખ થયેલ આ પ્રમાણેની મજબૂરીના કારણો તંદુરસ્તને લાગુ નથી થઈ શકતાં, તો પછી બીજી મજબૂરીઓવાળા કારણો તંદુરસ્ત માટે કેમ માની લેવામાં આવે છે ?

## ★ દરગુઝરનો અર્થ સમજો ★

જો સૂફી સંતો માટે માફ રાખનાર આલિમ એમના માટે અદબને લઈને માફીનું એલાન કરે તો એને આમ કહીને વર્ણન કરવું કે ફલાણા આલિમે ફલાણા માટે જાઈઝ કર્યું ?! ખુદાના બંદા ! વિચાર તો ખરો કે એ કયો વ્યક્તિ છે જેને નબી પછી હરામને હલાલ કહી આપવાનો અધિકાર મળ્યો ! તો પછી જાઈઝ અને હલાલ કહીને વર્ણન કરવું મૂર્ખાઈ નથી ? મૂર્ખ ! કોઈએ જાઈઝ નથી કર્યું, માત્ર એમની હાલત જોઈને માફીનું એલાન કર્યું છે. શબ્દ ભલે ગમે તે ઉપયોગ થયો પણ ભાવાર્થ આ પ્રમાણેના લખાણમાં માફી સિવાય બીજો નથી લઈ શકાતો. જે લોકો કિતાબો લખવાનો શોખ રાખે અને મા'ઝૂર લોકોના માફીના હુકમને સમજી ન શકે, એના જાઈઝની દલીલ લઈને બેસે તો શું એવા માણસને ઈસ્લામમાં હિદાયત માટે લખાણની રજા મળી શકે છે ખરી ? હીજડાના હાથમાં તલ્વાર ન શોભે !

**સવાલ** : વાજિંત્રોને જાઈઝ કરવાવાળાઓનું કહેવું એવું પણ છે કે વાજિંત્રોનું હરામ હોવું દારૂના હરામ હોવાને લઈને છે, એટલે કે દારૂના અડ્ડાઓ પર વાજિંત્રો વગાડીને લોકોને બોલાવવામાં આવતા હતા, પછી જ્યારે આ કારણ જતું રહ્યું એટલે વાજિંત્રો પરથી હરામનો હુકમ ઉઠાવી લેવામાં આવ્યો.

## ★ બીજું પ્રકરણ ફરીથી વાંચો ★

**જવાબ** : હદીષોના પ્રકરણનું વાંચન ફરીથી કરો તમને માત્ર ત્રણ





પ્રકારની હદીષો જોવા મળશે. અમુકમાં દારૂની સાથે ઉલ્લેખ છે, અમુકમાં અલગથી હરામ હોવાનો ઉલ્લેખ છે, અમુકમાં વાજિંત્રો છોડીને ઘંટડીઓ અને ઝાંઝરીનો અવાજ પણ નાપસંદ કરવામાં આવ્યો છે, જ્યારે અલગથી પણ હરામ હોવાનો ઉલ્લેખ છે તો પછી એને ભૂલીને નિર્ણય લેવો કેવો ? ભાવે તે ખાઈ લેવાનું, અને ન ભાવે તે છોડી આપવાનું ?

## ★ ન્યાયને જગા આપો ★

કારણ ઉઠી ગયું હોય તો સર્વ માટે જાઈઝ થઈ જવું જોઈએ, એ કેવું કે સૂફી સંતો માટે જાઈઝ અને સામાન્ય લોકો માટે નાજાઈઝ ?

## ★ શું સમામાં બધા જ સૂફી ! ★

સૂફી સંતો જાતે તો વગાડતા નહીં હોય, તો વગાડનારાનું સંત હોવું જરૂરી નથી તો વગાડવાવાળા માટે શું હુકમ હશે ?

## ★ આશિક પોતે મસ્ત હોય છે ★

જેની પાસે ઈશ્કની આગ હોય તે તો આપ મેળે જ પીગળતો હોય છે, તેનું દિમાગ તો અલ્લાહ અને રસૂલ તરફથી ખસી શકતું જ નથી, પછી એને એ વાજિંત્રોની જરૂરત કેમ ?!

## ★ સિમા કરે તે જ વલી ?! ★

દુનિયામાં મહાન મહાન વલીઓ આવ્યા અને ગયા, દુનિયાના આલિમોની આજે પણ તેમની વિલાયત અને તેમના ઈશ્કે ઈલાહી પર એકમતી છે, પણ તેમણે આ પ્રમાણેની કોઈ સભા કરી ન હતી. તો શું તેઓ પોતાના ઈશ્કમાં સાચા હતા કે જૂઠા ?! તેમને બીજાઓ માફક લિજ્જત મેળવવામાં વાજિંત્રોવાળી સભાની જરૂરત કેમ ન પડી ?

## ★ આશિક કોણ ? ★

કોઈ એવો કે જેના માટે છૂટ આપવામાં આવે તો એ છૂટ આપવાનો અધિકાર કોની પાસે છે ? જેને અધિકારવાળો માનવામાં આવે તેને બીજો વ્યક્તિ કબૂલ ન કરે તો ? વર્તમાનકાળમાં જે લોકો ઘરોમાં ટેલીવિઝન રાખીને ખૂબ

ઈશ્કની અગ્નિ ભડકાવે છે, શું એવા લોકોને અલ્લાહવાળા કહી શકાશે ? અને એવા લોકોને ઈશ્કે ઈલાહી માટે વાજિંત્રોની રજા મળશે ? શું આ વાત લક્ષમાં રાખવામાં આવે તો તમારી પહોંચમાં કોઈ વ્યક્તિ એ પ્રમાણે ઈશ્કવાળો મળી શકે છે ખરી ? કોઈની બાબત દા'વો કરવામાં આવે તો દા'વો કરનાર જાહિલ છે કે આલિમ, શુભેચ્છક છે કે નથી ? જે આલિમ કહે છે તેનું વ્યક્તિત્વ લોકોને માન્ય છે ? બીજા આધારભૂત આલિમો એમાં એના વિરોધી તો નથી ? આ બધી વાતોની છણાવટ કોણ કરશે ?

## ★ યૂરોપમાં કારણ બદલાયું નથી ★

યૂરોપમાં આજે પણ દારૂના અડ્ડાઓ મ્યુઝિક, વાજિંત્રો અને નાચગાન વિનાની નથી હોઈ શકતા, તો શું અહીં વાજિંત્રો માટે હરામનું કોઈ કારણ બનશે કે નહીં ? દારૂનું હરામ હોવું બાકી છે તો પછી વાજિંત્રો હલાલ કેવી રીતે થઈ ગયાં ? વાજિંત્રો પરથી હરામનો હુકમ ઉઠાવી લેવામાં આવ્યો તો પછી દારૂ પર કેમ બાકી રહી ગયો ? કુર્આન અને હદીષમાં જેના હરામ હોવાનો ઉલ્લેખ છે તેનું કારણ તો કુર્આન અને હદીષમાં તેનું હરામ હોવાનો ઉલ્લેખ છે, તેના માટે બીજું કોઈ કારણ નથી. બીજી કોઈ વસ્તુમાં જેનો ઉલ્લેખ કુર્આન અને હદીષમાં નથી તેમાં હરામ હોવાનો હુકમ લાવવો હોય તો કુર્આન અને હદીષની કોઈ હરામ કરેલ ચીજ વસ્તુમાં મનન (કયાસ) કરીને કારણ લેવામાં આવશે, તો પછી વાજિંત્રોનું હરામ હોવું હદીષથી છે, જ્યારે હદીષનો હુકમ ઉઠયો નથી તો પછી એમાં હરામ હોવાનું કારણ બીજું હતું નહીં પછી હુકમ ઉઠાવવાનો અધિકાર કોને ? અને કેમ ?

## ★ ઈલાજ ઈસ્લામી વર્તુળમાં રહીને કરો ★

કોઈ ઈશ્કવાળો કહે કે મારો ઈલાજ વાજિંત્રોથી છે તો એના માટે વાજિંત્રોની રજા આપવામાં આવી તો કોઈ કહે મારા ઈશ્કનો ઈલાજ દારૂ પીવામાં જ છે તો શું એને રજા આપી દેવામાં આવશે ? કહેશો કે નહીં ! અને હા ! કહી પણ નથી શકવાના. તો પછી દારૂમાં છૂટ નહીં અને વાજિંત્રોમાં કેમ ?

## ★ શું તમારી મરજી ચાલશે ? ★

દારૂમાં હરામ હોવાનો હુકમ બાકી રાખવો, અને વાજિંત્રો પર ઉઠાવી





લેવો એ ફરક કરનાર કોણ છે ? કોઈ આલિમ છે તો શું દરેક આલિમની વાત માન્ય રાખવી જરૂરી છે ? ફરક કરનાર ઈમામે મુજતહિદ છે જેમની તકલીદ જરૂરતમાં આવતી હોય ? ફરક કરનાર અમુક લોકો છે કે વધારે ? વધારે તો કહી નથી શકતા તો પછી બહુમતીની વાત માન્ય રાખવી કે અમુકની ?

## ★ પૂર્વજો જેવા બનીને તો બતાવો ★

ભૂતકાળમાં પૂર્વજોમાં કોઈએ આમ કર્યું હોય તો શું તે પૂર્વજ બુઝુર્ગોનું જીવનચરિત્ર તમારી સમક્ષ છે ? છે તો પછી વર્તમાનકાળના જે વ્યક્તિ માટે જવાઝનો હુકમ લાવવામાં આવી રહ્યો છે તે પણ પૂર્વજો માફક જ છે ? તો આધારભૂત આલિમોની શહાદતની જરૂરત છે, શું જેમના માટે છૂટ માનવામાં આવી છે તેમની છૂટ માટે આધારભૂર આલિમોની શહાદત લાવી શકો છો ? હોય તો રજુ કરો.

## ★ કડવી દવા પણ સારી ★

**નોંધ** : વર્તમાનકાળમાં જેમના માટે સિમામાં વાજિંત્રોના જવાઝ (જાઈઝ હોવા)ની કોશિશો કરવામાં આવે છે તેમના માટે ઈશ્કે ખુદા અને ઈશ્કે રસૂલ સાબિત કરવો તો દૂરની વાત છે સામાન્ય ઈસ્લામ પર અમલ સાબિત કરવો પણ મુશ્કેલ થઈ પડશે. દલીલ માટે આંખેથી જોઈ લેવું પૂરતું છે. હઠનો કોઈ ઈલાજ નથી, હઠ ધર્મી નથી મુસલમાન છો તો ઈસ્લામી શરીઅતના વર્તુળમાં રહો, હા માં હા મેળવવાનું છોડો ! ન્યાય અને ઈન્સાફથી કામ લો, હક્ક અને સત્યની શોધમાં રહો અને એનું જ અનુસરણ કરો, ઈમાનવાળાઓ માટે અલ્લાહ અને રસૂલની મહોબ્બત પ્રાપ્ત સ્થાને છે તો એને તે જ જગાએ રહેવા દો, દરેક અમલમાં એમના ફર્માનને ઉત્તમતા આપો.

## ★ શું તમે મહાન આલિમોથી પણ આગળ છો ? ★

જે મહાન આલિમોએ અને ઈમામોએ વાજિંત્રોને ઉપયોગમાં લાવવા હરામ માન્ય અને એમાંથી હરામનો હુકમ ઉઠાવ્યો નથી તો ત્યાં શું તેમને આ વાતની ખબર ન હતી કે વાજિંત્રો પરથી હરામનો હુકમ ઉઠાવી લેવામાં આવ્યો છે ?

## ★ શું મુજતહિદોની પણ ભૂલ છે ? ★

જે ઈમામોનું અનુસરણ કરવું જરૂરી કરવામાં આવ્યું છે તેમનો ઉલ્લેખ ત્રીજા પ્રકરણમાં થઈ ગયો, તેમણે પણ વાજિંત્રો પરથી હરામ હોવાનો હુકમ ઉઠાવ્યો નથી, અને તેમણે પોતે વાજિંત્રોનો ઉપયોગ કર્યો નથી અને કરનાર પર એ ગુનાહ લાયક શબ્દોનો સંબંધ કર્યો છે. વધુ ઉલ્લેખ અને પુરાવાઓની દુનિયામાં જવા માટે ત્રીજું પ્રકરણ ફરીથી વાંચો.

## ★ આ'લા હઝરતને પણ ખબર ન થઈ ? ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જેમણે હજારો ફતાવા આપ્યા, નાની મોટી સેંકડો કિતાબો લખી, અહલે સુન્નત માટે વખાણ લાયક કામ કર્યું તેમણે પણ વાજિંત્રોવાળી સિમાની સભાને હરામ કહ્યું. શું હજાર કિતાબો લખનાર આલિમની સમજમાં પણ ન આવ્યું કે વાજિંત્રો પર હરામનો હુકમ ઉઠાવી લેવામાં આવ્યો છે !

## ★ અલ્લાહથી ડરો ! ★

બુખારીમાં છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં જરૂરથી એવા લોકો થશે જેઓ ઝિના, રેશમ અને વાજાંઓ હલાલ કરવા ઈચ્છશે. (હદીષોનો ઉલ્લેખ બીજા પ્રકરણમાં થઈ ગયો છે) મતલબમાં ફેરફાર કરીને જે હલાલ તરફ લાવી શકાય છે, કોઈ એવો તો હોતો જ નથી જે પોતાને મુસલમાન કહીને સ્પષ્ટ શબ્દોમાં હરામને હલાલ કહી આપે. તો પછી હુઝૂરે "મારી ઉમ્મતમાંથી એવા લોકો થશે"ના શબ્દો ફર્માવ્યા છે, તો જાઈઝ હોવાની વાતો કરનારાઓએ ડરવું જોઈએ કે એમાં આપણો સમાવેશ ન થઈ જાય.

## ★ શરીઅત મુસલમાન માટે છે ★

(૧૫) કાફિર માટે શું હલાલ અને શું હરામ એની પાસે ઈમાન નથી પછી હલાલ હરામનો પ્રશ્ન ત્યાં કેવી રીતે આવી શકે છે, અને નબીના જમાનામાં કાફિરો આ બધું કરી જ રહ્યા હતા, તેમના માટે આ વાત નથી, આ તો ભવિષ્યવાણી છે કે **મારી ઉમ્મતમાં એવા લોકો થશે જે ઉપરોક્ત વસ્તુઓને હલાલ કરવાની કોશિશ કરશે**, તો પછી એ કોશિશ સહાબા,





તાબેઈન અને ઈમામે મુજતહિદના જમાના પછીથી અમુક લોકોમાં થઈ રહી છે. (અલ્લાહ એમને હિદાયત આપે અને આપણને એ બલાથી બચાવે.)

**સવાલ** : વાજિંત્રો કોઈ શર્ત વિના હરામ કરવામાં આવ્યાં છે, તો પછી યુદ્ધમાં નગારૂ વગાડવું, સહેરીના એલાન માટે નૌબત ઉપયોગમાં લાવવી, શાદીના એલાન માટે દફ વગાડવું એ બધુ અલગ કેમ કરવામાં આવ્યું ?

## ★ રહસ્ય સમજો ★

**જવાબ** : જે નબીએ હરામ ફર્માવ્યું તેમણે અમુક જગાએ અમુક હિકમતોને લઈને રજા આપી, તો આ કામ અધિકારવાળા નબીનું છે, એમણે વિના શર્તે વાજિંત્રો હરામ કર્યાં, અને હિકમતને લઈને આપે જ એની રજા અમુક જગાએ આપી. તો જેમાં રજા આપી તેમાં છૂટ, પણ એ છૂટને દરેક જગાએ લઈ જવી એ વાજિંત્રો પરથી સદંતર હરામનો હુકમ ઉઠાવી લેવા બરાબર છે.

## ★ કાયદામાં નબીને જ અધિકાર છે ★

(૨) كُلُّ لَعْبٍ حَرَامٌ اِلَّا ثَلَاثٌ હદીષમાં ફર્માવવામાં આવ્યું કે દરેક રમત ગમત હરામ છે સિવાયના આ ત્રણ : પોતાની પત્ની સાથેની રમત ગમત, પોતાના ઘોડાને (લડાઈ માટે) તૈયાર કરવો, પોતાના ધનુષ્યથી બાણ ચલાવવું. આ હદીષમાં ત્રણ ખેલની રજા આપવામાં આવી છે, તો એનો મતલબ વાજિંત્રો જાઈઝ કરવાવાળા તો એવો જ લેતા હશે કે દરેક રમત બાતિલ અને વ્યર્થ છે, તો પછી એમાંથી ત્રણ અલગ કેમ કરવામાં આવી ? એનો મતલબ એ છે કે દરેક જ રમત સારી છે (જો આ મતલબ લેવામાં આવે તો અલ્લાહની પનાહ) જ્યારે અહીં ત્રણને અલગ કરવાથી દરેક માટે એક હુકમ ન થયો, તો વાજિંત્રો માટે અમુકને અલગ કરવાથી, દરેકનો હુકમ એક જેવો કેવી રીતે થઈ ગયો ?

સત્ય ખુલાસો એ છે કે જે નબીએ હરામ કર્યું તે નબીએ અમુક વસ્તુને એ હરામથી અલગ કર્યું, એ એમનો અધિકાર છે, પણ તમને એ અધિકાર ક્યાંથી પ્રાપ્ત થયો ? તો પછી નબીએ જેને અલગ કર્યું એને જ અલગ સમજવામાં આવશે.

## ★ મહબૂબે ઈલાહીનું મંતવ્ય ★

તમારું એવું કહેવું કે શાદીમાં દફની રજા છે એટલે દરેક વાજિંત્રની રજા છે તો પછી જે લોકો શાદીઓમાં બેન્ડ લાવે છે તો તમે તેમને પણ રજા જ આપી દો ! ત્યાં હરામનો હુકમ કેમ આપો છો ? મસ્લકે હનફીમાં દફનો મતલબ શું છે એનો પણ ઉલ્લેખ થઈ ગયો છે, હઝરત મહબૂબે ઈલાહીએ ફર્માવ્યું : મસ્લકે હનફીમાં તો દફની પણ રજા નથી. અને શાદીમાં હોય તો એલાન માટે છે, સિમામાં એનો શું મતલબ ? શાદી અને સિમામાં કયો સંબંધ ?

## ★ હનફી ! હનફી જ રહે ★

ચાર ઈમામોમાંથી કોઈ એકની તકલીદ અને અનુસરણ વાજિબ કરવામાં આવ્યું છે તો હનફીએ હનફીની વાતને માન્ય રાખવી જોઈએ અને એના પર ચાલવું જોઈએ.

## ★ ફત્વાનો આધાર ઈજમાએ ઉમ્મત પર છે ★

ઈમામ ગિઝાલીની કિતાબથી અન્ય વાતો જાઈઝ કરવામાં આવે છે તો ઈમામ ગિઝાલી શાફેઈ છે, હનફી નથી. પોતે મુજતહિદ છે એટલે પોતાનું મંતવ્ય જાહેર કરવાનો હક્ક ધરાવે છે, પણ એમનું અનુસરણ જરૂરી નથી. બીજું એ કે એ સાબિત કરવું પડશે કે એમની કિતાબમાં કોઈ તફાવત નથી આવ્યો. તેઓની નમાઝનો તરીકો હનફીથી અલગ છે, ઈમામ પાછળ પણ સૂરએ ફાતિહા એમના ત્યાં વાજિબ છે. શું એ વિવાદ હનફીમાં પણ લઈ આવીએ ? જ્યારે આ બધા વિવાદ પર ધ્યાન આપવામાં નથી આવતું તો પછી પોતાની મતલબની વાતોમાં એમની દલીલો કેમ લેવામાં આવે ? હનફી ઈમામોમાં ઝોહર, અસર અને ઈશાની નમાઝના ટાઈમમાં વિવાદ છે. ઈમામે આ'ઝમ કહે છે ઝોહર કોઈ વસ્તુના માથા પર સૂરજ આવ્યો તે સમયે મૂળ પડછાયાને છોડીને ડબલ થતાં સુધી રહે છે, ત્રીજો પડછાયો અસરનો સમય છે. ઈમામ મુહમ્મદ અને યૂસુફ આમાં શાફઈ સાથે છે. ઈશા આકાશ પર લાલાશ ગયા પછી શરૂ થાય છે શાફઈના મસ્લકમાં અને ઈમામ મુહમ્મદ અને ઈમામ યૂસુફ આ વાતમાં શાફઈ આવે છે. જ્યારે ઈમામે આ'ઝમના મસ્લકમાં આકાશ પરથી સફેદી ચાલ્યા ગયા પછી ઈશાનો સમય શરૂ થાય છે. હનફીઓ





ઈમામે આ'ઝમની વાતને માન્ય રાખી એના પર અમલ કરશે અને એ હનફીઓ માટે વાજિબ છે, પછી આમ નથી કહી શકતા કે શાફઈનો મસ્લક આ પ્રમાણે છે, ઈમામે યૂસુફ અને મુહમ્મદનું મંતવ્ય શાફઈને સાથે આપે છે. તેઓ ઈમામે મુજતહિદ છે, તકલીદ તેઓ માટે નથી, તેઓ પોતાનું મંતવ્ય દર્શાવી શકે છે. આપણને એ વાતની રજા નથી, આપણે મસ્લક પર ચાલવું જરૂરી છે તો પછી બીજી વાતોમાં મનમાની કેમ થઈ રહી છે ?

**સવાલ** : એક વ્યક્તિનું કહેવું એવું છે કે મારો પીર વાજિંત્રોવાળો સિમા જાઈઝ સમજે છે અને કરે છે અને પીરની પાછળ ચાલવું મુરીદ માટે જરૂરી છે એટલે તમે ગમે તેવી દલીલ લાવો હું તો મારા પીર પાછળ જ ચાલીશ ?!

## ★ રસૂલ પાછળ ચાલે તેની જ પાછળ ચાલો ★

**જવાબ** : પીર સો ટકા અલ્લાહ અને રસૂલના ફર્માન પર ચાલતો હોય તો એ વાત માન્ય છે કે પીર પાછળ મુરીદે ચાલવું, પણ પીરની ચાલ શરીઅતથી હટીને હોય, અલ્લાહના ફર્માન અને નબીના ઈર્શાદથી હટીને હોય તો એની પાછળ ચાલવું જરૂરી નથી, એને છોડીને આગળ વધવું જરૂરી છે.

لَاطَاعَةَ لِمَخْلُوْقٍ فِی مَعْصِیَةِ الْخَالِقِ પેદા કરનારની નાફર્માનીમાં મખ્લૂકનું અનુસરણ છે જ નથી.

## ★ દીનદારને જ અપનાવો ★

શરીઅત પર ચાલનારનું અનુસરણ થઈ શકે છે ભલે તે પીર ન હોય અને શરીઅતથી હટનારનું અનુસરણ નથી ભલે તે ગમે તે હોય, સુન્ની અવામનું અમલમાં સત્ય માર્ગથી ખસવું આ કાયદો ન જાણવાને લઈને છે. આપણા સુન્ની ભાઈઓએ હવે જહાલત અને અજ્ઞાનતાના અંધકારમય ખાડાથી નિકળીને ધર્મના ઈલ્મ અને શરીઅતના જ્ઞાનના પ્રકાશમાં આવવું જોઈએ. આપણી જહાલતને લઈને આપણને લોકોએ ઘણા જ બેવકૂફ અને મૂર્ખ બનાવ્યા આપણને દીન અને ધર્મમાં કોઈએ પ્રગતિ ન કરવા દીધી, પણ હવે જ્યારે આપણી પાસે પ્રગતિ કરવાનો સામાન આવી ગયો છે, અને આપણી ઔલાદને ધર્મમાં આગળ ધપાવવાનો માર્ગ વિશાળ થઈ ગયો છે, આપણે અંધકારમાં રહીને ખાડામાં પડવું ન જોઈએ.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا مُّبِيْنًا

અને જે અલ્લાહ અને રસૂલની નાફર્માની કરે છે તે ખુલ્લો ગુમરાહ બની ગયો.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

فَاِنْ تَنَازَعْتُمْ فِيْ شَيْءٍ فَرُدُّوْهُ اِلَى اللّٰهِ وَالرَّسُوْلِ اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ

જો તમે કોઈ વસ્તુમાં લડો તો એને અલ્લાહ અને રસૂલ તરફ પલ્ટાવો, જો તમને અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન હોય.

બે આયતોથી સ્પષ્ટ થયું કે અલ્લાહ અને રસૂલની નાફર્માની ગુમરાહી છે અને મસ્અલામાં વિવાદ થાય તો અલ્લાહ અને રસૂલના ફર્માન તરફ પરત આપવું જોઈએ.

**સવાલ :** હઝરત શૈખ શિહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہ એ જેઓ મહાન સૂફી સંત હતા, આલિમે દીન અને શરીઅતે મુતહ્હરાથી વાકિફ હતા, આપે પોતાની જગ મશ્હૂર કિતાબ અવારિફ મઆરિફમાં બાવીસમાં પાઠમાં સિમાના જાઈઝ હોવા પર ખુલાસાવાર ચર્ચા કરી છે, શું પછી પણ એના જાઈઝ હોવામાં શંકા રહી શકે છે ખરી ?

## ★ નાજાઈઝની ચર્ચા ન ભૂલો ★

**જવાબ :** બાવીસમો પાઠ જાઈઝ હોવાની ચર્ચામાં છે તો પછી તેવીસમો પાઠ નાજાઈઝ હોવાની ચર્ચામાં છે ! તો પછી જાઈઝ કહેનાર એનો શું જવાબ આપશે ? બીજું એ કે દા'વો કરનાર પ્રથમ દા'વો કરે છે, જો તેની વાત માન્ય ન હોય તો પછી એનો રદ વર્ણન કરવામાં આવે છે. બાવીસમાં પાઠમાં જાઈઝનો ઉલ્લેખ અને તેવીસમાં પાઠમાં નાજાઈઝનો ઉલ્લેખ સ્પષ્ટ કરે છે કે એમના પોતાના મંતવ્ય પ્રમાણે રદ ઉત્તમ છે. ત્રીજું એ કે એમણે બંને તરફના લોકોની દલીલો રજુ કરી આપી, નિર્ણય લોકોના ઈન્સાફ અને ન્યાય પર છોડેલો છે. અને બંનેમાંથી કયા માર્ગે જવું તેનો પોતાના મંતવ્યથી ખુલાસો પણ કર્યો છે. ફર્માવે છે : અવારિફુલ મઆરિફ, પેજ નં. ૨૨૬ માં છે તાઈફએ સૂફિયા પર





વાજિબ હય કે ઐસી જમાઅતોંસે પરહેઝ કરેં ઔર તોહમત કી જગહોંસે અલાહેદા રહેં. ઈસ વાસ્તે કે તસવ્વુફ કુલ સિદક હય ઔર કુલ જદ હય, બાઝે સૂફિયાકા કૌલ હય કે તસવ્વુફ સરાસર જદ હય, ઉસમેં કોઈ ચીજ હઝલ ઔર બેહૂદગીકી ન મિલાવો.

## ★ તસવ્વુફમાં ખરાબી ન હોય ★

હઝરત શિહાબુદ્દીન رحمۃ اللہ علیہ એ એ ફેંસલો ફર્માવ્યો કે તસવ્વુફ સત્યતાનું નામ છે, એમાં કોઈ ખરાબી ન આવવી જોઈએ. જ્યારે સિમાથી મહાન મહાન આલિમો અને સૂફીઓને નફરત છે અને એમાં વ્યસ્ત થનારને સારો સમજતા નથી તો પછી જે સૂફી લોકો એને જાઈઝ કહે છે અને એમાં તલ્લીન રહે છે તેમણે એનાથી દૂર રહી પોતાને તોહમત અને આક્ષેપથી બચાવવાનો પ્રયત્ન કરવો જોઈએ, અને આમ કરવું એમના માટે જરૂરી છે.

## ★ સાહિબે અવારિફનું પોતાનું મંતવ્ય ★

બીજું એ કે હઝરત શિહાબુદ્દીન સોહરવર્દીએ જાઈઝ અને નાજાઈઝ વિશે જે ચર્ચા કરી છે અને લોકોનાં મંતવ્યો વર્ણન કર્યા છે, તેમાં આપે સિમાએ મુજર્રદનો વિવાદ રજુ કર્યો છે કે વાજિંત્રો વિનાનો સિમા જાઈઝ છે કે નથી, વાજિંત્રોવાળો સિમાનો ઉલ્લેખ નથી કર્યો, જ્યારે કે અમે પોતે પણ અમુક શરતો સાથે વાજિંત્રો વિનાનો સિમા જાઈઝ કહીએ છીએ એનાથી અમને કોઈ વિવાદ નથી. વિવાદ અમારો વાજિંત્રોથી છે, અને એમાં થતી બીજી અન્ય ખરાબીઓને લઈને છે.

અવારિફુલ મઆરિફના બાવીસમાં પાઠના ચોથા પેજ પર અને કિતાબના પેજ નં. ૨૦૭ પર આપે લખ્યું છે : દફ અને રોબાબા ઈન દોનોં મેં હર ચંદ મઝહબે શાફઈકે મુવાફિક વુસઅત હય, મગર ઉન દોનોંકા તર્ક ઔર અહવતકા લેના ઔર ખિલાફસે નિકલના ઔલા હય.

આપના આ લખાણથી જાણવા મળ્યું કે શરીઅતમાં વાજિંત્રોનો ઉપયોગ જાઈઝ નથી. દફ અને રોબાબાની થોડી છૂટ શાફઈ મસ્લકમાં છે પણ એનાથી બચવું જ ઉત્તમ છે. બચવામાં માણસ શંકા અને તોહમતથી અલિપ્ત રહે છે. અને સૂફી સંતો માટે એ જ યોગ્ય છે કે એમની ઉપર શરઈ તરીકાથી કોઈ વાંધો ન ઉઠાવી શકે.

**સવાલ નં. ૧૨ :** સૂફી, સંતો અલ્લાહના પ્રિય લોકો હોય છે અને તેઓ દરેક કામ અલ્લાહની ખુશી માટે કરતા હોય છે, એટલે એમના કોઈ અમલ પર શંકા ન કરવી જોઈએ ? એમના દરેક કામને નેક અનુમાન કરવું જોઈએ.

## ★ સૂફી શંકાથી પણ દૂર ★

**જવાબ :** સૂફી સંતો તકવા પરહેઝગારીમાં સામાન્ય લોકોથી ઘણા જ આગળ હોય છે, તેઓ હરામથી તો બચે જ છે પણ જેમાં હરામની શંકા હોય એવા અમલોથી પણ પોતાને બચાવે છે, સાચા સૂફીઓથી તો વાજિંત્રોવાળી વાતોમાં વિવાદ થવો જ ન જોઈએ. કારણ કે કોઈને વાજિંત્રોના હરામ હોવાનું યકીન ન હોય તો એ એટલું તો સમજતો જ હશે કે હરામ હોવા પર હદીષોનો પુરાવો છે, સહાબાની રિવાયતમાં છે, મુજતહિદ ઈમામોનાં મંતવ્યો અને અમલો છે, તો તેમણે આ મસ્અલાનો જંગી વિવાદ જોઈને પોતાની સભાને આ તોહમતથી પાક રાખવી જોઈએ.

અમે તો કોઈ પણ પૂર્વજ બુઝુર્ગ માટે આ પ્રમાણેની વાત માન્ય નથી રાખતા, તેઓનો સિમા વાજિંત્રોથી પાક જ હતો, જે વાક્યા અને કિસ્સા બુઝુર્ગોથી સંબંધિત કરવામાં આવ્યા છે તે માથા અને પગ વિનાના છે. એટલે વાજિંત્રોના ઉપયોગ કરવાવાળો સવાલ પૂર્વજ બુઝુર્ગો માટે ઉપસ્થિત નથી થતો, જરૂરથી તેઓ અલ્લાહની ખુશી માટે જ દરેક કામ કરે છે. તેમનાં કામો શંકા કુશંકાથી પાક જ હોય છે. તેમની હસ્તીઓ વાજિંત્રોના ઉપયોગથી પાક હતી.

## ★ પબ્લિક ન કરે બુઝુર્ગ કેમ કરે ?! ★

વર્તમાનકાળમાં જેઓ પોતાને સૂફી અને સંત પુરૂષ કહે છે અને લોકો જેમને બુઝુર્ગ માને છે તેમણે પણ પોતાની સૂફિયતને સાબિત રાખવા એ પ્રમાણેની વાતોથી સ્વચ્છ રહેવું જોઈએ. સામાન્ય પબ્લિક જે કામથી નફરત કરે, પબ્લિકમાંથી કોઈ કરતો હોય તેને પણ સારો માણસ ન સમજે તે કામ પોતાને બુઝુર્ગ અને સૂફી કહેનાર કઈ રીતે કરી શકે છે ? તેમણે તો આજે જ તૌબા કરી લેવી જોઈએ અને શરીઅતના વર્તુળમાં આવી જવું જોઈએ.

## ★ ફત્વાના પણ નિયમો છે ★

બીજું એ કે જ્યારે કોઈ વસ્તુના હરામ હોવાની હદીષો હોય છે અને





આલિમો અને બુઝુર્ગોની બહુમતી હરામને માને છે તો પછી એ વસ્તુને હરામ જ માનવામાં આવશે, અને હલાલ તરફવાળી અમુક લોકોની વાત માન્ય રાખવામાં આવશે નહીં. જ્યારે હરામ હોવાની વાત જ માન્ય છે અને કાયદાના આધારે એના પર જ ફત્વો આપવામાં આવશે તો પછી વાજિંત્રોનો ઉપયોગ કરનાર વ્યક્તિને એ કામ કરવા પર જે ફત્વો આવે છે તે લાગશે અને તોહમત તથા આક્ષેપ લગાડનાર એ વાતમાં ન્યાય પર હશે. એ હાલતમાં જે વ્યક્તિ પોતાને બુઝુર્ગ કહેતો હોય તેણે એવી વાત પર અમલ કરવો જોઈએ કે તોહમત કોઈના તરફથી ન આવી શકે. વાજિંત્રો ઉપયોગમાં લાવનારને જાઈઝ સમજવાવાળો તો કંઈ નહીં કહે પણ એવા લોકો ઘણા ઓછા છે, અને હરામ કહેવાવાળો તોહમત લગાડશે. તો એ જમાઅત માટે સારો અને બીજી જમાઅત માટે ખરાબ. એવા સમયે વાજિંત્રોથી દૂર રહે તો બંને જમાઅતો એને સારો કહેશે, તો વાજિંત્રોથી તૌબા કરવામાં જ પોતાની બુઝુર્ગીની હિફાઝત અને રક્ષણ છે. બુઝુર્ગો તો મકરૂહ અને ખિલાફે સુન્નતથી પણ પોતાને બચાવે છે પછી જે વસ્તુના હરામ હોવામાં લોકોની બહુમતી હોય તેવા કામ પર પોતાને બુઝુર્ગ કહેવડાવનાર કેમ કરી રહી શકે ?

## ★ શબ્દકોશ પણ મદદ કરશે નહીં ★

ત્રીજું એ કે વાજિંત્રોને અરબીમાં મલાહી કહેવામાં આવે છે. આ મિલ્હાનું બહુવચન છે. મિલ્હાનો મતલબ તો છે રમત ગમતનું સાધન, વધારે હોય તો રમત ગમતનાં સાધનો. જ્યારે ડિક્ષનરીમાં નામ જ રમત ગમતનાં સાધનોનું અમલમાં આવ્યું તો પછી એની બનાવટનો મકસદ એ જ હશે અને શોધ કરનારે એવા ઈરાદાથી જ એની શોધ કરી હશે. તો પછી સારા લોકોને એ કેમ કરી શોભા આપી શકે છે જેની શોધનો મકસદ અને હેતુ મનોરંજન છે. એટલા માટે પણ જે લોકોએ એને હરામ હોવાનો ફત્વો આપ્યો, જેના ઉપર મહાન આલિમો અને સૂફી સંતોની બહુમતી છે, માન્ય છે. એટલે સારા લોકોએ આ વાતમાં ખોટી રીતે વિવાદમાં પડવાનું છોડીને બહુમતીના હુકમ તરફ પરત આવવું જોઈએ. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે :– لَا تَجْتَمِعُ اُمَّتِیْ عَلَی الضَّلَالَۃِ મારી ઉમ્મત ગુમરાહી પર સંમત નથી થઈ શકતી. ઈસ્લામમાં ઈજમાઅ સત્ય તરફ આલિમો અને બુઝુર્ગોની બહુમતીને કહેવામાં આવે છે. જો આમ ન હોય તો વાજિંત્રોને જાઈઝ કહેવાવાળાઓ ઓલમા

અને બુઝુર્ગોની બહુમતી પોતાના મસ્અલામાં બતાવે ! પણ એ શક્ય નથી. ફત્વો તો ફત્વાની જગાએ છે જ. ડિક્ષનરી અને શબ્દકોશની કિતાબ પણ આમા માર્ગ આપે એમ નથી.

## ★ વિવાદ હરામમાં હોય તો શું કરવું ? ★

ચોથું એ કે વાજિંત્રો વગાડવામાં જ સવાબ છે એ સ્પષ્ટ નથી, જો એક મિનિટ માટે માની લેવામાં આવે કે એ મુબાહ છે, તો એટલું તો માનવું પડશે કે એમાં સવાબ નથી, અને હરામ હોવું અસંખ્ય દલીલોથી સાબિત થયું છે તો એના આધારે એના ઉપયોગથી ગુનોહ થશે. જાઈઝ કહેવાવાળાઓના આધારે કરવામાં સવાબ તો નથી જ અને હરામ કહેવાવાળાઓના આધારે ગુનોહ છે, તો પછી જે પોતાને સૂફી અને સંત સમજતો હોય તેણે કયું કામ અમલમાં લાવવું જોઈએ ? તમારા મંતવ્ય પ્રમાણે સવાબ નથી અને બીજા લોકોના મંતવ્યના આધારે ગુનોહ છે તો પછી બચવું જરૂરી છે.

## ★ સવાબ હોય તો માન્યું ★

પાંચમું એ કે તમે જાઈઝ કહીને વાજિંત્રોથી લાભ ઉઠાવી રહ્યા છો એમાં કોઈ બેસતો કે ચાલો તેઓ જ કરે છે તે એમના આધારે સવાબનું કામ છે. પણ એવું તો છે જ નથી. તમે પોતે જાઈઝ કહીને પણ એને સવાબનું કામ નથી કહેતા, પછી એવા કામ માટે હઠે ચઢવું જેમાં સવાબ નથી, અને બીજાના આધારે ગુનોહ છે એ મૂર્ખાઈ છે, પછી શું મૂર્ખાઈની દલીલ આપવા હઠ કરવામાં આવે છે ?

## ★ તમે પણ સવાબવાળાનું માનો છો ★

છઠ્ઠું એ કે વાજિંત્રોને ઉપયોગમાં લાવવું તમારા મંતવ્યના આધારે વાજિબ અથવા ફર્ઝ હોતુ તો માન્યું કે તમે કરીને ફર્ઝ અથવા વાજિબ પર અમલ કરી રહ્યા છો અને જેઓ મનાઈ કરે છે તેઓ ફર્ઝ અને વાજિબ છોડીને ગુનેહગાર બની રહ્યા છે, તો તમને હક્ક હતો કે તમારા ભાઈને વાજિબ અને ફર્ઝ છોડવાના ગુનાહથી બચાવો, પણ એ કામ તમારા મંતવ્યમાં નથી ફર્ઝ, નથી વાજિબ, નથી સુન્નત અને નથી મુસ્તહબ, માત્ર જાઈઝ અને મુબાહ છે, તો તમે બીજાને કંઈ કહી શકતા જ નથી, માત્ર તમારી ઉપર કોઈ તોહમત લગાડે તો એનો





જવાબ આપો શકો અને જેઓ વાજિંત્રોનો ઉપયોગ હરામ કરે છે તેમને ખબર છે કે હરામના ઉપયોગથી માણસ ગુનેહગાર બને છે. અને મુસલમાન ભાઈને ગુનાહથી બચાવવો જોઈએ અને હરામ કહેવાવાળાઓ પર જરૂરી છે કે એ તમને સમજાવે, જો તમારી સમજમાં આવી જાય તો તમે તૌબા કરી પોતાને એ તોહમતથી બચાવી લો. તો આ દલીલના આધારે પણ વાજિંત્રો છોડી આપવાં જોઈએ.

## ★ દીનનું નામ સવાબ વિનાનું કામ ★

સાતમું એ કે સવાબ વિનાનું કામ મુબાહ અને જાઈઝ હોય તો પણ એ આખિરતના આધારે બેકાર છે કારણ કે એમાં કોઈ ફાયદો નથી, પછી શું સૂફી અને બુઝુર્ગ માણસ પોતાનો ટાઈમ અને સમય બેકાર કામમાં પસાર કરી શકે છે ? તો પછી આ બધી હઠ અને ઝિદ કોના માટે થઈ રહી છે, આવા લાયા'ની અને બેકાર કામ માટે ? શું બુઝુર્ગોને એ વાત શોભા આપી શકે છે ખરી ? બુઝુર્ગોનું તો કામ છે કે બીજા લોકોને શિખામણ આપવી અને પોતે ઈસ્લામના વર્તુળમાં અમલની સાથે સશક્ત રહેવું, અહીં શિખામણનો ચહેરો ફરી કેમ ગયો છે ?

## ★ તોહમતની જગાથી દૂર રહો ★

આઠમું એ કે બુઝુર્ગોએ કોઈ એવું કામ પણ ન કરવું જોઈએ જે શરઈ કાયદાના આધારે ગમે તે સ્થાને હોય પણ એ બીજા લોકોની પસંદનું ન હોય, એના કરવાથી સવાબ ન હોય અને લોકોમાં એનું કરવું સારા લોકોનું કામ ન હોય, તો એનાથી પણ પોતાને બચાવવો જોઈએ. આ ચર્ચામાં પણ એ જ વાત છે કે કરવામાં સવાબ નથી અને બહુમતીને નાપસંદ છે તો આ દલીલના આધારે પણ બચવું જરૂરી છે.

## ★ સવાબ વિનાના કામમાં ચર્ચા કેવી ? ★

નવમું શરીઅતના આધારે ચર્ચા ફર્ઝ, વાજિબ અને સુન્નતને સાબિત કરી સવાબ માટે અમલ કરવા થાય છે અથવા હરામ અને મકરૂહે તહરીમી બતાવી એનાથી બચવામાં થાય છે, મુબાહ માટે નથી કોઈ વિવાદ કરતો અને મુબાહ માટે નથી ચર્ચા કરવામાં આવતી. કારણ કે કરવાથી સવાબ નથી ન

કરવાથી ગુનોહ નથી એના માટે શી ચર્ચા ! જ્યારે આ મસ્અલાને એટલી પણ વિશેષતા નથી મળી શકતી તો પછી એનાથી બુઝુર્ગોએ પોતાને બચાવીને રાખવા જોઈએ અને પોતાનો સમય બેકાર કામની ચર્ચામાં વ્યર્થ ન કરવો જોઈએ.

## ★ ધર્મનું નુકસાન ન કરો ★

દસમું એ કે વ્યર્થ કામમાં તલ્લીન થવાથી તોહમત લાગે છે, હરામ કહેવાવાળાઓ એવા લોકોને કબૂલ કરી શક્તા નથી જેને લઈને સુન્નીઓમાં વિવાદ વધે છે. પબ્લિકમાં પણ એક બીજાથી દુશ્મની થાય છે, આપણી શક્તિ ઓછી થાય છે, દીન માટે ધારેલાં કામો થઈ શક્તાં નથી, જેનો ફાયદો બદ્અકીદા લોકોને મળે છે. આપણી અશક્તિ એ જ એમની શક્તિ છે. તો વિવાદ થાય, સવાબ વિનાના વ્યર્થ કામમાં અને એ વિવાદ આગળ વધીને દીન અને ધર્મને નુકસાન પહોંચાડે તો વિવાદ વ્યર્થનો અને નુકસાન દીન અને ધર્મનું ?! શું કોઈ ધાર્મિક વ્યક્તિ આ પ્રમાણેની વાત કબૂલી શકે છે ? જ્યારે માત્ર ધર્મથી સંબંધ રાખતો વ્યક્તિ આ વાત કબૂલી નથી શકતો તો પછી સંત પુરૂષ કેવી રીતે કબૂલી શકે છે ? તો બચવા માટે શું કરવું જોઈએ, એવાં કામોથી તૌબા કરી અલગ થઈ જવું જોઈએ.

## ★ સભામાં વધારો ★

અગ્યારમું એ કે આ પ્રમાણેના વ્યર્થ કામોથી તૌબા કરી લેવામાં આવે તો વિવાદ ઉઠી જાય, એકબીજાનાં દિલથી દિલ મળી જાય, બધાં ભેગા મળીને દીનનાં કામોમાં લાગી જાય, અને વાજિંત્રોના કાઢી નાખવાથી સભાઓ બંધ નથી થઈ જવાની, પણ મોટો ફાયદો એ થશે કે વાજિંત્રો વિનાનો સિમા ઓલમા અને સૂફી, સંતોની બહુમતીથી જાઈઝ છે, તો સર્વ લોકો એ સભામાં હાજરી આપશે અને સવાબમાં વધારો કરી શકશે. જ્યારે વ્યર્થથી બચવામાં આટલા ફાયદા છે તો પછી એક ધર્મની લાગણી લઈને ચાલતા માણસે શું કરવું જોઈએ ? એ પ્રમાણેના વ્યર્થ કામથી બચીને બહુમતીના મંતવ્ય તરફ આવી જવું જોઈએ.

## ★ વાજિંત્રો મકસદ નથી ★

બારમું એ કે સિમાની સભાનો મકસદ અને હેતુ અલ્લાહની યાદ, નબી





અને બુઝુર્ગોનાં વખાણ છે. વાજિંત્રો સભામાં લાવવામાં આવે તો પણ મકસદથી એનો કોઈ લગાવ નથી, તેને એ પ્રમાણે પણ સમજી શકાય છે કે સિમાની સભાથી અલ્લાહની હમ્દ, એની યાદ, અને નબી તથા બુઝુર્ગોનાં વખાણ કાઢી નાખવામાં આવે તો એ સભા વ્યર્થ છે, બલ્કે ગુનાહની સભા છે, કારણ કે જવાઝ (જાઈઝ હોવા)નો માર્ગ શોધવાવાળી વ્યક્તિ પણ માત્ર મ્યુઝિક અને સંગીતને સાંભળવું જાઈઝ કહેતો નથી. તો સ્પષ્ટ થયું કે સિમાનો મકસદ અને સભાની જાન હમ્દ અને ના'ત છે. તો હવે એ વિચાર કરો કે સભાથી વાજિંત્રો કાઢી નાખવામાં આવે તો શંકા પણ ખસી જાય, તોહમત અને આક્ષેપ ન આવે, સભા શુદ્ધ શરઈ બની જાય, દરેક માટે આવવાનો માર્ગ ખુલી જાય, અને મકસદમાં કોઈ નુકસાન ન આવે, તો પછી એક સમજદાર વ્યક્તિએ શું કરવું જોઈએ ? મકસદને લઈને વ્યર્થથી ખસી જવું જોઈએ.

## ★ ગુનાહને ગુનાહ તો સમજો ! ★

તેરમું એ કે કોઈ માણસ નાજાઈઝ, હરામ અથવા મકરૂહને એ પ્રમાણે જ સ્વીકારે પછી અમલ ગમે તેવો કરે તો એને આમ કહીને છોડી દેવામાં આવે છે કે કરશે તે ભરશે ! પણ **જો શરઈ કાનૂનથી જે સાબિત એને પોતાના માટે બદલી નાખે અને પછી કરે તો આ વાતને કબૂલવું તો અશક્ય છે પણ એના પર ચૂપ રહેવું પણ જાઈઝ નથી, કારણ કે હુકમને બદલનારને ચૂપ રહીને છૂટ આપવામાં આવે તો એનાથી મુસલમાનોમાં ગુમરાહી આવે છે** તો પછી જે લોકો વાજિંત્રોને સિમાની સભા માટે જાઈઝ કહે છે તેમણે જાઈઝ કહેવાની વાતથી તૌબા કરી લેવી જોઈએ અને લોકોમાં એલાન કરી દેવું જોઈએ કે અમે એ કામ જાઈઝ નથી માનતા. તો પછી જેને નાજાઈઝ સમજીને કરવું હોય તો કરે અને ન કરવું હોય તે ખસી જાય, પણ ગુમરાહી તો ન આવી શકે. અને અમારી ચર્ચા પણ બંધ થઈ જશે કે અમારે જે કહેવું હતું તે આપ મેળે જ બની ગયું.

**સવાલ નં. ૧૩** : વાજિંત્રોને સિમાની સભામાં જાઈઝ કહેવાવાળાઓની એક વાત એ છે કે અમે તમારી નાજાઈઝ અને હરામવાળી વાત સ્વીકારી લઈએ તો એનાથી અમે તો મુક્ત થઈ ગયા પણ અમારા પૂર્વજો જેમની જગાએ અમે આવ્યા છીએ તેમનું શું થાય ? એનો મતલબ તો એ જ થયો કે અમે અમારા હાથે અમારા બુઝુર્ગો પર તોહમત લગાડી ?

## ★ જીવંત પોતાનું વિચારે ★

**જવાબ** : દુનિયામાં ચર્ચા વિચારણા જીવંત માટે કરવામાં આવે છે. મુડદાઓની બાબત કોઈ પણ ખરાબ ચર્ચાથી ઈસ્લામે પણ મનાઈ કરી છે, એટલે મુસલમાનો એની કોઈ ચર્ચા કરવાના નથી, એટલે જીવંત લોકોએ પોતાની ફિકર ચિંતા કરવી જોઈએ, અને એ કામો જે ઈસ્લામી શરીઅતના વર્તુળમાં જાઈઝ નથી ઠરતાં તેનાથી પરત આવી જવું જોઈએ. વાત એ નથી કે કોણે શું કર્યું, વાત એ છે કે તમે શું કરી રહ્યા છો. અલ્લાહ તઆલા ફર્માવે છે :– مَنْ عَمِلَ صَالِحًا فَلِنَفْسِهٖ જે સારું કામ કર્યું તે પોતાના ફાયદા માટે.

## ★ વલીઓ મા'સૂમ નથી ! ★

બીજું એ કે અલ્લાહની મખ્લૂકમાં મા'સૂમ ગુનાહથી પાક માત્ર બે મખ્લૂકને માનવામાં આવે છે, ફરિશ્તાઓ અને નબીઓ. એમને છોડીને મખ્લૂકમાં બીજું કોઈ મા'સૂમ નથી, એમની ભૂલ થઈ શકે છે, ખતા થઈ શકે છે, અને નાફર્માની પણ થઈ શકે છે, અને આલિમે દીન હોય તો એનાથી હદીષ અથવા કુર્આનની આયતથી મસ્અલો કાઢવામાં ભૂલ થઈ શકે છે. આ વાતો સર્વ અહલે સુન્નતને માન્ય છે. આમાંથી એક વાતનો પણ અસ્વીકાર કોઈ કરી શકતો નથી, તો પછી આપના પૂર્વજોમાંથી કોઈએ કોઈ કામ કર્યું અને ઈસ્લામી શરીઅત એનાથી મનાઈ કરે છે, અહલે સુન્નતની બહુમતી એની મનાઈ તરફ છે તો પછી એમાં એ જોવામાં નહીં આવે કે અમારા ફલાણા બુઝુર્ગે શું કર્યું છે ?

અહલે સુન્નતની બહુમતી અમારા કોઈ બુઝુર્ગ વિરૂધ્ધ જતી હોય તો એવી સ્થિતિમાં એ સમજવું જોઈએ કે અમારા બુઝુર્ગથી ભૂલ થઈ જશે, અથવા એમણે એ મસ્અલામાં બીજા પર ભરોસો કર્યો હશે અને તેમનાથી ભૂલ થઈ હશે, અથવા એમણે મસ્અલા લેવામાં ઈસ્લામી આલિમો અને બુઝુર્ગોની બહુમતી તરફ ધ્યાન નહીં આપ્યું હોય અથવા એમણે પોતાના માટે કોઈ પોતાની અંતરની મજબૂરીને જોઈને એ કામ કર્યું હોય અથવા એમણે મસ્અલો લેવામાં ઈજતેહાદી ભૂલ કરી હશે, તો આ બધી ભૂલોને લઈને ઈસ્લામી વર્તુળમાં એ વ્યક્તિને માફ રાખવામાં આવે છે. તો પછી એમને તો કોઈ કંઈ કહેશે નહીં અને તેઓ દુનિયાથી ચાલ્યા ગયા છે, એટલે એ મસ્અલાથી પરત આવવાનો





પણ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. પણ જે હયાત છે, સમજીને પરત આવી શકે છે તેણે માત્ર આમ કહીને ખસી જવું કે અમારા પૂર્વજ બુઝુર્ગે આમ કર્યું હતું, એ કોઈ જવાબ નથી. નાજાઈઝ હોવું સ્પષ્ટ થયા પછી એનાથી પરત આવવું જોઈએ અને પોતાના શુભેચ્છકોને એનાથી રોકી અમ્ર બિલ મા'રૂફનું કામ કરવું જોઈએ.

## ★ મુજતહિદોનું મંતવ્ય બદલવું ★

ત્રીજું એ કે શરીઅતમાં ઘણા બધા મસ્અલા એવા છે જેનાથી અમુક વખત ઈમામે મુજતહિદ જેમ કે ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ મુહમ્મદ, ઈમામ યૂસફ, ઈમામ શાફઈ વગેરે પરત આવ્યા છે. એક વખત એક મંતવ્ય કાયમ કર્યું, બીજા ઈમામોની દલીલ સામે આવતાં હક્ક તેમાં જોવા મળ્યો તો મસ્અલો બદલી નાખ્યો અને શુભચ્છકો સામે જાહેર પણ કરી આપ્યો. દુનિયામાં મુસલમાન હક્ક માટે જ કામ કરતો હોય છે. હક્ક સામે આવ્યા પછી એનાથી અલગ રહેવું ઈસ્લામી સમજનું કામ નથી.

## ★ મજબૂરીનો હુકમ મજબૂરી સુધી જ છે ★

ચોથું એ કે માણસ જંગલમાં છે કિબ્લાની દિશા ખબર નથી અને કોઈ વ્યક્તિ કિબ્લાની દિશા બતાવનારો પણ નથી, એ સમયે નમાઝ અદા કરનાર વ્યક્તિને શરીઅત એ રજા આપે છે કે પોતાના દિલથી એક દિશાને કિબ્લા માટે નિયુક્ત કરે એ એના માટે કિબ્લો અને એની નમાઝ થઈ જશે, નમાઝથી ફારેગ થયા બાદ એક જાણકાર વ્યક્તિ આવ્યો અને એણે કહ્યું કે કિબ્લો આ દિશાએ છે, જો એની વાત પર યકીન આવી ગયું તો જે દિશામાં પહેલાં પોતે વિચારીને નમાઝ પઢી હતી એ તો થઈ ગઈ પણ હવે પછી એ જ દિશામાં પઢશે તો નમાઝ થશે નહીં. તો એ જ પ્રમાણે કોઈથી મસ્અલો સમજવામાં ભૂલ થઈ હોય તો એ એના માટે માફ છે. પણ ભૂલની જાણ થઈ ગઈ અને પછી પણ એના પર રહે તો હવે એના માટે માફીનો હુકમ બાકી રહેશે નહીં. તો જ્યારે મસ્અલામાં ભૂલ છે એ સ્પષ્ટ હુકમ થઈ ગયું તો પછી પૂર્વજો તો માફીમાં રહ્યા પણ જેઓ હયાત છે તેમના માટે એ માફી રહેશે નહીં. તો પછી તેમણે જો પૂર્વજ કોઈ બુઝુર્ગને પોતાનો આધાર બનાવ્યો તો એ એને ફત્વાથી બચાવી શકશે નહીં.

**સવાલ નં. ૧૪** : અન્ય લોકોનું કહેવું એવું છે કે મહાન મહાન

વલીઓએ વાજિંત્રોવાળો સિમા સાંભળ્યો છે એમના વિરૂદ્ધ કરવાથી એમના ફૈઝથી મહરૂમ થઈ શકાય છે એટલે આ બાબતે કંઈ બોલવું ન જોઈએ.

## ★ શું તમારું ફૈઝ નહીં જાય ★

**જવાબ** : હું તમને દલીલોથી એ બતાવી ગયો છે કે ઓલમા અને બુઝુર્ગોની બહુમતી વાજિંત્રોનો ઉપયોગ હરામ સમજે છે અને માને છે તો પછી જેઓ હરામ માને છે તેમના વિરૂદ્ધ જવાથી તેમના ફૈઝનું શું ? બહુમતીનો ફૈઝ ઉત્તમ છે કે પછી અમુક લોકોનો ? જાઈઝ કહેવાવાળાઓ બહુમતીના ફૈઝથી મહરૂમ થાય છે તેનું શું ?

## ★ કોઈ બુઝુર્ગે સંગીત નથી સાંભળ્યું ★

બીજું એ કે અમે એ બતાવી ગયા કે પૂર્વજ બુઝુર્ગોનું વાજિંત્રોવાળો સિમા સાંભળવો કોઈ એવા પુરાવાથી જાણવા નથી મળતું જેને આધાર બનાવી શકાય. જ્યારે અમને એ કબૂલ જ નથી કે કોઈએ એ પ્રમાણેનું કામ કર્યું છે, તો પછી ફૈઝથી મહરૂમ થવાનો પ્રશ્ન જ કયા ઉપસ્થિત થાય છે.

## ★ વાત ધર્મની છે ★

ત્રીજું એ કે અહીંયા ચર્ચા દીન અને ધર્મની વાતની થઈ રહી છે. અમને આ બાબતે આલેમા અને બુઝુર્ગોની બહુમતીએ હદીષોના આધારે જે કાયદો રજુ કર્યો છે, વાજિંત્રોના ઉપયોગ હરામ હોવાનો તે અમને પસંદ છે, પછી એમાં ફૈઝથી મહરૂમ થવાનો પ્રશ્ન કયાં ઉપસ્થિત થાય છે.

## ★ ખોટુ ખોટુ જ ★

ચોથું એ કે વાજિંત્રોને જાઈઝ કહેવાવાળાઓની વાત ગળા નીચે ઉતરી શકે એમ નથી અને દલીલોના આધારે એ તદ્દન ખોટું છે, તો પછી ખોટામાં તો કોઈનું અનુસરણ હોતું જ નથી, પછી ફૈઝથી મહરૂમ થવાનો પ્રશ્ન ક્યાં ઉપસ્થિત થાય છે ?

## ★ બુઝુર્ગોને ખબર ન હતી ?! ★

પાંચમું એ કે અસંખ્ય આલિમો અને બુઝુર્ગોએ વાજિંત્રોના ઉપયોગને





હરામ કહ્યું છે, શું એમને ખબર ન હતી કે આમ કરવાથી જાઈઝ કહેવાવાળા બુઝુર્ગોના ફૈઝથી મહરૂમ થઈ જવાશે ?

## ★ ગુમરાહીનો માર્ગ બંધ કરો ★

છઠ્ઠું એ કે એવું જ વિચાર્યા કરીએ કે ફલાણાએ કર્યું છે એટલે આપણાથી કશું જ ન બોલી શકાય ! એ બાબતે ચર્ચા ન થઈ શકે ! તો પછી એ પ્રમાણે તો ઘણી વાતો ઈસ્લામ વિરૂધ્ધની અમલમાં આવી જાય અને પબ્લિકને જાણ પણ ન થાય કે આ જે થઈ રહ્યું છે તે ખોટું છે, ઈસ્લામમાં એની રજા નથી. સારાંશ એ કે સત્ય વાત બતાવવાથી રોકવાની નીતિ પબ્લિકને ગુમરાહ કરવાનો માર્ગ છે.

## ★ મનમાની ન કરો ★

સાતમું એ કે શરીઅતનો એવો કોઈ કાયદો અને નિયમ છે કે ઈસ્લામ સંબંધિત સત્ય વાત બતાવવાથી અને હક્ક વાતની ચર્ચા કરવાથી બુઝુર્ગોના ફૈઝથી મહરૂમ થઈ જવાઈ છે ? જ્યારે એવો કોઈ કાયદો નથી તો પછી એ પ્રમાણેની વાત કરવી લોકોને હક્ક તરફ વળવાથી રોકવું છે.

## ★ હનફી પોતાના ઈમામનું જ કરશે ★

આઠમું એ કે ઈમામ શાફઈ મહાન આલિમ અને વલી છે પણ ફિકહમાં આપણે એમનું અનુસરણ નથી કરતા, હુઝૂર ગૌષે પાક હંબલી ફિકહમાં હોવાથી એમના ફતાવા આપણા માટે નથી, આપણે આપણા ઈમામ અબૂ હનીફાનું અનુસરણ કરીશું અને એમના મસ્લકને ઉત્તમતા આપવા દલીલથી પણ કોશિશ કરીશું. અને એ ચર્ચાને કોઈ આમ નથી કરી શકતું કે આ ઈમામ અબૂ હનીફા صلی اللہ تعالیٰ علیہ وسلم ને છોડીને બીજા ઈમામોના ફૈઝથી મહરૂમ થવું છે. જ્યારે આ ચર્ચામાં મહરૂમ થવાની વાત નથી. તો પછી વાજિંત્રોવાળી ચર્ચામાં મહરૂમ થવાનો પ્રશ્ન કેમ કરી ઉપસ્થિત થઈ શકે છે ?!

## ★ ન્યાય કરો ! ★

નવમું એ કે અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اَقْسِطُوْا اِنَّ اللّٰہَ یُحِبُّ الْمُقْسِطِیْنَ ''ન્યાય કરો ! બેશક ! અલ્લાહ તઆલા ન્યાય કરવાવાળાઓને પસંદ કરે છે.''

ન્યાયનો મતલબ એ નથી કે બીજો કોઈ કરતો હોય તો કૂદી પડવાનું અને તે આપણો કોઈ હોય તો એના માટે બહાનાંઓ બનાવવાનાં અથવા ગમે તેમ કરીને માર્ગ શોધવાની કોશિશ કરવાની ! એને તો તરફદારી કહેવાય છે. જો તમને એ જાણ થઈ ગઈ કે વાજિંત્રોના ઉપયોગનો હરામ હોવાનો ફત્વો બહુમતીને લઈને હક્ક છે તો પછી પોતાના જવાઝ (જાઈઝ હોવા)વાળા માર્ગેથી ખસવામાં કોઈ તરફદારી ન આવવી જોઈએ.

**સવાલ નં. ૧૫** : અમુક હદીષોમાં નિકાહના સમયે ગાવાની અને દફની રજા આપવામાં આવી છે, હુઝૂરની બારગાહમાં પણ અમુક સ્ત્રીઓએ દફ વગાડયું છે જેનો ઉલ્લેખ હદીષના પ્રકરણમાં થઈ ગયો, તો તે હદીષોનો આધારે અમે વાજિંત્રો જાઈઝ હોવામાં બનાવ્યો છે.

## ★ પ્રથમ હદીષની સમજ લો ★

**જવાબ** : એ હદીષોથી ઉપસ્થિત સવાલો અને એના જવાબો એ જગાએ રજુ કરી આપવામાં આવ્યા છે, એટલે એને પરત લાવવાની જરૂરત નથી, ખુલાસો એ કે શાદી અને નિકાહના પ્રસંગે એલાન માટે એની રજા આપવામાં આવી છે. કોઈ સભા ગમે તે સમયે કરવી અને એમાં એ કામો કરવાની રજા ક્યાં છે ? બીજું એ કે એ સમયે સ્ત્રીઓને ગાવાની અને દફની રજા આપવામાં આવી તો તમે પુરૂષો માટે એ હુકમ કેવી રીતે સમજી લીધો ? અને માત્ર દફની રજા હતી તો સઘળાં વાજિંત્રોનો જવાઝ (જાઈઝ હોવું) કેમ કરી અપનાવી લીધો ? તમારા નજીક પણ સ્ત્રીઓનું ગાવું અને વગાડવું સિમાની સભામાં જાઈઝ નથી તો પછી હદીષને છોડીને વાત કેમ કરો છો ? સહાબાએ એ મતલબ સમજીને એવી સભાઓ શરૂ કેમ ન કરી આપી ? નિકાહમાં હુકમ એલાન માટે, યુધ્ધમાં હુકમ કાફિરોમાં ડર લાવવા અને મુજાહિદોને તત્પર કરવા માટે છે. સિમાની સભામાં એવું કયું કારણ છે ? જે વાજિંત્રોને નામ લઈને હરામ કહેવામાં આવ્યા તેના હરામના હુકમનું શું ? ઓલમા અને બુઝુર્ગોની બહુમતીએ વાજિંત્રોના હરામ હોવાનો હુકમ આપ્યો. શું એમને આ હદીષો ખબર ન હતી ? ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ એ તો દફનો ઉપયોગ પણ મનાઈ કર્યો, શું તેઓ ચાર ઈમામો જેમની તકલીદ વાજિબ કરવામાં આવી છે, તેમાં પણ ઉચ્ચ પદે હતા. મહાન ઈમામો અને વલીઓ પણ આપની પાછળ પાછળ ચાલે છે, શું એમને આ હદીષોની ખબર ન હતી ?





અમુક મોકાસર આપવામાં આવેલી છૂટવાળી હદીષોથી તમને તમારો મસ્અલો કાઢવાનું આવડયું અને શું ઈમામે આ'ઝમ અબૂ હનીફાને ન આવડયું ? તમે ઈમામે આ'ઝમથી પણ ઈજતેહાદમાં આગળ વધી ગયા ?

હઝરત મુહીયુદન ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ નું નામ કોણ નથી જાણતું ! આપને મહાન સૂફી સમજવામાં આવે છે, સર્વ અહલે સુન્નતના આલિમો આપને વલી માને છે. આપની કિતાબ ફોતૂહાતે મક્કિયા જગ મશ્હૂર છે. આલિમોને એ કિતાબ સમજવું મુશ્કિલ થઈ પડે છે. આપે પોતે સિમાનો અસ્વીકાર કર્યો છે અને સિમામાં વ્યસ્ત થનારને પાછળ જવાથી અને એનું અનુસરણ કરવાથી મનાઈ કરી છે.

## ★ મુહીયુદ્દીન ઈબ્ને અરબીનું મંતવ્ય ★

હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ "તઆરૂફે ફિકહો તસવ્વુફ" પેજ–૧૬૧ પર હઝરતે મુહીયુદ્દીન ઈબ્ને અરબીનો પુરાવો આપતાં લખે છે : આપે ફર્માવ્યું કે આ જમાનામાં કોઈ મુસલમાન સિમાનો કાઈલ (માન્ય રાખનાર) નહીં હોય, અને જે વ્યક્તિ સિમાનો આમિલ (મરનાર) અને કાઈલ હોય એની ઈકતિદા (અનુસરણ) કરવામાં નહીં આવે. (ઈબ્ને અરબીનું મનાઈ કરવું વાજિંત્રો વિનાના સિમા બાબત છે. તો પછી વાજિંત્રોવાળો સિમા જવાઝ (જાઈઝ હોવા)માં આવી શકતો જ નથી.

## ★ ઈમામ શાઝેલીનું મંતવ્ય ★

એ જ પુરાવાથી છે : હઝરત શૈખ અબુલ હસન શાઝેલી ફર્માવે છે, મેં મારા ઉસ્તાદને સિમા બાબતે પૂછયું તો એમણે જવાબમાં આ આયત પઢી :–

إِنَّهُمْ أَلْفَوْا آبَاءَهُمْ ضَالِّينَ فَهُمْ عَلَىٰ آثَارِهِمْ يُهْرَعُونَ

એમણે પોતાના બાપદાદાઓને ગુમરાહીની હાલતમાં પામ્યા તો તેઓ એમના ચિન્હો પર જલ્દી ચાલવામાં આવે છે.

## ★ આ બઝુર્ગોને શું કહેશો ★

આ મહાન સૂફીઓ બાબત તમારું શું કહેવું છે ? શું તમે એમની બુરાઈ કરશો ? શું તમે એમની અકીદત તમારા દિલોથી કાઢી નાખશો ? મને ઉમ્મીદ

છે તમે આ પ્રમાણેની વાત નહીં બોલો, તો પછી આ બાબતે તમારે વિચાર કરવો જોઈએ. જે લોકોએ સિમાના જવાઝ પર લખાણ કર્યું છે તેમાં વાજિંત્રો વિનાનો સિમા હોય તો અમે પોતે એને અમુક શર્તો સાથે માન્ય રાખીએ છીએ, પણ જેઓ વાજિંત્રોવાળો સિમા જાઈઝ સમજે છે તેમના લખાણ જોવાથી એ સમજવા મળે છે કે તેમણે નાજાઈઝ કહેવાવાળાઓ માટે ઘણા ખરાબ શબ્દો ઉપયોગ કરેલા છે, તેઓ અમારા પુરાવાઓ પર નજર કરે અને મહાન આલિમો અને વલીઓનાં નામો જુએ અને પછી વિચારે કે એમણે પોતાના ખરાબ શબ્દોથી કેવા લોકોને નિશાન બનાવ્યા છે. તો શક્ય છે કે આટલો વિચાર પણ કોઈ વ્યક્તિને તૌબા કરવા પર મજબૂર કરી આપે.

## ★ વાજિંત્રો વિના સિમા પર પૂર્વજોની મનાઈનું રહસ્ય ★

બીજું એ કે જે ઈમામોએ સિમાથી તદ્દન મનાઈ કરી અને કહ્યું કે આ પ્રમાણેની સભાઓની રજા નથી તો એમના નજીક દીનની ભલાઈનો ખયાલ હતો કે હમણા આ પ્રમાણે ચાલે છે આગળ જતાં એમાં થોડો થોડો ફરક આવતાં લોકો નાજાઈઝ અને ગુમરાહીમાં ચાલ્યા જશે. તો આજની ખરાબીઓ અને વર્તમાનકાળની સિમાની સભામાં થતી બિદઅતોને લઈને એ જાણવા મળે છે કે પૂર્વજ બુઝુર્ગોએ જે ભવિષ્યનો ખયાલ રાખીને નિર્ણય લીધો હતો તે એની જગાએ યોગ્ય હતો. જો સિમાની સભાની તદ્દન રજા આપવામાં ન આવી હોતે અને વધુ પડતા આલિમો અને સૂફીઓ એ મંતવ્ય બનાવી લેતા તો આગળ જતાં અંદર દફ આવી, પછી અંદર તબ્લા આવ્યા, પછી વાજાપેટી આવી પછી ખંજરી આવી પછી દરેક પ્રકારનું મ્યુઝિક ચાલુ થઈ ગયું. હવે એને રોકવાના પ્રયત્ન કરવા પડે છે અને આપણો સમય જે બીજા લોકો માટે ખર્ચ થઈ શકતો હતો તે પોતાના ભાઈઓ માટે ખર્ચ થઈ રહ્યો છે, અફસોસ છે ! પણ શું કરીશું ?!

## ★ દરેક બાતિલનો આપણા માટે એક જ શબ્દ ★

વર્તમાનકાળમાં મુસલમાનોમાં ઘણા ફિર્કાઓ થઈ ગયા, અને દરેકની માન્યતા અલગ છે પણ આપણા સુન્નીઓ પર હુમ્લો કરવામાં બધાનું દિમાગ એક જેવું છે. દરેક જ આપણને બિદઅતી કહે છે અને અમુક બિદઅતો જે સુન્ની આલિમોની બહુમતીથી બિદઅતે સૈયેઆ (બુરી) છે, ગુનાહનું કામ છે





પણ આપણા ભાઈઓમાં થઈ રહ્યું છે, અને બિદઅતોને લઈને ઘણા લોકો સુન્નીઓમાંથી નીકળી ગુમરાહોમાં ચાલ્યા જાય છે. એટલે આપણી ઈસ્લામી જવાબદારી છે કે આપણે આપણી પબ્લિકને સત્ય માર્ગ બતાવીએ અને બાતિલ ફિર્કાઓને સાબિત કરી બતાવીએ કે અમારી સુન્નિયત સુન્નતના પ્રકાશમાં છે, કોઈ પણ ખરાબ બિદઅત અમારી સત્યતાના વુર્તળમાં નથી. **હું તમારો દુશ્મન નથી કે તમારો વિરોધ કરું, હું તમારો જ છું એટલે હું આપણા ભાઈઓને સત્ય શું છે એ ગાઈડ કરી રહ્યો છું.**

## ★ સિમા પર ઈજમાએ ઉમ્મત ★

વર્તમાનકાળમાં વાજિંત્રો વિનાનો સિમા જેમાં બીજી કોઈ બિદઅત ન થતી હોય તો તેની ઉપર ઈજમાએ ઉમ્મત છે, કોઈ વ્યક્તિ એને નાજાઈઝ કહેતું નથી. પૂર્વજોમાં એમાં વિવાદ જોવા મળે છે જેની હિકમત મેં તમારી સમક્ષ રાખી, પણ વાજિંત્રોવાળો સિમા નાજાઈઝ અને હરામ છે, જેના પર ઈજમાએ ઉમ્મત છે. વિવાદ કરનાર ન્યાયથી કામ નથી લેતા એટલે ખોટી રીતે એની ચર્ચા કરી રહ્યા છે.

## ★ વર્તમાનકાળનો સિમા ★

વર્તમાનકાળના સિમામાં માત્ર વાજિંત્રોની ખરાબી નથી કે વાજિંત્ર અલગ કરી લેવામાં આવે તો તેમાં શિર્કતની રજા મળી જાય, બલ્કે બીજી પણ ઘણી ખરાબીઓ છે : **(૧)** એમાં વધુ પડતા દુનિયાદારોનું હાજરી આપવું **(૨)** ફુરસતથી રહીને નમાઝો ન પઢવી **(૩)** જાહેરમાં ગુનાહનાં કામો કરવાં **(૪)** કુર્આનની તિલાવતથી પણ વંચિત હોવું **(૫)** વુઝૂ ગુસ્લ અને નમાઝના મસાઈલથી પણ નાવાકેફ હોવું **(૬)** કપડાંનો પહેરવેશ પણ નેક લોકો જેવો ન હોવો **(૭)** વધુ પડતા લોકોના ચહેરા પર દાઢીઓ ન હોવી **(૮)** કવ્વાલોનું પણ દાઢી મૂંછ વિનાનું હોવું **(૯)** તેમાં લોકોનું વજદ વિના ઉભા થઈને કૂદવું **(૧૦)** ત્યાં તા'ઝીમી સિજદાઓ કરવા **(૧૧)** વધુ પડતી સભાઓમાં વિના પર્દે સ્ત્રીઓનું હાજરી આપવું **(૧૨)** તેમનું પણ બધા સાથે બેસીને સાંભળવું **(૧૩)** તેમનું પણ શૈખ લોકોના હાથ પગોનું ચુંબન કરવું **(૧૪)** અમુક કલામો શરીઅતથી હટીને ગાવા અને **(૧૫)** વાજિંત્રો. જો પંદરમું કાઢી નાખવામાં આવે તો પણ **(૧૪)** ખરાબીઓને સુધારવાની જરૂરત છે. જો એમાંથી અમુકને

ભૂલીને ચર્ચા કરવામાં આવે તો પણ બીજી અમુક એવી છે જે કોઈ પણ રીતે ભૂલી શકાતી નથી. તો વર્તમાનકાળની સિમાની સભાઓને વાજિંત્રોને અલગ કરીને વિચારવામાં આવે તો પણ એમાં જવાઝ (જાઈઝ હોવા)નો માર્ગ જોવા મળતો નથી. જ્યારે પંદરમી ખરાબી જે ખરાબી જ છે, સર્વને ખબર છે કે એ ખરાબી છે તો પણ મારી મચડીને વાતો બનાવવામાં આવે છે, અને એને ન હટાવવા લડાઈઓ લડવામાં આવે છે ! તો પછી બીજી (૧૪) ખરાબીઓ જેને આપણા માહોલ અને સમાજમાં સામાન્ય સમજવામાં આવે છે, તેને સુધારવાના પ્રયત્નો કોણ કરશે ?! પણ મારું કામ અહલે સુન્નત બિદઅતી નથી એ સાબિત કરીને ખસી જવું છે, એટલે મારો કિંમતી સમય આ કામમાં લગાડી રહ્યો છું. પઢનાર અને વાંચન કરનાર વ્યક્તિ સમજી શકે છે કે મેં આ લખાણમાં મારો કેટલો સમય લગાડયો હશે, પણ જો મારા એક ભાઈની પણ ઈસ્લાહ થઈ જશે તો મારું આ કામમાં સમય લગાડવું મારી આખેરત માટે સફળતાનો સામાન છે. (ઈન્શાઅલ્લાહ !)

**સવાલ નં. ૧૬ :** આપણું માનવું એવું છે કે અલ્લાહના વલીઓ જીવંત છે અને એ મદદ પણ કરી શકે છે, તો પછી વધુ પડતા વલીઓની કબરો પાસે વાજિંત્રો સાથે સિમા થાય છે, જો વાજિંત્રોનો ઉપયોગ હરામ હોય તો પછી તેઓ રોકી કેમ નથી આપતા ?! ન રોકવું એ વાતની દલીલ છે કે તેઓને પસંદ છે અને એ કામ હરામ નથી.

**જવાબ :** આ સવાલ જે કરવામાં આવ્યો છે તે ઈલ્મવાળાઓનો સવાલ નથી હોઈ શકતો, જાહિલ તેમજ દીનથી દૂરનો પણ સંબંધ ન હોય એવા વ્યક્તિનો હોઈ શકે છે, ભલે અમારું કામ જવાબ આપવું છે એટલે અમે તમને સંતોષકારક જવાબ આપીશું કે કોઈ શંકા તમારા દિમાગમાં ન રહી જાય. આ પ્રમાણેના સવાલો નબીઓ અને વલીઓ બેઅધિકાર પુરવાર કરવા માટે પણ કરતા હોય છે. એવી સઘળી શંકાઓનો નિકાલ તોહફાએ નજાત, ભાગ–૮ માં કરી દેવામાં આવ્યો છે.

## ★ અલ્લાહ બાબત શું કહેશો ? ★

**(૧)** અલ્લાહ તઆલા હયાત છે, શક્તિશાળી છે, એની શક્તિ અને કુદરતનો કોઈ પણ અસ્વીકાર કરી શકતુ જ નથી. અલ્લાહની બનાવેલી દુનિયામાં અસંખ્ય ગુનાહોના કામો થઈ રહ્યાં છે, અલ્લાહ ઈચ્છે તો એક





સેકન્ડમાં સર્વ ગુનેહગારોને નષ્ટ કરી આપે, પણ ગુનાહ થઈ રહ્યા છે અને ખરાબ કામો કરનાર દુનિયામાં આગળ પડતા જોવા મળે છે, શું એનો મતલબ તમે એ લેશો કે ગુનાહનાં કામ વાસ્તવમાં ગુનાહનાં જ હોત, તો અલ્લાહ તઆલાએ એમને રોક્યા કેમ નહીં ?! સજા કેમ ન આપી ? એટલે જાણવા મળ્યું કે એ ગુનાહનાં કામો નથી સારાં છે. સમગ્ર જગતમાં ફ્રીડમ ! કોઈના માટે કોઈ પાબંદી જ ન રહી જાય. જેના મનમાં જે આવે તે કરે. ગુનોહ હશે તો અલ્લાહ રોકશે, અને ન રોકે એટલે આપણે રાજા !

જેમ આ પ્રમાણેનો સવાલ ગુમરાહીનો છે તેમ ઉપરોક્ત સવાલ કે ગુનાહનું કામ છે તો વલી એમની કબર પાસે મનાઈ કેમ નથી કરતા એ પણ ગુમરાહીનો છે. મુસલમાનો આ પ્રમાણેની શંકાઓ લાવવી પણ ન જોઈએ.

## ★ ગુનાહનો આધાર ★

**(૨)** ગુનાહનો આધાર આ પ્રમાણેની વાતો પર નથી, ગુનાહનો આધાર અલ્લાહ અને રસૂલના ફર્માન પર છે, એમના તરફથી જે વસ્તુ બાબત આપણને તા'કીદથી મનાઈ કરી દેવામાં આવ્યું તે હરામ અથવા મકરૂહે તહરીમીમાં પ્રવેશી ગયું, હવે પછી એનાથી રોકવામાં આવે તો પણ એ ગુનોહ, અને રોકવામાં ન આવે તો પણ એ ગુનોહ. કોઈના ન રોકવાથી અલ્લાહ અને રસૂલનું ફર્માન બદલાશે નહીં.

## ★ કબ્રવાળો પાબંદ નથી ★

**(૩)** આ દુનિયાથી મૌત થકી બરઝખમાં પ્રવેશનાર અમલના જગતમાંથી નીકળી ગયો, અને બદલાના જગતમાં પહોંચી ગયો. એટલે એની ઉપર દુનિયાવાળી કોઈ પાબંદી રહેતી નથી. કંઈ કરે તો એમની મરજી અને ન કરે તો એમની મરજી. પણ હવે એ પાબંદીના વર્તુળમાંથી સદંતર બહાર થઈ ગયા છે. એટલે કબર પાસે ગુનોહ કરવો અને પછી કહેવું ગુનોહ છે તો રોકવામાં કેમ ન આવ્યું ! માત્ર અજ્ઞાનતા નથી બલ્કે ખુલ્લી ગુમરાહી પણ છે.

## ★ અદબ આપણે કરવો જોઈએ ★

**(૪)** ચોર કોટવાળને દંડે ! જ્યારે એ ખબર છે કે રસૂલે પાકે આપણને વાજિંત્રોથી એક હદીષેપાકથી નહીં ઘણી બધી હદીષોથી આપણને મનાઈ

ફર્માવી છે, તો હવે એ આપણી જવાબદારી છે કે આપણે એ કામોથી પોતાને બચાવીએ અને ખાસ કરીને વલીઓના મઝારો પાસે, એમનો અદબ આપણા માટે અતિ જરૂરી છે. એટલા માટે કે દારુલ અમલમાં આપણે છીએ, પાબંદીઓ આપણા માટે છે, અમલમાં સવાલ આપણને કરવામાં આવશે. તો પોતે રોકાવાની અને બીજાને રોકવાની જવાબદારી આપણી છે. આપણે કંઈ કરવું નથી અને બેઅદબી કરી બુઝુર્ગોને બદનામ કરવા છે. પોતે દારુલ અમલમાં રહીને અમલ કરવો નથી, અને દારુલ જઝામાં પહોંચનારને પાબંદ બનાવવા ઈચ્છો છો !

## ★ વલીનું ચુપ રહેવું જવાઝની દલીલ નથી ★

**(૫)** નબીની હાજરીમાં કોઈ કામ કરવામાં આવે અને નબી ચુપ રહે તો જવાઝની દલીલ બની શકે છે, સહાબીની હાજરીમાં કોઈ કામ કરવામાં આવે અને સહાબી ચુપ રહે તો જવાઝની દલીલ બની શકે છે, પણ જો કોઈ હદીષે રસૂલ તે બાબતે સ્પષ્ટ શબ્દોમાં મનાઈ કરતી હોય તો સહાબીનું ચુપ રહેવું પણ દલીલ નથી બની શકતું. શક્ય છે એમને એ વાત ન પહોંચી હોય. અથવા ચુપ રહેવામાં કોઈ બીજું રહસ્ય હોય, અને નબી ચુપ રહ્યા અને ત્યાર પછી બીજા મોકાસર મનાઈ કરી તો પ્રથમ હુકમ ઉઠી ગયો અને પછી જે કહ્યું એ હુકમ બન્યો. પણ વલી માટે એવો કોઈ કાયદો બનાવવામાં આવ્યો નથી, **વલીનું કોઈ મોકાસર ચુપ રહેવું એમની હયાતીમાં પણ જવાઝની દલીલ નથી બની શકતું, પછી પર્દો ફર્માવ્યા બાદ જવાઝની દલીલ કેવી રીતે બની શકે છે ?** વલીનું કામ પણ શરઈ કાયદાના આધારે જવાઝની દલીલ નથી જો રસૂલે પાકનું સ્પષ્ટ ફર્માન એની વિરૂધ્ધમાં હોય, તો પછી કબર પાસે કરવામાં આવેલું કામ અને તે પણ એમનું નહીં, આપણું અને તે પણ શરીઅત વિરૂધ્ધ જવાઝની દલીલ કેવી રીતે બની શકે છે ? સારાંશ એ કે આ પ્રમાણેની માન્યતા ગુમરાહી છે એનાથી દૂર રહેવું જોઈએ.

## ★ મક્કા મદીના વહાબીઓના તાબા હેઠળ ! ★

મક્કા અને મદીના સમગ્ર જગતના મુસલમાનો માટે રૂહાની સેન્ટર છે. દજ્જાલ આખા જગતમાં જશે પણ હરમૈન શરીફૈનમાં પ્રવેશી નહીં શકે, અબરહાનું હાથી સૈન્ય કા'બા પર હુમલાના ઈરાદેથી આવવા પર અબાબીલોની





ફેંકેલી કાંકરીઓથી હલાક કરવામાં આવ્યું તો પણ આજે મક્કા અને મદીના વહાબીઓના તાબા હેઠળ છે, અને એ લોકો અહલે સુન્નતથી હટીને દરેક કામ કરી રહ્યા છે, શું કા'બાને તાબા હેઠળ લેવાથી તેઓ હક્ક પર થઈ ગયા ? અને આમ કહીને માની લેવાનું કે તેઓ હક્ક ન હોય તો પછી અલ્લાહ એમને ત્યાં રહેવા કેમ દે છે ? નબી તેમને રોકતા કેમ નથી ? તો જેમ આ પ્રમાણે કહેવું ખોટું છે, તમે એ કહેવું પણ ખોટું છે કે બુઝુર્ગોના મઝારો પર વાજિંત્રો સાથે કવ્વાલી થાય છે, જો એ હરામ હોય તો વલીયુલ્લાહ રોકી કેમ નથી આપતા ?

## ★ મઝારો પર સ્ત્રી કવ્વાલા (કવ્વાલણ)ની હાજરી ★

મઝારો પાસે કવ્વાલા સ્ત્રીનું મર્દો અને સ્ત્રીઓની સભામાં ગાવું અને વગાડવું કોઈના નજીક જાઈઝ નથી. જેઓ મ્યુઝિકવાળી કવ્વાલીને સિમામાં જાઈઝ કહીને ખોટી રીતે વાતો બનાવે છે, તેઓ પણ કવ્વાલા (સ્ત્રી કવ્વાલણ)ની હાજરીને નાજાઈઝ અને હરામ કહે છે. શું કબર પાસે હોવાને લઈને આને પણ જાઈઝ કરી દેવામાં આવે ? જો આ પ્રમાણેની દલીલોથી જાઈઝ કરવાનો દરવાજો ખોલવામાં આવે તો પછી નાજાઈઝની લિસ્ટમાં શૂન્ય રહી જાય, અને કુર્આન તથા હદીષને લોકરમાં બંધ કરીને રાખી દેવાં પડે ! ખુદારા પોતાના ઈમાન અને અકીદાના રક્ષણમાં લાગો અને ખરાબ લોકોથી પોતાને બચાવો.

**સવાલ નં. ૧૭ :** વાજિંત્રોના હરામ હોવા પર જે હદીષો વર્ણન કરવામાં આવે છે તે રિવાયતના આધારે ઝઈફ અને અશક્ત છે, અને એનાથી હરામ હોવું સાબિત થતું નથી, અને જ્યારે હરામ હોવું સાબિત ન થાય તો પછી તમારું એને હરામ કહેવું યોગ્ય નથી ?

**જવાબ :** આ વિશે જવાબનો ઉલ્લેખ હદીષના પ્રકરણના અંતમાં કરી દેવામાં આવ્યો છે તેનું ફરીથી વાંચન કરો કે તમને એ શંકા પણ બાકી ન રહી જાય.

## ★ એક સહીહ હદીષ પણ પરિપૂર્ણ ★

**(૨)** તમારું કહેવું કે ઝઈફ હદીષો હોય તો હરામ હોવું સાબિત ન થઈ શકે, તો પ્રથમ એ કે સઘળી હદીષો ઝઈફ અને અશક્ત નથી, એમાંથી અમુક સહીહ પણ છે. અને કોઈ વાતની મનાઈમાં આવતી સઘળી હદીષોનું સશક્ત અને સહીહ હોવું જરૂરી નથી, એક હદીષ પણ એમાં રિવાયતના આધારે સહીહ હોય તો અશક્ત રિવાયતોની સઘળી હદીષોને આ સહીહ હદીષથી તાકાત મળી

જશે, અને એનો હુકમ બદલાઈ જશે, એ હસનના હુકમમાં આવી જશે. એટલે એનાથી હરામ પુરવાર થઈ શકે છે જેને લઈને ઓલમા અને બુઝુર્ગોની બહુમતીએ વાજિંત્રોના હરામનો ફત્વો આપ્યો છે.

## ★ હરામ પછી બીજા દરજા પણ છે ★

**(૩)** હરામ સાબિત ન થઈ શકે તો એ વસ્તુ મુબાહ અને જાઈઝમાં જ ચાલી જાય છે, એ માન્ય નથી, હરામ પછી મકરૂહે તહરીમીનો દરજો છે, એના પછી મકરૂહે તન્ઝીહીનો દરજો છે, તો પછી તમારું કહેવું કે હરામ સાબિત ન થાય તો હલાલ જ છે એ જહાલતનો ફેંસલો છે. જો મકરૂહે તહરીમી હોવું સાબિત થાય તો પણ કોઈ સૂફી સંત એવું કામ કરી શકે છે ?

**નોંધ** : વાજિંત્રોના હરામ હોવાની હદીસો કયા દરજામાં છે એ જાણવું હોય તો વાજિંત્રોવાળા સિમાના હરામ હોવાના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના ફતાવાનું વાંચન કરો. ત્રીજા પ્રકરણમાં પણ અમે તમારી ખિદમતમાં રજુ કર્યા છે. એટલે બની શકે તો એનું ફરીથી વાંચન કરશો.

## ★ હદીષનો રિવાયતથી ખસીને એક દરજો ★

**(૪)** જે લોકો કોઈ વસ્તુમાં પોતાની મનમાની કરવા ઈચ્છે છે તો તેઓ હદીષની રિવાયતોમાં ધ્યાન આપે છે. અને રિવાયત કરનારમાં વાંધા વાચકા લાવીને તે હદીષને પુરાવાના આધારે અશક્ત કહી એનાથી બહાર થવાની કોશિષ કરે છે. તો એમને એ બાબતે ઓસૂલે હદીષનો એક કાયદો બતાવું, જેનાથી એ સાબિત થશે કે ક્યારેક એવું પણ બને છે કે હદીષ રિવાયતના આધારે અશક્ત હોય તો પણ તેને માન્ય રાખવામાં આવે છે અને સહીહના સ્થાને રાખવામાં આવે છે, જ્યારે મુજતહિદ ઈમામો તેને કબૂલી લે, આધારભૂત આલિમો એને સ્વીકારી લે, મુસલમાનોની બહુમતી અમલથી એને માન્ય રાખી લે.

## ★ ઝઈફ સહીહના સ્થાને ★

ફત્હુલ મોગીષ, પેજ નં. ૧૨૦ હાફિઝ સખાવી ફર્માવે છે કે :–

يُعْمَلُ بِهٖ عَلَى الصَّحِيْحِ حَتّٰى اَنَّهٗ يُنَزَّلُ
مَنْزِلَةَ الْمُتَوَاتِرِ فِىْ اَنَّهٗ يَنْسَخُ الْمَقْطُوْعَ بِهٖ





જ્યારે ઝઈફ (રિવાયતના આધારે અશક્ત) હદીષને તલક્કા બિલ કબૂલ પ્રાપ્ત થઈ જાય તો એ હદીષ પર સહીહ માફક અમલ કરવામાં આવશે. એ મુતવાતિર હદીષનો દરજો પણ પ્રાપ્ત કરી શકે છે અને એનાથી આયતને એના હુકમથી ઉઠાવી શકાય છે.

## ★ ઈમામ શાફઈ પણ માન્ય રાખે છે ★

શૈખ ઈબ્રાહીમ માલેકી શરહુલ અરબઈનિન્નવવિયા, પેજ–૩૯ પર લખે છે કે : مَالَمْ يَكُنْ تَلَقَّاهُ النَّاسُ ઝઈફ રિવાયત પર મસ્અલાઓ અને કાયદાઓનો આધાર નથી પણ જ્યારે કે એને લોકોમાં માન્યતા પ્રાપ્ત થઈ જાય (જેને તલક્કા બિલ કબૂલ કહેવામાં આવે છે) એ પછી એ હદીષ દલીલ અને અમલના લાયક બની જાય છે જેમ કે ઈમામ શાફઈએ ફર્માવ્યું.

## ★ હરામના હુકમમાં આલિમોની સંમતિ ★

અલ્ અજવેબતુલ ફાઝિલા, પેજ–૨૩૧, હઝરત ઈબ્ને હજરનું ફર્માન છે :–

اِنْ يَّتَّفِقُ الْعُلَمَاءُ عَلَى الْعَمَلِ بِمَدْلُوْلِ حَدِيْثٍ
فَاِنَّهٗ يُقْبَلُ حَتّٰى يَجِبَ الْعَمَلُ بِهٖ

કોઈ હદીષને સ્વીકારી લેવાના કારણો પૈકી એક એ છે કે (આધારભૂત) ઓલમા એના મતલબ પર અમલ કરવામાં સંમત હોય તો એને કબૂલી લેવામાં આવશે, એટલે સુધી કે એની ઉપર અમલ કરવો વાજિબ થઈ જશે.

## ★ હદીષો તવાતૂરના સ્થાને ★

ઉપરોક્ત પુરાવાથી એ સ્પષ્ટ થયું કે મ્યુઝિક અને વાજિંત્રોના હરામ હોવા પર ઘણી બધી હદીષો છે, જેમાં અમુક રિવાયતના આધારે સહીહ છે, એટલે ઝઈફ કહીને ખસવાવાળો પ્રશ્ન જ ઉઠી ગયો. અને થોડી વાર માટે તમારી વાત માની લઈએ કે વાજિંત્રોને હરામ કહેવાવાળી સઘળી હદીષો અશક્ત છે તો પછી ઈમામ મુજતહિદ અને તે એક નહીં લગભગ ચાર મસ્લકના ઈમામો જેમનું અનુસરણ કરવામાં આવે છે તેમણે કબૂલ કરી, મહાન આલિમો, વલીઓ અને સૂફી સંતોની એના હરામ હોવા પર સંમતિ રહી. એમણે પોતે ન

કર્યું અને બીજાને ન કરવા દીધું, જેનાથી એ હદીષોને તવાતૂરનું સ્થાન પ્રાપ્ત થઈ ગયું અને ઉપરોક્ત હદીષના કાયદાના આધારે એનું હરામ હોવું સ્પષ્ટ થઈ ગયું.

## ★ જવાબ આપો ★

ઈમામે આ'ઝમે હરામવાળી હદીષો માન્ય રાખી છે ત્યારે તો એમણે એવી સભાઓનું આયોજન ન કર્યું, એવી સભાઓમાં પધરામણી ન કરી, એવા લોકોને પ્રોત્સાહન ન આપ્યું, દફ સુદ્ધાંનો વિરોધ કર્યો.

ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ બિન હંબલ આ ત્રણ ઈમામોએ પોતે એવી સભાનું આયોજન કેમ ન કર્યું અને એવી સભામાં પધરામણી કેમ ન કરી, તેમણે એવી સભાઓ બાબત ક્રોધ કેમ પ્રાપ્ત કયો ?

દરેકે આ ચારમાંથી કોઈ એક ઈમામનું દરેક અમલમાં અનુસરણ કરવાનું છે પછી અનુસરણ કરવાવાળાઓ વાજિંત્રો બાબત જવાઝમાં વિવાદ કેમ કરે છે ?

ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ, ઈમામ તિર્મિઝી, ઈમામ નસઈ, ઈમામ અબૂ દાવૂદ અને હદીષોના બીજા આધારભૂત ઈમામોએ આ પ્રમાણેની સભાઓનું આયોજન કેમ ન કર્યું. એવી સભાઓમાં પધરામણી કેમ ન કરી ?

શું આ બધુ એ વાતની દલીલ અને પુરાવો નથી કે વાજિંત્રોના હરામ હોવાવાળી હદીષો સર્વને માન્ય છે અને સર્વએ એ વાતને માન્ય રાખી એની ઉપર અમલ કર્યો. પછી અમુક લોકોના અમલને આધાર બનાવવો શરઈ કાયદાના આધારે કેમ કરી જાઈઝ ઠરી શકે છે. એટલે કોઈ વસ્તુ પર ફત્વો આપતાં પહેલાં કાયદાઓથી વાકેફ હોવું પણ જરૂરી છે. ન ગુમરાહ બનો, ન બીજાને ગુમરાહ બનાવો.

**સવાલ નં. ૧૮ :** જે ચિશ્તી બુઝુર્ગોએ વાજિંત્રોવાળો સિમા કર્યો છે અને કેટલાક હાલ કરી રહ્યા છે તેનું શું ?

## ★ તમારી પોતાની ચિંતા કરો ! ★

**જવાબ :** હું એ જવાબ આપી ગયો છું કે જે દુનિયાથી ચાલ્યા ગયા આ બાબતે તેમનો ઉલ્લેખ કરવો નહીં. મરણ પછી કોઈ મુસલમાનની બુરાઈની





આપણને રજા આપવામાં આવી નથી. પછી એ વિશે ચર્ચા હોવી જ ન જોઈએ. **જે જીવંત છે અને આજે પણ એમને ત્યાં વાજિંત્રોવાળા સિમાનું આયોજન થાય છે, તેમણે આ કિતાબનું વાંચન કરીને એનાથી પરત આવવું જોઈએ, અને તેઓ પરત આવવા તૈયાર ન થતા હોય તો આપણે પોતાને એવી સભાઓથી બચાવી લેવા જોઈએ.** જો લોકો ખોટા કામમાં સહકાર ન આપે તો અમુક દિવસોમાં એ વસ્તુ પોતે જ નષ્ટ થઈ જાય, એટલે પબ્લિકે અલ્લાહ અને રસૂલના આપેલા દીનને સ્વચ્છ રાખવા આ પ્રમાણેની કુર્બાની આપવી જોઈએ. વર્તમાનકાળમાં ઈસ્લામ માટે યુદ્ધ કોણ કરે છે ? એટલે આપણને એનાથી તો ફુરસત મળી ગઈ છે પણ શું આપણે આપણા ઈસ્લામને ખરાબીઓથી રક્ષણમાં રાખવા અમલનું યુદ્ધ પણ બંધ કરી દઈએ ? તો પછી આપણે મુસલમાન રહીને ઈસ્લામ માટે શું કરીએ છીએ ?!

**સવાલ :** સુન્નીઓમાં દરેક વ્યક્તિ કોઈ ન કોઈ પીરના તાબા હેઠળ હોય છે એટલે મુરીદ કોઈપણ કામમાં એ જ જુએ છે કે મારા પીર કરી રહ્યા છે એટલે મારે કરવાનું ! તો એવી સ્થિતિમાં મુરીદોને સમજાવા લોખંડના ચણા ચાવવા માફક છે તો પછી શું કરવું ?

## ★ પોતે તો અમલ કરો ★

**જવાબ :** જેની સમજમાં અલ્લાહ અને રસૂલની વાત આવી જાય તેણે પોતે અમલ કરી લેવો જોઈએ. કોઈ તમારા નજીકનો વ્યક્તિ હોય અને તમને ખબર છે કે એ મારી વાત સાંભળશે તો એને કહી લેવું જોઈએ. પબ્લિક વર્તમાનકાળમાં ખરાબીઓથી માત્ર પોતાને અને પોતાના ઘરવાળાઓને બચાવી લે તો એ પણ એમના માટે સંજોગો જોતાં મોટો જિહાદ જ ગણાશે.

**સવાલ નં. ૧૯ :** પીર લોકોને આ વાતની સમજ કોણ આપે ?

## ★ આલિમ જવાબદારી ન ભૂલે ! ★

**જવાબ :** એ કામ આલિમોનું છે કે માત્ર જી હુઝૂરી કરીને રોટલીઓ પકાવી ખાવાની સ્કીમો ન ચલાવે ! જો એમણે અલ્લાહના દીનના રક્ષણ ખાતર દીનનું ઈલ્મ પ્રાપ્ત કર્યું છે તો પછી અલ્લાહ અને રસૂલની ખુશી માટે પણ કંઈ કરવું જોઈએ.

**સવાલ** : અમે એક મૌલ્વી સાહેબને કહ્યું હતું કે જ્યારે વાજિંત્રોવાળી સભાનું આયોજન જાઈઝ નથી, તો પછી તમે બોલતા કેમ નથી ?! તો તેમણે કહ્યું, બિલાડીના ગળામાં ઘંટ કોણ બાંધે ? અમારી રોજી રોટીનો સવાલ છે ?!

## ★ આવા મૌલ્વી પણ મુનાફિક જેવો હોય શકે છે ★

**જવાબ** : આલિમે દીનને એવું લાગે કે હું બોલીશ તો કબૂલ તો કરવામાં નહીં આવે પણ ઉલ્ટા ચોર કોટવાલને દંડે ! ના ઉખાણા પ્રમાણે એ લોકો મને મારશે, અને મારી જાની અથવા માલી મારે મોટુ નુકસાન ઉઠાવવું પડશે તો એવી સ્થિતિમાં એ પોતે પધરામણી ન કરે, અને દિલથી એવી સભાને સારું ન સમજે, ભલે દિલથી ખરાબ સમજવું હુઝૂરના ફર્માન પ્રમાણે ઈમાનનો નીચામાં નીચો દરજો છે. મને વર્તમાનકાળમાં આલિમોની મજબૂરીઓનું જ્ઞાન છે. તેમના પર થઈ રહેલા ત્રાસની મને ખબર છે અને આલિમોને મોટુ નુકસાન, આલિમ નામના અમુક મુનાફિક સિફત લોકોને લઈને છે. તેઓ પોતાના વખાણ કરાવવામાં અને એકબીજાથી ખુશીની ખૈરાત લેવા, ઈસ્લામી શરીઅત વિરૂધ્ધનાં કામો પર જવાઝના ફત્વા ઠોકી આપે છે. ઈસ્લામનું જે થવાનું હોય તે થાય આપણે તો પોતાની રોટલી શેકી લેવાની ! આ પ્રકારના લોકોથી ઈસ્લામને મોટુ નુકસાન પહોંચ્યું છે. પોતાના ફાયદા માટે દીન અને ધર્મને નુકસાન પહોંચાડનાર આખેરતમાં પોતાના નુકસાન માટે તૈયાર રહે ! જો તેઓ સાચી પાકી તૌબા ન કરે. જો તમારાથી ન બોલી શકાય તો ચૂપ રહો, પણ ખુદારા ખરાબ લોકોને પ્રોત્સાહન તો ન આપો. કારેલું કડવું અને લીમડા પર ચઢયું.

**આજ જાહિલ ભી હય આલિમ કા લેબાદા ઓળ્હે**
**ઐસે મુલ્લાઓંસે ઈમાન બચાએ રખિએ**

## ★ એક અપેક્ષા ★

દુનિયામાં ઘણા બધા આલિમો એવા છે જે ઈસ્લામના રક્ષણનું કામ કરી શકે છે, પણ તેઓ આર્થિક રીતે મજબૂર હોવાને લઈને કંઈ કરી શકતા નથી. બલ્કે મજબૂરીઓને લઈને તેમણે ખરાબ લોકોનો અમુક ખોટા કામોમાં સાથ પણ આપવો પડે છે, એટલે કે રક્ષણ માટે તો કંઈ ન કર્યું, મજબૂરીને લઈને શરઈ હદ તોડનાર લોકોની મદદ કરી. હું નથી માનતો કે તેમનું અંતર પણ આવુ હશે, તેમનું દિલ ખરાબ લોકોની મદદને ક્યારે પણ માન્ય નહીં





રાખતું હોય પણ લાચાર વ્યક્તિ લાચારીમાં ન કરવાનું પણ કરી જાય છે. તો એવા આલિમોને નીડર બનાવવા હોય અને એમનાથી તમારે દીનનું કામ લેવું હોય અને જો તમારા દિલમાં ખરેખર અલ્લાહ અને રસૂલની મહોબ્બત હોય તો આધારભૂત આલિમોને ઈદારાઓથી આઝાદ કરાવી એમની આર્થિક જવાબદારી પોતે સ્વીકારી લો, કોઈના દબાવ હેઠળ એમને ન રહેવા દો, તો જરૂરથી તેઓ ઈસ્લામના સાચા રક્ષક બનીને દીનનું કામ કરશે અને નીડર થઈને દરેક બાતિલનો મુકાબલો કરશે. પણ શું હું મારી કોમના કોઈ ધનવાનથી કોઈ આલિમ માટે આ પ્રમાણેની આર્થિક જવાબદારી લેવાની આશા ધરાવી શકું છું ?!

## ★ મને લોકોએ ખોટી સમજ આપી ★

દીન અને ધર્મ માટે સત્ય વાતોને લઈને જો કોઈ વ્યક્તિ કોશિશ કરતો હોય તો મદદ કરી તેની હિંમત વધારવી જોઈએ. ક્યારેક મદદના શબ્દો પણ કામ કરી જાય છે. પરંતુ આપણી કૌમની હાલત તો એ છે કે સારા વ્યક્તિની મદદ તો ન કરી શકે, પણ ખરાબ શબ્દો બોલીને કામ કરનારને પણ નકામો બનાવી આપે ? હું જ્યારનો યુ.કે.માં આવ્યો છું બાતિલ ફિર્કાના રદથી વધીને હું કહેવાતા સુન્નીઓની પકડ કરી રહ્યો છું, અને એ વધારે જરૂરી છે કારણ કે સુન્નીઓમાં અમલના આધારે અમુક ખરાબીઓ એવી છે કે એને બતાવી બતાવીને અસંખ્ય સીધી તબીયતના લોકોને બાતિલ ફિર્કાઓના ચાહક બનાવી દેવામાં આવ્યા છે. પછી આપણે આપણી અમલી ખરાબીઓ પર પર્દો રાખીને ચાલતા રહીએ તો આગળ જતાં મોટા નુકસાનનો સામનો કરવો પડશે. (ખુદા ન કરે) મારા આ કામો પર સુન્ની લોકોએ મને સહકાર આપવો જોઈએ, તેની જગાએ ઘણા લોકોએ કહ્યું કે જેવું ચાલી રહ્યું છે એવું ચાલવા દો ! આવા કામોથી ફિત્નાઓ વધે છે, દુશ્મની થાય છે, કૌમી એકતામાં ફરક આવે છે. જ્યારે કોઈ સાંભળવા તૈયાર નથી તો પછી આ બધું કોના માટે કરવાનું ?! પણ હું અલ્લાહની કૃપાથી મારી જગાએ ઘણો જ નીડર છું, લોકોનો સહકાર ન આપવું કે કડવા શબ્દો બોલવા મારા માર્ગમાં રુકાવટ નથી બની શકતું, એટલે મારા આ માર્ગમાં સતત પ્રયાસો ચાલતા જ રહેશે. પણ શું હું મારી કૌમથી ભવિષ્યમાં દીન અને ધર્મના રક્ષણ માટે અને દીનને ખરાબ લોકોની પાબંદીથી મુક્ત કરવા માટે મદદની આશા રાખી શકું છું ?!

إِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ જો તમે અલ્લાહના દીનની મદદ કરશો તો અલ્લાહ તમારી મદદ ફર્માવશે.

## ★ સત્યતાથી જ સત્ય હોય છે ★

દુનિયામાં ઈસ્લામ છોડીને બીજા અસંખ્ય ધર્મો છે અને દરેક ધર્મવાળાનું કહેવું એવું જ છે કે અમે સાચા અને બીજા જૂઠા, અને ઈસ્લામના વર્તુળમાં પ્રવેશ્યા પછી ખોટી માન્યતાઓને લઈને વર્તુળમાંથી બહાર થઈ ગયા છે તો પણ તેઓ પોતાને જ સત્ય કહે છે અને બીજાને જૂઠા તથા બાતિલ કહે છે. ગુજરાતીમાં ઉખાણુ છે કે ''કોઈ પોતાની મા ને ડાકણ ન કહે !'' અને વાત પણ સાચી છે કે એ પોતાની ખરાબીનો સ્વીકાર કરી લે તો પછી ખરાબ કેમ રહે ?

એટલે જ હું કહું છું કે સત્ય કહી દેવાથી સત્ય ન બની જાય, સત્યના શબ્દને ખ્યાતિ આપવાથી સત્યતા પ્રાપ્ત ન થઈ જાય, સત્ય હોવાનો દા'વો માણસની સત્યતા પર દલીલ ન બને, સત્યતા કર્મ છે, જે સત્યતાના કર્મને અપનાવી લે એ કર્તાને સત્ય કહેવામાં આવે છે. તો આપણે સત્ય સત્યતાના શબ્દો જપી જપીને એવું ન સમજી લેવું જોઈએ કે આપણે દરેક પ્રકારથી સત્ય જ છીએ બલ્કે આપણામાં ઘણી ખરાબીઓ છે. જ્યાં સુધી આપણે પોતાના વર્તુળમાંથી એ ખરાબીઓને બહાર નહીં કરીએ આપણામાં સત્યતા આવી શકશે નહીં. અને એ ખરાબીઓ આપમેળે બહાર થવાની નથી, એના માટે આપણે શ્રમ કરવો પડશે. પ્રથમ તો અલ્લાહ અને રસૂલના ફર્માનને સામે રાખી સત્ય શું છે એને કબૂલ કરો, ત્યાર બાદ ખરાબને અલગ કરો, ગુનાહને ગુનોહ જ સમજવામાં ન આવે તો પછી તૌબા કેવી રીતે થઈ શકે ? રહેવા દો ! રહેવા દો ! એમાં તો બધું જ ચાલ્યું ગયું, થોડું રહી ગયું છે તેને પણ નષ્ટ કરી દેવું છે ?!

**બુલબુલો ગુલ ગએ ગએ લેકિન**
**હમેં ગમ હય ચમન કે જાને કા**

બાગ હશે તો ગયેલો શણગાર કોશિશ કરી ફરી લાવી શકાશે પણ બાગ જ નષ્ટ થઈ જાય, એ જ ન રહે તો પછી અફસોસ સિવાય કંઈ રહી જતું નથી, એટલે હવે અમારી કોશિશ બાગને નષ્ટ થવાથી બચાવવા માટે છે.

**ગુજરેલો સમય પાછો આવતો નથી !**





## ★ એક મૌલ્વી સાથે મારી ચર્ચા ★

એક દેવબંદી મૌલ્વી સાથે મારી અમુક વાતોમાં ચર્ચા થઈ. એણે મને કહ્યું કે તમે બરેલ્વી લોકો બિદઅતોને નેકી સમજો છો અને કરો છો, બુઝુર્ગોનું નામ લઈને એમની કબ્રો પર બેઅદબી કરો છો અને પછી એને અદબ સમજો છો. તમે લોકો નાચગાના અને મનોરંજનને કવ્વાલીનું નામ આપીને એને સવાબ જાણીને કરો છો, પછી એણે ઈન્ડિયા, પાકિસ્તાનની અમુક દરગાહોના દાખલાઓ આપ્યા અને કહ્યું, આ બધું કોણ કરે છે ? જેઓ પોતાને બરેલ્વી કહે છે !

મેં કહ્યું, તમે જે ખરાબ બિદઅતોના દાખલાઓ આપ્યા એ જરૂરથી થઈ રહી છે અને અમને એના પર અફસોસ છે. અને અમારા આલિમોના લખાણ એ બિઅદતો વિરૂધ્ધમાં છે. અમારા આ'લા હઝરતે અકીદાના રક્ષણની શિખામણો સાથે અમલી ખરાબીઓનો પણ પોતાની કિતાબો અને પોતાના ફતાવાઓમાં ઉલ્લેખ કર્યો છે, એટલે તમે એવું નથી કહી શકતા કે બરેલ્વી અમલ કરે છે અને બરેલ્વી ગુનાહોને સવાબ સમજે છે. જો તમને મારી વાત સત્ય ન લાગતી હોય તો જે દરગાહો પર આમ થઈ રહ્યું છે ત્યાં જઈને પૂછી જુઓ તો તમને એમની વાતોથી એ જાણવા મળશે કે તેઓ પોતે જે કરે છે તેને જ દીન અન ધર્મ સમજે છે અને જે એ કામો પર એમનો સહકાર આપે તેમને જ માને છે, ઘણે અંશે કહેવાતા ખાનકાહી લોકો આ'લા હઝરત અને મસ્લકે આ'લા હઝરતને માનતા નથી, તો પછી તમે આમ ન કહો કે બરેલ્વી આમ કરે છે, બરેલ્વી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ના માનવવાળાને કહેવામાં આવે છે. તેઓમાંથી કોઈ એકને પણ ખરાબ બિદઅતને જાઈઝ કહેતાં જોશો નહીં. જો તમને હજુ પણ યકીન ન આવતું હોય તો અહીં યુ.કે.માં ઈન્ડિયન લોકોની મસ્જિદો જેમને તમે બરેલ્વી મસ્જિદો કહો છો તેમાં જઈને મારી બાબત પૂછી જુઓ કે ફલાણા મોલ્વી બાબત તમારું શું કહેવું છે ? તો હું તમને ચલેન્જ સાથે કહી શકું છું કે વધુ પડતા લોકો મને ખરાબ કહેશે, ગાળો આપશે અને મારી બાબત ભલુ બુરું બોલી જશે, કેમ ?! એટલે જ કે હું બરેલ્વી છું અને અમારા આ'લા હઝરતવાળી શિખામણોને બયાનો અને લખાણથી ખ્યાતિ આપી રહ્યો છું, તો જો તેઓ પોતાને બરેલ્વી માનતા, તો મેં બરેલ્વીવાળી જ વાતો એમની સમક્ષ રજુ કરી, છતાં તેઓ મારા વિરોધી કેમ બની ગયા ?! કંઈક હશે તો જ ! પછી તમે એવું કેવી રીતે કહી શકો છો કે બરેલ્વી જ આવું કરે છે !

**સવાલ** : લોકોનું કહેવું એવું છે કે ગરીબ નવાઝ, બખ્તિયાર કાકી નિઝામુદીન ઔલિયા (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن) વગેરે ચિશ્તી બુઝુર્ગો સિમાનો ખૂબ શોખ ધરાવતા હતા, અને એમના એ શોખને લઈને મુસલમાનોમાં સિમાનો રિવાજ આવ્યો. અને આજે પણ લોકો એમની તરફ સંબંધ કરીને જ આ કામો કરી રહ્યા છે, અને ઈન્કાર કરવાવાળાઓને ગરીબ નવાઝ અને બીજા ચિશ્તી બુઝુર્ગોના વિરોધી કહે છે, એનો તમારી પાસે શું જવાબ છે ?

## ★ સિમા ખરો પણ વાજિંત્રોથી પાક ★

**જવાબ** : એ મહાન બુઝુર્ગો અમારા દિલોમાં બિરાજમાન છે, અમને તેમનાથી અધિક પ્રેમ છે, તેમની વિલાયતમાં કોઈને શંકા નથી, અને અમને એ પણ માન્ય છે કે એ બુઝુર્ગો સિમા કરતા હતા, પણ એમનો સિમા શરીઅતના વર્તુળમાં વાજિંત્રોથી પાક હતો, જેના પુરાવા તમારી ખિદમતમાં રજુ કરી દેવામાં આવ્યા છે, બજારી કિતાબોમાં ખોટી વાતોનું લખાણ જોવા મળે છે પણ આધારભૂત કોઈ એક પણ ઈતિહાસ આવો નથી જે એ સાબિત કરી બતાવે કે એમના સિમામાં વાજિંત્રો આવતાં હતાં. વાજિંત્રોથી પાક સિમા હતો તેના પુરાવા તમારી ખિદમતમાં આવ્યા, ત્યાર પછી જેઓ વાજિંત્રોવાળો સિમા એવા મહાન બુઝુર્ગો તરફ સંબંધિત કરે છે તેઓ એ બુઝુર્ગોના ગુસ્તાખ અને બેઅદબ છે. ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ની એક સુન્નત વુઝૂ કરવામાં છૂટી ગઈ હતી ત્યાર બાદ પોતાના જીવનમાં વારંવાર એને યાદ કરીને રડતા હતા કે નબીને એ સુન્નત છૂટી જવા બાબત શું જવાબ આપીશ ? તો પછી જે વ્યક્તિ નબીના ફર્માનથી જાણવા મળતાં એક મુસ્તહબ તરીકો છોડી ન શકે અને ભૂલથી છૂટી જાય તો એના પર અફસોસથી આસૂં સારે ! એવી હસ્તી વાજિંત્રોના હરામ હોવા પર અસંખ્ય હદીષો હોવા છતાં એ કામમાં વ્યસ્ત કેમ કરી થાય ?! સારાંશ એ કે જેઓ વાજિંત્રોવાળા સિમાનો સંબંધ ગરીબ નવાઝ અને બીજા અમુક બુઝુર્ગો તરફ થવા દેવાને મનાઈ કરે છે, તેઓ પોતાના અમલમાં યોગ્ય સ્થાને છે. તેઓ બુઝુર્ગોથી સાચી અને પાકી અકીદત રાખે છે.

**સવાલ** : કોઈ વ્યક્તિ કોઈ ઈતિહાસની કિતાબથી વાજિંત્રોવાળા સિમાની વાત ગરીબ નવાઝ અને બીજા બુઝુર્ગો માટે લખાણથી સાબિત કરી બતાવે તો શું કરવું ?





## ★ બજાર કિતાબો છોડો ! ★

**જવાબ** : અમે પણ ઈતિહાસને સામે રાખીને જ કહી રહ્યા છીએ. અમારા આ'લા હઝરતનું લખાણ છે કે ચિશ્તી બુઝુર્ગોએ એવું કંઈ કર્યું નથી, લોકોએ એમના પર તોહમત અને આક્ષેપ રાખેલો છે. પછી આ'લા હઝરતથી વધીને તારીખ અને ઈતિહાસનો જાણકાર કોણ હોઈ શકે છે ? અમુક કિતાબો છે જેમાં ઘણો ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રથમ તો તેને એ સાબિત કરવું જ કષ્ટદાયક છે કે એ કિતાબ અસલ છે અને એમાં કોઈ ફેરફાર નથી થયો. એટલે એ કે બજારી કિતાબોની કોઈ વાત માન્ય રાખવામાં આવશે નહીં.

## ★ ઈતિહાસ ખોટો બુઝુર્ગ સાચો ! ★

બીજું એ કે કોઈ કિતાબમાં એવી કોઈ વાત કોઈ બુઝુર્ગ તરફ સંબંધિત કરવામાં આવે જે શરીઅત વિરૂધ્ધ હોય, અને એને લઈને બુઝુર્ગનું જીવનચરિત્ર ખરાબ થઈ શકે અને લોકોનું દિલ એમનાથી ઉઠી જાય તો ઈસ્લામી કાયદાના આધારે એવી કોઈ વાત એમના માટે માન્ય રાખવામાં આવશે નહીં. જેમ કે "સબએ સનાબિલ"ના અંતિમ પેજોમાં જ્યાં મશાઈખની વાતો અને એમના જીવન ચરિત્રનો ટૂંકસાર રજુ કરવામાં આવ્યો છે ત્યાં ગરીબ નવાઝ તરફ સંબંધિત એક વાતનો જવાબ આપવામાં આવ્યો છે. તે વાત એ છે કે એક વ્યક્તિ આપની પાસે મુરીદ બનવા આવ્યો તો આપે એને કહ્યું, તું થોડા દિવસ આ પ્રમાણે વિર્દ કરજે "લાઈલાહા ઈલ્લલ્લાહ ચિશ્તી રસૂલુલ્લાહ"

કોઈ પણ વ્યક્તિ જો એ મુસલમાન છે તો તે આ વાત માન્ય રાખી શકે છે ? કે ગરીબ નવાઝે મઆઝલ્લાહ ! ઉપરોક્ત શબ્દ કહ્યા હોય ? અલ્લાહના વલી, મહાન આલિમે દીન એ પ્રમાણેનું કામ કેવી રીતે કરી શકે ? એટલે અંતમાં ઈસ્લામી કાયદારૂપે હું તેમને એક શિખામણ આપી રહ્યો છું કે અલ્લાહના વલીઓ તરફ શરીઅતની વિરૂધ્ધની કોઈ વાત સંબંધિત કરવામાં આવે તો તે જૂઠા લોકોની ઉપજાવેલી વાત છે. જ્યારે આપણે જોયું નથી, આપણે એ પ્રસંગ પર હાજર નથી, હાજર રહેનારે લખ્યું નથી, એ લખાણની કોઈ રિવાયતી સનદ નથી, લખનાર અને બતાવનારની હાલતોનો પરિચય નથી, પછી આવી તોહમત એવા વ્યક્તિ માટે જેમની બુઝુર્ગી સઘળા લોકોમાં માન્ય છે, કેમ કરી કબૂલી લેવામાં આવે ?

**સવાલ નં. ૨૧** : અમુક કિતાબોમાં વાજિંત્રોના વખાણ કરવામાં આવ્યાં છે અને એને બનાવવાનો તથા ઉપયોગનો હેતુ દર્શાવવામાં આવ્યો છે, જેમ કે :–

શામી, ભાગ–૧ પર છે (એમનું ફર્માન ઈલ્મુન લેમુસીકી) કાફના ઝેર સાથે, એ રિયાઝીનો એક વિષય છે જેનાથી રાગ અને ધૂનોની સ્થિતિઓ, અવાજ ખેંચવાની હાલત અને સાધનોનું સંશોધન કરવાનું જાણવા મળે છે. એમાં ચર્ચાનો વિષય અવાજ છે એના દિલોમાં અસર કરવાના તરીકાથી એક જમાના અને એક ભાગમાં વ્યવસ્થિત હોવાના આધારે, અને એનો હેતુ રૂહોમાં શોખ ઉત્પન્ન કરવો ઓછો વધતો કે પછી વચલા ગારાનો. (જ્યારે વાજિંત્રોને) આ હેતુથી બનાવવામાં આવ્યાં તો પછી એમાં હરામ હોવાનો હુકમ કેમ કરી આવી શકે છે ?

## ★ કાયદાનું મૂળ અક્કલથી નથી, ફર્માને રસૂલ છે ★

**જવાબ** : (૧) અક્કલથી તો અમારી સમજમાં પણ નથી આવતું કે વાજિંત્રો અને એનો ઉપયોગ હરામ કેમ છે. શું સારો અને સુંદર અવાજ સાંભળવો હરામ હોય શકે છે ?! પણ વાત એ છે કે શરીઅતના કાયદાની બુન્યાદ અક્કલ પર નથી. અલ્લાહ અને રસૂલના ફર્માન પર છે. અક્કલથી સમજમાં આવે તો ઉત્તમ અને સમજમાં ન આવે તો પણ કાયદો એ જ રહેશે જે અલ્લાહ અને રસૂલનું ફર્માન છે. હું તમને વારંવાર બતાવી ગયો કે નબીએ પાકની અસંખ્ય હદીસો પર લક્ષ આપીને વાજિંત્રોના હરામ હોવાનો ફત્વો આપવામાં આવ્યો છે. પછી અક્કલથી કહેવું કે વાજિંત્રો ફલાણા હેતુસર બનાવવામાં આવ્યાં છે પછી હરામ કેમ ? એ વાત ઈસ્લામી કાયદાથી ખસીને છે.

## ★ દાતા હિજ્વૈરીની ઓળખ ★

કશ્ફુલ મહજૂબમાં હઝરત દાતા અલી હિજવૈરી رحمۃ اللہ علیہ (ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ અજમેર આવતાં પહેલાં) એમના મઝાર પર ચિલ્લો કર્યો હતો, અને એક શે'ર ફર્માવ્યો હતો જે દાતા સાહેબના મઝાર પર લખવામાં આવ્યો છે, તે શેઅર આ છે :–

**ગંજ બખ્શ ફૈઝે આલમ મઝહરે નૂરે ખુદા**
**નાકેસાંરા પીરે કામિલ કામિલાંરા રેહનુમા**





**અર્થાત** : ખજાનો આપનાર સમગ્ર જગત માટે ફૈઝ, અલ્લાહના નૂરનું જાહેર થવાનું સ્થાન, અધૂરા લોકો માટે સંપૂર્ણ પીર અને પહોંચેલા લોકોને માર્ગ બતાવનાર.

ગરીબ નવાઝના ઉપરોક્ત શે'રથી એ સમજી શકાય છે કે દાતા ગંજ સાહેબનો દરજો વિલાયતમાં કેટલો ઊંચો છે.

## ★ સંગીતનો શોધક શૈતાન છે ! ★

આપની લખેલ જગ મશ્હૂર કિતાબ કશ્ફુલ મહજૂબમાં સિમાના વર્ણનમાં છે : સાંભળનારાઓના બે પ્રકાર છે : એક તો તે લોકો જે માત્ર માયનો સાંભળે છે, બીજા તે લોકો જે માત્ર અવાજ સાંભળે છે. આ બંને પ્રકારમાં ફાયદા પણ છે અને નુકસાન પણ. જ્યારે કોઈ વ્યક્તિ અવાજ સાંભળે છે તો તેની અંદરમાં તે જ વસ્તુ જોશ મારે છે જે પ્રથમથી જ તેની અંદરમાં હોય છે. જો પ્રથમ તેની અંદર હક્ક હોય તો હક્ક જોશ મારે છે, અને બાતિલ હોય તો બાતિલ જોશ મારે છે. જેની તબીયતમાં બગાડ હોય તે ગમે તે સાંભળે બધું જ તેના માટે બગાડ હોય છે. હઝરત દાવૂદ علیہ الصلوٰۃ والسلام ને અલ્લાહ તઆલાએ ઝબૂર રાગથી પઢવાનો મો'જિઝો અતા ફર્માવ્યો હતો, જ્યારે તેઓ પઢતા તો પશુ, પક્ષીઓ, ઝાડ અને પથ્થર રોકાઈ જતાં, વહેતુ પાણી સ્થિર થઈ જતું, હજારો લોકો આપનો અવાજ સાંભળીને ખાવા પીવાનું ભૂલી જતા, મસ્તી અને શોખમાં મૃત્યુ પામતા. ત્યારબાદ અલ્લાહ તઆલાએ ઈરાદો ફર્માવ્યો કે હક્કવાળાઓને વાસનાવાળાઓથી અલગ કરી દેવામાં આવે, તો શૈતાનને ગભરામણ થઈ અને તેને દિલોમાં વસવસો નાખવાની પરવાનગી મળી તાકે તે બહાનું બનાવી જે કરવા ઈચ્છે તે કરે. તો તેણે વાંસળી અને તંબૂરો બનાવ્યો અને હઝરત દાવૂદ علیہ الصلوٰۃ والسلام ના વિરોધમાં પોતાની વાજિંત્રોવાળી સભાનું આયોજન કર્યું. ત્યાર બાદ હઝરત દાવૂદ علیہ الصلوٰۃ والسلام ના હાજરજનોમાં બે ભાગ પડી ગયા, એક બદ્‌માશનો ટોળો જે શૈતાનનાં વાજિંત્રો અને મ્યુઝિક તરફ કેન્દ્રિત થયો અને બીજો ટોળો નેક લોકોનો જે દાવૂદ علیہ الصلوٰۃ والسلام સાથે રહ્યો. જેઓ માયનાવાળાઓ હતા તેઓ દાવૂદ علیہ الصلوٰۃ والسلام ના પઢવા સિવાય બીજી કોઈ ચીજ તરફ કેન્દ્રિત ન થયા. એટલા માટે કે તેઓ હક્ક જોતા હતા. જો તેઓ શૈતાનનાં વાજિંત્રો સાંભળતા તો તેમાં તેમને ફિત્નો દેખાતો અને જ્યારે તેઓ લહને દાવૂદી સાંભળતા તો તેમાં તેઓને હક્ક જોવા મળતું. (એટલે કે હક્કપરસ્તોને અલ્લાહની કિતાબ સાંભળવું જ પસંદ આવ્યું,

શૈતાનનાં વાજિંત્રો તેમને હક્ક સાંભળવાથી અલગ ન કરી શક્યાં, અને તેમને સંગીતનો અવાજ સારો ન લાગ્યો અને જેમને કંઈ શીખવાથી મતલબ ન હતો તેઓ માત્ર સારો અવાજ જોઈને આવતા હતા જ્યારે એમને શૈતાનના સંગીતમાં વધારે રસ મળ્યો તો નબી પાસેથી ખસીને શૈતાન પાસે જઈ બેઠા.

## ★ સંગીતની શોધ અલ્લાહથી હટાવવા માટે ★

દાતા સાહેબના લખાણથી સ્પષ્ટ થયું કે વાજિંત્રો માટે ગમે તે લખવામાં આવે પણ એની વાસ્તવિકતા એ છે કે એનો શોધક શૈતાન છે અને એણે આ શોધ માત્ર એટલા માટે કરી હતી કે હઝરત દાવૂદ عليه السلام ના ઝબૂરની તિલાવતથી લોકોને સત્ય માર્ગ મળતો, લોકો અલ્લાહની યાદમાં તલ્લીન થઈ જતા, ખાવા પીવાનું ભૂલીને અલ્લાહની યાદમાં રસ ધરાવતા. જેથી અલ્લાહની યાદથી હટાવવા અને ખુદાની કિતાબની તિલાવતથી ગાફિલ કરવા એણે વાજિંત્રોવાળી સભાનું આયોજન કરી, હાજરજનોમાં ભાગલા પાડયા હતા. તો **વાજિંત્રોની શોધ શૈતાને કરી અને એનો હેતુ અલ્લાહની યાદથી અલગ કરવાનો હતો.** અને દરેક જમાનામાં વાજિંત્રો દુનિયાદારોના હાથોમાં રહ્યાં અને એમણે લોકોના દિલમાં ખુદાની યાદથી ગફલત પેદા કરી. વર્તમાનકાળમાં મ્યુઝિક સાથે ચાલતાં ગાયનો લોકોનો ખોરાક બની ગયો છે, ત્રીસ રૂપિયામાં ગાયનની કેસેટ ખરીદી શકે પણ ૨૦ રૂપિયામાં બયાનની કેસેટ ન ખરીદી શકે, તો વાજિંત્રોથી જે નુકસાન દાવૂદ عليه السلام ના અમુક હાજરજનોને થયું હતું તેનાથી મોટુ નુકસાન આ અંતિમ નબીની ઉમ્મતને મ્યુઝિકથી પહોંચી રહ્યું છે. એટલે આપણા નબીએ પ્રથમથી જ આપણા માટે વાજિંત્રોનો ઉપયોગ હરામ કર્યો હતો, પણ એમાં નવી નવી શરતોના વધારા કરીને પોતાના માટે સહુલતના માર્ગ શોધીને હદીષોને બેમતલબ બનાવી આપી. નબી પોતાના ફર્માનથી જે નુકસાનથી આ ઉમ્મતને બચાવવા માંગતા હતા તેમાં શરતોનો વધારો કરી માર્ગ સરળ કરનારાઓએ અર્થહીન કરી દીધું. વાજિંત્રોની છૂટ ઈસ્લામી શરીઅતના વર્તુળમાં ક્યારે પણ મળી શકતી નથી. એટલે અમુક લોકોને છોડીને મુસલમાન આલિમો અને સંતોની બહુમતી એ વાત પર છે કે વાજિંત્રોવાળી કોઈ પ્રકારની સભાનું આયોજન જાઈઝ નથી.

## ★ સિમામાં શૈતાન પણ હાજર હતો ★

દાતા અલી હિજવૈરી رحمة الله عليه કશ્ફૂલ મહજૂબમાં લખે છે કે : હઝરત





અબુલ હારિષ બુનાની رحمة الله عليه ને લોકો એક વખત એક સિમાની સભામાં લઈ ગયા. સભાનો પ્રમુખ (સદર) એક વૃદ્ધ માણસ હતો, સિમા થયો અને લોકો વજદની હાલતમાં પડેલા હતા. જતી વખતે તે વૃદ્ધ માણસે હઝરત અબુલ હારિષને કહ્યું, આપે મારી બાબત માલૂમ ન કર્યું કે હું કોણ છું ? પછી તેણે કહ્યું કે હું અઝાઝીલ છું, જેને લોકો આજે ઈબ્લીસ કહે છે અને આ બધા મારા બાળકો છે. આ પ્રમાણે બેસવામાં અને ગાવામાં મને બે ફાયદા મળે છે : એક તો એ કે હું પોતે મુસીબત અને જુદાઈમાં છું. ખુશનસીબીનો જમાનો યાદ કરું છે અને બીજું એ કે પરહેઝગાર લોકોને ગુમરાહ કરું છું અને તેમને બગાડું છું. હઝરત અબૂલ હારિષનું બયાન છે કે તે સમયથી દિલમાંથી સિમાનો ખયાલ ચાલ્યો ગયો. (એટલે કે ત્યારથી જ મારા દિલમાં સિમાની નફરત આવી ગઈ અને પછી ક્યારે પણ એ કામ માટે તત્પર નથી થયો.)

## ★ સિમાથી તૌબા કરો ! ★

હઝરત જુનૈદ બગદાદી رحمة الله عليه ને કોણ નથી જાણતું ?! આપ પાયાના બુઝુર્ગ હતા. આપની હુઝૂર ગૌષે પાકના પણ પીરોમાં ગતણરી થાય છે, આપે પોતે પણ સિમાથી તૌબા કરી લીધી હતી અને પછી પોતાના મુરીદોને પણ એનાથી તૌબા કરાવતા હતા.

દાતા સાહબે કશ્ફૂલ મહજૂબમાં લખ્યું છે : હઝરત જુનૈદ બગદાદી رحمة الله عليه એ પોતાના મુરીદને તૌબા કરાવતી વખતે ફર્માવ્યું કે જો તું પોતાના ઈમાનની સલામતી ઈચ્છે છે અને તૌબાના રક્ષણની આશા રાખે છે તો તે સિમાથી જે સૂફી કરે છે, ઈન્કારી થઈ જા અને પોતાને સિમાવાળો ન જાણ.

## ★ સિમામાં ત્યારે બગાડ હતો તો આજે ?! ★

હઝરત જુનૈદ બગદાદી પહેલાં સિમાની સભામાં પધરામણી કરતા અને સાંભળતા હતા પણ જ્યારે એમણે જોયું કે હવે એમાં ખરાબીઓ અને બગાડ આવવા લાગ્યો છે તો પછી આપે એનાથી તૌબા કરી લીધી અને મુરીદને પણ એ કામથી દૂર રહેવાની શિખામણ આપતા હતા. જ્યારે કે એ ઓલમા અને બુઝુર્ગોનો જમાનો હતો, કંટ્રોલ પણ ઈસ્લામી હતો અને વર્તમાનકાળથી તે જમાનાના લોકો ઘણા જ સારા હતા, તો પણ જ્યારે એમને સિમાની સભામાં ખરાબીઓ જોવા મળી તો આજની સિમાની સભા, ખાનકાહોમાં જેનું આયોજન

થાય છે તે આપ જોઈ લે તો તેમની તરફ જોવાનું પણ છોડી દે.

## ★ મહબૂબે ઈલાહીનું મતંવ્ય ★

સેયરૂલ ઔલિયામાં સૈયદી હઝરત મુહમ્મદ બિન મુબારક બિન મુહમ્મદ અલ્વી કિરમાની હઝરત ફરીદુદ્દીન ગંજ શકરના મુરીદ અને ખલીફા અને હઝરત મહબૂબે ઈલાહીના પણ ખલીફા છે તે ફર્માવે છે કે અમુક વસ્તુઓની જરૂરત છે, ત્યારે જ સિમા જાઈઝ બની શકે છે, સુલ્તાનુલ, મશાઈખનું આ ફર્માન છે :– સાંભળવાવાળો, સંભળાવવાવાળો, સાંભળવાની વસ્તુ, સિમાનાં સાધનો, સંભળાવનાર મર્દ હોય, નાબાલિગ અથવા સ્ત્રી ન હોય, સાંભળનાર યાદે હક્કથી વંચિત ન હોય, સાંભળવાની વસ્તુ ખરાબ અને મસ્તી મજાકવાળી ન હોય. અને સિમાના સાધનો વાજિંત્રો વચમાં ન હોવાં જોઈએ. આ પ્રમાણેનો સિમા હલાલ છે.

## ★ શૈતાને કહ્યું કે.... ★

અવારિફુલ મઆરિફમાં છે, હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : મેં સ્વપ્નમાં શૈતાન જોયો. મેં તેને પૂછયું, તું અમારા દોસ્ત (મિત્ર) પર કેમ કરી સફળ થાય છે અથવા તેમનાથી કઈ ચીજ વસ્તુ પડાવે છે ? ઈબ્લીસે કહ્યું, તેમને વશ કરવા અને સફળ થવું મુશ્કેલ છે, અને તેમની પાસેથી કંઈ પડાવી લેવું કષ્ટદાયક છે, માત્ર બે તક છોડીને. મેં તેને પૂછયું, એ બે તકો કઈ છે ? એણે કહ્યું, એક તો સિમાના સમયે, અને બીજું જોતી વખતે. એ સમયે હું એમનાથી કંઈ પડાવી લઉં છું અને એનાથી એમને હું વશ કરું છું.

## ★ પબ્લિકને રોકવા શું કરવું ? ★

પબ્લિક પોતાના આલિમો અને બુઝુર્ગોનાં કામોને જોઈ પોતે એ પ્રમાણે કરવાની કોશિશ કરે છે. આલિમો અને બુઝુર્ગોનાં કામો એમના માટે દલીલ અને પુરાવા હોય છે. એવી સ્થિતિમાં **આલિમો અને બુઝુર્ગોએ શું કરવું જોઈએ ? પોતાનું દરેક ડગ ફૂંકી ફૂંકીને રાખવું જોઈએ.** પબ્લિકમાંથી એક એકનું લપસી જવું માત્ર એના નુકસાનનું જ કારણ છે જ્યારે આલિમ અને બુઝુર્ગનું લપસી જવું તેમના સઘળા ચાહકોનું લપસી જવું છે, કારણ કે તેઓ પોતાના માટે પોતાના માર્ગદર્શકના કામને પુરાવો બનાવશે. કોઈ આલિમ અને બુઝુર્ગ પોતે કંઈ કરે અને પબ્લિકને કહે કે તમારા માટે જાઈઝ નથી. તો એમની





સમજમાં ન આવે, અને એ આજે નહીં તો કાલે તે જરૂરથી કરશે. એટલે ખોટી દલીલોમાં ન જતાં આલિમો અને કહેવાતા બુઝુર્ગોએ ગલતીથી તૌબા કરી લેવી જોઈએ, એમના અનુસરણમાં ચાહકો આપમેળે તૌબા કરી જ લેશે.

## ★ પબ્લિકની હાજરીમાં ફાયદો ★

ઉપરોક્ત શિખામણ એના માટે છે જે અલ્લાહનો ડર રાખીને ફેંસલો કરી, નબીના ફર્માનને ઉત્તમતા આપીને એના પર નિર્ણય લે, જેમને માલ મિલ્કતનો શોખ હોય અને પબ્લિકનાં પોકેટો ખાલી કરવાં હોય, તેમના માટે ઈસ્લામી શરીઅત પણ કંઈ નથી અને શિખામણ તો તેમની બારગાહમાં પહોંચી પણ નથી શકતી ! પબ્લિક આવે, ગાવાવાળા પર પૈસાનો વરસાદ કરે તેઓ આવે તો ખાવા પીવામાં ખર્ચો આવે તેઓ આવે, તો પીર લોકોને નજરાનાઓ મળે. જો પબ્લિકને આ માર્ગેથી હટાવી દેવામાં આવે તો પછી દોલતમાંથી બાકી શું રહે ? એટલે વર્તમાનકાળના લોકો શરઈ શિખામણો પર અમલ કરવાના નથી, પણ અલ્લાહ તઆલા જેને તૌફીક અતા ફર્માવે અને જેના દિલમાં દુનિયાની મહોબ્બત દૂર કરી પોતાની મહોબ્બતમાં જીવડાવે તેના માટે આ શિખામણો પર અમલ સરળ છે.

## ★ અલ્લાહથી ડરો ! ★

✪ અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَلَا تَشْتَرُوْا بِاٰيٰتِيْ ثَمَنًا قَلِيْلًا وَّاِيَّايَ فَاتَّقُوْنِ

"અને ન વેચો મારી આયતો થોડી કિંમતમાં અને મારો જ ડર રાખો."

✪ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَلَا تَخْشَوُا النَّاسَ وَاخْشَوْنِ

"પછી તમે લોકોથી ન ડરો અને મારાથી ડરો."

✪ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ

"અને હક્ક (સત્ય)નું બાતિલમાં મિશ્રણ ન કરો."

જેના દિમાગમાં કુર્આનની ઉપરોક્ત આયતોનો ભાવાર્થ બેસી જાય એને ઈન્શાઅલ્લાહ ! આ મસ્અલા અને બીજા વિવાદાસ્પદ મસ્અલાઓમાં સત્ય માર્ગ મળી જશે. તો પબ્લિક અને અવામને કમાર્ગે જવાથી રોકવા આલિમો અને પીરોએ એવો માર્ગ અપનાવવો જોઈએ જેમાં પોતાના માટે પણ નજાત હોય અને પોતાના શુભેચ્છકો માટે પણ નજાત હોય. હવે તમે તમારા દિલ પર હાથ રાખીને કહો, અલ્લાહ અને રસૂલને ગવાહ જાણીને કહો કે વર્તમાનકાળમાં પબ્લિક માટે ગુમરાહી અને શરઈ ખરાબીઓથી બચવાનો માર્ગ કયો છે ? સિમામાં વ્યસ્ત થવું અને એના માટે લડવું કે પછી એનાથી બચી દીનના જરૂરી કામોમાં ભાગ લેવો ?

## ★ અમુક કહેવાતા આલિમો અને પીરોની કમસજ ★

અમુક આલિમો અને અમુક પીરો એવા પણ હોય છે જેમના નજીક મુસલમાનોની ભલાઈ અને એમના માટે નજાતનો ફેંસલો કોઈ મહત્વ નથી રાખતું. તેઓ દરેક મસ્અલામાં પોતાની હઠ પર રહે છે અને ગમે તેટલી દલીલો અને પુરાવા આપવામાં આવે પણ તેમની હઠ વધી તો શકે છે, એમાં ઘટાડો આવી શકતો નથી ! સુન્નીઓને વર્તમાનકાળમાં બાતિલ ફિર્કાઓ સામે જે મોટુ નુકસાન ઉઠાવવું પડે છે તે અમુક આલિમો અને પીરોની કસમજનું પરિણામ છે. તેમણે હઠ છોડીને પબ્લિક માટે નજાતનો માર્ગ કયો, એ માર્ગે આવી જવું જોઈએ. હું પહેલાંની દલીલોમાં પણ એ બતાવી ગયો છું કે લોકો બજારી કવ્વાલીઓ અને બજારી કવ્વાલાઓ (કવ્વાલણો) દ્વારા મઝારો પર થતા કવ્વાલીના મુકાબલા દરેકના નજીક નાજાઈઝ અને હરામ છે, તો પણ તેઓ એને જાઈઝ સમજીને કરે છે, અને એ પ્રમાણેના કામોને પોતાની સાચી સુન્નિયત સમજે છે ! જેને શરઈ કાયદાના આધારે દરેકના નજીક ગુમરાહી જ કહેવામાં આવશે તો શરતોની સાથે જાઈઝ કહેવાવાળાઓ પબ્લિકના એ કામોના જવાબદાર છે. એમના કામોના અનુસરણમાં જ પબ્લિક ગુમરાહી સુધી પહોંચેલી છે. અને વર્તમાનકાળમાં શરતોવાળો સિમા મળવો મુશ્કેલ છે. જો કોઈ એ દા'વો કરે કે અમારા ત્યાં શરતોની પાબંદીમાં સિમા કરવામાં આવે છે તો પછી તેમના સિમા પર ગુપ્તપણે જોવામાં આવશે અને બગાડથી વાકેફ કરવામાં આવશે. મોહીય્યુદ્દીન નામ રાખવું સરળ છે એના માટે કોઈ કોશિશની જરૂરત નથી પડતી પરંતુ ખરેખર દીનને જીવંત કરનાર બનવું મુશ્કેલ છે. વિવાદાસ્પદ મસ્અલામાં જવાઝ (જાઈઝ હોવા)ને લઈને મેદાનમાં કૂદી પડવું





સહેલુ છે પણ જાઈઝ કહેવાવાળાઓની બતાવેલ શરતોની પાબંદી સાથે પોતાના નિયુક્ત કામને જાઈઝ સાબિત કરી બતાવવું લોખંડના ચણા ચાવવું છે. પાંચમા પ્રકરણમાં એ વાતો પર ઈન્શાઅલ્લાહ ! ચર્ચા કરવામાં આવશે.

રહ ગઈ રસ્મેં અઝાં રૂહે બિલાલી ન રહી
ફલસફા રહ ગયા તલ્કીને ગિઝાલી ન રહી

## ★ સુન્નિયતમાં જરૂરત કઈ વાતની છે ? ★

વર્તમાનકાળમાં દરેક બાતિલ પોતાના ફિર્કાને પ્રગતિના પંથે પહોંચાડવા તન, મન, ધનથી આગળ વધી રહ્યો છે. અને આપણે માન્યતાના આધારે સાચા છીએ પણ પોતાનું સત્ય જાહેર કરવા અમલમાં આપણી પાસે કંઈ નથી. મદ્રસાઓમાં તાલીમનાં ઠેકાણા નથી, મસ્જિદોમાં લોકોને નમાઝ માટે આવવાનો સમય નથી, પબ્લિક તો પબ્લિક મૌલ્વીઓ પણ ઓછા પ્રમાણમાં મસ્જિદોમાં જોવા મળે છે. પીરોની તો મસ્જિદમાં આવવાના મસ્અલામાં ચર્ચા કરવી જ બેકાર છે ! માફ કરશો દુઃખની નસ પર હાથ રાખી રહ્યો છું ! પણ તૂટી રહેલ સુન્નિયતને બચાવવા, જેમાં જે કમી હોય તેને સ્પષ્ટ કરી દેવું મારી ઈસ્લામી જવાબદારી છે, પછી આપણા દીનનો ખુદા હાફિઝ ! તબ્લા સારંગીની ચર્ચા છોડો અને તૂટી રહેલ સુન્નિયતને દીનના જરૂરી અમલો પર અમલ દ્વારા સશક્ત બનાવો ! અકીદત અકીદત કહીને અકીદતને બદ્નામ ન કરો.

## ★ જમાઅત સાથે નમાઝ વાજિબ છે ★

જમાઅત સાથે મસ્જિદમાં ફર્ઝ નમાઝ અદા કરવી પુરૂષો માટે વાજિબ છે. શરઈ કારણ વિના છોડવા પર એ વ્યક્તિ ફાસિક બની જાય છે. એ ઈસ્લામી વર્તુળમાં એટલો પડી જાય છે કે એ કોઈ વાતની ગવાહી આપે તો એની ગવાહી માન્ય રાખવામાં ન આવે. એને ઈજ્જતના સ્થાને રાખવામાં ન આવે, મસ્જિદો વેરાન છે એના માટે કોઈની કોશિશ નથી, વાજિબ છૂટી રહ્યો છે, અને ફર્ઝ કઝામાં જઈ રહ્યો છે, એનો કોઈને ખયાલ નથી, ખુલે આમ હરામ કામો થઈ રહ્યાં છે, એને રોકવાની કોઈને ચિંતા નથી, દરેક જગાએથી માનવાવાળાઓ સંકોચાય રહ્યા છે એની ફિકર નથી અને ફિકર એ વાતની છે કે અમારી તબ્લા સારંગીમાં ફરક ન આવે ! યાદ રાખો ! એક દિવસ મરવાનું છે, દુનિયા છોડવાની છે, રબની બારગાહમાં જવાનું છે, દરેક વાતનો હિસાબ આપવાનો છે, દીનના જરૂરી કામોમાં સશક્ત

બન્યા પછી જાઈઝ વાતો જે વાતો જેવા સવાલ નથીના કરવા પર ચર્ચા કરશો.

## ★ ઈલ્મ અને જ્ઞાન ખરાબ નથી ★

અમુક ઈસ્લામી કિતાબોમાં ઈલ્મે રિયાઝીનો ઉલ્લેખ કરવામાં આવ્યો એનો હેતુ અને મકસદ વર્ણવવામાં આવ્યો તો એ માત્ર એ બતાવવા માટે હોય છે કે એ કયો વિષય છે, એમાં કઈ ચીજની ચર્ચા થાય છે, એ ચર્ચાનો હેતુ શું છે ? તો જ્ઞાનના આધારે વિષયને હરામ નથી કહી શકતા, ઘણા બધાં જ્ઞાન ઉપયોગના આધારે હરામ હોય છે. જો એમાં શરીઅત વિરૂધ્ધની વાતો હોય અથવા એનો ઉપયોગ શરીઅત વિરૂધ્ધ હોય તો ઈસ્લામી કિતાબમાં મ્યુઝિકના વિષયની ચર્ચા માત્ર જ્ઞાન હોવાના આધારે છે. એનાથી કોઈ જવાઝ (જાઈઝ હોવા) અને નાજાઈઝનો કાયદો પ્રાપ્ત નથી થઈ શકતો, એના માટે શરીઅતના કાયદાઓ પર ધ્યાન આપવામાં આવશે. જ્યારે બહુમતીથી એ સાબિત છે કે વાજિંત્રોનો ઉપયોગ જાઈઝ નથી તો પછી જ્ઞાન ખરાબ ઠરશે નહીં પણ ઉપયોગ ખરાબ કરશે. જેમ કે બદ્અકીદા લોકોનું બદ્અકીદગીનું વાંચન કરવું નોલેજ માટે તો જે સમજી શકે એવો હોય એના માટે એ જ્ઞાન મેળવવું જાઈઝ છે, પણ એ એની જેવો ખરાબ અકીદો બનાવી લે એ હરામ છે. તો સ્પષ્ટ થયું ઈસ્લામી કિતાબમાં ઈલ્મે રિયાઝતા વિષયની ચર્ચા એના જાઈઝ હોવા પર દલીલ નથી.

## ★ વાજિંત્રોનો શોધક કોણ ? ★

કશ્ફૂઝઝોનૂનમાં છે કે એ વાત પર લોકોનો ઈજમાઅ છે, એકમતી છે કે ફીસાગુરીષ હઝરત સુલેમાન عليه السلام નો વિદ્યાર્થી હતો એ વાજિંત્રોનો શોધક છે. તો પછી કશ્ફૂલ મહજૂબમાં છે કે એનો શોધક શૈતાન છે જેણે દાવૂદ عليه السلام ની સભાથી લોકોને રોકવા એ પ્રમાણે શોધ કરી હતી, જ્યારે કે દાવૂદ عليه السلام પહેલા છે અને સુલેમાન عليه السلام એમના પછી છે. બીજું એ કે શોધક કોણ છે એનાથી આપણને કોઈ મતલબ નથી, આપણા નબીનું ફર્માન શું છે એનાથી આપણને લેવા દેવા છે. હું એ બતાવી ગયો છું કે કોઈ પણ નબીએ વાજિંત્રોનો ઉપયોગ કર્યો નથી.

**સવાલ નં ૨૧ :** અમુક લોકોનું કહેવું એવું છે કે સિમાની સભામાં વાજિંત્રોનો ઉપયોગ થાય છે પણ કોઈનું ધ્યાન સંગીત પર નથી હોતું, દરેકનું ધ્યાન કલામ પર હોય છે. એમને એ ખબર પણ નથી હોતી કે કલામ સાથે બીજું શું થઈ રહ્યું છે ?





**જવાબ :** જ્યારે તમારું કહેવું એવું છે કે સંગીત તરફ ધ્યાન હોતું જ નથી, માત્ર કલામ તરફ જ ધ્યાન હોય છે તો પછી સભામાં એ નાજાઈઝ વસ્તુ કેમ લાવો છો ? અને જાઈઝ કરવા ઝઘડા કેમ કરો છો ? ત્રીજું એ કે કલામ અને સંગીત બંને એક સાથે થઈ રહ્યું છે તો પછી એક પર ધ્યાન અને બીજા પર નહીં એ કેમ કરી માની લેવામાં આવે ? ચોથું એ કે એમાં મજા ન આવતી હોય તો આ પ્રમાણેની મગજમારી કોણ કરે ? પાંચમું એ કે સંગીત મતલબથી બહાર છે, તો પછી હરામની તોહમત માથે કેમ લેવામાં આવે છે ? સારાંશ એ કે આ વાત તદ્દન પાયા વિનાની છે. સમજથી બહાર છે. પ્લાનને છોડી બીજા કોઈના માટે કબૂલી શકાતી નથી.

**સવાલ નં. ૨૨ :** અમુક લોકોનું કહેવું એવું છે કે આ તસવ્વુફ છે, અને એને સમજી લેવું દરેકની કુદરતમાં નથી, એટલે એ બાબતે ચૂપ રહેવું જોઈએ, અને મોઢા પર લગામ લગાવવી જોઈએ !

**જવાબ :** શું તસવ્વુફ ઈસ્લામી શરીઅતથી ખસીને કોઈ વસ્તુ છે, જેનો દાખલો આપવામાં આવી રહ્યો છે, જો આમ હોય તો એ તમને મુબારક ! અમે તો નબીની શરીઅતને જ માન આપીએ છીએ. બીજું એ કે વાજિંત્રો બાબત હરામ અને નાજાઈઝનો નિર્ણય એક બે આલિમોની વાત નથી, ચાર મસ્લકના ઈમામો અને એમના અનુયાયી આલિમોની બહુમતી છે. એમાં સહાબાની જમાઅતપણ એમની સાથે છે. શું એ બધાંને જ તસ્વ્વુફ સમજમાં નથી આવતું ? જેને મુતજહિદ ઈમામ પણ ન સમજી શકે એવી વસ્તુનું નામ તસવ્વુફ છે ?! તો પછી એ પણ તમને મુબારક એની અમને જરૂરત નથી ! તસવ્વુફની સત્ય માહિતી મેળવવા આ'લા હઝરતનો રિસાલો 'મકાલુલ ઓરફા'નું વાંચન કરો, તમને જાણવા મળશે એની વાસ્તવિકતા અને હકીકત શું છે ?!

**સવાલ નં. ૨૩ :** અમુક લોકોનું કહેવું એવું છે કે, નજીકના ભૂતકાળમાં અમુક ખ્યાતિ પામેલા આલિમો અને સૂફી સંતોએ મ્યુઝિકવાળો સિમા સાંભળ્યો છે, પછી એમની બાબત તમે શું કહેશો ?

**જવાબ :** જે દુનિયાથી ચાલ્યા ગયા તેમની બાબત હું કંઈ કહીશ નહીં, હું મારી આ કિતાબ મૃત્યુ પામેલા અથવા દુનિયાથી ચાલી ગયેલ લોકો માટે નથી લખી રહ્યો, હું જીવંત લોકો માટે લખી રહ્યો છું, બીજું એ કે કોણે શું કર્યું અને કોણે શું નથી કર્યું અમે એની જવાબદારી નથી લીધી, અમે મુસલમાન

છીએ, ઈમાન લાવીને અલ્લાહ અને રસૂલની મહબ્બત પર રહેવાની અને એના ફર્માન પર પોતાની ઈચ્છાઓ નષ્ટ કરી દેવાની જવાબદારી લીધી છે, તો જે અમારી જવાબદારીમાં છે તે અમે કરી રહ્યા છીએ. તમે પણ એકાંતમાં જઈને વિચારશો કે તમારા મુસલમાન હોવાને લઈને તમારી જવાબદારી શું છે ? ત્રીજું એ કે અમારા યુ.કે.માં તો આલિમોએ ઘણુ બધું જાઈઝ કરી નાખ્યું છે, અમુક જ વસ્તુઓ હરામની લિસ્ટમાં રહી ગઈ હોય તો ! દરેક પ્રકારની ફોટોગ્રાફી મસ્જિદોમાં જાઈઝ કહીને થાય છે, મસ્જિદોમાં સ્ત્રીઓને આવવાની છૂટ આપી દેવામાં આવી છે, અમુકે દારૂના બંધ પેકનો વેપાર જાઈઝ કરી આપ્યો છે ! દરેકની દા'વત કબૂલી લેવામાં આવે છે ! શાદીઓમાં ગમે તેવું હરામ કામ હોય એમાં પણ પધરામણી થાય છે ! આ બધાં આલિમોનાં જ કામો છે. શું એને પણ જવાઝ (જાઈઝ)ની દલીલ બનાવી લેવામાં આવે ? ચોથું એ કે જેમની પાસે હુકમથી વધીને અદબ હોય તે ફેંસલામાં ફેરફાર લાવે, અમારા નજીક તો હુકમ જ અદબ છે, જે કામમાં દીનનું નુકસાન જોવા મળશે, તેનો કરનાર કોણ છે તેને અમે જોઈશું નહીં. અમારી પાસે સૌથી વધીને ખુદા છે, પછી રસૂલે પાક છે, પછી સહાબા છે, પછી મુજતહિદ ઈમામોમાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા અને એમનો બહુમતીથી પાસ થયેલ મસ્લક છે. આ અમારું વર્તુળ છે, એનાથી અમે બહાર થવાના નથી એટલે અધિક ચર્ચા જેણે કરવી હોય તે આ શરતને સામે રાખી આગળ વધવાની કોશિશ કરે. પાંચમું એ કે આપણામાં એ જ કમી છે કે એક બીજાની વાત અથવા દબાવ બતાવીને સત્ય માર્ગ બનાવવાથી રોકી દેવામાં આવે છે. પબ્લિકને સહીહ ગાઈડ લાઈન મળી શકે એવી કોઈ કોશિશ કરવા દેવામાં આવતી નથી અને કોઈ કરવા તૈયાર થાય તો તેને ઉઠવા દેવામાં આવતો નથી. જેને લઈને વિદેશોમાં ઘણી જ તેજીથી સુન્નિયત સંકોચાય રહેલી છે. ક્યાંથી મદદ લેવી અને કેવી રીતે કામ કરવું એ મુશ્કેલ થઈ પડયું છે. દરેકની જ એક ભાષા છે, આ બિદઅતી લોકો છે, એવા સમયે માત્ર એમનો વિરોધ ઉઠાવીને, અને એમનાં લખાણો છાપીને કામયાબી નથી મળી શકતી, કિતાબોની બંધ વસ્તુ કબૂલાવવી કઠણ છે, પણ માણસના ખરાબ કામોને દેખાડી એને ખરાબ કહેવો સરળ છે. આપણામાં અમુક અમલી ખરાબીઓ જગ જાહેર છે તો જ્યાં સુધી એનો સુધારો કરવામાં ન આવે, લોકોના દિલોમાં બેસીને વાત કરવી કઠણ છે. એટલે અમે અમારા લખાણથી એ સ્પષ્ટ કરી દેવાની કોશિશ કરી રહ્યા છીએ કે બિદઅતો જે કરતો હશે તે જાણે, ખરેખર જેમને સુન્ની કહેવામાં





આવે છે તેઓ બિદઅતોના સખત વિરોધી છે, અને તેઓ પોતાના તરફથી એ કામોને રોકવા કલમી જેહાદ કરી રહ્યા છે. શું આવા સંકટના સમયે અમે તમારી મદદની આશા રાખી શકીએ છીએ ? દોલતની તો અમને જરૂરત નથી, મારા લખાણનો વાંચક મારાથી નજીક નથી, પછી મદદ શી રીતે કરશે ?! તો તેનો ઉકેલ એ છે કે ન્યાય અને ઈન્સાફથી આ લખાણને વાંચો, પછી એને કબૂલી પોતે અમલમાં લાવો અને બીજા સુન્ની ભાઈ બહેનોને એ વાતની શિખામણો આપો અથવા આ પુસ્તક તમારા હાથમાં પહોંચે તો વાંચીને એને બીજા સુધી પહોંચાડો, આ હશે તમારી મદદ, જો તમે કરી શકો !

અંતિમ શબ્દો એ કે અમારા લખાણનો હેતુ કોઈનું દિલ દુઃખાવવાનું કે કોઈની બેઈજ્જતી કરવાનો હરગિઝ નથી, ઈમાનવાળાઓ મારા ભાઈ અને સ્ત્રી હોય તો બહેન છે. એમના ઈસ્લામ અને ઈમાનના નામથી મને પ્રેમ છે. એટલે તમને તકલીફ આપવી, તમને સતાવવા, તમને ચિંતિત બનાવવા એ મારું કામ નથી. હું તો મારા દુઃખી દિલનો ઈલાજ આ લખાણથી કરી રહ્યો છું. બદ્અકીદા લોકો જ્યારે આપણને બિદઅતી કહી અમુક ખરાબીઓના દાખલા આપે છે, ત્યારે મારા દિલમાં દુઃખ થાય છે. સર્વને ખબર છે કે બદનમાં દુઃખાવો હોય તો આપણે ડોકટરની સલાહ લઈએ છીએ, અને એની લખેલી દવા લાવીને સમય પર ખાઈએ છીએ. તો પછી આ મારા તો દિલનો દુઃખાવો છે જેથી હું એની સલાહ પામવા માટે ન નીકળું અને હું એનો ઈલાજ ન લાવું ? તો હું મહાન મહાન ડોકટરો અને તબીબોની ખિદમતમાં જઈને આ બિદઅતના દુઃખાવાનો ઈલાજ લઈ આવ્યો છું, હું માત્ર મારા દુઃખાવાનો ઈલાજ કરી લેતો એ મારો તમારી સાથેનો સત્ય ઈસ્લામી પ્રેમ ન કહેવાય ? તો એ ઈલાજ હું તમને પણ આપી રહ્યો છું, જો આવી કોઈ બાબતને લઈને તમને બરેલ્વી સુન્નિયતમાં શંકા થતી હોય તો મારું આ લખાણ તેના કદમોને ડગમગવાથી ઈન્શાઅલ્લાહ ! બચાવી લેશે.

**નોંધ** : આ વાતનું થોડું લખાણ ભાગ–૯ માં પણ આપવામાં આવ્યું છે. અને તેમાં પણ વર્તમાનકાળની ઘણી બધી બિદઅતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા આપણા સર્વને સાચા દીન પર રાખે અને સાચી વાતો પર અમલની તૌફીક અતા ફર્માવે. *(આમીન)*

وَمَا عَلَيْنَا اِلاَّ الْبَلاَغُ الْمُبِيْنُ

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

(પ્રકરણ-૫)

# વાજિંત્રોથી પાક સિમા

نَحْمَدُہٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِہٖ سَیِّدِ الْمُرْسَلِیْنَ وَعَلٰی اٰلِہٖ وَ صَحْبِہٖ اَجْمَعِیْنَ اَمَّابَعْدُ فَاَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ وَلَا تَقْفُ مَا لَیْسَ لَکَ بِہٖ عِلْمٌ اِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ کُلُّ اُولٰٓئِکَ کَانَ عَنْہُ مَسْئُوْلًا

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا حَبِیْبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

## ★ શાયરી દરેક ભાષાનો અતૂટ ભાગ છે ★

શાયરી કોઈ એક નિયુક્ત ભાષાની માલિકી નથી બલ્કે દુનિયાની તમામ ભાષાઓમાં તેની ઝલક જોવા મળે છે. દુનિયાની કેટલીક ભાષાઓ એવી પણ છે જે બોલવામાં આવે છે પરંતુ લખવામાં નથી આવતી. આવી ભાષાઓના લોકોથી નિકટ થયા બાદ એ જાણવા મળે છે કે શાયરી આવી ભાષાઓમાં પણ થઈ રહી છે. આમ સ્પષ્ટ થયું કે શાયરી કોઈ એક ભાષાની માલિકી નથી પણ દરેક ભાષાના લોકો તેનાથી મહોબ્બત ધરાવે છે.

## ★ તબિયતની પસંદ શાયરી છે ★

દિલ બહેલાવવા માટે અને આનંદ મેળવવા માટે માનવ તબિયત શાયરીને વધુ પસંદ કરે છે તેની પસંદનું એક કારણ એ પણ હોઈ શકે છે કે શાયરીનું લખાણ શબ્દોને માપી (તોલી)ને થતું હોય છે અને તેને પઢવાનો એક





ખાસ તરીકો છે જે માણસના દિમાગ પર વજ્દની સ્થિતિ કાયમ કરે છે. જે વાત સામાન્ય લખાણથી અથવા સામાન્ય બોલીથી થાય, જો તેને શાયરીના તરીકા પર શે'રોમાં ફેરવીને બયાન કરવામાં આવે તો તેની શાનમાં વધારો થઈ જાય છે. દા.ત. રસૂલે પાક ﷺ ની સખાવતને સામાન્યરૂપમાં બયાન કરવામાં આવે કે આપની સખાવત તથા ઉદારતા સીમાપારની હતી, આપ સવાલીને ક્યારેય પણ "ના" કહેતા ન હતા. આ થયું સામાન્ય શબ્દોમાં હુઝૂરની સખાવત અને ઉદારતાનું વર્ણન, પરંતુ તેને શાયરીનું રૂપ આપવામાં આવે તો તેની અસરમાં વધારો થઈ જાય છે.

ઉપરોક્ત સામાન્ય વાતને આ'લા હઝરત ઈમામે અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ શાયરીનું રૂપ આપ્યું તો આજે તે વાતને સખાવત અને ઉદારતાના બયાનમાં દલીલ રૂપે બયાન કરવામાં આવે છે. ફર્માવે છે :—

**વાહ ! ક્યા જૂદો હય શહે બત્હા તેરા**
**નહીં સૂનતા હી નહીં, માંગનેવાલા તેરા !**

## ★ શાયરીનો વિષય બદનામ શા માટે ? ★

શાયરી ઘણો જ સારો વિષય છે તેનાથી ઘણી મહાન મહાન વાતો ટૂંકસારમાં વધુ અસર સાથે બયાન કરી શકાય છે પરંતુ અહ્લ (લાયક) અને નાઅહ્લ દરેક વ્યક્તિએ આ વિષયમાં રસ ધરાવ્યો જેના કારણે નાએહ્લોની શાયરીએ શાયરીના વિષયને બદનામ કરી નાખ્યો. તેમણે પોતાની સમજ અને ચિંતાને ગલત ચીજોમાં લગાડી પોતાનો સમય બરબાદ કર્યો અને દુનિયાદારોની તા'રીફમાં પોતાનું નામ બદનામ કર્યું. નહીં તો જો શાયરીને શરીઅતના વર્તુળમાં રહીને કરવામાં આવે તો તે ઘણુ જ સારું કામ છે. સહાબા અને બુઝુર્ગોની સીરત અને જીવનચરિત્રમાં એ વાતનો ઉલ્લેખ છે કે તેઓને શાયરીના વિષયથી રસ હતો. અને તેમનાથી શાયરીના ઘણા કલામો વજૂદમાં આવ્યા હતા જે આજે પણ લોકો માટે સત્ય માર્ગદર્શક હોવાનું કામ આપી રહ્યા છે.

## ★ હદીષ શરીફમાં શાયરીનું વર્ણન ★

હદીષ શરીફમાં શાયરી વિશે સરકારે દો આલમ ﷺ તરફથી બે પ્રકારનું બયાન નકલ કરવામાં આવ્યું છે. ક્યારેક તો આપે શાયરીની તા'રીફ ફર્માવી અને પોતે પણ તેને સાંભળવાનો શોખ પ્રગટ કર્યો અને ક્યારેક આપે

તેની બુરાઈ પણ કરી. બંને પ્રકારની હદીષોને તેના સ્થાને રાખી એ જવાબ આપવામાં આવે છે કે તા'રીફ, તા'રીફના સ્થાને બરાબર છે અને બુરાઈ તેની જગ્યાએ બરાબર છે. જે શાયરી શરીઅતના વર્તુળથી બહાર ન હોય અને જેમાં સારા સંસ્કાર અને નસીહતની વાતો બયાન કરવામાં આવી હોય તો તેવી શાયરીમાં કોઈ વાંધો નથી બલ્કે સારું કામ છે. તેવી જ રીતે જે શાયરી દુનિયાદારીની હોય અને તેનો હેતુ માત્ર દુનિયાને ખુશ કરવાનો હોય અથવા બુરી શાયરી, જેનાથી લોકોના અખ્લાક (સંસ્કાર) ખરાબ થતા હોય તો તેવી શાયરી બુરી છે. જેમ કે કન્ઝુલ ઉમ્માલમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

اَلشِّعْرُ بِمَنْزِلَةِ الْكَلَامِ فَحَسَنُهٗ كَحَسَنِ الْكَلَامِ وَ قَبِيْحُهٗ كَقَبِيْحِ الْكَلَامِ

શેઅર વાતચીત માફક છે, એમાં સારો સારી વાત માફક અને એમાં ખરાબ, ખરાબ વાત માફક છે.

## ★ શાયરીની વ્યાખ્યા હદીષના પ્રકાશમાં ★

નબીપાક صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે તો શાયરી કહેતા ન હતા, પરંતુ શાયરીને પસંદ ફર્માવતા હતા. સહાબાએ કિરામમાં જે સહાબા સારા શાયર હતા તેમનાથી આપ શાયરી સાંભળતા તથા તેઓને આપ દુઆ પણ આપતા હતા. બલ્કે ક્યારેક વધુ ખુશ થઈને ચાદર મુબારકનું ઈનામ પણ આપતા હતા. અને ક્યારેક બીજા શાયરોની શાયરી સહાબાને યાદ હોતી તો તેમના મુખેથી સાંભળતા પણ હતા. જે એ વાતની સ્પષ્ટ દલીલ છે કે શાયરીનો વિષય આપ મેળે બુરો નથી, નહીં તો સરકારે મદીના અને આપના સહાબા શાયરીને ક્યારેય પણ પ્રિય ન સમજતા. શાયરીનો વળાંક ખરાબ ચીજો તરફ થવાથી તેના હુકમમાં ફરક આવી જાય છે.

## ★ શેઅરમાં હિકમતની તા'લીમ ★

બુખારી શરીફમાં હઝરત ઓબય બિન કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે : સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ مِنَ الشِّعْرِ حِكْمَةً બેશક ! અમુક શેઅર હિકમતના હોય છે એટલે કે તેનાથી માણસને કંઈક સારી વાત સમજવાની અને શિખવાની મળે છે.





## ★ લબીદ શાયરના શેઅરની તા'રીફ ★

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : ''સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, શાયરની સૌથી સત્ય વાતમાં લબીદનું આ કલામ છે : اَلَا كُلُّ شَيْءٍ مَا خَلَا اللّٰهُ بَاطِلٌ અલ્લાહ સિવાય દરેક ચીજ ફના થઈ જવાની છે.

## ★ હઝરત લબીદની ઓળખ ★

લબીદ અરબના દૌરે જાહિલિયતમાં ખ્યાતિ પામેલા શાયર હતા. અરબી અદબમાં તેમના કલામને સનદનું મકામ પ્રાપ્ત છે. અલ્લાહ તઆલાએ તેમને ઈસ્લામની હિદાયત અતા ફર્માવી તો તેમણે ઈસ્લામ સ્વીકારી સહાબી હોવાનું પદ પણ મેળવ્યું હતું. તેમનું ઉપરોક્ત કલામ ઈસ્લામ સ્વીકાર્યા પહેલાંનું છે, પરંતુ તેમાં દીનની સત્ય વાત બયાન કરવામાં આવી તો સરકારે તે કલામની તા'રીફ ફર્માવી ''એકસો સત્તાવન'' વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. તઆરૂફે ફિકહો તસવ્વુફ, પેજ નં. ૧૮૯ પર છે : હઝરત લબીદે ઈસ્લામ સ્વીકારી લીધા પછી શાયરી છોડી આપી હતી અને ફર્માવતા હતા કે મારા નજીક સૂરએ બકરહ્નું યાદ કરવું દરેક ચીજ વસ્તુથી વધીને છે. (એટલે કે શાયરીમાં ટાઈમ વિતાવવો એનાથી ઉત્તમ કુર્આનની તફસીરમાં ટાઈમ પાસ કરવું છે.)

## ★ ઈલ્મ અને હિકમતવાળા શેઅરો સાંભળવા સુન્નત છે ★

મુસ્લિમ શરીફમાં હઝરત અમ્ર બિન શરીદના વાલિદથી રિવાયત છે : ફર્માવે છે કે એક દિવસ હું સવારી પર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાછળ બેઠેલો હતો. આપે ફર્માવ્યું, શું તમને ઉમય્યા બિન અબિસ્સલ્તનો કોઈ શે'ર યાદ છે ? મેં અર્ઝ કરી, હા ! મને યાદ છે. આપે ફર્માવ્યું; ત્યારે તો સંભળાવો ! મેં આપને એક શે'ર સંભળાવ્યો. આપે ફર્માવ્યું : હજુ સંભળાવો ! મેં ફરી સંભળાવ્યો. આમ મેં આપને એકસો શેઅર સંભળાવ્યા.

## ★ ઉમય્યા બિન અબિસ્સલ્તની ઓળખ ★

ઉમય્યા બિન અબિસ્સલ્ત પણ અરબનો ખ્યાતનામ શાયર હતો. તેનો

સંબંધ કબીલએ ષકિફથી હતો. તેણે જાહિલિયતના જમાનામાં અહલે કિતાબથી દીનનું જ્ઞાન હાંસલ કર્યું હતું. હશ્ર અને કયામતના દિવસ પર તેનો અકીદો હતો. તેની શાયરી ઈલ્મ, હિકમત અને નસીહતથી ભરપૂર રહેતી હતી. નબીપાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેની બાબત ફર્માવ્યું હતું કે, 'اٰمَنَ شِعْرُہٗ وَ کَفَرَ قَلْبُہٗ' તેની શાયરી તો ઈમાનવાળી છે અને તેનું દિલ કાફિર છે.

સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના એ'લાને નબુવ્વત પહેલાં તે સમજતો હતો કે તે નબી હું પોતે જ બનીશ. પરંતુ અહલે કિતાબના આલિમોએ તેને કહ્યું કે તે નબી તો કુરૈશમાંથી હશે. પછી જ્યારે સરકારે મદીનાએ એ'લાન ફર્માવ્યું તો તેણે હસદ અને ઈર્ષામાં કહેવાનું શરૂ કર્યું કે જે નબી કબીલએ ષકિફથી ન હોય તેની ઉપર ઈમાન ન લાવવું જોઈએ તો પછી તે ઈમાન ન લાવ્યો. પરંતુ તેની પહેલાંની શાયરી ઈસ્લામી અકીદાથી મળેલી અને નસીહતથી ભરપૂર હતી એટલે સરકારે તે સાંભળવાની ઈચ્છા પ્રગટ કરી. તેનાથી એ પણ જાણવા મળ્યું કે શાયરી બુરું કામ નથી, તેનો સંબંધ સારી ચીજોથી હોય તો સારી છે અને ખરાબ ચીજોથી હોય તો તે ખરાબ છે.

## ★ હઝરત હસ્સાનની ફઝીલત ★

બુખારી અને મુસ્લિમ શરીફમાં હઝરત બરાઅ رضی اللہ عنہ થી રિવાયત છે કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કુરેઝના દિવસે ફર્માવ્યું હસ્સાન બિન સાબિત તમે મુશ્રિકોની બુરાઈ કરો (શાયરી દ્વારા) બેશક ! જિબ્રઈલ તમારી સાથે છે અને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરતે હસ્સાનને ફર્માવતા મારા તરફથી જવાબ આપો. (પછી દુઆ ફર્માવતા) اَللّٰھُمَّ اَیِّدْہُ بِرُوْحِ الْقُدُسِ અય અલ્લાહ ! રૂહુલ કુદ્દસ જિબ્રઈલથી તેમની મદદ ફર્માવ.

## ★ હઝરત હસ્સાનની ઓળખ ★

હઝરત હસ્સાન બિન ષાબિત મદીનાના રહેવાસી હતા અન્સારથી આપનો સંબંધ હતો. જલીલુલ કદ્ર સહાબામાં આપનો સમાવેશ થાય છે. સહાબામાં આપ ઘણા મહાન શાયર હતા. આપને "શાયરે રસૂલ"ના ઉપનામથી પણ યાદ કરવામાં આવે છે. આપની ઉંમર શરીફ એકસો વીસ વર્ષની થઈ ત્યારબાદ આપે વિસાલ ફર્માવ્યો. સાઈઠ વર્ષની ઉંમરે ઈસ્લામ લાવ્યા. અને ઈસ્લામની હાલતમાં સાઈઠ વર્ષ પસાર કર્યાં.





## ★ શાયરીથી કાફિરોની બુરાઈનો હુકમ ★

મુસ્લિમ શરીફમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે : સરકારે મદીનાએ ફર્માવ્યું : اُھْجُوْا قُرَیْشًا فَاِنَّہٗ اَشَدُّ عَلَیْہَا مِنْ رَشْقِ النَّبْلِ શાયરીથી કુરૈશની બુરાઈ કરો કારણ કે આ બુરાઈ તેમના માટે તીર મારવાથી વધુ કષ્ટદાયક છે.

મુસ્લિમ શરીફમાં હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا થી રિવાયત છે કે મેં સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને હઝરત હસ્સાનથી ફર્માવતાં સાંભળ્યા કે, "જ્યાં સુધી તમે અલ્લાહ અને તેના રસૂલ તરફથી (કાફિરોનો) મુકાબલો કરતા રહો, હઝરત જિબ્રઈલ علیہ السلام સતત તમારી મદદ કરતા રહેશે." હઝરત આઈશા કહે છે કે મેં રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ ફર્માવતાં સાંભળ્યા છે કે હસ્સાને કાફિરોની શાયરીથી બુરાઈ કરી તો તે બુરાઈથી મુસલમાનોને શિફા આપી અને પોતે પણ શિફા પ્રાપ્ત કરી.

## ★ શેઅરનો શેઅરથી જવાબ ★

બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે, મુહાજિરીન અને અન્સારે ખંદક ખોદવાનું અને માટી ઉઠાવી ઉઠાવીને નાંખવાનું શરૂ કર્યું તો તેઓ આમ પઢતા હતા :–

نَحْنُ الَّذِیْ بَایَعُوْا مُحَمَّدًا – عَلَی الْجِھَادِ مَا بَقِیْنَا اَبَدًا

અમે તે લોકો છીએ જેમણે પોતના આજીવનના અંતિમ □ાસ સુધી જેહાદ કરતા રહેવાની મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથ પર બયઅત કરી છે. અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તેમને જવાબ આપતાં ફર્માવતા :–

اَللّٰھُمَّ لَا عَیْشَ اِلَّا عَیْشُ الْاٰخِرَہْ – اَللّٰھُمَّ لَا عَیْشَ اِلَّا عَیْشُ الْاٰخِرَہْ

અય અલ્લાહ ! જીવન તો માત્ર આખેરતનું જીવન છે. અન્સાર અને મુહાજિરીનની મગફેરત ફર્માવ !

ઉપરોક્ત હદીષોથી જાણવા મળ્યું કે શાયરીનો વિષય સારો છે, જો તેને સારી જગ્યાએ ઉપયોગમાં લેવામાં આવે. જેમ કે સહાબાએ કિરામ નબી પાકના ઈર્શાદ પર શાયરી પણ કરતા હતા અને સરકારે મદીના પોતે સાંભળતા પણ હતા. સહાબામાં આ ત્રણ સહાબી શાયરીમાં વધુ ખ્યાતિ પામેલ હતા :

હઝરત હસ્સાન બિન ષાબિત, હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા અને હઝરત કઅબ બિન માલિક رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ.

## ★ શાયરીની બુરાઈ ★

જેમ ઉપરોક્ત હદીષોમાં શાયરીની તા'રીફ કરવામાં આવી છે તેમ અમુક હદીષોમાં શાયરીની બુરાઈ પણ કરવામાં આવી છે, તેનો મતલબ એ નથી કે શાયરીનો વિષય બુરો છે બલ્કે તેમાં સંબંધથી હુકમ લગાડવામાં આવે છે. શાયરીનો વળાંક (ઝોક) સારી ચીજો તરફ હોય તો તે સારી છે અને ખરાબ ચીજો તરફ હોય તો બુરી છે.

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : સરકારે મદીના صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, કોઈ વ્યક્તિનું પેટ પરૂથી ભરાય જે તેના પેટને ખરાબ કરે તે ઉત્તમ છે એનાથી કે તેનું પેટ શે'રથી ભરાય. એટલે કે જે શે'ર શાયરીમાં બુરી, બેહયાઈ અને કૂફ્ર, શિર્કની વાતો લખવામાં આવી હોય તેનાથી કમાણી કરવી અને પેટ ભરવું અથવા તેવી શાયરીમાં પોતાનો સમય પસાર કરવો સખત ગુનાહનું કામ છે, જેમ કે વર્તમાનકાળમાં ચાલતાં ગાયનો તથા ગઝલો.

## ★ શેઅરના વર્તુળમાં કલામ કરો ★

મુસ્લિમ શરીફમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદથી રિવાયત છે : કહે છે કે સરકારે મદીના صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, "જરૂરતથી વધારીને વાત કરવાવાળા હલાકત અને મુસીબતમાં પડયા." આ વાત આપે ત્રણ વખત ફર્માવી.

ઉપરોક્ત હદીષ શરીફમાં શેઅરનો ઉલ્લેખ નથી પરંતુ હદીષમાં તેનો સમાવેશ છે. કારણ કે સામાન્ય પ્રકારના બયાનોથી શેઅર શાયરીમાં હદથી વધીને તા'રીફ કરવામાં આવે છે. તેવા દુનિયાદાર શાયરો જેમની પેન અને જીભ દુનિયાના માનવંતા લોકો માટે વકફ થઈ જાય છે અને તેઓ પોતાની શાયરીથી તેમને જરૂરતથી વધારે મુકામ આપે છે અને તેમનાં કામો ખરાબ હોવા છતાં તેમના માટે તા'રીફના પૂલ બાંધે છે, તેમની કુર્આન શરીફમાં પણ બુરાઈ કરવામાં આવી છે. અલ્લાહ તબારક વ તઆલા કુર્આનમાં શાયરોની બુરાઈ ફર્માવે છે :–





اَلشُّعَرَآءُ یَتَّبِعُھُمُ الْغَاوٗنَ – اَلَمْ تَرَ اَنَّھُمْ فِیْ کُلِّ وَادٍ یَّھِیْمُوْنَ

وَ اَنَّھُمْ یَقُوْلُوْنَ مَالَا یَفْعَلُوْنَ

શાયરોનું અનુસરણ ગુમરાહ લોકો કરે છે. શું તમે નથી જોયું કે તેઓ દરેક નાળામાં ગાંડા માફક રખડે છે ? અને તેઓ કહે છે જે કરતા નથી.

## ★ આયત ઉતારવાનું કારણ ★

ઉપરોક્ત આયત કાફિર શાયરોના હક્કમાં ઉતારવામાં આવી હતી. જેઓ પોતાની શાયરીથી સરકારે દો આલમ صلی اللہ تعالٰی علیہ وسلم ની અને આપના સહાબાની બુરાઈ કરતા હતા. અને પોતાની શાયરીના કલામોને સરકારે મદીના પર ઉતારવામાં આવેલા કુર્આનની આયતોની બરાબર (સમકક્ષ) કહેતા હતા અને કાફિરો તેમની વાતોની ચર્ચા કરીને પોતાની ગુમરાહીનો સબૂત આપતા હતા.

## ★ કારણ ખાસ પરંતુ હુકમ આમ ★

ઉપરોક્ત આયતના ઉતારવાનું કારણ તો એક ખાસ પ્રકારનું છે પરંતુ તેનો અર્થ સામાન્ય છે. કયામત સુધીના ગલત શાયરી કરવાવાળા તેમાં સામેલ રહેશે. વર્તમાનકાળમાં ચાલી રહેલા ગાયનો અને ગઝલો જે માત્ર ઈશ્કી હોય છે. અને તેના વડે લોકોના દિલોમાં ઔરતોની મહોબ્બત અને પ્રેમની આગ લગાડવી તેઓને ઝિના અને બળાત્કાર તરફ લઈ જવામાં આવે છે તે સખત ગુનાહનું કામ છે. અને તેઓની શાયરી, ગાયનો, ગઝલો સાંભળવાવાળા, કેસેટો ભરીને વેચવાવાળા, બીજાને તેનો શોખ અપાવવાવાળા બધા જ ગુનેહગાર છે તેનાથી મુસલમાનોએ જરૂરથી બચવું જોઈએ.

## ★ ગાયનોની કેસેટોના વેપાર (ધંધા) ★

અમુક લોકો પોતે તો ગાયનો કે ગઝલો સાંભળવાનો શોખ રાખતા નથી પરંતુ તેઓ ગાયનો અને ગઝલોની ઓડિયો તથા વિડિયો કેસેટોના વેપાર કરતા હોય છે. જ્યારે કે તેને સાંભળવું જાઈઝ નથી, તો પછી તેને વેચવું કેમ કરી જાઈઝ થઈ શકે છે ? આવી ખરાબ કેસેટોને વેચવું ગુનાહોની તબ્લીગ કરવા બરાબર છે. મુસલમાનની એ શાન નથી કે તે આ પ્રમાણે ગુનાહોની તબ્લીગ કરે.

## ★ અફસોસની વાત ★

મુંબઈમાં એક મુસલમાન ભાઈની ઓડિયો, વિડિયો, ગાયનો, ગઝલો અને ફિલ્મોની કેસેટોની શોપ (દુકાન) હતી. તે દુકાનના બોર્ડ પર લખવામાં આવ્યું હતું. "હાઝા મિન ફઝલે રબ્બી." આ મારા રબનો ફઝલ અને કૃપા છે. શું હરામ ચીજો વેચીને તેને રબની કૃપા કહી શકાય ?! જો જાઈઝ સમજીને લખવામાં આવે તો કુફ્ર છે. (અલ્લાહની પનાહ !) એક આલિમે દીને જ્યારે જોયું તો તેમને ઘણો અફસોસ થયો કે એક મુસલમાન અને આ પ્રમાણેનું વલણ ! તેમનાથી ન રહેવાયું તો તે ભાઈને નસીહત કરી અને શરઈ હુકમ સંભળાવ્યો. તો અલ્લાહનો ફઝલ થયો, તે ભાઈએ ખરાબ કામથી તૌબા કરી અને વેપાર ધંધો બદલી નાંખ્યો.

ઉપરોક્ત આયતોમાં શાયરોની બુરાઈ બાબત એ પણ ફર્માવવામાં આવ્યું કે તેઓ કહે છે જે કરતા નથી એટલે કે પોતે અમલ નથી કરતા અને બીજાઓને શિખામણ આપે છે. આના સામાન્ય માયના (અર્થ)માં તે શાયરો પણ સામેલ થાય છે જેઓ શાયરી તો સારી કરે છે, તેમાં શિખામણ અને નસિહતની વાત હોય છે પરંતુ પોતે તેની ઉપર અમલ કરતા નથી. તો તેવા બેઅમલ શાયરો પણ બુરા છે.

## ★ આ'લા હઝરતની નસીહત ★

મવાઈઝે નઈમિયામાં હઝરત મુફતી અહમદ યારખાં સાહેબે લખેલું છે કે સરકાર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ની ખિદમતમાં એક શાયરે આવીને પોતાનું શાયરી કલામ સંભળાવ્યું. તેમના કલામનો ભાવાર્થ એ હતો કે, "અય અલ્લાહના હબીબ ! મને તમારી સાથે સાચી મહોબ્બત છે, તમારી મહોબ્બતમાં હું રાતો જાગીને પસાર કરું છું, આપની યાદમાં મને ઉંઘ આવતી નથી." સરકારે આ'લા હઝરત رضی اللہ عنہ એ ફર્માવ્યું, ભાઈ ! જો તારી સાચે જ આવી હાલત હોય જેમ કે તું વર્ણવી રહ્યો છે તો તું સાચે જ અલ્લાહનો વલી છે ! અને જો તારી હાલત એ પ્રમાણેની નથી, માત્ર તું આ પ્રમાણેની શાયરી જ કહી રહ્યો છે, તો આ જૂઠ છે, અને તે પણ સરકારે મદીનાની શાનમાં કે જેમને દિલોનું રહસ્ય પણ માલૂમ છે !





## ★ નસીહતનો ભાવાર્થ ★

આ'લા હઝરતની નસીહતનો ભાવાર્થ એ છે કે ક્યારેક શાયરી સારી હોય છે પરંતુ શાયરની હાલત એ પ્રમાણેની ન હોવાથી તે તા'રીફને લાયક નથી હોતી. સારી શાયરી માટે એ પણ જરૂરી છે કે માણસ પોતાની હાલત પ્રથમ સુધારે અને પછી શાયરીનું કામ કરે. ફાસિક ફાજિર રહીને મહોબ્બતનું જતન કરવાવાળો પોતાના દા'વામાં સાચો નથી. તો જે પ્રમાણેના શબ્દો લખવામાં કે બોલવામાં આવે તે પ્રમાણેની હાલત પણ હકીકતમાં હોવી જરૂરી છે.

## ★ વર્તમાનકાળના શાયરોની બુરી હાલત ★

વર્તમાનકાળમાં શાયરોની હાલત ઘણી જ ખરાબ જોવા મળી રહી છે. વધુ પડતા શાયરો તેમજ તેમનું કલામ પઢવાવાળાઓ દાઢી નથી રાખતા, નમાઝ નથી પઢતા, ગુનાહોનાં કામો કરે છે અને પછી મીઠી મધૂર અવાજમાં નઅત, મન્કબત કે કસીદા વગેરે પઢતા હોય છે, તેઓના મુખે સરકારે મદીના અને બુઝુર્ગોની તા'રીફ શોભા નથી આપતી. જો તેમને સાચે જ (ખરેખર) મહોબ્બત અને પ્રેમ હોય તો પોતાની હાલત જરૂરથી સુધારવાની કોશિશ કરે, નહીં તો કુર્આન શરીફની ઉપરોક્ત આયતના ભાવાર્થમાં તેઓનો પણ સમાવેશ થઈ શકે છે. (અલ્લાહ તઆલા બચાવે)

## ★ એ'તબાર પઢવાવાળાનો છે ★

ક્યારેક એવું પણ થાય છે કે ના'ત શરીફ, મનકબત, કસીદા વગેરે લખવાવાળા શાયર તો મહાન આલિમો અને પાબંદે શરઅ હોય છે પરંતુ જ્યારે તેમના કલામો છાપવામાં આવે છે તો તે કલામોને ફાસિક ફાજિર લોકો પોતાની મધૂર અવાજને કારણે પઢે છે અને લોકો પણ તેઓને દા'વત આપીને પ્રોગ્રામ કરાવે છે. તો તેની બાબત શરીઅતનો ફત્વો એ જ છે કે જ્યારે તે ફાસિક–ફાજિર છે તો તેને આવા મુબારક પ્રસંગે દા'વત આપવામાં ન આવે. કારણ કે દા'વત આપવી તેની રિસ્પેકટ (ઈજ્જત) કરવી બરાબર છે અને ફાસિકની રિસ્પેકટ જાઈઝ નથી. એટલે ફાસિક લોકોના કલામ સારા હોય પરંતુ તેમને દા'વત આપીને આ કામ કરવામાં ન આવે.

## ★ ફાસિકથી પ્રોગ્રામ ન કરાવો ★

ફતાવા રઝવિય્યા, ભાગ–૯, પેજ–૨૧૮ પર છે : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ થી સવાલ પૂછવામાં આવ્યો ફાસિક–ફાજિર, બેનમાઝી, દાઢીમૂંડા પાસે મૌલુદ શરીફ પઢાવવું કેવું છે ? તેના જવાબમાં આપે ફર્માવ્યું :–

فِیْ تَقْدِیْمِ الْفَاسِقِ تَعْظِیْمُہٗ وَقَدْ وَجَبَ عَلَیْہِمْ اِہَانَتُہٗ شَرْعًا

તેવાથી મજલિસ મુબારક પઢાવવી હરામ છે. તબયીનુલ હકાઈક, ફત્હુલ્લાહિલ મુઈન અને તહતાવી વગેરે કિતાબોમાં છે. આગળ કરવામાં તેની રિસ્પેકટ છે જ્યારે કે શરઅન તેની બેઈજ્જતી જરૂરી છે.

## ★ દરેક મેહફિલનો એકસરખો હુકમ ★

આ'લા હઝરતના ઉપરોક્ત ફત્વાથી સાબિત થયું કે નઅતની મેહફિલ હોય, કસીદાની મેહફિલ હોય, મન્કબતની મેહફિલ હોય કે પછી તકરીર યા બયાનની મેહફિલ હોય, પરંતુ તેમાં ફાસિક ફાજિર, બેનમાઝી વગેરેને દા'વત આપવી, તેમને આગળ કરવા અને તેમનાથી શાયરી, કલામ અથવા બયાન સાંભળવાં શરઈ કાયદાના આધારે જાઈઝ નથી. તો પછી એવા દીનથી દૂર લોકોને બોલાવીને મેહફિલ કરવામાં આવે તો તેમાં શિર્કત કરવી ન જોઈએ. કારણ કે હાજરજનોમાં વધારો કરવો અને સવાબની નિય્યતે એ કલામ સાંભળવું એની ઈજ્જત છે. જ્યારે એમને આગળ આવવાનો શોખ છે તો પછી અમલનો શોખ કેમ નથી ?!

## ★ હદીષમાં પણ એનાથી મનાઈ ★

ફાસિક જે ખુલે આમ ગુનાહનાં કામો કરે, ગુનાહનાં કામો જાહેરમાં કરવામાં એને શરમ ન આવતી હોય, જેમ કે નમાઝો ન પઢવી, દાઢી ન રાખવી, ફિલ્મો જોવી, ગાયનો ગાવાં અથવા સાંભળવાં, દારૂ પીવો અથવા જૂગાર રમવો વગેરે...... તો એવા લોકોને ઈસ્લામી પરિભાષામાં ફાસિકે મુઅલિન કહેવામાં આવે છે. હદીષે પાકમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ આપણને ફાસિકના વખાણ કરવાથી મનાઈ ફર્માવી છે. કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૩, પેજ–૫૫૭ માં હઝરત અનસથી મરવી છે કે બેશક ! અલ્લાહ ક્રોધ ફર્માવે છે,





اِذَا مُدِحَ الْفَاسِقُ فِی الْاَرْضِ જ્યારે જમીનમાં ફાસિકનાં વખાણ કરવામાં આવે છે.

હઝરત બુરૈદાથી મરવી છે કે :–

اِذَا مُدِحَ الْفَاسِقُ غَضِبَ الرَّبُّ فَاهْتَزَّ لِذٰلِكَ الْعَرْشُ

"જ્યારે ફાસિકનાં વખાણ કરવામાં આવે છે તો અલ્લાહ ક્રોધ ફર્માવે છે અને એને લઈને અર્શે ઈલાહી ધ્રુજવા લાગે છે."

## ★ હદીષોનો ભાવાર્થ ★

આ હદીષોથી પણ એ જાણવા મળ્યું કે જાહેરમાં ગુનાહ કરનાર વ્યક્તિના વખાણ કરવાની આપણને રજા આપવામાં આવી નથી. ફાસિક હોવા છતાં એનાં વખાણ કરવામાં આવે તો તેને પોતાના ફિસ્ક અને ગુનાહનો એહસાસ થતો નથી અને એ તૌબા કરી નેકીઓ તરફ પરત આવી શકતો નથી અને ઈસ્લામિક સભામાં એવા લોકોને આગળ કરવામાં આવે તો એનાથી એ તો પોતે ગુનાહ પર મજબૂત બને છે અને બીજા ફાસિક લોકોની પણ હિંમત વધી જાય છે અને દીન પર આવવા કોઈ તૈયાર ન થાય, એટલે ફાસિકને દીની સભામાં આગળ કરવામાં આવશે નહીં.

**સવાલ** : પઢવાવાળો અલગ છે અને કલામ બતાવનાર અલગ છે તો એમાં પઢવાવાળાની હાલત જોવાની શી જરૂરત ?

## ★ કલામવાળો પણ સારો હોવો જોઈએ ★

**જવાબ** : આ'લા હઝરતના ફર્માન મુજબ તો શાયર જે કલામ પોતાની ઈશ્કો મહોબ્બતનું દર્શાવી રહ્યો છે, તેના જેવું હોવું એનું જરૂરી છે, નહીં તો એને જૂઠ કહેવામાં આવશે. ઈસ્લામમાં જૂઠુ બોલવાની ક્યાં રજા આપવામાં આવી છે ? તો કલામ બતાવનાર પોતાની હાલત બતાવવામાં જૂઠો હોય તો એના કલામને પઢવાની પણ રજા મળશે નહીં, કારણ કે પઢવાવાળો એ કલામ લખવાવાળા તરફ સંબંધિત કરીને જ પઢવાનો છે. શાયરીના દરેક કલામમાં મકતાનો શે'ર હોય છે જ્યાં શાયર પોતાનું નામ અથવા ઉપનામનો ઉલ્લેખ કરે છે આનાથી પૂરું કલામ લખાવાવાળા સાથે સંબંધ ધરાવે છે. લખવાવાળો ફાસિક હોય અથવા પોતાની હાલત દર્શાવવામાં જૂઠો હોય તો એમાં પણ શરઈ પકડ

થશે. આ જે શાયરીમાં પોતાની હાલતનું વર્ણન ન હોય અલ્લાહ રસૂલ અથવા બુઝુર્ગોની તેમની પોતાની ખૂબીઓ અને હાલતોનું વર્ણન હોય તો એને પઢી શકાય છે પણ એમાં એના મકતાનો શે'ર રજુ કરવામાં ન આવે તો એની શિખામણ માટે એ જ ઉત્તમ છે. ફિસ્ક અને જાહેરી ગુનાહોને આ પ્રમાણે જ તોડી શકાય છે.

## ★ પઢનાર ફાસિક ન હોય ★

પઢવાવાળો કલામ બનાવવાવાળો નથી અને એ બીજાનું કલામ નકલ કરી રહ્યો છે, તો એમાં એની પોતાની શરઈ હાલત જોવામાં આવશે, જેનો ઉલ્લેખ થયો કે દાઢી ન હોય, ખુલ્લે આમ ગુનાહ કરતો હોય, નમાઝોમાં હાજરી ન આપતો હોય, પાકો દુનિયા પરસ્ત હોય, તો એવાનું સન્માન કરવું જાઈઝ ઠરશે નહીં.

**સવાલ :** મૌલ્વી અને પીર લોકો જ ફાસિક લોકોને સાથે રાખે છે અને આવાં કામોમાં એમને આગળ કરે છે તેનું શું ?!

## ★ ધર્મમાં નુકસાન દુનિયાદારોથી છે ★

**જવાબ :** એવા દુનિયા માટે જીવનાર મૌલ્વી અને પીરોએ માહોલ ખરાબ કર્યો છે, અને ફાસિકોને દીન અને ધર્મના ઈજ્જતવાળા કામોમાં આગળ કરી, શરીઅત વિરૂધ્ધનું કામ કરેલું છે. તમે જોઈ રહ્યા છો કે દરેક જગાએ દીનનું કામ ફાસિક લોકોના હાથમાં થઈ રહ્યું છે, અને ધર્મનાં કામો ખુલ્લેઆમ ગુનાહોમાં રહેનાર, નમાઝો ન પઢનાર લોકોના તાબા હેઠળ જઈ રહ્યાં છે તેનું કારણ પણ આ જ છે. હવે તો એવો વખત આવી ગયો છે કે સાચુ બોલો તો ફિત્નાનું નામ અને શિખામણ આપો તો દુશ્મનનું કામ ! ધર્મમાં પણ લોકોની મનમાની ચાલી રહી છે ! એ જ ખબરી નથી પડતી કે લોકો મુસલમાન છે પોતાની ચલાવવા માટે કે પછી મુસલમાન છે અલ્લાહ અને રસૂલની માનવા માટે ?!

**સવાલ :** આ પ્રમાણેની વિચારસરણીને ઉત્તેજન આપવામાં આવે તો પછી કોઈ દીની સભાનું આયોજન જ ન થાય, તો શું દીની સભાઓ બંધ કરી દેવામાં આવે ?

## ★ બહાનું છે હકીકત નથી ★

**જવાબ :** એ કહેવું ખોટુ છે કે આ પ્રમાણેની શરતોનું પાલન કરવામાં





આવે તો દીની સભાઓ બંધ કરી દેવામાં આવે. એવું કહો કે આ શરતોના પાલનથી અમારી એકબીજા સાથે દુશ્મની થઈ જાય, તો અમે અમારો ફાયદો જોઈને વાત કરી રહ્યા છીએ ! એવું તો નથી જ કે દુનિયાથી દીનદાર અને પરહેઝગારો ચાલ્યા ગયા છે, છે અને ઘણા છે, તો એમને શોધો અને એવા લોકો પાસે દીની સભાનું આયોજન કરાવો. દીન અને ધર્મને શરઈ કાયદાના આધારે પ્રગતિના પંથે લઈ જવો હોય તો કુર્બાની આપવી જ પડશે. જાન અને પ્રાણની કુર્બાનીઓ સાથે ઈસ્લામ આપણી પાસે આવ્યો. હવે આપણે એના રક્ષણ માટે ઈસ્લામી કાયદા પર અમલ કરવા અને કરાવવા થોડી પણ કુર્બાની ન આપીએ તો પછી આપણે મુસલમાન થઈને લેવાની આશાઓના તો પૂલ બાંધેલા છે ! દીન માટે પોતે શું કરીએ છીએ ? મિત્રો ! આપણે એવા નાઝુક સમયથી પસાર થઈ રહ્યા છીએ કે એમાં આપણે પળ પળ એ દુઆ કરવાની છે કે અલ્લાહ તઆલા આપણુ રક્ષણ ફર્માવે અને દરેક પ્રકારના ફિત્નાઓથી બચાવે, દીન પર જીવંત રાખે અને દીન સાથે પોતાની બારગાહમાં પરત લાવે.

**સવાલ :** ફાસિકનો જ સારો અવાજ હોય અને એ જ સારી રીતે પઢી શકે એમ હોય તો શું કરવું ? એને છોડીને બીજાને આગળ લાવવામાં આવે તો મજા ન આવે અને લોકો કબૂલ પણ ન કરે.

## ★ પ્રથમ ક્યો ખયાલ ★

**જવાબ :** પૂરી દુનિયાથી પરહેઝગાર સાચા અવાજના લોકો નષ્ટ થઈ ગયા એ માનવામાં આવે એવી વાત નથી, જો તમને સભાના આયોજનનો શોખ હોય અને તમારા ત્યાં કોઈ એવી વ્યક્તિ નથી તો બહારથી બોલાવો. દરેક કામ પોતાના રસ માટે ન કરો ! કંઈક અલ્લાહ અને રસૂલની ખુશી માટે તો કરો ! એટલે આ સવાલ પણ એક બહાનું છે.

**આજ ભી ગર હો ઈબ્રાહીમ સા ઈમાં પેદા**
**આગ કર સકતી હય અંદાઝે ગુલિસ્તાં પેદા**

## ★ ઈસ્લામ તે જ છે ! ★

જે ઈસ્લામ સહાબા અને તાબેઈન પાસે હતો તે જ ઈસ્લામ આજે આપણી પાસે છે, એટલે આમ તો નથી કહી શકતા કે ઈસ્લામ બદલાઈ ગયો, વાત એ છે કે આપણી હાલતોમાં તફાવત આવી ગયો છે, આપણી ઈચ્છાઓમાં

ફરક આવી ગયો છે, આપણે ધર્મમાં પણ પોતાનું રસ બજાર ગરમ કરેલું છે ! તો હવે આપણામાં બગાડ એ છે કે **આપણે આપણી હાલત બદલવા નથી માંગતા,** બલ્કે **આપણી હાલતો માફક ઈસ્લામને અને એના કાયદા કાનૂનને બદલાવવાના ચક્કરમાં છીએ.** અને આપણા સુન્નીઓમાં વધારે પડતી ખરાબીઓ ધર્મના નામથી જોવા મળે છે અને એને સુધારવાનો કોઈ માર્ગ પણ નથી મળતો. એ ચક્કર બીજા લોકોના ચક્કરોનું પરિણામ છે. અલ્લાહ તઆલાએ ઈસ્લામની દોલત આપણને આપણી હાલતો બદલવા માટે આપેલી છે, બની શકે તો અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા પોતાને ઈસ્લામ તરફ ફેરવો, ઈસ્લામને પોતાની તરફ ફેરવી ખુદાના ક્રોધને દા'વત ન આપો ! દીન અને ધર્મથી અલગ રોટલી શેકવાના ઘણા માર્ગો છે ત્યાં જઈને શેકી લો, ધર્મ અલ્લાહનો છે એને રોટલી શેકવાનો માર્ગ ન બનાવો.

## ★ શાયરીના બે પ્રકાર ★

શરઈ કાયદાના આધારે જેમ બીજી સામાન્ય વાતોમાં સારા અને ખરાબના બે ભાગ પાડવામાં આવે છે, શાયરીમાં પણ બે ભાગ છે. શાયરીનો સંબંધ અલ્લાહની હમ્દ, નબીના વખાણ, બુઝુર્ગોની તા'રીફથી હોય તો એ ઘણો જ સારો ભાગ છે. દીન અને ધર્મના દુશ્મનોની શાયરી થકી બેઈજ્જતી કરવામાં આવે જેમ કે શાયર સહાબા કાફિરોની કરતા હતા, તો એ પણ જીભોનો મોટો જેહાદ ગણવામાં આવશે. દુનિયામાં ઉપયોગની ચીજ વસ્તુઓનાં શાયરીથી વખાણ, કુદરતી દશ્યોનો શાયરીમાં નક્શો ખેંચવો એ પણ જાઈઝ અને મુબાહમાં છે. મુસલમાનોની શિખામણ માટે શાયરીને સહારો બનાવવામાં આવે તો એની પણ રજા આપવામાં આવેલી છે. ઔરતોનાં રૂપનાં વખાણ, ફાસિક ગુનેહગાર, દુનિયા પરસ્ત માણસનાં વખાણ, મુસલમાનોનો માહોલ ખરાબ થાય એવી શાયરી, શાયરીમાં જૂઠી વાતોનો શણગાર, સાચા મુસલમાનની શાયરીથી બુરાઈ, કોઈના વખાણમાં એટલું આગળ ધપવું જેની શરીઅતમાં છૂટ ન હોય, બજારી ગઝલો જેને દરેક વ્યક્તિ પોતાની પ્રેમિકા તરફ સંબંધિત કરે વગેરે શાયરીનો ભાગ ખરાબ છે એની રજા આપવામાં આવી નથી.

## ★ શાયરી અને સવાબ ★

અલ્લાહની હમ્દ, નબીની ના'ત, બુઝુર્ગોની મન્કબત એમની હાલતના





વર્તુળમાં રહીને મુસ્તહબ કામ છે. સારી નિય્યતે હોય તો એના પર સવાબ આપવામાં આવશે. મુસલમાનોની શિખામણવાળી શાયરી પણ મુસલમાનોની ભલાઈની નિય્યતે હોય તો સવાબનું જ કામ કહેવાશે. જેનો સંબંધ માત્ર મુબાહથી હોય તો એમાં કોઈ સવાબ નથી અને એમાં ગુનોહ પણ નથી જો એ શાયરી દીનના જરૂરી કામોથી રોકનાર ન હોય. (અલ્લાહ તઆલા તૌફીક બખ્શે) મુસલમાને સવાબના કામમાં કોશિશ કરવી જોઈએ અને પોતાના જીવનનો સમય આખેરતમાં કામ આવે એવાં કામોમાં લગાડવો જોઈએ. મુસલમાનની ચિંતાનું વર્તુળ દીન અને ધર્મ જ હોવું જોઈએ.

## ★ સારો ભાગ પણ ખરાબ ★

શાયરીના જે સારા ભાગોનું વર્ણન થયું એનો સમાવેશ પણ ખરાબ ભાગમાં થઈ શકે છે જ્યારે શાયરીના સારા ભાગને સંગીત સાથે મેળવી દેવામાં આવે. મતલબ એ નથી કે કલામ ખરાબ થઈ ગયું, કલામ તો જે છે તે જ છે પણ મ્યુઝિક અને સંગીતથી આપણને મનાઈ કરવામાં આવી છે જેને પુરવાર કરવા ચાર પ્રકરણો તમારી ખિદમતમાં રજુ કરવામાં આવ્યાં. તો મ્યુઝિકને લઈને એને સાંભળવાની છૂટ રહેશે નહીં. માત્ર દફની સાથે હોય તો એ પણ હનફી મસ્લકમાં મનાઈના હુકમમાં છે.

## ★ મુસલમાન સાચો આશિક બને ! ★

વાજિંત્રોથી કાફિરો એમના ધર્મનાં કલામો પણ ગાતા હોય છે, યહૂદી અને ઈસાઈ પણ મ્યુઝિકને પોતાના ધાર્મિક કલામો સાથે મેળવતા હોય છે. દુનિયાદારો દુનિયાની શાયરીને સંગીતથી શણગાર આપતા હોય છે. તો એમના એ કામો અક્કલથી સમજમાં આવે છે કે એમના કલામમાં એટલી અસર નથી કે તેઓ વિના સંગીતે એમાં રસ મેળવી શકે, અથવા એમની પાસે ધર્મથી એટલો પ્રેમ નથી કે એમનું દિમાગ માત્ર કલામથી મસ્તીમાં આવી શકે, એટલે એમના માટે કલામથી રસ લેવા અથવા પોતાના પ્રેમને જાગૃત કરવા સંગીતનો સહારો લેવો પડે, પરંતુ મુસલમાનને અલ્લાહ અને રસૂલથી અધિક પ્રેમ છે, એટલે એને જોશમાં લાવવા માટે માત્ર અલ્લાહ અને રસૂલનો ઝિક્ર જ બસ છે અથવા ઈસ્લામી કલામમાં એ અસર છે કે સાંભળતાની સાથે માણસના દિલો દિમાગમાં રૂહાની બાગ ખીલી જતા હોય છે એટલે મુસલમાનના સાચા ઈશ્ક અને

મહોબ્બતને જાહેર કરવા અને ઈસ્લામી કલામનો અસર બનાવવા મુસલમાનોને વાજિંત્રોથી રોકવામાં આવ્યા.

## ★ વાજિંત્રોથી જોશમાં આવવું કમાલ નથી ★

વાજિંત્રોને એક પદ્ધતિથી વગાડવામાં આવે તો એનો અવાજ માણસના દિલ અને દિમાગમાં એક એવી સ્થિતિ પેદા કરે છે જેનાથી માણસના જુસ્સામાં વધારો થવા લાગે છે, પણ વાજિંત્રોના વગાડવાથી દિલો દિમાગમાં જુસ્સો પેદા થવો કમાલની વાત નથી, એટલા માટે કે વાજિંત્રોથી કાફિરને પણ જોશ આવે છે, દુનિયાદારોની પણ એ હાલત થાય છે, માણસ તો સમજદાર મખ્લૂક છે પણ પશુ પક્ષીઓની પણ હાલતોમાં સંગીતથી અને રાગથી ફરક આવે છે. ઊંટ જલ્દીથી ચાલવા લાગે છે, સાપ ડોલવા લાગે છે, તો પછી ઈમાનવાળાને પણ એનાથી જોશ આવે તો એ કમાલની વાત નથી, કમાલ તો એ છે કે મુસલમાન અલ્લાહ અને રસૂલની વાત સાંભળીને જોશમાં આવી જાય, એ જ એના ઈમાની કમાલની સ્થિતિ છે. એટલે ઈસ્લામમાં મ્યુઝિક અને સંગીત હરામ કરવામાં આવ્યું કે મુસલમાનને પોતાના સાચા ઈશ્ક અને પ્રેમથી ઓળખવામાં આવી જાય.

## ★ કાફિર અને દુનિયાદારની ઓળખ ★

બીજું એ કે કાફિરની કોઈ પણ ધાર્મિક સભા વાજિંત્રોથી ખાલી નથી હોતી, આમ જ દુનિયાદારો મ્યુઝિક છોડીને કશું પસંદ નથી કરતા, તો વાજિંત્રો એક તો કાફિરનું ધાર્મિક ચિન્હ બની ગયું, બીજું દુનિયાદારોનો તરીકો બની ગયો, એટલે પણ મુસલમાને પોતાની સભાઓ એનાથી પાક રાખવી જોઈએ. અને એને આપણી ઈચ્છા પર આધારિત કરવામાં નથી આવ્યું કે એમાં આપણને કરવા ન કરવાનો અધિકાર મળી આવે બલ્કે આપણા નબીએ આપણને સખ્તીથી મનાઈ ફર્માવી છે જેનાથી વાજિંત્રોના ઉપયોગનું હરામ હોવું પુરવાર થાય છે.

## ★ કુર્આનમાં મુસલમાનની ઓળખ ★

કુર્આન શરીફમાં કોઈ એક જગાએ પણ એ વર્ણન નથી થયું કે મુસલમાનના દિલમાં પ્રેમની જાગૃતિ વાજિંત્રોથી થાય છે, બલ્કે ઈમાનવાળાને અલ્લાહ તઆલાથી એટલો પ્રેમ છે કે એના પ્રેમને જાગૃત કરવા અલ્લાહનું નામ અને એનું ફર્માન જ બસ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–



ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !

إِنَّمَا الْمُؤْمِنُونَ إِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتْ قُلُوبُهُمْ وَإِذَا تُلِيَتْ
عَلَيْهِمْ اٰيَاتُهٗ زَادَتْهُمْ إِيمَانًا وَّعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُونَ

આ આયતમાં ઈમાનવાળાઓની ઓળખ બતાવવામાં આવી કે એમના દિલોમાં જે જોશ પેદા થાય છે, અને એમના ઈમાનમાં વધારો થાય છે એ અલ્લાહની યાદ અને એની આયતોની તિલાવતથી થાય છે. તો ઈમાનવાળાની આ શાન છે અને ન હોય તો મુસલમાને પોતાની આ પ્રમાણેની શાન બનાવવા તનતોડ કોશિશો કરવી જોઈએ. એ કોશિશ માટે ઈસ્લામમાં મ્યુઝિક હરામ કરવામાં આવ્યું

ખુલાસો એ થયો કે વાજિંત્રોનો ઉપયોગ મુસલમાનો માટે હરામ છે. શાયરી ખરાબ હોય તો ગાવામાં આવે કે રાગ વગર બોલવામાં આવે એનું સાંભળવું જાઈઝ નથી અને સંગીત સાથે હોય તો ડબલ હરામ અને ડબલ ગુનાહનું કામ. પણ જો સારી શાયરી સંગીત સાથે રાગથી પઢવામાં આવે કે વિના રાગે, વાજિંત્રોને લઈને એનું સાંભળવું હરામ ઠરશે. જેનો અસંખ્ય પુરાવા અને દલીલોથી ઉલ્લેખ થઈ ગયો છે.

## ★ સિમાએ મુજર્રદ ★

સિમા એટલે સાંભળવું. પણ આ શબ્દ શબ્દકોષ સંબંધિત ઉપયોગ કરવામાં નવી આવતો, બલ્કે એક જમાઅતની પરિભાષા છે, જાઈઝ શાયરીનું કલામ રાગથી સાંભળવું અમુક શરતોની સાથે. એ શરતોનો પણ અમે ઉલ્લેખ કરીશું, પણ અહીં એ જાણવું જરૂરી છે કે સિમાએ મુજર્રદ એટલે શું ? સિમાએ મુજર્રદનો મતલબ છે જે જાઈઝ શાયરી રાગથી ગાવામાં આવે છે અને એમાં અમુક શરતોની પાબંદી જરૂરી છે, એ સિમાનું વાજિંત્રોથી પાક હોવું, તો એને સિમાએ મુજર્રદ કહેવામાં આવે છે. સિમાએ મુજર્રદમાં પૂર્વજોમાં વિવાદ રહ્યો છે પણ ત્યાર પછીના ઓલમા અને સંતોની એ વાત પર એકમતી થઈ ગઈ છે કે સિમાએ મુજર્રદમાં વાંધો નથી અને એની રજા આપવામાં આવી છે. એટલે સિમાએ મુજર્રદનો કોઈ ઈન્કાર કરી શકતો નથી. અને શરતોનું પાબંદીને સાથે હોય તો એના પર કોઈ મુસલમાન નકારાત્મક જવાબ આપી શકતો નથી. વિવાદ વાજિંત્રોવાળા સિમાનો છે જેનો ઉલ્લેખ થઈ ગયો.

## ★ વાજિંત્રો બાબત ગિઝાલીનો નિર્ણય ★

મુકાશિફતુલ કુલૂબ, ભાગ–૯, પેજ–૬૩૬ માં હઝરત ઈમામ ગિઝાલી ફર્માવે છે : આ વાત યાદ કરી લેવી જોઈએ કે ગાવાના અને મનોરંજનના સાધનો **હરામ** છે જેમ કે સારંગી, તંબૂરો, ઢોલકું, તબ્લા, વાંસળી, અને દરેક તે સાધન જે અલગથી પણ ગાવાવાળાના અવાજ સાથે મળી જાય, (એટલે કે માત્ર એ સાધનને વગાડવામાં આવે તો પણ ગાવાવાળા જે ગાય છે તેવું જ એ સાધનના વાગવા પર જાણી શકાય છે કે શું ગાવામાં આવી રહ્યું છે. તો એવા સાધનો ઉપયોગમાં લાવવા હરામ છે. (બીજો પ્રકાર છે) **મકરૂહ** અને તે એવા સાધનો છે જે ગાવામાં શોખ અને મસ્તીનો વધારે કરે, પરંતુ અલગથી એમનાથી ગાવાનું કામ ન લેવામાં આવે જેમ કે નરકલ ચંગ વગેરે. (એટલે કે જેનો અવાજ મીઠો લાગે પણ એનાથી પ્રથમ નંબર જેવા સાધનોનો અવાજ ન બનાવી શકાય) એમનું ગાવા સાથે સાંભળવું મકરૂહ છે, ગાવા વિના નહીં. અને જે સાધન **જાઈઝ** છે તે એવા છે કે ગાવા અને મનોરંજન માટે ન હોય, બલ્કે માત્ર ખબર આપવા માટે વગાડવામાં આવે જેમ કે બ્યુગલ, લડાઈનું નગારું અથવા લોકોને ભેગા કરવાનો તબ્લો અથવા નિકાહના એ'લાન માટે દફ વગાડવું વગેરે.

જે લોકો ઈમામ ગિઝાલીનું નામ બતાવીને સિમામાં વાજિંત્રો બાબત લોકોને શંકામાં નાખે છે તો એ એમનો ફરેબ છે, ઈમામ ગિઝાલીએ પોતાના લખાણમાં લોકોની વાતો અને લોકોનાં મંતવ્યો રજુ કર્યા છે, કોઈ પ્રશ્ન હોય અને એના પર મુનાઝરાના તરીકાથી જવાબ આપી શકાય એવું હોય તો જવાબ આપ્યો છે, પણ એનો મતલબ એ નથી કે એમનું માનવું એવું છે. એમનો ટૂંકસારવાળો નિર્ણય મુકાશિફતૂલ કુલૂબમાં છે તે આપનું પોતાનું મંતવ્ય અને આપનો પોતાનો નિર્ણય છે. વાજિંત્રોના બે પ્રકાર છે : એક હરામ અને બીજો મકરૂહ. એ બેથી ખસીને ત્રીજો પ્રકાર જાઈઝનો છે પણ એનો મકસદ અને હેતુ માત્ર એ'લાન છે, અને એ'લાનના તરીકાથી સિમામાં એનો ઉપયોગ થતો નથી એટલે જાઈઝવાળો કોઈ પ્રકાર એમાં આવ્યો નથી. બલ્કે વર્તમાનકાળના સિમામાં પ્રથમ નંબરના વાજિંત્રોનો ઉપયોગ અવશ્ય થાય છે, એટલે ઈમામે ગિઝાલીના મંતવ્યના આધારે પણ એ હરામ કામ છે, સ્પષ્ટ થયું કે ઈમામ ગિઝાલીના મંતવ્યના આધારે પણ સિમાએ મુજર્રદ જાઈઝ છે.





## ★ સિમાએ મુજર્રદમાં પણ વિવાદ છે એનું શું ? ★

સિમાએ મુજર્રદમાં પૂર્વજોમાં વિવાદ રહ્યો છે પણ એ પછીના લોકોએ સિમાએ મુજર્રદમાં વિવાદ રાખ્યો નથી, જેને ફિકહની કિતાબોથી સમજી શકાય છે. એટલે વાજિંત્રોથી ખસીને બીજી કોઈ ખરાબી લાવવામાં ન આવે તો એનાથી વિરોધ કરવામાં આવશે નહીં. અને જોવામાં એ આવે છે કે વાજિંત્રો વિનાના સિમામાં કોઈનો વિરોધ નથી એટલે પૂર્વજોના પ્રથમ યુગમાં એ સંમતિ ન હતી પણ વર્તમાનકાળમાં એ સંમતિ છે. જેમ કે ના'ત શરીફની સભા, મૌલૂદે પાકની સભા સત્ય રિવાયતોને લક્ષમાં રાખીને હોય તો બુઝુર્ગોની શાનમાં મન્કબતની સભા કે પછી કોઈ જગાએ એક ખાસ તરીકા પર શાયરી પઢીને કોઈ સભા કરવામાં આવે અને એમાં વાજિંત્રો અને બીજી અલગથી કોઈ ખરાબી ન હોય તો તે પણ આ સઘળી સભાઓને સિમાએ મુજર્રદ કહેવામાં આવશે અને એમાં કોઈનો વિવાદ નથી. એટલે જેમાં વિવાદ ન હોય તે બાબતે વધારે ચર્ચા કરવાની જરૂરત નથી. તો હવે સિમાએ મુજર્રદના જવાઝ પર અમે ચર્ચા નહીં કરીએ પણ એની અમુક શરતો પર ચર્ચા કરીશું કે એ નામની સભાઓ પાક અને સ્વચ્છ હોય એમાં ભાગ લેનાર પર છાંટા ઉડી શકે એમ ન હોય, અને કોઈ જગાએ એ શરતોનો ભંગ થતો હોય તો તેઓ પોતાની સભાને સુધારી લેવાની કોશિશ કરી લે. વર્તમાનકાળમાં ના'ત અને મૌલૂદની સભા હોય તો એમાં અમુક શરતો છોડીને સિમાએ મુજર્રદ માટે જે શરતો લગાડવામાં આવે છે એની પાબંદી ન રાખવામાં આવે.

## ★ સિમાની શરતો ★

ફતાવા ખૈરીયા, ભાગ–૨, પેજ–૧૮૯ માં સિમા માટે નીચે પ્રમાણેની છ શરતો વર્ણવવામાં આવી છે :–

- ૧. કોઈ અમરદ (દાઢી વગરનો છોકરો) હાજર ન હોવો જોઈએ.
- ૨. હાજરજનો સઘળા નેક અને પરહેઝગાર હોય, કોઈ પણ ફાસિક (જાહેરમાં ગુનાહનાં કામો કરનાર) અને દુનિયાદાર ન હોય, અને સિમાની સભામાં કોઈ સ્ત્રી હાજર ન હોય.
- ૩. કવ્વાલ મુખ્લિસ હોય એનો મકસદ મેહનતાણુ લેવું અથવા હલવા પરાઠા ખાવાનો ન હોય.

★ ૪. લોકો ખાવા પીવા અને લંગર માટે હાજર ન હોય.

★ ૫. હાલતના દબાવ વગર ઉભા ન થાય.

★ ૬. રિયાકારી અને દેખાડો કરવા માટે વજદ જાહેર ન કરે.

## ★ શરતોનો ખુલાસો ★

શરતોનો ખુલાસો :– ફાસિક ન હોય, જો ફાસિક હોય, નમાઝ ન પઢતો હોય, દાઢી ન રાખતો હોય, મોટા ગુનાહ જાહેરમાં કરતો હોય તો એવો વ્યક્તિ સિમામાં હાજર થવાનો હક્ક રાખતો નથી, સ્ત્રીઓને પણ એવી સભાનો હક્ક નથી અને ઔરતોની હાજરી થતી હોય તો એ સિમા જાઈઝ ઠરશે નહીં, ખાવા પીવા માટે હાજરીની નિય્યતે હોય તો એને પણ રજા નથી. કવ્વાલ પણ સારો હોવો જોઈએ, લોકો જે કંઈ કરે મજબૂર થઈને કરે, દેખાવા માટે કરતા ન હોય, પરિભાષામાં જેને સિમા કહેવામાં આવે છે તેમાં આ શરતોનું પાલન થાય તો એની રજા મળશે, નહીં તો વાજિંત્રો વિનાનો સિમા પણ રજા હેઠળ આવશે નહીં, એટલે એને ભૂલવામાં નહીં આવે.

## ★ મહબૂબે ઈલાહીની લગાવેલી શરતો ★

શૈખ અલી બિન મુહમ્મદ જાનદાર ખલીફએ મહબૂબે ઈલાહી દુર્રે નિઝામિયામાં લખે છે :–

શૈખ નિઝામુદ્દીન ઔલિયા قدس سره કહે છે કે સિમાના ચાર પ્રકાર છે : હલાલ, હરામ, મકરૂહ અને મુબાહ એમાંથી મુબાહ માટે અમુક શરતો છે :–

★ ૧. ગાવાવાળો સંપૂર્ણ પુરૂષ હોય દાઢી વિનાનો છોકરો કે પછી સ્ત્રી ન હોય.

★ ૨. સાંભળનાર અલ્લાહવાળો હોય, વાસનાની પછવાડે ચાલનાર ન હોય.

★ ૩. મઝમૂન (જે પઢવામાં આવે છે તે) ખરાબ અને નાજાઈઝ ન હોય.

★ ૪. સિમા સાથે સંગીતનાં સાધનો અને વાજાંઓ ન હોય.

આ શરતોમાં એ વાતનો વધારો થયો કે જે વસ્તુ પઢવામાં આવે તે અદબવાળી હોય, બેઅદબીની વાતો હોય જેમ કે બજારી ગાયનોમાં હોય છે તો એ જાઈઝમાં જશે નહીં. વાજિંત્રો અને વાજાંઓ હોય તો એ પણ જાઈઝ ઠરશે નહીં, સાંભળનાર અલ્લાહવાળો ન હોય તો એને પણ આ સભાની છૂટ મળશે નહીં.





## ★ શું આ પાબંદી થઈ શકે છે ખરી ? ★

જે શરતો વાજિંત્રોથી પાક સિમા માટે વર્ણવવામાં આવી છે તે શરતોનું પાલન વર્તમાનકાળમાં થઈ તો શકે છે પણ જગા જગાએ સિમાના નામથી થતી સભાઓની હાલત જ એટલી ખરાબ થઈ ગઈ છે કે શરતોની પાબંદી અસંભવ છે અને કોઈ ગમે તેવો દા'વો કરીને પણ આ કામમાં પોતાને સફળ બનાવી શકતો નથી. પોતે પાબંદી કરીને પણ બીજાની પાબંદીનો જવાબદાર બની શકતો નથી, તો એવી ગંભીર હાલતમાં બુઝુર્ગોનાં કામોને બદનામ ન કરતાં એ નામથી સભાઓનું આયોજન ન થવું જોઈએ. એ સભાઓને બીજું કોઈ નામ આપી દેવું જોઈએ.

## ★ પાછલાને જોઈને આગલા પર શંકા ખોટી છે પણ.... ★

પાછલાની ખરાબીઓને જોઈને આગલા વ્યક્તિ પર શંકા કરવાની રજા ઈસ્લામમાં આપણને આપવામાં આવી નથી. જ્યાં સુધી આગલાને પણ પાછલાની સ્થિતિમાં યકીનન હદ સુધી માલૂમ કરી લેવામાં ન આવે, પણ માણસનું દિમાગ ઘણી બધી વાતો પર પોતે શંકા વ્યક્ત કરતું હોય છે જેને ઈસ્લામની પરિભાષામાં વસવસો કહેવામાં આવે છે અને વસવસાથી દિમાગને બચાવવું કઠણ કામ છે. માણસ પોતે પોતાનો ઈલાજ આ બાબતમાં કરી શકે છે પણ બીજાનો ઈલાજ શંકાઓથી મુક્ત કરવાનો સહેલો નથી પણ એક કામ એવું છે જો એને અમલમાં લાવવામાં આવે તો એનો ઈલાજ સરળ થઈ શકે છે.

## ★ બીજાની શંકાનો ઈલાજ ★

અનુભવી ડોકટર અને ઘડાએલો વૈદ બીમારી શું છે એનો ઈલાજ કરતાં પહેલાં એ વિચાર કરે છે કે આ બીમારીનું મૂળ શું છે ? જો બીમારીનો ઈલાજ કરવામાં આવે તો શિફા મળે પણ થોડા સમય પછી એ બીમારીનું મૂળ બાકી હોવાને લઈને પરત આવી શકે છે. જેમ કે ઝાડની ડાળીઓ કાપી નાખ્યા પછી પણ જ્યારે એનું થડ સલામત છે તો એક સમય પસાર થયા પછી એ ઝાડ ફરી પોતાની અસલ શક્કલમાં આવી જાય છે. તો ખરો ઈલાજ તો એ છે કે જડમૂળમાંથી એને નષ્ટ કરી દેવામાં આવે. તો અહીંયા પણ જ્યારે આપણને ખબર છે કે

લોકો વર્તમાનકાળની સભાઓની ખરાબીઓ જોઈને અમારા આગલા લોકોને પણ શંકાની નજરથી જોશે તો પાછલાએ પોતાના આગલાઓની ઈજ્જતનો ખયાલ રાખી શંકા લાવવાના કામથી અલગ થઈ જવું જોઈએ. અને એ છે સિમાના નામથી સભાનું આયોજન, તો એ શબ્દ જ વચમાંથી ખસાવી દેવો જોઈએ. આ છે શંકાની બીમારીનો ઉત્તમ ઈલાજ કે ન રહે બાંસ ન બજે બાંસરી ! મૂળ જ નથી પછી ડાળીઓનો પ્રશ્ન જ ક્યાં ઉપસ્થિત થાય ?!

## ★ મહાન બુઝુર્ગોનો વિરોધ ★

અવારિફુલ મઆરિફ, મુકાશિફતુલ કુલૂબ, ઈહ્યાઉલ ઉલૂમ વગેરે તસવ્વુફની કિતાબોનું વાંચન કરશો તો તમને જોવા મળશે કે મહાન બુઝુર્ગોએ વર્તમાનકાળમાં નહીં દૂરના ભૂતકાળમાં જ્યારે સારા લોકો વધારે હતા, ખરાબ ઓછા, દીનદારી વધારે હતી, દુનિયાદારી ઓછી, વાસનાઓના માર્ગે ચાલવા કરતાં શરીઅતના કાયદાઓનું પાલન વધારે હતું, અને એમાં હઝરત હસન બસરી, હઝરત ફુઝૈલ બિન અયાઝ, હઝરત ઈબ્રાહીમ નખઈ, હઝરત ઈબ્રાહીમ અદહમ, અને થોડી સભાઓ પછી તૌબા કરીને પરત આવનાર હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ જેવી મહાન હસ્તીઓનો સમાવેશ થાય છે, શું આપણા દિમાગમાં વાજિંત્રોથી પાક સભાના જાઈઝ હોવાની દલીલો આવી તો આ ઉપરોક્ત મહાન હસ્તીઓએ આપણને એનાથી પણ મનાઈ કરી, કેમ ?! એટલે જ કે તેઓ એ જોઈ રહ્યા હતા કે હમણા તો આ કામની હાલત બરાબર છે પણ આગળ જતાં એમાં વધારા થતા જશે અને એનો વળાંક એવો બદલાઈ જશે કે અલ્લાહની પનાહ ! તો એમણે એ કામ નહીં પણ કામનું દૂર ગયા પછીનું પરિણામ જોઈને સારા વખતમાં સારા લોકોમાં થતી સભાઓથી પણ વિરોધ ઉઠાવ્યો હતો. આજે આપણને યકીન આવ્યું કે તેમનું આ કામ ધર્મની ભલાઈ માટે હતું.

## ★ આરંભ અને અંત ★

સિમાની સભાઓનો આરંભ તો ઘણો સારો હતો, જેમાં જન્નતનો શોખ, દોઝખનો ડર, અલ્લાહ પર ભરોસો અને દુનિયાદારીથી અલગ થવાની તા'લીમ શાયરીમાં રાગથી ગાયને કરવામાં આવતી હતી. હાજરજનો દીનદાર પરહેઝગાર અને એમના પીરો અને આગેવાનો પહોંચેલી હસ્તીઓ હતી, પણ તેઓએ દુનિયાથી પરદો કરતાં તેમની જગાએ તેમના નિયુક્ત કરેલા લોકો



ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !

આવ્યા અને તેમણે આ માર્ગમાં થોડી વિશાળતાથી કામ લીધું, એ સિમામાં ઈશ્કી શાયરીને જગા આપી અને ઈશ્કને ઈશ્કે હકીકી અલ્લાહ અને રસૂલ તરફ અથવા કોઈ મહાન હસ્તી તરફ સંબંધિત કરવામાં આવતું, આમ સિમામાં ગઝલોને પણ મહત્વનું સ્થાન આપવામાં આવ્યું. તેઓના પરદો કરી ગયા પછી તેમની જગાએ બીજા લોકો આવ્યા તેમણે આ બાબત થોડી પ્રગતિ કરી અને જ્યાં એમને ઈજતિહાદ કરવાનો શરઈ હક્ક ન હતો ત્યાં એમણે પોતાના ઈજતિહાદથી કામ લઈ હદીષોનો વળાંક બદલી નાખ્યો અને દફને સિમામાં જગા આપી, હવે કોઈ પણ શાયરીનું કલામ દફ વિના શોભતું જ ન હતું, તેઓના ગયા પછી તેમની જગાએ બીજા લોકો આવ્યા જેમણે ઈજતિહાદના મેદાનમાં લાંબો કૂદકો માર્યો અને માત્ર દફ નહીં દરેક પ્રકારનાં વાજિંત્રોમાં જવાઝનો માર્ગ કાઢયો અને હરામ હોવા પર જેટલી હદીષો હતી બધામાં પોતાની તરફથી શરતોનો વધારો કરીને પોતાનો ઉલ્લુ સીધો કરી લીધો, એટલે હવે દફ સિમામાં કોઈ ચીજ ન રહી, વાજાપેટી, તબ્લા, સારંગી, ખંજરી અને બીજાં ઘણા સંગીતનાં સાધનો સિમામાં આવી ગયાં. તેઓના ગયા પછી બીજા લોકો જ્યારે એમની જગાએ આવ્યા તો તેમણે આ માર્ગને વધુ વિશાળ કર્યો કે સિમામાં માત્ર નેક લોકો જ કેમ ? બીજા લોકોએ શું પાપ કર્યો છે કે એમને રજા નહીં ! એમણે સારા અને ખરાબ સર્વને આમાં પધરામણીનું આમંત્રણ આપ્યું અને આમ ખરાબ લોકોને પણ આમાં ભાગ લેવાનો માર્ગ નીકળી આવ્યો, તેઓના ગયા પછી જ્યારે બીજા લોકો એમની જગાએ આવ્યા તો એમને સ્ત્રીઓ પર કૃપા આવી કે આ સભાઓમાં માત્ર પુરૂષોની શિર્કત તો સ્ત્રીઓ કેમ નહીં ? શું એમને નેકીની જરૂરત નથી ?! શું તેણીઓ સવાબના કામમાં ભાગ નથી લઈ શકતી ?! તો પુરૂષો સાથે સ્ત્રીઓને પણ પધરામણીનું આમંત્રણ આપવામાં આવ્યું, આમ સિમાની સભા સ્ત્રી અને પુરૂષની મિશ્ર સભા થઈ ગઈ, તેઓના ગયા પછી બીજા લોકો એમની જગાએ આવ્યા તો તેમણે એક અલગ અવાજ ઉઠાવ્યો કે પઢવાવાળો નેક અને પરહેઝગાર જ કેમ ? શું જે એ ગાઈ છે ફાસિક નથી ગાઈ શકતો ? શું પઢવામાં નેક લોકો પર છાપ મારવામાં આવી છે ? તો તેમણે ગાવાવાળામાં ફાસિક અને દુનિયાદારોને સામેલ કરી આપ્યા, આજે તમને ના'ત ખ્વાનના નામથી તો દાઢીવાળો જોવા મળશે પણ કવ્વાલના નામથી તમે એક પણ દાઢીવાળો બતલાવી નથી શકતા ! સત્તા અને આગેવાની કવ્વાલોમાં ફાસિક લોકોની થઈ ગઈ ! તેઓના ગયા પછી બીજા લોકો એમની જગાએ આવ્યા તો

તેમણે અંગ્રેજોવાળી વાત દરમ્યાનમાં રાખી કે પુરૂષ શાયરીને ગાવામાં ભાગ લઈ શકે, સ્ત્રી કેમ ન લઈ શકે ? જ્યારે સ્ત્રીનો અવાજ કુદરતી રીતે પુરૂષોથી સુંદર હોય છે, એમના અવાજમાં જે મજા છે તે પુરૂષના અવાજમાં ક્યાં ? તો તેમણે ગાવામાં સ્ત્રીઓને આમંત્રણ આપ્યું અને આમ કવ્વાલ સાથે કવ્વાલા (કવ્વાલણ)ની પણ ગણતરી થવા લાગી. તેમના ગયા પછી બીજા લોકો જ્યારે એમની જગાએ આવ્યા તો એમણે પાબંદીનો દરવાજો જ ભાંગી નાખ્યો અને કહ્યું કે માત્ર કવ્વાલને બોલાવવામાં આવે તો એમની મનમરજીનું ગાય, વધારે મજા લેવી હોય તો એની સાથે મુકાબલામાં કવ્વાલા (કવ્વાલણ)ને પણ રાખવી જોઈએ, હરીફાઈમાં જે મજા છે તે એકલામાં ક્યાં મળી શકે છે ? તો એમણે સિમામાં હરીફાઈ પણ શરૂ કરાવી, તેઓના ગયા પછી બીજા લોકો જ્યારે એમની જગાએ આવ્યા ત્યારે એમનો અંકુશ લોકો પરથી ઉઠી ગયો હતો અને લોકો આ કામમાં પોતે આગેવાન બની ગયા હતા એટલે એ કામો ખાનકાહના બંધ દરવાજે ન રહ્યાં, દરગાહોના ખુલ્લા મેદાનમાં આવી ગયાં, સીટીના બજારમાં પહોંચી ગયાં અને હવે કોઈ ધાર્મિક આગેવાન ન રહ્યો તો પબ્લિક પોતે પોતાની આઝાદીથી એમાં સંચાલન કરવા લાગી, એટલે આ માર્ગમાં એટલી વિશાળતા થઈ કે દીન અને ધર્મ સંબંધિત કલામો નામનાં રહ્યાં અને મુકાબલામાં ફિલ્મી ગાયનોની માંગ થવા લાગી, એમાં ધનવાનો આગળ આવ્યા જેમને અલ્લાહના નામ પર પાંચ રૂપિયા આપવાના માથા ભારે લાગે છે અને આ કામમાં મુકાબલામાં નામ કમાવવા હજારો રૂપિયા આપીને ગાયનો કટ કરાવે છે. તો સિમાનો આરંભ કેવી રીતે થયો હતો અને વળાંક લેતાં લેતાં એ ફિલ્મી કલાકારો (ટી.વી. સિંગરો)ની સંગતમાં થઈ પડયો.

મારા કહેવાનો ભાવાર્થ એ કે આપણા ઈમામે આ'ઝમ અને બીજા ઈમામોએ મુજર્રદ સિમાથી પણ મનાઈ કરી હતી, દફની પણ રજા ન આપી હતી અને મહાન મહાન હસ્તીઓ જેમની વિલાયતો પર સદીઓ પછી પણ મુસલમાનોમાં સંમતિ છે તેમણે સિમાની સભાનો વિરોધ પોતાના જમાનામાં ઉઠાવ્યો હતો કેમ ? તેમની ગયબવાળી નજરો જોઈ રહી હતી કે આ કામ વળાંક લેતાં લેતાં દીનમાંથી નીકળી દુનિયામાં પહોંચી જશે. જે ગયબ એ જમાનામાં તો ગયબ જ હતો પણ વર્તમાનકાળમાં યકીની જાહેરી ઈલ્મ બનીને આપણી સમક્ષ આવી ગયો, હવે તો કબૂલ કરો !





## ★ હક્કને મોટુ નુકસાન કયા કામથી ★

આપણે સર્વ સુન્ની છીએ, નબીઓ અને વલીઓને એમની શાન લાયક માન મરતબો આપીએ છીએ. એમની ગુસ્તાખી અને બેઅદબીથી પોતાને બચાવીએ છીએ, જેમની બાબત બેઅદબીનું યકીન નહીં માત્ર શંકા હોય તેનાથી પણ આપણે દૂર રહીએ છીએ. એટલે કે માન્યતાની કોઈ ખરાબી આપણને માન્ય નથી, પછી તો જોઈ રહ્યા હશો કે દિન પ્રતિ દિન આપણા માનવાવાળાઓમાં કમી થઈ રહી છે, ધનવાનથી લઈને ગરીબ સુધી, પ્રોફેસરથી લઈને જાહિલ સુધી, પુરૂષથી લઈને સ્ત્રી સુધી, મોટેરાઓથી લઈને બાળકો સુધી આપણાથી અલગ થઈ રહ્યાં છે, કેમ ? અલગ થનારને પૂછવામાં આવે છે કે ભાઈ તમે અલગ કેમ થઈ ગયા ? તો જવાબમાં એવું કહેવામાં નથી આવતું કે ફલાણામાં અમને ફલાણી ખૂબી જોવા મળી એટલે બલ્કે તમારામાં આ ખરાબી છે કે તમે ઉપરોક્ત પ્રકારની સભાઓનું આયોજન કરી બુઝુર્ગોની બેઈજ્જતી કરો છો એ અમને માન્ય નથી. એટલે અમારે તમારી સાથે રહેવું નથી, જેને પણ પૂછશો બિદઅતોને જ સુન્નિયત છોડવાનું કારણ બતાવશે. તો હવે જેઓ અમારી સાથે દુઃખે સુખે રહી ગયા છે તેમને અમારા માર્ગે રાખવાનો નિકાલ ક્યો ? એ જ કે આ પ્રમાણેની સભાઓના આયોજન પર પ્રતિબંધ લગાડવામાં આવે અને દરેક સુન્ની વ્યક્તિ પછી આલિમ હોય કે જાહિલ, પીર કે મુરીદ, સ્ત્રી હોય કે પુરૂષ, મોટેરો હોય કે બાળક બધાંનો અવાજ એક જ હોવો જોઈએ કે ઉપરોક્ત પ્રકારની સભાઓથી અમારે કોઈ લગાવ નથી, અમે એના વિરોધી છીએ, તો આમ પબ્લિકનો તેમને સહકાર બંધ થવાથી આ ક્ષેત્રે કામયાબી મળવાની ઉમ્મીદ થઈ શકે છે.

## ★ સિમા બાબતે ગિઝાલીનો નિચોડ ★

નિચોડ એટલે દરિયો કૂજામાં, જે કંઈ વર્ણન થયું એનો ખુલાસો અને ટૂંકસાર. એનાથી એ જાણવા મળી શકે છે કે માણસનું પોતાનું જાતિય મંતવ્ય શું છે, આપે સિમાના પ્રકરણનો અંત આ શબ્દોમાં કર્યો :–

ગત ઉલ્લેખથી એ પુરવાર થયું કે સિમાના ચાર પ્રકાર છે : હરામ, મુબાહ, મકરૂહ અને મુસ્તહબ. સિમા હરામ એ લોકો માટે છે જે જવાન હોય અને જેમના પર દુનિયાની વાસનાઓનો અંકુશ હોય. સિમા એમનામાં કોઈ હરકત પેદા નહીં કરે, માત્ર એ કે જે બુરી આદતો એમના દિલો પર છવાએલી

છે તેમાં તુફાન ઉઠશે. (૨) મકરૂહ એ લોકો માટે છે જે સિમાને મખ્લૂકના રૂપમાં તો નથી બનાવતા પરંતુ વધુ સભામાં એની આદત બનાવી લીધી છે મનોરંજનના તરીકા પર. (૩) મુબાહ એ લોકો માટે છે જેમને સિમાથી કોઈ ફાયદો સુંદર અવાજની મજા છોડીને નથી. (૪) મુસ્તહબ એ લોકો માટે છે જેમના પર ખુદાએ તઆલાની મહબ્બતનો અંકુશ છે અને સિમાથી એમનામાં સારી આદતો જ ઉભરાય છે.

## ★ વર્તમાનકાળમાં કયો નિર્ણય લેશો ★

વર્તમાનકાળમાં જવાન તો જવાનની જગાએ એમના માટે તે જમાનામાં પણ રજા આપવામાં ન આવી હતી, પણ આજે જ્યારે કે વૃદ્ધવસ્થાએ પહોંચનાર પણ જવાન છે, અને એની પાસે પણ દુનિયાની વાસનાઓ છોડીને બીજું કોઈ નથી, તમે જવાનવાળો ફેંસલો વૃદ્ધ માટે પણ લેશો કે નહીં ? મારી પાસે પબ્લિકે ગવાહી સાથે એવા એવા વાક્યાઓ રજુ કર્યા છે કે એનું વર્ણન મુસલમાનના અયબ ખોલવા બરાબર છે, એટલે હું એવી વાતો રજુ કરી શકતો નથી પણ જરૂરત પડે મજબૂર થઈ જવા પર એનો સહારો પણ લઈ શકાય છે પણ હું અલ્લાહથી દુઆ કરું છું કે મારા મિત્રો માટે અને મારા સુન્ની ભાઈઓ માટે મારું આટલું લખાણ પરિપૂર્ણ છે એનાથી અધિકની જરૂરત પડશે નહીં. સારાંશ એ કે હવે જવાન અને વૃદ્ધની વિચારસરણીમાં કોઈ ફરક નથી એટલે હુકમમાં પણ તફાવત કરવામાં આવશે નહીં. હુકમ કારણ સાથે સંબંધિત છે, કારણ એક આવશે તો હુકમ એ જ આવશે. આ કાયદાના આધારે પણ વર્તમાનકાળમાં એ નામથી મહફિલના આયોજનની રજા મળી શકતી નથી.

## ★ ગિઝાલી અને સિમાના હરામ હોવાનાં પાંચ કારણો ★

જે કારણોને લઈને જાઈઝ કહેવાવાળાઓના ત્યાં પણ સિમા હરામ થઈ જાય છે તેવાં પાંચ કારણો છે જેને હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ ઈહયાઉલ ઉલૂમના બીજા ભાગમાં વર્ણન ફર્માવ્યાં છે, એનાથી પણ એ જાણવા મળશે કે વર્તમાનકાળની સિમાની સભાને કયો હુકમ આપી શકાય છે. આપ ફર્માવે છે :–





**(૧)** ગાવાવાળી સ્ત્રી હોય જેના તરફ જોવું હલાલ ન હોય અને એના ગાવામાં ફિત્નાનો ડર હોય અને એના જ હુકમમાં દાઢી વિનાનો છોકરો પણ છે, એનું ગાવું સાંભળવામાં ફિત્નાનો ડર હોય અને આ હરામ છે એટલા માટે કે એમાં ફિત્નાનો ડર છે.

(સ્ત્રીઓનું સિમાની સભામાં ગાવું અથવા વિના પરદે સિમાની સભામાં હાજરી આપવું, એ મોટા ફિત્નાનું કામ છે, જે સભામાં સ્ત્રીઓની હાજરી થતી હોય ઈમામ ગિઝાલીના ફર્માનથી એ હરામ છે એના આયોજનની રજા મળશે નહીં અને આયોજન કરનાર ગુનેહગાર ઠરશે.)

**(૨)** સિમાનાં સાધનો સારાં ન હોય, દાખલા તરીકે દારૂડિયા અને હિજડાઓની ઓળખપત્રમાં જતા હોય જેમ કે વાંસળીઓ અને તારનાં બનાવેલાં વાજાંઓ. (વાજાપેટી, તંબૂરો, ગુજરી વગેરે)

(વર્તમાનકાળમાં વાજિંત્રોનો ઉપયોગ સંગીતકારો, કલાકારો, નાટકિયાઓ, અને ભવાયાઓના ઓળખપત્રમાં પહોંચી ગયા છે, કોઈ પણ ધાર્મિક મુસલમાન માટે એનો ઉપયોગ સારો સમજવામાં નથી આવતો તો હવે હુકમ ધર્મમાંથી બહાર થઈ ગયો છે એટલે સંગીતનાં સાધનો એક જ હુકમમાં છે. એનો ઉપયોગ ધાર્મિક રીતે મુસલમાનો માટે જાઈઝ રહેશે નહીં, અને જ્યારે નબીએ અસંખ્ય હદીષોથી મનાઈ કરી તો પછી ધર્મમાં એને સ્થાન મળી શકતું જ નથી.)

**(૩)** નઝમમાં ખરાબી હોય એટલે કે શાયરીમાં ખરાબી અને બેહયાઈ હોય, કોઈની (જેની જાઈઝ ન હોય તેની) બુરાઈ હોય જે વાતો અલ્લાહ તઆલા અને એના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم પર અથવા સહાબા પર જૂઠ હોય, જેમ કે રાફઝી (શીઆ) સહાબાની શાનમાં બનાવી લે છે તો એવી વાતોને ગીતમાં સાંભળવું કે વિના ગીતે હરામ છે, અને સાંભળવાવાળો કહેવાવાળાનો શરીક છે. (બંને માટે એક હુકમ લાગુ પડશે) એવી જ રીતે એ શાયરી જેમાં કોઈ નિશ્ચિત સ્ત્રીની સિફતો (ખૂબીઓ)નું વર્ણન હોય કારણ કે સ્ત્રીની વાર્તા પુરૂષો સામે જાઈઝ નથી જેનાથી એના શરીર અથવા શરીરના કોઈ ભાગની હાલત જાણવા મળી શકે.

**(૪)** સાંભળવાવાળામાં ખરાબી હોય એટલે કે વાસના અંકુશમાં હોય અને તદ્દન જવાનીના જોશમાં હોય તો એણે રાગ સાંભળવો હરામ છે, પછી

એના દિલ પર કોઈ નિશ્ચિત મહોબ્બત જોશ મારે કે ન મારે એ ગમે તે સ્થિતિમાં હોય પરંતુ જ્યારે ઝુલ્ફ, ચહેરો, જુદાઈ અને મેળાપની વાર્તા સાંભળશો તો એની વાસના જોશ મારશે, આ શબ્દોનો કોઈ નિશ્ચિત શક્કલમાં લઈ જશે જેને શૈતાન એના દિલમાં ફૂંક મારશે, આ પ્રમાણે વાસનાની અગ્નિ ભભૂકી ઉઠશે અને બુરાઈનાં કારણો ભડકી ઉઠશે. એનું શૈતાની સૈન્યને મદદ કરવી અને અક્કલ જે શુકે ઈલાહી છે શૈતાનથી બચાવે છે એને હરાવવું છે અને દિલમાં શૈતાની સૈન્ય એટલે વાસનાઓ અને અલ્લાહનું સૈન્ય અક્કલનું પ્રકાશમાં સતત યુદ્ધ ચાલતું રહે છે. માત્ર એ દિલ જેમાં એકને સફળતા મળી અને બીજાને તદ્દન નાકામી થઈ ગઈ તો એમાં યુદ્ધ બંધ થઈ જાય છે. અને હવે તો વધુ પડતા દિલ એવાં જ છે જેને શૈતાની સૈન્યએ જીતી લીધાં છે અને એના પર એનો જ અંકુશ છે, તો એ વખતે જરૂર થયું કે ફરીથી યુદ્ધનાં સાધનોની સામગ્રી કરવામાં આવે જેને લઈને શૈતાની સૈન્યના પગ દિલમાંથી ઉખડી જાય, એવું નહીં કે શૈતાનનાં સાધનોમાં વધારો કરી દેવામાં આવે અને એની તલવારોને તેજ અને ભાલા માફક અણીદાર કરી દેવામાં આવે અને આ પ્રકારના લોકો માટે રાગ એવો જ છે કે શૈતાની સૈન્યના સાધનો તેજ કરી આપવાં તો આવી વ્યક્તિએ સિમાની સભાથી નીકળી જવું જોઈએ, નહીં તો એના સિમાથી વધારે નુકસાન થશે.

(વર્તમાનકાળમાં વૃદ્ધ માણસ પણ જવાનો માફક વાસનાની અગ્નિ ભડકાવવામાં પડેલો છે જેને માહોલને આંખો સમક્ષ રાખી દરેક વ્યક્તિ સમજી શકે છે તો પછી આ હુકમ સર્વ માટે એક સરખો જ થઈ ગયો, પછી એ જાઈઝ હોવામાં ગિઝાલીની ચર્ચા પાક જમાનાવાળાઓ માટે દલીલ બની શકે, વર્તમાનકાળના લોકો માટે નહીં.

**(૫)** સાંભળનાર સામાન્ય લોકોમાંથી હોય એના પર અલ્લાહની મહોબ્બતનો અંકુશ નથી કે સિમા એને સારો લાગે અને ન એના પર વાસનાનો અંકુશ છે કે એના માટે રાગથી સાંભળવું નાજાઈઝ ઠરી જાય તો એવા વ્યક્તિ માટે સિમા એવો છે જેમ કે બીજી લિજ્જતની વસ્તુઓ મુબાહ (હલાલ) છે. પરંતુ સામાન્ય પબ્લિક રાગને પોતાની આદત બનાવી લે અને પોતાનો વધારે સમય એમાં ખર્ચ કરે તો પણ એ મૂર્ખ છે, જેની ગવાહી માન્ય રાખવામાં નહીં આવે, એટલા માટે કે રમત પર સતત કાયમ રહેવું ગુનોહ છે. અને જેમ નાનો ગુનોહ કરતા રહેવાથી એ મોટો બની જાય છે, આમ જ મુબાહ પર સતત રહેવાથી એ ગુનોહ બની જશે.





## ★ શું હવે કોઈ છટકબારી છે ? ★

ઈમામ ગિઝાલીના લખાણને દલીલ બનાવીને લોકો પોતાની બગલો વગાડી રહ્યા હતા પણ જ્યારે મેં ઈહયાઉલ ઉલૂમથી સિમા બાબત કરવામાં આવેલા ઉલ્લેખના પ્રકરણથી ઉપરોક્ત હરામ હોવાના કારણો ઈમામ ગિઝાલીના ભાવાર્થથી તમારી ખિદમતમાં રજુ કર્યા. તો હવે સિમાના શબ્દથી સભાના આયોજન કરવાનો કોઈ માર્ગ અને કોઈ છટકબારી રહી જતી નથી. છતાં પણ હવે આ બાબતે ખોટી રીતની ચર્ચા એ જ કરશે જે સુન્નિયતને નષ્ટ કરવાની કસમ ખાયને દોસ્તનું નામ લઈને દુશ્મનનું કામ કરી રહ્યો છે.

## ★ સિમાએ મુજર્રદ પણ ખતરામાં ★

મેં સિમાએ મુજર્રદ પર લોકોની એકમતી દર્શાવી હતી એનાથી આપને એ શંકા થઈ હશે કે ચાલો વાજિંત્રોને ભૂલીને કલામ કરવામાં આવે તો મુજર્રદ સિમા માટે જવાઝનો માર્ગ મળી શકે છે પણ મુજર્રદ સિમાની શરતો અને શરતોની પાબંદી ન કરવા પર આવતાં હરામ કારણોને લક્ષમાં રાખી કોઈ મુસલમાન સિમાએ મુજર્રદને પણ વર્તમાનકાળમાં જાઈઝ કરી શકતો નથી, પછી વાજિંત્રોવાળો અને અસંખ્ય ખરાબીવાળા સિમાની વાત ચર્ચાથી તદ્દન બહાર ગણાશે.

## ★ હઝરત સોહરવર્દી رحمۃ اللہ علیہ પણ આ માર્ગે ★

હઝરત શિહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہ એ પણ સિમાના જવાઝ પર લોકોના મંતવ્યો રજુ કર્યા અને ત્યાર બાદ ત્રેવીસમા બાબમાં આપે સિમાના નાજાઈઝ હોવાનાં મંતવ્યોનો પણ ઉલ્લેખ કર્યો છે. આ બાબના આરંભમાં આપે ફર્માવ્યું; જ્યારે ફિત્નો એ માર્ગમાં ફેલાઈ ગયો અને રક્ષણ ઉઠી ગયું, લાલચથી ઘણા લોકોએ એનું આયોજન કર્યું, જેમના અમલો થોડા છે, અને હાલતો ખરાબ થઈ ગઈ છે, અને સિમા માટે વધુ પ્રમાણમાં સભાઓનું આયોજન કર્યું, એના માટે વધુ સમય ખાવા બનાવવામાં આવે છે, જેને લઈને તબીયતો એ હાલતની માંગ કરે છે, એટલા માટે નહીં કે એમનાં દિલોમાં સિમાનો શોખ છે જેમ કે સાચા લોકોનું જીવન ચરિત્ર અને આદત હતી. તો પછી સિમામાં બીમારી આવી ગઈ કે નફ્સો એના તરફ એટલે કેન્દ્રિત થાય છે કે ખૂબ ખાણુ ખાય, રમતગમત અને ગફલતની જગાએ મજા લે, અને આ પ્રમાણેનો અમલ મુરીદમાંથી

પ્રગતિની ઈચ્છા નષ્ટ કરી આપે છે. અને એને લઈને ટાઈમ બેકાર કરવો અને ઈબાદતથી ઓછો ફાયદો લેવો છે. આ ઈજતેમામાં શોખ એટલે પેદા થાય છે કે તબીયતને એની મનગમતી વસ્તુઓ મળે અને ઐશ આરામ અને રમત ગમતથી આનંદ પ્રાપ્ત થાય, અને ગુપ્ત નથી કે આ ભેગા થવું સાચા લોકો નજીક મરદૂદ છે. (ગૈર માન્ય).

અંતમાં હું એટલું કહીશ કે કરવા ગયા કંસાર અને થઈ ગઈ થુલી ! એટલે કે લોકો વાજિંત્રો સાથે સિમાના જાઈઝ હોવા પર પોતાનો ટાઈમ લગાવી રહ્યા હતા પરંતુ ચર્ચા કરતાં વાત એ જગાએ પહોંચી કે વાજિંત્રોવાળો સિમા તો કોઈ પણ કાજે જાઈઝ થઈ શકતો જ નથી, અને ભલા જેને રસૂલે પાક નાજાઈઝ અને હરામ કહે તેમાં કોની હિંમત છે કે જવાઝનો માર્ગ શોધે, પરંતુ જે મુજર્રદ સિમા જેની બાબતે અમારું કહેવું એવું છે કે પૂર્વજો પછીના આલિમો અને સંતોના મંતવ્યોના આધારે એના પર સંમતિ થઈ ગઈ છે પણ અમુક શરતોની પાબંદીની સાથે, તે શરતોનો અમે ઉલ્લેખ કર્યો જેનાથી એ સ્પષ્ટ થયું. વર્તમાન કાળમાં વાજિંત્રોથી પાક સિમાને શરતોની પાબંદી સાથે કરવો અશક્ય થઈ ગયો છે, એટલે એની પણ રજા સૂફી સંતોના ઉલ્લેખમાં બાકી નથી રહી તો આ લખાણને ન્યાયથી પઢો અને ન્યાયથી ફૈંસલો કરો. મને યકીન છે કે હવે તમને આ બાબતે કોઈ શંકા રહી નહીં હોય.

## ★ જ્યારે કોઈ સિમા ન કરી શકાય તો પછી શું કરવું ? ★

વાજિંત્રોવાળો સિમા વાજિંત્રોને લઈને જાઈઝ નથી, વાજિંત્રોથી પાક સિમા શરતોની પાબંદી ન હોઈ શકવાને લઈને નાજાઈઝ છે, જ્યારે બંને પ્રકારના સિમા નાજાઈઝ છે તો પછી સિમા વગર શું કરવું ? તો એનો જવાબ એ છે કે તમે તો એવો પ્રશ્ન પૂછી રહ્યા છો જાણે સિમા વગર બીજી કોઈ ધાર્મિક સભાનું આયોજન થઈ શકતું જ નથી અને સિમા તમારો જાણે પ્રાણ છે ! એ ન હોય તો પ્રાણ ચાલ્યો જાય ! બયાનોના પ્રોગ્રામ કરાવો, દીની મસાઈલની સભા રાખો, ના'તની સભા રાખો, મૌલૂદ શરીફની સભા રાખો, હદીષે નબવી સાંભળવાની સભા રાખો, કુર્આન તજવીદ સાથે પઢવાની સભા રાખો, શંકા કુશંકાના સવાલના જવાબ પ્રાપ્ત કરવાની સભા રાખો, દીન શીખવો હોય તો સભાઓ કેટલી ? પણ નથી શીખવો એટલે મનોરંજનવાળી સભાઓની વાત કરો છો !





## ★ વર્તમાનકાળમાં સુન્નીઓની જહાલત ★

એ કહેતાં શરમ આવે છે કે વર્તમાનકાળમાં દરેક બાતિલ ફિર્કાના લોકોનું પ્રથમ સશક્ત સાધન ઈલ્મ અને જ્ઞાન છે અને આપણી પબ્લિકમાં વધુ પડતા લોકો એવાં છે જેમને સહીહ ઉચ્ચાર સાથે કુર્આનની તિલાવત નથી આવડતી. આખુ કુર્આન તો પબ્લિક માટે ઉચ્ચાર સાથે અશક્ય જેવું લાગે છે પણ જેટલી સૂરતોની નમાઝમાં તિલાવત થતી હોય છે એ પણ બરાબર હોતી નથી. દારુલ ઉલૂમમાં કામ કરતા આલિમોની સમજમાં નહીં આવે, પબ્લિકમાં કામ કરતા લોકોને ખબર છે કે દીનના ઈલ્મમાં આપણી પબ્લિકની કેટલી કપરી હાલત છે. વુઝૂ અને ગુસ્લના મસાઈલનું પણ લોકોને પૂરતું જ્ઞાન નથી એવા સમયે શું કરવું જોઈએ ? મનોરંજનની સભાઓનું આયોજન કરવું જોઈએ કે પછી દીનનું જરૂરી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ ? ખુદારા ! પોતાની અને પોતાના ઔલાદની ચિંતા કરો, દીનનું જ્ઞાન પ્રાપ્ત કરો, જરૂરતનો દીન નથી આવડતો પછી દીનના જ્ઞાનની સભાઓ છોડીને અન્ય સભાઓની રજા કેવી રીતે મળી શકે છે ?!

## ★ જ્ઞાન છોડીને દરેક સભા આબાદ ★

આપણામાં એક કમી એ વાતની પણ છે કે દરેક પ્રકારની સભા આબાદ થાય છે પણ માત્ર જ્ઞાન માટે રાખવામાં આવેલી સભા આબાદ થતી નથી, અમારા ત્યાં અમુક વખત ના'તની સભા રાખવામાં આવે છે તો તેમાં ઘણા લોકો ભાગ લે છે અને ઘણા લોકો સાંભળવા બેસે છે પરંતુ મસાઈલની સભા રાખવામાં આવે છે તેમાં ખુશી થાય એટલા લોકો ભાગ લેતા નથી અને ભાગ લેવાવાળા પણ એવા લોકો હોય છે જેમની બાબત એવું લાગતું હોય છે કે આમને આ જરૂરતના મસાઈલની ખબર હશે, અને જેમની બાબત યકીન હોય છે કે આમને જરૂરતના મસાઈલની ખબર નથી તેવા લોકો સભામાં બેસતા નથી. તો માણસે પોતાના અમલો બરાબર કરવા પ્રથમ જરૂરતનું જ્ઞાન મેળવવું જોઈએ અને જ્ઞાન મળે એવી સભાઓનું વધારે આયોજન કરવું જોઈએ. અમુક વખત દિલને બહેલાવવા ના'ત અને મૌલૂદની સભાઓમાં પણ ભાગ લેવો જોઈએ પણ આપણે આપણો હેતુ ભૂલવો ન જોઈએ.

## ★ યુ.કે. (U.K.) માં મુસલમાનોની હાલત ★

અમારે ત્યાં ગમે ત્યારે કોઈ તકરીરનો પ્રોગ્રામ રાખવામાં આવે છે

સાથે ખાવાનું પણ રાખવામાં આવે છે, મેં અમારા અરાકીનને કહ્યું કે દરેક પ્રોગ્રામમાં ખાવાનું ન હોવું જોઈએ, એનાથી લોકોની નિય્યતો ખરાબ થાય છે, ઈખ્લાસ નષ્ટ થઈ જાય છે, અલ્લાહ અને દીન માટે કંઈ કરવાનું ઈચ્છા રહેતી નથી. પૂછયું એ કેવી રીતે ? તો મેં જવાબ આપ્યો પ્રોગ્રામ પછી ખાવાનું છે તેથી લોકો આવે છે, ક્યારેક ખાવાનું ન રાખવામાં આવે તો આવવાવાળો માત્ર દીનની તા'લીમ માટે તા'લીમની નિય્યતે જ આવે, ખાવાનો ખયાલ એના દિલમાં ન હોય તો તેમણે કહ્યું, મૌલાના ! એવું કરવામાં આવે તો આપણે બહારના આલિમને બોલાવીને તકરીર કરાવીએ છીએ એમાં વધારે પબ્લિક આવશે નહીં, અમુક જ લોકો આવશે. અને બહારનો માણસ આવે અને પબ્લિક વધારે ન આવે તો એ સારું ન લાગે એટલે ખાવાનું તો રાખવું જ પડે ! આપણા સુન્નીઓમાં એક આદત બની ગઈ છે એટલે એ છોડી શકાતી નથી. એક વખત મારી વાત માનીને ખાવા વિનાનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો અને કહેવામાં આવ્યું કે તકરીર પછી લંગરનો બંદોબસ્ત નથી તો તે પ્રોગ્રામમાં જે રાત દિવસ નમાઝ માટે આવે છે તે જ લોકોએ ભાગ લીધો અને બહારની પબ્લિક પણ વધારે ન આવી !

## ★ એક અફસોસની વાત ! ★

ખાવાવાળા પ્રોગ્રામમાં પણ લોકોને ખબર હોય છે કે લંગરની વહેંચણી ક્યારે થશે તો શરૂમાં ઓછી પબ્લિક હોય છે જેમ જેમ પ્રોગ્રામ પૂરો થવાનો સમય નજીક આવતો જાય છે પબ્લિક વધતી જાય છે, અને ખાતી વખતે સાંભળનારા પછી અને અંતમાં આવનારાઓ પહેલાં, મેં ઘણી વખત એ નોટીસ કર્યું કે ખાધા પછી નજીકમાં જ બીજી નમાઝોનો સમય આવે છે તો પણ ખાવાવાળા ખાયને ચાલ્યા જાય છે અને નમાઝમાં દરરોજની ગણત્રીના લોકો જ જોવા મળે છે, શું આ અફસોસની વાત નથી કે પ્રોગ્રામમાં પણ હાજર નથી, નમાઝમાં પણ હાજર નથી અને ખાવામાં હાજર છે ! ધર્મનું સઘળું છૂટયું ખાવાનું ન છૂટયું ! જ્યારે દીન અને ધર્મ બાબતે પબ્લિકમાં આટલી બધી આળસ આવી ગઈ હોય તો એવા સમયે આલિમો અને પીરોએ શું કરવું જોઈએ ? મનોરંજનની ચર્ચા કરવી જોઈએ કે પછી પબ્લિકની આળસ દૂર કરી લોકોમાં દીન અને ધર્મની વાતો પર અમલની કોશિશ કરવી જોઈએ ? જે લોકોને માત્ર દુનિયા કમાવી છે અને પોતાનાં પોકેટો ભરવાં છે એ તો દીનું વિચારવાના જ નથી, દીન તો એમની પાસે માત્ર આવકનું સાધન છે એથી વધીને દીનની કોઈ કદર





એમની પાસે નથી, એટલે અમલના મેદાનમાં લોકો સફળ થાય એવી ઉમ્મીદ એમનાથી લગાડવી મૂર્ખાઈ છે. તો હું એવા લોકો માટે દુઆ કરીશ કે અલ્લાહ તઆલા એમને તૌફીક અતા ફર્માવે. પણ હું શિખામણ આપીશ મારા એ મિત્રોને જેમના નજીક દીન અને ધર્મને ઉત્તમતા પ્રાપ્ત છે તેઓની ઈચ્છા એ હોય છે કે દીનમાં કોઈ પ્રકારનું નુકસાન ન આવવું જોઈએ તો તેવા મારા મિત્રો વર્તમાનકાળમાં આપણી કપરી હાલતને લક્ષમાં રાખી મનોરંજનની સભાઓની ચર્ચા છોડી, લોકોને એનો શોખ ન આપી, દીની જ્ઞાન માટે લોકોને તત્પર કરે. જો આમ કરવામાં આવશે તો જ આપણી કોમમાં જાગૃતી આવશે અને લોકોના દિલોમાં દીનની મહોબ્બત આવશે. અલ્લાહ તઆલા આપણને દીન માટે અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. શૈતાન તથા દુનિયાદારોની મક્કારીઓથી આપણુ રક્ષણ કરે. (આમિન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم )

## ★ ઉમૂમે બલવાનો જવાબ ★

અમુક લોકો જે ગમે તેમ કરીને પોતાની વાત મનાવવા માંગે છે અને પબ્લિક જે દીન અને ધર્મના માર્ગથી દિન પ્રતિ દિન ખસી રહી છે તેમની ઉપર કૃપા કરવાનું છોડીને તેમની સાથે ત્રાસમાં વધારો કરવામાં લાગેલા છે, તેઓ સિમાના નાજાઈઝ અને હરામ પર અમારી ખુદાના ફઝલથી આપવામાં આવેલી દલીલોનો જવાબ નથી આપી શકતા અને મને મારા રબની પાક કુદરતવાળી જાત પર ભરોસો છે કે તેઓ સહીહ જવાબ દૂરના ભવિષ્યમાં પણ આપી શકશે નહીં. તેઓ અંતે આમ કહી શકે છે કે ઈસ્લામી શરીઅતના વર્તુળમાં એક કાયદો ઉમૂમે બલવાનો છે કે કોઈ બલા એટલી સામાન્ય બની જાય કે એનાથી બચવું અસહય બની જાય તો મજબૂરીને લઈને એને જાઈઝમાં લઈ આવવામાં આવે છે તો હવે સિમાને ઉમૂમે બલવામાં લાવીને જાઈઝ કહેવામાં આવશે.

## ★ બલવાનો કાયદો ક્યારે ? કોણ લાગુ કરે ? ★

ઉમૂમે બલવાનો મતલબ એ નથી જે તમે સમજેલો છે, જો આમ ઉમૂમે બલવાવાળા કાયદાને સામાન્ય બનાવી દેવામાં આવે તો પછી દરેક ફાસિક આગળ આવીને કહેશે મૌલાના ! મને ફાસિક કહેશો નહીં ! કેમ ? તો કહેશે તમને ખબર છે જે વાતોને લઈને તમે અમને ફાસિક કહો છો તે એટલી સામાન્ય

થઈ ગઈ છે કે અમારું બચવું અસહ્ય થઈ ગયું છે. તો આમ શરીઅતમાં કોઈ વસ્તુ ન રહી જાય અને દરેક પોતાનું કામ બનાવી લે. કોઈ નાજાઈઝને ઉમૂમે બલવામાં લાવવા માટે મહાન આલિમો અને બુઝુર્ગોની એના પર એકમતી હોવી જરૂરી છે અથવા બહુમતી હોવી જરૂરી છે. જો આમ ન થાય તો માત્ર કહી દેવાથી કોઈ નાજાઈઝ ઉમૂમે બલવામાં ન પહોંચી જાય.

## ★ સિમા બલવાના લાયક નથી ★

સિમા બલવામાં જઈ શકતો જ નથી કારણ કે પૂરી દુનિયાના મુસલમાનોમાં અમુક જ લોકો છે જેઓ આ પ્રમાણેની સભાઓ કરે છે. દુનિયાના મુસલમાનોની બહુમતી આ વાતને માન્ય રાખતી નથી અને એમના ત્યાં આવી સભાઓ થતી નથી એટલે બચવા માટે એ અવશ્ય છે કે કરવાવાળાઓ એને છોડી આપે, બચી જશે. જ્યારે મુસલમાનોની બહુમતી નથી કરતી અને અમુક જ કરે છે તો એ ઉમૂમમાં ન આવ્યું દરેક જ મુસલમાન એમાં વ્યસ્ત હોતો તો એની બાબત વિચારી શકાય, પણ અમુક જ લોકો કરતા હોય તો એમાં એને છોડવું જ જરૂરી છે. સારાંશ એ કે ઉપરોક્ત કાયદાના આધારે પણ જવાઝ (જાઈઝ હોવાની)ની વાત બેકાર છે.

**સવાલ** : જેવા પહેલાંના બુઝુર્ગોમાંથી અમુક લોકો કરતા હતા તેમની જેવો જ સિમા કરવામાં આવે તો જવાઝ (જાઈઝ હોવાનો)નો હુકમ છે ?

## ★ ગયા વક્ત હાથ આતા નહીં ! ★

**જવાબ** : ગયા વક્ત હાથ આતા નહીં ! તે જમાનો સારા લોકોનો હતો વર્તમાનકાળને તેવો સમજી નથી શકાતો. તે સમયના બુઝુર્ગોની હાલત વખાણ લાયક હતી એટલે તેમના હજારો નેક અમલો સામે અમુક ખરાબી માફીમાં ચાલી જતી હતી. વર્તમાનકાળમાં શરઈ પીર બનવું જ કષ્ટદાયક છે અને શોધવું એથી અધિક કઠણ ! નથી તે સમયના પીરો જેવા પીર અને નથી તે સમયના મુરીદો જેવા મુરીદ, પછી તે જમાનાનો હુકમ વર્તમાનકાળમાં પરત કેવી રીતે આવે ?! એટલે એ પ્રમાણેનો સવાલ કરવો માત્ર કારણ શોધવા માટે છે. જ્યારે લોકો પૂર્વજો જોવા બની જશે ત્યારે સવાલ કરે. હમણા તો એમણે પૂર્વજો માફક બનાવવાની કોશિશ કરવી જોઈએ. જ્યારે જ્ઞાની જમાઅતને લાગશે તો તેવા લોકો બાબતે વિચાર કરશે.





## ★ હઝરત મુલ્લા જીવન رحمۃ اللہ علیہ નું મંતવ્ય ★

હઝરત મુલ્લા જીવન આલમગીર رحمۃ اللہ علیہ જમાનાના મહાન આલિમ અને બુઝુર્ગ હતા આપે ઘણી કિતાબો લખી છે. આપની જગ મશ્હૂર કિતાબ નૂરૂલ અન્વાર ઓસૂલે ફિકહમાં (શરીઅતના કાયદા કાનૂનના વિષયમાં) બેમિસાલ કિતાબ છે. દારુલ ઉલૂમ અને અરબી યુનિ.ઓમાં એ પઢાવવામાં આવે છે. એનાથી એ સમજી શકાય છે કે ઈલ્મમાં આપનું પદ કેવું છે. તેમણે પોતાની કિતાબ તફસીરાતે અહમદિયા, પેજ–૬૦૪ માં ઉપરોક્ત પ્રશ્નનો સુંદર જવાબ આપ્યો છે. (એમની વાત તો સદીઓ પહેલાં હિજરી સન ૧૧૩૦ ની છે, તે સમયને આપે સિમા લાયક ન સમજ્યો, ઈમામ ગિઝાલીએ એક હજાર વર્ષો પહેલાં પોતાના જમાનામાં યુવાનો માટે જાઈઝ ન જાણ્યો પછી એનાથી વર્તમાનકાળને સારી રીતે સમજી શકાય છે) ફર્માવે છે :–

આ જે અમારા જમાનામાં લોકોનો રિવાજ છે કે સિમાની સભાઓનું આયોજન કરે છે, જામ અને બાદા (ની ચર્ચા)માં વ્યસ્ત થઈ ખરાબ અને નાજાઈઝ કામો કરે છે, બદ્કાર પુરૂષો અને દાઢી વિનાના છોકરાઓને ભેગાં કરે છે ગાયકો અને કલાકારોની જમાઅતને બોલાવી ગાયનો સાંભળે છે, તો એમાં થોડી પણ શંકા નથી કે આમ કરવું એ ગુનાહે કબીરા (મોટો ગુનોહ) છે, અને એને હલાલ સમજવું સ્પષ્ટ કુફ્ર છે. અને આ પ્રમાણેનો સિમા એવા લોકો માટે લહવલ હદીષ છે. (પ્રથમ પ્રકરણમાં જુઓ)

એટલા માટે આ જમાનામાં લાયક માટે પણ એના જવાઝનો ફત્વો ન આપવો જોઈએ એટલા માટે કે જમાનાની ખરાબી એ હદે પહોંચેલી છે કે દરેક વ્યક્તિ એ દા'વો કરે છે કે હું સિમાના લાયક છું, અને એ વાત સત્ય છે કે હઝરત જુનૈદ બગદાદીએ પોતાના જમાનામાં જ સિમાથી તૌબા કરી લીધી હતી. જ્યારે કે આપ મઅરેફત અને તકવામાં ઉચ્ચતમ હતા, એટલે ઉત્તમ એ છે કે સિમાને બુરાઈઓના આક્ષેપ અને ખરાબીમાં પડી જવાથી બચાવવા માટે તદ્દન છોડી દેવામાં આવે.

## ★ હઝરત જુનૈદ બગદાદીનું મંતવ્ય ★

તફસીરે રૂહુલ મઆની, ભાગ–૬, પેજ–૪૬૭ માં અલ્લામા મહમૂદ આલૂસી ફર્માવે છે : કે અમુક લોકોએ હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ થી

નકલ કર્યું છે કે એમને અમુક લોકોએ સિમા બાબતે પૂછયું તો આપે જવાબ આપ્યો કે આ શરૂ થનાર માટે ગમુરાહી છે, અને પહોંચેલાને એની જરૂરત નથી. (આપના બીજા મંતવ્યોનો ઉલ્લેખ ચોથા પ્રકરણમાં થયો).

**સવાલ** : અમુક લોકો આમ કહે છે કે ભારતમાં ગરીબ નવાઝ આવ્યા ત્યારે ચારે દિશાએ કુફ્ર જ કુફ્ર હતું, ગરીબ નવાઝના આવવાથી ઈસ્લામનો દીપ પ્રકાશિત થયો, તો હિંદુઓમાં પહેલાંથી વાજિંત્રો સાથે ભજનનો શોખ હતો તો તેમને ઈસ્લામ તરફ કેન્દ્રિત કરવા વાજિંત્રોવાળો સિમાનો આપે આરંભ કર્યો.

## ★ વાજિંત્રોએ નહીં કરામતોએ કામ કર્યું ★

જવાબ : જેમણે પણ ઉપરોક્ત વાત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ થી સંબંધિત કરી એ આક્ષેપ છે અને હઝરતની શાનમાં ગુસ્તાખી છે. ઈતિહાસમાં આપના ઈસ્લામ ફેલાવવાનું કારણ આપની કરામતો બતાવવામાં આવી છે, જે ખોટી વાત સંબંધિત કરતો હોય તે પોતાના આખેરતના પરિણામને ધ્યાનમાં રાખે, કોઈ બજારી કિતાબમાં લખવામાં આવેલી વાત માન્ય રાખવામાં આવશે નહીં અને મેં આ કિતાબ માટે જે કોશિશો કરી છે તે એટલે જ કે ચિશ્તી બુઝુર્ગો સિમાના આક્ષેપથી પાક છે, લોકોએ પોતે કરીને પોતાના કામને સારું બતાવવા ગરીબ નવાઝ અને બીજા બુઝુર્ગો તરફ એને સંબંધિત કર્યું છે. હું મારા સુન્ની ભાઈઓ અને બહેનોને વિનંતિ કરીશ કે શરીઅત વિરૂધ્ધની કોઈ પણ વાત પૂર્વજ બુઝુર્ગો માટે કબૂલ કરશો નહીં. તારીખ અને ઈતિહાસ બીજા લોકોનો લખેલો છે તે ખોટો હોય શકે છે અને તેને ખોટો સાબિત કરી શકાય છે. અલ્લાહના વલીઓ અલ્લાહના દોસ્ત છે અમેની બાબત કોઈ આક્ષેપ ગવાહી સાથે હોય તેને પણ માન્ય રાખવામાં આવશે નહીં.

**સવાલ** : વાજિંત્રોને સિમામાં ઉપયોગ કરનાર લોકોને તમે શું ફત્વો આપશો ?

## ★ વાજિંત્રોવાળો સિમા ફિસ્ક છે ★

**જવાબ** : ઉપરોક્ત કામો કરનાર લોકો વધુ પડતા બેનમાઝી અને દીનની ઘણી બધી ખરાબીઓથી પ્રથમથી જ ફાસિક હોય છે એટલે એમના માટે ફાસિકથી વધીને બીજું શું કહી શકાય છે ? અમે કુર્આન, હદીષ, ફિકહ





અને મહાન આલિમો અને સૂફીઓનાં મંતવ્યોથી એ સાબિત કરી આપ્યું કે વાજિંત્રોનો ઉપયોગ હરામ છે. તો પછી હરામ કામથી તૌબા ન કરી એમાં વ્યસ્ત રહેનાર અમારા નજીક ફાસિક છે, એને કબૂલવામાં આવશે નહીં.

**સવાલ** : જે લોકો આ પ્રમાણેનાં કામો કરીને દુનિયાથી ચાલ્યા ગયા તેમને તમે શું કહેશો ?

## ★ અવસાન પામેલા માટે ચૂપ રહો ★

**જવાબ** : હું તમને વારંવાર કહી ગયો કે દુનિયાથી ચાલ્યા ગયા લોકો માટે અમે કંઈ કહીશું નહીં. એમને માટે બુરાઈ કરવાથી અમને મનાઈ કરવામાં આવી છે. અમારી ચર્ચા જીવંત લોકો જેઓ દુનિયાના દારુલ અમલમાં છે તેમના માટે છે. જો અમને રજા આપવામાં આવી હોતે કે મરણ પામી ગયા પછી પણ મુસલમાનની બુરાઈ કરી શકાય તો અમે એ પણ કરી જ લેતા, પણ અમારા નબીએ એનાથી મનાઈ કરેલી છે એટલે અમે એમાં કંઈ કહીશું નહીં. પણ જો તમે એ પૂછવા માંગતા હોય કે વાજિંત્રો સાથે ઈસ્લામી સભાનો હુકમ શું છે ? તો અમે કહી આપ્યું કે કામ ગુનાહનું છે અને ફિસ્ક છે, કરનાર ફાસિક ઠરશે.

## ★ વાજિંત્રોનો અવાજ નફ્સનો ખોરાક છે ★

અમુક લોકોનું કહેવું એવું છે કે વાજિંત્રોથી રૂહ ખુશ થાય છે અને વાજિંત્રો રૂહનો ખોરાક છે. રૂહમાં જેટલી અધિક શક્તિ આવે એટલી રૂહ અલ્લાહની બારગાહમાં નમતી જાય છે એટલે રૂહના ખોરાકથી કોઈને રોકવું ન જોઈએ ? જે લોકો વાજિંત્રોવાળા સિમાથી મનાઈ કરે છે તે લોકો રૂહના ખોરાકથી રોકવાની કોશિશ કરે છે, એટલે એમણે આ પ્રમાણે ન કરવું જોઈએ.

**જવાબ** : વાજિંત્રોને રૂહનો ખોરાક કહેવું ખોટું છે, રૂહનો ખોરાક કહેવાવાળાએ એ સાબિત કરવાની જરૂરત છે કે એ રૂહનો ખોરાક કેવી રીતે છે ? એઓ એવું કહી શકે છે પણ સાબિત નથી કરી શકતા ! એ નફ્સનો ખોરાક છે, એ અમારો દા'વો છે અને અમે તમને દલીલોથી સાબિત કરી બતાવીશું કે એ નફ્સનો જ ખોરાક છે, પછી તો તમારે માનવું જ પડશે કે એ નફ્સનો ખોરાક છે અને કબૂલ ન હોય તો જવાબ આપશો ફરીથી તેના પર ચર્ચા કરવામાં આવશે. (ઈન્શાઅલ્લાહુ તઆલા)

## ★ રૂહની વાસ્તવિકતા ઈલ્મે ગયબ છે ★

રૂહની વાસ્તવિકતાનું ઈલ્મ આપણને આપવામાં આવ્યું નથી એટલે એ વિષે વધારે ઉલ્લેખની જરૂરત નથી. ત્યાંથી એનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે અને નફ્સ એક અલગથી ચીજ છે, જેનો સ્વીકાર સર્વ આલિમો અને બુઝુર્ગોએ કરેલો છે એટલે એના પર ચર્ચાની જરૂરત નથી.

✪ કુર્આનમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

إِنَّ النَّفْسَ لَأَمَّارَةٌ بِالسُّوءِ

"બેશક ! નફ્સ બુરાઈનો ઘણો જ હુકમ કરનાર છે."

✪ રૂહ બાબતે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

الرُّوحُ مِنْ أَمْرِ رَبِّي

"રૂહ મારા રબના હુકમમાંથી છે."

ઉપરોક્ત બે આયતોથી એ સ્પષ્ટ થયું કે નફ્સની વાસ્તવિક્તામાં ખરાબી કબૂલવાની શક્તિ વધારે છે અને રૂહ અલ્લાહનો અમ્ર છે એમાં નેકીઓ કબૂલવાની શક્તિ વધારે છે. તો આ આયતોથી એ પણ ખુલાસો થઈ ગયો કે નફ્સ અને રૂહ એક નથી બંને અલગ અલગ છે.

## ★ માણસમાં બે રૂહો ★

રૂહ દરેક જીવંતમાં છે અને દરેક જીવંત રૂહથી જ જીવંત છે. પણ એટલું તો સર્વને માનવું પડશે કે દરેકની રૂહ એક પ્રકારની નથી, પ્રાણીઓની રૂહ અને માણસની રૂહમાં તફાવત છે, માણસ અલ્લાહની મખ્લૂકમાં ઉત્તમ છે, પ્રાણીઓને તો અલ્લાહ તઆલાએ માણસની જરૂરતો માટે પેદા ફર્માવ્યા છે. જેનો ફરક આમ કરવામાં આવે છે. એક તબઈ રૂહ જે જીવંતમાં હોય છે એમાં પ્રાણી અને માણસ બંને એક છે. ખાવું, પીવું, સૂવું, જાગવું વગેરે ઈચ્છાઓમાં માણસ પ્રાણી અને પ્રાણી એક જેવો છે. જેને ઈસ્લામી પરિભાષામાં નફ્સ કહેવામાં આવે છે. નફ્સ પ્રાણીઓ પાસે પણ છે અને નફ્સ માણસ પાસે પણ છે. બીજી રૂહ રૂહે મલકૂતી છે. અને આ રૂહે મલકૂતીને લઈને માણસ અલ્લાહની બારગાહમાં ઉત્તમ છે.





✪ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَقَدْ كَرَّمْنَا بَنِي آدَمَ

"જરૂર અમે આદમની નસલને ઈજ્જત આપી."

✪ કાફિરો બાબત અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

أُولَٰئِكَ كَالْأَنْعَامِ بَلْ هُمْ أَضَلُّ

"તેઓ પ્રાણીઓ જેવા છે બલ્કે તેમનાથી પણ અધિક માર્ગ વિનાના !"

આમ એટલા માટે જ ફર્માવવામાં આવ્યું કે તેમણે પોતાની રૂહ અને પ્રાણ જે નફ્સથી ખસીને છે તેનો તદન ઉપયોગ ન કર્યો અને તેઓ વાસનાઓ પૂરી કરવામાં પ્રાણીઓથી પણ આગળ નીકળી ગયા.

## ★ હઝરત વલીયુલ્લાહનું મંતવ્ય ★

હઝરત શાહ વલીયુલ્લાહ સાહેબ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ "હુજ્જતુલ્લાહિલ બાલિગા"માં ભાગ–૧, પેજ–૨૦ પર લખે છે :–

ખુદા તઆલાએ પોતાની પ્રકાશિત હિકમતને લઈને માણસને બે પ્રકારની શક્તિ આપી છે. એક ફરિશ્તાવાળી શક્તિ જે આ રૂહથી પેદા થાય છે, જે માત્ર માણસ માટે છે. અને તે પોતાનું ફયઝ તબઈ રૂહ (નફ્સ)ને આપે છે જે પૂરા શરીરમાં પ્રવેશેલી છે, અને તબઈ રૂહ (નફ્સ) એનો ફયઝ કબૂલી પરાજિત થાય છે.

બીજી શક્તિ જાનવરવાળી શક્તિ છે જે પ્રાણીવાળા નફ્સથી પેદા થાય છે અને સઘળા જાનવરોમાં આવે છે અને તબઈ રૂહમાં આવે છે તે સઘળી શક્તિઓ એમાં હોય છે. એ આઝાદ છે અને ઈન્સાની રૂહ એનો હુકમ માની લે છે.

પછી એ જાણવું જોઈએ કે એ બંને શક્તિઓમાં પરસ્પર ઝઘડો છે અને દરેકની ઈચ્છા અલગ છે. ફરિશ્તાવાળી શક્તિ બુલંદી તરફ ખેંચે છે અને પ્રાણીવાળી શક્તિ નીચે તરફ લઈ આવે છે. જ્યારે પ્રાણીઓવાળી શક્તિ જાહેર થાય છે અને એનો અસર જોર પકડે છે તો ફરિશ્તાવાળી શક્તિ થાય છે અને જ્યારે ફરિશ્તાવાળી શક્તિનો અસર સશક્ત થાય છે તો પ્રાણીઓવાળી શક્તિ પરાજિત થાય છે.

## ★ શાહ સાહેબના કલામનો ખુલાસો ★

માણસમાં બે પ્રકારની શક્તિઓ છે : એક ફરિશ્તાવળી જેનું કામ અલ્લાહ અને રસૂલના ફર્માન પર ચાલવાનું અને એમાં જ પોતાનું દિલ લગાડવાનું છે. બીજી શક્તિ પ્રાણીઓવાળી જેનું કામ દુનિયાની જરૂરતો પૂરી કરવાનું અને વાસનાઓ પર ચાલવાનું છે. અને ફરિશ્તાવાળી શક્તિ અલ્લાહ તઆલાએ માણસને જ આપી છે પ્રાણીઓને એનો ભાગ આપવામાં આવ્યો નથી.

## ★ ફરિશ્તાવાળી શક્તિ ★

ફરિશ્તાવાળી શક્તિનું કામ શું છે એનો ઉલ્લેખ કુર્આનમાં છે :–

لا يعصون الله ما امرهم ويفعلون ما يؤمرون

અલ્લાહની નાફર્માની નથી કરતાં એના ફર્માનમાં અને તેઓ કરે છે જે એમને હુકમ આપવામાં આવે છે.

ઉપરોક્ત આયતથી સ્પષ્ટ થયું કે જ્યારે ફરિશ્તાઓ રબનું ફર્માન છોડીને બીજું નથી કરી શકતા અને રબના ફર્માન પર જ અમલ કરે છે તો માણસની પવિત્ર રૂહ જેને ફરિશ્તાવાળી શક્તિ આપવામાં આવી છે એ પણ માણસને રબના ફર્માન સાથે રાખે છે એનાથી ખસવા નથી દેતી. અને પ્રાણીઓવાળી શક્તિનો મતલબ મનેચ્છાઓ પર ચાલવું છે જેનો આયતથી ઉલ્લેખ કરી દેવામાં આવ્યો.

## ★ વાજિંત્રોની અસર પ્રાણીઓમાં પણ ★

જ્યારે એ સ્પષ્ટ થયું કે ફરિશ્તાવાળી શક્તિની પવિત્ર રૂહ માણસને જ આપવામાં આવી છે જાનવરોને આપવામાં નથી આવી તો પછી જો કોઈ વ્યક્તિ એવું કહે કે વાજિંત્રોનો અવાજ રૂહનો ખોરાક છે એ માન્ય નથી, કારણ કે રૂહનો ખોરાક હોય તો પછી એનો અસર માણસને જ થવો જોઈએ, પ્રાણીઓમાં એનો અસર ન આવવો જોઈએ, જ્યારે કે વાજિંત્રોના અવાજનો અસર પ્રાણીઓને પણ થાય છે. રાગ સાંભળીને ઊંટ કૂદવા લાગે છે, ચાલતું હોય તો એની ચાલમાં વધારો થઈ જાય છે, સાપ અને નાગ વાંસળીનો અવાજ સાંભળીને ડોલવા લાગે છે. આ બધી અનુભવની વાતો છે. લોકોને પોતાના માહોલમાં રહીને આ પ્રમાણેની સામાન્ય વાતોનું જ્ઞાન હોય છે. સ્પષ્ટ થયું કે વાજિંત્રોનો અવાજ રૂહનો ખોરાક નથી, જો આમ હોત તો પ્રાણીઓને એનો અસર ન થતો. એ નફ્સનો





ખોરાક છે અને એનાથી નફ્સને મજા આવે છે અને એ ફાયદો પ્રાપ્ત કરે છે.

## ★ હાફિઝ ઈબ્ને કય્યિમનું મંતવ્ય ★

મદારિજુસ્સાલાકીન, ભાગ–૧, પેજ–૪૯૯ માં છે : જે વસ્તુ ગાયન અને વાજિંત્રો સાંભળીને જોશમાં આવે, મસ્તી અને લિજ્જત પ્રાપ્ત કરે તે પ્રાણીવાળો નફ્સ છે, ઈન્સાની નફ્સ નહીં. ઈલ્મવાળાઓ આ દાવાના પુરાવા પર પશુ, પક્ષીઓના રાગ, સંગીત અને હદી સાંભળવા પર મસ્ત થવાથી દલીલ લાવે છે.

એટલે કે ઈન્સાની નફ્સ જેને રૂહ મલકૂતી કહેવામાં આવે છે તે માત્ર માણસ પાસે છે, પશુ, પક્ષીઓને એનો કોઈ ભાગ આપવામાં આવ્યો નથી, પછી સંગીતથી માણસ જોશમાં આવે અને સંગીતથી પશુ, પક્ષીઓ મસ્તીમાં આવે તો સંગીત એવી વસ્તુ પર અસર કરી રહ્યું છે જે પશુ, પક્ષીઓ અને માણસો સર્વને આપવામાં આવી છે, અને તે નફ્સ છે. તો સ્પષ્ટ થયું કે નફ્સ વાજિંત્રોના અવાજથી ખોરાક મેળવે છે, રૂહનો ખોરાક એ નથી. તેને અલ્લાહ તઆલાએ આ પ્રમાણે ફર્માવ્યું :–

الا بذكر الله تطمئن القلوب

"હોશિયાર ! અલ્લાહની યાદથી દિલો જરૂરથી આનંદ મેળવે છે."

મતલબ એ કે જેમના વજૂદમાં રૂહે મલકૂતી નફ્સને પરાજિત કરે છે અને નફ્સની મનમાનીને ત્યજી અલ્લાહને ફર્માન અને એની યાદને જ પોતાના જીવનનો હેતુ સમજે છે, તો તેમની રૂહ અને નફ્સને આગળ આવવા દેતી નથી. તેને અલ્લાહની યાદમાં રહેવું પસંદ આવે છે.

## ★ દરેક સારું ખોરાક ન બને ★

મુસલમાન ઈમાન લાવીને અલ્લાહ અને રસૂલની મરજી મુજબ રહેવાનો વાયદો કરતો હોય છે અને અલ્લાહ તઆલાનું ફર્માન પણ એ જ છે કે :–

الله ورسوله احق ان يرضوه

"અલ્લાહ અને રસૂલ વધારે હક્ક ધરાવે છે કે એમને ખુશ રાખવામાં આવે."

અલ્લાહ તઆલાએ મુસલમાનો માટે શરીઅતનું વર્તુળ એટલે જ બનાવ્યું કે સાચો મુસલમાન તે વર્તુળથી બહાર ન જાય, શરીઅતના વર્તુળથી

બહાર જનાર પોતાના વાયદાની વિરોધમાં કદમ ઉઠાવી રહ્યો છે, અને એવા વ્યક્તિને અલ્લાહ તઆલા પસંદ કરતો નથી.

وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ

"જે અલ્લાહની હદોથી આગળ જાય તો તેઓ જ ત્રાસવાદી છે."

## ★ શરીઅતથી શું પુરવાર થાય છે ? ★

શરીઅતની પાબંદી અને શરીઅતની રોકથી એ સ્પષ્ટ થાય છે કે આપણી ઈચ્છાઓ અને આપણે ચાહતો પર ધર્મની બુન્યાદ નથી, ધર્મની બુન્યાદ અલ્લાહ અને રસૂલની ચાહત અને એમની મરજી પર છે. પછી કોઈનું એવું કહેવું કે મને આ સારું લાગે છે અને મને તે સારું લાગે છે, ઈસ્લામમાં સારું થવાની દલીલ નથી. જ્યારે એ હદીષોથી સાબિત કરી દેવામાં આવ્યું અને આલિમો અને સંતોની બહુમતીથી સ્પષ્ટ થયું કે વાજિંત્રો ઈસ્લામી શરીઅતની હદથી બહાર છે. તો પછી એને કહેવું કે એ રૂહનો ખોરાક છે એ ખોટું છે. અને હોય તો પણ શું હરામને ખોરાક બનાવવાની રજા ક્યાં છે ?

## ★ કાફિરનો અમલ ★

અલ્લાહ તઆલા સૂરએ મુહમ્મદમાં ફર્માવે છે :–

وَالَّذِيْنَ كَفَرُوْا يَتَمَتَّعُوْنَ وَيَاْكُلُوْنَ
كَمَا تَاْكُلُ الْاَنْعَامُ وَالنَّارُ مَثْوًى لَّهُمْ

"અને જેમણે કુફ્ર કર્યું આનંદ લે છે અને ખાય છે જાનવરો માફક (દોઝખની) આગ તેમનું ઠેકાણું છે."

જાનવર અને પ્રાણીને હલાલ હરામથી કોઈ મતલબ હોતો નથી અને યોગ્ય લાગે તે ખાયને પોતાનું જીવન વિતાવે અને કાફિર જ્યારે અલ્લાહ અને રસૂલને સાચા તરીકાથી માનતો નથી તો એ પણ જે ભાવે તે ખાય અને મુસલમાન પણ એવો બની જાય તો પછી કાફિર અને મુસલમાનમાં અમલી તફાવત ક્યો ? સ્પષ્ટ થયું કે જે સારું લાગે તે જ ખોરક નથી, ઈસ્લામ જેની રજા આપે તે ખોરાક છે.

## ★ શું આત્માને શાંતિ ન આપી શકાય ?! ★

ઈસ્લામમાં જરૂરતથી અધિક સખ્તી કરવામાં નથી આવી અને એટલી





છૂટ પણ આપવામાં નથી આવી કે માણસ માર્ગથી તદ્દન ખસી જાય, આપણને આપવામાં આવેલો ઈસ્લામ વચગાળાનો છે, જેનાથી આપણને શારીરિક ફાયદો મળે છે તેવી વાતની છૂટ આપવામાં આવે છે અને જે કામો આપણા ભાવિને પ્રથમ દરજામાં અથવા પરિણામના આધારે નુકસાન પહોંચાડી શકે એવી વાતોથી આપણને મનાઈ કરવામાં આવી.

જામેઅ સગીર, ભાગ–૧, પેજ–૬૨ નબીએ પાકે صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે :–

اَلْهُوْا وَالْعَبُوْا فَاِنِّیْ اَكْرَهُ اَنْ يُّرٰى فِیْ دِيْنِكُمْ غِلْظَةٌ

"રમત ગમત કરો હું એ પસંદ નથી કરતો કે તમારા દીનમાં સખ્તી જોવા મળે."

જામેઅ સગીર, ભાગ–૨, પેજ–૨૫ માં સરવરે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે :–

رَوِّحُوا الْقُلُوْبَ سَاعَةً فَسَاعَةً

"પોતાના દિલોને થોડા થોડા સમયે ખુશ કરો."

ઉપરોક્ત બે હદીષોથી એ જાણવા મળ્યું કે આપણને મસ્તી મજાક અને રમત ગમતથી તદ્દન મનાઈ કરવામાં નથી આવી, તો જે આપણને શારીરિક ફાયદો પહોંચાડે, જેનાથી યુદ્ધમાં મદદ મળે, જેનાથી દુશ્મનને ઝેર કરી શકાય, જેનાથી માણસની શક્તિમાં વધારો થાય તો એની જો બીજી કોઈ ખરાબી સાથે કરવામાં ન આવે તો એની રજા આપવામાં આવી છે પણ એનો મતલબ એ નથી કે તમને જે યોગ્ય લાગે તેનાથી ફાયદો ઉઠાવી લેવો અને તમને જે સારું લાગે તે સાંભળી લેવું, બલ્કે તેમાં પણ શરઈ કાયદાને જોવામાં આવશે, જે કામોથી નબીએ સ્પષ્ટ શબ્દોમાં મનાઈ કરી તે મનાઈના હુકમમાં જ રહેશે અને તેનાથી ફાયદો જાઈઝ ઠરશે નહીં. અને જેનાથી હુઝૂરે મનાઈ ન કરી હોય પણ ઓલમાની બહુમતી એનું નુકસાન અને ખોટું પરિણામ જોઈને એને નાજાઈઝ કરે તો એમાં પણ મનાઈને જ ઉત્તમતા આપવામાં આવશે. અને જેનાથી મનાઈ કરવામાં ન આવી હોય પણ તેમાં સ્પષ્ટ નુકસાન જોવા મળતું હોય તો તેવા નુકસાનને લક્ષમાં રાખી નાજાઈઝમાં જશે. જેમ કે હુઝૂરે આપણને રમત ગમતની રજા આપી અને પોતાની બીજી હદીષમાં આપે ફર્માવ્યું, મુસ્તદરક કિતાબુલ જિહાદ, ભાગ–૨, પેજ–૯૫ كُلُّ شَیْءٍ مِّنْ لَّهْوِ الدُّنْيَا بَاطِلٌ اِلَّا ثَلَاثَةٌ દુનિયાની દરેક રમત બેકાર છે પણ ત્રણ : એક તો તીર કમાનથી રમવું, પોતાના ઘોડાને શિખવવું, પોતાની પત્ની

સાથે રમવું. જે લોકો આમ કહે છે કે દરેક પ્રકારની રમત ગમત હરામ છે અને રમત ગમતની નિય્યતે વાજિંત્રોનો ઉપયોગ હરામ છે તો એ ખોટું છે. રમત ગમતને બેકાર કહેવામાં આવ્યું છે અને જે હદીષોમાં હરામનો શબ્દ છે તેનો ભાવાર્થ પણ ફકીહોએ "બાતિલ" એટલે "બેકાર" બતાવ્યો છે. જેમ કે અલ્‌મલફૂઝમાં આ'લા હઝરતે વર્ણન ફર્માવ્યું છે :– તો જેઓ રમત ગમતની નિય્યતે વાજિંત્રોને હરામ કહી જે હદીષો પણ શરત વિના વાજિંત્રોનું હરામ હોવું સાબિત કરે છે એનો ઈન્કાર કરે છે. તો તેમનું હદીષોને ભૂલીને રમત ગમતની નિય્યતે હરામ કહેવું ખોટું છે. વાજિંત્રો રમત ગમતને લઈને નહીં નબીએ પાકના ફર્માનને લઈને હરામ છે.

## ★ અંતિમ શબ્દ ★

અંતિમ શબ્દોમાં એ કે લોકોને આટલું બતાવવા છતાં પણ એમની સમજમાં ન આવતું હોય તો પછી દુનિયામાં ઘણા ધર્મો છે અને ઘણી માન્યાતાના લોકો છે તેમને બતાવવા છતાં નથી માનતા તો પછી શું કરવું ? તો પછી જેની સમજમાં આવી ગયું તે એના પર અમલ કરે અને જે ન માને અને પોતાની હઠ પર રહે તેને તેના પર હાલ છોડી આપે. બંદાઓનું ઓળખપત્ર કુર્આને આપ્યું છે : وَ اِذَا خَاطَبَهُمُ الْجَاهِلُوْنَ قَالُوْا سَلَامًا જયારે તેઓ જાહિલો અને અજ્ઞાની લોકોને સબંધો છે તો કહે છે સલામ. એટલે કે એમનાથી ચર્ચા કરવામાં ફાયદો નથી. એટલે હું દીનથી આ વાતો સ્વીકારને મારા તરફથી એ શિખામણ આપીશ કે જ્યાં કહેવા જેવું હોય ત્યાં કહે, નહીં તો પોતે બચે, એ એના માટે બસ છે.

## ★ મારો હેતુ ★

આ લખાણથી મારો હેતુ માત્ર એ છે કે બાતિલ અકીદાના લોકો કહે છે કે બરેલ્વી એવા લોકોને કહે છે જે બિદઅતો પર રહી એને જ પોતાનો ધર્મ સમજે છે, તો મારું લખાણ એમને એ બતાવશે કે બરેલ્વિયતને બદનામ કરવી ખોટી છે, અમુક નાસમજોનું કોઈ કામ હોય તો તેનાથી આખા મસ્લકની બુરાઈ કરવામાં ન આવે. અલ્લાહ તઆલા આપણને અમલની તૌફીક અતા ફર્માવે. *આમીન*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ-૬)

# ગૈરખુદાને સિજદો જાઈઝ સમજીને કરવો નિ:શંક કુફ્ર છે !

نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ سَيِّدِ الْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ اَجْمَعِيْنَ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ لَا يَاْمُرَكُمْ اَنْ تَتَّخِذُوا الْمَلٰٓئِكَةَ وَالنَّبِيّٖنَ اَرْبَابًا اَيَاْمُرُكُمْ بِالْكُفْرِ بَعْدَ اِذْ اَنْتُمْ مُسْلِمُوْنَ صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ عَلَيْكَ تَعَالٰى وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالٰی علیہ وسلم ના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! મ્યુઝિક અને વાજિંત્રોના હરામ હોવા પર અને સિમાના નામથી થતી સભાઓની ખરાબીઓ પર મેં તમારી ખિદમતમાં પાંચ પ્રકરણ રજુ કર્યાં. દશમા ભાગનું આ છઠ્ઠુ અને અંતિમ પ્રકરણ છે, **"ગૈરખુદાને સિજદો શરીઅતના પ્રકાશમાં"**

## ★ અંતિમ પ્રકરણનો હેતુ ★

જેમ ઈસ્લામના નામથી અને સવાબના નામથી થતી સિમાની સભાઓમાં ખરાબીઓ પ્રવેશતાં જહાલતને લઈને મ્યુઝિક અને સંગીતને (મઆઝલ્લાહ !) ઈસ્લામી સભાનો અને સવાબનો એક ભાગ સમજી લેવામાં

આવ્યો, એ જ પ્રમાણે એ સભામાં એક ખરાબી અને ઘણી જ મોટી ખરાબી ગૈરખુદાને સિજદો કરવો છે. તો મને એ જરૂરી લાગ્યું કે હું એનો પણ શરઈ હુકમ તમારી ખિદમતમાં રજુ કરી આપું, નાસમજને સમજ મળે, અજ્ઞાનીને જ્ઞાન મળે, ખરાબ કરનારને શિખામણ મળે, અલ્લાહની બારગાહમાં મારી જવાબદારી પૂરી થાય, બરેલ્વિયત પર આક્ષેપ રાખનારને સુન્નિયતનો સત્ય માર્ગ મળે.

## ★ બરેલ્વિયત અને જહાલત ?! ★

બરેલ્વિયત સાચી સુન્નિયત છે, જે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ની કિતાબોથી સ્પષ્ટ છે. પણ બાતિલ અકીદાના લોકો ક્યારે પણ બરેલ્વિયતને કિતાબોથી નથી માનતા, તેઓ જાહિલોના કામોથી માને છે, એ તેમની નાઈન્સાફી અને અન્યાય છે.

## ★ ગૈરમુસ્લિમોનો આક્ષેપ ★

વર્તમાનકાળમાં સમગ્ર જગતમાં મુસલમાનો વિરોધમાં હવા ચલાવવામાં આવી છે અને એના પુરાવામાં અમુક મુસલમાનો જે પોતાના ફાયદા માટે અથવા પોતાના થયેલ નુકસાનના ક્રોધમાં કોઈ ખરાબ કામ કરે છે તેને રજુ કરે છે અને પછી માત્ર મુસલમાનોને નહીં ઈસ્લામને બદનામ કરે છે. તો શું મુસલમાન જે કંઈ કરે છે તે ઈસ્લામ છે કે પછી કુર્આન અને હદીષમાં જે બતાવવામાં આવ્યું છે તે ઈસ્લામ છે ? જરૂરથી કુર્આન અને હદીષમાં બતાવવામાં આવેલો ઈસ્લામ ઈસ્લામ છે. પણ દુશ્મનનું કામ ન્યાય માટે નથી હોતું, દુશ્મનનું કામ પોતાના દુશ્મનને બદનામ કરવાનું હોય છે. જેમ ગૈરમુસ્લિમોનો આક્ષેપ ખોટો છે એવી જ રીતે બાતિલ અકીદાના લોકોનો બરેલ્વીઓ પર આક્ષેપ ખોટો છે ન્યાયથી વિમુખ છે.

## ★ આપણે શું કરવું ?! ★

દુશ્મન કોઈ ખરાબી બતાવે છે તો એ એટલા માટે નથી હોતું કે એ પોતાના વિરોધીને શિખામણ આપવા માંગે છે અથવા એને સત્ય માર્ગ પર લાવવા ઈચ્છે છે બલ્કે એનો મકસદ અને હેતુ પોતાના દુશ્મનને બદનામ કરી પોતાની દુકાન ચલાવવાનો હોય છે.





એનો મકસદ અને હેતુ ગમે તે હોય પણ આપણે શું કરવું જોઈએ ?! હોશિયાર વ્યક્તિ એ જુએ છે કે દુશ્મન જે કહી રહ્યો છે તે ખરાબી મારી અંદર છે ?! જો હોય તો એ એને સુધારી લે છે અને ભવિષ્યમાં એ ખરાબી પર બોલાવવાનો મોકો આપતો નથી, તો જો કોઈ બાતિલ અકીદાનો એવી ખરાબીનું વર્ણન કરે જે આપણામાં છે તો આપણે તેનાથી તૌબા કરી સત્ય માર્ગ પર આવી જવું જોઈએ એ આપણો ઈન્સાફ અને ન્યાય છે. અને આપણામાંથી જેઓ ખરાબીથી દૂર છે તેમણે બીજા ભાઈઓ અને બહેનોને સત્ય માર્ગ બતાવવો જોઈએ અને ન માને તો એવા લોકોથી અલગ રહેવું જોઈએ.

## ★ ખરાબી આવી કેમ ?! ★

પબ્લિક પબ્લિકની જગાએ છે તેઓ પોત પોતાને બચાવી લે તો પણ વખાણ લાયક છે પણ મૌલ્વી અને પીર માત્ર પોતે બચીને પોતાની જવાબદારીથી મુક્ત થઈ શકતા નથી. તેઓ પબ્લિકના માર્ગદર્શક છે, તેમણે લોકોને ખરાબીઓથી વાકેફ કરવા જોઈએ. પ્રેમ અને મહોબ્બતથી શિખામણ આપવી જોઈએ, જરૂરત પડે કડકાઈથી કામ લેવું જોઈએ. રક્ષકે રક્ષક જ રહેવું જોઈએ, ભક્ષક ન બનવું જોઈએ. જે કૌમનો રક્ષક સાવધાન હોય તે કૌમમાં ખરાબી આવી શકતી નથી. પરંતુ જોવા જઈએ તો આપણામાં અમલની અને ખરાબ બિદઅતની ઘણી બધી ખરાબીઓ છે, અને તેઓ પૈકી એકમાં પણ સુધારો થતો નથી બલ્કે દિન પ્રતિ દિન નવી નવી ખરાબીઓ આવતી જાય છે, શું પછી આપણને એ કહેવાનો હક્ક છે કે આપણો રક્ષક સવાધાન છે ?!

## ★ ખાનકાહ અને મઝાર ★

એક જમાનો હતો જેમાં મુલ્લાનો શબ્દ ટોચના આલિમને આપવામાં આવતો હતો, જેમ કે મુલ્લા અલી કારી વગેરે, પણ થોડો થોડો કરીને આ શબ્દ એટલો બદ્નામ કરી દેવામાં આવ્યો કે જો હવે કોઈ આલિમને મુલ્લા કહી દેવામાં આવે તો આલિમ સાહેબના ક્રોધનો પાર ન રહે ! તેને બેઅદબ, ગુસ્તાખ, કંઈથી કંઈ કહી આપે. તો જેમ મુલ્લાનો શબ્દ ટોચના આલિમને આપવામાં આવતો હતો તે આજે નાનો માણસ પણ એને કબૂલવા તૈયાર નથી, એ જ

પ્રમાણે ખાનકાહનો શબ્દ ઘણો જ પ્યારો છે, બુઝુર્ગો જ્યાં રહીને દીનનું કામ કરતા, લોકોને દુનિયાદારીથી દીનદારીમાં લાવતા, દિલોની સફાઈ કરી એમને ખુદાની બારગાહથી નિકટ કરતા, પણ વર્તમાકાળમાં એ શબ્દ એટલો ખરાબ થઈ ગયો છે કે જો કોઈ મારા ઘરને ખાનકાહનું નામ આપે તો હું પોતે એ શબ્દને મારા ઘર માટે પણ કબૂલીશ નહીં. અમુક ખાનકાહો સારી પણ હશે, પરંતુ હુકમ અમુકને લઈને લગાડવામાં નથી આવતો, બહુમતીને જોઈને લગાડવામાં આવે છે. શરીઅતના વર્તુળમાં જે સારું તે સારું અને જે ખરાબ તે ખરાબ, પોતે કહી આપવાથી ન સારું બને ન ખરાબ બને !

## ★ તોહફાએ નજાત (ભાગ–૯) નો સહારો લો ★

મઝારો પર થતી ખરાબીઓનો ઉલ્લેખ તો તોહફાએ નજાત ભાગ–૯ માં થઈ ગયો એટલે એને ફરી લખવાની જરૂરત નથી. તોહફાએ નજાત (ભાગ–૧૦) નો સંબંધ ખાનકાહોથી છે, જેમાં વિવિધ પ્રકારની ખરાબીઓ થઈ રહી છે અને એ ખરાબીઓને દીન અને ધર્મ સમજી લેવામાં આવે છે. એટલું જ નહીં જો કોઈ એમની ખરાબી બતાવી સુધારો કરવાની માંગ કરે તો તેની સાથે ઝઘડો કરે, અને બદ્અકીદા, ગુસ્તાખનો લકબ તરત જ આપી દેવામાં આવે, જે ખાનકાહોમાં લોકોની ખરાબીઓ સુધારી અલ્લાહના બનાવવામાં આવતું હતું, હવે એમાં ખરાબીઓને સુધારવાનો શબ્દ બોલવો પણ ગુનોહ થઈ ગયો !

## ★ અસલિયત નષ્ટ થઈ ગઈ ★

ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**કુમ્બિઈઝનિલ્લાહ જો કહતે થે ચલ બસે**
**ખાનકાહોંમેં મુજાવર રહ ગએ યા ગોરકન**

*(ગોરકન = કબર ખોદનારા)*

એટલે કે દરેક વસ્તુમાંથી અસલિયત નષ્ટ થઈ ગઈ, નામ હોય કંઈ અને વસ્તુ હોય કંઈ ! ચીજ વસ્તુઓમાં કોપી વધારે થવા લાગી, પણ એ કોપી દુનિયા સુધી ન રહી દીન અને ધર્મ સુધ્ધાંને લપેટમાં લઈ લીધો, ધર્મની વસ્તુઓમાં પણ અસલિયત શોધવી હોય તો મુશ્કેલ થઈ પડે. નામ રક્ષક અને કામ ભક્ષકનું ! (ખુદાની પનાહ !)





## ★ આલિમ અને ખોટો ઉલ્લેખ ★

એક આલિમે દીન પર જો કોઈ દુનિયાનો અંકુશ આવી જાય તો દીન એક બાજુએ રહી જાય, અને જનાબે આલી ક્યાંથી ક્યાં નીકળી જાય ! જેમ કે ઈસ્લામી ઈતિહાસનું વાંચન કરો તો તેમને જાણવા મળશે જેમને લોકો માર્ગદર્શક સમજતા હતા, તેઓમાં કેટલા એવા થઈ ગયા જેમણે દુનિયાના રંગોમાં રંગાવા માટે દીન અને ધર્મનો કોઈ ખ્યાલ ન રાખ્યો અને દીનને મોટુ નુકસાન પહોંચાડયું, જો મને સમય મળશે તો "મૌલ્વી અને પીર શરીઅતના પ્રકાશમાં" તોહફાએ નજાતનો એક ભાગ અલગથી પ્રકાશિત કરાવીશ કે મારા મુસલમાન ભાઈ બહેનો માટે એ તોહફો સત્ય માર્ગદર્શક અને સંપૂર્ણ દસ્તાવેઝ બની જાય.

આ તો હું તમને એક આલિમના કરેલ ખોટા ઉલ્લેખ બાબત બતાવવા ઈચ્છું છું. જે આલિમની પોતાની કોઈ ખાનકાહ ન હોય તેને ખાનકાહને ચલાવવાની જરૂરત નથી પણ આજે મસ્જિદોમાં શી આવક ?! અને કામ કરનારને કેટલું આપવામાં આવે ? માલનો જથ્થો જોઈતો હોય તો ખાનકાહનો શબ્દો ચોરાવી લેવાનો અને ધંધો ચાલુ કરી દેવાનો ! જે લોકો વર્ષોમાં નહીં કરી શકે તે તમે મહીનામાં કરી લેશો ! પણ મારા મિત્ર ! દુનિયાની અલ્લાહની બારગાહમાં ઈજ્જત નથી ! આપણા નબીએ જાતે દુનિયા છોડી આપી. હઝરત અલીએ દુનિયાને ત્રણ તલાકો આપી દીધી, તો ઈજ્જત વિનાની વસ્તુમાં પડી દુનિયાનો આનંદ લેવો આપણો મકસદ નથી, આપણો મકસદ અલ્લાહની પ્રિય વસ્તુ લેવાનો છે અને તે દીન અને ધર્મ ઈસ્લામ છે. જે લખવામાં આવ્યું હશે તે મળશે પણ લેવામાં ખોટી રીત અપનાવવી નહીં અને શરીઅતના વર્તુળથી બહાર થવું નહીં.

ખાનકાહી આલિમ સાહેબે કહ્યું કે :–

**મૌલ્વી હરગિઝ ન શૂદ મૌલાએ રોમ**
**તો ગુલામે શમ્સો તબરેઝી ન શૂદ**

મૌલ્વી રોમ પ્રદેશનો મૌલા ન બન્યો જ્યાં સુધી શમ્સ તબ્રેઝનો ગુલામ ન બન્યો. આ હતો મૌલાના જલાલુદ્દીન રોમીનો શે'ર. જેમાં આપે હઝરત શમ્સ તબ્રેઝથી મળેલ ફયૂઝના ગુણ ગાયા છે. અને કેમ ન હોય ?! સાચા વલીઓની સંગતમાં સામાન્ય પબ્લિકને ફયૂઝ મળે છે પછી આલિમે બાઅમલ તો પોતે જ પહોંચેલો છે અને વલીનો ફયૂઝ કેમ ન મળે ?! પણ ખાનકાહી

મૌલ્વી સાહેબ પોતે તો ખાનકાહમાં રહીને પામી ન શક્યા જેથી તેમણે ઘર સંસાર છોડયો અને દારુલ ઉલૂમની છત્ર છાયામાં રહ્યા અને ત્યાંથી દીનનો ફયૂઝ લઈને આવીને ગુણ ખાનકાહના ગાઈ રહ્યા છે કે દારુલ ઉલૂમમાં મૌલ્વી બને છે અને ખાનકાહમાં મૌલા બને છે ! મૌલ્વી સાહેબ ગુસ્તાખી માફ કરશો તમારે મૌલ્વી બનવામાં સમય બેકાર જ ન કરવો જોઈતો હતો ! તમારે તો પ્રથમથી ખાનકાહમાં રહીને મૌલા જ બની જવું જોઈતુ હતું ! જો આમ કરતા તો તમારી ઉપર ખાઈને ખોદવાની તોહમત લગાડવામાં ન આવતી !

## ★ બે પ્રકારના માર્ગદર્શક ★

સર્વને ખબર છે કે ઈસ્લામના વર્તુળમાં પબ્લિક બે પકારના વ્યક્તિઓને પોતાના માર્ગદર્શક સમજે છે અને એમની શિખામણો પર ચાલે છે. પબ્લિકમાં કોઈ ખરાબી હોય અને એ સુધરી ન શકે બલ્કે એ ખરાબી ધર્મના કામના નામે રિવાજમાં આવી જાય અને એને બદલવાની કોઈ કોશિશ ન થાય અથવા એમાં વિવાદ થાય અને પબ્લિકના ભાગલા પડી જાય તો એ અવશ્ય સમજી લેવું કે બે પ્રકારના માર્ગદર્શકોમાંથી કોઈએ ખયાનત કરી છે જેને લઈને ખરાબ વાત ધર્મના નામથી રિવાજમાં આવી ગઈ છે.

## ★ મૌલા મૌલ્વીને ન માને ! ★

હું તમને બતાવી ગયો કે (હાલના) ખાનકાહી લોકોનું કહેવું એવું છે કે ખાનકાહમાં તો માણસ મૌલા બની જાય છે ! પછી એમને દારુલ ઉલૂમમાં જઈને, મદ્રસામાં હાજરી આપીને આલિમે દીનની ખિદમતમાં પહોંચીને મૌલ્વી બનવાની જરૂરત નથી ! એટલે વિના મહેનતે મૌલા બનનારાઓમાં ધીમે ધીમે જહાલત આવવા લાગી, મુરીદો પોતાના પીરને જ દરેક વાતમાં મહત્વ આપે, મસ્અલો પૂછવો હોય તો પણ પીર સાહેબને જ પૂછે, પીર સાહેબ ને આવડે કે ન આવડે બતાવી આપવાનું ! મૌલ્વીને પીર સાહેબ પૂછે તો પીર સાહેબની ઈજ્જત જતી રહે ! પીર સાહેબ કિતાબમાં જુએ તો એ પણ મૌલ્વીને ! એમને તો નિગાહોથી દરેક વસ્તુ પ્રાપ્ત થઈ છે એટલે કિતાબમાં પણ કેવી રીતે જુએ ! જેથી પોતાની જહાલતમાં દરેક વાત કહી જાય અને એ જહાલત પીર સાહેબના મોઢામાંથી નીકળી છે એટલે એ જ ખરી વાત ! કિતાબમાં લખવામાં આવેલી વાત, ગેરમાન્ય, માન્ય માત્ર પીર સાહેબની વાત ! પછી જ્યાં આ પ્રમાણેની





જહાલત ચાલતી હોય ત્યાં ખરાબ ચીજો ધર્મના નામે રિવાજ કેમ ન પામે ?!

## ★ ખરાબ ચીજ રિવાજ બનવાનો સબબ મૌલ્વીનો નિફાક ! ★

સર્વને ખબર છે કે વર્તમાનકાળમાં દારુલ ઉલૂમમાં પહોંચી ત્યાંના હોસ્ટેલમાં રહીને કાચુ પાકુ ખાઈને દીનનું ઈલ્મ પ્રાપ્ત કરનાર ગરીબો હોય છે. તેઓ જ્યારે ફારિગ થઈને આવે છે, ગરીબીને લઈને તેમને નોકરી કરી પોતાનું જીવન વિતાવવાનું હોય છે. તેઓ પબ્લિકમાં આવીને અમુક ખરાબીઓ દેખી એને સુધારવા મોઢુ ખોલે છે તો પીરના ચાહકો ચીસાચીસ કરવા લાગે છે ! પીર સાહેબ કશું નથી કહેતા અને તમે કેમ કહો છો ! જો આજ પછી આવી કોઈ વાત કરશો તો નોકરી પરથી કાઢી મૂકવામાં આવશે ! નોકરી બચાવવાની બીકે મૌલ્વી સાહેબનું મોઢું બંધ થઈ જાય, ગરીબ છે મજબૂર છે ! આપણે બીજું કરી પણ શું શકીએ ?! પણ હવે દીનના રક્ષણની વાત નથી, હવે આપણી નોકરીનો સવાલ છે, આ પણ નિફાકનો એક પ્રકાર છે કે દીનની જગાએ દુનિયાને ઉત્તમતા આપવામાં આવે.

કેટલાક આલિમો તો એવા પણ જોવામાં આવ્યા છે કે એમને ખબર છે સત્ય શું છે, પણ પબ્લિક ક્રોધમાં ન આવે, દા'વતો બંધ ન થઈ જાય, ખિસ્સાને માર ન વાગે, ઈજ્જત ઓછી ન થઈ જાય, જેને લઈને એ નહીં કે માત્ર હક્કથી મોઢું ફેરવી લે બલ્કે પબ્લિકની ભાષા બોલવા લાગે છે ! એક ભાઈએ મને કહ્યું કે તમારા પહેલાં અહીં એક મૌલ્વી સાહેબ આવ્યા હતા એમને મેં પૂછયું કે પીર સાહેબને તા'ઝીમી સિજદો કેવી રીતે કરવાનો ?! તો એમણે મને કરીને બતાવ્યો !

હું નથી માનતો કે દારુલ ઉલૂમમાં રહીને આવનારને એટલી ખબર ન હોય કે ગેરખુદાને સિજદો કરવો હરામ છે અને એને જાઈઝ માનવો કુફ્ર છે ! પછી મૌલ્વી આટલી મહાન ભૂલ કેમ કરે ?! પણ આ ભૂલ નથી ! આ ઈરાદાપૂર્વક છે, એમણે જોયું કે અહીં એ પ્રકારના જ લોકો છે, કંઈ બોલવા જઈશું તો દુનિયાનું નુકસાન ઉઠાવવું પડશે, **આ છે સંપૂર્ણ નિફાક ! દીનની વાત જ નહીં, માત્ર દુનિયા ! અને પબ્લિકમાં આ પ્રમાણેના આલિમોના વધારે વખાણ થાય છે અને હક્ક બોલવાવાળાઓને દુનિયાનું નુકસાન ઉઠાવવું પડે છે. અને મુનાફિક સિફત આલિમોને**

**લઈને હક્ક બોલવાવાળાઓની હિંમત તૂટી જાય છે. આમ ખરાબ વસ્તુને ધર્મ સમજીને પબ્લિક રિવાજ આપે છે.**

### ✪ ધર્મને રમત ન સમજો ! :–

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يَاأَيُّهَا الَّذِيْنَ آمَنُوْا لَا تَتَّخِذُوْا الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَكُمْ هُزُوًا وَّلَعِبًا مِنَ الَّذِيْنَ أُوْتُوا الْكِتَابَ

### ✪ ધર્મને માલના બદલામાં ન વેચો :–

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَلَا تَشْتَرُوْا بِآيَاتِيْ ثَمَنًا قَلِيْلًا وَّإِيَّايَ فَاتَّقُوْنِ

મારી આયતોને થોડીક કિંમતમાં ન વેચો અને મારાથી જ ડરો !

### ✪ અલ્લાહના પ્રિયની ઓળખ :–

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يُجَاهِدُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ وَلَا يَخَافُوْنَ لَوْمَةَ

અલ્લાહના માર્ગમાં જિહાદ કરે છે અને બુરાઈ કરનારની બુરાઈનો ડર નથી રાખતા.

## ★ તમે કોના પ્રિય બનશો ?! ★

જ્યારે તમે એ જાણી લીધું કે અલ્લાહ તઆલાના પ્રિય લોકો જે કંઈ કરે છે અલ્લાહના દીન માટે કરે છે, કોઈને ખુશ કરવા દીનને વેચી નથી દેતા, બલ્કે એમને કોઈ ખરાબી જોવા મળે છે તો એને રોકવા માટે જિહાદ કરે છે, એમને અલ્લાહનો ડર હોય છે એટલે એમને લોકોની બીક લાગતી નથી. તો એવા લોકો અલ્લાહના પ્રિય છે. તો મુસલમાને અને ખાસ કરીને ધર્મના માર્ગદર્શકે કોના પ્રિય બનવું જોઈએ ?! અલ્લાહના જ પ્રિય બનવું જોઈએ. તો પછી તેમને પબ્લિકની બુરાઈનો ડર ન રહેવો જોઈએ.

## ★ પબ્લિક પર જાહિલ પીરનો અંકુશ કેમ ?! ★

ઈજ્જત અને ઝિલ્લત આપનાર અલ્લાહ તઆલા જ છે. પણ અમુક લોકો એવું સમજે છે કે ઈજ્જત અને ઝિલ્લત અમારા હાથમાં છે એટલે





એવા લોકો જૂઠી ઈજ્જત કરવા લોકોની હા માં હા ! મિલાવે છે, અને સમજે છે લોકોના વખાણથી અમને ઈજ્જત મળી રહી છે, પણ જોવા જઈએ તો આ ઈજ્જત નથી ! કારણ કે એ તો લોકોના દબાવમાં રહીને કરી રહ્યા છે, દબાવમાં રહેનાર ડરપોક છે, અને ડરપોક બેઈજ્જત છે. જાહિલ પીરના અંકુશમાં રહી વખાણ લેનાર ઈજ્જતવાળો નથી, બેઈજ્જત છે. અલ્લાહને ભૂલીને લોકોની બીકમાં કામ કરી રહ્યો છે, જાહિલ પીરોએ આલિમોની જમાઅતો પર પોતાનો કંટ્રોલ એટલે જ બનાવ્યો કે આલિમએ અલ્લાહના ડરને માર્ગથી હટાવ્યો અને દુનિયા પરસ્તોનો ડર દિલમાં જમાવ્યો. إِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ وَيُثَبِّتْ أَقْدَامَكُمْ જો તમે અલ્લાહના ધર્મની મદદ કરશો તો અલ્લાહ તમારી મદદ કરશે અને તમારા કદમો જમાવી દેશે.

આલિમોએ અલ્લાહની જાત પર ભરોસો રાખીને કામ કરવું જોઈએ. જો આલિમોની ભાષા એક થઈ જાય તો દરેક પર આલિમોનો અંકુશ રહે, શું તમને ખબર નથી અલ્લાહનું ફર્માન છે :– فَإِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْغَالِبُوْنَ ''બેશક ! અલ્લાહની જમાઅત જ વિજયી છે !''

## ★ આ'લા હઝરતનું લખાણ દબાવથી પાક ★

આ'લા હઝરતનું માત્ર પબ્લિક પર નહીં અમારા આલિમો પર પણ મોટુ એહસાન છે, આપનું લખાણ દરેક પ્રકારના દબાવથી પાક છે, ઈસ્લામી શરીઅતમાં જે સત્ય હતું તે આપે જાહેર ફર્માવ્યું, ખાનકાહો અને મજાવરોનો કંટ્રોલ પહેલાં પણ હતો અને આજે પણ છે, પરંતુ આ'લા હઝરતે કોઈની બુરાઈનો ડર રાખ્યા વિના અલ્લાહ અને રસૂલને સારું લાગે એવું કામ કરી બતાવ્યું. હું ઘણા આલિમોની કિતાબોનું વાંચન કરું છું તેમાં અમુક બાબતોમાં ગોળગોળ વાતો હોય છે જેનાથી સત્ય સ્પષ્ટ થતું નથી અને દરેકને પોતાની ઈચ્છા પ્રમાણેનો એનાથી ફાયદો મળી આવે છે. અને પછી એ પ્રમાણેના લખાણોથી ફાયદો ઓછો અને નુકસાન વધારે થાય છે. જો કોઈએ સત્ય સ્પષ્ટ ન કરવું હોય અને દરેકને ખુશ રાખવા હોય અને ગોળગોળ વાતો કરવી હોય તો એવા લોકોએ લખાણના મેદાનથી ખસી જવું જોઈએ. એમની ઈચ્છા રબને ખુશ રાખવાની નથી હોતી, રબને ખુશ રાખનાર સત્યને જાહેર કરે છે બાતિલને બેપર્દા કરે છે. તો સત્ય સ્પષ્ટ હોવાને લઈને મને આ'લા હઝરતનું લખાણ

અતિ પ્રિય છે, અને દરેકે પ્રિય રાખવું જોઈએ. જહાલતના અંધકારથી નીકળી શરઈ ઈલ્મના પ્રકાશમાં આવવું જોઈએ. આ'લા હઝરત ફર્માવે છે :–

**કરું મદહે અહલે દોવલ 'રઝા' ! પળે ઈસ બલામેં મેરી બલા !**
**મૈં ગદા હૂં અપને કરીમ કા મેરા દીન પારએ નાં નહીં !**

આ'લા હઝરત કોઈના તા'બા હેઠળના ઈદારામાં કામ ન કરતા હતા, આ'લા હઝરતનો પોતાનો ઈદારો હતો, અને તેનો ખર્ચ પણ પોતે પૂરો પાડતા હતા, એટલે કોઈના દબાવની વાત રહેતી જ નથી, બીજું એ કે આપ અલ્લાહ તરફથી મુજદ્દિદ બનાવીને મોકલવામાં આવ્યા હતા એટલે લોકોથી તદન નીડર હતા. ત્રીજું એ કે અલ્લાહ અને રસૂલની મહોબ્બતમાં એટલા ડૂબેલા હતા કે એમનાથી ખસીને કોઈની વાતમાં આવવું શક્ય જ ન હતું. ચોથું એ કે જેને નામ કમાવવું હોય અને દોલત ભેગી કરવી હોય તે દબાવમાં આવે, જેને અલ્લાહ અને રસૂલથી જ દરેક વસ્તુ પ્રાપ્ત કરવી હોય તે દબાવમાં કેમ કરી આવે ?!

## ★ દશમો ભાગ આ'લા હઝરતના લખાણનો નિચોડ ★

તોહફાએ નજાતનો આ દશમો ભાગ છ પ્રકરણોમાં છપાએલો છે એમાં જરૂરતથી ઘણી જ અધિક દલીલ અને પુરાવા આપવામાં આવ્યા છે. આખો દશમો ભાગ સુન્નીઓમાં ધર્મના નામથી પબ્લિકમાં રિવાજ પામેલી સચોટ એવી બે ખરાબ બિદઅતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પણ મને આ લખાણમાં જે શક્તિ મળી અને હિંમત આવી તે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ના ફતાવાથી હતી. એટલે મારું લખાણ આ'લા હઝરતની શિખામણોનો નિચોડ છે. એ બે ખરાબ બિદઅતો આ છે : વાજિંત્રોવાળો સિમા હરામ છે તથા ગેરખુદાને ઈજ્જત માટે સિજદો કરવો હરામ છે.

## ★ આ'લા હઝરતની કિતાબ ★

બીજી બિદઅતે સૈયેઆ "ગેર ખુદાને ઈજ્જત માટે સિજદો કરવો હરામ છે" એના પર આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ એક પૂરી કિતાબ લખી જેનું નામ છે "અઝ્ઝુબ્દતુ ઝ્ઝકિય્યા લિ તહરીમે સુજૂદિત્તહિય્યા." એમાં આ'લા હઝરતે એટલા બધા પુરાવા આપ્યા છે કે એ કિતાબ છોડીને હું બીજી કિતાબનો આ છઠ્ઠા પ્રકારમાં સહારો લઈશ નહીં, પણ લખવાનો અંદાજ મારો પોતાનો રહેશે.





## ★ સિજદો અને એના પ્રકાર ★

ડિક્ષનરી અને શબ્દકોશમાં સજદો وَضْعُ الْجَبْهَةِ عَلَى الْأَرْضِ એટલે કે કપાળ જમીન પર રાખવાને કહેવામાં આવે છે. એના બે પ્રકાર છે : (૧) અલ્લાહને સિજદો (૨) એની મખ્લૂકને સિજદો. બીજાના બે પ્રકાર છે : (૧) ઈબાદતની નિય્યતે સિજદો (૨) ઈજ્જત અને સ્વાગતની નિય્યતે સિજદો.

## ★ શિર્ક અને કુફ્ર ★

ગેર ખુદાને ઈબાદતની નિય્યતે સિજદો કરવો શિર્ક છે, એનાથી માણસ મુસલમાન રહેશે નહીં, પછી એ ગેરખુદા કોઈ પણ હોય, પરંતુ મુસલમાન કોઈ પણ ગેર ખુદાને ઈબાદતનો સિજદો કરે એ માન્ય રાખી શકાય એમ નથી. ઈજ્જત અને સ્વાગતનો સિજદો હરામ છે, જો હરામ સમજીને કરવામાં આવે તો કરનાર **ફાસિક** છે, તૌબા કરે, પણ **જાઈઝ સમજીને કરે** તો આમ કરવું **કુફ્ર** છે.

## ★ ઈબાદતનો સિજદો ★

ઈબાદતનો સિજદો અલ્લાહ તઆલા માટે ખાસ છે. કોઈ પણ ગેર ખુદાને એ નિય્યતે સિજદો જાઈઝ નથી, અને કોઈ પણ શરીઅતમાં અને કોઈ પણ નબીની ઉમ્મત માટે ક્યારે પણ એને જાઈઝ કરવામાં નથી આવ્યો. ગેર ખુદાને ઈબાદતના સિજદો હરામ અને શિર્ક છે, એ બાબતે કોઈ પણ અલ્લાહનો દીન માનવાવાળામાં વિવાદ થયો નથી. એટલે એના શિર્ક હોવામાં અલ્લાહની સઘળી કિતાબો એક માર્ગે, સઘળા નબીઓની એમાં સંમતિ, અને એમના સઘળા અનુયાયીઓી એમાં એકમતી રહી એટલે મુસલમાન આમાં ભૂલ કરી શક્તો નથી !

## ★ સ્વાગત અને ઈજ્જતનો સિજદો ★

સ્વાગત અને ઈજ્જતનો સિજદો આગલી શરીઅતોમાં જાઈઝ હતો પણ આપણી શરીઅતમાં એની રજા આપવામાં ન આવી એટલે આગલી શરીઅતવાળો હુકમ એનાથી ઉઠી ગયો, જેને મન્સૂખ હોવું કહેવામાં આવે છે. સ્વાગત અને ઈજ્જતના સિજદાનું આપણી શરીઅતમાં મન્સૂખ થઈ જવું અને એનો હુકમ ઉઠી જવો કુર્આનથી છે, અને એ બાબતે હદીષો મુતવાતિર છે. અને વિશેષમાં એ કે **અહલે સુન્નતના સઘળા આલિમો અને બુઝુર્ગોની**

**એકમતી છે કે સિજદો અલ્લાહના માટે ખાસ છે, અલ્લાહને છોડીને કોઈને પણ કોઈ પણ નિય્યતે નાજાઈઝ અને હરામ છે.** એટલે હવે આપણી શરીઅતમાં એને જાઈઝ માનવો અથવા જાઈઝ સમજીને કરવો માણસને કુફ્રમાં લઈ જાય છે.

## ★ શું અલ્લાહે કુફ્રનો આદેશ આપ્યો ! ★

આ જગાએ જાહિલ લોકો એક સવાલ એ ઉપસ્થિત કરે છે કે કુર્આન શરીફમાં જગા જગાએ હઝરત આદમ માટે ફરિશ્તાઓને સિજદો કરવાનો આદેશ આપવામાં આવ્યાનું વર્ણન છે. ફરિશ્તાઓએ સિજદો કર્યો અને તેઓ સફળ થયા. શૈતાને અભિમાન કર્યું અને તેને ખુદાની બારગાહની નિકટતાથી હટાવી દેવામાં આવ્યો તો શું અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને કુફ્રનો આદેશ આપ્યો હતો ?! તો જ્યારે ગેર ખુદાને સિજદો કરવાનો હુકમ અલ્લાહ તઆલાએ આપ્યો તો તમે કેમ મનાઈ કરો છો ?!

## ★ કાયદો અલ્લાહની મરજીનું નામ છે ! ★

અલ્લાહ તઆલા અતિ શક્તિશાળી પોતાની કુદરત અને ઈરાદાથી જે ઈચ્છે કરનાર છે. અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને સિજદાનો આદેશ આપ્યો કે હઝરત આદમ عليه الصلوة والسلام ને સિજદો કરો તો એ સિજદો કરવો ઈમાન છે, અને એનો ઈન્કાર કુફ્ર છે. જેમ કે સિજદાનો હુકમ ન માન્યો તો એ કાફિર બની ગયો. પણ વાત એ છે કે જેમ અલ્લાહ હુકમ આપવાનો હક્ક રાખે છે, આપેલા હુકમને બદલી નાખવાનો પણ હક્ક રાખે છે, તો પછી જ્યારે એ બદલી નાખે તો એની ઉપર અમલ કરવામાં આવશે. હવે એ બદલવાને માનવું ઈમાનનો ભાગ બની ગયો, દાખલા તરીકે હઝરત આદમ અને હવ્વાના પેટમાં પહેલા ખોળાનો છોકરો અને બીજા ખોળાની છોકરીને જ્યારે કે સગા ભાઈ બહેન જ છે છતાં નિકાહ કરવો જાઈઝ હતો, પણ આપણી શરીઅતમાં સગી બહેન સાથે નિકાહ કુર્આનથી હરામ અને એને જાઈઝ કહેનાર કાફિર. દારૂ આગલા લોકો માટે જાઈઝ અને આપણી શરીઅતમાં હરામ છે અને એને હલાલ માનનાર કાફિર, ઊંટનું ગોશ્ત આપણા માટે હલાલ અને યહૂદીઓ માટે હરામ હતું. સુવ્વર અને ભૂંડ આપણી શરીઅતમાં હરામ અને ઈસાઈઓને એનાથી મનાઈ ન હતી, તો જેને જે હુકમ મળ્યો તેના પર ઈમાન રાખે અને અમલ કરે, આપણા





માટે બદલી નાખવામાં આવ્યો તો આપણે એની ઉપર ઈમાન રાખીએ અને અમલ કરીએ. આપણી શરીઅતમાં જ્યારે હુકમ બદલી નાખવામાં આવ્યો તો આપણે જે નબીના ઉમ્મતી છીએ તેમની શરીઅતના પાબંદ છીએ.

## ★ તા'ઝીમી સિજદો કુર્આનથી હરામ ★

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَلَا يَاْمُرَكُمْ اَنْ تَتَّخِذُوا الْمَلٰٓئِكَةَ وَالنَّبِيّٖنَ
اَرْبَابًا اَيَاْمُرُكُمْ بِالْكُفْرِ بَعْدَ اِذْ اَنْتُمْ مُّسْلِمُوْنَ

"નબીને એ હુકમ નથી કે તમને એ આદેશ આપે કે ફરિશ્તાઓ અને નબીઓને રબ બનાવી લો ! શું નબી તમને કુફ્રનો હુકમ આપે એ પછી કે તમે મુસલમાન છો !"

## ★ શાને નુઝૂલ ★

**(૧)** અબ્દ બિન હુમૈદ પોતાની મુસ્નદમાં હઝરત ઈમામ હસન બસરીથી રિવાયત કરે છે : એમણે ફર્માવ્યું કે, મને હદીષ પહોંચી કે એક સહાબીએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ! અમે પરસ્પર એકબીજાને સલામ કરીએ છીએ આપને પણ સલામ કરીએ છીએ, શું અમે આપને સિજદો ન કરીએ ? ફર્માવ્યું :–

اَفَلَا نَسْجُدُ لَكَ قَالَ لَا وَلٰكِنْ اَكْرِمُوْا نَبِيَّكُمْ وَاعْرِفُوا الْحَقَّ
لِاَهْلِهٖ فَاِنَّهٗ لَا يَسْجُدُ لِاَحَدٍ مِنْ دُوْنِ اللّٰهِ تَعَالٰى فَاَنْزَلَ
اللّٰهُ تَعَالٰى مَا كَانَ لِبَشَرٍ اِلٰى قَوْلِهٖ بَعْدَ اِذْ اَنْتُمْ مُّسْلِمُوْنَ

ના ! પણ તમે તમારા નબીની ઈજ્જત કરો અને જાણો સિજદો અલ્લાહ માટે જ છે, એને એના માટે જ રાખો. અલ્લાહને છોડીને કોઈના માટે પણ સિજદો જાઈઝ નથી. આ વાત પર અલ્લાહ તઆલાએ બે આયતો ઉતારી. *(સૂરએ આલે ઈમ્રાન, આ. ૭૯, ૮૦)*

**(૨)** "ઈકલીલ ફી ઈસ્તિન્બાતિત્તંઝીલ"માં ઉપરોક્ત આયત નં. ૮૦ ની નીચે ઉપરોક્ત હદીષને ટૂંકમાં લખવામાં આવી છે અને પછી આ મસ્અલો વર્ણન ફર્માવ્યો છે :– فَفِيْهِ تَحْرِيْمُ السُّجُوْدِ لِغَيْرِ اللّٰهِ આનાથી સ્પષ્ટ થયું કે

અલ્લાહને છોડીને કોઈના માટે સિજદો કરવો હરામ છે.

**(૩)** જલાલૈનમાં ઈમામ ખાતમુલ હુફ્ફાઝ رحمۃ اللہ علیہ એ ઉપરોક્ત હદીષનો ભાવાર્થ લખ્યો છે કે જ્યારે અમુક મુસલમાનોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી આપને સિજદો કરવાની માંગ કરી તો ઉપરોક્ત આયત ઉતારવામાં આવી. **(૪)** બયઝાવી **(૫)** મદારિક **(૬)** અબૂસ્સઊદ **(૭)** કશ્શાફ **(૮)** તફસીરે કબીર **(૯)** શિહાબ **(૧૦)** જોમલ **(૧૧)** તફસીરે નીશાપુરી **(૧૨)** મદારિક **(૧૩)** ઈનાયા **(૧૪)** ઈર્શાદુલ અકલ **(૧૨)** વજીઝ. લગભગ તફસીરની દરેક કિતાબમાં આ મુજબનું શાને નોઝૂલનું વર્ણન થયું છે, એનાથી એ સ્પષ્ટ થયું કે આપણી શરીઅતમાં તા'ઝીમનો સિજદો પણ હરામ કરી દેવામાં આવ્યો.

**સવાલ** : આયતમાં જે સિજદાનું વર્ણન થયું એનો મતલબ ઈબાદત અને બંદગીનો સિજદો હોય તો પછી તમારી દલીલ ચાલી શક્શે નહીં ?

**આયતમાં મુસલમાન સંબંધિત જવાબ** : તફસીરોના પુરાવા તમારી સમક્ષ છે અને હદીષે પાકથી પણ સ્પષ્ટ છે કે આયતની શાને નોઝૂલ એ બતાવી રહી છે કે સહાબાએ રસૂલે પાકથી આપને સિજદો કરવાની માંગ કરી હતી. સહાબા ગેરખુદાને ઈબાદતનો સિજદો કરવાની માંગ કરે એ તો સમજ બહારની વાત છે ! કુર્આનમાં જગા જગાએ શિર્કની બાબત બતાવવામાં આવ્યું છે, એટલે તમારે અવશ્ય એ મતલબ લેવો જ પડે કે નબીની ઈજ્જત માટે સિજદાની માંગ કરી રહ્યા હતા કે સલામ તો દરેક જ એકબીજાને કરે છે એમાં અય નબી ! તમારી વિશેષતા જણાતી નથી, સલામથી આગળ જઈને સિજદાની રજા આપો તો સ્પષ્ટ થાય કે અમે તમારી બીજા લોકોથી અધિક ઈજ્જત કરીએ છીએ. તો હુઝૂરે મનાઈ ફર્માવી અને અલ્લાહ તઆલાએ આયત ના'ઝિલ કરીને ફર્માવ્યું : اَيَاْمُرُكُمْ بِالْكُفْرِ بَعْدَ اِذْ اَنْتُمْ مُّسْلِمُوْنَ શું નબી તમને કુફ્રનો હુકમ કરે એ પછી કે તમે મુસલમાન છો ! એટલે કે તમારી શરીઅતમાં ગેરખુદાને સિજદો કરવો કોઈ પણ નિય્યતે જાઈઝ નથી, એ હરામ છે, અને એને જાઈઝ સમજવું હરામનો હુકમ આવી ગયા પછી કુફ્ર છે. પ્રથમ ઈબાદતનો સિજદો કુફ્ર હતો ઈજ્જતનો નહીં એટલે માંગ કરી, અને એ પણ નાજાઈઝ કહી દેવામાં આવ્યું તો હવે એની પણ રજા રહી નથી.





**બયઝાવીમાં છે :–**

دَلِيْلٌ اَنَّ الْخِطَابَ لِلْمُسْلِمِيْنَ وَ هُمُ الْمُسْتَاذِنُوْنَ لِاَنْ يَسْجُدُوْلَهٗ

પુરાવો છે એ વાતનો કે સંબોધન મુસલમાનોને થયું છે જેમણે નબીથી સિજદો કરવાની રજા માંગી હતી.

**સવાલ** : શું સહાબાએ નબીથી કુફ્રની માંગ કરી હતી ?!

## ★ કુફ્રની નહીં જવાઝની માંગ છે ★

**જવાબ** : એ સવાલ ત્યારે ઉપસ્થિત થઈ શકે છે જ્યારે એનો મતલબ ઈબાદતનો સિજદો લેવામાં આવે પણ સહાબા ઈબાદતના સિજદા માટે માંગ કરી શકતા જ નથી, કારણ કે મુસલમાન છે અને મુસલમાનને શિર્કની બુરાઈ ખબર છે. એમણે નબીને જે સિજદાની માંગ કરી હતી તે સ્વાગતનો સિજદો હતો, અને એ સમયે એના હરામ હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ ન હતો અને આગલી શરીઅતમાં એ જાઈઝ હતો, જ્યાં સુધી આપણી શરીઅતમાં એને હરામ કરવામાં ન આવે હરામમાં ન પ્રવેશે, જેથી સહાબાએ આગલી શરીઅતના આધારે હલાલ અને જાઈઝની માંગ કરી હતી, પણ એના સવાલ પછી આપણી શરીઅતમાં હરામ કરી દેવામાં આવ્યું. એટલે ઉપરોક્ત સવાલ સહાબા માટે ઉપસ્થિત થતો નથી.

# તા'ઝીમી સિજદાનું હરામ હોવું હદીષના પ્રકાશમાં

## ★ પતિનો હક્ક પત્ની પર ★

**(૧)** તિર્મિઝી **(૨)** સહીહ ઈબ્ને હબ્બાન **(૩)** સહીહ મુસ્તદરક **(૪)** મુસ્નદે બઝ્ઝાર **(૫)** સુનને બયહકી. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે : એમણે કહ્યું કે એક સ્ત્રી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં આવી અને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ! મને બતાવો પતિનો કેટલો હક્ક પત્ની પર છે ? તિર્મિઝીના શબ્દો છે આપે ફર્માવ્યું :–

لَوْ كُنْتُ اٰمِرًا اَحَدًا اَنْ يَسْجُدَ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْاَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا

જો હું કોઈને કોઈના માટે સિજદો કરવાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે એના પતિને સિજદો કરે. બીજી રિવાયતોમાં આ પ્રમાણે છે : એક માણસ માટે જાઈઝ હોત કે એ બીજા માણસને સિજદો કરે તો હું સ્ત્રીને હુકમ કરતો કે પોતાના પતિને સિજદો કરે જ્યારે એ એની પાસે પ્રવેશે, એટલા માટે કે અલ્લાહે એને ફઝીલત આપી છે. ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે.

## ★ પ્રાણીઓ શરઈ પાબંદીથી મુક્ત ★

બઝ્ઝારે પોતાની મુસ્નદમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એક બાગમાં પ્રવેશ્યા તો એક ઊંટ આવ્યું અને એણે આપને સિજદો કર્યો તો સહાબાએ (જે ત્યાં ઊભા હશે) વિનંતિ કરી :–

وَنَحْنُ نَعْقِلُ فَنَحْنُ اَحَقُّ اَنْ نَسْجُدَلَکَ

આ અક્કલ વિનાનું પ્રાણી છે એણે આપને સિજદો કર્યો અને અમે તો સમજદાર છીએ, અમને વધારે હક્ક પહોંચે છે કે આપને સિજદો કરીએ. આપે ફર્માવ્યું :– لَایَصْلَحُ لِبَشَرٍ اَنْ یَسْجُدَلِبَشَرٍ માણસ માટે જાઈઝ નથી કે માણસને સિજદો કરે. જો આમ હોત તો હું સ્ત્રીને હુકમ આપતો કે એના પતિને સિજદો કરે એના હક્કને લઈને જે પત્ની પર છે.

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ એ મનાહિલુસ્સિફામાં ફર્માવ્યું, આ હદીષની સનદ હસન છે. (સુંદર છે એમાં ખરાબી નથી)

## ★ ગાંડુ ઊંટ સિજદામાં ★

(૧) અહમદ (૨) બઝાર (૩) નસઈ (૪) અબૂ નઈમએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી : ફર્માવે છે, અન્સારના એક કુટુંબનું પખાલ ઊંટ બદમાશ થઈ ગયું, કોઈને પાસે ન આવવા દેતું, ખેતી અને ખજૂરોને પાણીની જરૂરત પડી, તેમણે બારગાહે રિસાલતમાં ફરિયાદ કરી. સહાબાને કહ્યું, ચાલો બાગમાં જઈએ. ઊંટ એક ખૂણે હતું હુઝૂર એની તરફ ચાલવા લાગ્યા. અન્સારે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ! એ હડકાએલા કૂતરા માફક થઈ ગયું છે, ક્યાંક હુમ્લો ન કરે ! ફર્માવ્યું, મને વાંધો નથી ! ઊંટ હુઝૂરને જોઈને ચાલવા લાગ્યું خَرَّسَاجِدًابَیْنَ یَدَیْہِ અને આપ સામે સિજદામાં





પડી ગયું. સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ! આ પ્રાણી છે સમજદાર નથી તે પણ આપને સિજદો કરે છે તો અમે તો સમજદાર છીએ અમને વધારે હક્ક પહોંચે છે કે અમે તમને સિજદો કરીએ. આપે ફર્માવ્યું, જાઈઝ નથી માણસ માટે કે માણસને સિજદો કરે, જો જાઈઝ હોત કે માણસ માણસને સિજદો કરે તો હું સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે, એનો એના પર હક્ક વધારે હોવાને લઈને ઈમામ મુનઝેરીએ કહ્યું કે આ હદીષની સનદ સારી છે અને એને રિવાયત કરનાર મશ્હૂર અને ભરોસાપાત્ર છે.

## ★ બકરીઓએ સિજદો કર્યો ★

(૧) ઈમામ અહમદ (૨) બઝાર (૩) અબૂ નઈમએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી : ફર્માવ્યું કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અન્સારના એક બાગમાં પ્રવેશ્યા અન્સારના માણસોમાં હઝરત અબૂબક્ર અને હઝરત ઉંમર رضی اللہ عنہما હતા. અને બાગમાં બકરીઓ હતી તેમણે આપને સિજદો કર્યો, તો હઝરત અબૂબક્રએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ બકરીઓથી અમે વધારે હક્ક ધરાવીએ છીએ કે આપને સિજદો કરીએ ! આપે ફર્માવ્યું : لَایَنْبَغِیْ لِمَخْلُوْقٍ اَنْ یَسْجُدَ لِاَحَدٍ اِلَّا اللّٰہَ મારી ઉમ્મતમાં જાઈઝ નથી કે એક બીજાને સિજદો કરે. જો એકનો બીજાને સિજદો કરવો જાઈઝ હોત તો હું સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે. હઝરત મુલ્લા અલી કારીએ શરહે શિફામાં ફર્માવ્યું કે આ હદીષની સનદ સહીહ છે. અલ્લામા ખફ્ફાજીએ નસીમુર્રિયાઝમાં ફર્માવ્યું કે આ હદીષ સહીહ છે.

## ★ ઊંટ નબીને ઓળખી ગયું ! ★

(૧) બયહકી (૨) અબૂ નઈમ(૩) દલાઈલુન્નબુવ્વતમાં અબ્દુલ્લાહ બિન અબી ઔફથી રિવાયત છે કે અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે બેઠા હતા, એટલામાં કોઈ આવ્યું અને કહ્યું, અય અલ્લલાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ! ફલાણાનું પખાલ ઊંટ બેકાબૂ થઈ ગયું છે. હુઝૂર ઊભા થયા, અમે વિનંતિ કરી, હુઝૂર એની પાસે ન જશો. હુઝૂર તશરીફ લઈ ગયા, હુઝૂર પર એની નજર પડી અને એણે સિજદો કર્યો, સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ! પ્રાણીઓ પૈકી એક પ્રાણી આપની ઈજ્જતના હક્કના મોટા હોવાને લઈને સિજદો કરે છે તો પછી અમારો હક્ક વધારે છે કે અમે આપને સિજદો કરીએ.

તો આપે ફર્માવ્યું, જો હું મારી ઉમ્મતમાંથી કોઈને સિજદાનો હુકમ આપતો કે એક બીજાને સિજદો કરે તો સ્ત્રીઓને હુકમ આપતો કે એમના પતિઓને હુકમ આપો.

## ★ ઊંટની ફરિયાદ ★

(૧) અહમદે મુસ્નદમાં (૨) હાકિમે મુસ્તદરકમાં (૩) તબ્રાનીએ જામેએ સગીરમાં (૪) બયહ્‌કી અને અબૂનઈમે દલાઈલુન્નબુવ્વતમાં (૫) બોગવીએ શહુસ્સુન્નહ્‌માં યઅલા બિન ષકફીથી રિવાયત છે : ફર્માવે છે, એક દિવસ હુઝૂર બહાર તશરીફ લાવ્યા, એટલામાં એક ઊંટ બોલતું બોલતું આવ્યું અને એણે આપને સિજદો કર્યો. મુસલમાનોએ કહ્યું, અમને વધારે હક્ક પહોંચે છે કે અમે નબીને સિજદો કરીએ. આપે ફર્માવ્યું, જો હું કોઈને ગૈરુલ્લાહનો સિજદો કરવાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે. જાણો છો આ ઊંટ શું કહી રહ્યું છે ! એ કહી રહ્યું છે કે એણે ચાલીસ વર્ષ પોતાના માલિકોની ખિદમત કરી, જ્યારે વૃદ્ધ થયું તો એમણે એનો ખાદ્ય ખોરાક ઓછો અને કામ વધારે કરી દીધું, હવે એમના ત્યાં શાદી છે તો છરી લીધી કે હલાલ કરી નાખે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એના માલિકોને કહેવડાવ્યું કે ઊંટ આ પ્રમાણે ફરિયાદ કરે છે. એમણે કહ્યું, અય અલ્લાહના રસૂલ ! એ સાચુ કહે છે. ફર્માવ્યું, તો હું કહું છું કે તમે એને મારા લીધે છોડી દો, એમણે છોડી દીધું. મતાલિઉલ મસર્રાતમાં છે કે આ હદીષની સનદ સહીહ છે.

## ★ પ્રાણી અને ઝાડોનો સિજદો ★

ઉમ્મુલ મુ'મિનીન સિદીકા رضی اللہ عنہا થી રિવાયત છે : ફર્માવ્યું કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મુહાજિર અને અન્સારની જમાઅતમાં બિરાજમાન હતા, એટલામાં એક ઊંટ આવ્યું અને એણે આપને સિજદો કર્યો. આપના સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! પ્રાણીઓ અને ઝાડો આપને સિજદો કરે છે, તો અમને વધારે હક્ક છે કે અમે આપને સિજદો કરીએ ! તો આપે ફર્માવ્યું પોતાના રબની બંદગી કરો અને અમારી ઈજ્જત. જો હું કોઈને કોઈના માટે સિજદાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે.

આ હદીષનો અંતિમ ભાગ તરગીબમાં ઈબ્ને હબ્બાનથી અને દુર્રેમન્ષૂરમાં હઝરત અબૂબક્ર બિન અબી શૈબાથી છે.





## ★ ઊંટ અને નબીનો અદબ ★

અબૂ નઈમે દલાઈલમાં ષઅલ્બા બિન માલિકથી રિવાયત કરી કે બની સલ્માના એક માણસે એક ઊંટ પાણી લાવવા માટે ખરીદી કર્યું પછી એને વજન ઉઠાવનાર બનાવી દીધું તો કોઈ પણ એની પાસે જતું તો તે હુમ્લો કરતું. એટલામાં રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم આવ્યા, માલિકે ઊંટની વાત આપને બતાવી. આપે ફર્માવ્યું, દરવાજો ખોલો ! કહ્યું હુઝૂર ! અમને બીક લાગે છે ! ફર્માવ્યું, ખોલો ! એમણે ખોલ્યો. જ્યારે ઊંટે આપને જોયા તો સિજદામાં પડી ગયું. લોકોએ સુબ્હાનલ્લાહ ! કહ્યું અને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ! અમે આ પ્રાણી કરતાં સિજદાનો વધારે હક્ક ધરાવીએ છીએ. ફર્માવ્યું, મખ્લૂકમાંથી કોઈના માટે બીજાને અલ્લાહને છોડીને સિજદો કરવો જાઈઝ હોત તો સ્ત્રી માટે જાઈઝ હોત કે એ પોતાના પતિ માટે સિજદો કરે.

## ★ કોઈ બીજાને સિજદો ન કરો ★

અબૂન્નઈમે ગીલાન બિન સલ્મા ષકફીથી રિવાયત કરી : ફર્માવે છે, અમે એક મુસાફરીમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે હતા, અમે અચરજમાં પડી જવાય એવું કામ જોયું. અમે ચાલ્યા અને પછી એક જગાએ રોકાયા. એટલામાં એક માણસ આવ્યો અને એણે કહ્યું, અય અલ્લાહના નબી ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારી પાસે એક બાગ છે, એના પર મારા અને મારા ઘરવાળાંઓના જીવનનો આધાર છે, એમાં મારા બે પખાલ ઊંટ હતાં તેઓ ગાંડાં થઈ ગયાં છે, નથી એમની પાસે આવવા દેતાં અને નથી બાગમાં જવા દેતાં. અને કોઈની હિંમત નથી કે એમની પાસે જાય ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના સહાબા સાથે ઉઠીને બાગ પાસે આવ્યા, બાગના માલિકને કહ્યું, ખોલો ! એણે વિનંતિ કરી, અય અલ્લાહના નબી ! صلی اللہ تعالیٰ علیہ وسلم એમનો મામલો ઘણી વધી ગએલો છે. ફર્માવ્યું, ખોલો દરવાજો ! ખુલતાની સાથે બંને હવા માફક દોડતાં આવ્યાં. જ્યારે દરવાજો ખુલ્યો અને એમણે અલ્લાહના નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા તો ગુઠણે પડયાં અને પછી સિજદો કર્યો. હુઝૂરે બંનેને માથાથી પકડયાં અને પછી માલિકને આપી દીધાં. અને ફર્માવ્યું, એમનાથી કામ લે અને ખાવાનું પેટ ભરીને આપ. લોકોએ કહ્યું, અય અલ્લાહના નબી ! પ્રાણીઓ આપને સિજદો કરે છે તો હુઝૂરના સદકામાં અલ્લાહનું ઈનામ અમારા માટે ઉત્તમ છે, ગુમરાહી પછી અલ્લાહ

તઆલાએ અમને સત્ય માર્ગ બતાવ્યો અને બરબાદીઓથી આપ થકી નજાત આપી, તો શું આપ અમને સિજદાની રજા નહીં આપો ?! નબી صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું : إِنَّ السُّجُوْدَ لَيْسَ لِيْ إِلَّا لِلْحَيِّ الَّذِيْ لَا يَمُوْتُ સિજદો મારા માટે નથી માત્ર હમેશાં જીવંત રહેનાર માટે છે. આ ઉમ્મતમાંથી કોઈને હું સિજદાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે.

તબ્રાનીએ કબીરમાં થોડા ફરક સાથે ઉપરોક્ત હદીષ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે.

## ★ ઝાડે સલામ કરી ★

**(૧)** બઝ્ઝારે મુસ્નદમાં **(૨)** હાકિમે મુસ્તદરકમાં **(૩)** અબૂનઈમે દલાઈલમાં **(૪)** ઈમામ ફકીહ અબૂલ લૈષે તંબીહુલ ગાફેલીનમાં બુરૈદા બિન હસીબથી રિવાયત કરી કે એક ગામડિયો હુઝૂર પાસે આવ્યો અને વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم ! હું ઈમાન લાવ્યો મને કોઈ એવી વસ્તુ બતાવો કે મારું યકીન વધી જાય, ફર્માવ્યું, તું શું ઈચ્છે છે ? કહ્યું, હુઝૂર ! આ ઝાડને ખિદમતે અકદસમાં બોલાવો. ફર્માવ્યું, જા બોલાવ ! એ ગામડિયો ઝાડ પાસે ગયો અને કહ્યું તને રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم બોલાવે છે. એ એક બાજુએ નમ્યું એ તરફ મૂળિયાં તૂટી ગયાં, પછી બીજી તરફ એટલું નમ્યું કે મૂળિયાં તૂટી ગયાં, પછી નબીએ પાકની ખિદમતમાં આવ્યું અને એણે કહ્યું, અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ! ગામડિયાએ કહ્યું, મને બસ છે ! બસ છે ! પછી નબીએ પાકે ઝાડને ફર્માવ્યું, પરત જા ! તો પરત થયું અને પોતાનાં મૂળિયામાં બેસી ગયું. ગામડિયાએ કહ્યું, અય અલ્લાહના રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم ! મને રજા આપો કે હું તમારું માથુ અને પગને ચૂમું. હુઝૂરે રજા આપી. પછી કહ્યું, મને રજા આપો કે હું આપને સિજદો કરું ! ફર્માવ્યું, એક બીજાને સિજદો નહીં કરે, જો હું કોઈને હુકમ આપતો કે બીજાને સિજદો કરે તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે એના હક્કના એની (પત્ની) પર મહાન હોવાને લઈને. (હાકિમે કહ્યું આ હદીષ સહીહ છે)

## ★ હુઝૂરે મનાઈ ફર્માવી ★

**(૧)** ઈમામ અહમદ **(૨)** ઈબ્ને માજા **(૩)** ઈબ્ને હબ્બાન **(૪)** અને





બયહકીએ અબ્દુલ્લાહ બિન અબી ઔફાથી રિવાયત કરી, શબ્દો ઈબ્ને માજાના છે : ફર્માવ્યું, જ્યારે હઝરત મુઆઝ رضی اللہ عنہ શામ (સિરિયા)થી પરત આવ્યા હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને સિજદો કર્યો, હુઝૂરે ફર્માવ્યું, અય મુઆઝ ! આ શું ?! વિનંતિ કરી, હું શામ પ્રદેશ ગયો ત્યાં ઈસાઈઓને જોયા કે પોતાના પાદરીઓને સરદારોને સિજદો કરે છે, તો મારા દિલે ઈચ્છા કરી કે અમે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને સિજદો કરીએ. હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, ન કરો ! જો હું કોઈને હુકમ આપતો કે અલ્લાહને છોડીને કોઈને સિજદો કરે તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે. (ઈબ્ને હબ્બાને એને સહીહમાં રિવાયત કરી અને મુનઝિરીએ એના સારા હોવાનો ઈશારો કર્યો છે. એટલે કે રિવાયતમાં કોઈ ખરાબી નથી.)

હઝરત મુઆઝએ નબીએ પાકને સ્વાગતનો સિજદો ઈસાઈઓને જોઈને કર્યો હતો કે તેઓ પોતાના પાદરીઓની એટલી ઈજ્જત કરે છે કે એમના સમક્ષ પોતાની પેશાની અને કપાળ નમાવી દે છે, તો અય અમારા સરદાર ! અય અમારા નબી, અલ્લાહના મહબૂબ સર્વ નબીઓના પ્રિય અમે આપને સિજદો કેમ ન કરીએ ! એટલે મેં આપને સિજદો કર્યો. તો હુઝૂરે એમની મનાઈ ફર્માવી અને ફર્માવ્યું કે અલ્લાહને છોડીને મખ્લૂકમાંથી કોઈને પણ સિજદો કરવો જાઈઝ નથી. એટલે સહાબીનું કામ અહીં દલીલ બની શકશે નહીં, કારણ કે નબીએ પાકે એમના કામને નાપસંદ કર્યું અને પછી મનાઈ ફર્માવી.

## ★ નબીઓ પર આક્ષેપ ★

હાકિમે સહીહ મુસ્તદરકમાં હઝરત મુઆઝ બિન જબલથી રિવાયત કરી કે તેઓ શામ પ્રદેશ ગયા અને ત્યાં જોયું કે ઈસાઈ પોતાના પાદરીઓ અને ફકીરોને સિજદો કરે છે અને યહૂદીઓ પોતાના આલિમો અને આબિદોને સિજદો કરે છે, તો પૂછયું, તમે આમ શા માટે કરો છો ? તેમણે કહ્યું, આ નબીઓની તહિય્યત છે, હઝરત મુઆઝે કહ્યું કે પછી તો અમને વધારે હક્ક પહોંચે છે કે અમે અમારા નબીને સિજદો કરીએ. નબીએ અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, કે તેઓ નબીઓ પર આક્ષેપ મૂકે છે જેમ એમણે પોતાની કિતાબ બદલી નાખી છે. જો હું એકને બીજાના સિજદાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે. (હાકિમે કહ્યું કે આ હદીષ સહીહ છે.)

## ★ યમનમાં સિજદાની જહાલત ★

**(૧)** ઈમામ અહમદે મુસ્નદમાં **(૨)** અબૂ બક્ર બિન શૈબાએ મુસન્નફમાં **(૩)** તબ્રાનીએ કબીરમાં હઝરત મુઆઝથી રિવાયત કરી. તેઓ જ્યારે યમનથી પરત આવ્યા તો વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં યમનના લોકોને જોયા કે તેઓ એક બીજાને સિજદો કરે છે, તો શું અમે આપને સિજદો ન કરીએ ?! આપે ફર્માવ્યું, જો હું એક માણસને બીજા માણસ માટે સિજદાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે. (રિવાયત કરનાર બુખારી મુસ્લિમના પસંદ કરેલ છે)

**નોંધ** : ઉપરોક્ત રિવાયત સિરિયા પ્રદેશ સંબંધિત વાતની હતી અને બીજી રિવાયત યમનના લોકો સંબંધિત હતી. ઈસ્લામનો આરંભ હતો નબીથી માલૂમ કરીને દરેક વાત શિખવવામાં આવી હતી એટલે નબીના કર્યા પછી કોઈનો અમલ દલીલ બનશે નહીં.

## ★ કબરને પણ સિજદો ન કરશો ! ★

**(૧)** અબૂ દાવૂદે સુન્નતમાં **(૨)** તબ્રાનીએ કબીરમાં **(૩)** હાકિમે મુસ્તદરકમાં **(૪)** અને બયહકીએ કૈસ બિન સઅદથી રિવાયત કરી કે હું હિયરા શહેરમાં ગયો, ત્યાંના લોકોને જોયા કે પોતાના શહેરના આગેવાનને સિજદો કરે છે. મેં કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સિજદાના વધારે લાય છે કે અમે આપને સિજદો કરીએ. ફર્માવ્યું, શું તમે મારી કબર પાસેથી પસાર થશો તો સિજદો કરશો ?! વિનંતિ કરી, ના ! ફર્માવ્યું, ન કરશો. જો હું એકને બીજાના માટે સિજદો કરવાનો હુકમ આપતો તે સ્ત્રીઓને હુકમ કરતો કે તેણીઓ પોતાના પતિને સિજદો કરે અલ્લાહ તઆલાએ જે એમનો હક્ક તેણીઓ પર રાખ્યો છે તેને લઈને. (હાકિમે કહ્યું આ હદીષ સહીહ છે.)

## ★ સિજદો માત્ર અલ્લાહ માટે ★

**(૧)** તબ્રાનીએ મુઅજ્જમે કબીરમાં **(૨)** સહીહ મુખતારામાં ઝૈદ બિન અરકમથી મૌસૂલન **(૩)** ઈમામ તિર્મિઝીએ જામિઅમાં સુરાકા બિન માલિક, તલક બિન અલી, ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે સલ્મા અને અબ્દુલ્લાહ બિન ઉમરથી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જો હું એકને બીજા માટે સિજદાનો





હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે.

## ★ મખ્લૂક સિજદાના લાયક નથી ★

મદારિકમાં હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ થી રિવાયત છે કે : એમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સિજદો કરવાનો ઈરાદો કર્યો, હુઝૂરે ફર્માવ્યું :– لَا يَنْبَغِيْ لِمَخْلُوْقٍ اَنْ يَسْجُدَ لِاَحَدٍ اِلَّا اللهَ કોઈ પણ મખ્લૂક માટે જાઈઝ નથી કે અલ્લાહને છોડીને બીજા કોઈને સિજદો કરે.

## ★ હઝરત અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم એ મનાઈ કરી ★

તફસીરે ઈબ્ને કબીરમાં હઝરત સુફયાન ષૌરીથી રિવાયત છે કે અમીરુલ મો'મિનીન હઝરત મૌલા અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم ની ખિદમતમાં ઈસાઈઓનો એલચી આવ્યો, હઝરતને સિજદો કરવાનો ઈરાદો કરવા લાગ્યો, હઝરત અલીએ ફર્માવ્યું : اُسْجُدْ لِلّٰهِ وَ لَا تَسْجُدْ لِيْ "અલ્લાહને સિજદો કર ! મને સિજદો ન કર !"

## ★ નમનથી પણ મનાઈ ★

**(૧)** જામિએ તિર્મિઝી **(૨)** ઈબ્ને માજા **(૩)** શરહે મઆનિયુલ આષારમાં અલગ અલગ રિવાયતોથી હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી : એમણે કહ્યું એક વ્યક્તિએ કહ્યું, અય અલ્લાહના રસૂલ ! અમારામાંથી એક એના બીજા ભાઈને માટે તો શું એના માટે નમન કરે ?! ફર્માવ્યું, ના ! (ઈમામ તિર્મિઝીએ કહ્યું, આ હદીષ હસન (સુંદર) છે.

## ★ કબર તરફ નમાઝ ન પઢો ★

**(૧)** ઈમામ અહમદ **(૨)** ઈમામ મુસ્લિમ **(૩)** અબૂ દાવૂદ **(૪)** તિર્મિઝી **(૫)** નસઈ **(૬)** અને ઈમામ તહાવીએ અબૂ મરષદ ગનવીથી રિવાયત કરી, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કબરો તરફ નમાઝ ન પઢો અને એના પર ન બેસો !

## ★ કબર ઉપર નમાઝ ન પઢો ★

**(૧)** તબ્રાનીએ મુઅજ્જમે કબીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ

رضی اللہ عنہما થી રિવાયત કરી. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ન કબર તરફ નમાઝ પઢો, ન કબર પર નમાઝ પઢો. (તયસીરમાં છે, આ હદીષની સનદ હસન છે.)

સહીહ ઈબ્ને હબ્બાનમાં હઝરત અનસથી રિવાયત છે : રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ કબરો તરફ નમાઝ પઢવાથી મનાઈ ફર્માવી. (અલ્લામા મનાદીએ કહ્યું કે આ હદીષની સનદ સહીહ છે.)

અબુલ ફર્જે કિતાબુલ ઈલલમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હોશિયાર ! કોઈ નમાઝમાં બીજા વ્યક્તિ તરફ મોઢું ન કરે અને ન કોઈ કબર તરફ.

## ★ કબર સામે નમાઝ હરામ ★

(૧) ઈમામ બુખારીએ પોતાની સહીહમાં તા'લીકન (૨) ઈમામે અહમદ (૩) અબ્દુર્રઝ્ઝાક (૪) હઝરત અબૂબક્ર બિન અબી શૈબા (૫) વકીઅ બિન જર્રાહ્ (૬) અબૂ નઈમ ઉસ્તાદ ઈમામ બુખારી (૭) અને ઈબ્ને મનીઅએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી : ફર્માવે છે કે મને અમીરુલ મો'મિનીન ઉમર رضی اللہ عنہ એ કબર તરફ નમાઝ પઢતો જોયો. ફર્માવ્યું, તમારી આગળ કબર છે, કબરથી બચો, કબરથી બચો, એની તરફ નમાઝ ન પઢો, તેઓ આગળ ગયા, નમાઝ પઢી અને કબરથી આગળ થઈ ગયા.

## ★ હુઝૂરની કબર હુજરામાં બંધ કેમ ? ★

(૧) અહમદ (૨) બુખારી (૩) મુસ્લિમ (૪) નસાઈએ ઉમ્મુલ મો'મિનીન સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી, રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, પોતાની બીમારીની હાલતમાં તે પછી આપ ઊભા ન થયા, અલ્લાહ યહૂદીઓ અને ઈસાઈઓ પર લા'નત કરે, એમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી લીધી. અને ફર્માવ્યું, આમ કરનાર અલ્લાહ عزوجل ની બારગાહમાં અતિ ખરાબ મખ્લૂક હશે. ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, આમ ન હોત તો આપની કબર શરીફ ખોલી દેવામાં આવતી, પણ એ બીક લાગી કે એને સિજદાની જગા બનાવી લેવામાં આવશે એટલે એને દીવારોમાં બંધ રાખવામાં આવી.





## ★ અહલે કિતાબની ભયાનક ભૂલ ★

(૧) ઈમામ માલિક (૨) ઈમામ મુહમ્મદ (૩) બુખારી (૪) મુસ્લિમ (૫) અબૂ દાવૂદ અને (૬) નસાઈમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા યહૂદીઓ અને ઈસાઓને મારી નાખે ! એમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી લીધી.

## ★ લા'નતની બદ્દુઆ ★

(૧) મુસ્લિમએ સહીહમાં (૨) અબ્દુર્રઝ્ઝાકએ મુસન્નફમાં (૩) અને દારમીએ સુનનમાં ઉમ્મુલ મુ'મિનીન અને અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત છે : રૂહે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નીકળતી વખતે હુઝૂર ચાદર ચહેરા પર નાખી લેતા, જીવ ગભરાતો તો ખોલી નાખતા એ જ સ્થિતિમાં ફર્માવ્યું, યહૂદીઓ અને ઈસાઈઓ પર અલ્લાહની લા'નત એમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી લીધી. ચેતવતા હતા કે એ પ્રમાણે કરવામાં ન આવે.

## ★ અંતિમ વસિયત ★

બઝ્ઝારે મુસ્નદમાં અમીરુલ મો'મિનીન અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી : કે રસૂલે પાકે વફાત સમયની બીમારી વખતે મને કહ્યું, લોકોને મારી પાસે હાજર થવાની ખબર આપો. મેં ખબર આપી, લોકો હાજર થયા. ફર્માવ્યું, અલ્લાહની લા'નત એવા લોકો પર જેઓ પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી લે. પછી હુઝૂર બેહોશ થઈ ગયા. જ્યારે હોશ આવ્યો તો ફર્માવ્યું, અય અલી ! લોકોને ખબર આપો, મેં ખબર આપી. ફર્માવ્યું, અલ્લાહની લા'નત છે એવા લોકો પર જેમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી, ત્રણ વખત આમ જ થયું.

(૧) અબૂ દાવૂત તયાલિસી (૨) ઈમામ અહમદે મુસ્નદમાં (૩) તબ્રાનીએ કબીરમાં (૪) અબૂ નઈમએ મારફતુસ્સહાબામાં ઉસામા બિન ઝૈદથી રિવાયત કરી : રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની વફાતવાળી બીમારીમાં ફર્માવ્યું, મારા સહાબાને મારી પાસે લાવો ! હાજર થયા તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ

પોતાના ચહેરા પરથી કપડુ હટાવીને ફર્માવ્યું, યહૂદીઓ અને ઈસાઈઓ પર અલ્લાહની લા'નત ! એમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી લીધી.

## ★ જીવતા જીવ કિયામત ★

ઈમામ અહમદ અને તબ્રાનીએ સારી સનદ સાથે હઝરત ઈબ્ને મસઊદથી રિવાયત કરી : રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

إِنَّ مِنْ شِرَارِ النَّاسِ مَنْ تُدْرِكُهُمُ السَّاعَةُ
وَهُمْ أَحْيَاءٌ وَمَنْ يَتَّخِذِ الْقُبُوْرَ مَسَاجِدَ

લોકોમાં સૌથી બદ્તર અને ખરાબ જેમના પર જીવતે જીવ કિયામત આવી ગઈ એ છે જેમણે કબરોને સિજદાની જગા બનાવી.

## ★ સદંતર ખરાબ કોણ ?! ★

અબ્દુર્રઝ્ઝાકએ મુસન્નફમાં હઝરત મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, લોકોમાં અધિક ખરાબ એ લોકો છે જેઓ કબરોને સિજદાની જગા બનાવે.

## ★ બની ઈસરાઈલ જેવું ન કરશો ★

મુસ્લિમમાં હઝરત જુન્દુબથી મુઅજજમે તબ્રાનીમાં હઝરત કઅબ બિન માલિકથી રિવાયત કરી : એમણે કહ્યું કે નબીએ પાકથી સાંભળ્યું પરદો ફર્માવ્યાથી પાંચ દિવસ પહેલાં કે હોશિયાર ! તમારાથી પહેલાંના લોકો પોતાના નબીઓ અને વલીઓની કબરોને સિજદાની જગા બનાવી દેતા હતા, હોશિયાર ! તમે એવું ન કરશો, જરૂર હું તમને એનાથી મનાઈ કરું છે.

## ★ કબરને મૂર્તિ ન બનાવશો ★

અકીલીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી : રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુઆ ફર્માવી, અય અલ્લાહ ! મારી કબરને મૂર્તિ ન બનાવતો ! અલ્લાહની લા'નત એમની ઉપર જેમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી.





## ★ અલ્લાહ કોના પર ક્રોધમાં ★

ઈમામ માલિકે મુઅત્તામાં અતા બિન યસારથી મુરસલન અને બઝ્ઝારે મુસનદમાં અતા બિન યસારના તરીકા પર અબૂ સઈદ ખુદરી رحمۃ اللہ علیہ થી મૌસૂલન રિવાયત કરી : રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહનો ક્રોધ એ કોમ પર વધી ગયો જેમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી.

અબ્દુર્રઝ્ઝાક મુસન્નફમાં અમ્ર બિન દીનારથી મુરસલન રિવાયત કરે છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બની ઈસરાઈલે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી લીધી તો અલ્લાહ તઆલાએ એમની ઉપર લા'નત ફર્માવી.

**ફાયદો** : અલ્લામા કાઝી બયદાવી, અલ્લામા તીબી શરહે મિશ્કાતમાં, મુલ્લા અલી કારી મિશ્કાતમાં લખે છે કે યહૂદીઓ અને ઈસાઈઓ પોતાના નબીઓના મઝારોને સિજદો કરતા, અને એને કિબ્લો બનાવી નમાઝમાં એની તરફ મોઢું કરતા તો એમણે એને મૂર્તિઓ બનાવી લીધી, તો નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના પર લા'નત કરી અને મુસલમાનોને એ પ્રમાણેના કામથી મનાઈ કરી.

મજમએ બિહારીલ અન્વારમાં છે : એને કિબ્લો બનાવે છે અને નમાઝમાં એ તરફ સિજદો કરે છે.

તયસીર અને સિરાજે મુનીરમાં છે કે એમણે કબરોને સિજદાની દિશા બનાવી લીધી.

ઝવાજિર ઈમામ ઈબ્ને હજર મક્કીમાં છે : કબરોને સિજદાની જગા બનાવી લેવાનો અર્થ એ છે એના પર અથવા એની તરફ નમાઝ પઢવામાં આવે.

અલ્લામા તુસ્પશતીએ મસાબીહમાં બંને પ્રકાર લખ્યા છે : એક એ કે ઈજ્જત અને ઈબાદતના ઈરાદે નબીઓની કબરોને સિજદો કરે છે, બીજું એ કે નમાઝમાં એમની કબરો તરફ ચહેરો રાખે છે. પછી ફર્માવ્યું, બંને પ્રકાર નાપસંદ છે.

શૈખ મુહક્કિક લમ્આતમાં એને વર્ણન કરી ફર્માવે છે કે : ઈમામ ઈબ્ને હજરની શરહમાં પણ આ પ્રમાણે જ છે. તો સ્પષ્ટ થયું કબરને સિજદો અને કબર તરફ સિજદો બંને હરામ છે. અને આ હદીષોના હુકમમાં પ્રવેશેલ છે અને ધમકીઓ બંને માટે જ છે.

## ★ હદીષોનો નિચોડ ★

નબીએ અકરમ ﷺ ના એક નહીં અનેક ફર્માનોથી એ બતાવ્યું કે અલ્લાહ તઆલાને છોડીને કોઈ પણ મખ્લૂકને સિજદો કરવો હરામ છે. અને જેમ જીવંતને સિજદો કરવો હરામ છે મરણ પછી એની કબરને સિજદો કરવો પણ હરામ છે, બલ્કે ઈજ્જત માટે એ તરફ ચહેરો કરીને નમાઝ પઢવી પણ હરામ છે. જ્યારે આપણા નબીના મુકામ (મર્તબો) આટલો ઊંચો છે તો પણ એમને સિજદો કરવો ઈજ્જતની નિય્યતે હરામ છે તો પછી બીજા કોઈને સિજદો જાઈઝ કેમ કરી બની શકે છે ?! સારાંશ એ થયો કે ઈસ્લામમાં મખ્લૂકને સિજદો કરવો નાજાઈઝ અને હરામ છે. અને આગલી શરીઅતોમાં એવી કોઈ વાત જોવા મળે તો એ આપણા નબીના મનાઈ કરવાથી મન્સૂખ છે, એનો હુકમ ઉઠી ગયો. જ્યારે આપણા નબી અંતિમ નબી છે અને આપ પછી દુનિયામાં હવે કોઈ નવો નબી આવવાનો નથી તો પછી જે શરીઅત આપણને આપવામાં આવી એ પણ અંતિમ શરીઅત છે એટલે કિયામત સુધી ગેરે ખદા માટે સિજદો હરામ છે, એમાં ફેરફારનો હવે કોઈને હક્ક નથી !

## ★ ફિકહમાં ગેરખુદાને સિજદો હરામ હોવો ★

અમલ બાબત હદીષો જોઈને પબ્લિક તો શું આલિમોને પણ અધિકાર રહ્યો નથી જ્યારથી ઈસ્લામી દુનિયામાં ચાર ઈમામોના મસ્લક પર એકમતી થઈ ગઈ છે. એટલે પબ્લિક અને આલિમ બંને માટે પોત પોતાના ઈમામની વાત માનવી જરૂરી છે, તો પણ આલિમો તરફથી ક્યારેક કુર્આન અને હદીષથી પુરાવા આપવામાં આવે છે તો તે એટલા માટે કે અમારા ઈમામે જે કંઈ કહ્યું છે તે કુર્આન અને હદીષના પ્રકાશમાં છે. જો જમાનાના આધારે કોઈ નવો મસ્અલો આવે તો ઈમામના બતાવેલા કાયદાઓને લક્ષમાં રાખી મસ્અલાનો હલ કુર્આન અને હદીષથી લેવામાં આવશે. આ મસ્અલાને તમારા માટે યકીનની હદે પહોંચાડવા અમે જરૂરતથી અધિક પુરાવા આપીશું, જેનાથી એ સ્પષ્ટ થઈ જશે કે અમારામાં જે લોકો પીરોને અથવા કબરોને સિજદો કરે છે તે તદન ખોટું, બિદઅતે સૈયેઆ અને ખતરનાક હરામ છે. એનાથી જલ્દીથી તૌબા કરી મુસલમાનોએ પોતાનો માહોલ પાક કરવો જોઈએ.





# પુરાવાનો જથ્થો

## ★ ગેર ખુદાને સિજદો કુફ્ર છે ★

**(૧)** તબયીનુલ હકાઈક ઈમામ ફખ્રુદ્દીન ઝેલઈ, ભાગ–૧, પેજ–૨૦૨ **(૨)** ગુન્નિયતુલ મુસતમલી મુહક્કિક ઈબ્રાહીમ હલબી, પેજ–૨૬૬ **(૩)** ફત્હુલ્લાહિલ મુઈન અલ્લામા સૈયદ અબ્રસ્સઊદ અઝહરી, ભાગ–૧, પેજ ૨૯૦ :–

اَلتَّوَاضُعُ نِهَايَةٌ تُوْجَدُفِى السُّجُوْدِوَ
لِهٰذَايُسْجَدُلِغَيْرِاللّٰهِ تَعَالٰى يُكَفَّرُ

નમીને રહેવાનો અંત સિજદામાં મળે છે, એટલા માટે અલ્લાહ સિવાય કોઈને સિજદો કુફ્ર છે.

**(૪)** નિસાબુલ ઈહતિસાબ કલમી, બાબ–૪૯, **(૫)** કિફાયએ શઅબી :–

اِذَاسُجِدَلِغَيْرِاللّٰهِ تَعَالٰى يُكَفَّرُلِاَنَّ وَضْعَ الْجِبْهَةِ
عَلَى الْاَرْضِ لَايَجُوْزُاِلَّالِلّٰهِ تَعَالٰى

ગેરે ખુદાને સિજદો કરે તો કાફિર છે એટલા માટે કે જમીન પર કપાળ રાખવું માત્ર અલ્લાહ માટે જ જાઈઝ છે.

**(૬)** મબસૂત ઈમામે જલીલ (મહાન) શમ્સુલ અઈમ્મા સરખસી **(૭)** માજિઉર્રોમુઝ, પેજ–૫૩૫ :–

مَنْ سَجَدَلِغَيْرِاللّٰهِ تَعَالٰى عَلٰى وَجْهِ التَّعْظِيْمِ كُفْرٌ

"ગેર ખુદાને ઈજ્જતનો સિજદો કરનાર કાફિર છે."

**(૮)** મન્હુર્રૌઝિલ અઝહર ફી શરહીલ ફિકહીલ અકબર, પેજ નં. ૨૩૫ :–

وَضْعُ الْجَبِيْنِ اَقْبَحُ مِنْ وَضْعِ الْخَدِّفَيَنْبَغِىْ اَنْ لَايُكَفَّرُاِلَّا
بِوَضْعِ الْجَبِيْنِ دُوْنَ غَيْرِهٖ لِاَنَّ هٰذِهٖ سِجْدَةٌ مُخْتَصَّةٌ لِلّٰهِ تَعَالٰى

જમીન પર કપાળ રાખવું ગાલ રાખવાથી અધિક ખરાબ છે, તો કુફ્ર માત્ર કપાળ રાખવાથી જ થશે એ સિવાય નહીં, એટલા માટે કે સિજદો અલ્લાહ તઆલા માટે જ છે.

**(૯)** શરહે નિકાયા અલ્લામા કોહિસ્તાની, પેજ–૫૩૫ **(૧૦)** મજમઉલ અનહર શરહે મુલતકલ અબહર, ભાગ–૨, પેજ–૫૨૦, બંને ફતાવા ઝહીરિયાથી **(૧૧)** રદ્દુલ મુહતાર અલ્લામા શામી, ભાગ–૫, પેજ–૩૭૮ જામિઉર્રોમુઝથી : يُكَفَّرُ بِالسَّجْدَةِ مُطْلَقًا ગેર ખુદાને સિજદો કરવાથી કોઈ પણ શરત વિના કાફિર થઈ જશે.

**(૧૨)** ગાયતુલ બયાન અલ્લામા ઈત્તેકાની :–

اَمَّا السُّجُوْدُ لِغَيْرِ اللّٰهِ فَهُوَ كُفْرٌ اِذَا كَانَ مِنْ غَيْرِ اِكْرَاهٍ ગેરખુદાને સિજદો કરવો કુફ્ર છે જે મજબૂરી વિના હોય (એટલે કે કોઈ દુશ્મનના હાથમાં છે અને એ ગેરે ખુદાને સિજદો કરવાનું કહે છે. જો ન કરવામાં આવે તો મારી નાખે અથવા હાથ, પગ કે બદનના બીજા કોઈ અંગમાં નુકસાન કરે તો એ મજબૂર છે.)

**(૧૩)** મન્હુર્રોઝમાં છે, પેજ–૨૩૫ :–

اَمَّا السُّجُوْدُ لِغَيْرِ اللّٰهِ فَهُوَ كُفْرٌ اِذَا كَانَ مِنْ غَيْرِ اِكْرَاهٍ જો કોઈ પણ મજબૂરી વગર સિજદો કરવામાં આવે તો આલિમોની સંમતિથી કાફિર છે.

**(૧૪)** ઈમામ ઈબ્ને હજર મક્કી ઈઅલામ બિ કવાતિઈલ ઈસ્લામ, પેજ–૫૫, પર લખે છે કે સિજદો ગેરે ખુદા સમક્ષ અમુક વખત કુફ્ર હોય છે અને અમુક વખત હરામ હોય છે.

فَالْكُفْرُ اَنْ يَّقْصِدَ السُّجُوْدَ لِلْمَخْلُوْقِ وَ الْحَرَامُ اَنْ يَّقْصِدَهٗ لِلّٰهِ
مُعَظِّمًا بِهٖ ذٰلِكَ الْمَخْلُوْقَ مِنْ غَيْرِ اَنْ يَّقْصِدَهٗ بِهٖ اَوْ لَا يَكُوْنَ
لَهٗ قَصْدٌ

કુફ્ર એ કે મખ્લૂક માટે સિજદાનો ઈરાદો કરે અને હરામ એ કે ઈરાદો અલ્લાહ માટે હોય અને એ મખ્લૂકની ઈજ્જત કે પછી કોઈ જ ઈરાદો ન હોય.

## ★ વિવાદ : સ્વાગતનો સિજદો કુફ્ર નથી હરામ છે ★

**(૧૫)** જવાહિરુલ અખલાતી કિતાબુલ ઈસ્તિહસાન **(૧૬)** હિંદિયા, પેજ–૩૬૮ **(૧૭)** નિસાબુલ ઈહતિસામ, બાબ–૪૯, **(૧૮)** એ બધાંએ ઈમામ ફકીહ અબૂ જા'ફર હિંદવાનીથી શબ્દો નિસાબુલ ઈહતિસાબના છે, જેણે



ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !

રાજા અથવા આગેવાન સામે જમીનનું ચુંબન કર્યું અથવા એને સિજદો કર્યો તો જો સ્વાગત માટે હોય તો કાફિર નહીં થાય પણ ગુનેહગાર થશે મહાન (કબીરા) ગુનાહથી. જો રાજાની ઈબાદતની નિય્યત અથવા ઈબાદત કે સ્વાગત કોઈ નિય્યત એ સમયે ન હતી તો બેશક ! કાફિર થઈ ગયો.

**(૧૯)** ફતાવા ઈમામ ઝહીરુદ્દીન **(૨૦)** એનો ટૂંકસાર ઈમામ ઐનીએ **(૨૧)** એનાથી ગમઝુલ ઓયૂન વલ બસાઈર, પેજ–૩૧ **(૨૨)** ફતાવા ખુલાસા **(૨૩)** એનાથી મન્હુર્રોઝ, પેજ–૨૩૫, આ શબ્દો ઈનામે ઐનીના છે : ગેરખુદાને સિજદાથી અમુકે કહ્યું કોઈ પણ શરત વિના કાફિર છે અને વધારે પડતાનું કહેવું છે કે એમાં ઘણા પ્રકાર છે. ગેરની ઈબાદતની ઈચ્છા કરી તો કાફિર છે, સ્વાગતની નિય્યત કરી તો કુફ્ર નથી હરામ છે અને કોઈ નિય્યત ન કરી હતી તો વધુ પડતાં ઈમામો નજીક કાફિર છે ખુલાસાનું લખાણ આ પ્રમાણે છે : રાજાઓને સિજદો ગુનોહ કબીરા છે અને કાફિર પણ થશે કે નહીં અમુકે કહ્યું કોઈ શરત વિના કાફિર થઈ જશે. વધુ પડતા લોકોએ કહ્યું, મસ્અલાને વિગતવાર દર્શાવાની જરૂરત છે, ઈબાદતની ઈચ્છા કરી તો કાફિર થઈ જશે, સ્વાગત હોય તો નહીં. કિતાબુસ્સિયરમાં આ જ પ્રમાણે છે અને ઈમામ મુહમ્મદની કિતાબ મબસૂતમાં પણ, મુલ્લા અલી કારીએ અર્થનો ખયાલ રાખી વર્ણન કર્યું. ખુલાસામાં છે : જેણે રાજાઓને સિજદો કર્યો જો એનાથી અલ્લાહ માફક ઈજ્જતનો ઈરાદો કર્યો તો કુફ્ર છે અને સ્વાગતનો ઈરાદો કર્યો તો અમુક આલિમોનું મંતવ્ય છે કે કાફિર નથી.

**(૨૪)** ઈમામ સદર શહીદ શરહે જામિએ સગીરમાં **(૨૫)** એમનાથી ઈમામ સમઆની ખઝાનતુલ મુફતિયીનમાં **(૨૬)** જવાહિર અખલાતી કિતાબુલ ઈસ્તિહસાન **(૨૭)** આલમગીરી, ભાગ–૫ **(૨૮)** જામિઉલ ફોસૂલૈન, ભાગ–૨, પેજ–૩૧૪ **(૨૯)** મજમઉન્વાઝિલ **(૩૦)** વજીઝુલ મુહીત **(૩૧)** જામિઉર્રોમુઝ, પેજ–૫૩૫, **(૩૨)** મુહીત **(૩૩)** જામિઉલ ફોસૂલૈન **(૩૪)** મજમઉલ અનહર, ભાગ–૨, પેજ–૫૨૦ અને આ શબ્દો ઈમામ સદર શહીદના છે, જેણે રાજા અથવા સરદાર સામે જમીનનું ચુંબન કર્યું અથવા એને સિજદો કર્યો તે જો સ્વાગત માટે હોય તો કાફિર નહીં થાય, કબીરો ગુનોહ કરનાર ઠરશે.

જામિઉર્રોમુઝના શબ્દો આ પ્રમાણે છે : જમીનનું ચુંબન અને સ્વાગતનો

સિજદો નાજાઈઝ અને કબીરો છે. જવાહિર અને હિંદિયામાં આમ છે : કાફિર નહીં થાય પણ એના કરવાથી ગુનોહ કબીરો કરનાર ઠરશે.

જામિઉલ ફોસૂલૈનમાં આ પ્રમાણે છે : ગુનેહગાર થશે જો સ્વાગતનો સિજદો કરશે હરામ કરવાને લઈને.

મજમઉલ અનહરના શબ્દો આ પ્રમાણે છે : સ્વાગતના સિજદાથી કાફિર તો નહીં થાય, ગુનેહગાર અને કબીરાનો કરનાર ઠરશે.

**(૩૫)** દુર્રેમુખ્તાર **(૩૬)** મજમઉલ અનહરમાં છે : એના પર (સિજદાથી) કાફિર થશે કે નહીં, જો બંદગી અને ઈજ્જત માટે હોય તો કુફ્ર છે, સ્વાગત માટે હોય તો નહીં પણ કબીરો ગુનોહ કરનાર ઠરશે.

**(૩૭)** અલ્લામા ઈબ્ને આબેદીન, ભાગ–૫, દુર્રે મખ્તારની વાત પર લખ્યું અહીંયા બે મંતવ્યો છે : એક એ કે તા'ઝીમી સિજદો કુફ્ર છે, ઈમામ શમ્સુલ અઈમ્મા સરખસીનું મંતવ્ય છે, સ્વાગતનો સિજદો કુફ્ર નથી. ઈમામ સહર શહીદની પસંદ કરેલી વાત આ જ છે.

**(૩૮)** ઈમામ મુહમ્મદની કિતાબુલ અસ્લ **(૩૯)** ફતાવા કિતાબુસ્સિયર **(૪૦)** એમનાથી ફતાવા ખુલાસામાં **(૪૧)** ફતાવા ગવષિયા, પેજ–૧૦૭ **(૪૨)** મુહીત **(૪૩)** એનાથી શરહે ફિકહે અકબરમાં પેજ–૩૫ **(૪૪)** નિસાબુલ ઈહતિસાબ, બાબ–૪૯ **(૪૫)** વજીઝ, ભાગ–૬, પેજ–૩૪૩ **(૪૬)** ઈખ્તિયાર શરહે મુખ્તાર **(૪૭)** અલ્લામા શૈખ ઝાદા મુલતકાના શારેહ, ભાગ–૨, પેજ–૫૨૦ માં છે : જ્યારે કોઈ હરબી કાફિર કોઈ મુસલમાનને કહે રાજાને સિજદો કર, નહીં તો તને કત્લ કરી નાખીશું ! તો ઉત્તમ એ છે કે સિજદો ન કરે, કારણ કે આ જોવામાં કુફ્ર છે. અને જોવામાં જે કુફ્ર હોય એનાથી બચવું ઉત્તમ છે, ભલે મજબૂરીની હાલતમાં હશે.

**(૪૮)** ફતાવા ઈમામ કાઝીખાં, ભાગ–૪, પેજ–૩૭૮, **(૪૯)** એનાથી ફતાવા હિંદિયામાં, ભાગ–૫, પેજ–૩૬૮ **(૫૦)** ઈશબાહ વન્નઝાઈરમાં **(૫૧)** એનાથી હદીકએ નદિય્યામાં ઈમામ આ'રિફ બિલ્લાહ નાબેલ્સી, ભાગ–૧, પેજ–૩૮૧ **(૫૨)** ખઝાનતુલ મુફતિયીન **(૫૩)** ફતાવાએ કુબરા **(૫૪)** વાકેઆત ઈમામ નાતેફી **(૫૫)** એનાથી ઓયૂનુલ મસાઈલ **(૫૬)** એનાથી વાકેઆતે ઈમામ સદર શહીદ બાબુલ ઐન લિલ ઓયૂન **(૫૭)** એનાથી ગાયતુલ બયાન કિતાબુલ કરાહત **(૫૮)** વાકેઆતે નાતેફીથી જામિઉલ ફોસૂલૈન,





ભાગ–૨, પેજ–૩૧૪ : જો કાફિરે મુસલમાનને કહ્યું કે રાજાને સિજદો કરો નહીં તો કત્લ કરી દેવામાં આવશે. આલિમોએ કહ્યું, જો કાફિર એનાથી ઈબાદતનો સિજદો કરાવી રહ્યો છે તો ઉત્તમ એ છે કે સિજદો ન કરે, જેમ કે કુફ્રમાં મજબૂર બનાવવામાં આવે તો સબરથી કામ લેવું ઉત્તમ છે. જો સ્વાગત સિજદા માટે કરી રહ્યો છે તો ઉત્તમ એ છે કે સિજદો કરીને જાન બચાવે.

**(૫૯)** ફતાવા આલમગીરી, ભાગ–૫, પેજ–૩૬૯ **(૬૦)** ફતાવા ગરાઈબથી આ પ્રમાણે છે : માત્ર અલ્લાહ માટે જ સિજદો જાઈઝ છે. એટલે કે અલ્લાહને છોડીને કોઈના માટે જાઈઝ નથી. **(૬૧)** ઈકલીલ **(૬૨)** નિસાબુલ ઈહતિસાબમાં પણ આ પ્રમાણે છે **(૬૩)** એક મહાન તાબઈ તરફથી જેઓ ખિલાફતે ફારૂકીના જમાનામાં પ્રથમ ભાગમાં હતા અને મુજાહિદ પણ હતા, ફર્માવ્યું :–

اِنَّ السُّجُوْدَ فِیْ دِیْنِ مُحَمَّدٍ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ لَا یَحِلُّ اِلَّا لِلّٰہِ

"સિજદો દીને મુહમ્મદીમાં માત્ર અલ્લાહ માટે જ હલાલ છે."

## ★ ગેરે ખુદાને માટે સિજદો જાઈઝ સમજવો કુફ્ર છે ★

**(૬૪)** તરીકએ મુહમ્મદીમાં છે : હરામ નમનમાંથી બુઝુર્ગોને મળતી વખતે, સલામ સમયે, જવાબ દેતી વખતે એમને સિજદો કરવો, અથવા રુકૂઅ કરવો અથવા રુકૂઅ જેટલું નમવું છે. **(૬૫)** મન્હુર્રૌઝ, પેજ–૨૨૭ માં છે : ગેર ખુદાને સિજદો હરામ છે. **(૬૬)** રૌઝામાં જે ઈમામ અબૂ ઝકરિયા નવોવીની છે **(૬૭)** ઈમામ ઈબ્ને હજર મક્કીને ઈઅલામ તિકવાતિઈલ ઈસ્લામ, પેજ, ૧૩ :–

مَا یَفْعَلُہٗ کَثِیْرٌ مِّنَ الْجَھَلَۃِ الظَّالِمِیْنَ مِنَ السُّجُوْدِ بَیْنَ یَدَیِ الْمَشَائِخِ فَاِنَّ ذٰلِکَ حَرَامٌ قَطْعًا بِکُلِّ حَالٍ سَوَاءٌ کَانَ لِلْقِبْلَۃِ اَوْ لِغَیْرِھَا سَوَاءٌ قَصَدَ السُّجُوْدَ لِلّٰہِ تَعَالٰی اَوْ غَفَلَ وَفِیْ بَعْضِ صُوَرِہٖ مَا یَقْتَضِی الْکُفْرُ

ઘણા જાહિલો જે પીરોને સિજદો કરે છે એ દરેક હાલતમાં હરામ છે, યકીન સાથે, કિબ્લા તરફ હોય કે પછી બીજી કોઈ તરફ, ખુદાના સિજદાની નિય્યત કરે કે પછી એનાથી વંચિત, એમાંથી અમુક કુફ્રનો હુકમ રાખે છે.

(૬૯) ગાયતુલ બયાન શરહે હિદાયા અલ્લામા ઈત્તેકાનીની :–

وَمَايَفْعَلُهُ بَعْضُ الْجُهَّالِ مِنَ الصُّوْفِيَّةِ بَيْنَ يَدَىْ شَيْخِهِمْ
فَحَرَامٌ مَحْضٌ اَقْبَحُ الْبِدَعِ فَيُنْهَوْنَ عَنْ ذٰلِكَ لَامُحَالَةَ

સિજદો જે અમુક જાહિલ સૂફી પોતાના શૈખ સામે કરે છે તે તદ્દન હરામ છે. ખરાબમાંની ખરાબ બિદઅત છે, નિઃશંક ! એમને એનાથી રોકવામાં આવશે.

## ★ પીર માટે સિજદો જાઈઝ સમજવો કુફ્ર છે ★

(૭૦) વજીઝમાં ઈમામ હાફિઝુદ્દીન મુહમ્મદ બિન મુહમ્મદ વર્ણન કરે છે, ભાગ–૨, પેજ–૩૪૩ :–

اِنَّمَا يَفْعَلُهُ الْجَهَلَةُ لِطَوَاغِيْطِهِمْ وَيُسَمُّوْنَهُ پائے گاہ كُفْرٌ عِنْدَ
بَعْضِ الْمَشَائِخِ وَكَبِيْرَةٌ عِنْدَ الْكُلِّ فَلَوْ اِعْتَقَدَهَا مُبَاحَةً لِشَيْخِهِمْ
فَهُوَ كَافِرٌ وَ اِنْ اَمَرَهُ شَيْخُهُ بِهٖ وَرَضِىَ بِهٖ مُسْتَحْسِنًا لَهُ فَالشَّيْخُ
النَّجْدِىُّ اَيْضًا كَافِرٌ اِنْ كَانَ قَدْ اَسْلَمَ فِىْ عُمْرِهٖ

જાહિલો જે પોતાના બદ્‌માશ પીરોને સિજદો કરે છે અને એને કદમ બોસીનું નામ આપે છે, અમુક આલિમોના મંતવ્યમાં કુફ્ર છે, અને કબીરો ગુનોહ સર્વ સંમતિથી. પરંતુ જો એને પોતાના પીર માટે જાઈઝ સમજી લે તો કાફિર છે. અને એના પીરે હુકમ આપ્યો એને પસંદ કરીને એના પર ખુશ થયો તો એ શૈખે નજદી પોતે પણ કાફિર જો ક્યારે મુસલમાન રહ્યો પણ હોય.

## ★ ઉપરોક્ત પુરાવાઓનો ખુલાસો ★

ઉપરોક્ત જે પુરાવાઓ રજુ કરવામાં આવ્યા તે સિત્તેર મહાન આલિમોના ફિકહી મંતવ્યોના આધારે છે. એમાં અમુકે ગેરે ખુદાને કોઈ પણ નિય્યતે સિજદો કરવામાં આવે કુફ્ર બતાવ્યું તો એમના ફતાવાના આધારે તો ગેર ખુદાને સિજદો કરતાં જ માણસ ઈસ્લામમાંથી નીકળી જશે. પરંતુ વધુ પડતા આલિમોએ કુફ્ર કહેવામાં અમુક શરતોનો વધારો કર્યો છે. ઈબાદતની નિય્યત હોય, અલ્લાહ માફક ઈજ્જતની નિય્યત હોય, સ્વાગત માટે કે માત્ર સલામના તરીકા પર મુલાકાત માટે હોય પણ જાઈઝ સમજીને હોય તો કુફ્ર અને કરનાર કાફિર, જેને કરવામાં આવ્યો એ પસંદ કરતો હોય તો એ પણ





કાફિર અને જાઈઝ ન સમજતો હોય, હરામ સમજે છતાં કરે તો ફાસિક એને રોકવામાં આવશે.

## ★ નાજાઈઝ સમજે તો કરે શા માટે ?! ★

દુનિયામાં માણસ ઘણા બધા ગુનાહનાં કામો કરે છે પણ એને ગુનોહ સમજીને કરે છે એટલે એ ફાસિક ઠરી શકે છે પણ એને કાફિર નથી કહી શકતા, પરંતુ દીન અને ધર્મ સંબંધિત સભાઓ જેને ઈબાદત સમજીને જ આયોજન કરવામાં આવે છે, એમાં જો પીરને સિજદો કરવામાં આવે તો એ જાઈઝ સમજીને જ હોય છે, હરામ હોય તો દીની સભામાં ન થાય, બીજું એ કે હરામ સમજવામાં આવતું હોય તો એનાથી મનાઈ કરવામાં કેમ નથી આવતી ?! ત્રીજું એ કે એ પ્રમાણેના સિજદાને બીજો કોઈ હરામ કહેતો હોય તો એની સાથે પણ એ પ્રમાણેના લોકો લડવા ઉભા થઈ જાય છે ! હરામ કહેવા પર લડવું હલાલ હોવાનો પુરાવો છે. ચોથું એ કે ગેરખુદામાં પીરને સિજદો કરવો જાઈઝ છે એ પ્રમાણેના એમના જાહિલોમાં બયાન કરવામાં આવે છે. પછી તો હરામ માનતા જ નથી ! તમે જાણ્યું કે હદીષોમાં તો મનાઈ છે જ, એનો તો કોઈ ઈન્કાર કરી શક્તો જ નથી. ફિકહમાં પીરને જે સિજદો કરવામાં આવે છે એને જાઈઝ સમજનાર અને એ સિજદાને સારો કહેનાર, માનનાર સર્વ પર ઓલમાની સંમતિથી કુફ્રનો ફત્વો છે. વધુ ઉલ્લેખ માટે ફતાવા રઝવિય્યહ, ભાગ–૯, પેજ–૨૨૭ પર જુઓ.

## ★ આ'લા હઝરતનું મંતવ્ય અને ફત્વો ★

આ'લા હઝરત ફર્માવે છે : એવો અભિમાની ખુદાને ભૂલી જનાર, મનમાની કરનાર, પોતાના માટે સિજદાની ઈચ્છા કરનાર, વધુ પ્રમાણમાં શરીઅતથી આઝાદ અને મુક્ત હોય છે, આમ તો એ પોત જ કાફિર છે અને કોઈ વખતમાં આમ ન હોય તો કતઈ, યકીની અને ઈજમાઈ હરામને સારું સમજીને હવે થયો. (એટલે કે પહેલાં મુસલમાન હતો તો પોતાના માટે સિજદો જાઈઝ સમજીને હવે કાફિર થઈ ગયો.)

## ★ સ્વાગત માટે જમીનનું ચુંબન હરામ ★

(૧) જામિએ સગીર ઈમામ કબીર (૨) એનાથી ફતાવા તાતાર

ખાનિયામાં **(૩)** એનાથી આલમગીરીમાં, ભાગ–૫, પેજ–૩૬૯ **(૪)** કાફી શરહે વાફી **(૫)** ગાયતુલ બયાન શરહે હિદાયા **(૬)** કિફાયા શરહે હિદાયા **(૭)** તબયીનુલ હકાઈક શરહે કન્ઝ **(૮)** તન્વીરુલ અબસાર **(૯)** દુર્રે મુખ્તાર **(૧૦)** મજમઉલ અનહર શરહે મુલતકલ અબહર, ભાગ–૨, પેજ–૫૨૦ **(૧૧)** ફત્હુલ મુઈન, ભાગ–૩, પેજ–૪૦૨ **(૧૨)** જવાહિરુલ અખલાતી કિતાબુલ ઈસ્તિહસાન **(૧૩)** તકમેલતુલ બહ્ર, ભાગ–૮, પેજ–૨૨૬ **(૧૪)** શરહે કન્ઝ મુલ્લા મિસ્કીન **(૧૫)** ફતાવા ગરાઈબ **(૧૬)** એનાથી ફતાવા હિંદયામાં :–

مَا يَفْعَلُوْنَهٗ مِنْ تَقْبِيْلِ الْاَرْضِ بَيْنَ يَدَىِ الْعُلَمَآءِ
وَالْعُظَمَآءِ فَحَرَامٌ وَالْفَاعِلُ وَالرَّاضِىْ بِهٖ اٰثِمَانِ

આલિમો અને બુઝુર્ગો સામે જમીન ચુમવી હરામ છે, ચુમનાર અને ખુશ થનાર બંને ગુનેહગાર છે.

કાફી કિફાયા વગેરેમાં આટલો વધારો થયો છે :–

لِاَنَّهٗ يُشْبِهُ عِبَادَةَ الْوَثَنِ એટલા માટે કે એ મૂર્તિની પૂજા જેવું છે.

**(૧૭)** તહતાવી, ભાગ–૪ માં છે : એમાં ગેરખુદાને સિજદા જેવું લાગે છે.

આ'લા હઝરત ફર્માવે છે કે જમીન ચૂમવી વાસ્તવમાં સિજદો નથી, સિજદામાં કપાળ રાખવું જરૂરી છે. જ્યારે એને હરામ એટલા માટે કહેવામાં આવ્યું કે મૂર્તિ પૂજા માફક છે અને જોવામાં સિજદાથી નિકટ છે. તો પછી સિજદો કેટલો હરામ અને મૂર્તિ પૂજા જેવો છે.

**(૧૮)** ગુન્નિયએ ઝવીલ અહકામ, ભાગ–૧, પેજ–૩૧૮ **(૧૯)** મતને મવાહિર્રહમાનથી લઈને છે :–

يُحَرَّمُ تَقْبِيْلُ الْاَرْضِ بَيْنَ يَدَىِ الْعَالِمِ لِلتَّحِيَّةِ
تَقْبِيْلُ الْاَرْضِ وَالْاِنْحِنَآءِ لَيْسَ بِجَائِزٍ بَلْ مُحَرَّمٌ

"આલિમ સામે સ્વાગઘત માટે જમીનનું ચુંબન હરામ છે."

**(૨૦)** ખાદિમી અલ્ દુરર, પેજ–૧૫૫ :– "જમીન ચૂમવી નમન કરવું જાઈઝ નથી હરામ છે."





**(૨૧)** રદુલ મુહતાર, ભાગ–૫, પેજ–૩૭૯, **(૨૨)** દુર્રે મુલતકા શરહે મુલતકાથી ચૂમનના પ્રકારમાં છે. حَرَامٌ لِلْاَرْضِ تَحِيَّةً وَكُفْرٌ لَّهَا تَعْظِيْمًا સ્વાગતના તરીકાથી જમીનનું ચૂમન હરામ છે અને ઈજ્જતના તરીકાથી કુફ્ર છે.

**(૨૩)** ફતાવા ઝહીરિયા **(૨૪)** મુખ્તસર ઈમામ ઐની **(૨૫)** એનાથી ગમઝુલ ઓયૂન, પેજ–૩૧ **(૨૬)** શરહે ફિકહે અકબર, પેજ–૩૩૫થી છે : જમીનનું ચૂમન સિજદાથી નજીક છે, કપાળનો ખૂણો અથવા ગાલ જમીન પર રાખવો એનાથી પણ અધિક ખરાબ છે.

**ખુલાસો** : ઉપરોક્ત છવ્વીસ પુરાવાથી એ સ્પષ્ટ થયું કે સિજદો તો હરામ છે પણ કોઈની સમક્ષ સ્વાગત માટે જમીનનું ચૂમન પણ મૂર્તિ પૂજા જેવું હોવાને લઈને હરામ છે. એનાથી પણ બચવું મુસલમાનો માટે જરૂરી છે. અને જે લોકો સમક્ષ કોઈ જાહિલ આમ કરતો હોય તો એને સખ્તીથી રોકે, નહીં તો એ પણ એટલો જ ગુનેહગાર થશે.

## ★ કેટલીક શંકાઓ અને તેનું નિવારણ ★

**સવાલ** : હઝરત સૈયદ ગૈસૂ દરાઝ رحمۃ اللہ علیہ એ હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ ને મુબારક જાંગ પર, પગો પર, આપની સવારીના ઘોડાની ખરી પર અને છેવટે જમીન પર બોસો આપ્યો. તો આ બાબતે તમે શું કહેશો ?

**જવાબ** : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ આ પ્રસંગ આ પ્રમાણે વર્ણવ્યો છે, "એકવાર માર્ગમાં બેઠેલા હતા એવામાં હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ ની સવારી નીકળી. તો આપે ઉઠીને ઝાનૂએ (જાંગ) મુબારક પર બોસો આપ્યો. હઝરત ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, સૈયદ ! હજી નીચે બોસો આપો ! પગો મુબારક પર બોસો આપ્યો. ફર્માવ્યું ! સૈયદ ! ઔર નીચે ! તો આપે ઘોડાની ખરી પર બોસો આપ્યો. એક વાળ (ગેસૂ) પેંગડા મુબારકમાં ભેરવાઈ ગયો હતો તે ત્યાં જ ભેરવાયેલો રહ્યો અને આપ ઘોડાની ખરી સુધી પહોંચી ગયા. હઝરતે ફર્માવ્યું, સૈયદ ! ઔર નીચે ! તેમણે હટાવીને જમીન પર બોસો આપ્યો. ગેસૂ (વાળ) મુબારકથી અલગ કરીને હઝરત તશરીફ લઈ ગયા. લોકોને આશ્ચર્ય થયું કે, "આવા મહાન સૈયદે આટલા મોટા આલિમની જાંગ પર બોસો આપ્યો છતાં

હઝરત રાજી ન થયા ! અને ઔર નીચે બોસો આપવા હુકમ કર્યો ?! તેમણે પગો મુબારકનો બોસો આપ્યો તો ઔર નીચે હુકમ ફર્માવ્યો ! ઘોડાની ખરી પર બોસો આપ્યો તો ઔર નીચેનો હુકમ કર્યો એટલે સુધી કે જમીન પર બોસો આપ્યો !" આ વાંધો હઝરત સૈયદ ગેસૂ દરાઝે સાંભળ્યો તો ફર્માવ્યું કે, "લોકો નથી જાણતા કે મારા શયખે આ ચાર બોસાઓમાં શું અતા ફર્માવ્યું ?! જ્યારે મેં ઝાનૂ મુબારક પર બોસો આપ્યો તો આલમે નાસૂત જાહેર થઈ ગયો, જ્યારે મુબારક પગો પર બોસો આપ્યો તો આલમે મલકૂત જાહેર થઈ ગયો, ઘોડાની ખરી પર બોસો આપ્યો તો આલમે જબરૂત જાહેર થયો અને જ્યારે જમીન પર બોસો આપ્યો ત્યારે આલમે લાહૂત જાહેર થઈ ગયો. " *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૨૫૫, ૨૬૬)*

આ વાક્યામાં હઝરત ગેસૂ દરાઝને તા'ઝીમ માટે નથી ઝુકાવવામાં આવ્યા અને બોસા લેવડાવ્યા, કેમ કે "કોઈ પણ વલીને મખ્લૂક એની તા'ઝીમ માટે ઝુકે કે હાથ બાંધી ખડી રહે એવી ખ્વાહિશ હોતી નથી કે વલી પોતાની તા'ઝીમનો હુકમ પોતે કરતા નથી." હદીષમાં છે કે, (ભાવાર્થ) "જે એવું ઈચ્છે કે લોકો હાથ બાંધીને તેની તા'ઝીમમાં ઉભેલા રહે તો તેનું ઠેકાણુ જહન્નમ છે." જેથી અહીં તા'ઝીમ માટે નહીં પણ હઝરત ગેસૂ દરાઝના મર્તબાઓની બુલંદી કરવાની હતી જેથી આ પ્રમાણે કરવામાં આવ્યું.

ખૂદ આ'લા હઝરત رحمۃ اللہ علیہ ને પોતાની કદમબોસી પણ અતિશય નાપસંદ હતી અને વારંવાર એનાથી લોકોને સખ્તીથી મના કરતા હતા. ફર્માવે છે કે, **"હું ડરું છું, ખુદા તે દિવસ ન લાવે કે લોકોની કદમબોસીથી મને સારું લાગે ! અને જો કદમ બોસી ન થાય તો મને તકલીફ થાય, કેમ કે એ હલાકત છે.** (પછી ફર્માવ્યું આ'લા હઝરતે) **"તા'ઝીમ એમાં છે કે જે વાતની મનાઈ કરવામાં આવે તે ફરી ન કરવામાં આવે ભલે દિલ ન માને. કોણ મુસલમાન છે કે જ્યારે હુઝૂર અકદસ** صلی اللہ تعالیٰ علیہ وسلم **નું નામે પાક સાંભળે તો સિજદો કરવા અને માથું ઝુકાવી દેવા તેનું દિલ ન ચાહે.** વલ્લાહુલ અઝીમા. **જો સિજદો કરવામાં આવે તો મુસ્તફા** صلی اللہ تعالیٰ علیہ وسلم **નારાજ થશે,** રાજી નહીં થાય. નહીં તો આપણાથી તો સિજદો પણ તેમની અઝમતને લાયક નથી થઈ શક્તો, કેમ કે તેમને તો ફરિશ્તાઓએ સિજદો કર્યો, જિબ્રઈલે સિજદો કર્યો." *(મલ્ફૂઝાત, ભાગ–૪, પેજ–૩૬, ૩૭)*





આ બાબતે અધિક સ્પષ્ટતા માટે આવો ! સિલસિલાએ ચિશ્તિયાના મહાન બુઝુર્ગ હઝરત નિઝામુલ્ મિલ્લતે વદ્દીન **હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા દહેલ્વી** قدس سرہ ના વિ□ વિખ્યાત તથા વિ□સનીય મલ્ફૂઝાતે ગિરામીની કિતાબ "ફવાઈદુલ્ ફવાઈદ"માં આપે રજુ કરેલ વાક્યો વાંચો અને ગલત ભરમોને દૂર કરો ! :–

ફર્માવે છે : ...... "મેં શૈખુલ ઈસ્લામ ફરીદુદ્દીન નૂરલ્લાહ મર્કદહૂથી સાંભળ્યું કે એક વખતે શૈખ અબૂ સઈદ અબુલ ખૈર رحمۃ اللہ علیہ ઘોડા પર સવાર થઈને ક્યાંક જઈ રહ્યા હતા. એ વખતે એક મુરીદે હાજર થઈને શૈખની જાંગ પર બોસો આપ્યો. તે વખતે શૈખે ફર્માવ્યું કે એનાથી નીચે ! તેણે આપના પગોને બોસો આપ્યો. તો આપે કહ્યું કે, એનાથી પણ નીચે ! તો તેણે જમીન પર બોસો આપ્યો. તે વખતે શૈખે ફર્માવ્યું કે **મારો હેતુ નીચે કહેવાથી કાંઈ જમીનને બોસો અપાવવાનો ન હતો,** બલ્કે જેટલા પ્રમાણમાં તું અધિક નીચે થઈને બોસો આપતો હતો એટલા પ્રમાણમાં તારા મર્તબા વધી રહ્યા હતા." *(ફવાઈદુલ્ ફવાઈદ, ઉર્દૂ, પેજ–૩૪૦)*

**સવાલ :** બુઝુર્ગોની કબરો પર જતી વખતે દરવાજાની ચોખટ (ઉમરા)ને ચૂમવી જાઈઝ છે ?

**જવાબ :** આવા જ પ્રશ્નના જવાબમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ જણાવ્યું છે કે મૂળ નિયમ એ છે કે અલ્લાહ તઆલાની બારગાહથી નિસ્બત રાખનાર દરેકની તા'ઝીમ અને ખાસ કરીને અલ્લાહના મહબૂબ બંદાઓની તા'ઝીમ એ અસલમાં અલ્લાહ તઆલાની તા'ઝીમ છે. રબ ફર્માવે છે : **(અર્થ)** : "જે અલ્લાહની હુર્મતોની તા'ઝીમ કરે તે બેહતર છે એના માટે તેના પરવરદિગારને ત્યાં." *(૨૨/૩૦, કુર્આને કરીમ)* તથા ફર્માવે છે : **(અર્થ)** : "જે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ કરે તે દિલોની પરહેઝગારીથી છે." (૨૨/૩૨, *કુર્આને કરીમ)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : **(અર્થ)** : "વૃધ્ધ મુસલમાન અને આલિમે બાઅમલ તથા ન્યાયી હાકિમની તા'ઝીમો અલ્લાહ તઆલાની તા'ઝીમમાંથી છે." (એને અબૂ દાઊદે અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી હસન સનદ સાથે રિવાયત કરી.)

આ'લા હઝરત આગળ ફર્માવે છે : મન્સિકે મુતવસ્સિતમાં છે : **(અર્થ)** : તવાફ કરનાર મુલ્તઝિમ પર આવે અને દરવાજા પર આવીને, ચોખટને ચૂમે અને દુઆ કરીને અંદર પ્રવેશે. (છેવટ સુધી.)"

મસ્લકે મુતકસ્સિતમાં છે : **(અર્થ)** : મસ્જિદે હરામમાં બાબુસ્સલામથી ઉઘાડા પગે પ્રવેશે. કન્ઝુલ એબાદમાં આટલા શબ્દો વિશેષ છે : ''અને ચોખટને બોસો આપે.''

આ'લા હઝરત આગળ ફર્માવે છે કે, ''સુનને અબૂ દાઊદે હઝરત ઝારેઅ ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત કરી : **(અર્થ)** : ''અમે એકબીજાથી વધીને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના હાથ પગ ચૂમતા હતા.''

જાહેર છે કે પગોને ચૂમવા માટે તો જમીન સુધી ઝુકવુ પડશે પણ છતાં સૈયદે આલમ صلی اللہ تعالٰی علیہ وسلم એ એને જાઈઝ રાખ્યું કે હેતુ પગને ચૂમવાનો છે ન કે પોતે ઝુકવું. એટલે જ **ઉલમાએ કિરામે સલામી તથા આદાબના માટે જમીન ચૂમવાને હરામ બતાવ્યું** છે કે એમાં ઝુકવાથી જ (ઝુકીને જ) તા'ઝીમ કરવામાં આવે છે એટલે સુધી કે જમીને મોઢુ લાગી જાય. ''આલમગીરી''માં છે : **(અર્થ)** : ''જેણે સુલ્તાનની સલામીના માટે સિજદો કર્યો અથવા જમીનને બોસો આપ્યો તે કાફિર તો થશે નહીં પરંતુ કબીરા ગુનાહમાં પડવાના કારણે ગુનેહગાર જરૂર થશે. તો આ જ મુખ્તાર (પસંદીદા) છે જેમ કે જવાહિરુલ્ અખ્લાતીમાં છે અને જામેઅ સગીરમાં છે. અઝીમ (સુલ્તાન)ની સમક્ષ જમીનને બોસો આપવો હરામ છે, જ્યારે કે આ કામ કરનાર અને એના પર ખુશ થનાર ગુનેહગાર થશે. એ પ્રમાણે તાતારખાનિયહ્માં છે. અને આલિમો તથા ઝાહિદ લોકો સામે જમીનને બોસો આપવો જેહાલત છે, એવું કરનારા અને એના પર ખુશ થનારા સર્વ લોકો ગુનેહગાર થશે. જેમ કે ગરાઈબમાં છે. (સંક્ષિપ્તમાં) *(ફતાવા હિંદિયા)*

અને સર્વ માન્ય મહાન ઉલમા મદીનાની જમીનને બોસો આપવા અને તેની માટી પર મોઢું તથા ચહેરાને રગડવાની કસમો ખાતા અને શક્ય હોય તો ત્યાં આંખો અને માથાભેર ચાલવાની તમન્નાઓ કરતા અને તેને વાજિબ બલ્કે પૂરા વાજિબથી પણ કમ (ઉચ્ચ દરજે) દર્શાવે છે, **કેમ કે અહીં (મૂળ) જગાની તા'ઝીમનો હેતુ નથી બલ્કે મહોબ્બતની દષ્ટિએ બરકત મેળવવાના હેતુથી એ પાક જમીનને ચૂમવા તથા તેની માટીથી ચહેરો નૂરાની બનાવવા અને શક્ય બને તો એ અઝમતવાળા સ્થાનને પગ રાખવાથી બચાવવાનો હેતુ છે.**

ઈમામે અજલ હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ શિફા શરીફમાં ફર્માવે છે : **(અર્થ)** : તે જમીનને જે જમીનને સ્પર્શીને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم નું શરીર મુબારક છે, સૈયદે આલમ صلی اللہ تعالٰی علیہ وسلم ની કયામગાહ, નબી કરીમ صلی اللہ تعالٰی علیہ وسلم ના રોકાવાની જગા



ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !

અને પ્રથમ તે જમીન જેની માટીએ નબી પાક صلی اللہ تعالٰی علیہ وسلم ના શરીર મુબારકને સ્પર્શયું કે તેના મેદાનોની તા'ઝીમ કરવામાં આવે અને તે મહેકી રહેલી ખુશ્બુ સૂંઘવામાં આવે અને મંઝિલો તથા દીવાલો ચૂમવામાં આવે, અને મારા પર અહદ (નિશ્ચય) છે કે મારી આંખોના ખૂણાઓને એ દીવાલો તથા મેદાનોથી ભરીશ. ખુદાની કસમ ! હું મારી સફેદ દાઢી કે જે ધૂળ માટીથી બચાવવામાં આવે છે તેને તે મેદાનોમાં બોસાબાજીની અધિક્તાથી જરૂર માટીવાળી કરીશ. *(શિફા શરીફ)*

સારાંશ કે આ પ્રમાણેના ઘણા બુઝુર્ગોના બયાનો તથા પ્રસંગો ઈતિહાસમાં જોવા મળે છે જેમાં મદીના પાકની માટીથી બરકત પ્રાપ્ત કરવાનો હેતુ સમાયેલો છે.

છેવટમાં આ'લા હઝરત ફર્માવે છે કે ..... સારાંશ એ કે જો આસ્તાનો બુલંદ છે કે ઝુક્યા વિના બોસો આપી શકે તો નિઃશંક ઈજાઝત છે, અને જો નીચુ છે કે ખાસ કરીને જમીન બરાબર હોય તો જો વલી જીવંત છે કે મઝાર સામે છે **તેની સલામીની નિય્યતથી ઝુકીને બોસો આપ્યો તો નાજાઈઝ** છે અને જો કેવળ બરકત પામવા મહોબ્બતભેર હોય અને પોતાની જાતથી જે ઝુકે તેમાં તા'ઝીમનો હેતુ ન હોય તો કાંઈ વાંધો નથી...... છતાં પણ આલિમ પેશ્વા અને એ રીતના પીર અને તે વ્યક્તિ જેના કેટલાક અનુસરનારા હોય કે તેના ફેઅલનું અનુસરણ કરશે, તેના માટે મુનાસિબ છે કે પોતાના ચાહકોની હાજરીમાં એવું ન કરે, **નહીં તો તેઓ નિય્યતના ફરકથી માહિતગાર ન હોય અને તે અમલને સનદ જાણીને અસ્થાને બજાવી લાવશે.** એવા સંજોગોમાં કેવળ એટલુ પૂરતુ છે કે આસ્તાનાને હાથ લગાડી પોતાની આંખો તથા મોઢા પર ફેરવી લે જેવી રીતે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર વગેરે સહાબા رضوان اللہ تعالٰی علیہم اجمعین મિમ્બરે અન્વર صلی اللہ تعالٰی علیہ وسلم ની સાથે કર્યા કરતા હતા.'' *(સંક્ષિપ્ત કર્યુ, અઝ : ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨૨, પેજ ૩૬૬ થી ૩૭૬ માંથી, પ્રકાશક : મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા–પોરબંદર)*

## ★ રુકૂઅની નજીક નમવું પણ જાઈઝ નથી ★

**(૧)** ઝાહિદી **(૨)** એનાથી જામિઉર્રોમુઝમાં, પેજ–૫૩૫ **(૩)** એનાથી રદ્દુલ મુહતારમાં ભાગ–૫, પેજ–૩૭૮ **(૪)** શેખ ઝાદાએ મુલતકા પર, ભાગ–૨, પેજ–૫૨૦ :– اَلْاِنْحِنَاءُ فِی الْاِسْلَامِ اِلٰی قَرِیْبِ الرُّکُوْعِ کَالسُّجُوْدِ સલામમાં રુકૂઅ જેટલું નમવું સિજદા જેવું જ છે.

**(૫)** શરઅતુલ ઈસ્લામ **(૬)** એની શરહ મફાતીહુલ જિનાન, પેજ–૩૧૨ માં છે : ન ચૂમન કરે ન નમે કે બંને મકરૂહ છે. (જમીનનું ચૂમન અને રુકૂઅની હદ જેટલું નમવું.) **(૬)** ઈહયાઉલ ઉલૂમ **(૭)** ઈત્તેહાફુસ્સાદહ્, ભાગ–૬, પેજ–૨૮૧ માં છે : સલામ સમયે નમવું મનાઈના હુકમમાં છે એ અગ્નિપૂજકોનું કામ છે. **(૮)** ઐનુલ ઈલ્મ, બાબ–૮ **(૯)** શરહે અલી કારી, ભાગ–૧, પેજ–૨૭૪ **(૧૦)** ઝખીરાથી **(૧૧)** અને મુહીતથી છે : નમે નહીં કારણ કે નમવું રાજા અને બીજા કોઈ માટે મકરૂહ છે અને એટલે પણ કે એ અહલે કિતાબનો અમલ છે. **(૧૨)** હદીકએ નદિય્યા, ભાગ–૧, પેજ–૩૮૧ માં છે : ખબર છે કે જે મોટેરાઓ પૈકી કોઈના માટે મળતી વખતે માથુ અથવા પીઠ નમાવે અને એમાં થોડો આગળ વધે, એનો ઈરાદો સ્વાગત અને ઈજ્જતનો જ હોય છે ન કે એની ઈબાદતનો, તો એ કામથી કાફિર નહીં થઈ જાય, મુસલમાન હોવાની હાલત આ વાત બતાવે છે. ઈબાદતનો ઈરાદો તો એ જ કરી શકે છે જે પ્રથમથી કાફિર જ હોય. આ એટલી ચાપલોસી જે આ હદને બુરાઈ સુધી પહોંચાડી આપે ખરાબ છે એટલા માટે લેખકે હરામ કહ્યું, કુફ્ર ન કહ્યું.

**(૧૩)** મહાન ઈમામ અઝ્ઝુદ્દીન બિન અબ્દુસ્સલામ **(૧૪)** એમનાથી ઈમામ ઈબ્ને હજર મક્કી ફતાવા કુબરામાં, ભાગ–૪, પેજ–૨૪૭ **(૧૫)** એમનાથી ઈમામ આરિફ નાબિલસી હદીકામાં, પેજ–૩૮૧ રુકૂઅની હદ સુધી કોઈ બીજાને ન નમે જેમ કે સિજદો, એનાથી થોડુ ઓછુ નમવામાં વાંધો નથી જો કોઈ ઈસ્લામી ઈજ્જતવાળાની સામે નમે. **(૧૬)** વાકેઆતે ઈમામ નાતોફી **(૧૭)** મુલતકિત ઈમામ નાસિરુદ્દીન **(૧૮)** એ બંનેથી નિસાબુલ ઈહતિસાબમાં, બાબ–૪૯ **(૧૯)** જવાહિરે અયલાની **(૨૦)** એનાથી આલમગીરીમાં, ભાગ–૫, પેજ–૩૬૯ માં છે : રાજા અથવા એના સિવાય કોઈના માટે નમવું મકરૂહ છે, એટલા માટે કે એ અગ્નિપૂજકોના કામ જેવું છે. **(૨૧)** મજમઉલ અનહર, ભાગ–૨, પેજ–૫૨૧ **(૨૨)** ફોસૂલે ઈમાદીથી છે : નમવું મનાઈના હુકમમાં છે, એ અગ્નિપૂજકના કામ જેવું છે. **(૨૩)** મવાહિબુર્રહમાન **(૨૪)** એનાથી શરમબુલાલિયા, ભાગ–૧, પેજ–૩૧૮ **(૨૫)** મુહીત **(૨૬)** એનાથી જામિઉર્રોમુઝમાં, પેજ–૫૩૫ **(૨૭)** એનાથી રદ્દુલ મુહતારમાં, ભાગ–૫, પેજ–૩૭૮ માં છે : રાજા હોય કે બીજો કોઈ એના માટે નમવું મનાઈના હુકમમાં છે. **(૨૮)** ફતાવા કુબરામાં છે : પીઠ નમાવવી મકરૂહ છે **(૨૯)** આલમગીરી,





ભાગ–૫, પેજ–૩૬૯ **(૩૦)** ફતાવા ઈમામ તમરતાશીમમાં છે : સલામ સમયે નમવું મનાઈના હુકમમાં છે, હદીષમાં એનાથી મનાઈ કરવામાં આવી છે.

## ★ કબરો પાસે નમન કરવું ★

**(૧)** મનસિક મુતવસ્સિત **(૨)** મસ્લકે મુતકસ્સિત શરહે મુલ્લા અલી કારી, પેજ–૨૯૩ માં છે : હુઝૂરે પાકના રોઝાની ઝિયારત સમયે દીવારોને હાથ ન લગાવે અને ચૂમન ન કરે, ન એનાથી ચોંટે, ન તવાફ કરે, ન નમે, ન જમીનનું ચૂમન કરે. આ બધું ખરાબ બિદઅતો છે. (બોસો દેવામાં વિવાદ છે, પકડવું, ચોટવું અને એવું જ બીજાું ઉત્તમ બચવું છે અને કારણ અદબ વિરૂધ્ધ હોવું છે.)

**(૩)** શરહે લુબાબમાં છે : મઝારે અન્વરને સિજદો તો નિઃશંક ! હરામ છે, તો જાહિલ ઝિયારત કરનારના કામથી ધોખો ન ખાવો જોઈએ બલ્કે બાઅમલ આલિમોની પાછળ ચાલવું જોઈએ. **(૪)** ઝવાજિર અને ઈકતિરાફિલ કબાઈર, ભાગ–૧, પેજ–૧૧૭ માં છે : નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :– لَا تَتَّخِذُوْا قَبْرِيْ وَثَنًا يُعْبَدُ "મારી કબરને મૂર્તિ ન બનાવશો જેની બંદગી કરવામાં આવે." એનો મતલબ છે એની ઈજ્જત સિજદા અથવા એના જેવું બીજું કાંઈ કામ ન કરવું, જેમ તમારા (મુસલમાનોને છોડીને) બીજા લોકો પોતાની મૂર્તિઓ માટે કરે છે, સિજદો જરૂરથી કબીરો ગુનોહ છે, બલ્કે જો ઈબાદતની નિય્યત હોય તો કુફ્ર છે.

**ખુલાસો** : સિજદો કબરો સામે કરવો હરામ છે. રુકૂઅની હદ સુધી માત્ર નમવામાં આવે તો એ પણ જાઈઝ નથી. તવાફ પણ મનાઈના હુકમમાં છે. અને અતિ ઉત્તમ એ છે કે ચાર કદમ દૂર રહી અદબથી ફાતિહા, દુઆ કરી કંઈ પણ પકડયા વિના ત્યાંથી ખસી જવામાં આવે. વધુ ઉલ્લેખ માટે તોહફાએ નજાત, ભાગ–૯ જુઓ.

## ★ કબર સામે ખુદાને સિજદો પણ જાઈઝ નથી ★

**(૧)** તહતાવી, ભાગ–૧, પેજ–૧૮૩ કબ્રસ્તાનમાં નમાઝ મકરૂહ છે, એટલા માટે કે એમાં કબર તરફ મોઢુ હોવાનો સંભવ વધારે છે, અને કબર તરફ નમાઝ મકરૂહ છે. (તહરીમી જેને ફરીથી પઢવામાં આવે.) **(૨)** હિલિયા

**(૩)** રદુલ મુહતાર, ભાગ–૧, પેજ–૩૯૪ માં છે : કબ્રસ્તાનમાં જ્યારે કોઈ જગા નમાઝ માટે તૈયાર કરવામાં આવી હોય અને ત્યાં ન કબર હોય, ન નાપાકી પરંતુ એનો કિબ્લો કબર તરફ હોય, તો પણ નમાઝ મકરૂહ છે. (એટલે કે સામે કબર હોય અને કોઈ દીવાર, ઝાડ, કે લાકડી જેને સુતરો કહેવામાં આવે છે ન હોય તો નમાઝ મકરૂહે તહરીમી છે. નમાઝ ફરીથી પઢવામાં આવશે.)

**(૪)** મુજતબા શરહે કોદૂરી **(૫)** બહરુર્રાઈક, ભાગ–૨, પેજ–૨૦૯ **(૬)** ફત્હુલ્લાહિલ મુઈન, ભાગ–૧, પેજ–૩૬૨ માં છે : મકરૂહ છે કબર પર ચાલવું, એના પર બેસવું, એના પર ટેકો લગાડવો અથવા એના પર કે પછી એની તરફ નમાઝ પઢવી.

**(૭)**હિલિયા **(૮)** શામીમાં છે : નમાઝ મકરૂહ છે, કબર પર, અને કબર તરફ, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એનાથી મનાઈ ફર્માવી છે. **(૯)** તબઈનુલ હકાઈક, ભાગ–૧, પેજ–૨૪૬ માં છે : કબર પર કશી બુન્યાદ રાખવી, એના પર બેસવું, અથવા એની તરફ નમાઝ પઢવી મનાઈના હુકમમાં છે. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કબરોને સિજદાની જગા બનાવવાથી મનાઈ કરી છે.

**(૧૦)** ઝવાજિર, ભાગ–૧, પેજ–૧૧૭ માં છે : એટલા માટે અમારા આલિમોએ ફર્માવ્યું કે નબીઓ અને વલીઓના મઝારાતે શરીફા તરફ નમાઝ હરામ છે, ભલે બરકત પ્રાપ્ત કરવા અને ઈજ્જત માટે હોય. **(૧૧)** ઝવાજિર, ભાગ–૧, પેજ–૧૧૬ માં છે : કબરો સંબંધિત કબીરા ગુનાહોમાં અમુક ઈમામો તરફથી વર્ણન કર્યું છે કે કબરો તરફ નમાઝ પઢવી કબીરો ગુનોહ છે.

**(૧૨)** ઈર્શાદુસ્સારી ઈમામ અહમદ કસ્તલાની **(૧૩)** તહકીક ઈમામ અબુલ ફર્જથી નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબર શરીફ તરફ મોઢું કરીને નમાઝ પઢવી હરામ છે.

## ★ આ'લા હઝરતનું ફર્માન ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہ ફર્માવે છે : રુકૂઅ, સિજદાવાળી નમાઝમાં કબરનું સામે હોવું મકરૂહ નમાઝ હોવાને લઈને નથી, નમાઝ તો જનાઝાની પણ છે, એમાંય નિય્યતનું સામે હોવું શરત છે, નહીં તો નમાઝ જ ન થાય. નમાઝ વગર દફન કરી દેવામાં આવ્યો તો જ્યાં સુધી એવું લાગે કે સલામત છે (બદન ફાટયું નથી) કબર પાસે નમાઝ પઢવી શરીઅતનો





જ હુકમ છે. તો આ મકરૂહ હોવું નમાઝને લઈને નથી, બલ્કે રુકૂઅ અને સિજદાને લઈને છે. અને અહીં નિઃશંક ! એ ખબર છે કે નમાઝનો રુકૂઅ અને સિજદો અલ્લાહ તઆલા માટે જ છે અને નમાઝી કિબ્લા તરફ મોઢું કરવાની જ નિય્યત કરેલો છે, કબર તરફ મોઢું કરવાની નહીં તો માત્ર કબરનું સામે હોવું અલ્લાહ તઆલા માટે સિજદો મનાઈના હુકમમાં લઈ આવે છે તો પછી કબરને જ સિજદો કરવો કે પછી એને જ સિજદામાં તવજ્જોનો કિબ્લો બનાવવો કેટલું સખત હરામ અને નાજાઈઝ ઠરશે. ન્યાય શરત છે.

## ★ જનાઝાની નમાઝમાં રુકૂઅ સિજદો કેમ નથી ?! ★

જનાઝાની નમાઝ માત્ર બે ફર્ઝ છે : ઊભા રહેવું અને ચાર વખતની તકબીરો. એમાં રુકૂઅ, સિજદો હોતો નથી. અલ્લાહ માટે ષના, રસૂલે પાક પર દુરૂદ અને મય્યિત માટે દુઆ કરવામાં આવે છે. તો રુકૂઅ અને સિજદો એ નમાઝમાં એટલા માટે જ નથી કે એમાં મય્યિતને સામે રાખવામાં આવે છે. રુકૂઅ અને સિજદો હોય તો કાફિરોને એ શંકા થાય છે કે મુસલમાનો પણ ગૈરે ખુદાની આગળ નમે છે, તો એ નમાઝમાં રુકૂઅ, સિજદો ન રાખવામાં આવ્યો કે મુસલમાન બાબત કોઈ ગૈર મુસ્લિમને પણ શંકા ન થાય. અલ્લાહની જ ઈબાદત છે પણ શંકાને લઈને રુકૂઅ અને સિજદો રાખવામાં ન આવ્યો, પછી એ સમજમાં નથી આવતું કે મુસલમાન થઈને હવે પીરો અને કબરોને સિજદા કેમ કરે છે ?!

## ★ કબર તરફ મસ્જિદનો કિબ્લો મનાઈમાં છે ★

મસ્જિદ એટલે શરઈ મસ્જિદ જેને મસ્જિદ માટે ખાસ કરી દેવામાં આવે, તો એની કિબ્લાની દિશામાં કોઈ કબર ન હોવી જોઈએ, ભલેને પછી સુતરો (લાકડી, થાંભલો કશું સામે રાખવામાં આવ્યું) હોય. એટલે કે કિબ્લાની દિશાએ દીવાલ નથી ખુલ્લું છે અને સામે કબર અથવા કબરો હોય તો મનાઈના હુકમમાં છે. જો દીવાર બનાવી લેવામાં આવી હોય જેમ કે વર્તમાનકાળમાં મસ્જિદોમાં કિબ્લાની દિશાએ દીવારે મસ્જિદની દીવાલ ન હોય એવું જોવા મળતું નથી, તો પછી સામે કબ્રસ્તાન હોય તો પણ વાંધો નથી.

**(૧)** કિતાબુલ અસ્લ **(૨)** એનાથી મુહીતમાં **(૩)** એનાથી હિંદિયામાં,

ભાગ–૫ માં છે :–

اَكْرَهُ اَنْ تَكُوْنَ قِبْلَةُ الْمَسْجِدِ اِلَى الْحَمَّامِ وَ الْقَبْرِ

"મકરૂહ છે કે મસ્જિદના કિબ્લા તરફ પબ્લિક બાથ કે પછી કબર હોય."

**(૪)** ગુન્નિયા શરહે મનિય્યા, પેજ–૩૬૬ માં છે : મકરૂહ છે કે મસ્જિદનો કિબ્લો બાથરૂમ અથવા કબર તરફ હોય એટલા માટે કે એમાં મસ્જિદની ઈજ્જત રહેતી નથી.

**(૫)** ખુલાસા, ભાગ–૧, પેજ–૫૬ માં છે : મકરૂહ છે કે મસ્જિદનો કિબ્લો બાથરૂમ અથવા કબર તરફ હોય જ્યારે કે નમાઝની જગા અને એની વચમાં દીવાલ ન હોય, જો દીવાલ હોય તો મકરૂહ નથી.

**ખુલાસો** : શંકાને લઈને મસ્જિદની કિબ્લાવાળી દીવાલ ન હોય ખુલ્લો ભાગ હોય અને સામે કબર આવે, અથવા બાથરૂમ વગેરે હોય તો ઈમામ સામે સુતરો લગાડવામાં આવે તો પણ મસ્જિદ માટે એ નાપસંદ અને મકરૂહ છે. તેનું એક કારણ તો તમે જાણ્યું કે એમાં મસ્જિદની જોઈએ તેવી ઈજ્જત નથી થતી. અને બીજું એ કે કોઈ પ્રકારની જાહેરી શંકા ઊભી ન થાય કે કબર સામે સિજદો થઈ રહ્યો છે. એટલે મસ્જિદ માટે એ વાત મકરૂહ માનવામાં આવી છે.

કુર્આન, હદીષ અને મુતજહિદ ઈમામો તથા મહાન આલિમોની એકમતીથી એ સ્પષ્ટ થયું ગયું કે સિજદો અલ્લાહ તઆલા માટે ખાસ છે. કોઈ પણ ગેરે ખુદાને સિજદો કરવો હરામ ! હરામ ! હરામ ! છે. એના હરામ હોવા પર ઈજમાએ ઉમ્મત છે એટલે કરનારને ફાસિક કહેવામાં આવશે. અને જો એ ગેરેખુદાને સિજદો કરવો જાઈઝ માને અને પછી ન કરે, અથવા કરે અને જાઈઝ માને, અથવા હરામ કહેવાવાળાને હરામ કહેવાને લઈને ગાળો આપે તો એવો વ્યક્તિ શરીઅતના ઈજમાઈ કાયદાનો ભંગ કરતો હોવાને લઈને કાફિર થઈ જશે. એટલે અમે અમારા મુસલમાન ભાઈ અને બહેનોને એ શિખામણ આપીએ છીએ કે ગૈરે ખુદા માટે સિજદો જાઈઝ સમજશો નહીં, અને આવું કામ કરશો નહીં, અને ભૂલથી થઈ ગયું હોય તો અલ્લાહની બારગાહમાં એનાથી સાચી પાકી તૌબા કરી લેશો. અને મુસલમાન ભાઈઓ અને બહેનોમાંથી કોઈને જહાલતને લઈને એ પ્રમાણેનું કામ કરતાં જુઓ તો એમને સમજાવો, અને એ અમલની ખરાબી અને એના ગંભીર પરિણામથી એમને બાખબર કરશો. હવે હું તમારી ખિદમતમાં અમુક શંકાઓ અને એના જવાબો આપવા તરફ જઈ રહ્યો છું :–





**સવાલ** : કુર્આનમાં હઝરત આદમ માટે ફરિશ્તાઓને સિજદાનો હુકમ આપવામાં આવ્યાની ખબરનું વર્ણન છે, હઝરત યાકૂબ عليه السلام નું એમના પુત્ર યૂસુફ માટે સિજદાનું વર્ણન છે, જેનાથી એ સ્પષ્ટ થયું કે ગેરે ખુદાને જો એ દીની પેશ્વા હોય તો ઈજ્જતનો સિજદો કરી શકાય છે. બીજું એ કે કુર્આનમાં એનાથી મનાઈ કરવામાં નથી આવી, તો કુર્આનના આધારે એ જાઈઝ અને મુબાહ છે ? ત્રીજું એ કે કુર્આન હદીષથી મનસૂખ ન થાય. ચોથુ એ કે આગલી શરીઅતમાં એની ઝલક જોવા મળે છે.

## ★ હઝરત આદમ عليه السلام કિબ્લાની જગાએ ★

સિજદો હઝરત આદમનો હતો કે સિજદો અલ્લાહનો અને હઝરત આદમ દિશામાં કિબ્લાની જગાએ હતા, જો સિજદો અલ્લાહનો હોય તો ગેરે માટે સિજદાનો પુરાવો એનાથી મળતો નથી. આપણે કા'બા તરફ સિજદો કરીએ છીએ, તો સિજદો કા'બાને નથી સિજદો અલ્લાહ માટે જ કરીએ છીએ, માત્ર સિજદામાં આપણું મોઢું કિબ્લા તરફ હોય છે. જેમ કા'બા તરફ સિજદો કરવાથી કા'બાનો સિજદો નથી તો પછી હઝરત આદમ સામે સિજદો કરવાથી સિજદો આદમ માટે નથી અલ્લાહ માટે છે.

રદ્દુલ મુહતાર, ભાગ–૫, કિતાબુલ ખતરે વલ ઈલાહમાં છે :–

اِخْتَلَفُوْا فِىْ سُجُوْدِ الْمَلٰئِكَةِ قِيْلَ كَانَ لِلّٰهِ تَعَالٰى وَ التَّوَجُّهِ اِلٰى
اٰدَمَ لِلتَّشْرِيْفِ كَاِسْتِقْبَالِ الْكَعْبَةِ

ફરિશ્તાઓના સિજદામાં આલિમોનો વિવાદ છે, કહેવામાં આવ્યું છે કે એ અલ્લાહ માટે હતો અને મોઢું હઝરત આદમ તરફ કરવામાં આવ્યું હતું ઈજ્જત માટે જેમ કે કા'બા તરફ મોઢું કરવું.

## ★ સિજદાનો મતલબ ઈશારો છે ★

આલિમોનો એ પણ વિવાદ છે કે સિજદાનો મતલબ જમીન પર કપાળ રાખવું નથી, બલ્કે એનો મતલબ નમવું અથવા માથાથી ઈશારો કરવો છે. અબૂશૈખ કિતાબુલ ઉઝમામાં ઈમામ મુહમ્મદ બિન ઉબ્બાદ બિન જા'ફર મખઝૂમીથી રિવાયત કરે છે : ફર્માવ્યું કે, كَانَ سُجُوْدُ الْمَلٰئِكَةِ لِاٰدَمَ اِيْمَاءً હઝરત આદમ عليه الصلوة والتسليم ને ફરિશ્તાઓનો સિજદો ઈશારો હતો. (એટલે કે માથાથી)

તફસીરે જલાલૈન સૂરએ કહફમાં وَ اِذْ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ ની તફસીરમાં હઝરત જલાલ મહલ્લી ફર્માવે છે :–

سُجُوْدُ انْحِنَاءٍ لَا وَضْعُ الْجَبْهَةِ "સિજદો એટલે નમવું, પેશાની રાખવી નથી."

તફસીરે ખાઝિન અને મુઆલિમુત્તંઝીલ ઈમામ બોગવી અને ખાઝિન ફર્માવે છે :–

لَمْ يَكُنْ فِيْهِ وَضْعُ الْوَجْهِ عَلَى الْاَرْضِ وَ اِنَّمَا كَانَ
اِنْحِنَاءً فَلَمَّا جَآءَ الْاِسْلَامُ بَطَلَ ذٰلِكَ بِالسَّلَامِ

સિજદાનો મતલબ જમીન પર મોઢું રાખવું નથી માત્ર નમવું હતું, જ્યારે ઈસ્લામ આવ્યો તો એને પણ સલામથી રદ કરી નાખ્યું.

## ★ માટેનો મતલબ તરફ છે ! ★

ઈબ્ને અસાકિરે અબૂ ઈબ્રાહીમ મુઝનીથી રિવાયત કરી, એમને ફરિશ્તાઓના હઝરત આદમ માટેના સિજદા બાબત પૂછવામાં આવ્યું તો એમણે કહ્યું, اِنَّ اللّٰهَ جَعَلَ اٰدَمَ كَالْكَعْبَةِ "બેશક ! અલ્લાહ તઆલાએ હઝરત આદમને કા'બા સમાન કર્યા હતા."

મઆલિમ અને ખાઝિન વગેરેમાં છે :–

اُسْجُدُوْا لِاٰدَمَ اَیْ اِلٰی اٰدَمَ فَكَانَ اٰدَمُ قِبْلَةً وَ السُّجُوْدُ لِلّٰهِ تَعَالٰی
كَمَا جُعِلَتِ الْكَعْبَةُ قِبْلَةَ الصَّلٰوةِ وَ الصَّلٰوةُ لِلّٰهِ تَعَالٰی

આદમ તરફ સિજદો કરો તો આદમ કિબ્લા અને સિજદો અલ્લાહ માટે, જેમ કા'બા નમાઝનો કિબ્લો છે પણ નમાઝ અલ્લાહની છે.

## ★ ગૈર માટે સિજદાનો સબૂત શંકાસ્પદ છે ★

ઉપરોક્ત પુરાવાથી એ સ્પષ્ટ થયું કે કુર્આનની આયતમાં હઝરત આદમને સિજદા કરવાનો આદેશ ફરિશ્તાઓને આપવામાં આવ્યો હતો તો મતલબ સિજદો અલ્લાહનો અને હઝરત આદમને કિબ્લાની જગાએ રાખી એમની ઈજ્જત કરવાનો હતો, જ્યારે હઝરત આદમ માટે સિજદો ન હતો તો ગેરખુદા માટે સિજદાનો પુરાવો કુર્આનની આયતને બનાવવો શંકાથી ખાલી





નથી. કારણ કે સિજદાનો મતલબ એક ન રહ્યો, ત્રણ મતલબ થઈ ગયા : **(૧)** સિજદો અલ્લાહનો આદમ કિબ્લા **(૨)** સિજદાનો મતલબ માત્ર નમવું અને માથાથી ઈશારો કરવો **(૩)** હઝરત આદમ માટે ઈજ્જતનો સિજદો

## ★ હઝરત યૂસફને સિજદાનો મતલબ ★

સૂરએ યૂસુફ, પારા–૧૩, આયત–૧૦૦ અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

وَرَفَعَ اَبَوَيْهِ عَلَى الْعَرْشِ وَخَرُّوْا لَهٗ سُجَّدًا وَقَالَ يٰۤاَبَتِ هٰذَا
تَاْوِيْلُ رُءْيَايَ مِنْ قَبْلُ قَدْ جَعَلَهَا رَبِّيْ حَقًّا

એણે પોતાના માતા પિતાને તખ્ત પર બેસાડયા અને સર્વએ આપની તરફ સિજદો કર્યો અને કહ્યું, અય મારા પિતા આ મારા આગલા સ્વપ્નનો મતલબ છે જેને મારા રબે સત્ય કરી બતાવ્યો.

આ આયતમાં હઝરત યાકૂબ અને એમના ભાઈઓનું હઝરત યૂસુફ عليه السلام ને સિજદો કરવું પુરવાર થાય છે, પણ તફસીરની કિતાબોથી એ સ્પષ્ટ થાય છે કે સિજદો એના માયનામાં છે કે એનાથી બીજો કોઈ માયનો લેવામાં આવ્યો છે, એમાં પણ વિવાદ છે.

ઈબ્ને જરીર, ઈબ્ને મુનઝિર અને અબૂશૈખએ ઈમામ અબ્દુલ મલિક બિન અબ્દુલ અઝીઝ બિન જોરૈહ્થી અલ્લાહ તઆલાનું ફર્માન وَ خَرُّوْا لَهٗ سُجَّدًا ની તફસીરમાં રિવાયત કરી. એમણે કહ્યું કે અમને એ ખબર પહોંચી કે એમના માતા પિતા અને ભાઈઓએ હઝરત યૂસુફને સિજદો કર્યો પોતાના માથાઓના ઈશારાથી سَجَدُوْا لِيُوْسُفَ اِيْمَآءً بِرُءُوْسِهِمْ ગેર અરબીઓના તરીકા પર, આ એમની મુલાકાત વખતનો તરીકો હતો જેમ કે અમુક લોકો હાલ પણ કરે છે. (કે સલામમાં માથુ નમાવે છે.)

તફસીરે જલાલૈનમાં છે : سُجُوْدُ انْحِنَاءٍ لَا وَضْعُ الْجَبْهَةِ સિજદો કરવો એટલે નમવું, પેશાની રાખવી નથી.

મઆલિમુત્તંઝીલમાં છે:–

لَمْ يُرِدْ بِالسُّجُوْدِ وَضْعَ الْجِبَاهِ عَلَى الْاَرْضِ
وَ اِنَّمَا هُوَ الْاِنْحِنَاءُ وَ التَّوَاضُعُ

સિજદાનો મતલબ જમીન પર પેશાનીઓ રાખવી નથી, એનો મતલબ માત્ર નમવું અને નમ્રતા પ્રગટ કરવી છે.

તફસીરે કબીરમાં છે :–

انّھم جعلوا یوسف کالقبلۃ و سجدوا اللہ شکر النعمۃ وجدانہ

એમણે યૂસુફને કિબ્લા માફક બનાવ્યા અને એમના મળવાની નેઅમતના શુક્રિયામાં સિજદો અલ્લાહ માટે હતો. અને કહ્યું, **લિલ્ કા'બા** અને **એલલ્ કા'બા** કહેવામાં આવે છે. હઝરત હસ્સીને ફર્માવ્યું, "શું એ પ્રથમ નથી જેમણે તમારા કિબ્લા તરફ નમાઝ પઢી ?!" (આમાં **લિ કિબ્લા**નો મતલબ **એલલ કિબ્લા** છે **કિબ્લા તરફ.** તો આયતમાં **લહુ**નો મલતબ એમના માટે નહીં એમની તરફ છે.)

મઆલિમ, ખાઝિન વગેરેમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنھما થી રિવાયત છે : એનો અર્થ છે معناہ خرّوا اللہ سجّدًا بین یدی یوسف અલ્લાહ માટે હઝરત યૂસુફ علیہ الصلوۃ والتسلیم સામે સિજદો કર્યો.

## ★ આયતો મન્સૂખ નથી ★

કુર્આનની બે પ્રકારની આયતોથી ગૈરેખુદાને ઈજ્જતનો અને સ્વાગતનો સિજદો કરવાની ખબર જાણવા મળી હતી પણ ઉપરોક્ત પુરાવાના આધારે એ પુરવાર થતુ નથી. હઝરત આદમ સામે સિજદો ખુદાનો હતો, હઝરત યૂસુફ સામે સિજદો ખુદાનો હતો, જ્યારે અલ્લાહથી ગૈરખુદા માટે સિજદો પુરવાર થતો જ નથી તો પછી એ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો કે કુર્આનની આયતને હદીષથી મન્સૂખ કેમ કરવામાં આવી. હદીષથી મન્સૂખ થવાનો મતલબ એ છે કે આયતમાં ગૈર ખુદાને સિજદો કરવાનો હુકમ હતો અને હદીષમાં નબીએ પાકે એનાથી મનાઈ કરી તો નિર્ણય લેવામાં આવ્યો, આપણી શરીઅતમાં હરામ છે તો આયતનો હુકમ ઉઠી ગયો અને હદીષનો હુકમ બાકી રહ્યો, પણ જ્યારે કુર્આનથી ગૈરે ખુદા માટે સિજદો કરવો પુરવાર નથી તો સવાલ થશે પણ નહીં.

## ★ આયત યકીની પણ ★

હઝરત આદમને સિજદાનો હુકમ ફરિશ્તાઓને આપવામાં આવ્યો હતો અને એ આગલી શરીઅતોની વાત નથી, બલ્કે પ્રથમ ઈન્સાન માટે સિજદો





હતો, પ્રથમ નબી બનીને આપ આવ્યા હતા તો શરઈ હુકમનો આરંભ હઝરત આદમ علیہ السلام થી છે અને સિજદાનો હુકમ ફરિશ્તાઓને એટલે એ હુકમ માણસોને લાગુ પડતો જ નથી, પછી એ આયતને દલીલ કેવી રીતે બનાવી શકાય ?! એટલે આયતને મન્સૂખ કરવાની જરૂરત રહેશે નહીં.

હઝરત યૂસુફ علیہ السلام ને આવેલા સિજદાનો ઉલ્લેખ થઈ ગયો તેના આધારે આયતના હુકમને મન્સૂખ કરવાની જરૂરત પડશે નહીં. બીજું એ કે એમની શરીઅતમાં એનો હુકમ હતો એ સ્પષ્ટ નથી. માત્ર એટલું જાણી શકાય છે કે કે હોય શકે એનાથી મનાઈ કરવામાં ન આવી હોય તો એના આધારે એ કરવામાં આવતું હોય તો એને ઈબાહતે અસ્લી કહેવામાં આવે છે. ઈબાહતે શરઈ નહીં. તો આગલી શરીઅતમાં એનો હુકમ હતો સ્પષ્ટ ન થયું. સારાંશ એ કે આગલી શરીઅતોમાં સિજદાનો હુકમ આપવામાં આવ્યો હતો એ સાબિત નથી. પછી એને આગલી શરીઅતની વાત કેવી રીતે કહેવાય ?!

**સવાલ** : તફસીર બે પ્રકારની કરવામાં આવી છે, તો બીજા પ્રકારમાં હઝરત આદમ અને હઝરત યૂસફને સિજદો કરવામાં આવ્યો હતો અને એ સિજદો તહિય્યત અને સ્વાગતનો હતો, ઈબાદતનો નહીં, તો આ તફસીરના આધારે તો આપને જવાબ આપવો પડશે કે હદીષના આધારે કુર્આનનો હુકમ ઉઠી રહ્યો છે જેને મન્સૂખ કહેવામાં આવે છે.

**જવાબ** : જ્યારે સિજદાના અર્થમાં આયતમાં આલિમોનો વિવાદ થયો તો હવે એ મસ્અલો (વિચારસરણી) પર આધારિત થયો કે પ્રથમ તફસીર લેવામાં આવે કે બીજી તફસીર લેવામાં આવે. તો હવે આ મસ્અલો કિયાસ પર આધારિત હોવાને લઈને યકીની અને નિઃશંક ! ન રહ્યો ઝન્ની બની ગયો અને હદીષને એમાં ઉત્તમતા પ્રાપ્ત રહેશે તો પછી ગેર ખુદાને સિજદો કરવો અસંખ્ય હદીષોથી હરામ છે એટલે એના પર અમલ જરૂરી થઈ ગયો.

## ★ હદીષથી કુર્આનનો હુકમ ઉઠી શકે છે ! ★

કુર્આન અલ્લાહનું કલામ છે, નબી પર ઉતારવામાં આવ્યું અને હદીષ ખુદાનું જ કલામ છે તો એક હુકમ પહેલાં હોય અને નબી પછી એનાથી મનાઈ કરે તો એનો મતલબ એ જ કે આગલો હુકમ પહેલાં હતો હવે નહીં. અને હુકમ ન હોવાને લઈને એનો ઉપયોગ હોય તો મનાઈના હુકમથી એ મનાઈમાં ચાલ્યું જશે.

હદીષોના રિવાયતના આધારે અમુક પ્રકાર છે તેમાં અતિસશક્ત રિવાયતના આધારે એને મુતવાતિર કહેવામાં આવે છે. મુતવાતિરનો મતલબ એ થાય છે કે એને એટલા લોકોએ રિવાયત કરી કે એમનું જૂઠ પર એકમત થવું આદતના આધારે શક્ય ન હોય, તો એવી રિવાયતથી કુર્આનનો હુકમ ઉઠાવી શકાય છે. અને ગેર ખુદા માટે સિજદાનો હુકમ જે આયતોનું વર્ણન થયું તેના આધારે લેવામાં આવે તો જે હદીષો ગૈરખુદા માટે સિજદાના હરામ હોવાનો પુરાવો આપે છે મુતવાતિર છે એમને જગા આપી, આમ કહેવામાં આવશે કે તે આગળની વાતો છે, આપણી શરીઅતે આપણને મનાઈ કરી એટલે હરામ, એટલે કે ઈબાહત હતી પણ હુઝૂરે પાકના મના કરવાથી એ હરામમાં પહોંચી ગઈ.

## ★ ગેરે ખુદા માટે સિજદાના હરામ હોવા પર મુતવાતિર હદીષો ★

સિજદએ તા'ઝીમી જે ઈબાદતની નિય્યતે ન હોય માત્ર ઈજ્જત અને સ્વાગતની નિય્યત હોય તો એ પણ આપણી શરીઅતમાં સખત હરામ છે, એના પર રસૂલે પાકથી ઘણી રિવાયતો આપણા સુધી પહોંચી છે. જે મુતવાતિરના હુકમમાં આવી ગઈ છે અને બીજું એ કે એના હરામ હોવા પર આલિમો અને બુઝુર્ગોથી એકમતી છે. ત્યારથી લઈને આજ સુધી બધા એક વાત પર જ છે એટલે ઈજમાએ ઉમ્મત છે. ગૈરે ખુદાને સિજદા કરવાના હરામ હોવા પર તો એનું હરામ હોવું એ જ દરજામાં છે જેમ કુર્આનથી કશાનું હરામ હોવું એને હરામ ન માનનાર મુતવાતિર હદીષોનો ઈન્કાર કરવાને લઈને કાફિર છે અને ઈજમાએ ઉમ્મતને છોડી આપવાથી પણ વર્તુળથી બહાર છે.

## ★ તફસીરે અઝીઝી ★

તફસીરે અઝીઝી હઝરત મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : આગલી ઉમ્મતોમાં જાઈઝ હતો જેમ કે હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والتسلیم ના કિસ્સામાં એમના ભાઈઓએ કર્યો હતો એનો ઉલ્લેખ છે. ''વ દર શરીઅતેમા ઈંતરીક હમ ફીમાબયને મખ્લૂકાત હરામસ્ત બેદલીલે અહાદીષે મુતવાતિરા કે દરીં બાબ વારિદ શૂદા.'' એટલે અને અમારી શરીઅતમાં મખ્લૂકમાં આ તરીકો હરામ છે મુતવાતિર દલીલોથી જે આ બાબત રિવાયત કરવામાં આવી છે.





## ★ ઈમામ બુખારીનું મંતવ્ય ★

ઈમામ બુખારી કશ્ફુલ અસ્રારમાં ફર્માવે છે :–

اَلْمُتَوَاتِرُ نَوْعَانِ مُتَوَاتِرٌ مِّنْ حَيْثُ الرِّوَايَةِ وَمُتَوَاتِرٌ مِّنْ حَيْثُ ظَهَرَ الْعَمَلُ بِهٖ مِنْ غَيْرِ نَكِيْرٍ فَاِنَّ ظُهُوْرَهٗ يُغْنِى النَّاسَ عَنْ رِوَايَتِهٖ وَهِيَ بِهٰذِهِ الْمَثَابَةِ فَاِنَّ الْعَمَلَ ظَهَرَ بِهٖ مَعَ الْقُبُوْلِ مِنْ اَئِمَّةِ الْفَتْوٰى بِلَا تَنَازُعٍ فَيَجُوْزُ النَّسْخُ بِهٖ

મુતવાતિરના બે પ્રકાર છે : રિવાયતના આધારે મુતવાતિર અને વિવાદ વિના અમલ એના પર થવાને લઈને મુતવાતિર. બેશક ! એના પર અમલ લોકોને રિવાયતથી બેમતલબ કરી શકે છે, અને વારસાવાળી વાતમાં ફતાવાના ઈમામોનો એકમતી સાથે અમલ છે તો એનાથી કુર્આનનો નસ્ખ જાઈઝ છે. આનાથી પણ એ જાણવા મળ્યું કે હદીષે મુતવાતિરથી કુર્આનનો હુકમ ઉઠી શકે છે અને હદીષના મતલબ પર અમલ આવી શકે છે. અને ઈમામો ફતાવામાં વિવાદ ન રાખતા હોય તો એ હદીષ રિવાયતના આધારે મુતવાતિર ન હોય તો પણ એ અમલના આધારે મુતવાતિર જ સમજવામાં આવશે.

## ★ આપણા નબીની શરીઅત પર ચાલો ★

આપણે અંતિમ નબીની ઉમ્મત છીએ, આપણે આપણા નબીના ફર્માન અને કુર્આનના ઈર્શાદ પર ચાલવું જરૂરી છે, એટલે આગલી શરીઅતમાં શું હતું અને શું ન હતું તેનાથી આપણને અમલમાં મતલબ રહેતો નથી, આપણી શરીઅતમાં શું છે, અને આપણે શું કરવાનું છે તેનાથી આપણો મતલબ અને મસકદ પ્રાપ્ત થાય છે. જ્યારે એ સ્પષ્ટ થયું કે ઉમ્મતના આલિમો અને બુઝુર્ગોનો એકમતીથી નિર્ણય એ છે કે શરીઅતે મુહમ્મદીમાં કોઈ પણ હરામ સમજી લેવું અને એના પર રહેવું જરૂરી છે.

## ★ ઈજમાએ ઉમ્મતનું મહત્વ ★

મહાન આલિમો અને મુજતહિદોની એકમતી અથવા બહુમતી શરીઅતના કાયદામાં મહત્વનું સ્થાન ધરાવે છે એટલે કુર્આન, હદીષ પછી એક અગત્યની દલીલ અને પુરાવો ઈજમાએ ઉમ્મતને કહેવામાં આવ્યું છે. આપણા પ્યારા નબીનો પ્યારો ઈર્શાદ છે : لَا تَجْتَمِعُ اُمَّتِىْ عَلَى الضَّلَالَةِ મારી ઉમ્મત ગુમરાહી પર એકમત થશે નહીં. તો મહાન આલિમોની એકમતી

અને બહુમતી બંને કાયદામાં ઈજમાએ ઉમ્મત કહેવામાં આવશે. રસૂલે પાકનો ઈર્શાદ છે : "મોટી જમાઅતને પકડીને રહો." રદુલ મુહતારમાં છે :– "اَلْحُكْمُ وَ الْفُتْيَا بِالْقَوْلِ الْمَرْجُوْحِ جَهْلٌ وَ خَرْقٌ لِلْاِجْمَاعِ" જે વાતને ઉત્તમતા પ્રાપ્ત નથી તેના પર હુકમ આપવો અને ફત્વો દેવો જહાલત અને ઈજમાએ ઉમ્મતને તોડવું છે." એટલે કે આલિમો અને ઈમામોની બહુમતી પર ફત્વો આપવામાં આવશે, અમુક લોકોનો વિવાદ પબ્લિકમાં ફત્વાનું સ્થાન પ્રાપ્ત કરી શકતો નથી. મુસલ્લમ અને ફવાતિહમાં છે : اَلْاِجْمَاعُ دَلِيْلٌ عَلَى النَّاسِخِ ઈજમાએ ઉમ્મત નાસિખ પર દલીલ છે. જેમ કે ઉપરોક્ત કશ્ફનો પુરાવો રજુ થયો કે હદીષ રિવાયતના આધારે મુતવાતિર ન હોય પણ એના પર ઉમ્મતના આલિમોની એકમતી થાય તો એ અમલના આધારે મુતવાતિર છે અને એનાથી કુર્આનની કોઈ આયતના હુકમને નસ્ખમાં લાવી શકાય છે. સારાંશ એ કે સિજદએ તા'ઝીમીના હરામ હોવા પર આલિમો અને બુઝુર્ગોની એકમતી છે એને હરામ સમજવું જરૂરી છે.

## ★ હરામ હોવા પર બુઝુર્ગોનો ઈજમાઅ ★

મહાન આલિમો અને મુજતહિદ ઈમામોના મંતવ્યો તમારી ખિદમતમાં રજુ થયાં જેનાથી સ્પષ્ટ થયું કે તા'ઝીમી સિજદો ગૈર ખુદાને કરવો હરામ છે અને એના પર આલિમોની એકમતી છે. બુઝુર્ગોની પણ એના પર એકમતી છે, કોઈ પણ વલીએ નથી કોઈ ગૈરને સિજદો કર્યો નથી કોઈને પોતાની સમક્ષ સિજદો કરવા દીધો. તો એ બુઝુર્ગોની એકમતી છે. કોઈ આધારભૂત કિતાબ જે ખ્યાતી પામેલી હોય અને આલિમોએ પુરાવામાં કોઈ જમાનામાં એને કબૂલ કરી હોય નથી બતાવી શકતા જેમાં ઉમ્મતે મુહમ્મદીના બુઝુર્ગોમાં એ વાત જોવા મળતી હોય કે એમણે કોઈ ગૈર ખુદાને સિજદો કર્યો અથવા એમને કોઈએ સિજદો કર્યો. બજારી કિતાબોનો ઈસ્લામમાં કોઈ એ'તેબાર નથી.

## ★ હઝરત મખ્દૂમ પાક رحمۃ اللہ علیہ નો નિર્ણય ★

લતાઈફે અશરફીયામાં છે : અમ્મા વઝાઓ જિબ્હા બયના યદયીશશોયૂખ બાઝે અઝ મશાઈખ આ દાશ્તા અમ્મા અકષર મશાઈખ ઈઅ્રાઝ કરાઅંદ વઅસ્હાબિ ખુદરા અઝાં ઈમતેના સાખ્તાં કે સિજદએ તહિય્યત દર ઉમ્મતે પેશીં બુદ હાલ મન્સૂખસ્ત. **(અર્થ)** : પીરો સામે પેશાની





રાખવાને અમુક મશાઈખે ચાલવા દીધું, પરંતુ વધુ પડતા મશાઈખે એનાથી મોઢું ફેરવી લીધું અને પોતાના શુભેચ્છકોને એનાથી અલગ રાખ્યા. એટલા માટે કે તહિય્યતનો સિજદો આગલી ઉમ્મતોમાં હતો પણ હાલ એનો હુકમ ઉઠી ગયો છે. એટલે કે બુઝુર્ગોની બહુમતીનું મંતવ્ય છે કે આપણી શરીઅતમાં હરામ છે.

હઝરત મખદૂમ પાક ગૌષે આલમ જહાંગીર સિમાનાની رحمۃ اللہ علیہ ના ફર્માનથી જાણવા મળ્યું કે બુઝુર્ગોનો ઈજમાઅ એ વાત પર જ હતો કે અલ્લાહને છોડીને મખ્લૂકને ઈજ્જત અને તહિય્યતનો સિજદો પણ હરામ છે. એનાથી વિવાદ કરવો ઈજમાએ ઉમ્મતને છોડીને અલગ માર્ગ લેવો છે, અને હું કહીશ કે જ્યારે આપણા નબીને ઈજ્જતનો સિજદો કરવો હરામ છે, તો પછી બીજા કોઈના માટે એ જાઈઝ કેવી રીતે થાય ?! શું બીજો પોતાને સિજદો કરાવી પોતાને નબીથી વધીને સમજે છે ?! મુસલમાન આ માન્યતા રાખી નથી શક્તો, તો પછી નબીએ હરામ કર્યું એને હરામ કેમ નથી માનતો ? શું નબીની વાતથી પોતાની વાતને ઉત્તમ સમજે છે ? મુસલમાન એ માન્યતા પણ નથી રાખી શક્તો, તો પછી મુસલમાન માટે એક જ માર્ગ રહી જાય છે કે નબીના હરામને હરામ માની લે અને એવાં કામોથી સાચી પાકી તૌબા કરી લે.

## ★ નબીના ફર્માનની વિશેષતા ★

આપણા નબીનું ફર્માન ખુદાનું ફર્માન છે. કુર્આન અને ફર્માને નબીમાં જે તફાવત જોવા મળે છે તે આપણા સુધી પહોંચવામાં રિવાયતો અને એને પહોંચાડનારાના આધારે છે. અલ્લાહ તઆલા નબીના ફર્માન બાબતે ફર્માવે છે : مَا يَنْطِقُ عَنِ الْهَوٰى اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى તેઓ નથી બોલતા ઈચ્છાથી પણ એ તો વહી જ છે જે કરવામાં આવે છે.

✪ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

مَا اٰتٰكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهٰكُمْ عَنْهُ فَانْتَهُوْا

"રસૂલ જે તમને આપે તે લો અને જેનાથી રોકે રોકાઈ જાવ !"

✪ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا مُّبِيْنًا

"જે અલ્લાહ અને રસૂલની નાફર્માની કરે છે તે ખુલ્લો ગુમરાહ થઈ ગયો."

નબીએ પાક પોતે પોતાના ફર્માનની વિશેષતા જાહેર કરતાં ફર્માવે છે :–

عَلَيْكُمْ بِهٰذَا الْقُرْاٰنِ فَمَا وَجَدْتُّمْ فِيْهِ مِنْ حَلَالٍ فَاَحِلُّوْهُ وَمَا وَجَدْتُّمْ فِيْهِ مِنْ حَرَامٍ فَحَرِّمُوْهُ وَاِنَّ مَا حَرَّمَ رَسُوْلُ اللّٰهِ كَمَا حَرَّمَ اللّٰهُ اَلَا لَا يَحِلُّ لَكُمُ الْحِمَارُ الْاَهْلِيُّ وَلَا كُلُّ ذِيْ نَابٍ مِنَ السِّبَاعِ

સાવધાન ! નિઃશંક ! મને કુર્આન અને એની સાથે એની જેવું આપવામાં આવ્યું, સાવધાન ! નજીકમાં એક પેટભરો પોતાના તખત પર બેસી કહેશે આ કુર્આનને લઈ રાખો એમાં જે હલાલ મળે તેને હલાલ અને જે હરામ મળે તેને હરામ સમજો (અને વાસ્તવિક્તા તો એ છે કે) રસૂલલ્લાહ ﷺ એ જે હરામ કર્યું તે એવું જ છે જે અલ્લાહે હરામ કર્યું, સાવધાન ! પાલતુ ગધેડું અને દરેક મોટા દાંતવાળુ ફાડી ખાનાર પ્રાણી.

## ★ મનમાની ન કરશો ! ★

કુર્આન અને હદીષથી નબીએ પાકના ફર્માનની વિશેષતા જાણવા મળી, શું પછી પણ કોઈ કહી શકે છે કે હું તા'ઝમી સિજદાના હરામ હોવાને નથી માનતો ?! મુસલમાનના મુખેથી આ વાત શક્ય નથી. તો પછી મુસલમાને પોતાના ઈમાનના રક્ષણ માટે નબીના ફર્માન સાથે જ રહેવું જોઈએ. ન પોતે ગુમરાહ બનો, ન ગુમરાહની પાછળ ચાલો, ન બીજાને ગુમરાહ બનાવો, માર્ગ પર રહો, માર્ગ પર રહેનારને જ માનો, બીજા ભાઈને માર્ગ પર લાવો. જો અલ્લાહ અને રસૂલના ફર્માનના તમારી સમક્ષ આવ્યા પછી તમને એવું લાગે કે તમે કોઈ ખોટા વ્યક્તિના હાથ ચઢેલા છો તો જલ્દીથી પોતાનું ઈમાન બચાવવા એનાથી અલગ થઈ જાવ !

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

عَلَيْكُمْ اَنْفُسَكُمْ لَا يَضُرُّكُمْ مَنْ ضَلَّ اِذَا اهْتَدَيْتُمْ

પોતાનો જરૂરતથી ખયાલ રાખો (જો આમ કરશો) જે ગુમરાહ થયો તમને નુકસાન નહીં પહોંચાડી શકે જ્યારે તમે માર્ગ પર રહો. પોતે માર્ગ પર રહેવું હોય તો કોઈ હટાવી નથી શક્તો, પણ પોતે કંઈ વિચારે નહીં અને ગમે તેની પાછળ લાગી એની જ હા ! માં હા ! મિલાવ્યે જાય, તો પછી હક્ક પર ન રહેવાય.





## ★ મૌલાના રૂમની શિખામણ ★

મૌલાના રૂમ ફર્માવે છે : કે મુસલમાનો પોતાની શિખામણ માટે કોઈ વ્યક્તિને પોતાનો પીર બનાવે છે અને પછી તેની શિખામણો પર ચાલે છે, પણ ક્યારેક માણસ પોતાના પીરને ઓળખવામાં ભૂલ કરે છે, અને ગલત વ્યક્તિને પીર બનાવી બનવાની જગાએ વધારે બગડે છે. દુનિયામાં તો ખરાબ હતો જ પણ હવે દીન અને ધર્મમાં પણ ખરાબ થઈ રહ્યો છે. તો એ ભૂલ ન થાય અને માણસની દુનિયા અને આખેરતનું જીવન બરબાદ ન થાય તેને લઈને આપે પોતાની શાયરીમાં આપણને નસીહત ફર્માવી :–

**અય બસા ઈબ્લીસ ! આદમ રૂએસ્ત**
**પસ બહર દસ્ત ન બાયદ દાદ દસ્ત**

સાવધાન ! ઘણા બધા શૈતાન આદમી અને માણસના રૂપમાં હોય છે (પણ એમનું રૂપ જ માણસનું હોય છે અંતરમાં તેઓ શૈતાનના ગુણ રાખતા હોય છે) તો પછી દરેક હાથમાં હાથ ન રાખી દેવો જોઈએ. (બલ્કે પીર બનાવવાની જે શરતો છે તે પ્રમાણે ચકાસણી કરવી જોઈએ, તેના અમલો, અકીદાઓ અને માન્યતાના દરેક વસ્તુ પર ધ્યાન કરવું જોઈએ. અને આ પ્રમાણે કરવાથી ખોટા માણસના હાથે ચઢવાની શક્યતા ઓછી રહે છે અને ભૂલ થાય તો એવું નહીં કે જણાવ્યા પછી પણ એના પર જ રહેવાનું, એવાના હાથથી પોતાને જલ્દીથી મુક્ત કરી અલ્લાહ અને રસૂલના સત્ય માર્ગે પરત આવવું જોઈએ. આપણા સુન્નીઓમાં વધારે ખરાબીઓ એ માર્ગેથી જ આવે છે. જો આપણા સુન્ની ભાઈઓ આ બાબતે થોડું પણ ધ્યાન આપે તો માહોલ ઘણો જ સુધરી શકે છે, અને બિદઅતોની તોહમતોથી આપણે પોતાને બચાવી શકીએ છીએ. અને ઉત્તમ તો તો એ જ છે કે જે માર્ગદર્શક બનીને ખરાબી રાખે છે અને ખોટો માર્ગ બતાવે છે, તે પોતે જ સુધરી જાય, તો એને જોઈને એના શુભેચ્છકો આપોઆપ સુધરી જાય. જ્યારે જોઈને ખરાબ થઈ શકે છે, તો સુધરી કેમ નથી શક્તા ?!

**સવાલ** : ફવાઈદુલ ફવાઈદ, દલીલુલ આરેફીન, ફવાઈદુસ્સાલેકીન, તહફતુલ આશેકીન વગેરે જે ચિશ્તી બુઝુર્ગો તરફ સંબંધિત છે, એમાં સિજદએ તા'ઝીમની ઝલકો જાણવા મળે છે તેનો મતલબ શું ?!

**જવાબ** : કિતાબનો સંબંધ કોઈની સાથે કરવો અને એમની જ હોવી

બંનેમાં ફરક છે. તે જમાનામાં પ્રેસો ન હતા, લોકો હાથથી લખતા અને એ લખેલા નુસ્ખાથી બીજા લોકો પોતાના માટે કોપી કરતા એમાં ભૂલો થવાનો વધારે સંભવ રહે છે. શું ખબર લખવાવાળાએ બરાબર કોપી કરી છે કે પછી એમાં ભૂલ કરી છે ? બીજું એ કે ચિશ્તી બુઝુર્ગો તરફ જે નામથી કિતાબો સંબંધિત કરવામાં આવે છે તે બધી મલફૂઝ છે, એટલે તેમણે સભામાં જે કહ્યું તે લખવામાં આવ્યું, અને અહીં પણ એ સંભવ કે શું ખબર લખનારે પોતાના શબ્દોમાં લખ્યું છે અને ભાવાર્થ એમનો લીધો છે કે પછી પોતાના તરફથી વધારો ઘટાડો કર્યો છે ? પછી તેને એમનું જ કલામ કેવી રીતે કરી શકાય. ત્રીજું એ કે એ કલમી નુસ્ખો આપણી પાસે નથી અને જોવા નથી મળતો. તો પછી બજારમાં જે આવ્યું તે અસલ જ છે કે પછી એમાં ફેરફાર થયો છે ? ચોથું એ કે બજારમાં ફારસી કિતાબો નથી મળતી, ઉર્દૂમાં મળે છે, જ્યારે મૂળ કિતાબો ફારસીમાં છે, પછી ભાષાંતર શબ્દો પ્રમાણે થયું છે કે કરનારે પોતાના શબ્દોનો વધારો કર્યો છે ખબર નથી. અને જો એને માની પણ લઈએ કે એ બુઝુર્ગોની જ કિતાબો છે અને એમના જ શબ્દોનું ભાષાંતર છે, પરંતુ કાયદાના આધારે એને સ્વીકારી ન શકાય, કારણ કે કુર્આન, હદીષો, અને ઈજમાએ ઉમ્મતથી જે પુરવાર થાય તેની વિરૂધ્ધમાં કોઈ વાત માન્ય નથી. ઉપરોક્ત પુરાવો રદુલ મુહતારથી કે હુકમ અને ફત્વો ઈજમાએ ઉમ્મત વિરૂધ્ધ જહાલત છે. પાચમું એ કે વલીઓ ધર્મચુસ્ત હોય છે, સામાન્ય પબ્લિકથી તેઓ અમલમાં ઘણા જ આગળ હોય છે. નબીએ પાકની સુન્નતો પર શોખથી અમલ કરતા હોય છે, જ્યારે એમને ખબર છે કે નબીએ પાકે ઘણી હદીષોમાં પોતાના માટે સિજદાથી મનાઈ કરી અને ફર્માવ્યું છે કે એક માણસ બીજા માણસને સિજદો કરશે નહીં, તો પછી નબીએ જે પોતાના માટે હરામ કહ્યું, કોઈ વલી એને પોતાના હક્કમાં જાઈઝ કહે એને માનવું એમની વિલાયતના ઈન્કાર સમાન છે. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ઈહયામાં ફર્માવે છે : لَا تَجُوْزُ نِسْبَۃُ مُسْلِمٍ اِلٰی کَبِیْرَۃٍ مِنْ غَیْرِ تَحْقِیْقٍ મુસલમાનનો કબીરા ગુનાહ સાથે સંબંધ જોડવો પૂરી ચકાસણી વિના જાઈઝ નથી. પછી મહાન વલીઓ માટે એ વાત કેવી રીતે સ્વીકારી લઈએ. છઠ્ઠું એ કે અલ્લાહ તઆલાએ આપણા માર્ગદર્શન માટે શરીઅત ઉતારી તો એ શરીઅત સર્વના માટે પુરાવો છે. શરીઅત પર કોઈનો પુરાવો નથી. તો પછી શરીઅતથી જે પુરવાર થાય તે જ માન્ય છે. સાતમું એ કે જો એમની જ કિતાબો હોય અને એ





પ્રમાણેની કોઈ વાત મળી આવે તો એમાં શરઈ ફેરફાર કરી સત્ય અર્થમાં લઈ આવવામાં આવશે. જેમ કે સિજદાનો મતલબ માત્ર માથાથી નમન કરવું જેમાં રૂકૂઅ સુધી નમવમાં ન આવે, એટલા માટે કે વલીઓ તો અલ્લાહના અતિ પ્રિય લોકો છે. એક સામાન્ય મુસલમાન કંઈ બોલે તો એની વાતને શક્ય હદે સત્યની હદમાં રાખવામાં આવશે, પણ જો કોઈ માર્ગ જ નથી તો એને ખોટી કહી શકાશે, અને વલી માટે એ કહેવામાં આવશે કે શક્ય છે કે એમના વિલાયતના પદ પર બિરાજમાન થતા પહેલાંની કોઈ વાત હશે જે વિલાયત પછી દલીલ નથી. અને આમ પણ શક્ય ન હોય તો પછી એમની તરફ એ વાતનો સંબંધ આક્ષેપ સમજવામાં આવશે, અને કોઈ પણ હદે એમાં શરઈ ફેરફાર ન કરી શકાય તો પછી એ વાતને અલગ રાખી દેવામાં આવશે, ન એનાથી પુરાવો અપાય, ન એની ચર્ચા થાય, ન એવી વાતનો એમની તરફ સંબંધ થાય. અલ્લાહ બેહતર જાણે એવું કેમ થયું હશે. પણ આ પ્રમાણેની ચર્ચા એવા વ્યક્તિની વાતમાં જ થશે જેની વિલાયત પર મહાન આલિમોની પણ એકમતી રહી હોય. દરેક વ્યક્તિની બાબત આ ચર્ચા થાય તો શરીઅત બાજુએ રહી જાય અને આવી જ વાતો ફરતી થઈ જાય. સાતમું અંતમાં હું કહીશ કે જ્યારે ઈજતિહાદમાં અને કુર્આન તથા હદીષથી મસ્અલો લેવામાં સહાબાથી ભૂલ થતી હતી જેનો કિતાબોમાં ઉલ્લેખ છે, ઈમામ મુજતહિદ જેમની તકલીદ કરવામાં આવે છે તેમણે અમુક મસ્અલાઓથી પોતાનું મંતવ્ય બદલ્યું અને બીજાની વાત સ્વીકારી, તો ઈજતિહાદી ભૂલ થઈ શકે છે. તેમાં મુજતહિદ ગુનેહગાર નથી, તો આ ઉલ્લેખ બુઝુર્ગોની વાતમાં પણ થઈ શકે છે. સારાંશ એ કે ઈજમાએ ઉમ્મતની વિરૂધ્ધમાં બીજા કોઈની વાત માન્ય રાખવામાં આવશે નહીં, અને ફત્વો ઈજમાએ ઉમ્મતના નિર્ણય પર જ આપવામાં આવશે.

**સવાલ** : કદમ બોસી ઈસ્લામમાં જાઈઝ છે તો કોઈ સિજદો કરી લે પણ એની નિય્યત સિજદાની ન હોય તો પછી એને રજા મળી શકે છે ખરી ?!

**જવાબ** : કદમ બોસીમાં સિજદાનો સવાલ ઉપસ્થિત થતો નથી અને એમાં કપાળને જમીન પર લઈ જવાની કે કદમ પર લઈ જવાની જરૂરત નથી. જો કોઈ કદમ બોસીમાં કદમને ચૂમી ખસી જાય, તો એની રજા રહેશે પણ કપાળ જમીન પર રાખવામાં આવે અથવા કદમો પર રાખવામાં આવે તો નિય્યતથી એ ચીજ સિજદાથી બહાર થઈ શકશે નહીં. એટલે એ સિજદો જ છે અને હરામે કબીરા છે. ઉત્તમતા એ છે કે વર્તમાનકાળમાં લોકોને કદમ બોસી

સુધી પહોંચવા દેવામાં ન આવે અને કહી દેવામાં આવે કે હાથ મેળવી ખસી જાવ ! કારણ કે કદમબોસી વધતા વધતાં સિજદા સુધી પહોંચી ગઈ છે. આગ લાગવાથી બચવું હોય તો ચિંગારી પર નજર રાખવી વધારે મહત્વનું છે. હાથ ચૂમવા અને પગને બોસો દેવા ઈસ્લામમાં જાઈઝ છે, વાજિબ અને ફર્ઝ નથી. પણ કોઈ માણસ પોતાની નમ્રતાથી લોકોને પોતાના હાથ અને પગ ચૂમવાથી રોકે તો એ એની મર્જી છે, આજે જ્યારે આપણી અવામ પીર બુઝુર્ગોની ખિદમતમાં અને બુઝુર્ગોની કબરો પર સિજદા કરવામાં લાગી ગઈ છે, એ સમયે એમને એ હરામ કામથી રોકવા માટે કોઈ એવો જ તરીકો ઉપયોગમાં લાવવો જોઈએ કે તેઓ આપમેળે એનાથી રોકાઈ જાય. અને ચૂમાવવા જ હોય તો પછી પોતાના શુભેચ્છકોને ગૈર ખુદા માટે સિજદો હરામ છે ની તા'લીમ આપવી જોઈએ, કેટલું નમી શકાય, અને કેટલી હદે હોય તો નાજાઈઝમાં જાય, એનાથી વાકેફ કરવા જોઈએ. જો દરેક મૌલ્વી પોતાના શુભેચ્છકોને અને દરેક પીર પોતાના મુરીદોને આ પ્રમાણેની તા'લીમ આપે તો ખરાબ બિદઅતો જે ધર્મ બનીને રિવાજમાં આવી છે એક દિવસમાં જ બંધ થઈ જાય. શું કૌમના પીરોના દિલમાં દીનની સત્ય વાતો પહોંચાડવાનો શોખ પૈદા થશે ?! ન થાય ! તો પીર શાના ?! અને શોખ છે તો પછી વાટ શાની જોવાની ? મેદાનમાં આવી જાવ અને બિદઅતોને નષ્ટ કરવાનો જિહાદ શરૂ કરી આપો ! આલિમોએ પણ ખૂણામાં બેસી ન રહેવું જોઈએ, નબીના દીનને સત્યતાપૂર્વક ફેલાવવો જોઈએ.

## ★ હાથ અને પગ ચૂમવા ★

કોઈ પણ ગૈરેખુદાની સામે રુકૂઅ કરવો અથવા સિજદો કરવો હરામ છે જેનો ઉલ્લેખ થઈ ગયો, પણ એ ચર્ચાથી એ પુરવાર થાય છે કે કોઈ આલિમ અને બુઝુર્ગના હાથ પગ પણ ન ચૂમવા જોઈએ, કારણ કે હાથ ચૂમવામાં પણ નમવું પડે છે, અને પગ ચૂમવામાં પણ નમવું પડે છે. જ્યારે નમવું જાઈઝ નથી તો પછી જે કામ નમીને થાય તે પણ જાઈઝ રહી શકશે નહીં. તો આ શંકાના ઉકેલ માટે અમે હાથ પગ ચુમવાના જાઈઝ હોવા પર થોડી ચર્ચા કરીએ છીએ. સુન્નીઓને શંકા ન રહે અને બદ્અકીદા લોકોને કહેવાનો મોકો ન મળે. આ વાતમાં સુન્ની આલિમો અને બુઝુર્ગોની એકમતી છે કોઈનો પણ વિરોધ નથી એટલે ચર્ચાને વધારે ફેલાવવામાં નહીં આવે.





## ★ નબીના હાથ પગનું ચુંબન ★

હદીષે પાકમાં એક નહીં અસંખ્ય પુરાવા છે કે નબીએ પાકના હાથ અને પગ ચૂમવામાં આવ્યા હતા, અને નબીએ પાકે એમની મનાઈ ન કરી હતી, નબીનું મનાઈ ન કરવું એ વાતની દલીલ છે કે આમ કરી શકાય છે. અને એનાથી એ પ્રશ્નોનો પણ ઉત્તર મળી જશે કે ચૂમવા માટે નમવું અવશ્ય છે, તો એ મકસદની પ્રાપ્તિ જાઈઝ છે તો એની પ્રાપ્તિ માથુ નમવામાં આવે તો એ પણ જાઈઝ છે. માત્ર નમવું, એટલે કે હાથ, પગ ચૂમવા નથી ઈજ્જત માટે નમવું તો રુકૂઅની હદે પહોંચે તો સિજદાના હુકમમાં પહોંચી જશે જેની ચર્ચા થઈ ગઈ છે, એ જાઈઝ નથી.

મિશ્કાત બાબુલ મુસાફામાં હઝરત ઝિરાઅથી રિવાયત છે, અને આપ અબ્દુલ કૈસ કબીલાની જમાતમાં હતા, ફર્માવે છે :–

فَتَقَبَّلُ يَدَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَرِجْلَهٗ જ્યારે અમે મદીના આવ્યા, તો અમારી સવારીઓ પરથી ઉતરવામાં જલ્દી કરી રહ્યા હતા અને રસૂલલ્લાહનો હાથ અને પગ મુબારક ચૂમતા હતા. *(મિશ્કાત, પેજ–૪૦૨, અબૂ દાવૂદ, ભાગ–૨, પેજ–૨૧૮)*

## ★ ફિકહમાં એનો પુરાવો ★

આલમગીરી કિતાબુલ કરાહિય્યામાં છે :–

اِنْ قَبَّلَ يَدَ عَالِمٍ اَوْ سُلْطَانٍ عَادِلٍ بِعِلْمِهٖ وَعَدْلِهٖ لَا بَاْسَ بِهٖ

જો આલિમનો હાથ એના ઈલ્મને લઈને અને ન્યાયી રાજાનો હાથ એના ન્યાયને લઈને ચૂમવામાં આવે તો વાંધો નથી. એટલે કે ઈજ્જત માટે હાથનું ચૂમન પણ કરી શકાય છે. કારણ કે નબીએ પાકે એ કામ કરવા દીધું અને રજા માંગવા પર રજા આપી.

## ★ નબીએ ચૂમનની રજા આપી ★

ઝાડના બારગાહે નબીમાં આવી સલામ અને સિજદા કરવાવાળી હદીષોનો ઉલ્લેખ થઈ ગયો એમાં છે કે ગામડિયાએ આ મો'જિઝો જોઈને કહ્યું કે મને સિજદાની રજા આપો ! આપે મનાઈ કરી. એણે વિનંતિ કરી કે :–

اِئْذَنْ لِیْ اَنْ اُقَبِّلَ یَدَیْکَ وَرِجْلَیْکَ فَاَذِنَ لَہٗ મને રજા આપો કે હું આપના હાથ અને પગને ચૂમન કરું તો આપે એને રજા આપી. *(શિફા, ભાગ–૧, પેજ–૧૯૬, શામી, ભાગ–૫)*

## ★ સહાબીએ સહાબીના હાથ ચૂમી લીધા ★

હઝરત સાબિત رضی اللہ عنہ એ હઝરત અનસ رضی اللہ عنہ ને પૂછયું, તમે તમારા હાથથી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને પકડયા છે ? હઝરત અનસે કહ્યું, હાં ! તો હઝરત સાબિતે એમના હાથનું ચૂમન કર્યું. *(અલ્ અદબુલ મુફરદ, પેજ–૧૪૪)*

## ★ ઈમામ નવોવીનું મંતવ્ય ★

મુસ્લિમ શરીફના શારેહ હઝરત ઈમામ નવોવીને કોઈએ પ્રશ્ન પૂછયો કે બીજાના હાથ ચૂમવાનો શું હુકમ છે ? આપે જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો : یُسْتَحَبُّ تَقْبِیْلُ اَیْدِی الصَّالِحِیْنَ وَ فُضَلَاءِ الْعُلَمَاءِ બુઝુર્ગો અને મહાન આલિમોના હાથ ચૂમવા મુસ્તહબ છે. *(કિતાબુલ અઝકાર, પેજ–૨૩૪)*

## ★ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ નું મંતવ્ય ★

શૈખુલ મુહદ્દેષીન હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષ رحمۃ اللہ علیہ એ ફર્માવે છે : "તકબીલે યદે આલિમ વ ઝાહિદ યા મરદે કબીરસ્સેનન જાઈઝ અસ્ત." આલિમે દીન પરેઝગાર વ્યક્તિ અને ઉંમરવાળા માણસના હાથ ચૂમવા જાઈઝ છે. *(લમઆત, ફારસી, ભાગ–૪ પેજ–૨૪)*

## ★ અલ્લામા શામીનું મંતવ્ય ★

હઝરત અલ્લામા ઈમામુલ મુહક્કેકીન હઝરત ઈબ્ને આબેદીન શામી પોતાની જગ મશ્હૂર કિતાબ રદ્દુલ મુહતાર (શામી)માં ફર્માવે છે :– قِیْلَ سُنَّۃٌ اَیْ تَقْبِیْلُ یَدِ الْعَالِمِ وَ السُّلْطَانِ الْعَادِلِ આલિમે દીન અને ન્યાયી રાજાના હાથને ચૂમવાને સુન્નત કહેવામાં આવ્યું છે. *(રદ્દુલ મુહતાર, ભાગ–૫, પેજ–૩૩૭)*

## ★ અલ્લામા સફ્ફવરીનું મંતવ્ય ★

હઝરત અલ્લામા સફ્ફવરી પોતાની કિતાબ નુઝહતુલ મજાલિસમાં





શરઅતુલ ઈસ્લામના પુરાવાથી વર્ણન કરે છે :–

مَنْ قَبَّلَ رِجْلَیْ اُمِّہٖ فَکَاَنَّمَا قَبَّلَ عَتَبَۃَ الْکَعْبَۃِ જેણે પોતાની માતાના પગોને ચૂમ્યા જાણે તેણે કા'બાનો ઉંમરો ચૂમ્યો.

## ★ હઝરત ગૌષે પાક رضی اللہ عنہ નું મંતવ્ય ★

ગૌષે આ'ઝમ મહબૂબે સુબ્હાની હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની ફર્માવે છે :–

اِنْ تَعَانَقَا وَقَبَّلَ اَحَدُھُمَا رَاْسَ الْاٰخَرِ وَیَدَہٗ
وَجْہِ التَّبَرُّکِ وَ التَّدَیُّنِ جَازَ

જો બે વ્યક્તિ એક બીજાને ભેટે, અને એકબીજાના માથા અને હાથને બોસો આપે દીનદારી અને બરકતને લઈને તો જાઈઝ છે. *(ગુન્નિયતુત્તાલેબીન)*

## ★ એક અહલે હદીષનું મંતવ્ય ★

નવાબ સિદ્દીક હસન ભોપાલી અહલે હદીષના મહાન ચોટીના આલિમ માનવામાં આવે છે. આપણા નહીં, તેઓ ચૂમનની હદીષો નકલ કરીને પોતાનું મંતવ્ય વર્ણન કરે છે "ઈ અખબાર નાઝિરસ્ત દરજવાઝે તકબીલે દસ્તો પા" આ હદીષોથી હાથ અને પગના ચૂમનનો જવાઝ સ્પષ્ટ (જાઈઝ હોવું) થાય છે. *–(મવાઈદુલા અવાઈદ, પેજ–૮૯)*

## ★ મૌલ્વી રશીદ અહમદ ગંગોહીનું મંતવ્ય ★

દેવબંદી અને જમાઅતીઓના ચોટીના આલિમને કોઈએ પ્રશ્ન પૂછયો કે કોઈ વ્યક્તિની ઈજ્જત માટે ઊભા થવું, પગ પકડવા અને ચૂમવા દુરસ્ત છે કે નથી ? તો જવાબમાં કહ્યું, તા'ઝીમે દીનદાર કો ખળા હોના દુરસ્ત હય ઔર પાઉં ચૂમના એૈસા હી શખ્સકા દુરુસ્ત હંય. *(ફતાવા રશિદીયહ્, પેજ–૪૫૯)*

## ★ અંબેઠવી સાહેબનો અમલ ★

દેવબંદી ખલીલ અંબેઠવી વિશે તેમની કિતાબમાં છે : મૌલ્વી ખલીલ અંબેઠવી જ્યારે હજ્જે બયતુલ્લાહ શરીફથી પરત આવ્યા તો હઝરત ઈમામ રબ્બાની (રશીદ અહમદ ગંગોહી)ની કદમ બોસી કરી. *(તઝકેરતુલ ખલીલ, પેજ–૧૦૭)*

હદીષ, ફિકહ અને દરેક મસ્લકના આલિમોના મંતવ્યોથી એ સ્પષ થયું કે દીનદાર, પરેઝગાર લોકોના હાથ, પગનું ચૂમન થઈ શકે છે. અને ચૂમનમાં નમવું અવશ્ય છે. નમ્યા વિના ન હાથનું ચૂમન થાય, અને પગનું. તો નમ્યા વિના ચૂમન અશક્ય છે, એટલે હાથ પગ ચૂમવાના મકસદને લઈને નમવામાં વાંધો નથી. દરેક જાતના આલિમો એ વાતને માને છે, અને આપણે તો માનતા જ આવ્યા છે. એટલે સિજદા અને નમન વિશે જે ઉલ્લેખ નાજાઈઝ અને હરામનો કરી ગયા એનાથી આને અલગ રાખવામાં આવ્યો છે.

## ★ મકસદ અને નિય્યત પર ફેંસલો ★

આપને એ વિચાર થતો હશે કે એક જગાએ ઓલમાની એકમતિથી આપે એ બતાવ્યું કે રુકૂની હદ જેટલું નમવું, મખ્લૂક સામે સિજદા સમાન છે, અને સિજદો ગૈરે ખુદાને હરામ છે. તો પછી હાથ ચૂમવામાં અને પગ ચૂમવામાં પણ નમવું પડે છે એ કેમ જાઈઝ છે ?! અને એ જાઈઝ છે તો પછી નમનને કેમ હરામ કરવામાં આવ્યું ? તો એનો ખુલાસો કરી આપું જેનાથી તમારી શંકા જતી રહે અને મસ્અલો સમજમાં આવી જાય.

પ્રથમ જવાબ એ છે કે નબીએ પાકે સિજદો ગૈર ખુદાને માટે હરામ ફર્માવ્યો એટલે એ હરામ જ છે. અને આલિમોની એકમતી છે કે રુકૂઅ જેટલું નમવું ગૈરખુદા માટે હરામ છે. એના પર ઈજમાએ ઉમ્મત છે. તો આને લઈને હરામ કહેવામાં આવે છે. હાથ પગનું ચૂમન નબીએ પાકના ફર્માનથી જાઈઝ છે અને આલિમોની એના જવાઝ પર એકમતિ છે. તો જે જાઈઝ તે જાઈઝ અને નાજાઈઝ તે નાઈઝ એમાં શંકા શાની ?! બીજું એ કે નિર્ણય મકસદના આધારે હોય છે, જો ઈરાદો હાથ અથવા પગ ચૂમવાનો ન હોય અને માત્ર નમનનો હોય તો એ નાજાઈઝમાં છે. આ કામ બીજા મકસદ માટે નથી . અહીં મકસદ નમવું છે. જેમ કે અરીસામાં ચહેરો જોવો, તો અરીસો પણ જોવામાં આવે છે. અરીસો જોયા વિના ચહેરો કેવી રીતે જોઈ શકાય ?! પણ મકસદ અરીસો જોવો નથી ચહેરો જોવો છે. તો એ પ્રમાણે અહીં પણ છે. મકસદ નમન હોય તો જાઈઝ નથી. અને મકસદ હાથ પગ ચૂમવું હોય તો એની પ્રાપ્તિમાં પણ નમન થાય છે પણ એ જાઈઝ છે નમનને લઈને નહીં હાથ પગના ચૂંબનને લઈને જે મકસદ છે. જેને આપણે આમ કહીએ છીએ કે અમલનો આધાર નિય્યત પર છે.





## ★ શંકાનો ઉકેલ ★

**સંગે દરે જાના પર કરતા હૂં ઝબીંસાઈ**
**સિજદા ન સમઝ નજદી સર દેતા હૂં નઝરાના**

આ હઝરત મુફતીએ આઝ'મ رحمۃ اللہ علیہ નો શેઅર છે. અમુકને એવી શંકા થાય છે કે આપે સિજદએ તા'ઝીમના જવાઝ તરફ ઈશારો ફર્માવ્યો છે, પણ એ ખોટું છે ઝબીંસાઈનો મતલબ માત્ર માથું નમાવવું, અને માથાથી નમનનો ઈશારો કરવો છે. અને રુકૂઅની હદ જેટલું નમન ન હોય તો એ જાઈઝ છે જેના પુરાવા આપી દેવામાં આવ્યા. પણ વહાબી અને દેવબંદી ક્યારેક એને પણ સિજદો કહે છે, અને શિર્કનો આક્ષેપ લગાડે છે, એ ખોટું છે. તો એ તરફ આપે ઈશારો ફર્માવ્યો છે કે માત્ર માથાથી નમનનો ઈશારો સિજદો તો નથી જ પણ અને સિજદાની નિકટ પણ ન કહેવાય, એ તો ઊભા રહેવાની હાલતમાં જ હોય છે. અને એટલા નમનની ઈસ્લામી શરીઅતમાં રજા આપવામાં આવી છે. તો આ વાત સુન્નીઓ માટે તા'ઝીમી સિજદો જાઈઝ કરવા નથી પણ દેવબંદીઓને શરઈ વાતનો ખુલાસો આપવા માટે છે. તો આને ભૂલવામાં ન આવે, અને કોઈ જહાલતની વાત કરતો હોય તો મારો જવાબ એને સંભળાવવામાં આવે.

**સવાલ** : કબરને અને દરવાજાની ચોખટને બોસો આપી શકાય છે ?

**જવાબ** : હું તમને કહી ગયો કે માત્ર નમન હોય તો રુકૂઅની હદે પહોંચે હરામ છે, જીવંતને કરવામાં આવે કે પછી કબરને કરવામાં આવે એક જ હુકમ ધરાવે છે, પણ કબરને બોસો દેવામાં આવે અને ચોખટ પર હાથ રાખવામાં આવે તો નમવું મકસદ નથી, બોસો આપવો મકસદ છે એટલે એ મકસદના આધારે નિર્ણય લેવામાં આવશે. પણ એટલું યાદ રાખવું કે કપાળ જમીન પર ન પહોંચે. અને મઝારના બોસામાં આલિમોનો વિવાદ છે, બચવું જ ઉત્તમ છે.

ફતાવા રઝવિય્યાહ્, ભાગ–૪, પેજ–૮ પર છે : મઝારને બોસો ન આપવો જોઈએ, આલિમોનો વિવાદ છે, અને બચવું ઉત્તમ છે, અને એમાં જ અદબ વધારે છે. આસ્તાનાબોસીમાં વાંધો નથી, આંખોથી લગાડવું પણ જાઈઝ છે, એમાં શરીઅતમાં મનાઈ નથી આવી.

આલમગીરી કિતાબુલ કરાહિયત, બાબે ઝિયારતિલ કોબૂર :–

لَا بَاْسَ بِتَقْبِيْلِ قَبْرِ وَالِدَيْهِ

"પોતાના માતા પિતાની કબરને બોસો દેવામાં વાંધો નથી."

## ★ વર્તમાનકાળમાં આપણે શું કરીશું ?! ★

વર્તમાનકાળમાં ફિર્કાઓ ઘણા વધી ગયા છે અને દરેક પરસ્પર ગમે તે હશે પણ આપણા વિરોધમાં બધા એક સરખા છે. દરેક જગાએથી આપણા પર એક પ્રકારની તોહમત લાગે છે. પૂરી દુનિયામાં આપણા સાથે શિર્ક અને બિદઅતને એ પ્રમાણે સંબંધિત કરવામાં આવી છે કે હવે તો આપણા લોકોને બિદઅતી જ કહેવામાં આવે છે. એવા સમયમાં અમુક કામો એવાં છે, જે વાજિબ અને ફર્ઝ નથી અને સુન્નતમાં સામેલ નથી, માત્ર એટલું હોય છે કે આ પ્રમાણે થઈ શકે છે, પણ એમાં પૂર્વજ અમુક આલિમોનો વિવાદ હોય છે જેને લઈને બાતિલ ફિર્કાના લોકો પૂર્વજોમાં જેમણે વિવાદ કર્યો તેના પુરાવા આપીને લોકોના દિમાગ વોશ કરે છે. એવા સમયમાં આપણે તોહમતની જગાએથી પોતાને દૂર રાખવા જોઈએ. એટલા માટે જ આ'લા હઝરતનું ફર્માન છે કે દરગાહો પર ચાર કદમ દૂર રહીને ફાતિહા પઢી કોઈ પણ વસ્તુને સ્પર્શ કર્યા વિના અદબથી બહાર નીકળી જવામાં આવે. એમાં તોહમતથી બચી શકાય છે. અલ્લાહ તઆલા આપણને નેક તૌફીક આપે.

**સવાલ** : અમુક લોકોનું કહેવું એવું છે કે સિજદો કિબ્લા તરફ કરવામાં આવે તો જ સિજદો છે, નહીં તો એને સિજદો ન કહેવાય. બીજું એ કે એમાં પાક હોવું જરૂરી છે, નાપાક હોય તો ન કહેવાય. ત્રીજું એ કે હદીષના આધારે સિજદામાં સાત હાડકાં લાગવાં જોઈએ, નહીં તો સિજદો ન કહેવાય. ચોથું એ કે સિજદાની નિય્યત પણ હોવી જોઈએ, નિય્યત ન હોય તો સિજદો ન કહેવાય, શું આ વાત સાચી છે ?!

**જવાબ** : આપણી ચર્ચા ઈબાદતના સિજદાની નથી કારણ કે કોઈ મુસલમાન ગૈરખુદાની બંદગીની નિય્યત કરે શક્ય નથી. આપણી ચર્ચા તહિય્યત અને સ્વાગતના સિજદા બાબત થઈ રહી છે. એમાં રુકૂઅ જેટલું નમવું પણ સિજદાના હુકમમાં છે અને હરામ છે. અને એમાં કિબ્લાની શરત હોતી જ નથી, જેનું સ્વાગત કરવામાં સિજદો થઈ રહ્યો છે એ જે તરફ હશે તે તરફ જ





સિજદો કરવામાં આવશે, અને ગૈરખુદાને કરવામાં આવતા સિજદામાં નિયત ન કરવામાં આવે તો પણ સિજદો થાય તો સિજદો જ કહેવાશે, રુકૂઅની હદ સુધી નમવામાં આવે સ્વાગત અને ઈજ્જતની નિય્યતથી તો એ હરામમાં જ જશે. અને નિય્યત એટલે ઈરાદો, કોઈ વ્યક્તિ જ્યારે કોઈ બીજી વ્યક્તિ તરફ નમન કરે છે તો એમાં નમન કરવાનો ઈરાદો હોય એટલે એનું જ નામ નિય્યત છે, એમાં વુઝૂ શું ગુસ્લની પણ જરૂર નથી. ફત્વો રુકૂઅ અને સિજદાની અદાનું નામ છે સ્વાગત અને ઈજ્જતના સિજદામાં. એટલે ઉપરોક્ત પ્રશ્નોનો આધાર નમાઝમાં સિજદો છે કે પછી ઈબાદતનો સિજદો છે. એટલે એ સવાલો તા'ઝીમી સિજદામાં ઉપસ્થિત થઈ શકશે નહીં.

**બીજું** એ કે મૂર્તિ સામે કોઈ મુસલમાન સિજદો કરે અથવા નમન કરે તો એના પર કુફ્રનો ફત્વો લગાડવામાં આવશે, ભલે નાપાક હોય, ભલે નિય્યત ઈબાદતની ન હોય, ભલે કિબ્લા તરફ ન હોય, ભલે સાત હાડકા જમીન પર ન લાગ્યાં હોય, કારણ કે એ કુફ્રનું ચિન્હ છે.

**ત્રીજું** એ કે કોઈ માણસને કિબ્લો ખબર નથી કોઈ બતાવનારો નથી તો એ પોતાની નિય્યતમાં કોઈ દિશા નિયુક્ત કરશે અને પછી એ તરફ નમાઝ પઢશે એની નમાઝ થઈ જશે. અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اَيْنَمَا تُوَلُّوْا فَثَمَّ وَجْهُ اللّٰهِ

"તમે જે તરફ મોઢું કરશો એ તરફ અલ્લાહનું વજહ છે."

**ચોથું** એ કે કોઈ વ્યક્તિ સફરમાં હોય તો એને ચાલુ સવારીને નફ્લ નમાઝની રજા છે એમાં કિબ્લા તરફ મોઢું જરૂરી નથી જે તરફ સવારી જઈ રહી હોય તે તરફ મોઢું કરશે અને એ તરફ રુકૂઅ અને સિજદો કરશે અને પૂરો સિજદો ન કરી શકે તો ઈશારાથી સિજદો કરશે, એમાં જમીન પર માથું રાખવું જરૂરી નથી.

**પાંચમું** એ કે ઉપરોક્ત શરતો અલ્લાહની ઈબાદતના સિજદામાં ન હોય તો એ કબૂલ ન થાય, અમલમાં શરીઅત માન્ય ન રાખે, પણ સિજદો કહેવાની વાત છે તો એ સિજદાથી બહાર નથી.

**નોંધ** : આ કિતાબ કોઈના વિરોધમાં લખવામાં આવી નથી, માત્ર ખોટી બિદઅતોથી વાકેફ કરી એનાથી દૂર રાખવા માટે પ્રકાશિત કરવામાં

આવી છે. તો કોઈએ એવું સમજવું કે મારા વિરૂધ્ધ છે, એનાથી એ સત્ય વાતો સમજી શકશે નહીં. એવું સમજો કે આ નબીના ફર્માનથી શિખામણોનો એક અરીસો છે, એની સામે આપણે ઊભા છીએ, આપણી તસ્વીર એમાં જોવામાં આવે છે. એના પ્રમાણે સારી છે તો અલ્લાહનો શુક્ર અદા કરો, અને અરીસામાં જોવાથી કોઈ ખરાબી જણાતી હોય તો એને સુધારી લેશો. અરીસાને તોડશો તો તમને કોઈ ફાયદો નહીં થાય, તોડવાથી અયબ નહીં જાય પણ અયબ કાઢી ફરીથી અરીસા સામે આવશો તો તમારી સુંદરતા બતાવશે. અલ્લાહ તઆલા મારા પ્યારા ઈસ્લામી ભાઈ અને બહેનોને હક્ક સમજવાની અને અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. *(આમીન)*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

---


## કહેવાતી જમાઅત ઈસ્લામીનો

## ★ શીશ મહલ (હદિયો ફક્ત ૩૦/– રૂા.) ★

ડુંગર દૂરથી રળિયામણાં ! જેમ ભ્રામક વાતો કરી કહેવાતા એજ્યુકેટેડ પણ દીનથી અજ્ઞાન એવા લોકોને ભોળવનારી ગુમરાહ **મૌદૂદી જમાઅત** યાને **કહેવાતી જમાઅતે ઈસ્લામી**નો તાર્કિક ધર્મ કેટલો ખતરનાક છે તેને સમજી તેનાથી બચો. ઈમાનને મજબૂત બનાવો. કેમ કે ઈમાનનો મજબૂત પાયો હશે તો જ અમલની ઈમારત તેના પર ટકી શકશે, નહીં તો કબર તથા કયામતમાં સૌ ભરમો ભસ્મિભૂત થઈ જશે. માટે આજે ઉપરોક્ત કિતાબ મંગાવો.

## ★ રહનુમાએ હક્ક (હદિયો : ૫૦ રૂા.) ★

**વહાબી દેવબંદી તબ્લીગી જમાઅતની અસલિયત**ની ઓળખ આપતી તેમજ સર્વ બાતિલ ફિર્કાઓ શા માટે બાતિલ છે તેને સાદી સરળ ગુજરાતી ભાષામાં સમજ આપતી ઉપરોક્ત કિતાબ નવી આવૃત્તિમાં આજે જ મંગાવો.

### ★ સંપર્ક સરનામું ★

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦.

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨. મો.૯૮૨૪૪૮૬૪૪૩







# બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા صلی اللہ تعالٰی علیہ وسلم ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા صلی اللہ تعالٰی علیہ وسلم ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે ''બરકાતે ખ્વાજા'' માસિક આપની સેવામાં હાજર છે.

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

### ★ લવાજમ ★

| | | | |
|---|---|---|---|
| ★ | વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦–૦૦ |
| ★ | વિદેશ માટે | £ | 15–00 |
| ★ | પેટ્રન ફી | રૂા. | ૧૦૦૦–૦૦ |
| ★ | આજીવન | રૂા. | ૨૫૦૦–૦૦ |
| ★ | વિદેશ માટે પેટ્રન | £ | 150–00 |
| ★ | વિદેશ માટે આજીવન | £ | 250–00 |

### સંપર્ક સરનામુ :

**બરકાતે ખ્વાજા** *(માસિક)*

ઈસ્લામિક વેલ્ફેર મિશન, C/o. ફયૂઝાને રઝા મંઝિલ

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)

✆ : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨. મો. ૯૮૨૪૪૮૬૪૪૩